# સમયસાર રહસ્ય

ભાગ – ૯



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૯

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૧૪૩ થી ૧૫૬ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૪ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |

**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક
પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૯ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન **'સમયસાર રહસ્ય'**નો નવમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા/કળશ | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૫૪ | ૧૬–૧૨–૧૯૭૨ | કળશ–૮૩, ૮૪ | ૦૦૧ |
| ૨૫૫ | ૧૭–૧૨–૧૯૭૨ | કળશ–૮૫–૮૯ | ૦૧૩ |
| ૨૫૬ | ૧૮–૧૨–૧૯૭૨ | કળશ–૮૯, ૯૦ | ૦૨૭ |
| ૨૫૭ | ૧૯–૧૨–૧૯૭૨ | કળશ–૯૧, ગાથા–૧૪૩ | ૦૩૯ |
| ૨૫૮ | ૨૦–૧૨–૧૯૭૨ | ગાથા–૧૪૩ | ૦૫૧ |
| ૨૫૯ | ૨૧–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૨, ગાથા–૧૪૪ | ૦૬૩ |
| ૨૬૦ | ૨૨–૧૨–૧૯૭૨ | ગાથા–૧૪૪ | ૦૭૬ |
| ૨૬૧ | ૨૩–૧૨–૧૯૭૨ | ગાથા–૧૪૪ | ૦૮૮ |
| ૨૬૨ | ૨૪–૧૨–૧૯૭૨ | ગાથા –૧૪૪, શ્લોક–૯૩ | ૦૯૯ |
| ૨૬૩ | ૨૫–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૩, ૯૪ | ૧૧૦ |
| ૨૬૪ | ૨૬–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૪, ૯૫ | ૧૨૩ |
| ૨૬૫ | ૨૭–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૫ | ૧૩૭ |
| ૨૬૬ | ૨૭–૧૧–૧૯૭૨ | શ્લોક–૯૬, ૯૭ | ૧૫૦ |
| ૨૬૭ | ૨૮–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૭ | ૧૬૩ |
| ૨૬૮ | ૨૯–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૭, ૯૮ | ૧૭૩ |
| ૨૬૯ | –– | અવાજ અસ્પષ્ટ છે. | –– |
| ૨૭૦ | ૩૧–૧૨–૧૯૭૨ | શ્લોક–૯૯ | ૧૮૭ |
| ૨૭૧ | ૦૧–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૦૦ | ૨૦૦ |
| ૨૭૨ | ૦૨–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૦૧, ગાથા–૧૪૫ | ૨૧૫ |
| ૨૭૩ | ૦૩–૦૧–૧૯૭૩ | ગાથા–૧૪૫ | ૨૩૧ |
| ૨૭૪ | ૦૪–૦૧–૧૯૭૩ | ગાથા–૧૪૬, ૧૪૭, શ્લોક–૧૦૨ | ૨૩૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૭૫ | ૦૫–૦૧–૧૯૭૩ | ગાથા–૧૪૮, ૧૪૯ | ૨૫૪ |
| ૨૭૬ | ૦૬–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૦, શ્લોક–૧૦૩, ૧૦૪ | ૨૬૫ |
| ૨૭૭ | ૦૭–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૦૪ | ૨૮૦ |
| ૨૭૮ | ૦૮–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૧ | ૨૯૩ |
| ૨૭૯ | ૦૯–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૧, ૧૫૨ | ૩૦૫ |
| ૨૮૦ | ૧૦–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૨, ૧૫૩, શ્લોક–૧૦૫ | ૩૧૮ |
| ૨૮૧ | ૧૧–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૦૫, ગાથા–૧૫૪ | ૩૩૩ |
| ૨૮૨ | ૧૨–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૪ | ૩૪૭ |
| ૨૮૩ | ૧૩–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૪–૧૫૫ | ૩૬૦ |
| ૨૮૪ | ૧૪–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૫ | ૩૭૪ |
| ૨૮૫ | ૧૫–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૬ | ૩૮૭ |
| ૨૮૬ | ૧૬–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૬ | ૩૯૯ |
| ૨૮૭ | ૧૬–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૦૬–૧૦૮ | ૪૧૨ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ૐ

સહજ ચિદાનંદ.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૯)

## શ્લોક-૮૩

(उपजाति)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८३।।

શ્લોકાર્થ :- જીવ નિત્ય છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ નિત્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૩.

## માગશર સુદ-૧૧, શનિવાર, તા. ૧૬-૧૨-૧૯૭૨
## કળશ-૮૩-૮૪, પ્રવચન-૨૫૪

..જ્ઞાન તો ઈ. જ્ઞાન પહેલું કરે યથાર્થપણે. પછી એને વિકલ્પને છોડીને ધ્રુવનો આશ્રય કરીને અનુભવ કરવો એનું નામ વસ્તુનું સુખ અને મર્યાદા છે. એ વસ્તુની સીમામાં વસ્તુ આવી ગઈ. સમજાણું કાંઈ? જે વિકલ્પમાં જ્યાં સુધી હતું ત્યાં સુધી એની સીમા-મર્યાદામાં નહોતી વસ્તુ આવી. આ ભારે! કહો, ચેતનજી! આ ધ્રુવનું આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... વિકલ્પમાં .. વસ્તુ તો વસ્તુ છે. પણ એમાં આ આવો છું... આ આવો છું... આ આવો છું... એવું ધ્યાનના કાળે (ધ્યાન પહેલા), વિચારના કાળે પણ આ આવો. કહે છે કે એ તો બધો વિકલ્પ છે. સમજાણું કાંઈ? રાજમલજી! ભારે! આવો માર્ગ મારે.

કહે છે કે એ અનંત છું એવી બે નયના બે પક્ષપાત છે. એટલે કે રાગના આશ્રયે ત્યાં રોકાયેલી એની દશા છે. વસ્તુ છે એમાં એ વિકલ્પ ક્યાં છે? એ તો જ્ઞાનસ્વરૂપ છેને? **'તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...'** એટલે કે જ્યારે તત્ત્વનો અનુભવ કરે અને જાણે ત્યારે તો આ ... છું એવા બે વિકલ્પો પણ જ્યાં હોતા નથી. આહા..હા..! આટલો હું નિશ્ચય છું કે ધ્રુવ છું એવો જે અંદરમાં બે ભેદ ઉઠેને એટલો? વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? અને અનિત્ય છું, અધ્રુવ છું, પલટવાવાળો છું. .. વિકલ્પ છે. સમજાણું કાંઈ? હું તો ત્રણરૂપે નથી. પર્યાય પલટે છે લ્યો! હું તો પલટતો નથી એ શેમાં જણાય છે? ઝીણું બહુ. હું તો છું તે છું. પરિણમન પલટે તો પલટો. પણ કોણ જાણે છે ઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે કહે છે.

મુમુક્ષુ :- મારે શું છે? ધ્યાન કરે તો કરો મારે કાંઈ લેવા-દેવા નથી.

ઉત્તર :- પણ કોણ વિચારે છે? જાણે છે કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. રસીકભાઈ કહેતા હતા કે ત્યાં બધું ધ્રુવ-ધ્રુવ ચાલે છે નહિ? ભાઈ! વસ્તુનું સ્વરૂપ જેમ છે એમ માને, વિકલ્પ દ્વારા તો પહેલો નિર્ણય હોવો જોઈએ. એ પ્રશ્ન ઉઠ્યો છે.. એ પહેલો એનો વિકલ્પ જે .. જોઈએ કે હા પહેલો વિકલ્પ દ્વારા તો

જેવો છે એવો નિર્ણય ન હોય તો નિર્વિકલ્પ થઈ શકતો નથી. છતાં નિર્ણય વિકલ્પ દ્વારા કર્યો માટે નિર્વિકલ્પ (થાય) છે એમ પણ નહિ. કેમકે વસ્તુ જે રીતે છે એ રીતે પણ વિકલ્પ દ્વારા પણ જેને યથાર્થ ન જાણતા બોધ નથી એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? પોતામાં-પોતામાં. દ્રવ્ય નામ પર્યાયમાં બેયની વાત છે. વ્યવહાર અને નિશ્ચય બે વાત છે. .... એ પણ એક વિકલ્પ છે. અનેક પણ છે. ગુણ પણ છે કે નહિ? .. ન આવ્યું ૪૭માં? એક, અનેક, ભાવ, અભાવ આવે છે કે નહિ? એ તો ઘણા લીધા છે. વિકલ્પ નથી ત્યાં કાંઈ. સમજાણું કાંઈ? એક, તત્, અતત્ આવે છેને? એક-અનેક, ભાવ-અભાવ, ભાવ-અભાવ, અભાવ-ભાવ, ભાવ-ભાવ, અભાવ-અભાવ. છ બોલ તો એ આવ્યા. એમાં આ એક છું એવો ગુણ છે ... અનાદિનો અને એમ પાછું અનેક છું એવો ગુણ છે. આહા..હા..! અનેક છું એવો પણ એક ગુણ છે એમાં. એ અનેક ગુણ છે માટે એને અનેકમાં ગુણનો નિર્ણય કરવો માટે એ એકને છૂટીને અનેકમાં આવી ગયો છે એમ નથી. શું કહ્યું? આ બધું .. થઈ ગયો છેને.

એક છું એ વસ્તુનું ... અહીં તો એક છું એવો વિકલ્પ જે છે ઈ નિષેધ છે પણ એક છું એવા ગુણનો નિષેધ નથી. આહા..હા..! અનેક છું એવા ગુણનો નિષેધ નથી, એનો અનેક છું એવા વિકલ્પનો નિષેધ છે. અનેક છે કે નહિ વસ્તુ સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય અનેક થઈને. વસ્તુ અનેક થઈને એક છે અને એક થઈને અનેક છે. એક થઈને અનેક અને અનેક થઈને એક. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ એવું છે. સ્યાદ્વાદનો અર્થ એવો નથી કે આડુઅવળું કરીને, ઘચરડીમચરડીને બેસાડે. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? આ તો ઠેઠ અંદરમાં તળીયાની વાતું છે. નિશ્ચય એટલે બધા થઈને એક છે એ નહિ અને અનેક છે એટલે આ આત્મા... આ આત્મા... આ આત્મા અનેક છે એમ પણ નહિ. વસ્તુ અસંખ્ય પ્રદેશી એકરૂપ એ પણ એનો એક ગુણ છે અને પર્યાય અનેકરૂપે છે, ગુણ અનેકરૂપે છે, એવો પણ એનો ગુણ છે અનેકરૂપે પરિણમવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનેક છે એ પારિણામિકભાવ છે. ધ્રુવ. અનેક જે ગુણ છે અને એક ગુણ એ પારિણામિકભાવે છે. એય..! એ અનેક એકરૂપ પારિણામિકભાવ એ એનો સ્વભાવ છે. આહા..હા..! ..ભાઈ! આવું ઝીણું માણસ કહે છેને. .. આવવાના છે નહિ સાંભળવા. પંદર દિવસ બાબુભાઈને એ બધા આવવાના છે સાંભળવા. બાપુ! માર્ગ ... એમ કહ્યુંને .. નથી. ગુણ એકરૂપે છે. એમાં ગુણ એકરૂપે છે એનો નિષેધ થઈ જાય છે. અને અનેકરૂપે વસ્તુ નથી ઈ ધ્રુવ એટલે એક જ રૂપ છે. સમજાણું કાંઈ? અનેકરૂપ એનો અનાદિ-અનંત ગુણ

છે. ..ભાઈ! એવી વાતું છે, ભાઈ! એ કાંઈ શબ્દે પૂરું પડે એવું નથી. એ તો અલૌકિક વાતું છે. એ તો આચાર્યે એની મર્યાદામાં રહીને વાત કરી છે. આહા..હા..!

કહે છે કે જેમ એક-અનેક એવો એના ગુણનો સ્વભાવ જ છે. એ અનેક એટલે આમ .. જુઓ, એક આ દ્રવ્ય છે, આ ગુણ છે એવા પર્યાયના ભેદથી વસ્તુ વિચારે તો તે વિકલ્પ છે કહે છે. પરાધીન છે એમ કહ્યું છે ત્યાં. ... પણ છતાં એ દ્રવ્ય-ગુણ-પર્યાય અનેક વસ્તુ છે એ ગુણ અનેક છે. એ અનેકને અનેકપણાના ભેદથી ન વિચારવું. એ અનેક છે એટલે એનો પારિણામિક ગુણ છે. આહા..હા..! એવી વાતું છે, ભાઈ! અનેકપણું કહેવું એ તો પર્યાય થઈ ગઈ, એમ કે ભેદ થઈ ગયો. ઈ વાત નથી અહીં. એનો ભેદ પાડીને વિકલ્પમાં કહેવો, વિચાર એ ભેદ છે. વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાય અનેકરૂપ છે. પણ એમાં આ દ્રવ્ય અને આ ગુણ એવા પર્યાયના ભેદથી વિકલ્પમાં લેવો એમ નહિ. એ અનેક પણ એનો એક પારિણામિક ગુણ છે ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ?

એનો વિચારનો વિકલ્પ છે એ એની સીમામાં ગયો નથી. એને સીમાડે અંદર ગયો નથી. એ બહાર રહે છે. સમજાણું કાંઈ? એ વિકલ્પને .. છોડી દઈ અને વસ્તુ વિકલ્પસ્વરૂપે છે જ નહિ. અનેકરૂપે વસ્તુ છે, પણ અનેકપણાનો જે વિકલ્પ છે એવી વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે. આ જોયું છેને.. એક છે, અનેક છે. અનેક છે એ એનો સ્વભાવ છે. .. છે એનો અનેકમાં લક્ષ જામ્યું એ વિકલ્પ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે અનેક છે એ તો એનો ગુણ છે. આહા..હા..! વીતરાગ માર્ગ તો બાપા! અમૃત. અનેકાંત તો અમૃત છે. અનેક-અનેક ગુણ સ્વરૂપે ભગવાન અનાદિ-અનંત છે. જેવું છે એવું એને જ્ઞાન બરાબર કરવું જોઈએ. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત બરાબર ટંકોત્કીર્ણ છે. ...

ઉત્તર :- આહા..હા..! એ તો છે ઈ છે કહે છે. એને વિકલ્પ દ્વારા રોકાણો એ વસ્તુનું સ્વરૂપ નથી. અનેકપણું એ લક્ષમાં લેવું, અનેકપણું તો ગુણ અપરિણામિકભાવ અથવા પારિણામિકભાવ. એક ગુણ છે એ અપરિણામિકભાવ એટલે નહિ બદલતા ભાવો છે. ગુણરૂપે છે ઈ. ચેતનજી! અનેક છું એ એનો પારિણામિકભાવ ગુણ છે. એ નિત્ય છે, ધ્રુવ છે. અનેક છું એ પણ ધ્રુવ છે. આહા..હા..! વિકલ્પ છે... આહા..હા..! સમજાણું કાંઈ? ... ... આહા..હા..!

કહે છે અહીં તો ઓલા નિત્ય ઉપરથી વળી એક-અનેક આવ્યું પાછું. ... ૮૧માં. ૮૧. એ કારણપરમાત્મા કહો એ તો એનો સ્વભાવ છે. છતાં એમ કહ્યું કે કારણ અને અકારણના વિકલ્પો છોડ. એટલે કે કારણ પરમાત્મા જે નિર્ણય કર્યો છે કે આ કારણ છે એ છોડવાનું છે? ... શી રીતે? કારણ... આહા..હા..! સમજાણું કાંઈ? અને એક બાજુ કહેવું કે કેવળજ્ઞાન

કાર્યમાં કારણ કારણપરમાત્મા છે. એ કારણ પરમાત્મા કહ્યો એ તો ગુણ છે અને સ્વભાવ છે. લ્યો હવે આ... આહા..હા..!

મુમુક્ષુ :- નિત્યમાં બધું ગર્ભિત છે.

ઉત્તર :- નિત્ય છે એ તો નિત્ય તો એનો ગુણ છે. ધ્રુવ નિત્ય ધ્રુવ એ તો એનો ગુણ છે અને એ પારિણામિકભાવ અને અપરિણામિકભાવ. પારિણામિકભાવે કહો તો સહજ સ્વભાવ પારિણામિકભાવ એમ. પરિણમે છે એમ નહિ. અપરિણામિક જે પારિણામિકભાવ, સહજભાવ એમ. સહજભાવ. એવો એનો ગુણ છે. ... કારણ. કારણ પરમાત્મા એ તો એનો ત્રિકાળી સ્વભાવ છે. એ કારણનો નિષેધ કરવો છે? આ આત્મા કારણરૂપ છે, અકારણરૂપ છે એવો જે વિકલ્પ છે એનો નિષેધ કર્યો છે. આહા..હા..! ... ખ્યાલમાં.. આ નિત્ય આવ્યું... આહા..હા..! એ તો છે ઈ છે. એને માટે આવા વિકલ્પ કરવા તેનો નિષેધ છે. સમજાણું કાંઈ? નિષેધ કરવાનો અર્થ? નિષેધ કરું છું એવું ક્યાં છે? પણ એ વિકલ્પ છે એમાંથી દૃષ્ટિ ઉઠાવીને દ્રવ્યમાં દૃષ્ટિ વસ્તુમાં પ્રસરવી એ વસ્તુ તત્ત્વનો .. જે જ્ઞાનસ્વરૂપે છે, એ જ્ઞાનસ્વરૂપે છે. એમાં એકસ્વરૂપે અને અનેકસ્વરૂપે છે .. જ છે. સમજાણું કાંઈ? આવ્યુંને આ?

**'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** વીતરાગમાર્ગ ભાઈ! સર્વજ્ઞને સમજવા, ઉતારવો અને ઝટ દઈને (સમજાય એવું નથી). આહા..હા..! તત્ત્વનો જાણનાર તો પક્ષપાત રહિત છે. એથી તત્ત્વનું અનિત્યપણું અને નિત્ય-અનિત્યપણું કાંઈ ભૂલી જાય છે? .. ભાઈ એ તો નિશ્ચય-નિશ્ચય.. નિર્ધાર જ નથી. એમ નથી. સમજાણું કાંઈ? જેને અંતરસ્વરૂપમાં દૃષ્ટિને ધ્રુવમાં વાળતા શબ્દ શી રીતે કહેવો? વાળવું શી રીતે? આ પર્યાય છે એને વાળું એમ છે? એ કથની એવી શૈલી છે વીતરાગની. પણ અંતરમાં પકડતા જે જાણવામાં વસ્તુ આવે, વેદવામાં એ વસ્તુ છે. આહા..હા..! અરે! કાયરના કામ નથી, બાપુ! વીરો માર્ગ છે અંદર. બહારથી લાલા-પેઠા કરીને ધર્મને પામી જાય એ વાત નથી, ભાઈ! આહા..હા..!

અહીં તો ઈ આવ્યું. ... ઓલામાં કીધું ભાવ-અભાવ ગુણ છે. ... ૪૭માં કીધું ભાવ નામનો એક ત્રિકાળી ગુણ છે. અભાવ નામનો ત્રિકાળી ગુણ છે. ભાવ-અભાવ નામનો ત્રિકાળી ગુણ, અભાવ-ભાવનો ત્રિકાળી ગુણ, ભાવ-ભાવ નામનો ત્રિકાળી ગુણ અને અભાવ-અભાવ નામનો ત્રિકાળી ગુણ. ભાવ, અભાવ, ભાવ-અભાવ, અભાવ-ભાવ, ભાવ-ભાવ, અભાવ-અભાવ. આહા..હા..! આચાર્યોએ પણ ગજબ વાતું કરી છે હોં. લોકોને એક પક્ષે જોવા માગે છે તો નહિ મળે. એક પક્ષે એટલે અનેકપણું એમાં નથી. અભાવપણું એનામાં નથી એ તો ભાવસ્વરૂપી જ છે અને અભાવ સ્વરૂપ કરવા જાશે ત્યાં નાસ્તિ થઈ જાય છે. એમ

અહીં નથી. અભાવ સ્વરૂપ પણ એક અસ્તિરૂપ ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ એવો પણ એનો ત્રિકાળી ગુણ છે. પરમપારિણામિકભાવ હોં. દ્રવ્યના આત્મહિતરૂપ પર્યાયનો ભાવ જે વસ્તુ છે તેના સ્વરૂપની હયાતીનો હેતુ પારિણામિકભાવ. તો ભાવ-અભાવ પણ દ્રવ્યનો પોતાના સ્વરૂપનો હયાતીભાવ છે. પારિણામિકભાવની વ્યાખ્યા કરીને આપણે .. ગજબ વાત. આચાર્યોએ તો મંત્રો નાખ્યા. આહા..હા..! ભાવ-અભાવ. ભાવનું શું .. છે? અભાવ.. શું? બરાબર વિકલ્પને પણ વસ્તુમાં ભાવ-અભાવ નામનો ગુણ છે ઈ શક્તિ છે. જે પરમપારિણામિકભાવે ધ્રુવ છે. ભાવ અને અભાવ પણ એનો ગુણ છે. અને ગુણ છે એ નિત્યધ્રુવ છે. સમજાણું કાંઈ? કેવળીના પેટ છે આ તો અંદરના ભાઈ હોં. એય..! પ્રકાશદાસજી! ભાવ શબ્દે...માં છે.

કર્તા-અકર્તા લ્યો! કર્તા તો ગુણ છે. એમ કીધું. એય..! અને રાગને ન કરવું એવો પણ અકર્તા એનો ગુણ છે. અભાવ ગુણ છે એમ કીધુંને? રાગરૂપે ન થવું એવો તો એનો ગુણ છે. આ નિત્ય ધ્રુવની અહીં વાત છે. અને આ બધું આવે છેને બહુ. બાપુ! મારગડા એવા છે. એની વસ્તુની સ્થિતિ જ એવી છે. .. કાળ એમાં .. જશે. જે રીતે છે એ રીતે. એમ જેને નિર્ણય નથી એને નિર્વિકલ્પતાનો અવકાશ નથી. આવો નિર્ણય છે માટે નિર્વિકલ્પનો અવકાશ છે એમ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ એ સ્થિતિ છે. વસ્તુસ્વરૂપે છે. એને જે રીતે જોઈએ તે રીતે એના જ્ઞાનમાં નથી એટલે એ જ્ઞાન પરદૃષ્ટિ ઉપર છે અને ત્યાં સુધી આત્મા નહિ આવે. રાજાને રંક કરીને બોલાવશો તો રાજા જવાબ નહિ આપે. પણ જેવો એનો સ્વભાવ છે એવી રીતે ન જાણતા બીજી રીતે જાણે તો એ અનુભવ નહિ થાય એને. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! આહા..હા..! સમયસાર તો જગતની આંખ છે. અને કેવળજ્ઞાનના ચક્ષુ. આહા..હા..! શું કહે?

શું કીધું ઈ? કર્તા. ... ... છે. કર્તા ઈ છે. ભોક્તા. ખરેખર તો ભોક્તા નામનો પણ અનાદિ-અનંત ગુણ છે. .. પોતાનો ભાવ જે છે. ..ભાઈ! આવું છે. તમારા મકાનના કામ કોઈ દિ’ નહિ... આહા..હા..! જેને સોનાનો બંગલો .. હોય છે એણે આ બધા નિર્ણય કરવા પડશે પહેલા. એક પક્ષે નિર્ણય કરીને ઉભો રહેશે તો અંદરમાં જવાને એને અવકાશ નહિ મળે. ભલે પછી એ ધ્યાન કરે કે .. કરે. સમજાણું કાંઈ? .. ભાઈ! હોં. .. પણ બહુ લીધો ઓલાએ. જુઓ, છેને સૂક્ષ્મ પણ ગુણ છે. અનાદિ પારિણામિકભાવ છે. ... અને સૂક્ષ્મપણું નથી એવો એ પણ એનો સ્વભાવ છે. એવો એનો ગુણ છે. અભાવ... છે. અભાવ પણ એક એનો ગુણ છે. પરપણે ન થવું, રાગપણે ન થવું, કર્મના ભાવપણે ન થવું એવો પણ એક એનો અનાદિ ગુણ છે. એને અભાવ-અભાવ. વસ્તુ અનાદિની ગુણ છે એવો બીજો પણ અભાવ-અભાવ નામનો ગુણ છે. જે ગુણ વર્તમાનમાં પરના અભાવસ્વરૂપ

પોતામાં સ્થિત ઉભું છે એવું ને એવું અસ્તિત્વ ગુણ અભાવ-અભાવ છે. ... સમજાણું કાંઈ? આમાં કાંઈ નજર પણ પોગે નહિ બાપુ! એવી વાત છે. બાપુ! નજર પોગે (પહોંચે) એ વાત કરીએ હોં. આહા..હા..!

કેવળજ્ઞાનનો કંદ છેને એ. એ બધું જાણવાનું કામ તો પર્યાયમાં છે. હું એક ભાવસ્વરૂપ છું અને હું એક અભાવસ્વરૂપ છું. એવું એક જાણવાનું કામ છે પર્યાયનું. વિકલ્પ વિનાની પર્યાય હોં. નિત્ય છે લ્યો. છે નિત્ય પણ નથી એમ નહિ. આહા..હા..! પણ નિત્યના વિચારમાં રોકાતા અંદરમાં નિત્ય છું... નિત્ય છું... ધ્રુવ છું... હું ધ્રુવ છું... એમાં એક પ્રશ્ન એવો પણ ઉઠે. કે બીજા વિચારોમાં, વિકલ્પમાં રોકાઉં એ કરતા હું નિત્ય છું એવા વિકલ્પમાં રોકાઈ તો એને અંતર જવામાં નજીકતા થાય. એમ હશે?

મુમુક્ષુ :- એવી માન્યતા બહુ બળવાન માની છે.

ઉત્તર :- એ માટે તો અહીં ચાલે છેને. જે વિકલ્પમાં શું થાય? કે જે સંયોગો બીજા મળે છે એના ફળ તરીકે એને આ સાંભળવાનું સંયોગો મળે એવું .. પણ સ્વભાવની એકતા એ દ્વારા થાય એવું એનું સ્વરૂપ જ નથી. એવી એને અલિંગગ્રહણના બોલમાં ન આવ્યું? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! એવા વિકલ્પથી જણાય એવું એનું સ્વરૂપ જ નથી. એ અંતરથી તો ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ છે... એવું ઘૂંટો. માટે ધ્રુવમાં જઈ શકાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. ભાઈ! પંડિતજી! આહા..હા..! આ આવ્યું. ઓલું .. નહિ? ... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું? શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ સર્વજ્ઞપદનું રટણ કરવું એટલે શું? ઈ રટણ કરે એટલે મળે? સર્વજ્ઞ સ્વરૂપ છે, સર્વજ્ઞ સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરતા સર્વજ્ઞ થાય. સર્વજ્ઞ છું એ પૂર્ણ કારણપરમાત્મા છું એવું પણ વિકલ્પનું ઘુંટણ એને આત્મા પ્રાપ્ત કરવામાં સહાયક નથી.

મુમુક્ષુ :- સહાયક તો નહિ પણ નજીક તો લાવે.

ઉત્તર :- નજીક બિલકુલ લાવે નહિ. એ તો એનું એ થયું પાછું .. રાગ લઈને અરાગી થાય. આ લોકો આમ કહે છે. આ આમ કહે છે એ તો એની એ દશા થઈ. એય..! ...એવી વાતું ભાઈ! માર્ગ તો આવો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અબદ્ધનો વિકલ્પ છોડાવતા હોય. અબદ્ધ (વિકલ્પ) છોડાવે છે. નજીકની વાત નથી. .. અબદ્ધપણાનો જે વિકલ્પ .. એને .. વિકલ્પમાં રોકાણો એને છોડાવ્યું. વ્યવહારથી

છોડાવેલું છે. પર્યાયદૃષ્ટિ, રાગદૃષ્ટિ તો છોડાવી છે એ તો પહેલાથી કહેતા આવીએ છીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના.

મુમુક્ષુ :- ... છોડી દીધું.

ઉત્તર :- છોડ્યું નથી. એ તો અધ્રુવમાં વિચારોમાં વિકલ્પ છોડ્યો, પાછો ધ્રુવનો વિકલ્પ છોડ્યો નથી. સમજાણું? ભાઈ! ત્રણ બોલ આવ્યા. બહુ સરસ વાત છે. બદ્ધનો વિકલ્પ છોડ્યો એણે અબદ્ધનો વિકલ્પ છોડ્યો નથી. એ અબદ્ધનો વિકલ્પ છોડ્યો એણે બદ્ધનો વિકલ્પ છોડ્યો નથી. ...

મુમુક્ષુ :- બેયનો વિકલ્પ...

ઉત્તર :- બેયનો વિકલ્પ છોડ્યો નથી. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! વાત એવી છે. સમજાણું કાંઈ? આવી વાતું કોઈ વખતે નીકળે. સમજાણું કાંઈ? કારણ ને કાર્યને એવી વાતું. એ વિકલ્પ અબદ્ધનો વિકલ્પ તે કારણ છે અને અબદ્ધસ્વરૂપ તે કાર્ય છે એમ છે? (મિથ્યા)દૃષ્ટિ થઈ. સ્થૂળ રાગને કારણ માનતા સૂક્ષ્મ રાગને (કાર્ય માન્યું)

મુમુક્ષુ :- એ તો નિમિત્તથી.

ઉત્તર :- જરીએ નથી નિમિત્તથી. ...

મુમુક્ષુ :- પુણ્યને છોડ્યું તોપણ?

ઉત્તર :- છોડ્યું જ નથી કાંઈ. આ છૂટ્યા વિના કાંઈ છોડ્યું એમ પણ નથી.

મુમુક્ષુ :- આગળ-પાછળ ન છૂટે?

ઉત્તર :- આગળ-પાછળ ન છૂટે. એક સાથે છૂટે. એય..! આહા..હા..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર સ્વરૂપ પ્રભુ આત્માનું છે. ઓહો..હો..! ..લીલા. એની મહિમાની શું વાત કરવી? વસ્તુ એવી ચીજ છે. ગમે તેમ પકડે તેથી ચીજ નથી, ભાઈ! સમજાણું કાંઈ? કહે છે નિત્ય-અનિત્ય બેય પક્ષ છોડી દઈને. અંદરમાં એ ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ છે... એવા વિકલ્પનો પણ એક વિકલ્પ છે. એનાથી ધ્રુવ પમાય એમ છે નહિ. આવી વાત છે. સમજાણું કાંઈ? એ તો એમાં પણ કહ્યું છે ભાઈ! હોં .. એ વિકલ્પ છે. એ નહોતું. વિકલ્પ છે. .. એટલે આવો છું, આવો છું. છે તો છે. હું આવો છું... આવો છું... એ તો એક વિકલ્પ રાગ છે. મન સંબંધનો સૂક્ષ્મ ભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એટલે બહારમાં આવી ગયું એટલે પછી આધાર દેવો પડેને. એમ કરીને...

મુમુક્ષુ :- .. એનો કોઈ દિ' આધાર દે?

ઉત્તર :- આધાર નહિ ખુલાસો દેવો પડેને ખુલાસો એટલે આમ... સિદ્ધાંત છે એ તો

એને કબુલવું એમ નહિ, પણ એમાં જે ન્યાય છે કઈ અપેક્ષા છે એમ .. જોઈએને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તરીકે મનાવે એ વાત નથી કાંઈ. આચાર્યોના, મુનિઓના.. એનાથી એક પણ અંશનો ફેર પડે તે સિદ્ધાંત નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કારણ .. છે. ..ફેર છે. આને વળી... લાલચંદભાઈને એમના પક્ષમાં બહુ આવ્યા છે તો એ ભાષા કેમ એમ રાખી? આમાં લખ્યું હશે. એમ કે એના ટચમાં બહુ આવ્યા હતા. ... બાપુ! આ મારગડા જુદા, ભાઈ! કામ કરી ગયા એ બીજી વાત છે, પણ એના શબ્દોની શૈલી ને વીતરાગની રચના પ્રમાણે ખતવવી બહુ મુશ્કેલ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ - .. પ્રમાણે ન ખતવાય એને?

ઉત્તર :- એક પણ બોલ હોય તો વીતરાગ પ્રમાણે ન ખતવાય. બીજા બે બોલ .. .. કથન એમાં નાખ્યુ .. ન થાય. એય..! વાત એવી છે.

મુમુક્ષુ :- અમને એમ લાગે આપ વારંવાર એનો આધાર આપો.

ઉત્તર :- આધાર તો આ કહે છે એને ન સમજતા હોય તો આમ કહું. એનો અર્થ આમ સમજવો ઈ અપેક્ષાએ કહેવું છે. એય..! નરસિંહ મહેતાની વાત સવારમાં નહોતી કરી?

મુમુક્ષુ :- નરસિંહ મહેતા...

ઉત્તર :- આ તો એને પોતાનું તત્ત્વ યથાર્થ છે. પણ ભાષામાં એવી શૈલી લખાયેલી છે કે જરી બરાબર ન સમજાય તો નિશ્ચયાભાસી થઈ જાય છે. એટલે એણે ગુરુગમે એમ સમજવું જોઈશે. એની મેળાએ વાંચે તો પાર નહિ આવે. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ગુરુ તો અંદર બેઠા છે.

ઉત્તર :- આ ગુરુ અંદર છે. એને જેવી રીતે સ્વરૂપ છે એમ એણે જાણવું પડશે. સત્ છે કે નહિ? આત્મામાંથી સત્‌નો જવાબ આવવો જોઈએ. લ્યો આ તો એક ૮૩માં કળશમાં આવી ગયું. પોણો કલાક થઈ ગયો આમાં. **'एकस्य नित्यो न तथा परस्य'** આ તો શાંતિથી, ધીમેથી, મધ્યસ્થથી કાંઈ પક્ષપાત નથી .. જેવી ચીજ છે ... લ્યો એક શ્લોક થયો હવે. એમાં તો ઘણા આવ્યા પડખા ભાવ એક, અનેક ને. આવ્યા. ઓહો..હો..! ભાવ પણ એનો સ્વીકારવો એ ગુણ છે. પારિણામિકભાવે હોં. ધ્રુવભાવે અભાવભાવ... એય..!

## શ્લોક-૮૪

(उपजाति)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८४।।

શ્લોકાર્થઃ- [वाच्यः] જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ વાચ્ય (-વચનગોચર) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૪.

## કળશ-૮૪ ઉપર પ્રવચન

૮૪. 'જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે...' એ તો આવે છેને નયમાં ભાઈ! ૪૭ નયમાં નહિ? ૪૭ નય. ત્યાં તો નય છે .. કહી શકાય .. એમ કહ્યું. અહીંયાં છે જુઓને 'વચનથી કહી શકાય નહિ.' ..વચનાતીત છે, નિર્વિકલ્પ છે. વચનનો વિષય નથી, વિકલ્પનો વિષય નથી. પણ વિષય છે માટે કષાય છે એમ નથી. ... વ્યય છે તે વિષય છે. વિષય છે તે ...નું કામ. અરર! વિષયનો અર્થ કે જ્ઞેય છે. કેવળજ્ઞાનનો વિષય લોકાલોક છે. લ્યો! એથી લોકાલોક કષાયનો કાળ છે? અરે..! માણસને પોતાની જે પક્કડ છેને એ છોડવી ન હોય તો ક્યાંયથી ઘચરડી-મચડીને કાઢે અંદરથી. એવો માર્ગ ન હોઈ ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ મહાપરમાત્મા. મહાત્મા સંતો. આહા..હા..! મહાશ્રમણ. પંચાસ્તિમાં આવે છે. મહાશ્રમણના મુખથી નીકળેલી વાણી. આહા..હા..! મહાશ્રમણના મુખથી નીકળેલી. પંચાસ્તિકાયમાં છે. કેવળીને મહાશ્રમણ કહ્યા. આહા..હા..!

પૂર્ણ વીતરાગ, પૂર્ણ સર્વજ્ઞ. ઓહો..! જેના મુખમાંથી વાણી નીકળે. એ વાણીની શક્તિ

જ એટલી બધી છે. વાણીને કારણે હોં. આહા..હા..! કહી શકાય એવું કથંચિત્ છે. સમજાણું કે નહિ? ... એય..! ...આવે છે કે નહિ? નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. નામથી કહી શકાય છે. સ્થાપનાથી સ્થાપી શકાય છે. આવો આત્મા હોવાથી. અહીં તો વચનથી કહી શકાય એવો છે એવો એક નયનો પક્ષ એના વિકલ્પમાં રોકાવું એ પક્ષ છે. આહા..હા..! એકકોર એમ કહ્યું શ્રીમદ્દે કે ભાઈ 'જે સ્વરૂપ દીઠું સર્વજ્ઞે કહી શકાય નહિ ભગવાન.' અને એકકોર જ્યાં પાંચમી ગાથામાં એમ આવે સમયસારમાં. ભગવાને બધું કહ્યું છે. આવે છે?

મુમુક્ષુ :- ..નિયમસારમાં કીધું છે.

ઉત્તર :- બધે. સર્વસ્વપણે કહ્યું છે. એવી એક અપેક્ષા બતાવે છે. સર્વજ્ઞે બધું કહ્યું છે. ત્રણ કાળ, ત્રણ લોકનું જેને જ્ઞાનમાં જણાઈ ગયું છે. જ્ઞાનમાં જણાણું એટલે. એ જ્ઞાનની પર્યાય એ રીતે પરિણમી ગઈ છે. સમજાણું કાંઈ? .. શું કહેવા માગે છે? ઓલામાં ... અનુમાન કરીને ..માં આવે છેને. આ સમયસાર છેને. પાંચમી ગાથા છેને. **''સ્યાત્' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ('સ્યાત્')નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મોના નામ આવે છે;...'** જોયું? **'અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે,...'** આહા..હા..! દરિયો ભર્યો છે. છે? **'અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે.)'** અહીં કહે છે કે વચનથી કહી શકાય નહિ, અહીં કહે છે કે વચનથી પૂર્ણ કહી શકાય છે. અપેક્ષા સમજવી જોઈએને.

બીજો પક્ષ છે કે વચનગોચર નથી. એ વાત વસ્તુ એમ છે, પણ છતાં વચનગોચર નથી, ન કહી શકાય. એવો જે વિકલ્પ છે એ ભૂમિકામાંથી છોડવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. આમાં આ હાથ લાગ્યો ત્યાં થઈ રહ્યું એને મોક્ષ હથેળીમાં. એને તો અલ્પકાળમાં કેવળજ્ઞાન. આહા..હા..! શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન બોલાવે કેવળને. ..માં આવે છે. ધવલમાં આવે છેને મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. ... મતિજ્ઞાનનું એટલું જોર છે. હવે એકદમ કેવળજ્ઞાન મોક્ષ પરિણમન થઈ જશે. (વચ્ચે રસ્તો) આ તો બહુ થોડો છે. એમ છે. આહા..હા..! ... અનંતા આગમ ભર્યા છે. આહા..હા..! સર્વજ્ઞના .. જાણનારી એ વાણી પણ પૂજ્ય છે એમ નથી કહ્યું? વાણી તો જડ છે. એ અપેક્ષાએ. વાણી પૂજ્ય છે? ભગવાન પર છે. ઘડીક કહે ઈષ્ટ છે. પંચપરમેષ્ઠી ઈષ્ટ છે. એનું નામ પણ મંગળનું કારણ છે. આહા..હા..! અનુભવપ્રકાશમાં ત્યાં સુધી લીધું કે સ્થાપના નિક્ષેપને આધારે અનંતા મોક્ષ ગયા છે. અનુભવપ્રકાશમાં. .. વાત આવી છેને? આવી છે. .. આવું સ્વરૂપ છે એમ... આહા..હા..!

ઘણી વાત નીકળી છે બહાર હોં.

**'બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...'** એ તો છે એવો છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનદિપીકામાં એ લખે છેને ક્યાંક? એક છે, અનેક છે. સમ્યગ્જ્ઞાનદિપીકા. ભાઈ! સમ્યગ્જ્ઞાન દિપીકામાં. નિત્ય-અનિત્ય, એક-અનેક ... છે. સમ્યગ્જ્ઞાનદિપીકા. એ પહેલું અસ્તિત્વ... સમ્યગ્જ્ઞાન દિપીકા ૫૦ વર્ષ પહેલાં જંગલમાં જઈને વાંચ્યું હતું. ઈ તો જ્યાં છે ત્યાં છે. સૂરજનો ઉગમણો-આથમણાવાળો કે એ આથમણો છે. આથમણાવાળો કહે ઉગમણો છે. લક્ષ્મીવાળો કહે .. ..વાળો કહે લક્ષ્મી. આહા..હા..! **'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** વસ્તુ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં વિકલ્પનું અસ્થિરપણું .. છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એ ૮૪ થયો. .. આવ્યુંને ભાઈ! સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય કથન .. કર્યું છે. સ્યાત્ વ્યક્તવ્ય, સ્યાત્ અવ્યક્તવ્ય, કથંચિત્ અવ્યક્તવ્ય સર્વથા અવ્યક્તવ્ય નહિ. અપેક્ષાથી વાત કરી છે.

મુમુક્ષુ :- એ અવ્યક્ત નથી કહેવાણું કે નહિ?

ઉત્તર :- કહેવાણુંને. છે એમાં લખ્યું છે. સમજાણું કાંઈ? અહીં ના પાડી છે. એમાં વિકલ્પની ના પાડી છે. વિકલ્પ કરવો એને આમ છે, કહી શકાય છે, કહી શકાતું નથી. .. બસ વિકલ્પ છે. એ છોડવા જેવો છે. સમજાણું કાંઈ? એ **'ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** એ તો જ્ઞાનસ્વભાવ ભગવાન ચૈતન્યસૂર્ય તો સૂર્ય છે ત્યાં છે. આપણે જે આ બાજુ હોય તો એમ કહીએ સૂર્ય ઉગમણો છે. સૂર્યની ઓલીકોરવાળા એમ કહે કે ઈ આનીકોરનો છે. દક્ષીણવાળા કહે કે સૂર્ય આમ છે. જ્યાં છે ત્યાં છે. એમ ભગવાન તો જેવો છે એવો છે. આવા વિકલ્પને છોડીને નિર્વિકલ્પ અનુભવ કરવો એ વસ્તુ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૭૦

(उपजाति)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८५।।

શ્લોકાર્થ :- [नाना] જીવ નાનારૂપ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ નાનારૂપ નથી [परस्य) એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૫.

## માગશર સુદ-૧૨, રવિવાર, તા. ૧૭-૧૨-૧૯૭૨
## કળશ-૮૫ થી ૮૯, પ્રવચન-૨૫૫

આ કર્તા-કર્મ અધિકાર સમયસાર. ૮૪ કળશ થયો. ૮૫. વાત એ છે કે આ વસ્તુ જે છે આત્મા એનું હોવાપણું તો ત્રિકાળી અવિનાશી સ્વભાવવાળું છે. એની પર્યાયમાં ભલે રાગ-દ્વેષાદિ હોય, પણ વસ્તુના સ્વભાવમાં એ ચીજ છે નહિ. એટલે અહીંયાં એમ કહે છે કે જેને સમ્યગ્દર્શન જેવું તત્ત્વ છે એવું જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરવી હોય તો એણે આ નયપક્ષના વિકલ્પ પણ છોડવા પડશે. કહો, સમજાણું કાંઈ? બીજો રાગ છે વ્યવહાર, વ્રત, નિયમ ને તપનો એ તો છોડવા જેવા છે. પણ અંતર્મુખ જવા માટે જેવો વસ્તુનો સ્વભાવ છે. નિત્ય-અનિત્ય. ત્રિકાળ રહેવાપણે નિત્ય છે, અવસ્થાપણે અનિત્ય છે એમ છે. છતાં એના પક્ષમાં રાગના વિકલ્પથી રોકાવું એ પણ સમ્યગ્દર્શનનું કારણ નથી. આવી વાત છે. વસ્તુ એમ પોકારે છે પણ હવે માણસને હાથ આવી નહિ. એટલે એવું લાગે આ તો વ્યવહારથી થાય, વ્યવહાર કરતાં-કરતાં થાય એ અનેકાંત કહેવાય. નહિ તો એકાંત થઈ જાય છે. આ

... ક્ષેત્રમાં વસ્તુ જ પોતે અનંત જ્ઞાન, આનંદસ્વરૂપ ભગવાન આત્મા પરમેશ્વર સ્વરૂપ જ છે એ પોતે. અને તે એમાં પ્રભુત્વની નામની શક્તિ છે કે જેથી અનંતાગુણો સ્વતંત્રપણે પરિણમે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પ્રભુત્વ શક્તિનો અર્થ એ છે. પરથી ખંડિત ન થાય અને સ્વતંત્રથી શોભાયમાન જેનું સ્વરૂપ છે. એવા અનંતાગુણ.. ગુણની વાત કરી. પણ એ ગુણ અનંતા ગુણમાં વ્યાપે છે. આહા..હા..! દરેક ગુણ જ્ઞાન, દર્શન, ગુણ, આનંદ ગુણ એ અખંડ પ્રતાપથી જેની સ્વતંત્રતાથી શોભાયમાન જેનું સ્વરૂપ છે. પરતંત્ર રાગમાં થવું એવો એક પર્યાય ધર્મ છે. પર સ્વતંત્ર રહેતું નથી. સમજાણું કાંઈ?

રાગરૂપે કે દેહરૂપે હું છું એવો એક પર્યાયનો, પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય-ગુણનો નહિ. આ રીતે વસ્તુ પોકાર કરે છે. હવે એમાં બીજું શું માગવું અમારે? એક-એક ગુણ શ્રદ્ધા નામનો જે ગુણ છે અંદર એ તો અખંડ પ્રતાપથી શોભિત, સ્વતંત્રતાથી શોભિત છે ઈ. એથી આ વિકલ્પનું કારણ થાય અને સમ્યગ્દર્શન શ્રદ્ધા ગુણમાંથી આવે એમ નથી. સમજાણું કાંઈ? જે દરેક ગુણ.. ગુણ તો સ્વતંત્ર, પણ એની પર્યાય થવામાં એની પર્યાયમાં એ પ્રભુત્વ ગુણ વ્યાપેલો છે દૃષ્ટિ થતાં. આહા..હા..! એથી એની પર્યાય પણ અખંડપણે કોઈ એને ખંડ કરી શકે નહિ, વિઘ્ન કરી શકે નહિ એવી સ્વતંત્રતાથી શોભાયમાન એની પર્યાય છે. આહા..હા..! બીજા એમ કહે છે ... આ કહે છે. આમાં ન્યાય આમાં.. આ વસ્તુ આવી છે તેમ સિદ્ધ કરાય છે. વસ્તુ છે પોતે. પરમાર્થ પદાર્થ છે. જેમ આકાશને રજકણ આદિ જગતની ચીજ-વસ્તુ છે એમ આ વસ્તુ છે અને વસ્તુ છે તો એમાં રચેલા અનંતાગુણો છે અને અનંતાગુણો એની પર્યાય પરિણમવામાં કોઈની દખલ નથી. અને પરતંત્રતાને કોઈ પરતંત્ર કરે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? ઈ અહીં કહે છે.

**'જીવ નાનારૂપ છે...'** આ બધા નયોના બોલ આવતા આ આવ્યો છે. એકવાર આવ્યું હતું કે વસ્તુ એક છે એક નયે, બીજી નયે અનેક છે. ઈ એકરૂપ એટલે બધું દ્રવ્ય-ગુણ-પર્યાયનું રૂપ એક છે ઈ અપેક્ષાએ એક છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદરૂપે છે એથી તે અનેક છે. ઈ અનેક છે એ પણ એનો સ્વભાવ તો છે. સમજાણું કાંઈ? આ તો એક-અનેક છે એનો એ ગુણ પણ છે. કાલે કહ્યું હતુંને? ૪૭ શક્તિમાં. એકરૂપે ગુણ છે અને અનેકરૂપ પણ એનો ત્રિકાળી ગુણ છે. એમ અહીંયાં નાનારૂપ. અનંતગુણની અનેકતાની વિવિધતા, વિવિધ ધર્મ, અનંત ધર્મત્વ આદિ અનેક ધર્મ નાનારૂપ છે. સમજાણું કાંઈ? નાનારૂપ, અનેકરૂપ, વિવિધ પ્રકારના ધર્મ છે એમાં. અથવા એ ધર્મ એમાં છે એવો એક રાગના પક્ષમાં રોકાવું એ નયપક્ષ છે તે હેય છે.

મુમુક્ષુ :- નાના એટલે ...

ઉત્તર :- નાના એટલે અનેકરૂપ કીધું નહિ? અનેક પ્રકાર એમ. રૂપ શબ્દ છેને? અનેક

પ્રકાર. અનંત ધર્મોમાં પણ એક-એક ધર્મ અનેક પ્રકાર. કોઈ વિરૂદ્ધ ધર્મ, કોઈ સત્ય ધર્મ, કોઈ અસત્ય. એક, અનેક, ભાવ, અભાવ, ભાવ-અભાવ, અભાવ-ભાવ, ભાવ-ભાવ એવા જુઓને કેટલા પ્રકાર? વિવિધ પ્રકાર થયાને? આહા..હા..! એવો આ વસ્તુ જેવી રીતે છે એમાં પ્રશ્ન શું હોય? કહે છે કે હોય, પણ એનો પક્ષ કરવો એમાં. રાગના પક્ષે રોકાઈ નાનારૂપ છે... નાનારૂપ છે... નાનારૂપ છે... અનેકરૂપ છે... એ વિકલ્પ તો નયપક્ષ છે. એને છોડવો જોઈએ. અંદરમાં જવા માટે બંધ મોક્ષની દૃષ્ટિ છૂટી અંતરમાં જવાય. કહો, સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં બીજું શું કરે? જૈનધર્મ કોઈ પક્ષ કે વાડો કે .. વાત નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ? વીતરાગસ્વરૂપે જ ભગવાન આત્મા છે. જિનસોહીએ આત્મા. કહો, અન્ય સોહી હૈ કર્મ. રાગાદિ બધું એ તો અન્યમત છે. એ તો કર્મ છે. એ વસ્તુસ્વરૂપ નહિ. આ વિકલ્પ પણ એક અન્ય કર્મ છે, રાગ છે. એ ખરેખર વિકલ્પ પણ પુદ્‌ગલના પરિણામ છે લ્યો! આહા..હા..!

નાનારૂપતા. એ વસ્તુ છે મહાન પ્રભુ. એના ગુણોની વિવિધતા છે. એકરૂપ એની જાતના નથી. વિરૂદ્ધ ધર્મ છે, અવિરૂદ્ધ ધર્મ છે. સાધારણ છે, અસાધારણ છે. સાધારણ એટલે? આમાં પણ હોય અને બીજામાં પણ હોય એવો પણ એક ગુણધર્મ છે અને આમાં જ હોય અને બીજામાં ન હોય એવો પણ એક ધર્મ બેનો ધર્મ મીશ્ર કરીને એક લીધો. સાધારણ-અસાધારણ. સાધારણ-અસાધારણ એ ત્રણ થઈને એક ધર્મ. સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ આવી છે. એને હાથ ન આવે એને વિપરીત રીતે ભાસે એમાં શું કરવું? આહા..હા..! ..ભાઈ! એમ કહે છે લોકો. સાંભળ્યું ત્યારે તો બધા અર્થ શાસ્ત્ર આદિના ભાવ ફેરવી નાખ્યા. ... અને નવો ધર્મ કાઢ્યો. આ .. ભગવાન! મધ્યસ્થથી તું સાંભળને નાથ! ભાઈ! તને ખબર પડશે કે માર્ગ તો આ છે હોં.

મુમુક્ષુ :- એને ક્યાં સમજવું છે?

ઉત્તર :- ... શી રીતે હા પાડે? ... આ પણ હા પાડે છે. બધા એમ કહે છેને બધા. નહિ. સમજ્યા વિના હા પાડતા નહિ તમે. આહા..હા..! ખ્યાલમાં એને વાત તો જે રીતે છે એમ તો આવવું જોઈએને એને? આહા..હા..! વસ્તુ છે આ પરમાત્મસ્વરૂપ. આત્મા એટલે પરમાત્મા બસ. 'अप्पा सो परम अप्पा' અને એ આત્મા અબદ્ધસ્વરૂપ અને મોક્ષસ્વરૂપ. અબદ્ધસ્વરૂપ નાસ્તિથી છે. અસ્તિથી મોક્ષસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ છેને? એ મોક્ષસ્વરૂપ ઓલામાં નથી આવતું? ૩૨૦ ગાથામાં. આ શક્તિરૂપ મોક્ષની વાત નથી ચાલતી, પ્રગટરૂપ મોક્ષની વાત ચાલે છે. શક્તિરૂપ મોક્ષ તો અનાદિનો છે. એ તો વસ્તુ જ એમ છે. મુક્ત જ છે. રાગ અને સંબંધમાં છે જ ક્યાં? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વાત એવી છે પણ હવે શું થાય? ન બેસે એને તો એવું લાગે. ભાઈ! આ તો સત્ય બહાર આવ્યું.

શું થાય? .. નહિ થાય. બહારના પક્ષથી ... મળે માટે એના પક્ષથી વાત કરીએ એ કોઈ વસ્તુ છે? અને સત્યને માટે આખું જગત રોકાઈ, પણ આત્મા રોકાઈ જાય? આખું જગત જાઓ. જગત .. ન જાણવામાં આવે, જગત ન માને. (એની સાથે શું છે?) આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણસ્વરૂપ પ્રભુ પોતે .. મોક્ષ સ્વરૂપ પોતે પરમાત્મા. એને નાનારૂપતાના વિકલ્પમાં રોકાણો ઈ પણ એનું સ્વરૂપ નથી. એ તો આવે છે એની મેળાએ સહેજે વિકલ્પ ઉઠે છે. કેમકે આત્માના સ્વભાવમાં ઠરવાપણું વિકલ્પનું નથી. વિકલ્પ .. વિના એમ. સ્વભાવની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ વિકલ્પને પણ રહિત થઈને પછી જે વિકલ્પ આવે એને જાણ. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે શું થાય? એ કોઈના ઘરની ચીજ છે? એ ઘરની એટલે એના ઘરની ઈ ચીજ છે આવી.

એક પક્ષ નાનારૂપ છે, અનેકરૂપ ધર્મ છે આત્મામાં. એ બરાબર છે. નયને અનુસારે એવું છે એવો પહેલો એણે વિકલ્પથી નિર્ણય કરવો જોઈશે. સમજાણું કાંઈ? અનેકરૂપ છે. એક નયનો પક્ષ અનેકરૂપ નથી. કારણ કે વસ્તુસ્વરૂપ જે અભેદ છે એકરૂપ એમાં ગુણભેદ ક્યાં છે? સ્વભાવ એકરૂપભાવ દ્રવ્યભાવ છે. એમાં અનેકરૂપતા અંદર ગૌણ થઈ ગઈ. અનેકરૂપતા નથી રહી એટલે નાનારૂપતા નથી રહી એમ. આહા..હા..! એ બે નયના બે પક્ષપાત છે.

ધર્મી 'तत्त्ववेदी...' એ ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા પણ એનો જાણનાર એ તો ચિદ્રૂપ તે ચિદ્રૂપ પ્રકાર. ચૈતન્યસૂર્ય તે ચૈતન્યસૂર્ય જ છે. એમાં કાંઈ વિકલ્પનો અવકાશ નથી. આવી વાત છે. મોંઘી વાત, અપૂર્વ વાત, નહિ કરેલી વાત, અણઅભ્યાસે એને આકરી લાગે એવી વાત. એને વસ્તુ તો આ છે અને એ કર્યે છૂટકો છે જગતને સુખ જોઈતું હોય તો. નહિતર તો દુઃખી તો છે. દુઃખી બિચારા બળે છે હોં. ખબર નથી. કષાયની અગ્નિથી ભઠ્ઠી સળગે છે. શાંત સ્વરૂપ ભગવાન આત્મા એમાં રાગનો વિકલ્પ તે અશાંતસ્વરૂપ છે એ તો. .. છે અંદર. જેમ બહુ સૂક્ષ્મ અગ્નિ હોયને લોઢામાં. અગ્નિનો ગોળો એ સાઠીકડું મૂકે તો નહિ બળે ત્યાં. પણ અંદર અગ્નિ છે એને જો પ્રસિદ્ધ કરવો હોય તો ... ઝીણો અગ્નિનો કણ કરીને મૂકો તો ફટ દઈને સળગે. સમજાય છે કાંઈ? એમ આ નયનો વિકલ્પ ઝીણો-ઝીણો. આહા..હા..! વિષય, ભોગ, વાસના, આ વ્રત કરવા, આ કરવું એ બધી સ્થૂળ વાત છે. સમજાય છે કાંઈ? અને આ તો સૂક્ષ્મ વાત છે. એના નજીકના આવા વિચારનો ધારા ઉઠે એ સણસણાટ થાય છે. લોઢાનો ગોળો હોયને તો .. ઉનું નહિ લાગે ઝટ બહાર. .. મૂકો તો .. ઝીણો.. અને આમ મૂકો તો .. થઈ જશે. છે અનંત દ્રવ્ય. સમજાણું કાંઈ? સૂક્ષ્મપણે મનના સંબંધમાં રહીને આવા વિકલ્પો છે એ શાંતિને બાળે છે. એ અશાંતિ સ્વરૂપ છે એનું. આહા..હા..! ભારે માર્ગ આવો છે. એને આ રીતે પકડ્યા વિના જન્મ-મરણનો ઉદ્ધાર નહિ થાય, ભાઈ! આ જન્મ-મરણ માથે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને હજી જન્મ-મરણનો અંત ક્યારે

આવશે એવા મિથ્યાત્વની ખબર નથી. આ જન્મ-મરણ મિથ્યાત્વ એ વિકલ્પ, નાનારૂપ છું એવો જે વિકલ્પ એનો કર્તૃત્વ તે મિથ્યાત્વ છે. આહા..હા..! કર્તા-કર્મ છેને આ? સ્વભાવ કર્તાકર્મનો છે જ નહિ. એ રાગના કર્તાપણાનો છે. સમજાણું કાંઈ? એક નયે આવો છું અને તેવો છું એવા રાગને છોડવું કે ટાળવું એવું તો એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. પરના ગ્રહણ-ત્યાગથી રહિત જ છે એ. સમજાણું કાંઈ?

કહે છે એ નાનારૂપતા અને અનેકરૂપતા કે એકરૂપતા કે નાનારૂપતા નહિ એવો એક વિકલ્પ છે રાગનો સૂક્ષ્મ. કર્તાકર્મ ક્યાં સુધી લઈ ગયા છે જુઓ. તે '**ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**'

## શ્લોક-૮૬

(उपजाति)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८६।।

શ્લોકાર્થઃ- [चेत्यः] જીવ ચૈત્ય(-ચેતાવાયોગ્ય) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ ચેત્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે.૮૬.

## કળશ-૮૯ ઉપર પ્રવચન

૮૬. **'જીવ ચેત્ય (-ચેતાવાયોગ્ય) છે...'** ચેતાવાયોગ્ય. જ્ઞાન-દર્શન ભેગા કરીને જીવ ચેતાવાયોગ્ય છે. એ વાત સાચી. જણાવાયોગ્ય જ છે એ. પણ જણાવાયોગ્ય છે એવો જે વિકલ્પ કરવો. આહા..હા..! સમજાણું કાંઈ? આ કોનું કથન છે? આચાર્યોનું છે કે કોનું છે આ? એનો શું અર્થ કરવો અત્યારે? કે ચેતાવાયોગ્ય છે એવો જે વિકલ્પ એનાથી લાભ થાય એમ .. કરવો છે? વસ્તુ પોતે તો એવી છે નહિ. હું ચેતાવાયોગ્ય છું એવો જે વિકલ્પ છે એવો એનો સ્વભાવ નથી ચેતાવાયોગ્યનો. ચેતાવાયોગ્ય વિકલ્પનો કર્તા થાય એવું એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

હું **'(-ચેતાવાયોગ્ય છે) એવો એક નયનો પક્ષ છે...'** બીજો કહે ચેતાવાયોગ્ય નથી. આત્માને જણાય શું? એ તો મહા અરૂપી છે. અરૂપી જણાતો હશે? .. આ નથી જણાતો, આ નથી જણાતો એ કોણે જાણ્યું? આહા..હા..! **'જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** આ ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જીવ વિષે **'બે નયોના બે પક્ષપાત છે.'** હવે આમાં શું કરવું કહો? હવે આમાં નિમિત્તથી થાય, વ્યવહારથી થાય એ વાંધા ઉઠ્યા છે. આહા..હા..! અહીં તો આ વિકલ્પ છે એ વ્યવહાર છે. એને છોડે તો થાય એમ કહ્યું છે. પણ વ્યવહાર તે નિમિત્ત છે લ્યો. વ્યવહાર કહો, નિમિત્ત કહો. તો નિમિત્તથી થાય છે ત્યાં? એને છોડે ત્યારે થાય છે. આહા..હા..! એવી વાત છે પણ હવે. ભગવાન .. છે. એને .. પડે તો .. શું જાય છે. એને એમ જ લે.. જગતમાં પણ જીવને. આહા..હા..! એક શ્વાસમાં અઢાર ભવ. .. હીણી દશામાં ભવ. એ હીણી દશાના ભવની આકુળતા કેટલી? સંયોગનું નરકનું દુઃખ સંયોગી દેખાય છે, પણ આને શું અંદરમાં વિપરીત પરિણમનનું દુઃખ છે એને. સમજાણું કાંઈ? જેમ આનંદસ્વરૂપ ભગવાન. એની ઉલટી દશા, આનંદથી ઉલટી દશાનું પરિણમન એ દુઃખદશા છે. નિગોદમાં એ અનંતુ દુઃખ આ છે. સમજાણું કાંઈ? ખરેખર એવું દુઃખ તો સાતમી નરકે પણ નથી વેદાણું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે. આહા..હા..! આવો ભગવાન આનંદમૂર્તિ. એને કહે છે કે વિકલ્પમાં ગોઠવવો, દુઃખમાં ગોઠવ્યો છે એને. એથી એ વિકલ્પનો ત્યાગ કરે તો એને અંતર દૃષ્ટિમાં આનંદ થાય. સમજાણું કાંઈ? એ ચેતાવા યોગ્ય છે. ... વિકલ્પમાં શાસ્ત્રના નિમિત્તથી થયેલા જ્ઞાનમાં એને એમ થાય કે હું જણાવાયોગ્ય છું, હું જણાવાયોગ્ય છું. જણાવાયોગ્ય નથી. એ બેય પક્ષના વિકલ્પ છોડવા જેવા છે. જણાવાયોગ્ય નથી એ તો જાણે ખોટી વાત છે. પણ જણાવાયોગ્ય છે એ વાત સાચી છે. પણ એનો વિકલ્પ છે એ સાચો નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? .. જણવાયોગ્ય છે.

**‘ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.’** એ તો અંતરમાં જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમે એવી એ ચીજ છે. રાગરૂપે થાય અને રાગ કરતા પુણ્યના કાર્ય થાય એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં કહ્યુંને પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એનું સ્વરૂપ જ આવું છે. પોતાના સ્વભાવભાવથી જણાય. વિકલ્પ અને નિમિત્તથી નહિ. આહા..હા..! અને પ્રત્યક્ષ જ્ઞાતા છે. એની પર્યાય પ્રત્યક્ષ રાગના આલંબન વિનાની થાય ત્યારે ઈ જણાય એવો છે. સમજાણું કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ આવું છે. એનાથી ઉલટું કહે કે વ્યવહાર છે તો આ જણાય, રાગ હોય તો જણાય એ વસ્તુની સ્થિતિથી વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? આ વાત નહોતી અને બહાર આવી એટલે લોકો ખળભળાટ બધા. આહા..હા..! બે-ત્રણવાર નામ આપ્યું. આ પ્રવાહ રોક્યો રોકાય એવો નથી. આ કાંઈ ખાજાના છોડ નથી. ખાજાના છોડ નથી આ તો જડ છે. ... આહા..હા..! માર્ગ જ આ છે એમાં ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજી વાત નથી. તીર્થંકર પાસે જાઓ, ગણધર પાસે જાઓ તો આ જ છે વાત. સમજાણું કાંઈ? સત્ય હોય તે સત્ય જ હોયને. કહો, રાજમલજી! આહા..હા..!

## શ્લોક-૮૭

(उपजाति)

एकस्य दृश्यो न तथा परस्य<br>
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।<br>
यस्तत्त्ववेदी च्युतपक्षपात-<br>
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८७।।

શ્લોકાર્થ :- [दृश्य:] જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ દૃશ્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૭.

## કળશ-૮૭ ઉપર પ્રવચન

એક **‘જીવ દશ્ય (-દેખાવાયોગ્ય) છે...’** ઓલું સામાન્ય હતુંને જાણવાનું? હવે એના બે ભેદ પાડ્યા. **‘દશ્ય (-દેખાવાયોગ્ય) છે...’** દેખાવાયોગ્ય જ છે. દેખાવાયોગ્ય છે એવો જે વિકલ્પ છે એને લક્ષ્યમાં કરવો એ દુઃખદાયક છે. આહા..હા..! દેખાવાયોગ્ય છે એવી વૃત્તિ ઉઠે એ પણ દુઃખરૂપ. અને એ દુઃખના પરિણામનો સ્વભાવ કર્તા હોઈ શકે નહિ. છતાં કર્તા માને છે એ ભ્રમ છે. આહા..હા..! અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. પહેલી વાત આવી. ૧૪૩-૪૪માં થઈ. પહેલાં શ્રુતજ્ઞાન દ્વારા નક્કી કરવું જોઈએ વિકલ્પથી. .. પહેલો શું છે? અનેક મતો છે એમાં સર્વજ્ઞ જે કહે છે ઈ રીતે એનો નિર્ણય કરવો. પછી શાંતિ માટે એ વિકલ્પને છોડવો. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે એક નયનો પક્ષ દેખાવાયોગ્ય છે **‘એવો એક નયનો પક્ષ છે...’** બીજો કહે **‘જીવ દશ્ય નથી...’** .. દેખાય, ભગવાન અરૂપી. તો રૂપ અરૂપી દેખાય? રૂપી હોય તો દેખાય. વાત છે. આહા..હા..! અરૂપી પણ વસ્તુ છેને? વસ્તુ છેને? જ્ઞેય છેને? જ્ઞેય છે તો જ્ઞાનમાં આવ્યા વિના કેમ રહે ઈ? એનો પ્રમેયત્વધર્મ છે. એય..! એનામાં પ્રમેયત્વ નામનો ગુણ છે અનંતગુણ માહ્યલો એક ગુણ છે. તો દરેક ગુણમાં પ્રમેયત્વગુણ વ્યાપ્યો છે. એટલે આત્મદ્રવ્ય અને .. ગુણ પ્રમેય થઈ શકે એવી જ એ ચીજ છે. સમજાણું કાંઈ? **‘એવો બીજા નયનો પક્ષ છે કે’ ‘જીવ દશ્ય નથી..’ ‘આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.’** જ્ઞાની ધર્માત્મા જીવને તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાન. એમાં વિકલ્પવાળો છે એ જાણતો નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! હવે આવા નયના વિકલ્પ પણ જ્યાં મારા માને એનું કર્તૃત્વ-મિથ્યાત્વ, હવે એને ક્યાં કઈ .. સાધન માનવું છે? કોને સાધન માનવું છે એને? આ એનામાં સાધન નામનો તો અનાદિ ગુણ છે.

## શ્લોક-૮૮

(उपजाति)
एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८८।।

શ્લોકાર્થ :- [वेद्यः] જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે. [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ વેદ્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૮.

## કળશ-૮૮ ઉપર પ્રવચન

'જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે...' એમાંથી જણાવાયોગ્ય જ્ઞાનને જીવ જાણે. વેદાવાયોગ્ય છે એ પણ હોઈ શકે. વેદન થઈ શકે છે. જીવને આનંદનું વેદન થઈ શકે છે. અને જણવાયોગ્ય પણ છે. એવો એક વિકલ્પ છે એ આત્માને લાભદાયક નથી. નહિતર તો અહીંયાં આનંદમાં વિકલ્પ છે ત્યાં. આમ .. જોવાનો. આત્મા વેદાવાયોગ્ય છે, જણાવાયોગ્ય છે. આહા..હા..! આવો વિકલ્પ પણ જ્યાં નુકસાન કરે છે. સમજાય છે કાંઈ? એ આત્માની શાંતિને પામવામાં કારણ નથી. એનો અભાવ થાય તે શાંતિમાં કારણ છે. આહા..હા..! .. કર્તાકર્મમાં. ત્યાં રોકાણા હતાને. .. અધિકારમાં. ... એનો ભાઈ છેને એટલે. એનો ભાઈને? ... મીઠાભાઈ .... હિંમતનગરમાં. હિંમતનગર શું મહાવીરનગર.

એક કહે છે કે જણાવાયોગ્ય છે અને બીજો કહે છે કે જણાવાયોગ્ય નથી. એ કહે છે આત્મા આનંદપણે અરૂપી વેદાવા, અનુભવવાયોગ્ય છે, બીજો કહે અનુભવવા યોગ્ય નથી.

એ બેય વિકલ્પ છે. રાગનો પક્ષ છે. નયનો પક્ષ કહો કે નયકક્ષા કહો. તેની કક્ષામાં ઉભો છે વિકલ્પમાં. એને છોડીને વસ્તુ જે છે. જેમાં એકલી શાંતિ ભરી છે. એ તો વિકલ્પરહિત થાય તો શાંતિ મળે એવું છે. કહો, સમજાણું કાંઈ? પહેલો નિર્ણય તો કરે કે માર્ગ તો આ છે. વિકલ્પ દ્વારા આ વસ્તુની મર્યાદા આવી છે એવો નિર્ણય તો કરે. ખોટો નિર્ણય લેશે તો અંદર જવાનો તો અવકાશ જ નથી એને તો. અને સરખો નિર્ણય કરે તો એને પણ છોડીને અંદરમાં જવાય છે. અનુભૂતિ થાય તે સાચો નિર્ણય છે. આહા..હા..! ભારે કામ ભાઈ આ! રાગને અને ઝેરની સાથે.. પણ પહેલો આવ્યા વિના રહે નહિ એમ કહે છે. આવો... પણ એ કારણ થઈને અંદર સમ્યગ્દર્શન થાય. (એમ છે નહિ) હવે જુઓ, પહેલાની માંડી છે કે સમ્યગ્દર્શન.. ચારિત્ર એ પછી. આહા..હા..!

એવું સત્‌નું સ્વરૂપ પરમસત્યનું સ્વરૂપ આ એક આવ્યો હતોને અંદર નહિ? ૪૭ શક્તિમાં. રાતે કહ્યું હતું ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે શક્તિ છે, ગુણ છે. એવો ગુણનો ધરનાર ગુણી એની અભેદ દૃષ્ટિ કરતાં એ ઉત્પાદ-વ્યયનું પરિણમન થાય એવો તો એનો ગુણ છે. એને ઉત્પાદ-વ્યય કરું તો ઉત્પાદ-વ્યય થાય એમ નથી. આહા..હા..! ઉત્પાદ-વ્યયની પર્યાય કરું તો થાય અને ધ્રુવ રાખું તો રહે એવો એનામાં ગુણ જ નથી. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક શક્તિ છે. ગુણ ત્રિકાળ .. છે એ. વસ્તુમાં એક શક્તિ એવી છે કે જે ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણે રહે, થાય. આહા..હા..! એ ભગવાન આત્મા વિકલ્પ વિનાની દૃષ્ટિ જ્યાં થઈ અંદરની ધ્રુવ ઉપર ત્યારે એ અંદરમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવના ગુણની પણ પ્રતીત આવી એને. હવે એ પ્રતીતમાં ઉત્પાદ-વ્યય થાય એ તો થયા જ કરશે એમ કહે છે. ભાઈ! રાગને કરવું એ તો નથી, પણ ઉત્પાદ-વ્યયને કરું એમ પણ નથી. આહા..હા..! કારણ કે ગુણ જ એવો છે એનો અને ગુણનો ધરનાર ગુણીને દૃષ્ટિમાં લેતા એને ઉત્પાદ-વ્યયની પરિણતિના પરિણામ થયા જ કરશે. આહા..હા..! સમજાણું કાંઈ? .. ૧૭ અને ૧૮. .. પરિણામમાત્ર. ઉત્પાદ-વ્યય-ધ્રુવનું આલિંગન કરે છે. એવો એક ગુણ છે ૧૭મો. આહા..હા..!

હોવાપણે '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એવો સત્‌નો એક ગુણ છે એવો કહે છે. કે જે ગુણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવને સ્પર્શે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગુણ રાગને સ્પર્શે અને નિમિત્તને સ્પર્શે એમ નથી. ..ભાઈ! આ તો બહુ ઉંડું ઉતરવું પડશે.

મુમુક્ષુ :- મોટો પુરુષાર્થ માગે છે.

ઉત્તર :- મોટો પુરુષાર્થ માગે છે. આ બહારમાં જે પૈસાના ઢગલા દેખાય એ તો પુણ્યને લઈને.

મુમુક્ષુ :- એ તો દેખાય છેને છે ક્યાં?

ઉત્તર :- દેખાય કીધુંને? .. એની ક્યાં હતા કાંઈ? એના બાપ પાસે ક્યાં હતા? નિહાલભાઈ

પાસે પૈસા છે? એના બાપને પણ ખબર ન હોય. પૂનમભાઈને કેટલો પૈસો એના બાપને પણ ખબર ન હોય. એય..! આહા..હા..! પણ એ કરવું શું પણ એમાં? પૈસા કોના છે? આહા..હા..! પૈસા પૈસાના છે. પૈસા આત્માના છે? અહીં તો રાગ રાગનો છે. રાગ આત્માનો નથી. પૈસો તો ક્યાંય રહી ગયો. આહા..હા..! રાગ પુદ્ગલના પરિણામ, જીવના નહિ. આહા..હા..! તો પૈસા એ જીવના પરિણામ એ તો ક્યાંય રહી ગયું. કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા .. નથી? છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

કહે છે કે પૈસો તો એનો નહિ, પણ પૈસો મને મળ્યો એવો જે વિકલ્પ ઈ એનો નહિ. આહા..હા..! એ પુદ્ગલ પરિણામ જડ. આહા..હા..! એ જડનો સ્વામી થાય એ જડ છે. પૈસાનો સ્વામી થાય એ તો જડ. આ તો રાગનો સ્વામી થાય એ તો જડ. .. છે એમ કહે છે. આહા..હા..! એ ચૈતન્યને એણે ન રાખ્યો. સમજાણું કાંઈ? આ વિકલ્પમાં સૂક્ષ્મતા એટલી છે આમાં. આહા..હા..!

## શ્લોક-૮૯

(उपजाति)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८९।।

શ્લોકાર્થઃ- [भातः] જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ છે) [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ 'ભાત' નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે. [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.

ભાવાર્થઃ- બુદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોકતા અભોકતા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક

અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચૈત્ય અચેત્ય, દશ્ય અદશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો-ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વરૂપભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૮૯.

## કળશ-૮૯ ઉપર પ્રવચન

છેલ્લો બોલ. 'ભાત' પ્રત્યક્ષ થઈ શકે એવો આત્મા છે. એમ જ પ્રકાશ એનો ગુણ છે. રાગ અને મનના સંબંધ વિના એકલું મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ શકે એવું એનું સ્વરૂપ છે. એવી જ એની શક્તિ છે. પ્રમેયત્વને લઈને કહો, પ્રકાશગુણને લઈને કહો. પ્રકાશમાં સ્વસંવેદન પ્રત્યક્ષ રાગ છે. પ્રમેયમાં એનો ગુણ છે તો જ્ઞાનની પર્યાય પ્રમાણ થઈ ગયેલી એને પ્રમેય કરે છે. એવો એનો સ્વભાવ છે ખરો, પણ એનો વિકલ્પ કરવો કે આ આવો છે, આ આવો છે, આ આવો છે. રાજા થઈને બેસે પછી એમ થાતું હશે કે હું રાજા થવાનો છું... રાજા થવાનો છું... હું રાજા છું એ ... દામનગરમાં નહિ? ગુજરી ગયા ત્યારે .. ત્યાં સુધી ... અમદાવાદમાં. ..બાપુજી બોલાવે છે. હવે બાપુજીની છેલ્લી સ્થિત છે. ... બેઠા. થઈ રહ્યું પછી. ... ... અમદાવાદ.. એમ કરીને .. એના જાણનારા પ્રત્યક્ષ .. એ તો વિકલ્પ છે. પ્રત્યક્ષ થઈને વેદાય છે ત્યાં સુધી વિકલ્પની વાત છે. આહા..હા..! ભારે રાગ ભાઈ!

એ સમ્યગ્દર્શનમાં મતિ અને શ્રુતજ્ઞાન નિર્મળ થતાં આત્મા પ્રત્યક્ષ જણાય છે. એવું એનું સ્વરૂપ છે. પરોક્ષ રહી શકે એવો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! ભારે આકરું ભાઈ! છઠ્ઠે ગુણસ્થાને ... ઓલા રાજમલજી છેને .. નહોતા આવતા અહીં? ... ... ... એક આર્જિકા છે તે એની... અહીં જરી ... કહ્યું એને.. શું કહેવાય? ... અરે..! ભગવાન! બાપા! મારગડા જુદા, ભાઈ! લોકોને એમ લાગે કે વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી ત્યારે અનેકાંત કહેવાય. આ અનેકાંત મીઠું લાગે જગતને. સમજાણું કાંઈ? અહીંયાં તો નિશ્ચયથી થાય, વ્યવહારથી આત્મા ન થાય. નિમિત્તથી ન થાય આત્મા પોતાના ઉપાદાનથી પર્યાય (થાય) દરેક દ્રવ્યની. દરેક દ્રવ્યનો સ્વકાળે તે પર્યાય પોતાથી થાય તેને નિમિત્તની અપેક્ષા નિશ્ચયમાં નથી. વ્યવહાર કરવા જાય તો એને નિમિત્ત(નું) જ્ઞાન

કરવા માટે છે. આહા..હા..! ટંકોત્કીર્ણ વાત છે. આહા..હા..! પણ સત્ છે એને બીજું .. શું? એવું સત્‌નું સ્વરૂપ છે. જરી વિચારે, મનન કરે તો એને એવી રીતે જ બેસે. બીજી રીતે બેસે જ નહિ. આ કાંઈ કોઈનું કલ્પેલું છે? વસ્તુ જ એવી છે. ભગવાને જેવી છે એવી જોઈ, જોઈ એવી કહી. આહા..હા..! એવી છે. જોઈ એવી કહી અને જોઈ એવી જાણી અને એવી વસ્તુ છે. આમાં ક્યાં ભગવાને એવી વસ્તુ બનાવી છે? છે એને બનાવી (નથી). આવી આ ચીજ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પ્રકાશ નામનો આત્મામાં એક ગુણ છે કે જે ગુણનું કાર્ય પર્યાયમાં પ્રત્યક્ષ થવું તે છે. સ્વસંવેદન. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે ખરું, પણ એ પ્રત્યક્ષ થવાને લાયક છે એવો એક વિકલ્પ છે એમાં રોકાયેલો એ દુઃખરૂપ છે. અને પ્રત્યક્ષ થાય ત્યાં તો આનંદ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો આનંદ થાય. વસ્તુ આનંદમૂર્તિ પ્રભુ. એ આનંદનું પ્રત્યક્ષ થવું થાય તો તો આનંદ વેદાય, પણ જ્ઞાન પોતાને વેદે. આહા..હા..! એવું જ એનું સ્વરૂપ છે. જો આ પ્રમાણે વસ્તુની ખબર ન હોય અને બીજી રીતે કલ્પી બેસે એને... વસ્તુ એકાંત છે એમ કહે. વસ્તુ જ અનેકાંત છે. દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં રાગ નથી. રાગમાં કર્મ નથી, કર્મમાં રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રત્યક્ષ થાય તેમાં રાગ કેવો? અને રાગમાં પ્રત્યક્ષ થવું કેવું? ...ભાઈ! આવો માર્ગ છે ભાઈ બહુ. આહા..હા..! ભગવાન! સુવર્ણમાંથી તો સુવર્ણના જ દાગીના થાય. લોઢાના થાય એમાંથી? એમ પ્રત્યક્ષ સ્વરૂપ ભગવાન છે એમાંથી પ્રત્યક્ષપણું જ પર્યાયમાં આવે. આહા..હા..! ગજબ વાત છે. વસ્તુને સિદ્ધ કરવાની બહુ ટૂંકા શબ્દોમાં. મોટી.. બાર અંગને જાણે તો જ સમજાય એવી ચીજ છે? બાર અંગનો સાર તો આ છે. બાર અંગમાં કહ્યું છે તો આ. આહા..હા..!

અનુભૂતિથી તું આત્માને જાણ. એ બાર અંગમાં કહ્યું છે. આ કહ્યું છે ઈ આ વાત કરે છે. સમજાણું કાંઈ? ... આહા..હા..! જીવ ભાત છે. વર્તમાન પ્રત્યક્ષ છે. પછી પ્રત્યક્ષ થશે એમ નહિ. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રત્યક્ષ થશે એમ નહિ એમ કહે છે. એ જ્ઞાન સ્વને માટે પ્રત્યક્ષ છે, પરને માટે પરોક્ષ છે. સમજાણું કાંઈ? અને કેવળીને સ્વ અને પર બેય પ્રત્યક્ષ છે. કેમકે આત્માનો ભગવાન સ્વભાવ પ્રત્યક્ષ થવું એવું તો એની શક્તિનો ગુણ છે. તો ગુણનું કાર્ય શું? આહા..હા..! એ પ્રત્યક્ષપણે પરિણમે, એવું જણાય એનું નામ આત્મા છે. આહા..હા..! એ પડદા પાછળ રહે એવો એનો સ્વભાવ નથી એમ કહે છે. એણે માની રાખ્યું માટે પાછળ રહી ગયો છે. એનું સ્વરૂપ છે એનાથી વિરૂદ્ધ માન્યું છે માટે પડદા પાછળ રહ્યો એ ભગવાન. એના પડદાની પાછળ રહેવું એનું એ સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો વસ્તુનો સ્વભાવ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! પણ એને સંપ્રદાયમાં મળ્યો નહિ. ...ભાઈ! આહા..હા..! આ તો વસ્તુસ્થિતિ છે આમ.

પ્રકાશ નામનો ગુણ છે જે સ્વસંવેદનથી થાય વસ્તુ. રાગથી ન જણાય. વ્યવહારથી ન જણાય, નિમિત્તથી ન જણાય. આહા..હા..! એવો તો એનો ગુણ છે. હવે ગુણનું કાર્ય જે થાય એ પ્રત્યક્ષરૂપે થાય. હવે એને વ્યવહાર કારણ છે અને નિશ્ચય પ્રત્યક્ષ કાર્ય છે. (એમ નથી) ભાઈ! શું કરવું આમાં? આહા..હા..! શાંતિથી જોવે બાપુ! આવા અવસર મળે ક્યાંથી? આહા..હા..! અરે..! ક્યાંથી નીકળ્યો? નિગોદમાંથી નીકળ્યો. અરે..! કીડી-કાગડે અવતાર. કીડે અને કાગડે અને કંથવે ભવ ભમતા માંડ મનુષ્યપણું મળ્યું. એમાં બહારમાં આવ્યો ત્યાં ... અમારે તો. ઝઘડા આ ને આ.. અરે..! પ્રભુ! આ તો ભવ ભવના અભાવને માટે મળ્યો એને તું આ શું કરે છો? આ તો ભવ વધારવાને માટે કહે છે તું. સમજાણું કાંઈ?

કહે છે કે એ પ્રત્યક્ષ વર્તમાન. વર્તમાન પ્રત્યક્ષ હોં. એવો એક નયનો પક્ષ છે. પણ પક્ષ છે માટે છોડે તો એ પ્રત્યક્ષ થઈ શકે એવો નહોતો અને એણે માન્યું હતું એમ છે? આહા..હા..! કહો, રસીકભાઈ! કહો, આવું છે સ્વરૂપ. પણ પહેલો વિકલ્પવાળા નિર્ણય કરી શકે કે નહિ? શેની માંડી છે આ? એ પ્રત્યક્ષ થઈ શકે એવી એ ચીજ છે. એ ચીજને જાણી હોય તો એ પ્રત્યક્ષ થવા લાયક છે એમ જાણી કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો પોકાર તો આચાર્ય કરે છે. આ સોનગઢના શબ્દો છે? આ સમયસાર સોનગઢનું છે?

મુમુક્ષુ - છાપ્યું તો લાગે છે.

ઉત્તર :- છપાણું છે ઈ વાત સાચી. અને આ હિન્દીનું ગુજરાતી ભાઈએ કર્યું છે. હિંમતલાલ જેઠાલાલ

મુમુક્ષુ :- સોનગઢનું નહિ તો ક્યાંનું? ...ગઢનું છે?

ઉત્તર :- ચેતનગઢનું છે. સમજાણું કાંઈ? ..ભાઈ! ભારે વાત ભાઈ! છ છોકરાઓ, પૈસા.. બેઠા હોય. ... અહીં તો જે વિકલ્પમાં બેઠો હોય તો સારું લાગે એવું નથી. એ છોકરો છેને .. એક શશીભાઈનો નહિ? કાલા-કાલા... છોકરા છે? નાનો છેને એક? આનંદ. વિદેહ માંથી આવ્યો લાગે છે. બહારમાં ... એના તરણા કાઢેલા હોયને. સુકાય એટલે... આ ... પાન. ... ... કીધું આને ... ... પડખે બેસે. જુઓ, હું ધ્યાનમાં છું. એ છોકરો છે નાનો. આનંદ. સ્વરૂપાનંદ. મોટો ચેતન, વચલો સ્વરૂપ અને નાનો આનંદ. ત્રણ નામ છે. ... લાંબી .. આમ કરવા મોકલ્યો.. બરાબર એમ કહે હોં. આહા..હા..! પણ આ સંસાર લાગી ગયો અંદરથી. થઈ રહ્યું નિહાલ થઈ ગયો. આત્મા સિદ્ધ સમાન પ્રત્યક્ષ થઈ શકે એવો આત્મા છે. સમજાય છે? એનું .. એના આહા..હા..! એવો ભગવાન આત્મા એનું અસ્તિત્વ, અસ્તિત્વ હોવાપણું જ આવી જાતનું છે એમ કહે છે. તેનું હોવાપણું ભગવાન આત્માનું એવું હોવાપણું છે કે પ્રત્યક્ષ થઈ શકે એવી રીતે એનું હોવાપણું છે. આહા..હા..! એ હોવાપણું છે. એને

બીજી રીતે હોવાપણું માનો તો વસ્તુ વિરૂદ્ધ થઈ જશે. ... ભાઈ! .. નાનો છે. ભત્રીજો. નાના ભાઈનો દીકરો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આત્મામાં નાના-મોટા શું? આ નાનો શું? આ નાના છે. આહા..હા..!

કહે છે આત્મા પ્રત્યક્ષ થવાને લાયક જ વર્તમાન પ્રત્યક્ષ થવાનો એનો સ્વભાવ છે. એને વિકલ્પમાં એમ રાખે કે આ પ્રત્યક્ષ થવાને લાયક છે એ વિકલ્પ એને કામનો નથી એ નયનો પક્ષ છે. બીજા નયનો પક્ષ છે તે જાત નથી. પ્રત્યક્ષ આત્મા ન થાય. આત્મા પ્રત્યક્ષ છે? એવો ઉપયોગ .. છદ્મસ્થને? એ .. જ હોયને. ... અત્યારે. એકલો રસ છે. આહા..હા..! કહે છે કે બીજો કોઈ પ્રત્યક્ષ થઈ શકે ઈ વાત એની ખોટી છે. પણ છતાં વ્યવહારનો નિષેધ કરતા તો આવ્યા છીએ કહે છે, પણ અહીં તો પ્રત્યક્ષ છું એ વિકલ્પ છે એનો નિષેધ કરવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રત્યક્ષ ન થઈ શકે, પ્રત્યક્ષ ન થઈ શકે એવો જે વ્યવહાર એનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ. આહા..હા..! એમ પ્રત્યક્ષ થઈ શકે એવો જે વિકલ્પ છે એનો પણ અહીંયાં નિષેધ કરવામાં આવે છે. એની સત્તા જ એવી છે. એવી સત્તા પ્રત્યક્ષ થઈ શકે એવો જ એનો સત્તાનો સ્વભાવ છે. એના સત્‌ના ગુણનો એનો સ્વભાવ છે. આહા..હા..! .. વસ્તુમાં જ નથી, ભાઈ! તને ખબર નથી. આ મેં છોડ્યું અને આ મૂક્યું, આમ લીધું. એ વસ્તુમાં જ નથી. જ્ઞાનાનંદ સ્વભાવ ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ. આહા..હા..! ભારે! ગજબ.

બે નયના પક્ષો છોડીને ધર્મી તો ચિત્‌સ્વરૂપ તે ચિત્સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપે ભગવાન પ્રત્યક્ષ છે તે છે. એને એવા વિકલ્પનો એમાં અવકાશ નથી. બધા આવી ગયાને? '**બદ્ધ, અબદ્ધ, મૂઢ, અમૂઢ,** રાગી અરાગી, **દ્વેષી, અદ્વેષી, કર્તા, અકર્તા, ભોક્તા, અભોક્તા,** જીવ **અજીવ,...**' આ ભોક્તા નામનો ગુણ છે ... આ કહ્યું હતું. ભલે ૪૭ શક્તિમાં એ નથી, પણ ૯૫માં આમાં. ... છે એ નથી... સમકિત ને ચારિત્ર ક્યાં છે? ૪૭માં. પણ એ સુખમાં આવી જાય છે. સુખ છે એ સમકિતને સુખસ્વરૂપ અને ચારિત્ર.. આનંદસ્વરૂપ છે. આ '**કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ,...**' પરની અપેક્ષા અજીવ છે, સ્વની અપેક્ષાએ જીવ છે. .. અજીવ .. જીવ નહિ. '**સૂક્ષ્મ સ્થૂલ,...**' ... '**કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત,...**' બધાના ખુલાસા આવી ગયા છે. '**નિત્ય અનિત્ય,** વાચ્ય **અવાચ્ય, નાના અનાના,...**' અનેકરૂપ નહિ એમ કહેતા .. અસ્તિ. '**ચેત્ય, અચેત્ય, દશ્ય અદશ્ય,** વેદ **અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ...**' હવે કાંઈ બાકી જેટલા હોય એને .. લઈ લેવા. આહા..હા..! અનંત '**નયોના પક્ષપાત છે.**' હવે એની વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૧૩, સોમવાર, તા. ૧૮-૧૨-૧૯૭૨**
**કળશ-૮૯-૯૦, પ્રવચન-૨૫૬**

સમયસાર. કર્તા-કર્મ અધિકાર. .. ભાવાર્થ. ઝીણું છે થોડું. .. લોકોને આ વ્યવહારના ..માં... એમ કે વ્યવહારને હેય માને છે. .. હેય છે. નિમિત્તને અકિંચિત્કર માને છે. એ તો વ્યવહારથી આરોપ કરીને કર્તા છે એ તો વ્યવહારનો આરોપ. પદ્ધતિ એવી ક્યાં છે? આમાં આવ્યુંને... છેને? કારણ કાર્ય એમાં એક ન્યાય આવી ગયો છે કે આ આત્મા .. હેતુ છે. એ તો ... ... એમ કહે છે. પણ હેતુ નથી. એવો જે વિકલ્પ છે એ પણ ... કાર્ય અકાર્યમાં એમ છે. કર્તા-અકર્તાનો ભાવ.. સૂક્ષ્મ ... કાર્ય છે એ રાગનું નિમિત્તનું આ કાર્ય છે. એમ તો નથી. એ તો નિષધ કરતા આવ્યા છે. પણ નિમિત્તનું આ કાર્ય નથી એવો જે વિકલ્પ છે એ પણ છોડવા જેવો છે. આત્મા આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો જેને અનુભવ કરવો હોય, ચૈતન્યની પ્રાપ્તિ કરવી હોય. આહા..હા..! તો એને માટે તો પરથી કાર્ય થાય અને પરથી કાર્ય ન થાય એવો બંનેનો વિકલ્પ ઉઠે એ રાગ છે. તો જ્ઞાનસ્વરૂપી ભગવાન કોઈના કારણે થાય એવો નથી અને કોઈનું કાર્ય કરે એવો પણ એ નથી. .. ઈત્યાદિ શબ્દ નાખી... અહીં સુધી આવી ગયુંને ભાવ-અભાવ?

હવે આત્માને એમ કહેવું કે આત્માને નિમિત્તથી કાંઈ થાય છે. એ પણ વ્યવહાર છે. એનો પણ નિષેધ કરતા આવ્યા છીએ. વાત તો એમાં ઈત્યાદિમાં ઘણા બોલ આવ્યા છે. અને નિમિત્તથી નથી થતું એવો પણ એક નિશ્ચયનો વિકલ્પ છે. આહા..હા..! એ વિકલ્પ છે એ રાગ છે. એ જ અંતરના આનંદની દૃષ્ટિમાં વિઘ્નરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માની પ્રાપ્તિ કહો કે આનંદની અનુભૂતિ કહો, જેમાં આત્મા પ્રાપ્ત થાય. એવી દશા તો અનુભૂતિની છે. એ અનુભૂતિ આત્માની આ છે એવું અનુસરીને થવું એ અનુભૂતિમાં નિમિત્તથી થાય કે ન થાય એ બેય વિકલ્પનો નિષેધ છે. વ્યવહારથી થાય એવો એ તો નિષેધ કરતા આવ્યા છીએ કહે. પણ વ્યવહારથી ન થાય એવો પણ એક વિકલ્પ છે, રાગ છે એ આત્મા વસ્તુ છે એની પ્રાપ્તિમાં આ રાગ બિલકુલ સહાય નથી એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત બહુ. કરી નથી કોઈ દિ' એણે. હું કોણ છું અને કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી. દુનિયાના ડહાપણે બધા ડોયા. હેરાન થવાના ચાર ગતિમાં. હેરાન ગતિનું મૂકવું કેમ થાય? કહે છે કે એ બધા વિકલ્પો છે. આહા..હા..! આ તો હજી અટક્યા છે. વ્યવહારથી થાય.

વ્યવહાર તે રાગ છેને. એનાથી આત્માની જે વીતરાગદશા આવી. આત્મા તો વીતરાગસ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપને આશ્રયે વીતરાગતા થાય. રાગને આશ્રયે વીતરાગતા થાય? વાત તો એવી સીધી છે પણ એવું કરી નાખ્યું છેને માણસે. મોટા-મોટા પંડિતો ભાષણ આપીને આ ખોટું છે, એકાંત છે, આચાર્યો જૂઠું બોલે છે. કહો, પંડિતજી!

ભગવાન આત્મા પોતાનું હોવાપણું જે છે એ તો જ્ઞાન અને આનંદપણાના હોવાપણે છે. એ આમ થાય અને આમ ન થાય એવા વિકલ્પમાં હોવાપણે એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? પાંચમાં ક્રમબદ્ધ લ્યો કે ક્રમબદ્ધ ન થાય. એનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ. ... આહા..હા..! કહો, સમજાણું આમાં? સુજાનમલજી! આહા..હા..! આ માર્ગની પ્રાપ્તિ. માર્ગની પ્રાપ્તિ કહો કે આત્મા છે એવી જે પ્રાપ્તિ દૃષ્ટિમાં કહો. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત અને એકલો આનંદનો ઘન છે. એટલે કહે છે .. સ્થિતિ આવી છે. કહો, .. ... ઠીક માને છે. ... આત્માની પ્રાપ્તિ... આહા..હા..! મહા પ્રભુ તેની પ્રાપ્તિ માટે અથવા જેને મળવા માટે કે જેને મેળવવા માટે. આ પર વ્યવહાર જે વ્રતાદિ છે એ તો વિકલ્પ છે. એનાથી પ્રાપ્ત થાય એવો નથી, પણ એની ભૂમિકાના વિચારોમાં જેવું સ્વરૂપ છે. એમ કહે છેને?

'**નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર...**' જે પુરુષ નયોના કથન અનુસાર. '**યથાયોગ્ય વિવક્ષાપૂર્વક...**' જે અપેક્ષાએ કહ્યું હોય તે અપેક્ષાએ એનું સ્વરૂપ જાણવું જોઈએ. નિર્ણય કરવો જોઈએ વિકલ્પસહિત. સમજાણું કાંઈ? કે વસ્તુ ભગવાન આત્મા સ્વયં સ્વતંત્ર છે. એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે તો એ દરેક ગુણ સ્વતંત્ર છે. એ ગુણનું પરિણમન પણ સ્વતંત્ર છે. આહા..હા..! એને રાગની અપેક્ષા નથી. તેમ એ બીજાનું કરે એવી સ્થિતિ એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એક જ ગુણને વિચારેને! ભગવાન આત્મા એનામાં એક પ્રભુત્વ નામનો ગુણ છે, પ્રભુ છે. જ્ઞાનગુણે પ્રભુ છે, દર્શનગુણે પ્રભુ છે, આનંદગુણે પ્રભુ છે અને તેની પર્યાયમાં પોતે પ્રભુ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવું સત્યને .. નાખ્યું. ઉદ્ધત છે એ ઉદ્ધત છે. ઓલા શું કહે છે? કોતવાલ. ચોર કોતવાલને દંડે. ઈ આવે છેને એક? એક બાઈ હતી એને મારી નાખી અને ધણીએ બાઈને મારી નાખી. એમાં એ કોતવાલ આવ્યો તપાસ કરવા. અને આ લોકો કાંઈ બોલવા માંડ્યા. ઓલો કોતવાલ અંદર ગર્યો. ... જવું પડ્યું એ આ કોતવાલે મારી નાખી. આવે છે વાત આવે છે. વાત આવે છે હોં.

મુમુક્ષુ :- ચોર કોતવાલને દંડે.

ઉત્તર :- આ તો ઓલામાં ક્યાંક છે. આ લખાણ આવ્યું છે ક્યાંક. અમે વાંચ્યું હતું. મારીને .. કોઈને માર્યા. મારી નાખ્યો ઘરના ધણીએ અને ઉભુ રાખ્યું મડદું આમ જરી.

એમાં એક કોલાહલ જરી કરવા માંડ્યા તો કોતવાલ તપાસ કરવા આવ્યો કે શું હશે? ત્યાં કોતવાલ અંદર ગર્યો. અને બારણું આમ ઉઘડ્યું ઓલી હતી તે પડી ગઈ. કોતવાલે મારી નાખી. ... આવે છે. સાંભળ્યું છે આ. આહા..હા..! ભાઈ! તને ખબર નથી તારા તત્ત્વની. તારું તત્ત્વ એવું છે કે જેને નિમિત્ત અને વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના. તારે રાગ પણ થાય છે, વિકાર થાય છે એને પણ જ્યાં નિમિત્તની અપેક્ષા વિના, પરકારકની અપેક્ષા વિના થાય છે. એમાં જેને ધર્મ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ એને વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા સ્વપરકારકની હોય નહિ, ભાઈ! સમજાણું કાંઈ? શું થાય? જે વિષય એને પકડવામાં ન આવે એને મોટાના નામે નાખે ત્યારે એને .. છે ભાઈ મોટા આચાર્યો આમ નથી કહેતા. અરે..! ભાઈ! તને ખબર નથી, ભાઈ! તને ખબર નથી. અરે..! આવા ટાણા આવ્યા. અનંતકાળ જન્મ-મરણના મૂકવાના. એ અનંતા જન્મ કરી કરીને સોથા નીકળી ગયા. એના જન્મ-મરણની વાતું સાંભળતા આંખમાંથી પાણી આવે. એવા જન્મ-મરણ એણે કર્યા. સમજાણું કાંઈ? આહા..હા..! રાજાના કુંવર હોય સુંવાળું શરીર કોમળ અને પેલા પકડે શું કહેવાય? ડાકુ બાય પકડે. બાય પકડીને લઈ ગયા. આ થયું હતુંને આપણે નહિ? ભીંડનું. .. આવે છે એનો છોકરો જુવાન હોં. લઈ ગયા એને ઉપાડીને. એનો છોકરો દસ હજાર આપો તો હું .. ... એને કહેવરાવ્યું હતું ઘરે. બાપુજી.. મને મારી નાખશે. હું જીવતો રહીશ... હોં. એવું આવે છેને? ... આવે છે. એ છોકરાને.. આપ્યા પૈસા નહિ અને એના .. મારી નાખ્યો.. ગામના સીમાડે. ... આવા મરણ. સાંભળે... આ તો કાંઈ નહિ. જુવાન માણસ. રોગ નખમાં પણ નહિ. પણ ઓલો ..ઉપાડી જાય ... તરીકે. .. એને ખવરાવે, પીવરાવે ચાલી ન શકે. તો એને ઓલામાં .. હોય .. દઈ આવે એને. આ તો ઓલા પૈસા લેવા હોય. સાધારણ માણસ હોય તો દસ હજાર. બીજા... કહે. .. આપો તો રહેશે નહિતર મારી નાખીશું. આહા..હા..! હવે એને મારી નાખે... અરેરે..! માર્ગ આવો છે .. ... ...

અહીં તો કહેવું છે ... આવી રીતથી બાળે હોં. આ તો બિચારા મારી નાખ્યા. ... આમાં. આહા..હા..! એ સ્થિતિ તો અનંતવાર એણે ઉભી થઈ. એ કાંઈ નવી નથી. એનાથી છૂટવાનો ઉપાય તો આ એક છે. એ ભગવાન આનંદનો નાથ એની અનુભૂતિ, એનો અનુભવ એ દુઃખથી, પુણ્ય-પાપથી મુક્ત થવાનો એક ઉપાય છે. .. વસ્તુનો સ્વભાવ છે એમાં એણે પહેલો વિકલ્પ દ્વારા, રાગ દ્વારા, વિવક્ષાપૂર્વક જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાથી એને તત્ત્વનો વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને. આત્મા નિત્ય છે, અનિત્ય છે, પર્યાય અનિત્ય છે, શક્તિ નિત્ય છે. આનંદસ્વરૂપ છે, પર્યાયમાં દુઃખ છે. એ જે રીતે છે એને એ રીતે વ્યવહાર રાગ છે. નિશ્ચયનો સ્વભાવ તે રાગરહિત છે. એ રીતે એને બરાબર તે નયના અનુસારે વિવક્ષાપૂર્વક. જે અપેક્ષાએ કહેવા માગતા હતા તે અપેક્ષાએ તેનું જ્ઞાન કરીને. રાગ દ્વારા હોં. આહા..હા..!

**'જે પુરુષ નયોના કથન અનુસાર...'** અહીંયાં વજન છે. **'નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક...'** પાછુ યથાયોગ્ય કથનપૂર્વક એમ. આહા..હા..! .. આનંદસ્વરૂપ છે તે નિશ્ચયનયથી યથાયોગ્ય વિવક્ષા છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે એ પણ વ્યવહારથી યોગ્ય વિવક્ષા છે. એ રીતે પહેલો વિકલ્પ દ્વારા નિર્ણય કરે. રાગસહિત છે એમ નહિ. પણ રાગરહિત છે એવો વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કરવો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ ઉદયભાવથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉદયભાવથી સહિત છે એ તો વ્યવહારનયનું કથન છે. એ અભૂતાર્થ કથન હોવાથી (ખરેખર) રહિત છે. આહા..હા..! પણ રાગરહિત છે ભગવાન આસ્રવતત્ત્વ રહિત છે. બંધતત્ત્વથી રહિત છે. શરીરથી રહિત છે. આહા..હા..! છે એ રીતે. પહેલો વિકલ્પમાં એકદમ ચોંટી શકે નહિ એથી એના ક્રમમાં આવો એક વિકલ્પથી નિર્ણય આવે, છતાં એ વિકલ્પથી નિર્ણય છે એ અંદર સાધકપણાને મદદ કરે એમ નથી. .. વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના શુદ્ધપણે પરિણમવું એ તો એનો સ્વભાવ છે. આહા..હા..! અને ..પણે થવું, આનંદપણે થવું, જીવને એને આનંદદશામાં આ આનંદમૂર્તિ છે એમ જણાવવું, એમ જાણવું એને કોઈની અપેક્ષા નથી. ... (સત્ય સમજ્યા વિના) આરા નહિ આવે ભાઈ!

દુનિયા તને કહેશે .. ભારે અનેકાંત સ્થાપ્યું હોં. દુનિયાને પણ માપ કરતા આવડે ક્યાંથી તે માપ કરે ઈ? આહા..હા..! પંડિતો પણ મોટા ભૂલ્યા હોય એની પાસેથી માપ લેવું! એની પાસે અભિનંદન લેવા બરાબર તમારી વાત. એય..! પંડિતજી! આહા..હા..! કહે છે કે ભગવાન! ચાર ગતિમાં રઝળ્યો-બળ્યો અનાદિનો.. એ રઝળવું-બળવું તારું સ્વરૂપ નથી કહે છે. ચાર ગતિના દુઃખોમાં જન્મ-મરણ કરી કરીને દુઃખી એ દુઃખસ્વરૂપ એ તારું સ્વરૂપ નથી. એ દુઃખી છું એવો વિકલ્પ છોડી દે અને દુઃખી નથી એવો જે વિકલ્પ છે એને પણ છોડી દે એમ કહે છે. આહા..હા..! છું એવું તો વસ્તુના સ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે. ભાઈ! હું દુઃખી છું એ પણ વસ્તુના સ્વરૂપથી વિરૂદ્ધભાવ છે. વ્યવહારભાવ છોડી દે ... પણ એ દુઃખી નથી એ વિકલ્પને છોડ. આહા..હા..! વિકલ્પ છે એ વાત સાચી છે કે દુઃખી નથી. રાગ જે છે એ વાત તો જૂઠી છે. તો એ તો છોડ પહેલી વાત કહે છે. આહા..હા..! પણ રાગી હું નથી એવો વિકલ્પ છે. વસ્તુ એવી છે, પણ છતાં વિકલ્પથી નિર્ણય કર્યો છે એ (વિકલ્પવાળો) નિર્ણય યથાર્થ નથી. સૂક્ષ્મ ભાઈ આવો ધર્મ! આહા..હા..!

... મર્યો એકલડો જન્મે. આહા..હા..! કોઈ શરણ નથી, કોઈ સહાય નથી. આહા..હા..! છૂટો બધું ભેગું થાય.. ક્રિયા તો જડની છે. પણ દુઃખની ભીડમાં બે .. ન્યુમોનિયા થયા હોય. શ્વાસ લેવા જાય ત્યાં શૂળ નીકળે. એ શૂળના વેદનો તો હતા પણ એ શ્વાસ લેવા જાય ત્યાં શૂળ નીકળે. શૂળ તે કેવા? લોઢાના ધગધગતા સળીયા જેમ નાખે એવા શૂળ

હોય. ઈ વેદનારો કહી શકે નહિ એને .. ન મળે પહેલું. આહા..હા..! એ બધાય જોવે. રોવે શું થાય પણ? શું કરે? એક માણસ ડાહ્યો હતો ગામમાં. મરવા પડ્યો. ગામના .. મરવા પડ્યો હુશિયાર માણસ બધા જોવા જાયને. જોવા જાય તો ... એની પીડા આંખમાંથી આંસુ. સાંભળેલું ખરું ... અરેરે..! મેં કાંઈ કર્યું નહિ. મેં કાંઈ કર્યું નહિ. એમ આંખમાંથી આંસુની ધારા વહી જાય. જાણીતા માણસો મોટા-મોટા બધા જોવા જાય. જોવા જાય ને અંદર. આહા..હા..! અરે..! હું શેમા પીડાઉ છું એ તમને ક્યાં ખબર છે બાપુ! આહા..હા..! એમાં નથી લખાણ? .. અસહ્ય વેદના. ... બે ટંક ઉભા ન રહ્યા. આહા..હા..!

એક છોકરો જુવાન હતો બોટાદનો. જુવાનજોધ. સગપણ કરેલું, પણ આ જરી સાંભળીને એવો વૈરાગ્ય થઈ ગયો એને ઓલા બૈરાને સગપણ કર્યું એને કહી આવ્યો તું મારી બહેન છો. અહીંયાં આવીને રસ ને રોટલી ખાધી. રોટલી સમજો છો? આમકા રસ. રસ રોટલી ખાઈ, પાણી પી ચોવિહારો સંથારો. ચોવિહારો સંથારો સમજ્યા? કાંઈ ન લે. ખાઈ-પીને પછી... જાવજીવનો ત્યાગ. વેપાર બોટાદમાં. .. ફુલચંદભાઈ. ... પણ છેલ્લે સ્થિતિ ... ધર્મીને... ભાઈ! તને કેમ છે? મહારાજ! ... લીધી હતી. જાવજીવ પાણી, આહાર નહિ. રોટલી-રસ ખાઈને પાછો એમ. એવા ઉતાવળીયા માણસો આવે. ક્ષુલ્લક હતાને. ... અમારી વખતે લાડનુમાં ઘણા છે. ..માં લખ્યું હતું. ... .. દિગંબર જૈન એક (મંદિર) જે અંત સમયમાં ... અંત સમય મેં દયાસાગર નામસે પ્રસિદ્ધ હુએ. ઉસકે સ્વર્ગવાસ પર ... જુવાન ૪૦ વર્ષનો. સ્થિતિ પૂરી થાય પછી કાંઈ ચાલે? જે એનો સમય છે તે સમયે જ તે પૂરો થવાનો. એનો આઘો-પાછો મોટો .. આવે ઈંજેક્શન દે મોટું અને ઈન્દ્ર ઉતારે તો ફરે એવું નથી કાંઈ? ઈન્દ્ર પોતે. આહા..હા..! ઈન્દ્ર પોતે બે સાગરની સ્થિતિ. ચોર્યાસી હજાર ચાર બાજુ ... ચોર્યાસી હજાર ચાર બાજુ એક-એક .. દેહ કપૂરની ગોટી જેમ વિખાઈ જાય ત્યાં ઓલા અરે..! ... કહો, પોપટભાઈ! ચોર્યાસી હજાર ચાર બાજુ અંગરક્ષક દેવો. શું કરે? આહા..હા..! એક ક્ષણમાં કપૂરની ગોટીની જેમ આત્મા નીકળી ગયો. (આપણા શરીરની) આની જેમ ન રહે... આહા..હા..! આ તો શું થાય? કોણ ધણી? કોણ શરણ? કોણ .. એને આપીને મદદ કરે? આહા..હા..! અરે..! આવામાં તારે શરણ જો કરવું હોય તો ભગવાન આત્મા છે. એ દિવ્યસ્વરૂપે જ છે એ તો. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય આનંદનો નાથ તારો સ્વભાવ છેને પ્રભુ! એની અનુભૂતિ કરવા માટે આવા વિકલ્પની પણ જ્યાં જરૂર નથી કહે છે. ભલે વિકલ્પ દ્વારા એ વસ્તુ કેમ છે? એ સર્વજ્ઞ દ્વારા કથિત બીજા કરતા ફેરવાળું કેમ છે એવો નિર્ણય કરવામાં એવો ભાવ આવે. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા જોયો, કહ્યો એવો જ નિર્ણય કરવા માટે બીજાથી જુદું પડેલું તત્ત્વ એ કઈ જાતનું છે? એના દ્રવ્ય-ગુણ-પર્યાયો એના વિકલ્પો વિચારમાં

આવે. પણ ઈ વિકલ્પ તો નિરર્થક સ્વના કાર્યની... વિકલ્પને નિરર્થક કહેવા અને આ વ્યવહારથી લાભ થાય છે (એમ કહે) અરેરે..! ક્યાંય મેળ છે? આહા..હા..! દુનિયાના ડાહ્યા.. ડહાપણ કર્યા હોયને. એ મરવા ટાણે કાંઈ ચાલે નહિ ભાઈ! અવાજ બંધ થઈ જાય, નોખું શરીર. શું ... નાના. એને ખબર પણ ન હોય કે ઉપડવાના હવે. અનંતકાળમાં ક્યાંય ભેટા નહિ થાય હવે તને. રખડતો ક્યાં નરકમાં અને નિગોદમાં. આહા..હા..! ભાઈ! તારે જન્મ-મરણના દુઃખો ટાળવા હોય તો આ એક ઉપાય છે. જે સ્વરૂપે ભગવાન આનંદની મૂર્તિ છે. એના ભાવ વડે એને પ્રાપ્ત થાય. એ રાગ ને પુણ્ય ને વ્યવહારથી પ્રાપ્ત થાય નહિ. માર્ગ તો આ છે. બીજો રસ્તો લેવા જશે એ તો જે રખડે છે એ રખડશે એમ ને એમ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આ શબ્દ રાખીને... થાય. .. કે '**જે પુરુષ નયોના કથન અનુસાર...**' આ એના ઉપર વાત ચાલી. '**યથાયોગ્ય...**' પાછું યથાયોગ્ય. જેવું સ્વરૂપ આત્માનું છે. એ રીતે વ્યવહાર અને નિશ્ચયથી એને વર્ણવ્યું હોય એના કથનપૂર્વક તત્ત્વનો એટલે વસ્તુસ્વરૂપ ભગવાન આત્માનો કે અજીવનો કે આસ્રવ, સંવર, નિર્જરા બંધ, મોક્ષનો '**નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે...**' આહા..હા..! આવો ભગવાન આત્મા છે કે નથી એવા જે વિકલ્પો રાગની ધારા એનાથી આત્મા નહિ મળે, પ્રભુ! આહા..હા..! જેનાથી અટક્યો એનાથી આત્મા કેમ મળે? એનાથી તો ભટક્યો છે ચાર ગતિમાં રાગથી. વિકલ્પ છે એ સંસાર છે. આહા..હા..! એને સંસારથી મુક્ત થવા માટે વિકલ્પને છોડ અને ભગવાન આત્મા એની અનુભૂતિ પ્રગટ કર. આહા..હા..! એને જ્ઞાનમાં તો નક્કી કરે કે આ આત્માની અનુભૂતિ સિવાય જન્મ-મરણના દુઃખનો અંત લાવવાનો બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? એ કરોડોના દાન આપે, આખા રાજ આપી દે એમાં શું? એ ચીજ ક્યાં એની હતી? આહા..હા..! એ વ્રત પાળે અહિંસા અને દત્ય આદિ એ તો રાગનો ભાગ છે કહે છે. ત્યાં આવું વસ્તુનું સ્વરૂપ છે એવો વિકલ્પ ઉઠે, હું અબદ્ધ છું, શુદ્ધ છું, અભેદ છું, એક છું. બીજાના કારણ, બીજાને કારણ ન થાઉં એવો છું. આહા..હા..! બીજાથી મારું કાર્ય થાય એવો હું નથી. સમજાણું કાંઈ? આવું પણ જે કથન હોય એને વિકલ્પથી જાણે કે આ પ્રમાણે કહેવા માગે છે. પછી પક્ષપાતને છોડે છે.

અંતરમાં એવા રાગના ભાગને પક્ષમાં આવેલા ભાગને છોડી દે છે. પણ એ છોડી દે છે એથી કાંઈ વાત છે? આહા..હા..! એનો અર્થ કે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં જ્યાં દૃષ્ટિ પડી (ત્યારે) વિકલ્પો એકત્વપણે છૂટી જાય છે. લીનપણે રહે. સમજાણું કાંઈ? .. છેને. ..માં આવ્યું છે. સોનગઢ તો જાણે શું .. થી વિરૂદ્ધ છે. ભગવાન! આવીને સાંભળે તો ખરો. આહા..હા..! બાપુ! આમાં ક્યાંય... આહા..હા..! શું થાય? અરેરે..! ... આહા..હા..! સર્પ અડધો બળ્યો તેલમાં. તેલમાંથી પહેલું ઉનું-ઉનું ધગધગતું કડાયું. ચૂલામાં. કુંવરજીભાઈની

દુકાને. છેલ્લી દુકાન છેને. બજારમાં છેલ્લી. એ ત્યાં ગાંઠીયા કે કાંઈ કરતા હોય. ચડાવીને ધગધગતું તેલ. ઉપર સર્પ નીકળ્યો. એને ધુમાડો લાગ્યો તો પડ્યો અડધો તેલમાં અને ધગધગતું તેલ. અડધો બહાર રહી ગયો અને અડધો અંદર. ઓલા વાણિયાને બિચારા રાડ નાખે. અરરર..! તેલ.. આમ ઉંચો કર્યો. બહાર કાઢ્યો. ચૂલમાં પડ્યો. કારણ કે પીડા એવી કે ક્યાં જાવ છું અને શું થાય છે કાંઈ ખબર નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યાકુળ થાયને.

ઉત્તર :- વ્યાકુળતામાં જાણે અહીં શાંતિ હશે? અહીં શાંતિ હશે. એમ થાય. આહા..હા..! એ અગ્નિમાં. ધગધગતી અગ્નિમાં બહાર કાઢ્યો એવો ત્યાં ગરી ગયો. રાખ. ઓલા વાણિયા ... આમ.. પોકાર કરે.

મુમુક્ષુ :- અહીં આવતા.

ઉત્તર :- આવતા કુંવરજીભાઈ. એક વર્ષ બંધ રાખી. ... એક વર્ષમાં .. કાઢેને? કાઢ્યો હતો. અહીંયાં... એને અહીંનો પ્રેમ હતો.

અહીં કહે છે કે ભાઈ! તારા સ્વરૂપની અંદરમાં કહે છે કે વિકલ્પ વિનાની ચીજ છે. વિકલ્પ કહો, આસ્રવ કહો, વિકાર કહો, એ વિનાની ચીજ છે. એ વિકલ્પની અંદર શાંતિથી ધીરેથી આ કાંઈક કામ પ્રવૃત્તિ કરવી.. કુદકા મારે છે. આહા..હા..! અંદર કામ કરવું છે જેને આત્માનું. એને તો આ રાગના વિકલ્પોથી દૃષ્ટિ ઉઠાવી દઈ. આહા..હા..! જ્યાં પ્રભુ પૂર્ણ પડ્યો છે. જ્યાં પ્રભુ પૂર્ણ પડ્યો છે પૂર્ણ શક્તિનો પિંડ પ્રભુ પોતે છે ત્યાં દૃષ્ટિ પડતાં એને અનુભૂતિ આનંદની આવે એનું નામ ધર્મ છે. અને એ ધર્મ જન્મ-મરણને મુકાવાનો ઉપાય છે. આમ છે, ભાઈ! લાખ વાતું દુનિયા કરે. અરે..! ભગવાન! આહા..હા..! દુઃખથી મૂકાવાનો .. હરણીયા છે.. દાખલો આવ્યો છે. મોઢે હતી. શ્વેતાંબરમાં સૂયગડાંગ. '.. લેવા .. પામે ન મૃગલાઓ શરણ વિનાના દોડતા પારધીઓ પાછળથી એને મારવા લઈ જાય છે. અને આથમણેથી ઉગમણે લઈ જતા ઉગમણામાં એને જાવું પાછું. એ એનો .. કરી અને એને ત્યાં લઈ જાય છે. એમાં મહાજન માણસ કોઈ. એ મહાજન .. કરીને ત્યાંથી પાછા વાળે છે. ત્યારે એને શંકા પડે છે કે આ જ મારનારો લાગે છે.' આહા..હા..! ઓલા મહાજન .. અકસ્માત દેખાણો .. શું કહેવાય? જાળ પાથરી છે અને આ ત્યાં રહી જાય છે. એ તો બિચારા .. વાણિયાને.. આમ પટ્ટા માર્યા અને આમ કર્યું. એમ કે આમ વયા જાય.

મુમુક્ષુ :- મારે છે...

ઉત્તર :- આ મારવા માટે ભાઈ! એને ઓલી શંકા નહિ. આહા..હા..! એમ સત્ય વાતને સાંભળતા શંકા થાય. જે ઉગારવાના રસ્તા સાંભળતા એને શંકા પડે અને રખડવાના રસ્તા

સાંભળતા એને ... કરવું. આહા..હા..! નિરાધાર અશરણ ..બચાવો મને બચાવો ગાયું હતું. ... ધોકડા થઈ ગયા જિનમાં.

મુમુક્ષુ :- રૂમાં ગરી ગયો.

ઉત્તર :- ગરી ગયો. એક માણસ નીકળવા ગયો એમ કે હવે મારે .. ક્યાંય રસ્તો ધોકડા ઉપર પગ મૂકી મૂકીને બારણે જાય. લીંબડી છે ગામ. ત્યાં એક સળગ્યું ધોકડું ત્યાં ગરી ગયો આખો અંદર. મરી ગયો આવ્યું. બચાવો રે બચાવો. કોણ બચાવે? કોણ જાય ત્યાં? આહા..હા..! અરે..! કષાયની, મિથ્યાત્વની અગ્નિમાં સળગી રહ્યો છે, ભાઈ! એને બચાવો રે બચાવો. એ બચાવનાર તો ભગવાન પોતે છે. ... દુનિયા શું માને? શું કહે છે? એને આંખ મીંચવી પડશે અને આત્મા શું છે ત્યાં આંખ ઉઘાડવી પડશે એણે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને આચાર્યોના હૃદયો તો જુઓ કરૂણાથી ભરેલા છે. ભાઈ! તને આ વિકલ્પમાં અટકવાથી લાભ નહિ થાય તને. ત્યારે આ કહે છે વ્યવહાર કરતા નિશ્ચય થાય. ભાઈ! આમાં ક્યાં મેળ છે એમાં ક્યાંય? કોઈ રીતે બેસે છે ઈ? વ્યવહાર એટલે નિમિત્ત અને નિમિત્તથી અહીં કાર્ય થાય એમ કોઈ રીતે બેસે એવું છે? ..જી! આ તો વાત આવી છે. આહા..હા..! ભાઈ! તે સાંભળી નથી હોં. એ સાચી અને સત્ય વાત સાંભળવા મળી નથી એટલે વાંકો થઈને આ સાચી અને ખોટી કરે છે, ભાઈ! એ આરા નહિ આવે. સમજાણું કાંઈ? .. વિકલ્પને છોડે છે. આ તો ..સ્થૂળવાળો ક્યાં ગયો? આહા..હા..! હવે આને વ્યય કર્યો એ ગોઠતું નથી. સાંભળવું ગોઠતું નથી. આહા..હા..!

**'તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.'** જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે તેને આનંદનો અનુભવ થાય છે. આનું નામ સમ્યગ્દર્શન છે. ..ભાઈ! આહા..હા..! **'જીવમાં અનેક સાધારણ ધર્મો છે...'** એટલે કે ઘણા ધર્મો છે જીવને. **'પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે...'** આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ ધર્મો છે, ગુણ છે, પણ એ તો સાધારણ છે એટલે કે ઈ બીજામાં પણ છે. પણ ચિત્સ્વભાવ તેમાં પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે. તે જ્ઞાનઘન, જ્ઞાનસ્વભાવ એ તો બીજા કોઈ પદાર્થમાં નથી અને એનામાં પણ અનંત જ્ઞાનસ્વભાવ બીજા કરતાં જુદી ચીજ એનામાં .. છે. અનુભવગમ્ય અસાધારણ ધર્મ છે. **'તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.'** ચીજ તે ચીજ છે. જ્ઞાન તે જ્ઞાનનો સૂર્ય છે. આહા..હા..! એના તેજ આગળ રાગના અંધારા કેમ ટકે? સમજાણું કાંઈ? અરે..! જેને પ્રાપ્ત કરતાં જેના ચૈતન્યના તેજ જેની પર્યાયમાં પ્રગટ થયા. કહ્યુંને? પ્રગટ અનુભવગોચર છે. પર્યાયમાં એ જ્ઞાન અનુભવવામાં આવે એવો એનો ધર્મ છે. **'તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.'**

## શ્લોક-૯૦

(वसन्ततिलका)
स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।

ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :-

શ્લોકાર્થ :- [एवं] એ પ્રમાણે [स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम्] જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી [महतीं] મોટી [नयपक्षकक्षाम्] નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) [व्यतीत्य] ઓળંગી જઈ (તત્ત્વવેદી) [अन्तः बहिः] અંદર અને બહાર [समरसैकरसस्वभावं] સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા [अनुभूतिमात्रम् एकम् स्वं भावम्] અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) [उपयाति] પામે છે. ૯૦.

## કળશ-૯૦ ઉપર પ્રવચન

'ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :—' ૯૦. ૮૯ થઈ ગયા. હવે ૯૦. અહીં .. છે એમ કહે છે. ... અમે એમ કે .. અરે..! ભાઈ! તને સંસારના .. કેમ .. ભર્યા ઘરમાંથી નીકળવું તને કેમ ગોઠ્યું? એ વડના વિસામાં ક્યાં તમે લેશો? વડ હોયને વડ? .. વડના વિસામા... આવે. ... આવે ખરુંને. ધૂળેય એને જાવું નહોતું ભાઈ સાંભળને. શેઠનો છોકરો મરી ગયો છ મહિનાનું પરણેતર. એક-એક વર્ષથી તો એના લગનની તૈયારીઓ થાતી હતી. બે મહિનાથી તો એને લાડકા લાડવા ખવરાવે, લાડ કરે ને તેમ કરે. ... ગૃહસ્થ માણસ. દશાશ્રીમાળીને પૈસા ... પછી છ મહિનાનું લગન હોં. વૈશાખમાં લગન. આસો મહિનામાં ગુજરી ગયો. ... આ દામોદરના શેઠનો. અત્યારે.. પણ એ લીંબડીના ... આ વજુભાઈ કોઠારી છે વજુભાઈ. એની બહેનને ત્યાં હતા. એના દીકરા. પછી ઈ અહીં આવ્યા. આવેને?

એમાં એને ... શું કહેવાય? .. હોય રોવડાવનાર. .. આવી જ્યાં ગામમાં ગરી. .. માણસ.. આહા..હા..! ગામમા કકળાટ. બાયુ.. મરી ગયો ત્યારે આવું દુઃખ નહોતું લાગ્યું અમને. .. કરતા. છ મહિનાનું લગન. અને શેઠિયા ... .. અનરાધાર.. પૈસા એના બાપ મોકલે ખર્ચના ખાવા-પીવાના ઓલાના. ગુંજાના ૨૫-૫૦ મોકલે. પછી કાગળ લખ્યો, બાપા! અમે ગરીબને ઘરે નથી અવતર્યા. અમને પૈસા મોકલો. ..૨૦૦ તો ગુંજાના ખર્ચના જોશે. બાબુભાઈ! ગુજાનો ખર્ચ હોયને. .. એ તો જુદું, પુસ્તકના. પણ ગુંજના ખર્ચ ૨૦૦ તો જોશે. તમને ન પાલવતા હોય તો કાકાને.. તમારે નામે લખો, મોકલો. .. રૂપિયા ગુંજાના ખર્ચના જોશે. અમે ગરીબને ઘરે નથી આવ્યા ઘોડાગાડીયું ઘરે છે. લાખો રૂપિયા છે. તે અમારે .. કારણ કે રૂપિયા તો એ વખતે ..ને? મજૂરો લાવે બારણા સુધી. બે ઓરડા દૂર. પછી એના .. છોકરા બધા ભેગું કેમ ઉપાડીને મૂકે. ક્યાં મૂક્યા ખબર પડે. એવું અમારી ... લ્યો છ મહિના. આહા..હા..! પણ મુદત પૂરી થાય એને રોકે કોણ? સમજાણું કાંઈ? સ્થિતિ પૂરી થઈ ગઈ કે સંસારની તારે એને હવે રોકનાર કોણ છે ત્યાં? અંદરમાં જાય (તો)સંસારનો અંત આવી ગયો. આ વિકલ્પને છોડીને. છોડવો પણ નથી. એ તો ઉપદેશમાં થું થાય આહા..હા..! આનંદનો નાથ અંદર બિરાજે છે એની પાસે જાને. આ રાગની પાસે જઈને ભટકીને મરી ગયો એમ ને એમ. આહા..હા..! કહે છે. ૯૦મો છેને?

(वसन्ततिलका)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।

.. આત્મામાં.. ક્યાંથી આવે? આહા..હા..!

'**શ્લોકાર્થ :- એ પ્રમાણે...**' '**स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम्**' અરેરે..! '**જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...**' શું કહેવા માગે છે? કે આ હું આવો છું અને તેવો એવી વિકલ્પની જાળ આત્માના સ્વભાવમાં નથી અને સ્વભાવ એનો કર્તા નથી. આહા..હા..! એવી જાળ આપોઆપ ઊઠે છે બાહ્યમાં. છે એવું જાણવા માટે વિકલ્પ ઉઠે એની મેળા એમ કહે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી વિકલ્પને ઉત્પન્ન કરે એવું જ્ઞાનમાં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આવો હું શુદ્ધ છું, અબદ્ધ છું, એક છું, અભેદ છું, એવો જે વિકલ્પ છે એ તો કહે આપોઆપ ઉઠે છે, ભાઈ! એ તારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? બહારના વૈરાગ્યમાંથી જે આવે ત્યાં અંદર રાગમાં ગરી ગયો પાછો. આહા..હા..!

**'स्वेच्छा-समुच्छलद्'** એમ. **'अनल्प-विकल्प-जालाम्'** આહા..હા..! **'બહુ વિકલ્પની જાળો...'** આહા..હા..! કરોળિયાને જેમ જાળ આવીને (તેમાં) સલવાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ... બે પગા માણસ હોય, બાયડી પરણે ત્યારે ચાર પગ થાય. ઢોર થયો ઈ ઢોર. ઢોરને ચાર પગ હોય. શું કીધું? બે પગવાળો માણસ, ચાર પગ થયા. બે બાયડીના અને બે એના તો એ પશુ થયો. એમાં વળી એને છોકરું થયું છ પગો. ભમરો થયો. ભમરાને છ પગ હોય. આ ભમરા હોયને ભમરો એને છ પગ હોય. ગું... ગું... કર્યા કરે આ મારી બાયડી છે, આ મારો છોકરો છે, એને મારે ધંધે લગાડવો છે. બાયડીને આવો રોગ થયો. આમ છે. એ ભમરાની જેમ મરે. એમાં વળી છોકરાની બાયડી પરણાવી. આઠ પગ થયા. કરોડળિયો થયો. કરોળિયાને આઠ પગ હોય. એ કરોળિયો થયો અને પછી લાળ કાઢીને ગુંચવાય એમાં. આહા..હા..! છોકરા છ વહુરુ. ઘણા પગ થયા.

અહીં તો કહે છે પગ જ નથી જીવને. ... પગ જ નથી. આહા..હા..! કહે છે ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્ય દરિયો સાગરથી ઉછળે છે અંદર. એમાં વિકલ્પની જાળું ઉઠે એની મેળાએ ઉઠે છે. આહા..હા..! કહો, આહા..હા..! ..ભાઈ! આવી વાત છે આ તો. પણ આ દુનિયા-મુંબઈથી જુદી વાત છે. ત્યાં તો હો.. હા.. હો..હા.. ઓલો કહે બે લાખ પેદા કરીએ, બીજો કહે ચાર લાખ, ઓલો દસ લાખ કરું, ઓલો કહે અધશેર ઝેર પીઉં, ઓલો કહે શેર પીઉં. ઝેર .. છે બધું... કહેતા હતા એ. આહા..હા..! બાપા! એક વિકલ્પ ઉઠાવવો તારી ચીજ નથી. આહા..હા..! તારે શું કરવું છે? ક્યાં જાવું છે અને ક્યાં તારે અટકવું છે? એ જાળો ઉત્પન્ન થાય એની મેળાએ કહે છે.

**'મોટી નયપક્ષકક્ષા...'** નયપક્ષની ભૂમિ. એ આવો ને તેવો એ નયપક્ષની ભૂમિ. એ આત્માની ભૂમિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા નયપક્ષની ભૂમિને **'ઓળંગી જઈને...'** હું અબદ્ધ છું, બદ્ધ છું, વ્યવહારે બદ્ધ નિશ્ચયે અબદ્ધ. વ્યવહારે મૂઢ અને નિશ્ચયે અમૂઢ, વ્યવહારે કારણ અને નિશ્ચયે અકારણ. એવા વિકલ્પની જાળું ઉઠે એને ઓળંગી જા ભાઈ! એ કરોળિયાની જાળ છે. સલવાઈ ગયો જો એમાં તો નીકળીશ નહિ. સમજાણું કાંઈ? **'(નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી)...'** ભગવાન આત્મામાં અનુભવ કરનાર એટલે કે આત્મા છે એવો પર્યાયમાં પ્રાપ્ત કરનાર. સમજાણું કાંઈ? એની વર્તમાન દશામાં ભગવાન આત્માનું પ્રાપ્ત થવું એવો જે તત્ત્વવેદી જીવ **'અંદર અને બહાર...'** **'समरसैकरसस्वभावं'** **'સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** આહા..હા..! ઈ આવો અને તેવો એ વિકલ્પ પણ બધો વિષમભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિષમભાવવાળાને સામાયિક હોય એમ બની શકે નહિ. એવા વિકલ્પમાં અટક્યો હોય એને સામાયિક કેવી? મિથ્યાત્વભાવ છે. આહા..હા..! વિષમભાવ છે.

'**સમતા–રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' આમાં એકાંત ન થાય કે સમતારૂપી એક જ રસ છે અને રાગાદિ નથી? એ રાગાદિ નથી એ અનેકાંત છે. રાગ પણ છે અને સમતા છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના...**' અનુભૂતિ માત્ર, ઓલા વિકલ્પ તો અનેક પ્રકારના હતા. અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ પડતાં શ્રદ્ધાની પર્યાયને દ્રવ્યમાં પ્રસરાવતા. પ્રસરાવું છું એમ નથી પણ સમજાવે શી રીતે?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૯૧

(રથોદ્ધતા)

इन्द्रजालमिदमेवमुच्छलत्<br>
पुष्कलोच्चलविकल्पवीचिभिः।<br>
यस्य विस्फुरणमेव तत्क्षणं<br>
कृतस्नमस्यति तदस्मि चिन्महः।।९१।।

**હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લુ કાવ્ય કહે છેઃ-**

શ્લોકાર્થ :- [पुष्कल–उत्–चल–विकल्प–वीचिभिः उच्छलत्] પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી [इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम्] આ સમસ્ત ઇંદ્રજાળને [यस्य विस्फुरणम् एव] જેનું *સ્ફુરણ માત્ર જ [तत्क्षणं] તત્ક્ષણ [अस्यति] ભગાડી મૂકે છે [तत् चिन्महः अस्मि] તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.

ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું. ૯૧.

---

* સ્ફુરણ = ફરકવું તે; ધનુષ્ય-ટંકાર કરવો તે.

## માગશર સુદ-૧૪, મંગળવાર, તા. ૧૯-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૩, કળશ-૯૧, પ્રવચન-૨૫૭

નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે.

(रथोद्धता)

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृतस्नमस्यति तदस्मि चिन्महः।।९१।।

આત્મા છે એ અનંત-અનંત આનંદ આદિ ગુણ સંપન્ન સ્વરૂપ છે. એને પામવા માટે શુભ-અશુભ રાગની જરૂર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એના વિચારમાં નય પક્ષની ભૂમિકા હું શુદ્ધ છું, અશુદ્ધ નહિ, પવિત્ર છું અને અપવિત્ર નહિ. હું દ્રવ્ય છું અને પર્યાય નહિને. એવા જે વિકલ્પો છે એ વિકલ્પો બંધનું કારણ છે. અહીં સુધી તો એને તેથી શું? એમ આવે છેને? આહા..હા..! એ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એના સીધો આત્મસ્વભાવ દ્વારા અંદર જાય તો પ્રાપ્ત થાય એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? અને આ વસ્તુ વીતરાગ સિવાય સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? એમાં વ્યવહારની ગંધ પણ નથી કહે છે. વિકલ્પ આવો અને આવો એવી જે ચીજ છે એ પણ નહિ. આહા..હા..! વસ્તુ છે આત્મતત્ત્વ એ તો પૂર્ણ નિર્વિકલ્પ અભેદ ચીજ છે. એને રાગની ક્રિયાકાંડના વ્યવહારથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. એની અપેક્ષા રાખીને આત્મા પ્રાપ્ત થાય એવી પણ એ ચીજ નથી. અહીં તો આગળ જઈને અંદરના મન સંબંધીના વિચારમાં રોકાણો છે એની વાત લીધી છે.

'पुष्कल-उत्-चल-विकल्प-वीचिभिः उच्छलत्' ઓહો..હો..! અંદરના વિચારને... આત્માના સંબંધ સ્વરૂપમાં અથવા સંબંધ નથી. અબંધ કહો કે બંધ કહો. અબંધ સ્વરૂપ છે. બંધ નથી એ.. એવા પ્રકારના વિકલ્પની જાળ. આહા..હા..! 'પુષ્કળ,...' અહીં તો થોડા નામ આપ્યા છે. .. પ્રકાર. એમાં હો એવા પણ ભલે ભાવ હોય, વિકલ્પ હોય એવો વસ્તુમાં હું અનંત આનંદ છું. હું દુઃખરૂપ નહિ. સમજાણું કાંઈ? .. બાપુ! સત્ત્વ. એવો વિકલ્પ પણ રાગ ને દુઃખ કરનાર છે એમ કહે. સમજાણું કાંઈ? હું અનંત આનંદસ્વરૂપ છું. શુદ્ધ બુદ્ધ

ચૈતન્યઘન છું એવો જે પક્ષ જ્ઞાનનો અંશનો રાગમાં રોકાયેલો છે એનાથી પ્રાપ્તિ નથી. વ્યવહારને હેય કહ્યો છે. ભગવાને કહ્યો છે, ભાઈ! આ શું કહે છે?

વ્યવહાર હેયરૂપે જ્ઞેય છે. વસ્તુ ઉપાદેયરૂપે જ્ઞેય છે. એમાં આવા વિકલ્પ ઉઠાવવા પુષ્કળ કહે છે. અનંત-અનંત ભેદ પડે. **'મોટા,...'** .. **'उत्'**નો અર્થ કર્યો છેને મોટા. એ મોટા ચંચળ **'उत्-चल'** **'મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો...'** રાગની વિચારધારામાં આવા તરંગો જે વિકલ્પના છે એ વડે **'इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम्'** **'આ સમસ્ત ઈંદ્રજાળને...'** આહા..હા..! ઈન્દ્રજાળ છે આ તો. ભાઈ! આ તો આત્મ નિર્વાણ પ્રાપ્તિની વાત છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..! એક ચક્રવર્તી પાસે જાવું હોય તો કેટલી તૈયારી જોઈએ? આ તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ નિર્વિકલ્પ અભેદ ચીજ. કહે છે આવા જે વિકલ્પમાં તરંગો સમસ્ત ઈન્દ્રજાળ છે. એને **'यस्य विस्फुरणम् एव'** જેનું સ્કુરણ માત્ર એ પર્યાય છે. **'ફરકવું; ધનુષ્ય-ટંકાર કરવો તે.'** કહે છે કે હું **'સ્ફૂરણ માત્ર જ...'** છેલ્લો શબ્દ છે. **'ચિન્માત્ર તેજઃપુંજ...'** જ્ઞાનનું સ્વરૂપ અને જ્ઞાનનું તેજ. સૂર્ય છે એ જડના પ્રકાશનું તેજ છે. આ ચૈતન્યના પ્રકાશનું તેજ. ... સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા. જેમાંથી અનંત-અનંત ગુણોના પ્રકાશની પર્યાયો સ્ફૂરણ થાય છે. એ સ્ફૂરણથી એ વિકલ્પનો નાશ થઈ જાય છે.

**'સમસ્ત ઈન્દ્રજાળને જેનું સ્ફૂરણ માત્ર...'** ધનુષ ટંકાર થાય આમ જ્યાં. આહા..હા..! સમજાણું? દાખલો આવે છેને દ્રૌપદીનો નહિ? દ્રૌપદીને લઈ ગયાને બહાર. બીજા ખંડમાં. ..ખંડમાં. મહાસતી એમાં જેનું સતીપણું ઈન્દ્ર આવે તો ફરે નહિ. એને લઈ ગયા છે અહીં. .. રાજા. ... કરે. શ્રીકૃષ્ણને ... હોવો જોઈએ. ... કહે. ..ને મોકલ્યા હતા. ... કર્મ કૃષે તે કૃષ્ણ કહ્યુંને. ભગવાન આત્મા અંદર જાગ્યો હવે. એમ આણે શંખ ફૂક્યો એમાં શંખ ફૂક્યો. .. લાખો-કરોડો માણસો. ... એકદમ ભાગી ગયો શંખ સાંભળી. આ શું છે? જેના શંખનું જોર લાગે, સાંભળનારા ત્રાસ. ... બીજા હાથમાં ધનુષ લીધું. ધનુષનો આમ ટંકાર કરે છે. ખેંચે જરી ખેંચે. ભણકાર. ... એમ અહીંયાં દર્શન-જ્ઞાનના બે એક શંખ ફૂક્યો અને ટંકાર વાગ્યો ત્યાં નાશ થઈ ગયા મિથ્યાત્વના. ચારિત્ર રાગ રહ્યો એ હવે સ્થિરતા થઈને નાશ થઈ જવાની છે. એવું ઉતારતા તે દિ' હોં. પોરબંદર વાંચ્યું છેને? ૮૭ની સાલમાં.

એવો ભગવાન આમ ટંકોત્કીર્ણ.. રણશીંગા વાગ્યા ભગવાન જાગ્યો કે હું તો ચૈતન્ય આનંદનો નાથ છું. એવો જ્યાં પર્યાયમાં પૂર્ણ થયો ભાષા તો એવી કહી છે કે **'તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.'** સમજાણું કાંઈ? એવો જે સ્ફૂરણ જેનો એટલે ચિન્માત્ર વસ્તુનું સ્ફૂરણ. પ્રકાશ થતાં. આહા..હા..! ઈન્દ્રજાળ જેવા વિકલ્પોનો તો ત્યાં નાશ થઈ જાય છે કહે. એ આઠ વર્ષની બાલિકા પણ સમકિત પામે ત્યારે આમ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આહા..હા..! આઠ વર્ષની હોય. તો આત્મા ક્યાં વર્ષનો છે કે નાનો-મોટો થાય? આત્મા તો છે ઈ છે. આહા..હા..! એ આમ જાગીને જ્યાં જોવે છે. અરે..! ચૈતન્યના તેજ કાળમાં પૂર્ણાનંદથી ભરેલો એમ જ્યાં એકાગ્ર થઈને પર્યાયમાં પૂર્ણ થાય છે. વિકલ્પપણું ભૂકો સેનાનો નાશ. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી તો ત્યાં એવી વાર્તા આવે છે. ઓલો રાજા છેને. હવે શું કરવું? દ્રૌપદી પાસે જાય છે. માતા! હું આવી છું ... ઘરમાં ઘાલ્યો. આહા..હા..! હવે અમને મારી નાખશે. લૂગડા પહેર બાયડીના. ... કરે છે. ... સારા ... રાગ. .. કૃષ્ણ કોણ છે? ભુક્કા ઉડાડી દેશે તારા. એવું નહિ કે તારા શંખની સામે એ આવ્યો આમ બહારથી લૂગડું પહેરીને. મોઢા આગળ રત્નના થાળ. ... સ્ત્રીના કપડા પહેર્યા ... જા છોડી દઉં. આહા..હા..! એમ ભગવાન આત્મા વિકલ્પના ભેખ પહેરીને જ્યાં આવ્યો છે અંદર રાગ. પૂર્ણ માત્રથી ભુક્કો ઉડી જાય છે એનો. તારી ચીજ નથી, મારી ચીજ છે. સમજાણું કાંઈ? આવે છેને ઓલા નગર શું નહિ? આનંદઘનજીનું નહિ? 'જીત નગારા વાગ્યા.' આનંદઘનજીમાં આવે છે. જીત નગારા વાગ્યા. જીત એટલે પૂર્ણ... ચૈતન્ય પુંજ પ્રભુ આત્મા હું છું એવી અંતર દૃષ્ટિ થતાં એની પર્યાયમાં પૂર્ણ થઈ ગયું શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના અંશનું. વિકલ્પનો વ્યય થઈ ગયો, પૂર્ણનો ઉત્પાદ થયો. ધ્રુવ તો છે તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! હજી તો પ્રથમ સમ્યગ્દર્શન પામવાની રીત આ છે. હવે ચારિત્ર અને એ તો ક્યાં રહી ગયા ભાઈ! બાપા! શું થાય? સમજાણું કાંઈ?

જેને વિકલ્પનું સ્ફૂરણ પણ જેને ઉડી જાય છે. આહા..હા..! આના સ્ફૂરણથી હોં. એ પણ સ્ફૂરણ હતુંને વિકલ્પની ઉત્પત્તિની જાળ. આહા..હા..! જ્યાં ભગવાન ચૈતન્ય પુંજ છું. પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વભાવ ચિન્મય જ્યોતિ છું. એમાં અપૂર્ણતા અને વિપરીતતાની ગંધ નથી એમાં. એવી ચીજ ઉપર દૃષ્ટિ પડતાં, એ આત્મા પ્રાપ્ત થતાં એની પર્યાયમાં પૂર્ણ જ્ઞાન ને શ્રદ્ધા ને શાંતિ થતાં વિકલ્પનો નાશ થાય છે. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની શરૂઆત છે ભાઈ! લોકોએ બીજા .. ત્યાં ... સમજાણું કાંઈ?

.. '**સ્ફૂરણ માત્ર જ તત્ક્ષણ...**' એમ શબ્દ છેને? એ પર્યાય અહીં જ્યાં એકાગ્ર થઈ ઓલું ઉડી ગયું. આહા..હા..! એ જ સમયે છે. જે સમયે પૂર્ણ થયું તે જ સમયે વિકલ્પનો નાશ થયો, વ્યય થયો, આ ઉત્પાદ થયો. આહા..હા..! ઝીણી તો વાત છેને ભાઈ! વીતરાગ માર્ગ છે આ. હમણા આવ્યા હતા ભાઈ રામચરણજી. ગયા? .. એ વખતે કહે આહા..હા..! આવા ત્રિલોકનાથ પરમેશ્વર જેને, સ્થાનકવાસી ભલે હોય પણ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. આહા..હા..! એને મૂકીને આ સાંઈબાબા અરેરે..! શું કરે છે આ લોકો? ત્રણ લોકનો નાથ. ભલે ઓઘે-ઓઘે ન સમજે. અરિહંત એટલે શું? સિદ્ધ એટલે શું? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

બાપા! વીતરાગ અને આનંદની કાતળીયું બધી પાકી છે. એવી વાત જૈન પરમેશ્વર સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! અરે..! એને વાડામાં ભલે સ્થાકનવાસી તરીકે લ્યો એ ભલે નિશ્ચય પણ આવા પરમેશ્વર મળ્યા એ બીજે જાય ક્યાં? એને મૂકીને માને કોણ? મા મૂકીને કૂતરીને ધાવવા. આહા..હા..! એય..! પોપટભાઈ! આહા..હા..!

આ તો હજી આની સ્ફૂરણા સમ્યગ્દર્શનની વાત કરી છે, પણ જ્યાં કેવળજ્ઞાનની સ્ફૂરણા પરમાત્માને થાય છે. આહા..હા..! અરિહંત અને સિદ્ધ ભગવાન બાપુ! એ શું ચીજ છે? આહા..હા..! એના દાસ છોડીને કોકના દાસ થાવું. વ્યવહારે પણ હજી હોં. આ નિશ્ચય આ રીતે થાય એ તો અલૌકિક વાતું છે બાપા! આ તો સંસારનો અંત છે આમાં! ..ભાઈ! આવી વાતું છે ત્યાં. જૈનમાં જ ... સાંઈબાબાના ફોટા ને ઢીંકણા ને ફીકણા આ કેવો છે..

મુમુક્ષુ :- વાણિયા ... હોય...

ઉત્તર : વાણિયા બધા ઝેર પીવામાં બધા ઉડાડે છે. બીજે થોડું પીધું હોય તો આપણે વધારે કર્યું એ ઉદાર કહેવાય નહિ? આહા..હા..!

જેનું નામ સાંભળતા. આહા..હા..! વર્ધમાન ભગવાન વર્ધમાન. .. ભાઈ! સમજાણું કાંઈ? વર્ધમાન... વર્ધમાન... વર્ધમાન... નામ તો ઈ છેને ભાઈ! જેનું નામ માત્રપણ યાદ કરતા ... એના ભાવનું ભાન કરવાની વાત શું કરવી? આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ પણ ગજબ કામ કર્યા છેને. ભાઈ! તું એવડો છો. એવડો છો, એવો છો કે જેની સામું જોતા એ તારી સામું જોતા પર સામું જોનારના વિકલ્પનો તો નાશ થઈ જાય છે. તારી સામું જોતા આવો તું છો. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ભગવાને તો એમ કહ્યું કે મારી સામું જોવાનો વિકલ્પ છે અને તારી સામું જોવાનો જે વિકલ્પ છે કે હું આવો છું. એ પણ છોડી દે એમ કહે છે. વસ્તુની સ્થિતિ એ છે. ભાઈ! તું અંદર જા, ઉંડો જા ભાઈ અંદર જા. એના સ્ફૂરણમાત્રથી વિકલ્પનો ભુક્કો ઉડી જશે. ગંધ નહિ દેખાય ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? '**તત્ક્ષણ ભગાડી મૂકે છે...**' છેને? તત્ક્ષણ છેને? ત્રીજા પદમાં છે. '**यस्य विस्फुरणमेव तत्क्षणं**' આવો ચૈતન્ય ચમત્કાર પ્રભુ! એને મૂકીને બીજે ક્યાં છે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં...**' વસ્તુ ભગવાન પૂર્ણ આનંદની સત્તા હોવાવાળો મહાસ્વભાવવાળો આ ... એની આસ્થા પ્રતીત કરવા જતાં કહે છે કે જે પ્રતીત અને જ્ઞાનની પર્યાય ઉઘડી એ '**સમસ્ત નયોના વિકલ્પરૂપી ઈન્દ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે;...**' જ્યાં પ્રકાશ આવ્યો ત્યાં અંધારા કેમ રહે? આહા..હા..! અરે..! આ હા તો પાડ પ્રભુ કે તું આવડો મોટો છો, ભાઈ! સમજાણું કાંઈ? એની મોટપ બેસે નહી અને બીજાની મોટપ કરે. આ વિકલ્પ ને આ થયું ને આ થયું. ... પોકાર કરે. નિમિત્ત અકિંચિત્કર માને,

ભાઈ! નિમિત્ત શું કરે આમાં? રાગનું કાર્ય જ્યાં નથી ત્યાં વળી નિમિત્તની બીજી વાત પણ ક્યાં કરવી? આહા..હા..! અરે..! વસ્તુ એને હાથ ન આવે અને ગોથા ખાય બહારમાંથી. નહિ મળે ત્યાં. દરિયાના મોતી જોતા હોય તો એણે ઊંડે જાવું પડશે. સમજાણું કાંઈ? એ મોતી ઉપરથી ન પકડાય. આહા..હા..! અંદર જાવું પડે મોતી લેવા. આહા..હા..! એમ ભગવાન આત્મા વિકલ્પ રાગની ઝાંય વિનાનું તત્ત્વ. એની અંતરમાં જતાં કહે છેને જેમ અનુભવ થતાં. એ અંતરમાં જતાં જે અનુભવ ચૈતન્ય સ્વરૂપ છે. જ્ઞાનપુંજ છે, આનંદસ્વરૂપની પર્યાયનું વેદન થતાં '**સમસ્ત નયોના વિકલ્પ...**' જાળ છૂટી જાય છે. '**એવો ચિત્પ્રકાશ હું છું.**' એ આ હું છું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય જાણે છેને એને. હું આવો છું એ જાણે કોણ? હું ધ્રુવ છું, મારામાં પરિણામ નથી, પણ કોને... પર્યાય અનુભવ છેને. અનુભવ ચિત્સ્વરૂપનો અનુભવ છે. વેદન થયું.

મુમુક્ષુ :- અનુભવ ...

ઉત્તર :- ધ્યાન ક્યાંથી થાય? આહા..હા..! ધ્રુવ છું એ ધ્રુવ છું એ કઈ પર્યાય જાણે છે? ધ્રુવ ધ્રુવ જાણે છે?

મુમુક્ષુ :- ..પર્યાય માની.

ઉત્તર :- એને છોડીને આ હું પછી ભલે એમ કહે એ પર્યાય આ હું ધ્રુવ છું. અને આ પર્યાય પલટતા છતાં હું પલટતો નથી. એ કોણ જાણે? નિર્વિકલ્પ દશા હોં આ વિકલ્પ તો ક્યાંય રહી ગયો. આ શુદ્ધ પર્યાય અવસ્થા .. થતાં એ હું બદલતો નથી. હું નથી બદલતો એ જાણે કોણ? એ બદલતી પર્યાય એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીરચંદભાઈ! આ વીરચંદભાઈ કહે થોડું-થોડું. લ્યો! ... .. વિકલ્પ છે. .... મારા પરિણામ પરિણમો તો પરિણમો, હું ક્યાં પરિણમું છું? કોણ જાણે છે ઈ? ઈ કોણ જાણે છે? જ્ઞાનની પર્યાય જાણે છે. એય..! આહા..હા..! પરિણામ આવે ને જાય. હું ક્યાં જાઉં છું? સમજાણું કાંઈ? એને સરખું સમજ્યા વિના ગોટા વાળે. એમ ન ચાલે. આહા..હા..! .. દશા થાય કે મારામાં કાંઈ .. ધ્રુવમાં કાંઈ ફેર પડતો નથી .. શુદ્ધ દશા થાય કે મારા ધ્રુવમાં કાંઈ (ઊણપ) થાતી નથી. એ કોણ જાણે છે? એ કોણ જાણે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થવાનો. એવી પર્યાય છે ક્યાં એને? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અજર પ્યાલા છે, ભાઈ! આહા..હા..! એય..! ચેતનજી!

## ગાથા-૧૪૩

पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति चेत् —

दोण्ह वि णयाण जाणदि णवरं तु समयपडिबद्धो।
ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।
द्वयोरपि नययोर्भणितं जानाति केवलं तु समयप्रतिबद्धः।
न तु नयपक्षं गृह्णाति किञ्चिदपि नयपक्षपरिहीनः।।१४३।।

यथा खलु भगवान्केवली श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः विश्वसाक्षितया केवलं स्वरूपमेव जानाति, न तु सततमुल्लसितसहजविमलसकलकेवलज्ञानतया नित्यं स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात् कञ्चनापि नयपक्षं परिगृह्णाति, तथा किल यः श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः क्षयोपशमविजृम्भिश्रुतज्ञानात्मकविकल्पप्रत्युद्गमनेऽपि परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया स्वरूपमेव केवलं जानाति, न तु खरतरदृष्टिगृहीतसुनिस्तुषनित्योदितचिन्मयसमयप्रतिबद्धतया तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानात्मकसमस्तान्तर्बहिर्जल्परूपविकल्पभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात् कञ्चनापि नयपक्षं परिगृह्णाति, स खलु निखिलविकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्रः समयसारः।

---

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાંનું) શું સ્વરૂપ છે ?' એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :-

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

ગાથાર્થ :- [नयपक्षपरिहीनः] નયપક્ષથી રહિત જીવ, [समयप्रतिबद्धः] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્મને અનુભવતો થકો), [द्वयोः अपि] બન્ને [नययोः] નયોના [भणितं] કથનને [केवलं तु] કેવળ [जानीत] જાણે જ છે [तु] પરંતુ [नयपक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्णाति] ગ્રહણ કરતો નથી.

ટીકા :- જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત

એવા જે વ્યવહારનિશ્ચનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળજાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દુર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભુત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મ) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મ જ્ઞાનાત્મા પ્રત્યગ્જયોતિ, આત્મખ્યાતિરૂપ અનભૂતિમાત્ર સમયસાર છે.

ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના (જ્ઞાતાદ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જયારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જયારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.

## ગાથા-૧૪૩ ઉપર પ્રવચન

'પક્ષાતિક્રાન્તનું શું સ્વરૂપ છે?—એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :--' હવે શિષ્યનો પ્રશ્ન છે. 'पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति' સંસ્કૃત છે. સંસ્કૃત. પ્રભુ! નયના પક્ષના વિકલ્પરહિત થયો એનું શું સ્વરૂપ? સમજાણું કાંઈ? એવી શિષ્યને જ અહીંયાં પ્રશ્ન પૂછવાની જિજ્ઞાસા થઈ. આટલે સુધી આવ્યા પછી પક્ષાતિક્રાન્ત થાય તો આમ થાય. પક્ષાતિક્રાન્ત હું આવો.. એવા વિકલ્પની જાળ .. એ નાશ થાય છે. વસ્તુ શું? એનું સ્વરૂપ શું? એ કઈ જાત છે? એમ શિષ્યે પૂછયું છે. આહા..હા..! ૧૪૩.

दोण्ह वि णयाण जाणदि णवरं तु समयपडिबद्धो।
ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

બહુ વાત ૧૪૩-૧૪૪. કર્તા-કર્મનો સાર છે. પાઠ છે એની સાથે પહેલું મેળવે છે ભગવાનની સાથે. '**જેવી રીતે કેવળી ભગવાન,...**' સાથે મેળવે છે. આહા..હા..! આવો .. જીવને? નયાતિક્રાંત, પક્ષાતિક્રાંત જીવને. અનુભવમાં આવેલા જીવને. આ છે ને તેવી છે એવી વૃત્તિઓને છોડી અને અંતરના અનુભવમાં આવ્યો, વીતરાગી પર્યાયમાં આવ્યો. જે રાગની પર્યાયમાં હતો એ પક્ષથી છૂટીને વીતરાગ મૂર્તિ ભગવાન આત્મા એના પક્ષમાં આવ્યો એની પરિણતિમાં એનું કેવું સ્વરૂપ છે? એમ કહે છે. આહા..હા..! જુઓ, આ સાધક જીવને, અનુભવીને કેવળી સાથે મેળવે છે. વિકલ્પરહિત આત્માના આનંદના અનુભવમાં જીવ હોય ઈ કેવળી ભગવાન સાથે એને મેળવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરિહંત, સિદ્ધ પૂર્ણ સ્વરૂપ. પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને પણ પંચપરમેષ્ઠીમાં ભેગા નાખ્યા. સમજાણું? અને ચાર જ્ઞાન અને ચૌદપૂર્વની રચના જેણે અંતર્મુહૂર્તમાં કરી એવા ગણધરોએ પણ પાંચ પદમાં બે પદ કેવળીના અને ત્રણ છદ્મસ્થના એમ કહીને પંચપરમેષ્ઠીના નાખ્યા છે. મહામંત્ર છે. પંચ પરમેષ્ઠીએ ... લોકોને એમ ને એમ ગડીયા .. થઈ ગઈને એટલે કાંઈ એની કિંમત જ રહી નહિ. પણ પંચ પરમેષ્ઠી તો પંચ મહામંત્ર છે. જે ગણધરો પણ જેની રચનાકાળમાં જેને પાંચ પદને નમે છે. નમીને પછી શાસ્ત્રની રચના કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ગણધર જેને અંતર્મુહૂર્તમાં તો ચૌદ પૂર્વ પ્રગટ્યા છે અને ચાર જ્ઞાન પ્રગટ્યા. બાર અંગ પ્રગટ્યા. આહા..હા..! એ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી અને શાસ્ત્ર પરમાગમની રચના કરે છે. સમજાણું કાંઈ? એવા એ કેવળી ભગવાન સાથે સાધકને, અનુભવીને ..મેળવે છે. આહા..હા..! જ્યારે આત્મા એવા વિકલ્પની જાળથી છૂટીને નિર્વિકલ્પ અનુભવમાં હોય ત્યારે એનું કેવું સ્વરૂપ છે એનું વર્ણન છે. સમજાણું કાંઈ?

'**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...**' એ તો જગતના સાક્ષી છે. કેવળીઓ સાક્ષી છે. '**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના...**' ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય, ગુણ અને પર્યાય. એના એ સાક્ષીપણે છે. ..માં આવે છે. એમ કે સાક્ષી-ફાક્ષી નહિ અમે તો એવા અનંત સાક્ષી પણ એ કોણ જાણે? જાણે કોણ? એ તો પર્યાયથી છે. કે આવી સાક્ષીપણાને જોતા એવી દશાઓ તો અનંત પડી છે અંદર. ... કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સાક્ષી.. ક્યા? એમ કહે છે. એ પણ જાણે છે કોણ ઈ? એય..! વસ્તુ એવી છે, બાપુ! છઠ્ઠી ગાથામાં ન કહ્યું? શુદ્ધ છે આત્મા. શુદ્ધ છે આત્મા. ક્યારે? ત્રિકાળે. પણ અનુભવમાં ન આવે ત્યાં સુધી શુદ્ધ છે એમ કહેવું કોને? જેને એ વસ્તુ જ્ઞેયપણે ખ્યાલમાં આવી નથી કે આ શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છું એવું જેને ખ્યાલમાં અને અનુભવમાં આવ્યું નથી એને શુદ્ધ ક્યાં છે પણ? શુદ્ધનું અસ્તિત્વનું હોવાપણે જેને પર્યાયમાં શુદ્ધપણું પ્રગટીને એના હોવાપણાનું ભાન થયું છે એને ઈ છે. છેને છઠ્ઠી ગાથા સ્થિતિ એવી છેને. વસ્તુસ્થિતિ એવી છેને. પરમાત્મપ્રકાશમાં તો બહુ નાખ્યું છે. ઘણે ઠેકાણે. .. તે કાળે. આહા..હા..! જે કાળે એ દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા પરના લક્ષને છોડીને સ્વના લક્ષમાં જાય એ લક્ષ કહો કે ધ્યેય કહો. સમજાણું કાંઈ? એનો એ પ્રશ્ન ... વાસ્તવિક લક્ષ છોડીને શ્રાવક થાયને? ... લક્ષ છોડી દે. લક્ષ પણ પર્યાય છે એમ કહ્યું. ઝીણી વાત ... લક્ષ તો દ્રવ્ય..

મુમુક્ષુ :- કાંઈ સમજવાનું નથી. અને આ તો સમજવા જેવું...

ઉત્તર :- ... ... ૮૦માં છે. 'વસ્તુસ્વભાવ લક્ષ છોડવાને સંસ્કાર તો.. લક્ષ ઉસકા.. ધ્યેય દૂસરા...' લક્ષ અને ધ્યેય એક જ છે. .. મિથ્યા છે. .. લક્ષ કહો કે ધ્યેય કહો એ તો એક જ વાત છે. લક્ષણ અને ધ્યેય જુદા છે. લક્ષ અને ધ્યેય જુદા નથી.

મુમુક્ષુ :- લક્ષ અને ધ્યેય એક જ છે.

ઉત્તર :- એક જ છે. લક્ષ કહો કે ધ્યેય કહો એક જ વાત છે. લક્ષણ અને ધ્યેય બે જુદા. એ પર્યાય. એય..! ..જી! .. વસ્તુસ્વભાવનું લક્ષ થઈ જવાથી ભાવ ત્રિકાળી છે. લક્ષસ્વરૂપનું ધ્યેય બીજું હોવાથી. લક્ષ બરાબર નથી. ... એય..! ચેતનજી! લક્ષણ અને ધ્યેય બે જુદાં, પણ લક્ષ છે એ તો ધ્યેય કહો કે લક્ષ કહો. એવી વસ્તુ છે. લક્ષ અને એનું ધ્યેય બીજું હોવાથી... એ બધું...

મુમુક્ષુ :- એ તો લખાણ કઈ રીતે છે એ?

ઉત્તર :- લખાણ કઈ રીતે છે. લક્ષ અને એનું ધ્યેય બીજું હોવાથી વસ્તુ બીજી છે. તો લક્ષની પર્યાયને ન જોવી. લક્ષની પર્યાયથી ન જોવું. લક્ષની પર્યાયથી ન જોવું. લક્ષની પર્યાય એ નથી. લક્ષ ધ્રુવ છે. ...એય..! વીરચંદભાઈ! 'લક્ષકી પર્યાય સે...' લક્ષને અહીંયાં પર્યાય કીધી છે. પર્યાય લક્ષથી.. પર્યાય લક્ષ ધ્રુવ છે. લક્ષ કરે છે ઈ પર્યાય છે, પણ લક્ષ છે એ તો ધ્રુવ છે. લક્ષ કરે છે એ લક્ષની પર્યાય છે. એય..! વસ્તુ તો ભાઈ .. છે. લક્ષની પર્યાયથી જોવું હું જ શુદ્ધ વસ્તુ છું. એમ લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. લક્ષ તો ધ્રુવ છે. ધ્રુવની પર્યાય જે છે એ ગૌણ થઈ જાય છે. લક્ષ ગૌણ થાતું નથી. લક્ષ તો ધ્રુવ છે. ...

મુમુક્ષુ :- આ સમજવું...

ઉત્તર :- આ સમજવું એને .. મુશ્કેલ છે. એ પર્યાય ઉપર વજન નથી જાતું. ... ત્રિકાળીપણે .. લક્ષ તો ત્રિકાળી.. ધ્યેય એક જ વાત છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માં ફેર છે. એય..! ...ભાઈ! આ તો મારા જરી .. સમજાણું કે નહિ? ..લાલજી!

અહીં તો કહે છે. આ તો બાપા વીતરાગમાર્ગ છે ભાઈ! સંતોની વાણી. આહા..હા..! .. એવો એ .. કાળની... વિકલ્પથી છે ત્યારે ભલે.. વિકલ્પ છે. વિકલ્પની એકતા ન હોય ચારિત્ર.. વિકલ્પ ઉઠે છે. પણ એના એ જ્ઞાતા હોય છે, પણ આ તો વિકલ્પરહિત અનુભવકાળમાં કેવો હોય એની વાત છે. સમજાણું કાંઈ? ચંદ્રકાંતજી! ... બાપા! ... તે સનાથ વિકલ્પને ... છે. આહા..હા..!

**'જેવી રીતે કેવળી ભગવાન,...'** આહા..હા..! આ તો કેવળી ભગવાનની સાથે અનુભવીને મેળવે. તો પછી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની શું વાત કરવી? પરમેષ્ઠી છે બાપુ! એમ ન જાણો. આ વસ્તુ હોય ત્યારે માને એ ચીજ બીજી છે. પણ જો ભગવાન આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઓહો..હો..! વીતરાગભાવ ઉછળીને પર્યાયમાં એકલો વીતરાગભાવ એને. ભાઈ! સાધુપણું કહેવાય બાપુ એ તો બહારની ક્રિયાકાંડમાં નગ્ન થઈ ગયા અને .. માટે સાધુ છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? ... આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને ભગવાનમાં જરીક ફેર છે. વળી કહે એમાં ફેર દેખે એ ઝેર છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ દશામાં ભગવાનમાં એમાં ફેર.. સમજાણું કાંઈ? એ તો વિકલ્પનો ફેર પાડ્યો. આહા..હા..! ગજબ વાત છે.

વીતરાગે જે વાત વાણીમાં આવી છે અલૌકિક છે. એણે વાણીમાં જે વાત બતાવી છે એમ ને એમ સમજે જાય .. પ્રયાસ જોઈએ. સમજાણું કાંઈ? એ આ કહે છેને ..વાણી. ... .... રાગરૂપી પર્યાય આખા આત્માને નાશ કરી નાખી. આહા..હા..! એમાં તો એ શબ્દ નથી, પણ આ એમાં ... સમજ્યા વિના પણ આવી જાય. આત્મા છે. આહા..હા..! એવી આત્માની જાત આ તો કેવી જાત છે. એક રાગનો કણ પણ પોતાનો માને તો આખો આત્મા દ્રવ્ય-ગુણ... એય..! એય..! ક્યાં ગયા? પ્રકાશદાસજી! આ તમારા ..ની વાત ચાલે છે. અભ્યાસ નથીને. આહા..હા..! તારી પ્રભુતાની શું વાતું કરવી? તારા અનુભવના કાળમાં અમે કેવળી ભગવાન જેવો તને કહી દીધો. આહા..હા..! કારણ કે ત્યાં તો વીતરાગ દશામાં જ વેદન છે. વેદું છું એવો વિકલ્પ નથી ત્યાં. એમાં પૂર્ણ છું, હું વેદું છું એવો ભેદ પણ ક્યાં ત્યાં છે? આહા..હા..!

**'જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...'** એમાં સાક્ષીપણું

આવશે .. સાર. ... એ સાક્ષી તો ત્યાં ... સાક્ષી છે ઈ અહીં કેવળી ભગવાન સાક્ષીપણા.. કહેવું હતું ઈ ... ... હા ઈ. સાક્ષીભાવ હોવો જોઈએ એ આવ્યું છેને? આપણે તો સાક્ષીપણામાં પણ નથી આવતા. આ કેવળ ભગવાન સાક્ષીપણામાં. ... 'વહાં સે ઐસા હી સાક્ષીભાવ તત્ત્વ.. અનંત સાક્ષીભાવ ઉસકો હૈ નહીં. એક સમયકા સાક્ષીભાવમેં પૂરા કા પૂરા આ જાઉં તો મેરા નાશ હો જાતા હૈ. સાક્ષીભાવ.. સાક્ષીભાવ તો વિકલ્પ...' ..માં છે. 'સાક્ષીભાવ .. એકત્વ નહીં કરના.' ... 'ઉસ સમય સાક્ષીભાવમેં .. નહીં આતે.' કારણ કે કેવળી સાક્ષીભાવમાં આવ્યા છે. પણ છતાં એને અહીં કીધું. **'કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે...'** આ તો .. યાદ આવી ગયું હોં. ... સમજાણું કાંઈ? રાગ આવે તો થાય. અહીં તો સાક્ષી ભગવાન જેમ સાક્ષી છે એમ અનુભવી પણ સાક્ષી છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અજર પ્યાલા છે બાપા! આ તો વીતરાગના ગજા, સાધારણ પ્રાણીના ગજા છે ત્યાં? ત્રણ લોકનો નાથ આખો જે પર્યાયમાં, અનુભવમાં આવે એ તો...

**'જે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...'** ... **'તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા),...'** એની સાથે લેવું. .. છેને કેવળી ભગવાનને? **'સાક્ષીપણાને લીધે,...'** **'તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે...'** એન. ઓલો સાક્ષી છે એ આને લીધે સાક્ષી છે એમ. આહા..હા..! સમજાણું કાંઈ? **'શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે...'** આ અધિકાર ઝીણો છે હોં. ૧૪૩માં બહુ ધ્યાન રાખીને... આહા..હા..! પહેલું શું ઉપાડ્યું કેવળી ભગવાન સાક્ષીપણે લીધા. આહા..હા..! જુઓ તો આચાર્યોની રચના! **'શ્રુતજ્ઞાનના અવયવભૂત...'** આ નય શું છે? શ્રુતજ્ઞાનનો અવયવ છે, અંશ છે, ભેદ છે.

**'વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** કોણ? કેવળી. **'નયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** અને તે નયબય નથી. નયના સ્વરૂપને જાણે છે બસ. અહીંયાં ઈ આવ્યું છે કે **'ક્ષયોપશમથી જેમનું ઉપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...'** વિકલ્પથી ત્યાં ગ્રહણ ઉત્સાહ સ્વભાવમાં વર્તે છે. અંતર્મુખમાં. એથી એને રાગને પકડવો એ ઉત્સાહ રહ્યો નથી ત્યાં. અનુભવમાં. પક્ષાતિક્રાંતના કાળમાં. અનુવાદ છેને આ? ... પણ એણે સમજવું તો પડશેને? આહા..હા..! **'શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** કેવળી જેમ જાણે છે એમ આ પણ જાણે જ છે. આહા..હા..! સ્વરૂપને કેવળ જાણે છે.

**'નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...'** કેવળી જે છે એ

તો નિરંતર પ્રકાશમાન સ્વભાવિક વિમળ સકળ કેવળજ્ઞાન વડે. ત્યારે આ '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણાને વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે)...**' કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' કેવળી. ... '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' ઈ કેવળી. આ અનુભવી '**તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' તે વખતે વિજ્ઞાનઘન થયો હોઈને. આહા..હા..! સમજાણું કાંઈ? ... ભગવાન કેવળી બે નયમાં નિરંતર પ્રકાશ સ્વભાવી .. જ્ઞાન વડે જાણે છે. ત્યારે આ '**તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવે, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી...**' જ્ઞાનમય એવો આત્મા એની સાથે પ્રતિબદ્ધપણું છે. ... ચૈતન્યમય આત્માના અનુભવ વડે એમ. પ્રતિબદ્ધ એટલે .. સમયનો અનુભવ. અતીન્દ્રિય આનંદના અનુભવ વડે. '**તે વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' આહા..હા..! વિકલ્પથી પક્ષાતિક્રાંત થયા કાળમાં એ વખતે વિજ્ઞાનઘન થયો. ભગવાન સદાય વિજ્ઞાનઘન છે. એ જ વખતે છે. આઘોપાછો વિકલ્પ નથી. એ તો એકરૂપી જ્ઞાનઘન ભગવાન છે. .. પણ વર્તમાન અનુભવ વખતે તો એવો જ છે કહે છે. આહા..હા..!

બાપુ! ભગવાન! આ તો કેવળીની વાતું છે, નાથ! ... છે એટલે ઓહો..હો..! એક સમયની પર્યાય.. આમાં તો એવી પર્યાયમાં ... આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' એટલે શું કહ્યું ઈ? ઓલું તો '**સદા નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' સદા પોતે જ વિજ્ઞાન થયો. આ સદા નહિ. એ વખતે પોતે વિજ્ઞાનઘન થયો હોઈને. એટલો ફેર છે. ... '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' કેવળી. પાંચમો બોલ. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' કેવળી છે. '**(અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી,...**' કેવળી સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી. અહીં '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એટલી વાત છે. વિકલ્પ જે છે શ્રુતજ્ઞાનસ્વરૂપ સમસ્ત અંતર્જલ્પ વિકલ્પ હોં એમ કહે છે. એ ઉપડ્યોને વિકલ્પ અંદર? '**બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી,...**' કહો, સમજાણું? કેવળી શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે. '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી,...**' અને આ '**બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી,...**' આહા..હા..! હું આવો શુદ્ધ છું કે આવો છું કે આવો છું એવા વિકલ્પને જે ગ્રહતો નથી.

આરે! ભારે વાતું ભાઈ આવી! અને કોઈપણ નયપક્ષને ગ્રહતો (નથી), આ પણ કોઈપણ નયપક્ષને શ્રુતજ્ઞાની (ગ્રહતો નથી). કેવળી ભગવાનની સાથે એને મેળવ્યો. આહા..હા..!

'**તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' સમસ્ત વિકલ્પોથી અતિ પર, '**પરમાત્મા,...**' છે એ તો. આહા..હા..! પર્યાયમાં પરમાત્મા. દ્રવ્યમાં તો પરમાત્મા છે ઈ. અનુભવની વીતરાગી પર્યાય એને અહીં પરમાત્મા, પરમ આત્મા, પરમ સુખ. જેવું પરમસ્વરૂપ છે એની પર્યાયમાં પરમ સ્વરૂપ આવ્યું. આહા..હા..! છે? '**જ્ઞાનાત્મા,...**' હવે પરમ આત્મા તો કહ્યો, પણ પાછું એનું મૂળ સ્વરૂપ શું? એ '**જ્ઞાનાત્મા,...**' પરમાણુને પરમ આત્મા કહેવાય પરમસ્વરૂપ દ્રવ્યને. આ તો પરમાત્મા પણ જ્ઞાનાત્મા એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ. '**પ્રત્યગ્જ્યોતિ,...**' પૃથક્ જ્યોતિ. પરથી તદ્દન પ્રત્યક્ષ. તદ્દન જ્યોતિ જુદી ચૈતન્ય ઝળહળ જ્યોતિ. આહા..હા..! એ આ ચોથે ગુણસ્થાને જે નિર્વિકલ્પ અનુભવ હોય એની વાત છે આખી. આહા..હા..! એ શાસ્ત્રમાં કહ્યું તે જાણવા, સમજવા એના પણ ઠેકાણા ન હોય. અને આટલાનું જાણવું થઈ જાય એને (એમ બને નહિ). આહા..હા..!

'**આત્મખ્યાતિરૂપ,...**' લ્યો આ ટીકાનું નામ આપ્યું. એ આત્મ પ્રસિદ્ધિ થઈ એ વખતે. વિકલ્પાતીત અનુભવમાં આત્મ પ્રસિદ્ધિ થઈ કે આત્મા શુદ્ધ આનંદકંદ છે. આહા..હા..! '**અનુભૂતિમાત્ર સમયસાર છે.**' એ આનંદના અનુભવની પર્યાયમાત્ર તે સમયસાર છે. ઠીક! એ પર્યાયમાત્ર. આહા..હા..! ૨૦મો બોલ. ૨૦મો બોલ છેને ભાઈ! આત્મખ્યાતિરૂપ પ્રસિદ્ધ છે. એ કહ્યુંને? જ્ઞાનસ્વરૂપ પરિણમ્યું પરમ શક્તિ. અનુભૂતિમાત્ર. એકલો અનુભૂતિ... અનંતગુણની પર્યાય... અનુભવમાત્ર તે આત્મા. તે સમયસાર છે. સમજાણું કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૫, બુધવાર, તા. ૨૦-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૩, પ્રવચન-૨૫૮

સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની શરૂઆત કેમ થાય? એની વાત છે. પક્ષાતિક્રાંત. એટલે કે પરવસ્તુ શરીર, વાણી, મન, કર્મ, પૈસા, આબરૂ, કીર્તિ એ તો પર છે. આ .. અને એનાથી મને ઠીક છે એ માનવું એ તો મિથ્યા ભ્રમ છે. મિથ્યાત્વના-પાપના પોષક છે એ તો. મહાપાપ...

આહા..હા..! કર્મ એની વાણી જડ, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, વિષય વાસનામાં સ્થિત છે. એ મને ઠીક પડે છે. એટલે કે મારા છે. અને એમાં હું છું એવી માન્યતા તો .. વિપરીત માન્યતા છે. ... અને એથી આગળ જતાં નયની વાત આવી છે. ત્યાંથી એને મમતા ઉઠાડવી છે એમ કહે છે. મારું આ શરીર, વાણી, પર એ તો નહિ. પણ અંદરમાં વસ્તુની સ્થિતિને વિચારવામાં રાગમિશ્રિત વિચારોનો (કે) આત્મા છે એવો જ હું છું, એવો જે વિકલ્પ ઉઠે અને એવો હું રાગવાળો નથી એવો પણ એક વિકલ્પ ઉઠે એ પણ એની મમતા છોડવા જેવી છે. સમજાણું કાંઈ? એ ત્યારે એને સુખી થવાનો પંથ હાથ આવે. સમજાણું કાંઈ?

કહે છે ત્યારે એને આત્મામાં અંતર અનુભવ થાય. કહે છે કે સુખી થવાના રસ્તે પડતા સુખનું વેદન થાય ત્યારે કેવો હોય ઈ એમ કહે છે. સમજાણું કાંઈ? બાકી તો બધા દુઃખને પંથે છે. કેમ? પોપટભાઈ! આ બધા પૈસાવાળા કહેવાયને. મૂઢ છે કહે છે. જગતની ચીજ જડ છે એ તારી ક્યાંથી થઈ ગઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એની પાસે આવી ક્યાંથી?

ઉત્તર :- એની પાસે ક્યાં આવી? ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... છે? .. છે. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- બેંકમાં એના ખાતામાં પડી છે.

ઉત્તર :- એનું નામ પણ ક્યાં છે એનું? ઈ નામ છે એમાં આત્મા ક્યાં છે? આહા..હા..! વાતું તો એવી છે ભાઈ! આ તો અંતરમાં જે દુઃખી છે અને અંતરના વિચારમાં આવ્યો છે કે આ હું એક આત્મા શુદ્ધ છું, અબદ્ધ છું, પૂર્ણ આનંદ છું એવા રાગના પક્ષમાં ઉભો છે એ છોડવા જેવું છે કહે. આહા..હા..! દૃષ્ટિમાંથી એને નયપક્ષ છોડવા જેવું છે. પોપટભાઈ! આવું છે. અરે..! અનંતકાળમાં એની રીતને સમજ્યો નથી. સમજાણું કાંઈ?

અહીં તો છેક કેવળી ભગવાનની સાક્ષી આપી છે. આહા..હા..! બાપુ! '**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના...**' વિશ્વ કીધુંને? આખી દુનિયા. છ દ્રવ્ય, એના ગુણોની પર્યાય એના એ સાક્ષી છે. આહા..હા..! સિદ્ધો અને કેવળીઓના પણ એ સાક્ષી છે. સમજાણું કાંઈ? '**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના...**' સમસ્ત ચીજના. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જે પર બધા છે એના એ સાક્ષી છે. આહા..હા..! ચેતનજી! એ તો પર્યાય છે. ત્રિકાળમાં તો એવા અનંત સાક્ષીપણા કર્યા છે, પણ એ અનંત સાક્ષીપણા પૂર્ણ છે એને જાણે કોણ? .. આ વર્તમાન. એ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વર્તમાનનો જ સાક્ષી હોયને...

ઉત્તર :- વર્તમાન સાક્ષી થાય ત્યારે ત્રિકાળ સાક્ષી છે એનું એને જ્ઞાન થાય. સમજાણું

કાંઈ? .. નહિ? ભાઈ! શાસ્ત્ર ભાષા એવી હોય છે કે ગંભીર અને તેને સમજવા માટે (ઘણી ગંભીરતા જોઈએ) આ તો અનાદિ .. આચાર્યો, સંતોની છે એવી વાણી હોય છે આ. સમજાણું કાંઈ? કહે છે કે **'વિશ્વના સાક્ષીપણાને લીધે,...'** ઈ એક બોલ થયો. એમ આત્માને મેળવે છે. **'તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા),...'** છે પછી? .. જુદા. ... ઘણા વર્ષની વાત છે. ... અહીંયાંથી... આહા..હા..! કેવળી ભગવાન વિશ્વના સાક્ષી છે. પણ કેવળી પણ સાક્ષી? આહા..હા..! તેવી રીતે ધર્મી શ્રુતજ્ઞાની આત્મા. કેવળી ભગવાનની સાથે મેળવે છે અહીંયાં. શ્રુતજ્ઞાની એટલે સમ્યગ્જ્ઞાની આત્મા **'ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે...'** એમને તો ક્ષાયિક છે એટલે ઉપજવું થાતું નથી. આને ક્ષયોપશમ અપૂર્ણદશા છે એથી **'શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો...'** શ્રુતજ્ઞાન સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એટલે તે જ્ઞાનસ્વરૂપ તો રાગરહિત છે, પણ એમાં ભેદ પડ્યો છેને. શ્રુતજ્ઞાનસ્વરૂપ વિકલ્પો. હું શુદ્ધ છું, અભેદ છું, એવા વિકલ્પો ઉત્પન્ન થતાં ધર્મીને સમ્યક્ અનુભવ કાળે ધર્મની પહેલી દશાના કાળે **'પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...'** કારણ કે જે અનુભવમાં છે અંદર, પછી એ વિકલ્પને પકડવો એવો ઉત્સાહ જ્યાં નથી.

મુમુક્ષુ :- સાક્ષીપણું છે માટે.

ઉત્તર :- સાક્ષીપણાને લઈને.

મુમુક્ષુ :- એનો મોટો .. છે.

ઉત્તર :- ... સમજાણું કાંઈ? કાલે વંચાઈ ગયું છે આ તો. પણ કહ્યું હતુંને ફરીને. આહા..હા..! ચાલતી ભાષા પણ એવી શૈલી છે. શૈલી એવી છે કે એમાં બરાબર યથાર્થપણું આવી જાય એવી છે.

**'શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ...'** કેમકે જ્યાં આત્મા નયપક્ષના વિકલ્પથી છૂટીને સ્વરૂપના તરફના દૃષ્ટિમાં, અનુભવમાં છે. તો અનુભવના કાળે છદ્મસ્થથી ચોથા ગુણસ્થાનવાળાને પણ ધર્મની દશા પ્રગટ થવા કાળમાં પણ એ **'નિવૃત્ત થયો હોવાને લીધે,...'** એનાથી નિવૃત્ત. ઓલો સાક્ષી છે, તો આ વિકલ્પથી નિવૃત્ત છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાય-બધાય. ... ત્યાં વિકલ્પમાં અબુદ્ધિ .. ઈ ક્યાં ખ્યાલમાં છે? અંદરથી તો વિકલ્પથી નિવર્તેલો જ છે. વિકલ્પથી અબુદ્ધિપૂર્વકથી નિવર્ત્યો છે. અબુદ્ધિપૂર્વક તો અસ્થિરતાની અપેક્ષાએ કહેવાય છે, પણ અંદર એકાગ્રતાની અપેક્ષાએ તો અબુદ્ધિપૂર્વક વિકલ્પ બધાથી નિવર્તે છે. શું કીધું વળી?

મુમુક્ષુ :- શ્રદ્ધા અને ચારિત્રનો બેનો ફેર છે.

ઉત્તર :- એમ બે ભેદ છે. ચારિત્રના અબુદ્ધિપૂર્વક વિકલ્પમાં ભલે હોય, પણ શ્રદ્ધામાં બુદ્ધિ-અબુદ્ધિપૂર્વકના વિકલ્પથી નિવર્તી ગયેલો છે અંદરથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મારગડા જુદા છે ભાઈ એના. આખું .. એને ચોર્યાસીના અવતાર એના કારણોને ઉથાપી નાખવા છે. ગુલાંટ ખાઈને અંદરમાં પડે છે. આહા..હા..! એ કેવળી ભગવાન જેમ જગતના સાક્ષી છે. એમ અનુભવી અનુભવ કાળે પણ ઉત્પન્ન વિકલ્પો હોવા છતાં તે કાળે તેનાથી નિવૃત્ત છે. સમજાણું કાંઈ? પણ અબુદ્ધિપૂર્વક છેને? એ અબુદ્ધિપૂર્વક છે એ તો અસ્તિત્વ અસ્થિરતાનું છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ સંબંધી જે એકતા હતી એ એકતા વિકલ્પથી તૂટી ગઈ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવા ભાઈ! એ એક બોલ થયો.

બીજો. '**શ્રુતજ્ઞાનના અવયભૂત...**' જે અજાણ્યા હોય એને .. બતાવજો ભાઈ આ ક્યાં ચાલે છે. કોના ઉપર ચાલે છે શાંતિભાઈ! જુઓ અંદર. પહેલો બોલ પછી બીજો બોલ અંદર આદ્યો છે. બીજો બોલ. '**શ્રુતજ્ઞાનના અવયભૂત...**' શ્રુતજ્ઞાન પ્રમાણ છે. એના ભેદરૂપ અવયવ. વ્યવહાર-નિશ્ચયનો પક્ષ ... સમજાણું કાંઈ? .. વ્યવહારનિશ્ચય આ શું કહ્યું છે? પહેલું વ્યવહાર. પહેલો વ્યવહાર. રાગનો તો નિષેધ કરતા આવ્યા છીએ. હવે નિશ્ચયના પક્ષનો નિષેધ કરે છે... આહા..હા..! શ્રુતજ્ઞાની તે કાળે. .. સમજવું પડશે બધું. એમ ને એમ ચાલે એવું નથી આ. એ દુઃખી છે ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! ... '**કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...**' કહ્યું? હવે એની સામે. '**ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો...**' આમ ભાષા શું લેવી છે? છે તો રાગ વિકલ્પ. એ શ્રુતજ્ઞાન સ્વરૂપ જે છે એમ નહિ. પણ ઓલો ભેદ પડ્યોને? એથી એને શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ચેતનજી!

શરીર .. હોયને એને ... .. '**શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત...**' છે. ઉત્સાહ પરતરફ નથી એમ કહે છે. સ્વરૂપ તરફની સન્મુખમાં અનુભવમાં ધર્મી છે. જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય ત્યારે તે અનુભવમાં અંદર પડેલો હોય છે. આહા..હા..! સુમનભાઈ! આવું કામ છે. બાકી બધા થોથા કર્યા કરે છે અનાદિથી. આહા..હા..! જગતના દુઃખના પંથે પડ્યા. દુઃખના ડુંગરામાં માથા ફોડે છે. આહા..હા..! ઓહો..! પ્રભુ સુખી છે. સમજાણું કાંઈ? એ શબ્દમાં આવે છે કે પર્યાયમેં બેઠકર દ્રવ્ય કો દેખને સે દ્રવ્ય ભિન્ન દીખતા હૈ. પર્યાયમાં બેસે તો ભિન્ન દેખાય તો તો થઈ રહ્યું. .. એમ ન થાય. પર્યાયમેં બૈઠનેસે એને દ્રવ્ય ભિન્ન દિખતે હૈ. ભિન્ન ક્યાં દેખે? પર્યાયમાં બેઠો હોય તો ભિન્ન દેખે ક્યાંથી? કહેવાનો આશ્રય એમ લેવો જોઈએ કે પર્યાયમાં બેઠો છે, દ્રવ્યમાં અભેદ પોતાનું... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવા શબ્દો છે એમાં જરી આ તો એક... આ બધા.. દ્રવ્યમેં બૈઠને સે પર્યાયકા કાર્ય ભિન્ન દેખતે હૈ. હવે એનો અર્થ શું? પર્યાય દ્રવ્યમેં બૈઠને સે. દ્રવ્ય .. પર્યાય બેઠે છે લ્યો. કહ્યું કે નહિ? દ્રવ્યમાં પર્યાય.. દ્રવ્યમાં બૈઠને સે કાર્ય ભિન્ન દેખતે હૈ પર્યાયકા. તો પર્યાય પોતે જાણે કે આ ભિન્ન મારું કાર્ય છે. આહા..હા..! ... જુઓને આ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો .. બિચારા લાલચંદભાઈ કેમ... આ શબ્દ આવી ગયા છેને તો મેળ ખાય નહિ આમાં. પર્યાયમેં બૈઠકર દ્રવ્ય કો ભિન્ન દેખતે હૈ એનો અર્થ શું? આહા..હા..! દેખાય છે ભિન્ન? એય..! પણ એનો અર્થ કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભિન્ન ન દેખાય. એ વાત નથી. મેળવાય નહિ. એમ ભિન્ન રહી જાય છે એમ. પર્યાયમાં દૃષ્ટિ રાખવાથી ભિન્નપણું દ્રવ્યનું રહી જાય છે. ત્યારે એનો મેળ ખાય. અને દ્રવ્યમાં બૈઠનેસે પર્યાયકા કાર્ય ભિન્ન દિખતે હૈ. એનો અર્થ શું? દ્રવ્યમેં બૈઠનેસે તો પર્યાય .. દ્રવ્યમાં.. તો બેઠું નથી. પર્યાય દ્રવ્યમાં જવાથી દ્રવ્યમાં બેઠું છે. એનાથી પર્યાયના કાળમાં આ દ્રવ્યથી પર્યાયનું કાર્ય ભિન્ન છે એમ જ્ઞાન જાણે છે. લાંબો અર્થ કરે છે. આ તો ચોખવટ થવી જોઈએ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો જુઓ, સીધી વાત છે. ભગવાન આત્મા જ્યારે પર્યાયને દ્રવ્યમાં વાળીને એકત્વ થયો છે. તે વખતે તે અનુભવમાં છે. વિકલ્પ આ .. કાંઈ નહિ આહા..હા..! ભારે વાત! જેઠાભાઈ! આ કાંઈ લાડવા નથી તે ઝટ ખાઈ જવાય. થોડી .. રાખવું જોઈએ. આહા..હા..! દુઃખી થઈને મરી ગયો હેરાન થઈને. સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા તોપણ બિચારો દુઃખી છે. તો આ તો બિચારા સંસારી મહા આખો દિ' વિકલ્પની જાળમાં ગૂંથાયેલા આ કરવું ને આ કરવું. દુઃખી... દુઃખી... દુઃખી... બાબુભાઈ! બરાબર હશે? આહા..હા..! અને .. થવાની જાળું જે છે દોડાદોડ કરે પૈસા રાખવા માટે, આબરૂ રાખવા માટે ઓહો..હો..!

અહીં તો કહે છે જ્યારે એને વિકલ્પની જાળ અંદરની વિચારધારાની આવી. ઓલી તો એકદમ ખોટી. ખોટી એટલે નથી અત્યારે. આવો ભગવાન આત્મા છે અબદ્ધ શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ. કળશમાં આવે છે આપણે આ ... અખંડ છે એ તો પ્રમાણ થઈ ગયું એનું તો જ્ઞાન. અખંડ છે. પ્રમાણ થઈ ગયું. ... અખંડ છે એમાં એક સામાન્યપણું દેખાય. નય છે એ નયના વિષય અંશ જ હોય છે. અખંડ આવ્યો એટલે પ્રમાણ થઈ ગયું એમ નથી. એમ કીધું ઈ.

મુમુક્ષુ :- અખંડ ..

ઉત્તર :- પણ નય છેને. નય છે તો નયમાં તો અંશ જ આવે. એટલે અખંડ અભેદ સામાન્ય એક અંશ છે. સમજાણું કાંઈ? અખંડની સાથે પર્યાયનું ભળવું ત્યારે પ્રમાણજ્ઞાન

થાય. ભારે કામ! આહા..હા..! અખંડ છે, અભેદ છે એમ... ... આવે છે. એમાં છે. ...એ .. એને મિથ્યાત્વ.. હજી તો સમ્યગ્દર્શનની ખબરું ન મળે. આહા..હા..! કહે છે નિશ્ચય.. અનુભવમાં અખંડ ઉપર દૃષ્ટિ છે. એને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ આનંદમાં છે. ઈ કેવળી ભગવાન જેવો સાક્ષી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ! આ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે હોં. ... કર્તાકર્મપણું એ હું આવો છું એવો જે વિકલ્પ છે એને કર્તાપણું અને એ કાર્ય જ્યાં સુધી મારું છે એમ છે ત્યાં સુધી તો મિથ્યાત્વમાં છે. બીજાના કાર્ય કરું અને કાર્ય આમ કરું ઈ વાત તો અહીં છે નહિ. આહા..હા..! એનામાં હું એક અખંડ અભેદ સર્વજ્ઞ પરમાત્માએ સામાન્ય વસ્તુ જોઈ એવો હું અખંડ છે એવો પણ એક વિકલ્પ છે રાગ. એ રાગ પણ આવો છે અને હું એનો કર્તા અને એ મારું કર્તવ્ય છે. ઓહો..હો..! મિથ્યાત્વના ઘુંટડા છે ઈ તો. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજો બોલ. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ,...**' કોણ? કેવળી. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' એટલે વિકલ્પમાં નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**કેવળ જાણે છે...**' આહા..હા..! ઈ વિકલ્પ જે છે રાગનો અંશ છે એના દ્વારા આત્મા આવો છે એમ .. કલ્પ્યો છે એ બધું કર્તૃત્વ મિથ્યાત્વ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનુભવના કાળમાં એ વિકલ્પનો સાક્ષી છે. વિકલ્પ ઉઠ્યો ત્યારે શું વિકલ્પ ઉઠ્યો છે ...નો. .. '**કેવળ જાણે છે...**' જોયું? ઓલામાં એમ કીધું છેને કે સ્વરૂપને જ કેવળ જાણે છે. એમ આ નયપક્ષોના સ્વરૂપને એમ. ઓલો વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ. આ પણ '**વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' આહા..હા..! આ ભૂમિકા સમ્યગ્દર્શન પામવાના કાળમાં સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ થઈ જાય છે એમ કહે છે. એથી વિકલ્પનો એ સાક્ષી થઈ જાય છે. આવી વાત. વિકલ્પ છે અંદર. સાક્ષી અનુભવમાં સાક્ષી થઈ ગયો છે. .. વિકલ્પ ઉઠે. .. વિકલ્પ ન હોય તો તો કેવળી થઈ જાય. ... છે કે નહિ? .. એકત્વબુદ્ધિ નથી. એથી એ સાક્ષી થઈ ગયો છે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું. આહા..હા..! બે બોલ થયા.

ત્રીજો. '**નિરંતર, પ્રકાશમાન,...**' કેવળી. '**નિરંતર, પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...**' જાણે છે એમ કહે છે. એમ કેવળી. ત્યારે અનુભવમાં '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા,...**' અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ એ પર્યાય થઈ. આહા..હા..! વિકલ્પને છૂટીને. આહા..હા..! '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી...**' જ્ઞાનની તીક્ષ્ણ દૃષ્ટિ દ્વારા આત્માને જાણે છે એમ કહે છે. '**ગ્રહવામાં આવેલા,...**' શું? '**નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણાને વડે...**' એમ કહે છે. આહા..હા..! કેવળી સહજ વિમળ

સકળ કેવળજ્ઞાન વડે ત્યારે આ નિરંતર છે. અહીં અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી. તીક્ષ્ણ જ્ઞાન, ઝીણું જ્ઞાન, વિકલ્પને છોડીને થયેલી તીક્ષ્ણ જ્ઞાન દૃષ્ટિ એ વડે ... **'પ્રતિબદ્ધપણા વડે...'** સમયના પ્રતિબદ્ધ કીધું છેને? સમય શબ્દ ... બીજી પ્રતમાં. **'णवरं तु समयपडिबद्धो'** મૂળ પાઠ. ગાથા. ઈ. **'समयपडिबद्धो'** એટલે? તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિ દ્વારા વિકલ્પનો અભાવ થઈ ગયો છે ત્યાં. એવી જ્ઞાનદૃષ્ટિ દ્વારા ભગવાન આત્માને, ચિન્મય આત્મા. એ તો એકલું જ્ઞાનસ્વરૂપ જ આત્મા. જ્ઞાનસ્વભાવ સ્વરૂપ જ ભગવાન છે. એને એવો સમસ્ત એટલે આત્મા. ચિન્મય સમસ્ત. એ વ્યાખ્યા કરી પાછી કે આત્મા છે. .. છે કેવો? કે જ્ઞાનમયપણે. આહા..હા..! **'પ્રતિબદ્ધપણા વડે...'** અનુભવમાં એ ચિન્મય આત્મા વડે પ્રતિબદ્ધ છે. ત્યાં ... લેવો. કહો, ચીમનભાઈ! આવું ઝીણું છે. ... ઝીણી વાત છે. સમજાય તો .. ક્ષણમાં. જ્યાં સુધી ન પકડાય ત્યાં સુધી. ... બે દિ' સાંભળ્યું હોય...

મુમુક્ષુ :- સાંભળીને વિચાર કરે તો

ઉત્તર :- .. વિચાર કરવાનો ... બેય ભાઈઓ આવે છે. ... આહા..હા..!

ભગવાન! સકળ કેવળજ્ઞાન વડે. સમજાણું કાંઈ? .. પોતાનો સમય પ્રતિબદ્ધ ભગવાન આત્મા **'નિર્મળ, નિત્ય-ઉદિત;...'** ત્રિકાળ પ્રગટરૂપ છે વસ્તુ. **'ચિન્મય સમયથી...'** અનુભવ કાળે એની પર્યાય ત્યાં ચિન્મયમાં લીન થઈ ગઈ છે. આહા..હા..! બહુ જ ટૂંકામાં એકદમ સાર છે. સમજાણું કાંઈ? ચોથો. **'તે વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...'** કેવળી. **'સદા પોતે જ...'** પોતે જ પોતાથી વિજ્ઞાનઘન થયા હોઈને. એમ. આહા..હા..! આમાં. **'તે વખતે...'** ઓલામાં સદા છે. આમાં તે વખતે છે. અનુભવ કાળમાં. ... **'તે વખતે...'** આહા..હા..! પરમાત્મપ્રકાશ ભાઈ એ લીધું છે બહુ. તે કાળે આમ છે... તે કાળે આમ છે... એમ બહુ શબ્દ. નિર્વિકલ્પ અનુભવ કાળે આત્મા આવો છે, ફલાણે કાળે આવો આત્મા છે. આહા..હા..! .. ખ્યાલમાં આવ્યા વિના આ છે એ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી ન આવે. એનું .. રૂપ જ કેવું? એને સાંભળવાથી જે જ્ઞાન થયું એનાથી ન આવે. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આહા..હા..!

**'તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...'** એટલે કે ઓલો વિકલ્પ છૂટ્યો છે તો વિકલ્પ પહેલો હતો એનો સહારો છે. એમ નથી. આહા..હા..! નહિ આ તો પહેલા વિકલ્પ હતોને એટલે કાંઈક હળવો થયોને? ઘણા એમ કહે છે. ઈ વ્યવહારમાં આવે .. આવા ને આવા ભ્રમણા ઉઠે.

મુમુક્ષુ :- ... રાગમાં આકુળતા થાય.

ઉત્તર :- ... આ કાળે ... આવે છે નિશ્ચય...

મુમુક્ષુ :- ..માં આવે છે.

ઉત્તર :- ઈ બીજી વાત છે સમયે-સમયે. એ તો અશુભ ટળીને શુભ થયો છું એ સમયે સમયે રાગ ઘટતો જાય છે એમ વાત છે. દૃષ્ટિ અંતરમાં છે અને અંદર શુભભાવમાં આવ્યો તો તે વખતે પણ અશુભભાવ ઘટી ગયો છે. પણ ઓલી દૃષ્ટિ છે... સમજાણું કાંઈ? ... આવે છેને?

મુમુક્ષુ :- .. છે.

ઉત્તર :- એ સુખે-સુખેનો અર્થ ઈ. ... નથી. શુદ્ધમાં ઉપયોગમાં રહી શકતો નથી ત્યારે એને આવો શુભભાવ હોય છે. એમાંથી શુભભાવમાં તે કાળે પણ અશુભ રાગ છૂટ્યો છે. એ તો રાગ છે, પણ એમાંથી અશુભ રાગ ઘટ્યો છે. અશુભ વખતે તો અશુભ છે માટે ઘટવાપણું નથી. અશુભ વખતે તો છ દ્રવ્યના આશ્રયની મંદતા છે. અને શુભ વખતે આશ્રયની ઉગ્રતા થોડી છે અને શુદ્ધ વખતે પણ ઉગ્રતા છે. ઈ જીવને લઈને નહિ. સમજાણું કાંઈ? વાત એવી છે. વસ્તુ છે, વસ્તુ પોતે વીતરાગ વિજ્ઞાનઘન કીધુંને? વિજ્ઞાનઘન. '**વિજ્ઞાન થયો હોઈને,...**' અનુભવકાળે. પછી જ્યારે વિકલ્પ ઉઠે તોપણ એ વિકલ્પનો સાક્ષી છે. અશુભ વિકલ્પને કાળે સ્વના આશ્રયથી એ મંદતા છે. છે ખરો. અને શુભ વખતે અશુભ ટળ્યો એટલી ઉગ્રતા ..માં. એથી કહ્યું. આ બાજુ ઉગ્ર થતાં શુભ પણ રહેતો નથી. વસ્તુ આવી છે. બધા રાડે રાડ પાડે વ્યવહાર લોપ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... તારે લગન કરવા છે? ભાઈના લગન થાય છે. હા. પણ લગન એટલે શું? તો કહે ખબર નહિ. એમ ગાંડા ભાન વિનાના. કે .. તારે? કે હા. કઈ રીતે? આ કરીએ છીએ એ કરતાં-કરતાં થાશે. શું કરે છે સાંભળને. આહા..હા..! ભગવાન આત્મા મોક્ષ સ્વરૂપ છે. એના આશ્રય વિના કદી પણ અંશે મુક્ત થઈ શકે નહિ, તો પૂર્ણ મુક્ત થવા માટે પૂર્ણ ઉગ્રતા આશ્રય જોશે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજ છે. વસ્તુસ્થિતિ આવી છે ત્યાં. એ કોઈએ કરી છે? ભગવાને તો બતાવી છે. સમજાણું કાંઈ? ચોથો બોલ થયો.

પાંચમો. કેવળી.. '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' કેવળી. કેવળી તો શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનની ભૂમિકાથી .. જાય છે. રાગ '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ભારે... વસ્તુ. ધર્મને પામવાની રીતની ભૂમિકા આ છે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનની ભૂમિ. સ્થાન છૂટી ગયું છે

કેવળીને એ ભૂમિ જ નથી કહે છે. આને ... શ્રુતજ્ઞાનસ્વરૂપ સમસ્ત અંતર્જલ્પ. એમ શ્રુતજ્ઞાનસ્વરૂપ એનો અર્થ? જ્ઞાનમય એકલું નહિ, પણ એની સાથે વિકલ્પ રહે છે. **'સમસ્ત અંતર્જલ્પ...'** ઈ આવે છે આમાં. કળશમાં પણ આવે છે. કળશ છેને? શ્રુતજ્ઞાન સ્વરૂપ વિકલ્પ. આવે છે. ... શ્રુતજ્ઞાનસ્વરૂપ વિકલ્પ. જ્ઞાનસ્વરૂપ વિકલ્પ છે? પણ એ શ્રુતજ્ઞાન સ્વરૂપમાં વિકલ્પ પડે છેને ત્યાં સુધી વિકલ્પ એને શ્રુતજ્ઞાનસ્વરૂપ વિકલ્પ કહેવાય છે. આહા..હા..! શાંતિથી શાસ્ત્ર વાંચવા નથી, વિચારવા નથી, જોવા નથી અને એકદમ કૂદકો મારીને એ એકાંત છે. .. નથી. વસ્તુ તો ... જ્ઞાનઘન. એમાં વાત નાખી છે ઓલી બીજી. એમાં કરતાં-કરતાં આની નાખી છે કે સોનગઢવાળા નિમિત્તને આ રીતે ચર્ચે છે એમ નહિ. ... સ્થિતિ. આ ... એ તો ... બસ. ત્યાં ... તાકાત હોય. ત્યાંથી આ આવી ગઈ છે.

એમ કે આનાથી આ થાય. નિમિત્ત ન થાય એમ નહિ. પણ આનાથી થાય. ઈ વાતું વ્યવહારની છે સાંભળ એમાં .. અભ્યાસ ખોટો છે એમ કે આ જે .. છે એ .. નથી. એને વહેમ પડી ગયો. કે આવી ભૂલ? આવી જાતની ભૂલ આવી ક્યાંથી? ... ... એમ કે આવી ... ભૂલ ... ક્યાંથી આવી કહે? અભ્યાસ. ... ભગવાને જે શાસ્ત્રમાં કહ્યું છે. સમજાણું કાંઈ? જુઓ આ સંતોએ, મુનિઓએ કહી છે. ... એય..! આમાં મળતું નથી. હવે સાંભળને પહેલું. આહા..હા..! વીતરાગી સંતોની જે અંતર ટીકા .. છે? લખાણ છે. કેટલાક ... .... એ આડા ચાલે. ... ત્યાંથી ... પાછા ક્યાંક ગયા અને ત્યાંથી આ ...

અહીં કહે છે. આહા..હા..! એ ભગવાન તારા જવામાં કહે છે સુખના વિકલ્પનો ત્યાં અભાવ છે. સમજાણું કાંઈ? પાંચ થયાને? છઠ્ઠો. **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી,...'** એમ અનુભવમાં **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી,...'** વસ્તુ છે એવું તો પહેલા વિકલ્પાત્મક નય દ્વારા જાણી.. અને વિકલ્પ તૂટી જ્યારે અનુભવમાં આવે છે ત્યારે પછી કોઈ પક્ષ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'નયપક્ષને ગ્રહતો નથી,...'** લ્યો! **'કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...'** કહો, ચેતનજી! સદા વિકલ્પથી પર કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યોગ્યતા નથી.

**'સમસ્ત વિકલ્પોથી અતિ પર,...'** અતિ પર એમ. આહા..હા..! **'પરમાત્મા,...'** અંતર વસ્તુ પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યઘન. એમાં દૃષ્ટિ પડતાં વિકલ્પરહિત થયો એ તો પરમાત્મા થયો કહે. પરમસ્વરૂપમાં આવ્યો. પરમસ્વરૂપમાં એ આવ્યો. પર્યાયમાં જે અપરમભાવ હતો

એ પરમાત્મા પરમસ્વરૂપ થયું. આહા..હા..! આનું નામ તો હજી પહેલો સમ્યગ્દર્શનનો શુદ્ધ ઉપયોગ અને ધર્મ. સમજાણું કાંઈ? વ્યવહાર સાધન કહ્યું છેને? ... નહોતો વ્યવહારમાં? ત્રણ વાર આવ્યું. એક તો નિયતનો હેતુ, વ્યવહાર કારણ, નિશ્ચય કાર્ય ... સાંભળને હવે. અને ... ધર્મ. આવ્યું નહિ? નિશ્ચય સત્. સત્યાર્થ તે નિશ્ચય. અસત્યાર્થ વ્યવહાર કારણ .. સત્યાર્થ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી પદ્ધતિ શીખે. શીરો આવડતો ન હોય અને શીરો કરવા બેસે. કાંઈકનું કાંઈ કરી નાખે. લૂપરી પણ ન થાય. આ બધું મોંઘુ પડે આ રીતે. શીરો ઘીમાં લોટ શેકવાથી શીરો મોંઘો પડે અને પાણી સાથે ગોળનું પાણી તો નાખવું પાછું. એ કરતા ગોળના પાણીમાં લોટ શેકીને પછી નાખવું ઘી.

મુમુક્ષુ :- ... પહેલા ઘી નાખવાનું.

ઉત્તર :- ગોળના પાણીમાં શેકાણા પછી. ઉના પાણીમાં .. થાયને.

મુમુક્ષુ :- રાબડી થાય.

ઉત્તર :- રાબડી પણ ન થાય. આ શું કહેવાય? લૂપરી પણ ન થાય. લૂપરીમાં તો જાતું-વળતું ઘી નાખે. એમ બાયું કહે. આ ગુમડું થાયને ગુમડું? ફોડો-ફોડો શું કહેવાય ફોડા. ફોડા થાયને તો એ સમયે જાતું-વળતું ઘી નાખજો એમ કહે. એવું સાંભળેલું છે. આપણે ક્યાં જોવું છે. જાતું-વળતું એટલે ઘી પડ્યા વિના રહે નહિ અને ઝાઝું પડે નહિ. એનું નામ જાતું-વળતું છે. કહો, પોપટભાઈ! દુનિયાના ખેલ જોયા છે બધા ઘણા. આહા..હા..!

કહે છે એવો ભગવાન આત્મા. આહા..હા..! અનુભવને કાળે સ્વરૂપના શુદ્ધતાને અનુસરીને થવાને કાળે વિકલ્પને અનુસાર જે છોડી દીધું છે જ્યાં. આહા..હા..! પરમાત્મા છે. એ ચોથે ગુણસ્થાને એને પરમાત્મા કીધો. રાડ નાખી જાય. પોતે પરમસ્વરૂપ છેને? પરમસ્વરૂપ શક્તિમાં, અનુભવમાં આવ્યો એ પરમાત્મા થયો છે. કેવળીએ કલ્પેલો એમાં પ્રશ્ન જ શું? એમ પરમસ્વરૂપ પરમાત્મા. પરમસ્વરૂપ. પરમસ્વરૂપ દૃષ્ટિના પરિણમનમાં આવી ગયો તો પરમાત્મા થયો.

એ '**જ્ઞાનાત્મા,...**' છે. જ્ઞાનસ્વરૂપી છે. જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! અરે..! એણે કર્યું તો નહિ, પણ કરવાની રીત છે એ જાણી નહિ. હેરાન-હેરાન થઈ ગયો. '**પ્રત્યગ્જ્યોતિ,...**' આવે છેને? ... ત્રીજા પદમાં. '**प्रत्याग्त्मनः**' પ્રત્યગ્જ્યોતિ છે આ. જુદો આત્મા છે. એકલો સત્યનો... આવે છેને? સત્યનો.. મિથ્યાગ્રહીમાં છે પણ પોતે એકકોર રહી જાય બધું એકકોર રહી જાય છે માટે એને સત્યનો... છે એમ. ત્યારે કહે એને કોઈ ઘરની ભાષા કરી? ... ના. એ તો ૪૯ ગાથામાં છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છ દ્રવ્યસ્વરૂપ.. વ્યક્ત તેનાથી (જીવ) અન્ય છે. જીવ તે અવ્યક્ત છે. એ તો ૪૯માં છે. છ દ્રવ્યસ્વરૂપ લોક ... તે જ્ઞેય. એ વ્યક્ત. એનાથી અન્ય ભગવાન આત્મા તે અવ્યક્ત તે દૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર સંતો દિગંબરની વાણી. દિગંબરના તીવ્ર વચનોને લઈને એ ખ્યાલમાં

આવે છે. સમજાણું કાંઈ?

**'આત્મખ્યાતિરૂપ,...'** ઓલી વિકલ્પની પ્રસિદ્ધિ થતી અહીં નિર્વિકલ્પ આત્મતત્ત્વ .. થયો. વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ કાળમાં આત્માની પ્રસિદ્ધિ થઈ. આત્મા શુદ્ધ આનંદકંદ છે. એની પર્યાયમાં, પરિણતિમાં આત્મપ્રસિદ્ધિ પામે છે. પરણતિના આત્મસિદ્ધિ, આત્મસાક્ષી છે. આત્મા આવ્યો એમ કહે છે. આત્માની પ્રસિદ્ધિ થઈ. એ અનુભવની પર્યાયમાં આત્માની પ્રસિદ્ધિ થઈ. આહા..હા..! **'અનુભૂતિમાત્ર સમયસાર છે.'** લ્યો! એ અનુભવમાત્ર તે સમયસાર છે એમ કીધું. ઓલું આત્મદ્રવ્ય છે માટે. અનુભૂતિ પર્યાય આત્માનો અનુભવ, વીતરાગી પર્યાય એ અનુભૂતિમાત્ર તે સમયસાર. એમાં આખો આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે. અનુભવ તો પર્યાયમાં હોય, કાંઈ દ્રવ્યનો અનુભવ ન હોય. સમજાણું કાંઈ?

એમ કે દ્રવ્યનો અનુભવ થતાં દ્રવ્યનો પણ અનુભવ થાય અને પર્યાયનો પણ અનુભવ થાય એમ ભાષા આવે. પણ એનો અર્થ કાંઈ દ્રવ્યનો અનુભવ નથી. આમ અભેદ થયો એથી દ્રવ્ય સંબંધીનો અનુભવ કહેવાય. છે તો પર્યાયનો અનુભવ. એય..! એમ આવે છે કે નહિ? છે. ખબર છેને. આહા..હા..! વસ્તુનો એમ કે ધ્રુવનો અનુભવ થતાં ધ્રુવ તરફ ઢળી જતાં ધ્રુવનું જણાય, અનુભવાય અને પર્યાયને અનુભવાય. અનુભવનો અર્થ કે પર્યાય ઈ બાજુ ઢળી એટલે ધ્રુવ તરફ અભેદ થઈ અને એનો અનુભવ એમ કહેવામાં આવે છે. આવું છે. એય..! જવાહરલાલજી! અહીં તો અનુભૂતિમાત્ર આત્મા કીધો લ્યો. સમયસાર. આહા..હા..! અનુભવમાં આવ્યો એ આત્મા. અનુભવમાં આવ્યા વિના આત્મા ક્યાં છે? આહા..હા..! આનંદના પર્યાયમાં જ્ઞાન અને વેદનમાં આવ્યો આ આત્મા. એ અનુભૂતિમાત્ર આત્મા થઈ ગયો. લ્યો! એ પર્યાયમાત્ર આત્મા. એ પર્યાયમાત્ર આત્મા. સમજાણું કાંઈ? આ જ તો બધું ઝીણું હતું બધું. કાલે આવ્યું હતું આ ફરીને જરી લીધું. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન...'** જરી ધીમે-ધીમે કહે છે. ભાઈ વિચાર કરે .. તો એને .. ચાલે ખરો, પણ વિકાર.. આહા..હા..! અરેરે..! ક્ષત્રિયો તીર્થંકર હતાને? ... આ બધા નામ છે. નામ આપ્યા. બ્રાહ્મણો ઉપદેશિકમાં આત્મા આવ્યો... નહોતો. વેદમાં નથી એમ એમાં લખ્યું છે. વેદમાં આ વાત નથી. એમ લખ્યું છે આમાં. ..માં આવ્યો પણ આવ્યો ક્યાંથી? ક્ષત્રિય તીર્થંકરો. નામ ભલે તીર્થંકર ન આપ્યું. ક્ષત્રિયો તીર્થંકરો .. આવ્યા છે. એય..! જેઠાભાઈ! ... કુળમાં ભગવાન અવતરે છેને તીર્થંકર? વીર્ય, પુરુષાર્થ અને જ્ઞાન દરિદ્ર છે જેનું. આહા..હા..! સુજાનમલજી!

મુમુક્ષુ :- .. આ સ્વીકાર કરે ત્યારે...

ઉત્તર :- ઈ સાચી જ વાત છેને. આ સાંભળે ત્યારે સમજે. એ વિના સમજે શી રીતે?

મુમુક્ષુ :- એના માટે પહેલા ...

ઉત્તર :- .. નવો માણસ હોય એને ઘડીએ.. કહે સમજ્યા વિના... શબ્દ એના કાને પડે. ... આ ઘડિયાળ છે. આ નાના છોકરા હોય. ... સમજ્યા? જો આ તારી મા, આ તારી બા. એમ કરતા એને ખ્યાલમાં આવે. હા આ બા બા કરે છે તે આને માટે કરે છે. ત્યારે જરી એને સાધારણપણે... આ બા તારી છે જો આ બા તારી છે. આ તારો બાપ છે, આ તારો ભાઈ છે. ... એય..! .. આમ જોવે. .. સ્પષ્ટ બોલે બા એમ બોલે. આ તો સાંભળ્યા.. સમજે છે એનાથી, પણ એને જે વિચાર્યું .. સાંભળવા.. આ તો લૌકિકની વાત કરી. .. આ લાડવો, આ રોટલી...

## શ્લોક-૯૨

(स्वागता)

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये सम्प्यसारमपारम्।।९२।।

તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :-

શ્લોકાર્થ :- [चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव-परमार्थतया एकम्] ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે)-એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા [अपारम् समयसारम्] અપાર સમયસારને હું, [समस्तां बन्धपद्धतिम्] સમસ્ત બંધપદ્ધતિને [अपास्य] દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, [चेतये] અનુભવું છું.

ભાવાર્થ :- નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્મનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી-એમ જાણવું. ૯૨.

**માગશર વદ-૧, ગુરુવાર, તા. ૨૧-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૪, કળશ-૯૨, પ્રવચન-૨૫૯**

કર્તાકર્મ અધિકાર.

(स्वागता)
चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये सम्य्यसारमपारम्।।९२।।

'**શ્લોકાર્થ** :-' '**चित्स्वभाव-भर**' '**ચિત્સ્વભાવના પુંજ...**' આત્મા કેવો છે અંદર? એ તો જ્ઞાનસ્વભાવનો પુંજ છે. જ્ઞાનસ્વભાવ સ્વરૂપ આખો પુંજ '**ચિત્સ્વભાવના પુંજ વડે...**' જ્ઞાનભાવના પુંજ વડે. '**વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે...**' એ વડે જ પોતામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે. શું કીધું? કે જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનપુંજ એની દૃષ્ટિ થતાં એમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે. ધ્રુવપણે રહે છે અને ઉત્પાદ-વ્યયપણે પણ થાય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. છેને? '**भाव-अभाव-भाव**' એમ. '**चित्स्वभाव-भर**' '**ચિત્સ્વભાવના પુંજ વડે...**' '**भर**' એટલે પુંજ. '**भावित**' એટલે ભવાય છે. શું? કે '**भाव-अभाव-भाव**' આ તો સંસ્કૃત છેને? અંદર સ્વરૂપ ચૈતન્યમૂર્તિ. અહીં તો કહે છે કે પરનો તો કર્તા એ નથી, પણ નયપક્ષના જે વિકલ્પો છે રાગ એનો એ કર્તા નથી. ત્યારે પણ થાય છે શું? કે ચિત્સ્વભાવ પુંજ દ્વારા એના ધ્રુવ. ધ્રુવસ્વરૂપ જે ચિદ્રૂપ છે એ દ્વારા ભાવ-અભાવને ધ્રુવપણે થાય છે. એટલે એ દ્વારા ધ્રુવપણે રહે છે અને એ દ્વારા નવી અવસ્થા થાય અને જૂની અવસ્થા જાય. એ દ્વારા. રાગ દ્વારા, નિમિત્ત દ્વારા નહિ. સમજાણું કાંઈ? .. ઝીણી ચીજ છે.

અહીં તો ધર્મ કરવો હોય એ ધર્મી આત્મા કેવો છે? એ તો જ્ઞાનપુંજ છે અને એ જ્ઞાનપુંજ વડે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે. એટલે એ વડે રહે છે, એ વડે હોય છે. સમજાણું? ભગવાન જ્ઞાન જ્ઞાનસ્વરૂપ ધ્રુવ એની દૃષ્ટિ આપતા એના વડે જ પોતામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ભવાય છે. .. ચેતનજી! પાઠ છેને? '**भाव-अभाव-भाव**' ભાવ એ ધ્રુવ. ભાવ એટલે ઉત્પાદ, અભાવ એટલે વ્યય, ભાવ એટલે ધ્રુવ. એ ચિત્સ્વભાવ જ્ઞાનનો પુંજ.

'भर' પુંજ વડે. એના વડે. 'भावित' 'ભવાય છે...' થાય છે. '(કરાય છે)...' પરિણમે છે. ... એ પોતે ભગવાન શુદ્ધ ચૈતન્ય પરનું લક્ષ છોડી દઈને હવે. વિકલ્પ છે આ હું શુદ્ધ છું કે અશુદ્ધ છું એ વિકલ્પ છોડી દઈને. ચૈતન્ય પુંજ પ્રભુ એવી દૃષ્ટિ કરતાં, એ દ્વારા. એ પુંજ ધ્રુવ દ્વારા, પુંજ દ્વારા ધ્રુવપણુ હોય છે. શુદ્ધ થાય છે એ દ્વારા ઉત્પાદ-વ્યય પણ કરાય છે. પાઠ તો એમ છેને જુઓને. ભાવ 'भावित' એમ શબ્દ છેને? 'भावित' છેને? એટલે ભવાય છે. ત્રણે ભવાય છે એમ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યય કેમ કહ્યો? વ્યય સમજાતો નથી.

ઉત્તર :- વ્યય નથી સમજાતો? કહે છે કે ચૈતન્ય વસ્તુ જે ધ્રુવ છે.

મુમુક્ષુ :- એ તો પરિણમે.

ઉત્તર :- પરિણમવાની અહીં ક્યાં વાત છે? અહીં તો ધ્રુવ છે એટલી વાત છે. હવે એ દ્વારા દૃષ્ટિ ત્યાં પડતાં ધ્રુવ દ્વારા ધ્રુવપણું જણાય છે અને એ દ્વારા ઉત્પાદ-વ્યય પણ થાય છે એ પણ જણાય છે. ચેતનજી! અનુભૂતિ તે સમયસાર એમ આવ્યું હતુંને? વસ્તુ પર્યાયપણે પરિણમે છે, ધ્રુવપણે રહે છે. એ વખતે એને સમયસાર અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! ઝીણું આવ્યું ભારે. 'चित्स्वभाव-भर' જ્ઞાનસ્વભાવનો પુંજ. 'भर' એટલે આ ભર નથી કહેતા? આ ભર કહે છેને શું કહે? ગાડામાં ભર .. એને ભર કહે છે. .. નીચે ભર છે. .. ભરે છેને? .. ભરે એ સાંભળ્યું હતું. ભર ભર્યું આમ ડબામાં. એમ આ ભગવાન ચિત્સ્વભાવથી ભરેલો છે. ચિત્સ્વભાવનો ભર છે ઈ. ગુજરાતી ભાષામાં છે. ગાડી ભરેને ગાડામાં માલ ભરેને એ ભર ભર્યો. આહા..હા..! અરે..! ભાઈ! હજી જેને વસ્તુની ખબર નથી. ચોર્યાસીના અવતારમાં સોથા નીકળી ગયા અવતાર કરી કરીને. માણસ મરીને ઢોર અને ઢોર મરીને માણસને. આહા..હા..! ..તત્ત્વની ખબર ન મળે અને ... આમ ને આમ જાય. એક તો મજુરી કરીને જાય છે રાગની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉંધી મજુરી થઈ ગઈ. પોતે મહાપ્રભુ છે. ચૈતન્ય સ્વભાવનો, ભર નથી આપણે કહેતા? ગાડુ ભરે ત્યારે શું કહે? ભર ભર્યો એમ શબ્દ આવ્યો છે. ભર ભર્યો એમ કહે છે. સાંભળેલું હોં આપણે ત્યાં ક્યાં? એમ આત્મા ભૂલી જા બીજું બધું કહે છે. શરીર, વાણી, મન તો તારામાં છે નહિ, એ તારા નથી. પણ પુણ્ય અને પાપના ભાવ એ તારામાં નથી અને તારા નથી. અને એ સિવાય વિકલ્પ ઉઠે કે આવો ને તેવો એ પણ તારામાં નથી અને તારા નથી. આહા..હા..! હવે છે એમાં શું? કે એ તો 'चित्स्वभाव' ચિત્સ્વભાવ જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકભાવ એનો એ પુંજ છે, એ ભર છે. એ વડે દૃષ્ટિ ત્યાં

પડતાં, દષ્ટિ ધ્રુવ ઉપર જતાં એ ધ્રુવ દ્વારા, એ ચીજ .. દ્વારા 'પોતાના ઉત્પાદ, વ્યય...' એ પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છેને? કરાય તો છે આમાં કર્તા થઈને. સમજાણું કાંઈ? પણ પોતાના વીતરાગી પર્યાયનો ઉત્પાદ, પૂર્વ પર્યાયનો વ્યય અને ધ્રુવ તે કરાય છે. .. ભવાયનો અર્થ? ધીમેથી સમજવા જેવી વાત છે. થોડી .. જાણવાની દરકાર પણ કરી નથી. આહા..હા..! આ જગતની મજૂરી કરી અને ચાલ્યા ગયા ... ક્યાંય. અને જેને ભાન નથી એવા ઘણા જીવો બિચારા ઢોરમાં અવતરવાના પશુ. સમજાણું કાંઈ? માંસ આદિ ખાતા ન હોય એટલે બિચારા માંસ આદિ ખાતા હોય તો નરકમાં જાય અને માંસ આદિ ન ખાય એ મમતા-મમતા. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ..ભાઈ! ભાઈએ કહ્યું હતુંને આ કુંવરજીભાઈનું. ૬૬ની સાલની વાત હતી. ૬૬ હોં. દીક્ષા પહેલા. પણ બધા સાંભળતા હતા હોં. સાંભળતા મારા. .. સાંભળે. સામું બોલાય નહિ ૬૩ વર્ષ થયા.

ભાઈ! આ શું કહે છે? સાધુ આવે તો મળવાનો વખત (મળે નહિ). આખો દિ' આ તે શું છે આમાં? તમારે જાવું છે ક્યાં કીધું. કહો, મૂળચંદભાઈ! તે દિ' તો પેદાશ થોડી હતી. પાંચ હજારની બે લાખની અત્યારે તો અઢી લાખની. .. લાખ છે. પણ એ વખતે .. મરીને તમે નરકમાં જશો. માંસ અને દારૂ આપણે તો ન હોય વાણિયા છીએ તો નરકમાં તો નહિ જાઓ. દેવમાં જવાના લક્ષણ લાગતા નથી તમારા કીધું. માણસ થાય એવા તો મને લક્ષણ નથી લાગતા. મેં તો કહ્યું. એક ગતિ રહી. રતિભાઈ! ... આ બધા વેપાર ને ધંધા ભેગા કર્યા. સમજાણું કાંઈ? એમ થયું. .. નરકમાં. .. મરતા બસ દુકાને લઈ જાવ... દુકાને લઈ જાવ. .. છોકરા ના પાડે છે ... નહિ. જીવીશ ત્યાં સુધી આઠ વાગે આવીશ. ... છોકરાએ ના પાડી. ... ... આહા..હા..! ...

અહીંયાં તો કહે છે કે હું શુદ્ધ છું કે અશુદ્ધ છું એવા વિકલ્પ.. છોડી દઈને. એમ કહે છે. ભાવવું શું ત્યારે હવે કરવું શું? .. વિકલ્પનો પણ કર્તા નથી આવો તો કરવું શું અમારે? સમજાણું કાંઈ? ભાઈ! જન્મ-મરણના આંટા ટાળવા હોય તો આ એક ઉપાય છે. ભગવાન અંદર પૂર્ણ ચિત્સ્વભાવ છે. જ્ઞાનના ભાવથી ભરેલું ભરોટું ભર છે એ તો. આહા..હા..! .. દષ્ટિ આપતા એ ભાવ ધ્રુવ દ્વારા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કરાય છે. કરાય છે એટલે થાય છે, થાય છે એટલે હોય છે. સમજાણું કાંઈ? આકરો છે શ્લોક. આહા..હા..! કરી શકતો નથી. અભિમાન.. ભલે. કરે... કરવું છે અને આ કરવું છે. એ તો બધી ક્રિયા જડની છે. કહો, મકાન બનાવવા અને એના ભાડા ઉપજાવવા. એ બધું કરી શકે છે ઈ? અત્યારે સરકાર લઈ જાયને તો મકાનમાં નાખવા. મકાન તો નહિ લઈ જાય.

મુમુક્ષુ :- ઈ પણ લઈ જવાના છે.

ઉત્તર :- ઈ પણ લઈ જવાના છે? ... બધા સરખા કરી દેશે. એટલા પૈસાવાળા છે.

આહા..હા..! પણ હોય તો શું? એમ કહે છે. ઈ ક્યાં તારી ચીજ હતી? અને એની વ્યવસ્થામાં તારો ભાવ એ મિથ્યાત્વભાવ છે.

અહીં તો હું આવો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ઘન આનંદ. એવો એક નયનો પક્ષ વિકલ્પ પણ તે તારું કર્તવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તારું જે સત્ય અને સજ્જનનું કર્તવ્ય હોય તો ... છેને? તો એ ચિત્સ્વભાવના પુંજના ભર દ્વારા ... એ દ્વારા ધ્રુવ અને ઉત્પાદ-વ્યય કરાય છે. ધ્રુવ ધ્રુવપણે રહે છે. એ દૃષ્ટિમાં આવ્યું ત્યારે ધ્રુવ ધ્રુવપણે રહ્યુંને? એમ કહે છે. .. એની દૃષ્ટિમાં ધ્રુવ ક્યાં હતું? એને ક્યાં ધ્રુવ હતું? આહા..હા..! નહોતું. કહો, ચેતનજી! આ ધ્રુવ છે એ દૃષ્ટિમાં આવ્યા વિના એ ધ્રુવ એને ક્યાં આવ્યું? એ તો માન્યું એ ધ્રુવ .. કહો, સમજાણું કાંઈ?

પછી ત્રણ બોલ લીધા છે. એ વસ્તુ જે શુદ્ધ પુંજ ભગવાન આત્મા છે. એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ. એવી ચીજ ઉપર દૃષ્ટિ કરતાં કરાય છે. શું? કે ધ્રુવપણું નજરમાં આવ્યું એ ધ્રુવપણું કરાય છે એમ થયું અને એ ધ્રુવપણું નજરમાં આવતાં ઉત્પાદ, વ્યય, .. ઉત્પાદ અને વ્યય થયો. વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય થઈ, પેલી ગઈ આ દ્વારા થઈ સમ્યક્. ધ્રુવ પુણ્ય દ્વારા ધ્રુવ અને ઉત્પાદ-વ્યયમાં કાર્ય થાય છે એટલે એ ઉપર દૃષ્ટિમાં વાત બેસે છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોકવાર પર્યાય ભેગી કરી દે, કોકવાર પર્યાય નોખી કરી દે.

ઉત્તર :- કઈ અપેક્ષાએ વાત છે? પર્યાય જુદી છે એ કોણ નિર્ણય કરે છે? એ કોણ નિર્ણય કરે છે? પર્યાય નિર્ણય કરે છે કે ધ્રુવ? કાઢી ક્યાં નાખ્યું? એ શું કરશે? કઈ અપેક્ષાએ કાઢી નાખી? કે પર્યાયમાં જે દૃષ્ટિ છે અનાદિથી એ પર્યાયને અંદર જતાં પર્યાયમાં આ ધ્રુવ છે, આ ધ્રુવ નથી એવો નિર્ણય પર્યાયમાં થાય છે. આહા..હા..! એય..! આહા..હા..! પર્યાયમાં કાર્ય વિનાની રમતું ક્યાં છે પૂરી? ધ્રુવમાં પર્યાય અડતી નથી. કોણે નક્કી કર્યું? એ પર્યાયે. ધ્રુવ નક્કી કરે છે? બીજી રીતે.

તો અનાદિથી રાગનો કાં પર્યાયનો જ અનુભવ છે એકલો. હવે એ પર્યાય જ્યારે દ્રવ્યમાં જાય છે ત્યારે એને દ્રવ્ય અને પર્યાયનો બેયનો અનુભવ થાય છે. એટલે શું? એટલે? જે પર્યાય આમ વળતી હતી. આમ ગઈ તો એને દ્રવ્યનો અનુભવ છે. છે તો પર્યાયનો. આ બાજુના ધ્રુવનો અનુભવ પર્યાય એકત્વ થઈ એટલે, અનુભવ છે તો પર્યાયનો, પણ એ ધ્રુવનો અનુભવ કરીને એને પર્યાયનો અનુભવ કહ્યો છે. ધ્રુવને ક્યાં અનુભવ છે? સમજાણું કાંઈ? અને બે સાથે અનુભવાય છે. બે સાથે એટલે શું? ... પર્યાય એની હોય. ચેતનજી! એ બહુ આવે છે એમાં. પત્રોમાં. બે સમજાય છે. .. એટલે શું? એમ નહિ. એક પર્યાય જે છે એ દ્રવ્ય ઉપર આમ ઢળી ગઈ એમ કીધુંને? .. વડે એ દ્રવ્યદૃષ્ટિ... એ દ્વારા. પોતાના

ઉત્પાદ-વ્યય-ધ્રુવ ભવાય છે. ત્યારે તેને ધ્રુવપણું અંતર શું છે અને ત્યારે તેને ઉત્પાદ-વ્યય કરાય છે અને થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... શ્રુતપર્યાય થઈ ત્યારે ધ્રુવ થયું.

ઉત્તર :- ત્યારે પણ એ વિના ધ્રુવ શી રીતે બેઠું એને? આ ધ્રુવ છે એ પર્યાયમાં આવ્યા વિના, પર્યાયમાં બેઠા વિના આ ધ્રુવ છે. ...નજરે પડ્યા વિના, જ્ઞેય બન્યા વિના ધ્રુવ છે એમ નક્કી કોણે કર્યું? વીરચંદભાઈ! આવું છે ઝીણું, બહુ ઝીણું. સમજાણું કાંઈ? બહુ ચર્ચા. ઓહો..હો..!

કહે છે કે દૃષ્ટિ પડી જ્યાં દ્રવ્ય ઉપર. ત્યારે એના દ્વારા ધ્રુવપણું જણાણું. કરાણું એટલે દર્શનમાં આવ્યું ધ્રુવ. અને ઉત્પાદ-વ્યય પણ ત્યારે કરાણું ત્યારે થઈ. ઝીણું છે ઝીણું બાપુ. સમજાણું કાંઈ? કહો, ઝવેરચંદભાઈ! **'ચિત્સ્વભાવના પુંજ વડે જ...'** એટલે કે દૃષ્ટિએ દ્રવ્યમાં ગઈ ત્યારે તે દ્રવ્ય વડે. સમજાણું કાંઈ? એના ઘર કોઈ દિ' જોયા નહિ. પોતાના ઘરને જોયા નહિ અને પરની ઘરની બધી માંડી એણે બહાર. એ ત્યાં ઘરમાં શું થાય? .. શું થાય? એની ખબર નહિ. આહા..હા..! અહીં તો કહે છે પર્યાય દ્વારા ત્રણ થાય છે એમ ન લીધું, ભાઈ! પણ દૃષ્ટિ દ્રવ્યમાં ગઈ અને ધ્રુવ દ્વારા ત્રણની પ્રતીતિ આવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યું ત્યારે થયુંને ધ્રુવ? આ વડે તો દૃષ્ટિ તો ત્યાં છે. એ વડે ધ્રુવ પણ કરાણું. કરાણું એટલે છે એમ મનાણું. એમ નક્કી થયું. પર્યાયમાં હોં. પર્યાયની વાત છેને? ધ્રુવમાં ક્યાં નક્કી કર્યું છે? સમજાણું કાંઈ? અને ઉત્પાદ-વ્યય એ દ્વારા જે થાય. જ્ઞાયકસ્વભાવ દ્વારા જે ઉત્પાદ-વ્યય થાય તે ધર્મની પર્યાય થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, .. સમજાણું કાંઈ? એ તો ... .... કાલે એમાં આવ્યું હતું નહિ? ... ઠીક છે યાદ કરે છે. આહા..હા..!

ભગવાન અંદર આત્મા. આહા..હા..! કહે છે કે જેનો સ્વીકાર થતાં એ સ્વીકાર જ્યાં ધ્રુવરૂપ થયો એ ધ્રુવ દ્વારા હવે ધ્રુવપણું અને ઉત્પાદ-વ્યયપણું ત્રણે થાય છે. ત્યારે એને શ્રદ્ધા અને જ્ઞાનમાં ત્રણે આવે છે. આહા..હા..! ભારે! આચાર્યોના શબ્દો તો જુઓ કેટલા ગંભીર છે! ઓહો..હો..! આચાર્યોની વાણી ગજબ કામ છે. સમજાણું કાંઈ? સંતો દિગંબર મુનિ હતા. આહા..હા..! એ સ્વરૂપે ભગવાન બિરાજતા હતા એ બધા. ચાલતા સિદ્ધ હતા. કહે છે કે આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળતો ખરો. અરે..! આવા મનુષ્યપણામાં .. પણ જે ભાવ ભવના ભાવનો અભાવ ન થાય તો પ્રભુ કરીશ ક્યાં તું? ક્યાંય પતો નહિ ખાય ભાઈ! આહા..હા..! ક્યાં કૂતરા, કાગડાના અવતાર. આહા..હા..! અહીં જેમ મરી ગયો માને એ મરીને જો કાગડો થઈને આવ્યો હોય. ઓલા મારે. ડોસા મરી ગયો એનું શ્રાદ્ધ હતું.

એ મરીને કૂતરીને કૂખે ગલુડીયું થયું. ત્યાં શેરીમાં જ. એમાં એ દૂધપાક કરેલો. ખાતા હતા એમાં .. ત્યાં ગલુડીયું આવ્યું. એ પોતે જેનું શ્રાદ્ધ થાય છે ઈ. બારમાએ ત્યાં. ... રાડે રાડ પાડે. ... કે આ શું વારંવાર હું હાંકું છું અને આ શું છે? એ તારો બાપ છે શ્રાદ્ધ છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયાં ચાલતું હતું આમ ને આમ ને આમ. વારંવાર. એ જેનું શ્રાદ્ધ થાય ઈ છે ગલુડીયું. ગલુડીયું. ગલુડીયું સમજો છો? કુત્તીકા બચ્ચા પીલ્લા. આહા..હા..! અરે..! પડદા કેવા પણ આ? કહે છે કે એ બધા પડદા છે. અંદરમાં જ્યાં વસ્તુ ભગવાન ચૈતન્ય મૂર્તિ પ્રભુ. મહિમાવંત પદાર્થ એની ઉપર દૃષ્ટિ પડતાં તે દ્વારા એનું અને ઉત્પાદ-વ્યયનું કરાય છે, શ્રદ્ધાય છે, મનાય છે અને અનુભવાય છે. ધ્રુવનો શી રીતે જાય? ધ્રુવમાં અનુભવ થતો ન હોય. અનુભવ તો પર્યાયનો જ છે. કોઈ દિ' ત્રણ કાળમાં ધ્રુવનો અનુભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એટલે કે એ પર્યાય ધ્રુવ ઉપર ઢળી એટલે એ પર્યાયે ધ્રુવનો અનુભવ કર્યો એમ કહેવામાં આવે છે. એ પર્યાય રાગ ઉપર ઢળતી હતી ત્યારે રાગનો અનુભવ કરતી હતી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અગમ-નિગમની વાતું છે, ભાઈ! ધર્મ કોઈ એવી ચીજ નથી કે .. ૨૪ કલાક પાપ કરો અને એક કલાકમાં કાંઈક સાંભળી આવે અને સામાયિક કરીને થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. હેરાન થઈ ગયો છો ચોર્યાસીના અવતારે સમજાણું? આહા..હા..!

કહે છે ભવાય છે. એનો અર્થ કર્યો છેને ભાઈ? કરાય છે એ. બરાબર છે. એ કર્તાકર્મ છેને. કરાય છે આ. કર્તા છે એમ કરાય છે. ચૈતન્યસ્વભાવ ભાવ વસ્તુ એમાં દૃષ્ટિ પડતાં એ ધ્રુવપણું કરાય છે એટલે દૃષ્ટિમાં આવે છે અને ઉત્પાદ-વ્યય પણ કરાય છે એટલે થાય છે. ત્રણેની શ્રદ્ધા એ ધ્રુવ દ્વારા થાય છે. સમજાણું કાંઈ? ધ્રુવ દ્વારા એટલે ધ્રુવને નહિ. પર્યાય દ્વારા અનુભવે છેને? અનુભવ પર્યાયનો હોય છે. સિદ્ધ પણ પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે. અનુભવ પર્યાયનો હોય છે. દ્રવ્યનો અનુભવ ત્રણ કાળમાં ન હોય, એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો સાંભળવા પણ મળ્યો ન હોય. ... ...

મુમુક્ષુ :- રૂપિયા તો મળે?

ઉત્તર :- ધૂળેય રૂપિયા નથી. રૂપિયા કોના? રૂપિયા રૂપિયાના છે. એને ક્યાં મળ્યા છે? એણે માન્યું કે મને મળ્યા એ તો મમતા મળી. મમતા મળી અને એ મારા એ ભ્રમ મિથ્યાત્વ મળ્યું એને.

મુમુક્ષુ :- ..ની વાત સાચી છે.

ઉત્તર :- કોઈપણ વાતનો નિર્ણય કરે તો યુક્તિથી કરશે કે યુક્તિ વિના કરશે?

**'એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી...'** આહા..હા..! **'જે એક છે...'** ત્રણે થઈને એક વસ્તુ છે. ત્રણ નથી. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાળીકા સમજે ત્યારે આમ સમજે છે. સમ્યગ્દર્શન પામવા કાળે આ રીતે થાય છે એમ કહે છે. એમાં કોઈ ઉંમરની જરૂર નથી, તેમ પૈસાની જરૂર નથી, અરે..! શરીરની નિરોગતાની પણ જરૂર નથી એમ છે. શરીર રૂપાળું હોય (કે) સાતમી નરકનો નારકી કેટલું (કુરૂપ) રૂપ! ઓહો..હો..!

મુમુક્ષુ :- સાંભળવું તો પડેને પહેલા.

ઉત્તર :- હા, એ તો કહે છેને સાંભળવું તો પડે એમાં. સાંભળવામાં સત્સમાગમનું સાંભળવું, એમાં ધ્રુવપણે લઈ જવાનું જ સંભળાવે છે. અજ્ઞાનીનું સાંભળવું એ બહારમાં લઈ જવાને સંભળાવે. સમજાણું કાંઈ? એય..! ચેતનજી! છે એમાં. એક ઠેકાણે છે કે જ્ઞાનીપુરુષને એમ નથી. એનાથી લાભ ન થાય એ બીજી વાત. પણ સંગમાં એને તત્ત્વનું વાસ્તવિક શું સ્વરૂપ છે તે ત્યાં એને જાણવા મળશે. સમજાણું કાંઈ? અને એને કહીએ છીએ અહીંયાં તો. ... પર્યાય.. એમ છે જ નહિ. એ વસ્તુને સમજતા નથી. સમજાણું કાંઈ? કે ભાઈ અમે એ ક્રિયાદિના સંગમાં તો પાપનો ભાવ છે અને એ બધા પરતરફ લઈ જવાના કહેનારા છે. અને આ સંગમાં તો અંતરમાં લઈ જવાની વાતું કરે છે. માટે સાંભળવા જેવું છે એનાથી. અશુભ રાગ વખતે દ્રવ્યનો આશ્રય અલ્પ રહે છે સમકિતી હોય એને. ભાઈ! અને પુણ્યવાળો છું એને અંદર વાળવાની વાત છે એટલે એના વખતે પણ દ્રવ્યનો આશ્રય વિશેષ છે. સમજાણું કાંઈ? રાગ થાય ત્યારે પ્રતિક્રમણ થવું જોઈએને? એમ નહિ ચાલે. આહા..હા..!

જુઓને કેટલી વાત મૂકી છે! આચાર્યોની વાણીમાં રત્ન ભર્યા છે, અમૃત ભર્યું છે. આહા..હા..! કહે છે ઓહો..! આ એક જ પદની હજી વ્યાખ્યા ચાલે છે હોં. **'चित्स्वभाव–भर–भावित–भाव–अभाव–भाव–परमार्थतया एकम्'** છતાં ત્રણનું રૂપ એક છે. એક જ વસ્તુનું ત્રણ રૂપ છે. સમજાણું કાંઈ? ઉત્પાદ, વ્યય અને ધ્રુવ વસ્તુ એક છે. ઉત્પાદ-વ્યય જુદી વસ્તુ અને ધ્રુવ જુદું એમ અહીં નથી કહેવું. એ તો જ્યાં આગળ એની સત્તાની સ્થિરતા કરવી હોય (એ વાત જુદી છે). અહીં તો એ અંદર લીન થાય છે એ પર્યાય એમાં ભળી જાય છે. ભળીનો અર્થ? એ બાજુ ઢળી ગઈ છે. **'भर–भावित'** ભવાય છે. **'भावित'** ધ્રુવ ભવાય છે, ધ્રુવ કરાય છે. જ્ઞાનમાં એ નક્કી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોતાની ચીજ શું છે એની એને ખબર નથી. ઓલા કહે છેને ઘરના છોકરા ઘંટી ચાટે છે, પાડોશીને આટો. ઘંટી ચાટે એટલે લોટ ન મળે એ જાતનો. એમ ભગવાન આત્મા નિજઘરમાં આવ્યા વિના એને શાંતિનું વેદન અને આનંદનું વેદન નહિ આવે એને. આહા..હા..! પરઘરની જેટલી એણે માંડી છે એમાંથી એકલી આકુળતા, દુઃખને વેદે, દુઃખ અને ઝેરના વેદન છે એને. આહા..હા..!

અહીંયાં તો વિકલ્પ જે ઉઠે છે એ દુઃખરૂપ છે. હું આવો અને તેવો એવી વૃત્તિ ઉઠે એ દુઃખરૂપ છે, દુઃખ છે. એ દુઃખ જેને દેખાય એ અંદર શાંતિ તરફ વળે. એ દુઃખ એને લાગે કે આમાં કેમ કાંઈ શાંતિ દેખાતી નથી? સમજાણું કાંઈ? શાંતિ નથી એટલે એનો અર્થ કે અશાંતિમાં છો. ભલે એને અશાંતિ દેખાય, લાગે નહિ.. શાંતિના ભાન વિના. શાંતસ્વરૂપ ભગવાન શાંતસ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ થાય અને શાંતિ જણાય ત્યારે એની સાથે પુણ્ય-પાપના ભાવ એને ત્યારે ભઠ્ઠી લાગે. આ તો બહારના વિકલ્પથી શેકાય છે જીવ. શુભ-અશુભ વિકલ્પથી શેકાય છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! વીતરાગ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં ગડીયા હાંકે જાય લ્યો. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. પણ કયો કેવળી પણ્ણંતો ધર્મ? આહા..હા..!

કેવળજ્ઞાની પરમાત્મા અરે..! એક સમયની પર્યાયમાં જેને લોકાલોક જણાય એવું પર્યાયમાં જાણતા. લોકાલોક છે એમાં (પર્યાયમાં) જાણવું. જાણવાનો ઉપયોગ ઉપડતો નથી કાંઈ. એ ઉત્પાદ પર્યાય જે કેવળની થઈ, અપૂર્ણ પર્યાય ગઈ અને ધ્રુવ એનું જ્ઞાન ઉત્પાદને થાય છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય ત્યાં કરાય છે, થાય છે. લોકાલોકને જાણવાનું કરાય છે, થાય છે એમ નહિ. ભાઈ! પોતાની ઉત્પાદ, વ્યય દ્વારા, ધ્રુવ સ્વભાવ દ્વારા ધ્રુવ અને ઉત્પાદ-વ્યય કરાય છે, થાય છે. એ કેવળજ્ઞાન પણ દ્રવ્ય સ્વભાવ દ્વારા ધ્રુવપણાની પ્રતીત અને ઉત્પાદ-વ્યયનું જ્ઞાન અને ઉત્પાદના ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો ઉત્પાદ પોતાનો પર્યાય છે. એ વડે કરાય છે. એ ભાવ દ્વારા આમ કરાય છે. એ પૂર્વના ચાર જ્ઞાન હતા એથી આ કેવળજ્ઞાનની પર્યાય કરાય છે, થાય છે એમ નથી. આહા..હા..! ભાઈ! સમયસાર તો દરિયો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પર્યાયની સાથે લઈને જ બધી વાત

ઉત્તર :- ... થાય છે.

મુમુક્ષુ :- .. વાત કરી જ નથી.

ઉત્તર :- પણ કઈ રીતે? પર્યાયમાં આ વસ્તુ ખ્યાલ આવ્યા વિના ધ્રુવ છે એમ કોણે જાણ્યું? વિષય તો લક્ષમાં આવ્યો નહિ. વિષય કરવો તો ધ્યાનનો વિષય કરો એમ આવે છેને? વિષય કુરુ ધ્યાન. આવે છે. પરમ અધ્યાત્મતરંગિણીમાં. સંસ્કૃતમાં બોલ છે. અંદર ધ્યાન એટલે વિષય કરવો, બનાવવો. આમ જે વિષય બનાવે એને આમ બનાવતા એ ધ્રુવ દ્વારા, ધ્રુવપણું અને ઉત્પાદ-વ્યયપણું કરાય છે એટલે છે એવું એને જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! આવું ઝીણું છે. ઓલા કહે સંસાર તોડી નાખો, આ કરી નાખો. ક્યાં ગયા? ... .. થઈ હતીને? આહા..હા..! બાપુ! ક્યાં હતી? એ તો મિથ્યાત્વભાવ છે તમારા બધા. આહા..હા..! હજી જેને વ્યવહાર શ્રદ્ધા

કેવી હોય એની પણ ખબર ન મળે.

દેવ, ગુરુ અને શાસ્ત્ર આમ કહે છે. એ **'ચિત્સ્વભાવના પુંજ...'** આહા..હા..! ... એ કોણે નક્કી કર્યું? એ પર્યાય જે દ્રવ્યમાં અંદર ઈ જ અહીં આ વાત કરે. પર્યાય વડે પર્યાય નક્કી કરે છે કે હું આ ધ્રુવ એનું અને મારું ધ્રુવ વડે આમ થાય છે. સમજાણું કાંઈ? શબ્દો એવા પાછા **'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે—એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે...'** ઈ ત્રણે થઈને વસ્તુ એક છે. ત્રણ વસ્તુ નથી. સમજાણું કાંઈ? **'એવા અપાર સમયસારને...'** અપાર સમયસારને, જેના ગુણનો પાર નથી. આહા..હા..! જે ચિત્સ્વભાવ અને જ્ઞાનભાવ વડે એટલું કહ્યું, પણ એની સાથે અનંતા-અનંતા ગુણોનો પાર નથી. આહા..હા..! **'અપાર સમયસારને હું...'** **'समस्तां बन्धपद्धतिम्'** **'સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને...'** ઈ નાસ્તિથી વાત કરે છે. ... છેને? **'હું સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને,...'** છોડીને એ ઉપદેશની શૈલી છે. પણ આમ થતાં બંધ પદ્ધતિ ઉદય પામતી નથી. સમજાણું કાંઈ? એ નિમિત્તની શૈલીમાં તો કેવી રીતે એને કહેવું? કે આમ થાય છે અને આમ નથી થતું. આમ બતાવવું છેને? બંધનો નાશ કરવો એ નાસ્તિથી વાત છે. બંધનો નાશ કરવો એ નાસ્તિથી વાત છે. નાસ્તિમાં ઓલું અસ્તિ તત્ત્વ જે છે એવું દૃષ્ટિ (થતાં) અને એ વડે જે ધર્મ થયો એમાં બંધપદ્ધતિનો નાશ છે. એવી એને બંધપદ્ધતિ ઉત્પન્ન થતી નથી. ઓહો..હો..! ભારે ભાઈ! આવો ધર્મ! ઓલું તો નમો અરિહંતાણં, દયા પાળી. સામાયિક કરી નાખી બે ઘડી. ... થઈ ગઈ સામાયિક. હવે ત્રેવીસ કલાક પાપ કરે તો આ ધોઈ નાખે. એવા પડિક્કમણા કર્યા હતા કે નહિ? કર્યા હતા.

બાપા! સામાયિક કોને કહેવી એની ખબર ન મળે. આહા..હા..! જેને એક સમયની સામાયિક જન્મ-મરણના અંતના પડકાર લાવે. સમજાણું કાંઈ? આ સામાયિક કહે છે લ્યો! ચિત્સ્વભાવાય ભાવથી ભળતા છતાં ચિત્સ્વભાવના ભાવથી થતાં ધ્રુવ ઉત્પાદ, વ્યય થાય એ ત્રણે કહેવાય છતાં ત્રણ થઈને વસ્તુ તો એક જ છે. સમજાણું કાંઈ?

**'અપાર સમયસારને હું,...'** સમયસાર શબ્દ જ આવ્યો છે આમાં જુઓ, ..માં જુઓ. **'અપાર સમયસારને...'** સમયસાર એટલે આત્મા. **'હું સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને...'** એટલે કે વિકલ્પની જાળ એ આમ દૃષ્ટિમાં દ્રવ્યને ભાવતા એ વિકલ્પની જાળ ઉત્પન્ન થતી નથી. એથી એ **'છોડીને, અનુભવું છું.'** એ અનુભવું છું એ પર્યાય છે. સમજાણું કાંઈ? હું સમયસાર અપારને અનુભવું છું. એમ થયુંને? સમયસાર અપાર અનંતગુણનો પિંડ પ્રભુ એવા સમયસારને હું પર્યાયમાં અનુભવું છું. ભલે ભાષા ન આવે પણ અનુભવું છું એનો અર્થ કે પર્યાયને અનુભવું છું. અનુભવ પર્યાયનો હોય છે. દ્રવ્યનો અનુભવ હોતો નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? એને એવા સમયસારને હું અનુભવું છું. એ તો સમજાવ્યું છે હોં. અહીંયાં અનુભવું છું એવો વિકલ્પ પણ નથી. એ અર્થમાં કરશે. અર્થમાં કરશે. કારણ કે અનુભવું છું. કારણ કે વિકલ્પ શુદ્ધ છું અને ધ્રુવ છું એવો વિકલ્પનો નિષેધ કરવા લાયક છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પણ શું? ધ્રુવને ધ્યાનમાં લીધા વિના ધ્રુવ-ધ્રુવ એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં આચાર્ય મહારાજ કહે છે કે આ રીતે અનુભવ થાય છે. એને હું અનુભવું છું. ચિત્સ્વભાવ જ્ઞાનનો પુંજ પ્રભુ, જ્ઞાનના ભાવનો પુંજ પ્રભુ, જ્ઞાનના સ્વભાવનો ભર આત્મા એની ઉપર દૃષ્ટિ જતાં એ વડે. દૃષ્ટિ ત્યાં ગઈ પર્યાય ત્યારે એ વડે ધ્રુવ અને ઉત્પાદ વ્યય ભવાય છે, થાય છે અને તેના ભાવને હું અનુભવું છું. હું અનુભવું છું એટલે? ધ્રુવને અનુભવું છું? ધ્રુવ એમ કહે છે કે હું અનુભવું છું? ત્યારે હું આને અનુભવું છું એનો અર્થ કે હું પર્યાયને અનુભવું છું. અનુભવું છું એમ આવ્યું ખરુંને?

'**ભાવાર્થ :- નિર્વિકલ્પ અનુભવ થતાં,...**' જુઓ, રાગનું અવલંબન છૂટી, પર્યાયનું જેને દ્રવ્યને અવલંબ્યું અને અવલંબન થતાં જે નિર્વિકલ્પ અનુભવ થયો, નિર્વિકલ્પ આનંદની પર્યાયનું વેદન થયું એને. '**જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, સ્વચ્છતા, પ્રભુતા, વીર્યતા વગેરે. અનંતગુણોનો પાર નથી '**એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે,...**' લ્યો! અનંતા પરમાત્માનો જ અનુભવ વર્તે છે. એ તો પર્યાયનો અનુભવ વર્તે છે. ધ્રુવનો અનુભવ નથી. ભાષા તો આમ છે. આ તરફ ગઈ એનો જ અનુભવ છે ધ્રુવનો એમ. રાગનો જે અનુભવ હતો (હવે) એ પરમાત્માનો અનુભવ છે. છે તો પર્યાય. સમજાણું કાંઈ?

સ્વ છે ઈ અને સ્વથી ઉત્પન્ન થયેલી જે નિર્મળ પર્યાય અને અશુદ્ધ પર્યાય એક સમયે ત્રણે હોય છે. સમજાણું કાંઈ? એક ઠેકાણે એમ કહ્યું કે એક સમયે ત્રણે હોય છે. બીજે કહ્યું કે ... મુખ્ય આ હોય છે. રાગાદિ તે ગૌણ હોય વેદનમાં. એય..! દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. મેળ ખાય એવું નથી કાંઈ સમજ્યા વિના આ તત્ત્વના. આ તો ગોટા ઉઠે એવા છે. એમાં વાંચ્યું છે હોં એ. .. એ તો આવે ત્યારે આવેને. પર્યાય જાણે છે કે પર્યાય કહે છે કે પર્યાય માત્ર મારામાં નહિ. જાણે છે તો પર્યાય. એ પર્યાય કહે છે કે મારામાં પર્યાય નથી. એટલે? આ જે ધ્રુવ છે તે હું એમાં પર્યાય નથી. એટલે એમાં હું નથી. ... કેમ સાચું છેને? આ બીજી વાત છે. .. છે હોં. આ તો સ્વજ્ઞાન છે. સ્વ એના ત્રણ બોલ છે. પહેલો સ્વ સમય કહ્યો છે. ક્યાંક છે. બધું યાદ રહે છે? (દ્રવ્યદૃષ્ટિપ્રકાશ બોલ-૯૬). પરિણામમાત્ર મારામાં નથી. એમ ધ્રુવપણામાં અધિકતા નહિ સ્થાપીને. ક્યોંકિ વેદનમેં તો પર્યાય કી હૈ. દ્રવ્ય તો અપ્રગટ હૈ. અપ્રગટ તો દિખતે નહીં. પર્યાયમેં અપના-અપના રહતે હૈ. ... મુજે કુછ પરવાહ

નહીં. મુજે કુછ પરવાહ નહીં એટલે? દ્રવ્ય જાણે છે? પર્યાય જ જાણે છે કે .. આ દ્રવ્ય છે એને પરવાહ નથી. .. છતાં છેને એમાં? મૈં તો એક શુદ્ધ ચૈતન્ય હૂં. આહા..હા..! ધ્રુવ સ્વભાવમેં અધિકપણે વેદન કરને કા હૈ, શુદ્ધ પર્યાયમેં ભી ગૌણ કરના હૈ, ગૌણપણે વેદન હૈ. કહો, સમજાણું? ... ક્યાંક છે. ધ્રુવપણામેં મૈંપના સ્થાપન કિયે બિના પર્યાયકા એકત્વ તૂટ સકતા નહિ. એટલી વાત છે, પણ પર્યાય પોતે એમ જાણે છે કે ધ્રુવપણું એટલે... પર્યાયનું એકપણું તુટશે નહિ. એમ પર્યાય જાણે છે. .. કીધુંને આમાં આને સિદ્ધાંત તરીકે સ્વીકારી ન શકાય. બધા પડખાં ઘણા છે. .. ફેરફાર છે. એમ કે ... થાય. એકદમ માની બેસે તો ગોટો ઉઠે એવું છે. એય..! વજુભાઈ! આહા..હા..! એ તો .. આવે છે જોયુંને?

મુમુક્ષુ :- કેટલામું?

ઉત્તર :- .. એમ. .. નહિ? આ પત્ર છે એમાં આવું છે. .. જોયું? ત્રિકાળી અસ્તિત્વકી.. જુઓ, આવ્યું. ત્રિકાળી અસ્તિમયી સ્વ, ઈસ આશ્રિત પરિણમી હુઈ આંશિક શુદ્ધવૃત્તિ. દેવાદિક પ્રત્યેકી આંશિક બાહ્યવૃત્તિ-તીનોં અંશોકા એક હી સમય ધર્મીકો અનુભવ હોતા હૈ. જિસમેં મુખ્ય-ગૌણકા પ્રશ્ન નહિ. લ્યો! નીચે. 'ઐસે ધર્મીકો કભી પરિણામકી મુખ્યતા નહીં દિખતી. વૈસે તો માત્ર પરિણામ દિખનેવાલે કો પરિણામકી મુખ્યતા દિખતી હૈ.' જુઓ, ત્યાં મુખ્યતા દેખાય છે, અહીં મુખ્યતા નથી. (પત્ર ક્રમાંક-૩૩) ફેર છે ઘણો. એય..! વજુભાઈ! આ હમણા બધું ઘણું આવે છે એવું. એ ચેતનજી સામે બધા ઘણા ગોટા ઉઠ્યા છે અત્યારે. મોઢા આગળ છે તો તૈયાર રહેવું પડશેને એને. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શી .. આહા..હા..! એમાં ઘણા... નથી અને ઓલા અનુભવમાં મૂકતા આની .. એમ પણ ત્યાં આવે છે. એવું ઘણા બોલમાં છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે ''**હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી—એમ જાણવું.**' આહા..હા..! લ્યો એ શ્લોક પૂરો થયો. ૫૫ મિનિટે. ... આવ્યું હતુંને જરી?

## ગાથા-૧૪૪

पक्षातिक्रान्त एव समयसार इत्यवतिष्ठते —

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।।१४४।।

सम्यग्दर्शनज्ञानमेष लभत इति केवलं व्यपदेशम्।
सर्वनयपक्षरहितो भणितो यः स समयसारः।।१४४।।

अयमेक एव केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते। यः खल्वखिलनयपक्षाक्षुण्णतया विश्रान्तसमस्तविकल्पव्यापारः स समयसारः। यतः प्रथमतः श्रुतज्ञानावष्टम्भेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य, ततः खल्वात्मख्यातये, परख्यातिहेतूनखिला एवेन्द्रियानिन्द्रियबुद्धीरवधार्य आत्माभिमुखीकृतमतिज्ञानतत्त्वः, तथा नानाविधनय-पक्षालम्बनेनानेकविकल्पैराकुलयन्तीः श्रुतज्ञानबुद्धीरप्यवधार्य श्रुतज्ञानतत्त्वमप्यात्माभिमुखी-कुर्वन्नत्यन्तमविकल्पो भूत्वा झगित्येव स्वरसत एव व्यक्तीभवन्तमादिमध्यान्तविमुक्त-मनाकुलमेकं केवलमखिलस्यापि विश्वस्योपरि तरन्तमिवाखण्डप्रतिभासमयमनन्तं विज्ञानघनं परमात्मानं समयसारं विन्दन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च; ततः सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव।

---

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે- એમ હવે કહે છે :-

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

ગાથાર્થ :- [यः] જે [सर्वनयपक्षरहितः] સર્વ નયપક્ષોથી રહિત [भणितः] કહેવામાં આવ્યો છે [सः] તે [समयसारः] સમયસાર છે; [एषः] આને જ(-સમયસારને જ) [केवलं] કેવળ [सम्यग्दर्शनज्ञानम्] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [इति] એવી [व्यापदेशम्] સંજ્ઞા (નામ) [लभते] મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

ટીકા :- જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોના વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્મનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય

તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જયારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

ભાવાર્થ :- આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને પછી ઈન્દ્રિય બુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને, તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદા નથી.

## ગાથા-૧૪૪ ઉપર પ્રવચન

હવે '**પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે...**' ૧૪૪. આ કર્તાકર્મની છેલ્લી ગાથા. આ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ચારિત્ર તો ક્યાંય વસ્તુ રહી. આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. લૂગડા ફેરવીને સાધુ થાય, નગ્ન થાય. સમ્યગ્દર્શન નથી ત્યાં ચારિત્ર ને કાંઈ હોતું નથી. એ સમ્યગ્દર્શનની પહેલી વ્યાખ્યા છે આ.

**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरिं ववदेसं।**
**सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।।१४४।।**

આને સમ્યગ્દર્શન અને જ્ઞાન નામ અપાય છે કહે છે. .. છેને? એને નામ અપાય છે એમ કહે છે. ... દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને સમ્યગ્દર્શનનું નામ પણ નથી અપાતું એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સંતોએ એમ કહ્યું. એને સમયસાર કહીએ.

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

'**ટીકા :- જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' એવો સમયસાર આત્મા એમ. '**જે ખરેખર સમસ્ત નયપક્ષો...**' અનંત નયપક્ષો. એવા એના પક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી '**જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે...**' એવા રાગના પક્ષનો ભાવ જ્યાં અટકી ગયો છે. '**તે સમયસાર છે;...**' તેને આત્મા કહીએ. વિકલ્પથી પર થઈને દૃષ્ટિમાં દ્રવ્યપણું દેખાવું ત્યારે એ પરિણતિ શુદ્ધ થઈ તેને આત્મા કહીએ. આહા..! પરિણતિ વિનાનો આત્મા નહિ. સમજાણું કાંઈ? '**તે સમયસાર છે;...**'

એમ કીધુંને? દ્રવ્ય એમ નહિ. દ્રવ્ય સમયસાર નહિ. દ્રવ્યસહિતની શુદ્ધ પરિણતિ તે સમયસાર છે.

મુમુક્ષુ :- ત્યારે કહેવાય જને.

ઉત્તર :- ... આવ્યું હતું. પરિણતિમાં વીતરાગતા આ વસ્તુ વીતરાગ છે એવું ભાસ્યા વિના એને ધ્રુવની શ્રદ્ધા ક્યાં આવી? જે ચીજ જ્ઞાનમાં ભાસી નથી એની શ્રદ્ધા ... એ તો ૧૭-૧૮માં કીધું છે. સસલાના શિંગડા જેવી શ્રદ્ધા છે. આહા..હા..! વીતરાગ માર્ગ બાપુ જુદો છે. જન્મ-મરણના અંત લાવવાની વાત બીજી છે. કહે છે કે એ સમયસાર જ અમે કહીએ છીએ કે જે વિકલ્પ અટકી ગયા એથી જે નિર્મળ પરિણતિ વીતરાગી દશા થઈ એને સમયસાર અને આત્મા કહીએ. એ શુદ્ધ પરિણતિ સહિતને આત્મા કહીએ. દ્રવ્યને એકલાને આત્મા કહીએ એમ નહિ. એય..! ઓલામાં તો એમ આવ્યું છે. પરમપારિણામિકમાં. દ્રવ્ય આત્મ લાભ હેતુ પરિણામીક છે. પણ એ જાણ્યું કોણે? જાણ્યું કોણે એ? વજુભાઈ! પંચાસ્તિકાયમાં આવે છેને. પારિણામિકભાવ એટલે શું? દ્રવ્યના સ્વરૂપની હયાતી. હયાતી દ્રવ્ય, પણ આ દ્રવ્યના સ્વરૂપની હયાતી તે પારિણામિકભાવ. એ પારિણામિકભાવ. પણ કોણે કહ્યું પહેલું? પર્યાયે જાણ્યું કે આવો છે ત્યારે તેને સમયસાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૨, શુક્રવાર, તા. ૨૨-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૪, પ્રવચન-૨૬૦

એ વિકલ્પથી અતિક્રાંત એ સમયસાર છે. સમયસાર શબ્દે એ અનુભૂતિવાળો આત્મા એને અહીં સમયસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિકલ્પ જે નયના છે એનાથી પણ એ ભિન્ન ચીજ છે. પુણ્ય-પાપના ભાવથી તો ભિન્ન છે. હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એક છું એવા નિશ્ચયના વ્યવહારના વિકલ્પો (તેનાથી પાર) એને.. અંતર આત્મા સમય એનો સાર અનુભૂતિમાં આવે. આત્મા જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ એની પર્યાયમાં એની અનુભૂતિ

થાય એને અહીંયાં સમયસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઈ હવે કહે છે.

'**ટીકા :- જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' એટલે કે આ વસ્તુ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ નયના પક્ષના વિકલ્પથી ખંડ-ખંડ થાય છે. એ ખંડિત નહિ થતો હોવાથી. એટલે કે જે નયના પક્ષમાં રાગમાં ખંડ-ખંડ જે ભિન્ન પડતો. રાગના વિકલ્પને લઈને. સૂક્ષ્મ વાત છે. મનના સંબંધીમાં આવો જે રાગ હતો એમાં ખંડિત થતો. એ વિકલ્પને ઓળંગતા જ્ઞાનસ્વભાવ '**ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે...**' સમસ્ત નયના વિકલ્પો. બહુ ઝીણી વાત છે. હું આવો છું અને તેવો છું એ વિકલ્પ પણ જ્યાં સમયસાર, સમય વસ્તુ એનો સાર અનુભૂતિ થતાં એ વિકલ્પો જ્યાં અટકી ગયા કહે છે, વ્યય થયા છે. અનુભૂતિ ઉત્પન્ન થશે. એ સમ્યગ્દર્શન. એ અનુભૂતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ જુદી ચીજ નથી. સમજાણું કાંઈ?

'**જેનો સમસ્ત વિકલ્પ...**' આ છેલ્લામાં છેલ્લો કર્તાકર્મનો સાર છે. જો કે વિકલ્પનું કાર્ય મારું અને (હું) કર્તા ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ-સમ્યક્ ચૈતન્યના સ્વભાવનો ત્યાં અનાદર છે. અને આ નય વિકલ્પથી અતિક્રમ્યો. અંદરમાં જવાને અંતર પ્રયત્ન કર્યો ત્યારે જે પર્યાયમાં અનુભવ થયો એ અનુભૂતિ સહિત એવો જે આત્મા એને અહીંયાં સમયસાર કહેવામાં આવે છે. આ સમયસાર. આ પુસ્તક સમયસાર એ ત્યાં રહી ગયું. સમજાણું કાંઈ? '**ખરેખર આ એકને...**' શુદ્ધ જ્ઞાનસ્વભાવ વસ્તુનો એકાગ્ર થતાં જે અનુભૂતિ પર્યાય આનંદના વેદનસહિત જ્ઞાનની પર્યાયનો અનુભવ થયો ઈ એકને જ કેવળ સમ્યગ્દર્શન છે. ઈ એકને જ કેવળ સમ્યગ્દર્શન નામ અપાય છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? '**એને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**' આ શાસ્ત્રના ભણતર કે એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન નહિ એમ કહે છે. વિકલ્પથી ભણે, જાણે અગિયાર અંગ, નવ પૂર્વ એ સમ્યગ્જ્ઞાન નથી. તેના તરફના વિકલ્પનું લક્ષ છોડી અને ચૈતન્યદળ જે ભગવાન આત્મા એના તરફની દૃષ્ટિમાં જામતાં જે અનુભૂતિ થાય એ અનુભૂતિને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ અપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી અમૂલ્ય ચીજ છે. જેનું મૂલ્યાંકન હોઈ શકે નહિ. એનું મૂલ્ય શું હોય સમ્યગ્દર્શનનું? આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખરેખર આ એકને જ...**' એમ પાછું બીજું સમકિત છે, કોઈ વ્યવહાર સમકિત છે એમ નથી. સમજાણું કાંઈ? એટલે આનંદમૂર્તિ પ્રભુ એવા ધ્રુવમાં એકાગ્ર થતાં એટલે પર્યાય ત્યાં વળતાં એ ધ્રુવમાં એકાગ્ર થઈ એમ કહેવામાં આવે છે અને રાગમાં જે એકાગ્ર હતી એ વીતરાગ મૂર્તિ ધ્રુવ તત્ત્વમાં એકાગ્ર થઈ એને અનુભૂતિ અને તેને સમયસાર કહેવામાં આવે છે અને એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. ચારિત્રની અત્યારે વ્યાખ્યા નથી. એના પૂરતું સ્વરૂપાચરણ હોય ભેગું એ બધું દર્શન-જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

માલ છે અત્યારે તો આ. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' દરકાર કરી નથી. સવારે ભાઈએ ન કહ્યું 'જોબનિયા જોબન તારા ઝોલા ખાઈ' ઝોલા ખાઈને પડી જશે. આ દેહ. એ જોબન-જોબન. 'જોબન ઝોલા ખાય.' આહા..હા..! અરે..! તારા શરીર માટીના પીંડલા ભાઈ! એ એકરૂપ નહિ રહે એ બદલી જશે. આહા..હા..! એમાં તત્ત્વ જે તારું ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો દરબાર જ્યાં પડ્યો છે અનંત શક્તિનો સાગર એમાં દૃષ્ટિ આપતા એ પૂર્ણ સ્વભાવનો સ્વીકાર કહેવાય છે. સ્વીકાર કરનાર એ પર્યાય છે. માનનારી એ પર્યાય સમ્યગ્દર્શન છે. પૂર્ણ જ્ઞેય છે એને જાણનારું જ્ઞાન એ પર્યાય છે. તો એ પર્યાયને અને દર્શનની પર્યાયને આત્મા તરફ વળેલી અનુભૂતિ એને આ નામ અપાય છે. શશીભાઈ! આહા..હા..! એને પહેલું એની વિધિ છે એ તો પહેલી ખ્યાલમાં લેવી પડશેને.

અરે..! ચાર ગતિના દુઃખો એણે વેઠ્યા છે. દેખનારને આંસુની ધારા ચાલે એવા દુઃખ હતા. ... અહીં ન થવાનું થઈ ગયું. પેટમાં હતું ત્યાં પેટમાં બહાર નીકળ્યું અને .. હવે હું સારું કરી દઉં. આહા..હા..! નવ મહિના અંદર. એવા-એવા તો અનંતકાળમાં નવ મહિના કર્યા છે. એક ભવ નહિ એવા અનંતા ભવ કર્યા છે. આહા..હા..! અને આમ ... આમ શું કહેવાય ઓલું ખાવાનું? ગમાણ. ગમાણમાં રાડા નાખ્યા હોય, આમ ખાતી હોય, માથેથી ધડામ .. કસાયખાનામાં. ... કતલ કરે છેને. આમ સેંકડો ગાયુ ઉપર એક સાથે .. માથુ આમ અને ધડ આમ. કતલખાનું હોય છેને. કાપે ગાયને. આહા..હા..! અરે..! મારા! આજે ખાવું મને ભાવ્યું નહિ. ... આ પાંદડા સુકા પડે એ કાપે. ... આહા..હા..! અરે..! સુખનો સાગર જેને સુખની ઉપર નજર પડતા શાંતિ મળે એવો ભગવાન ભૂલીને આ જ્યાં ત્યાં ખડ ખાય છે મારો. અને કાં પુણ્ય અને પાપના રાગને ખાય, અનુભવે. આ અનુભૂતિથી ઉલટી વાત ચાલે છે આ. ચાહે તો સાધુ થયો હોયને બાહ્ય. એ પંચ મહાવ્રતના રાગ એ આકુળતા છે. આકુળતાને વેદે છે. એ પોતે પોતા ઉપર છરી પોતે મૂકે છે.

અહીંયાં ભગવાન આત્મા અરે..! ભાઈ! નજર તો કર કહે છે. અરે..! એટલી નિવૃત્તિ તો લે. આહા..હા..! નિશ્ચળ નિભૃત પુરુષોને અનુભવાય છે. આવે છેને? કળશમાં આવે છે. ૯૩મો કળશ છે. એમ કહે છે. ... ૨૩૨ પાનું. હા ઈ છે. ૨૩૨ પાનું? બીજી લાઈન. **'अचलं अविकल्पभावम्' 'समयस्य सारः भाति'** નિભૃત. ચોથી લીટી છે. **'निभृतैः स्वयम् आस्वाद्यमानः'** આહા..હા..! ગુજરાતી છે એનું. 'નિભૃત નિશ્ચળ આત્મલીન પુરુષો વડે આસ્વાદાય છે.' આહા..હા..! જેની બધી ચિંતાઓ છૂટી જાય છે. કેટલાક તો એ થોડું કામ આવી પડે તો સંકલ્પ-વિકલ્પની જાળું કર્યા જ કરે. આહા..હા..! એવાઓને આ હાથ આવે એવું નથી કહે છે. નિભૃત પુરુષો વડે. જેની બધી ચિંતાઓ છૂટી ગઈ છે. આત્મા આવો છું એવી પણ ચિંતા જ્યાં છૂટી ગઈ છે. આહા..હા..! એવા આત્મા વડે. પુરુષ એટલે

આત્મા. નિભૃત પુરુષો વડે, નિશ્ચળ પુરુષો વડે સંકલ્પ-વિકલ્પની ચિંતા વિનાના પુરુષ એટલે આત્મા વડે જે આસ્વાદ્યમાન છે. આહા..હા..! એ અનુભવમાં એને આવે એવો છે કહે છે. સમજાણું કાંઈ?

'**ખરેખર આ એકને જ...**' એકને જ. પાછું એમ છે. બીજું પણ છે એમ નહિ. આ ચીજ ભગવાન આત્મા વિકલ્પથી પાર નીકળીને ભગવાન આનંદસ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાનને પ્રસરાવતો એ અનુભૂતિને કરે છે. એ '**એકને જ કેવળ...**' એમ. એ '**આ એકને જ કેવળ સમ્યગ્દર્શન...**' એને જ માત્ર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. લ્યો આ પહેલામાં પહેલું કર્તવ્ય આ. હિતને પંથે જવામાં પહેલું કર્તવ્ય. સમજાણું કાંઈ? '**અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે.**' આહા..હા..! ભાષા તો જુઓ. વ્યપદેશ છેને? એને નામ મળે છે. ભાવસ્વરૂપ હોય એને નામ મળે. અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ એના તરફ ઝુકતા, વિકલ્પોથી ઓળંગી ગયો છે. અતિક્રમ્યો. એમાં જે અનુભૂતિ થઈ, આનંદનો અનુભવ, જ્ઞાનની જાતનો, જ્ઞાનનો અનુભવ. એ અનુભૂતિને એકને એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નામ એને મળે છે. આ તો આ ભાવને આવું નામ મળે એમ કીધું, ભાઈ! આહા..હા..! અહીં તો ઓલું કીધુંને મહાવીર? વર્ધમાન નામ પામે. ઈ આ અપેક્ષાથી ત્યાં હોં. એકલું નામ એમ નહિ. સમજાણું કાંઈ?

પરમાત્માનો ભાવ ભાસ્યો છે એને વર્ધમાનને નામ એને સફળ થયું છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં આવે છે. ઓલામાં અનુભવપ્રકાશમાં. જેના નામમાત્રથી તરી ગયા એવું આવે છે. નામનિક્ષેપમાં. નામનિક્ષેપની વ્યાખ્યા આવે છેને? અનુભવ પ્રકાશમાં આવે છે. સ્થાપનાથી તરી ગયા. ચેતનજી! કઈ સ્થાપના? સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન. એકનો કાગળ હતો. છેને ક્યાંક? છે. છોકરો આવ્યો હતો ભાઈ આવતી ચોવીસીમાં છેલ્લા તીર્થંકર થવાનો છું. એવો ને એવો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવા-એવા ... આવતી ચોવીસીમાં છેલ્લા તીર્થંકર. મને માન આપજો. ઈર્ષ્યા કરશો નહિ. એમ કે આવું... અરે..! ભગવાન! બાપા! નામ ભગવાન છે. ભગવાન મહાવીર. ... આહા..હા..! એનું શું કામ છે બાપુ તારે? ભગવાન થાવું હોય તો તારું કરને. એય..! આહા..હા..! એ નામ ભગવાન ... ભાવ હોય તો એનું નામ સાચું છે. કેટલી શૈલી છે! આહા..હા..! એની પ્રગટ પર્યાય સમ્યક્ અનુભૂતિ થઈ એને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાય, વ્યપદેશ એને કથન કરાય. આહા..હા..! ચેતનજી! પાઠ છે કે નહિ? વ્યપદેશ છેને? એવું જ ઓલામાં આવે છે નહિ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. એનું નામ વ્યવહાર અને વ્યવહાર... આવે છે. એમ આવે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આ બાજુમાં. એને નામ મળે છે. સમ્યગ્દર્શન. સમજ્યાને? એમ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ત્યાં તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન નામ વ્યવહારે. આ વસ્તુ આમ

થાય એને સમ્યગ્દર્શન નામ કહેવાય છે. ત્યાં પણ એ શબ્દ પડ્યો છે. સમજાણું કાંઈ? કહ્યું હતું પહેલા એક ફેરી વાત હોં. યાદ આવે ત્યારે. યાદ તો એની મેળાએ આવવું જોઈએને. એ કાંઈ હઠથી આવે છે? આહા..હા..!

કહે છે એ આ બધા વિકલ્પ શુભ છે હોં રાગ. અશુભ નથી આ. ઓલા અશુભ-શુભની અપેક્ષાએ. આમ તો અશુભ છે. પણ શુભ-અશુભની અપેક્ષાએ આ શુભ છે. હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું એવો વિકલ્પ પણ દુઃખરૂપ અને આકુળતા છે. આહા..હા..! એનું ચિંતન કરવું ઘુંટણ. આવો છું... આવો છું... આવો છું... આવો છું... એ પણ વિકલ્પ અને આકુળતાનું ઘુંટણ છે. ભારે ગજબ વાત છે. સમજાણું કાંઈ? કારણ કે એ વિકલ્પની વૃત્તિ એમાં એ આવો છું અને આવો છું એમ માને છે. વસ્તુમાં જાય એટલે આવો છું અને આવો છું એ વિકલ્પ રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વિકલ્પમાં ઘુંટણ, એ વિકલ્પના ઘુંટણ દ્વારા નિર્વિકલ્પ થવાય એમ નથી. સમજાણું કાંઈ? ઈ તો અહીં માંડી છે પહેલી. વ્યવહારનો નિષેધ તો કરતા આવ્યા છીએ. આમ છું, ધ્રુવ છું, શુદ્ધ છું, અભેદ છું, એક છું, આ છું, આમ છું. એવા વિકલ્પને પણ છોડાવા માગીએ છીએ ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

આ અનુભૂતિ એ ભગવાનના પેઢીએ-પાટે બેઠો હવે એ. સમજાણું કાંઈ? હવે એને આત્માનો ધંધો કરતા આવડશે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં કેમ રમવું? કેમ ઠરવું? હવે એને આવડશે. એ વિના વિકલ્પવાળાને અંદરમાં પ્રવેશનો જ્યાં અવકાશ નથી એને એનો વેપાર કરતા કેમ આવડે? સમજાણું કાંઈ? એવી વાત છે. આહા..હા..!

**'તે સમયસાર છે;...'** સમયસાર એટલે દ્રવ્ય? એ અનુભૂતિ સહિતનું એ સમયસાર છે એમ. ... આહા..હા..! સમજાણું કાંઈ? સમયસારનો અર્થ જ ઈ કર્યોને? દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત એ સમયસાર. એ પર્યાય સહિતનો આત્મા તેને સમયસાર કહીએ. એકલો સમય... સમય... સમય... આત્મા... આત્મા... આત્મા... તો આત્મા અનુભૂતિમાં આવ્યા વિના સમયસાર ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? ત્યાં સુધી એને સમયસાર નામ પણ કહેવાતું નથી. આહા..હા..! જેમ સમ્યગ્દર્શન જ્ઞાન નામ કહેવાતું નથી. એમ થયુંને? આહા..હા..! એવી વાતું સુજાનમલજી!

મુમુક્ષુ :- બરાબર આ ટંકોત્કીર્ણ વાત છે.

ઉત્તર :- વાત તો એવી છે. અહીં તો ઓલું વ્યપદેશ છેને એના ઉપર જરી. એ વસ્તુ ભગવાન આત્મા ધ્રુવ જે છે એ અનુભવમાં, પર્યાયમાં આવે ત્યારે એને સમયસાર કહેવામાં આવે છે. પર્યાયમાં અનુભવ ન થાય એને આ દ્રવ્ય છે... આ દ્રવ્ય છે... આ દ્રવ્ય છે... આ ધ્રુવ છે. એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સમયસાર જ તે આહા..હા..! ભરતક્ષેત્રનો કેવળજ્ઞાનનો દીવડો છે ઈ. પણ લોકોને એની કિંમત નથી. આ સમયસાર છે બસ. એક

જણો કહે પંદર દિ'માં હું વાંચી ગયો સમયસાર. બાપા! પંદર દિ'માં ગોખી જાય એ તો આઠ દિ'માં પૂરું થઈ જાય. અરે..! ભાઈ! સમયસાર એક સેકન્ડનો સમયસાર અનુભૂતિને આપે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો આચાર્યને કેવી વાત કરવી છે અને એમ છે કે વસ્તુ જે છે શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અખંડ આનંદ અભેદ છે. એનું વિશેષપણે અનુભવમાં પરિણમન થવું, એનું વિશેષપણે રાગમાં થવું નહિ પણ અનુભૂતિમાં શાંતિ અને નિર્વિકલ્પની પરિણતિપણે થવું એને અહીંયાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નામ અપાય છે. આવા ભાવવાળાને નામ અપાય છે. આહા..હા..! વાચક સમ્યગ્દર્શન. વાચ્ય ઓલી પર્યાય. શબ્દ. પણ કહે છે કે ઓલો વાચ્ય આવો હોય એને આવું વાચક નામ અપાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સમયસાર તે સમયસાર હોં. ગજબ કામ કર્યા છે. આહા..હા..! એક-એક પદે, એક-એક વાતે. ચૈતન્યસૂર્યને ઉઘાડી નાખ્યો છે. આહા..હા..! એ આ શબ્દોથી નહિ, ભાવથી. સમજાણું કાંઈ?

કહે છે આ કાંઈ પ્રોફેસરની વાત નથી કે એકદમ એક કલાક ગોખે જાય અને બોલે જાય. આ તો અંતરની વાતું છે. હજી ધર્મની પહેલી દશા થવામાં આ હોય છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આહા..હા..! અરે..! એણે દરકાર નહિ હોં. બહારથી મનાવ્યું એણે. માન્યું અને મનાવ્યું જગત પાસે. કોઈ માને મને. પણ તું તો માન તને હજી બાપા! બીજો માને, ન માને તારે શું કામ છે? ભાઈએ કહ્યું નહોતું? નિહાલભાઈએ. કે ભાઈ! જંગલમાં પુષ્પ હોય કે બાગમાં હોય. એને કોઈ સુંઘે કે ન સુંઘે. બાગમાં એટલે વસ્તીની નજીકમાં. અને જંગલમાં હોય. બે. અને એને સુંઘે કે ન સુંઘે બે. સુંઘે તો એની કિંમત થાય અને ન સુંઘે તો એની કિંમત કરમાઈ જાય એમ છે? સમજાણું કાંઈ? કે ભાઈ! એ ફૂલને કોઈ સુંઘવા આવે જંગલમાં. તો એની કિંમત કહેવાય. એકલું જંગલમાં ફૂલ કોઈ સુંઘે નહિ. પણ ન સુંઘે તો એની સુગંધ ક્યાં વઈ જાય છે? એની કિંમત ક્યાં જાય છે? આહા..હા..! અને વસ્તીની નજીકમાં બાગ હોય. ઓલું જંગલ લીધું છે. ગામની નજીક અને ફરવા નીકળે માણસો. પણ એ ફૂલની સામું ન જોવે, ન સુંઘે એથી ફૂલની સુગંધની કિંમત જાય છે? ન સુંઘે એટલે કરમાઈ જાય છે? સુંઘે એટલે પુષ્ટિ થઈ જાય છે ત્યાં? સમજાણું કાંઈ?

કહે છે કે આહા..હા..! ભગવાન આત્મા જેની નજરુંમાં નિધાન નજરે પડ્યું. હવે એકાગ્ર થઈને કાઢ એટલો તારો માલ. જેમાં એકાગ્ર થાવું છે એ ચીજ જ્ઞાન અને શ્રદ્ધામાં જણાઈ ગઈ. સમજાણું કાંઈ? એથી એ શ્રદ્ધા-જ્ઞાનને એટલે કે એ અનુભૂતિને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાય છે. આહા..હા..! એ અનુભવ થયો વિકલ્પ રહિત ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ. એને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'(**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી...**' એટલે કે આત્માના અનુભવની દશાથી એ કોઈ '**જુદાં નથી,...**' સમજાણું કાંઈ? લ્યો અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પર્યાય અનુભવની પર્યાયથી જુદી નથી. સમજાણું કાંઈ? હવે એને પામવાની રીતની પદ્ધતિ કહે છે. '**પ્રથમ,...**' તો. તાવત છેને? '**પ્રથમતઃ**' પ્રથમ તો. એમ છે. પાઠમાં જ એમ છે. સંસ્કૃતની બીજી લીટી. પહેલા તો ઈ હોઈ શકે છે કે '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આગમ જ્ઞાનના અવલંબનથી. ભગવાને કહેલા આગમ આત્માના. એના અવલંબનથી અથવા એ કહેનાર સંતો, મુનિઓ એની વાણીથી, એની વાણીના આલંબનથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનસ્વભાવ આત્માનો...**' લ્યો! કહે છે કે ઈ આત્મા છે શું? એ તો જ્ઞાન જાણનાર સ્વભાવ સંપન્ન છે. જાણવાના સ્વભાવવાળું એ તત્ત્વ છે. જ્ઞાનસ્વભાવ આત્માનું એમ. તો આ જ્ઞાનસ્વભાવ તે આત્મા છે. એવો '**નિશ્ચય કરીને,...**' આગમ જ્ઞાનથી આ નિશ્ચય કરવો. કહો, સમજાણું કાંઈ? એટલે કે આગમ એ બતાવે છે અને સંતો પણ એ કહે છે. તો એ સાંભળતા વિકલ્પ છે. સમજાય છે કાંઈ? પણ વિકલ્પથી આ આત્મા જ્ઞાનસ્વભાવ એનો પહેલો નિર્ણય કરવો. વિકલ્પથી. અનાદિનું એ તત્ત્વ શું છે એની ખબર નથી. એથી એણે પહેલો વિકલ્પથી આવો નિર્ણય કરવો. કે જેથી જે વસ્તુ છે એવી જ એના વિકલ્પના જ્ઞાનમાં જણાય. છતાં એ વાસ્તવિક સમ્યગ્દર્શન નહિ. પણ વચમાં આ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે એ '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આગમ જ્ઞાનના આધારથી. આગમ જ્ઞાનના અવલંબે. ભગવાને કહેલા આગમો સંતો જે વાણી કહે તે આગમો. એ આગમ જ્ઞાનના અવલંબનથી એને એ કહેવું છે કે તું જ્ઞાનસ્વભાવ આત્મા છો. પુણ્ય-પાપ અને વિકલ્પને એ તારું સ્વરૂપ નથી. આ દેહ, વાણી તો ક્યાંય રહી ગયા ધૂળ. સમજાણું? આહા..હા..! દયાસાગર લોકોને શું થયું? ગુજરી ગયા નહિ? રાતમાં ભાઈ કહેતા હતા. આ દયાસાગર. અહીંયાં .. નાની ઉંમર હતી. અહીંયાં આપણે નહોતા બેસતા ચોમાસામાં? ત્રણ વર્ષ પહેલા. છોટાભાઈ! અહીં નહોતા ક્ષુલ્લક? એ ગુજરી ગયા. .. એ રાતમાં શું થયું? કાંઈક લખાણ આવ્યું. કહો, ૪૦ વર્ષની ઉંમર અને આ ચાલ્યા. આહા..હા..! આ ડોલો પડ્યો. ડોલતો ડોલો પડ્યો ઈ છે. આહા..હા..! સ્થિર રહેલો ભગવાન ચાલી ગયો નીકળીને અંદરથી. અરેરે..! એવી ક્ષણે અને પળે બાપા! સ્વરૂપને સાંભળીને નિર્ણય કરવાનો કાળ પણ કોઈ બીજી વાત છે. એને ઓળખવું છે એ વખતે નિર્ણય કરવા વખતે પણ આ લક્ષ છે. ભાઈ! સમજાણું કાંઈ?

શું કહે છે? પહેલું તો '**શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો...**' પહેલું એમ કીધુંને? તો એ પહેલા એ વિકલ્પથી નિર્ણય કરતા આ આત્મા તો જ્ઞાનસ્વભાવ જ

છે. એવું પ્રથમ આ એનો અર્થ કે એને પછી તો એ છોડવો જ છે. એ રાખવા માટે નિર્ણય કરે છે વિકલ્પનો એમ નહિ. સમજાણું કાંઈ? પણ આ ભૂમિકા પહેલી છોડવું છે એવા લક્ષે પણ નિર્ણય કર્યો તો એ છોડવું છે એવા લક્ષે નિર્ણય કર્યો છે. ભલે છોડ્યું નથી અત્યારે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યોના હૃદય. કહે છે આગમ જ્ઞાનથી અથવા અમને સાંભળીને દિગંબર સંતો, મુનિઓ, ધર્માત્મા એ જે કહે છે એ આગમ છે વાણી. એ વાણીમાં એમનો અભિપ્રાય જે છે એ તો વિકલ્પને છોડાવા માટે છે. સમજાણું કાંઈ? પણ એને આ સાંભળવો વિકલ્પ અને પહેલું આવું આ જ્ઞાનસ્વભાવ છે એવું આવ્યા વિના રહે નહિ. છતાં એ આવે છે માટે નિર્વિકલ્પ થશે એમ નહિ. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? પણ અહીં તો વિકલ્પ વડે નિર્ણય કરે છે એ કાળે પણ એના લક્ષમાં છે કે આ વિકલ્પ છૂટે ત્યારે અહીં અનુભવ થાય. એવા લક્ષે અહીં નિર્ણય કરે છે. હજી પકડાણું નથી. ભાઈ! આ.. આ.. આ છે. આ જ્ઞાનસ્વભાવ છે, આ જ્ઞાનસ્વભાવ છે. એટલે કે એ રાગ અને પુણ્ય-પાપના ભાવવાળો એ આત્મા નથી. એ તો જાણન સ્વભાવ ચૈતન્યસૂર્ય, ચૈતન્યસૂર્ય સ્વરૂપ છે એ. એવો એ કોઈનું કરે કે કોઈથી લે એ એની ચીજ નથી એમ પહેલો નિર્ણય કરે એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાન પહેલામાં શું આવ્યું?

ઉત્તર :- જ્ઞાનસ્વભાવ આ ચૈતન્ય જાણકસ્વભાવ બસ એકલો. ઈ આવ્યું એમાં. વિકલ્પથી પણ ઈ આવ્યું કે જ્ઞાનસ્વભાવ. ઈ કોઈથી જ્ઞાન લેતો નથી અને કોઈને દેતો નથી એવો એ સ્વભાવ છે.

મુમુક્ષુ :- પરનું કરવાનું ક્યારે?

ઉત્તર :- કરવાનું એ આમાં આવ્યું કાંઈ? જ્ઞાનસ્વભાવ કોનું કરે? જ્ઞાનસ્વભાવ નિર્ણય કર્યો ઈ એમ નિર્ણય કર્યો કે કોઈનું હું કરું નહિ અને કોઈથી હું લઉં નહિ. મારો સ્વભાવ જ જ્ઞાન છે એમાંથી નીકળશે. જ્ઞાનસ્વભાવ જાણે એ કોને કરે? જાણનાર કોને કરે? હોય એને જાણે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે વિકલ્પ દ્વારા પણ આ જાતનો નિર્ણય થાય કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ છે. કોઈની દયા પાળી શકે કે દયાના ભાવવાળો એ નથી. સમજાણું કાંઈ? અથવા એ કોઈથી મળે અને કોઈને દે એવો એ આત્મા નથી. આહા..હા..! ત્યારે તો જ્ઞાનસ્વભાવ નિર્ણય થાય, નહિતર નિર્ણય ન થાય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! હિંમતભાઈ! તમારે ..માં નહિ આવતી હોય ત્યાં ડોક્ટરમાં. ત્યાં શું આવે? ... આહા..હા..! .. ઠેકાણું રાખીને પહેલો નિર્ણય કર કહે છે. આહા..હા..! જોકે વિકલ્પથી નિર્ણય કરે એ વાસ્તવિક નિર્ણય નથી, પણ ઈ વચ્ચે આ જાત આવ્યા વિના રહેતી નથી. કારણ કે અનાદિની એ ચીજ જે છે

ઈ ચીજ એના ખ્યાલમાં આવી નથી. સમજાણું કાંઈ? એટલે ખ્યાલમાં આવી નથી એટલે એનો કોઈપણ પ્રકાર એના જ્ઞાનમાં આવ્યો નથી. એટલે એ જ્ઞાનમાં આ વસ્તુ આવી છે એમ એને બરાબર વિકલ્પ દ્વારા પહેલો આગમ દ્વારા નિર્ણય કરે. આહા..હા..! સમજાણું કાંઈ? રમતું જીવની રમતું આત્માની જુદી છે, ભાઈ! આહા..હા..! આખી દુનિયાનો જેમાં હોંશ ઉડી જાય બધો. કે આનાથી અમે મોટા થઈશું, આમથી અમે આમ થાશું. હવે બધું કર્યું. નિર્ણય હજી કરે છે હું તો જ્ઞાનસ્વભાવ છે. એય..! ..ભાઈ! આહા..હા..! ત્યાં આમ કરશું અને પછી આમ કરશું અને પછી આમ મોટા થાશું. મોટા થઈને બતાવશું તો એણે વસ્તુનો નિર્ણય કર્યો એમાં તો આ વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ?

'**પ્રથમ,...**' તો એમ શબ્દ પડ્યો છેને? તાવત અહીં શબ્દ નથી લીધો, ભાઈ! તાવત ન બોલતા પ્રથમ જ એમ. તાવતનો અર્થ પ્રથમ થાય છે. પહેલી તાવતની વાત આવી છેને. આહા..હા..! પહેલાં એટલે એનો અર્થ કે એને વિકલ્પ છોડવો છે. પણ આ જાતનો ભગવાન અંદર વસ્તુ કેવી છે? એ સર્વજ્ઞ પરમેશ્વરે જે કીધી કે એ તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ જ્ઞાન કોને કરે? દૃશ્યને દેખે, જ્ઞેયને જાણે. એ સિવાય એની ચીજમાં બીજી કોઈ ચીજ છે નહિ. જ્ઞેયને બનાવે, જ્ઞેય શબ્દે રાગને બનાવે એ ચીજ નથી એમાં. એવો વિકલ્પથી નિર્ણય પહેલો કર એમ કહે છે. આહા..હા..! એ વિકલ્પને રચે એ જ્ઞાનસ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પથી નિર્ણય કર્યો તોપણ આ. જ્ઞાનસ્વભાવ છે. એનો અર્થ કે એ જ્ઞાનસ્વભાવ જે વિકલ્પથી નિર્ણય કર્યો એ વિકલ્પની રચના પણ ન કરે. સમજાણું કાંઈ? આહા..હા..! ..ભાઈ! આ તમારો દીકરો જુઓ આમ લલકે છે અંદરથી. એવી .. આહા..હા..!

ભગવાન! તારી વાતું પણ બાપા! તું બીજાની મોટપ લેવા જા છો અને મોટપ દેખાડવા જા છો એ વસ્તુમાં નથી એવો પહેલો તો નિર્ણય કર વિકલ્પ દ્વારા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઘણી જ આત્મખ્યાતિ ટીકા ગજબ વસ્તુ. ઓહો..હો..! એક જણો ઓલો ભગવતી વાંચેલો કોઈક સાધુ હતા સ્થાનકવાસી. એકવીસવાર વાંચ્યું એકવીસવાર. પછી કહે કે ભગવતી! તારો પાર ન આવે એટલીવાર વાંચ્યું. એ તો હવે સમજવા જેવી વાત. એ નહિ. ભગવતી .. કહેવાય છેને શ્વેતાંબરમાં? ૧૬ હજાર શ્લોક અને ૧ લાખની ટીકા. ઉંચામાં ઉંચું કહેવાય. બહુ વાંચે શ્વેતાંબર સાધુ. સોનામાં મૂકે નહિ? મૂકે. ભાઈ મૂકતા નહિ ભાઈ નાનાલાલભાઈ. ... પૂજામાં મૂકે. ત્યાં એ ભગવતી વાંચેને. એ તો કલ્પિત શાસ્ત્ર બનાવેલું છે. આ તો આગમ જેને કહીએ એ આગમ દ્વારા આમ સાંભળીને નિર્ણય કર. આ આગમમાં એમ કહ્યું છે. કે તું તો જ્ઞાનસ્વભાવ છો. એમાં તો કેટલું આવી જાય છે! એ આ વિકલ્પથી નિર્ણય કરે ઈ વિકલ્પમાં આ સ્વભાવ છે એ મને રચે એવો એ સ્વભાવ નથી. એમ જ્ઞાનની પર્યાયમાં વિકલ્પથી નિર્ણયમાં પણ આત્મા આવો છે. સમજાણું કાંઈ?

ઈ સાંભળે તો કહે છે કે હું તો જ્ઞાનસ્વભાવ છું એવો નિર્ણય કર્યો છેને. એ સાંભળે છે એ જ્ઞાનની પર્યાય ત્યાંથી આવે છે સાંભળવામાંથી. એમ નથી. જ્ઞાનસ્વભાવ છે ઈ જાણે છે. એવો તો વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કર. આહા..હા..! હવે એટલી પણ નિર્ણય કરવાની તાકાતમાં આવે નહિ એને. એને છોડીને નિર્વિકલ્પ અનુભવ થવો ન થઈ શકે. સમજાણું કાંઈ? મુદ્દાની રકમની વાતું ઝીણી જ હોય.

'**પ્રથમ, શ્રુતજ્ઞાનના...**' એટલે આગમ હોં. એમ પાછું જ્ઞાન અંદર પર્યાયમાં આવવું જોઈએ. પર્યાયમાં જ્ઞાન એ જાતનું હો પરલક્ષી. એમાં વિકલ્પ દ્વારા એ વિચાર. બાકી જ્ઞાન તો છે પર્યાયે. પણ સમ્યગ્જ્ઞાન નથી. હજી પરલક્ષી જ્ઞાનની પર્યાયમાં વિકલ્પથી આ વસ્તુ એકલો ચૈતન્યપુંજ છે. ચૈતન્યનો સૂર્ય છે. જેમાં અનંતી લાઈટ પ્રગટ થાય ચૈતન્યની એવો ઈ છે. રાગ પ્રગટ થાય કે અંધકાર પ્રગટ થાય એ ચીજ એ નથી. સમજાણું કાંઈ? હવે શું કહેવાય છે તમારા ઓલા? સર્ચ લાઈટ બાહુબલીજી. હજાર-હજારની .. હજાર બે. આ તો અનંતી સર્ચ લાઈટ અનંત-અનંત ગુણની કિરણો અંદર ફૂટે એવી. સમજાણું કાંઈ? એવો હું છું. જ્ઞાનસ્વભાવી હું છું. તો એની સાથે જેટલા શ્રદ્ધા, આનંદ આદિ છે ઈ જ્ઞાનસ્વભાવમાં અવિનાભાવપણે આવી જાય છે. એટલે કે એ તો હું એનો પણ જાણનાર, મને જાણનાર, રાગને જાણનાર, પરને જાણનાર, ત્રણ લોકના નાથ તીર્થંકર અને એની વાણી હોય તોપણ હું તો મારાથી જાણનાર. કારણ કે મારો સ્વભાવ જ્ઞાન છે. આહા..હા..! રતિભાઈ! આવી વાત છે.

કહે છે '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આહા..હા..! ગજબ વાત છે. એ આગમ અને આગમની વાણી અને એનાથી થતું જ્ઞાન વિકલ્પવાળું એ વિકલ્પમાં આવો નિર્ણય હોય છે. તો પણ એ હજી બહિર્લક્ષી છે. સમજાણું કાંઈ? એની ચીજ જે છે એ રીતે જાણવામાં પહેલા વિકલ્પ દ્વારા ન જાણે તો એ વસ્તુમાં ન જઈ શકે. છતાં એ નિર્ણય કરે છે માટે જઈ શકે છે એમ નથી. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન થવાની વાતું તે એવી જ હોયને. પામરમાંથી પ્રભુ કરી નાખવો છે પર્યાયમાં. વસ્તુમાં છે.

મુમુક્ષુ :- એમાં શું લાભ છે?

ઉત્તર :- જ્યાં સુધી પર્યાયમાં ન આવે ત્યાં સુધી વસ્તુ વસ્તુમાં શું થયું લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આહા..હા..! આવી ટીકા તે ભરત ક્ષેત્રમાં. કેવળજ્ઞાનથી આવેલી વાણી અને અંદર અનુભવેલી એમાંથી આ નીકળેલી વાણી છે. ભગવાન આમ કહેતા હતા એમ નથી અહીંયાં. સમજાણું કાંઈ? '**જ્ઞાનસ્વભાવ આત્માનો,...**' સંસાર

ભાવ આત્મા, સંસાર ઉદયભાવ સ્વભાવ આત્મા એ નહિ. ઉદયભાવ સ્વભાવ આત્મા નહિ. ઓહો..હો..! વ્યવહારરત્નત્રયનો જે રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ એ આત્મસ્વભાવ નથી. એમ તો વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે પહેલો એમ. કે આ જ્ઞાનસ્વભાવ આત્મા. એ વ્યવહારરત્નત્રય સ્વભાવ આત્મા નહિ. આવી વાત લોકોને એમ લાગે કે નિશ્ચય છે. બાપુ! વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? સંતોને કહેવું છે, કેવળીઓને કહેવું છે અને વસ્તુના સ્વભાવમાં એ છે. પણ હજી વિકલ્પ દ્વારા, પણ કહેવું છે એ ખ્યાલ જ નથી. આ ઘડિયાળ છે, છ મહીનાનું બાળક છે. છ મહિનાનું ભાઈ એને ખબર છે? કહે છે. એની માની ખબર છે એને? ભલે એની મા તેડે. .. આમ-આમ જોયા કરે. કરતાં... કરતાં... કરતાં... ઘણા વર્ષ થાય પછી બધા એમ કહે કે આ તારી મા છે. આ બા. એમ કરતાં-કરતાં ઠીક આને બા કહેવાતુ હશે. આત્મા અંદર જ્ઞાનસ્વભાવ ભગવાન છે. એમ જ્યારે એને સાંભળવામાં આવે છે ત્યારે એ નિર્ણય કરે છે કે ઓહો..! આ તો આત્મા જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? હજી તો જ્ઞાન શું અને એ (જ્ઞાન) સ્વભાવી આત્મા. એ શું છે? એનો સ્વભાવ જ જ્ઞાન છે હોં. એ ચૈતન્યપુંજ પ્રભુ છે. એમાં રાગ રચું એવો એનો સ્વભાવ નથી. રાગને નાશ કરું એવો પણ એનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- કરું એને નાશ કરું એવો

ઉત્તર :- કરું ને નાશ કરું એવો એનો સ્વભાવ નથી. એ તો એનો સ્વભાવ તે જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? એ પરની દયા પાળી શકે એવો એનો સ્વભાવ નથી. પરની દયાનો ભાવ ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! અરેરે..! ભગવાન ચૈતન્યસૂર્ય એકલો પ્રકાશનો પુંજ એ આત્મા એમ '**નિશ્ચય કરીને, પછી...**' પહેલો હતોને શબ્દ ઈ? '**પ્રથમ,...**' '**પછી...**' આહા..હા..! '**તતઃ**' છેને? '**તતઃ**' ઈ નહિ. '**યતઃ**' પ્રથમ અને '**તતઃ**' પછી આહા..હા..! કહે છે કે આ વાતું બાપુ સાધારણ નથી હોં. હળવે-હળવે આવતી હોય પણ વસ્તુસ્થિતિ આવી છે. એવી છે, ભાઈ! આહા..હા..! અરેરે..! એને કોઈ દિ' રુદન પણ ન આવ્યા એના. અરે..! હું મને મારો વિરહ મને? સમજાણું કાંઈ? ઈ આ વિકલ્પથી નિર્ણય કરે છે કે હું આવો છું હોં. આહા..હા..! મારી ચીજમાં.. આહા..હા..! પરનું ભલું કરવું કે ભૂંડું કરવું એ વસ્તુના સ્વભાવ નથી. તેમ પરથી મારામાં ભલું થાય એવો મારો સ્વભાવ નથી. આહા..હા..! તેમ પરથી મારું ભૂંડું થાય એવો મારો સ્વભાવ જ નથી. એને તો નિજ આત્મા ઉપર આવી વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિની માટે,...**' ઈ શું કીધું? જુઓ, ઓલો જ્ઞાનસ્વભાવ આત્મા નિર્ણય કર્યો છે, પણ પ્રગટ-પ્રસિદ્ધ થયો નથી. પર્યાયના અનુભવમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આ તો બધા કેવળીઓના કહેણ છે. આહા..હા..! એક સારા ઘરનું કરોડપતિનું

કહેણ આવે દીકરીનું અને દીકરો હોય સાધારણ. સાધારણ એટલે? પાંચ-દસ લાખનો આસામી અને ઓલા પાંચ-પચાસ કરોડનો આસામી આવે. એનું કહેણ આવે ત્યારે ખ્યાલમાં હોય કે દીકરી સિવાય બીજું કાંઈ નથી. એટલે એમ કે એ તો અહીં આવશે બધું પાછળથી. એવું કહેણ આવે તો બધા રાજી-રાજી થાય છે ઘરના. આહા..હા..! ધૂળેય નથી પણ. આ તો કહેણ આવ્યા નાથ! તારા સ્વભાવ જ્ઞાનના કહેણ છે આ. એ જ્ઞાનથી ભરેલો ભગવાન ભાઈ! તું તો છો. આહા..હા..! હવે એને પ્રસિદ્ધિ કરવા માટે. નિર્ણય કર્યો વિકલ્પ દ્વારા કહે છે.

હવે એ '**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' આત્મખ્યાતિ. એ આત્માની પર્યાયમાં અનુભૂતિ થાય એ આત્માની પ્રગટ પ્રસિદ્ધિ. આહા..હા..! આ એક-એક શબ્દમાં કેટલું ભર્યું છે આમાં? આહા..હા..! પાર નથી એમાં. ગજબ વાત છે. આખું જૈનશાસન. શરૂથી ઠેઠ સુધી નિર્ણય કર્યો પણ છે આવી એ ચીજ એવો એ નિર્ણય કરે. જ્ઞાન શું કરે? કે જ્ઞાન જાણે. જ્ઞાનાદિ વિકલ્પથી નિર્ણય કર્યો તો પછી જ્ઞાનનો સ્વભાવ તો એ વિકલ્પને પણ જાણવાનો છે. વિકલ્પનું એકપણું કરવાનો એનો સ્વભાવ નથી. આહા..હા..! એ ભગવાન આત્માને પ્રગટ પ્રસિદ્ધિ. જેની અનુભૂતિમાં, રાગ વિના અનુભૂતિમાં આત્મા જણાય. એને સાક્ષાત્ આત્માનો થાય. સાક્ષાત્કાર આત્માનો થાય એ માટે '**પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...**' જુઓ, હવે કોઈ. આહા..હા..! કહે છે કે આત્મા વસ્તુ છે જ્ઞાનસ્વભાવ એની પ્રગટ અનુભૂતિ, પ્રસિદ્ધિ પર્યાયમાં થાય, એની પ્રગટ પ્રસિદ્ધિ માટે આત્મખ્યાતિ. છે આનું નામ. ટીકાનું નામ. એ શબ્દ અહીં આવી ગયો છે. આત્મખ્યાતિ એટલે આત્મપ્રસિદ્ધિ. ભાઈ! આહા..હા..! '**खल्वात्मख्यातये**' એમ શબ્દ છેને? એમ જ છે. '**खल्वात्मख्यातये**' આખી ટીકાનું નામ એ છે.

'**પર પદાર્થની પ્રસિદ્ધિનાં...**' જુઓ, હવે આનીકોર '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...**'ને છોડી દેવા પડશે એણે. '**પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...**' એટલે શું કહે છે? ઈન્દ્રિયો એ પરપદાર્થની પ્રસિદ્ધિના કારણ છે. ઈન્દ્રિય કાંઈ સ્વપ્રસિદ્ધિનાં કારણો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા...**' ઈન્દ્રિય દ્વારા તો આ જણાય બહારનું. '**અને મન દ્વારા...**' આ જે અરૂપી આદિ પર પદાર્થ જણાય. '**પ્રવર્તતી બુદ્ધિઓ...**' એમાં પ્રવર્તતી બુદ્ધિ એટલે જ્ઞાનનો પર્યાય '**તે બધીને...**' જોયું એમાં બુદ્ધિ લીધી છે. આહા..હા..! ઓલામાં પણ બુદ્ધિ લીધી છે. શ્રુત જ્ઞાનની બુદ્ધિઓને. અહીં મતિજ્ઞાનની, આમાં '**મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...**' એ જાતનું જ્ઞાન અને પર્યાય આમ વર્તે છેને રાગના વિકલ્પમાં? '**તે બધીને મર્યાદામાં લાવીને...**' આ બાજુ લાવીને. મર્યાદા બહાર વિકલ્પ હતો. મતિજ્ઞાનની

પર્યાય રાગમાં હતી એ મર્યાદા બહાર હતી કહે છે. સમજાણું કાંઈ? એ પરની પ્રસિદ્ધિ કરતી. આત્માની પ્રસિદ્ધિનું કારણ એ નહિ. ઇન્દ્રિયો અને મન. આહા..હા..! સમજાણું કાંઈ? આ મતિની વાત છે પહેલી હોં. શ્રુતજ્ઞાનની પછી લેશે.

એ '**આત્મ સન્મુખ કર્યું છે...**' '**જેણે મતિજ્ઞાન-તત્ત્વને...**' જોયું? ઓલો વિકલ્પ નહિ. મતિજ્ઞાનની પર્યાય તત્ત્વ જે ભાવ. એને આત્મ સન્મુખ કર્યું. પરસન્મુખ હતું એ આત્મ સન્મુખ કર્યું. ત્યારે એને હવે શ્રુતજ્ઞાન થઈને અનુભવ થવાનો કાળ છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૩, શનિવાર, તા. ૨૩-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૪, પ્રવચન-૨૬૧

જેને સમ્યગ્દર્શન ધર્મની પ્રથમ શ્રેણી પ્રગટ કરવી હોય તો કેમ પ્રગટ થાય? એ વ્યાખ્યા છે. પહેલો સમ્યગ્દર્શન એ ધર્મ છે. ચારિત્ર ધર્મ છે, પણ એનું કારણ આ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના જ્ઞાન સાચું હોય નહિ અને એને વ્રત ને તપ ને ચારિત્ર પણ હોઈ શકે નહિ. એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની રીત અને વિધિ શું? તો કહે છે કે '**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' ભગવાનના, પરમાગમના આધારથી. અવલંબન છેને? નિમિત્તથી. '**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' કર્તા તો એમ છેને? એટલે આ આત્મા જ્ઞાનસ્વભાવ છે. એ રાગનું કાર્ય કરે નહિ, રાગનો કર્તા થાય નહિ, પરના કાર્ય કરે નહિ અને પરનો કર્તા થાય નહિ. એવો એનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ?

ખરેખર તો વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ છે એનું એ કાર્ય અને એનો કર્તા એ વસ્તુના સ્વરૂપમાં નથી. એમ જ્ઞાનથી નિર્ણય કરે. સમજાણું કાંઈ? આ આત્મા એટલે એનું સ્વરૂપ કહો કે સ્વભાવ કહો. કાયમી એની શક્તિનું સત્ત્વ એ જ્ઞાનસ્વભાવ આત્મા. પ્રજ્ઞાચક્ષુ, જાણક સ્વભાવ એવો જે આત્મા. એ જાણક સ્વભાવ છે એમ નિર્ણય કરવો જોઈએ. એ કોઈનું કરી દે અને કોઈથી લે એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એવા વિકલ્પથી. .. પર્યાય જ્ઞાનની જે છે જ્ઞાનની પર્યાય. એ દ્વારા રાગ મિશ્રિત વિચારથી આવો નિર્ણય કરે. કહો,

સમજાણું કાંઈ? કહો, શેઠ! એ બીડીયું-બીડીયું વાળી શકે નહિ, બીડીયુંના ધંધા કરી શકે નહિ એમ કહે છે. આહા..હા..! લાદીનું કાંઈ કરી શકે નહિ, છોકરાનું કરી શકે નહિ. એવું તો રાગ મિશ્રિત વિચારથી એણે નિર્ણય કરવો જોઈએ. કારણ કે એ વસ્તુ જ્ઞાનસ્વરૂપી છે. સમજાણું કાંઈ? છેને?

'**પ્રથમ, શ્રુતજ્ઞાનના...**' શ્રુતજ્ઞાન છે એ એને એમ બતાવે છે કે તારો સ્વભાવ જાણવું... જાણવું... અનાદિ-અનંત જાણવું એવો તારો સ્વભાવ છે. એવો '**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' એમાં પછી એટલું આવ્યું. વિકલ્પથી નિર્ણય કરે તો જ્ઞાનસ્વભાવ આત્મા બીજું (કાંઈ કરે) એ છે નહિ કાંઈ. કહો, સમજાણું કાંઈ? એ બીજાને ઉપદેશ દઈ શકે એ ઉપદેશ દેવાનો જે રાગ છે એનું એ કાર્ય કરે (એમ નથી). જ્ઞાનસ્વભાવનું કીધુંને? આહા..હા..! સમજાણું કાંઈ? રાગમિશ્રિત વિચાર દ્વારા. કેમકે એ ચીજ શું છે? કેવી રીતે છે એ કોઈ દિ' ખ્યાલમાં લીધી નથી. એટલે સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એમણે જે વાણી દ્વારા કહ્યું એ વાણીના અવલંબે અંદરમાં આવો નિર્ણય કર. અને એ ભગવાન પણ એ જ નિર્ણય કરાવવા માગે છે. અનુભૂતિ કરવવા માંગે છે, પણ એના પહેલા આવું આ જાણનાર છેને? એટલે એને સાંભળનારને પણ એવો વિકલ્પથી આવો નિર્ણય કરે એવું એને પહેલું આવે. છતાં પહેલું આવે માટે એ કારણ છે એનું? નિર્વિકલ્પ આનંદની દશાનો અનુભવ. એમ નહિ. સમજાણું કાંઈ? ભારે ધર્મની ભાઈ વાતું! આ જન્મ-મરણના ચોર્યાસીના આંટા. .. તો એક શ્વાસમાં તો અઢાર ભવ. આહા..હા..! કેમ થતા હશે? કર્યા છેને. અનંતવાર થયા છે. કેમ થતા હશે એટલે શું? આહા..હા..! નિગોદ છેને? અહીં બટાટા, શક્કરકંદ, લીલ, ફુગ, કાય. એક શ્વાસ એટલામાં અઢાર ભવ કરે. સમજાણું કાંઈ? આ બાયડીયું હોય છેને સ્ત્રીઓ. એક દિ'માં ઘણા કપડા ફેરવે ખબર છે? રાખેને ટંકમાં હોય છેને. અમે તો પહેલેથી ... પેટી પટારો આવતો. ... જોઈ છે પેટી? છેને પહેલા ઈ જ આપતા હતા. પેટી મોટી. પટારો. એ બધાને લગનમાં આપે. હવે તો તમારું બધું ફરી ગયું છે. હવે કપાટ ને ઢીકણા ને ફીંકણા. સમજાણું કાંઈ? એવું આપતા એને

અહીં કહે છે. આહા..હા..! એ કપાટમાં લૂગડા રાખે ઝાઝા. જેને જેનો પ્રેમ છેને એ લૂગડા ફેરવે. જંગલ જાય ત્યારે બીજું, રાંધવા બેસે ત્યારે બીજું. ગામમાં માસીને મળવા જાય તો બીજું કપડું. એવું રાખે. મરી જાય ત્યારે બીજું કાળું. આહા..હા..! એક ફેરી સાંભળ્યું હતું આ દરબાર હતાને ભાવસિંહજી? એની પાસે કેટલી ૩૦૦ જોડા. ... .. જોડા સમજ્યા? .. આમ ભરાય, આંગળા ભરાય. આવી કોર આમ ચાલે, આમ ચાલે એટલી જોડી મરી ગયા એટલે. ફેરવ્યા જ કરે. અમથું ફરવું હોય તો અમુક, ખાવા જાવું હોય તો અમુક. ભિન્ન-ભિન્ન જાતના. અહીં તો બીજું કહેવું છે. જેનો પ્રેમ છેને એને વારંવાર ફેરવ્યા જ કરે છે.

એમ અજ્ઞાનીને રાગ અને વિકારનો પ્રેમ છે એ ભવ ફેરવ્યા જ કરે છે મારો. આહા..હા..! એવા તો અનંતભવ હોં. એક શ્વાસમાં અઢાર ભવ એવા અનંત-અનંત ભવ. આહા..હા..! હવે એ ભવનું ભ્રમણ જેને મટાડવું હોય, તો એણે પહેલી રીત શું કરવી? અને આ વસ્તુ નિર્ણય કરવું પડશે.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવ છે. એ જાણવાનું કામ કરે. અહીં કર્તાકર્મ છેને? જાણવાનું કર્મ કાર્ય કરે અને એનો કર્તા .. થાય. એવો તો વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કરે. આહા..હા..! આખા જગતથી જુદો પડી જાય પહેલો. વિકલ્પ દ્વારા. કોઈનું હું કરું નહિ. જ્ઞાન કોનું કરે? જ્ઞાન કોને ન જાણે? કે જ્ઞાન કોકનું કરે. સમજાણું કાંઈ? એવો જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા. લ્યો! ૧૪૪માં નવરંગભાઈ! શરૂઆતમાં આવ્યું.

'**નિશ્ચય કરીને,...**' અંતરમાં મનના સંગે અસંગ તત્ત્વને મનના સંગે આવો નિર્ણય કરે કે એ તો જ્ઞાનસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એવો કે નિર્ણય કરવામાં ઇન્દ્રિયથી જાણે કે મનથી જાણે. ઈ એવો નથી. પહેલો જે નિર્ણય આવે છે આમાં. સમજાણું? એ તો જાણનાર છે ઈ કોને કોનાથી જાણે? પોતાથી જાણે છે.

મુમુક્ષુ :- જ્ઞાન થયું હોય તો જાણે.

ઉત્તર :- જ્ઞાન થઈ જાય તો જાણે. સમજાણું કાંઈ? આહા..હા..! મનને સંબંધે ન જાણે, વીતરાગની વાણીને કારણે ન જાણે. આહા..હા..! એવી વાત .. લાગે. પહેલા ધડાકે જ વાત ઉડાવી. આહા..હા..! ભાઈ! તું ચૈતન્ય સ્વભાવવાળો છોને. એ ચૈતન્ય સ્વભાવ કોને કરે? અને કોને ન જાણે? એ તો વીતરાગની વાણી હોય, તીર્થંકર હોય તોપણ એ જાણે-જાણે. એનો સ્વભાવ જાણવાનો છે. વાણીથી પણ નહિ એમ કહે છે. નવરંગભાઈ! શાસ્ત્રથી પણ નહિ. શાસ્ત્રના અવલંબે નક્કી આમ કર્યું કે હું શાસ્ત્રથી પણ જણાઉ નહિ. મારો સ્વભાવ જ જ્ઞાનસ્વભાવ છે. આહા..હા..!

'**પછી...**' પહેલા આ કહ્યુંને? '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' હવે અંતરમાં આત્માની પ્રસિદ્ધિ વેદન, અનુભવ માટે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે એટલે આત્માની પ્રસિદ્ધિ માટે. ઓલો તો હજી વિકલ્પથી નિર્ણય કર્યો છે, પણ એમાં જે આત્મા પર્યાયના વેદનમાં આવ્યો નહોતો. સમજાણું કાંઈ? એને વેદનમાં આવે ત્યારે આ આત્મા છે એમ નક્કી થાય. સમજાણું કાંઈ? વસ્તુ આ છે. ... વિકલ્પથી નિર્ણય કર્યો છે, પણ એ નિર્ણય વિકલ્પથી છે માટે સાચો છે એમ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ એવો ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પ્રગટ '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિ...**' અંદર વેદનમાં પ્રત્યક્ષ થવું. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા આ છે, મતિશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એવો એ આત્મા છે. બહુ ઝીણી વાતું. બહારના .. ક્રિયાકાંડ આડે આ વાત એને બેસવી

કઠણ પડે. કાંઈક કરે... કાંઈક કરે... કાંઈક પાળે કોકને. એવું કાંઈક કરે. લોકોને કરવું પડે. લોકોને સમજાવે. એવું સ્વરૂપમાં નથી.

એ તો જ્ઞાનસ્વભાવ છે એવો જ પર્યાયમાં. પર્યાયમાં. એમ કહેશે હોં આગળ. એ વખતે કહે છેને આગળ? ઓલું ભાઈ પરમાત્મપ્રકાશમાં આવે છેને? ઈ અહીં શબ્દ છે. તે વખતે એમ આવશે આગળ. આગળ આવશે. હા ઈ. એટલે શું? ધીમે-ધીમે આ કોઈ કાંઈ વાર્તા-કથા નથી કે એકદમ બેસી જાય. અરે..! એને જે કરવાનું હતું એ કર્યું નહિ અને નહિ કરવાનું કરીને જિંદગીમાં ગોથા ચાર ગતિમાં ખાધા. સમજાણું કાંઈ? કહે છે કે હું તો એક જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વરૂપ જગતચક્ષુ છું. જગતનો કરનાર નહિ પણ જગતનો જાણનાર. આહા..હા..! જગત શબ્દે વિકલ્પથી માંડીને બધી ચીજ. એની પ્રસિદ્ધિ અનુભવમાં આવે ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. એ કઈ રીતે થાય?

એ **'આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...'** જુઓ, પ્રગટ પ્રસિદ્ધિ એટલે સાક્ષાત્ અનુભવમાં આવે એ રીતે. આહા..હા..! પ્રસિદ્ધ પામે છે. વેદનમાં મતિ અને શ્રુતજ્ઞાન અંતર જતા એને વેદનમાં આવે. ઓહો..હો..! આ આત્મા. પૂર્ણાનંદ સ્વરૂપ એ ધ્રુવ, પણ એ પર્યાયમાં વેદન આવ્યું ત્યારે એને પર્યાયમાં થયું કે આ વસ્તુ. સમજાણું કાંઈ? **'પ્રસિદ્ધિને માટે,...'** શું કરવું? સ્વ પદાર્થની પ્રસિદ્ધિને માટે **'પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...'** આહા..હા..! જે ઈન્દ્રિયો આ પાંચ એ તો પર પદાર્થની પ્રસિદ્ધિમાં નિમિત્ત છે. એ પરપદાર્થની પ્રસિદ્ધિ થાય એમાંથી. એનાથી કાંઈ સ્વ આત્મા ઈન્દ્રિય દ્વારા પ્રસિદ્ધ પામે નહિ. ભાવ ઈન્દ્રિય હોય કે આ જડ ઈન્દ્રિય હોય. એ દ્વારા તો પરપદાર્થની પ્રસિદ્ધિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'પર પદાર્થની...'** ટીકા તે કાંઈ ગજબ ટીકા છેને. ઓહો..! વસ્તુના .. એવી શૈલીથી મૂકી છેને. સમજાણું કાંઈ?

એ આત્મા વસ્તુ છે ચિદાનંદ સ્વરૂપ એની પ્રસિદ્ધિ પર્યાયમાં, આનંદમાં, જ્ઞાનમાં જણાય એવી પ્રસિદ્ધિ માટે **'પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...'** ધીમે-ધીમે સમજવા જેવી વાત છે ભાઈ આ. આ કાંઈ કથા નથી વાર્તા. આ તો ભગવાનના ઘરની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અહીં તો મુદ્દાની રકમ કેમ .. થાય એની વાત છે. એ વાત છે. આહા..હા..! **'પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા...'** આહા..હા..! અતીન્દ્રિયને પકડવો છેને? તો ઈન્દ્રિય દ્વારા તો પરની પ્રસિદ્ધિ થાય. એટલે ઈન્દ્રિય દ્વારા જે જ્ઞાનની બુદ્ધિ પ્રવર્તે છે બીજાની પર્યાય **'અને મન દ્વારા પ્રવર્તતી...'** મનમાં અરૂપી આદિ જાણવા માટે મન દ્વારા પ્રવર્તે છે. જે બુદ્ધિ એટલે પર્યાય. જ્ઞાનની પર્યાય આમ પ્રવર્તતી હતી. બીજા પદાર્થની પ્રસિદ્ધિ માટે. **'તે બધીને મર્યાદામાં લાવી...'** આ બાજુ જાય છે એમ કરતા આમ લાવવાની મર્યાદા કરી. સમજાણું કાંઈ?

એ '**મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...**' મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ જ્ઞાનની પર્યાયો. '**તે બધીને મર્યાદામાં લાવી...**' આહા..હા..! મર્યાદા પરમ પુરુષ એવો આત્મા એ ઈન્દ્રિય આમ જાતી હતી એને સ્વ તરફ એને આમ વાળી દે કહે છે. જે ચીજનું એ જ્ઞાન છે તેમાં વાળ. આહા..હા..! આ કાંઈ વાતે વડા થાય એવું નથી. .. ભણતરે પણ આ કાંઈ પાર પડે એવું નથી. અંદરમાં .. મતિજ્ઞાનની જે પર્યાય છેને એ આમાં ઈન્દ્રિય મન દ્વારા જે પરતરફ પ્રસિદ્ધિનું કારણ હતું એને હવે રોક, વાળ પાછી.

'**જેણે મતિજ્ઞાન-તત્ત્વને (મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે...**' એ મતિજ્ઞાનની પર્યાયને આમ આત્મસન્મુખ કર્યું છે. સમજાણું કાંઈ? આ પહેલા મતિજ્ઞાનને આમ જતું એને આમ વાળ્યું છે. મારે આ શું? છ કાયની દયા પાળવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, સામાયિક કરવી જિંદગી કરી હવે આ કાંઈક બીજી રીત છે, ઈ નહિ. એ બધી રાગની મંદતાની વાતું છે. પુણ્ય એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! કહો, પ્રકાશદાસજી! શું કરવું હવે? પાંચ મહાવ્રત પાડીને નિવૃત્તિ લેવી કે નહિ? અણુવ્રતનો શું કહેવાય? .. પછી અણુવ્રતનું આંદોલન કરવું. એમ કર્યું હશે કાંઈક એણે. અણુવ્રતનું આંદોલન. કોણ કરે? અરે..! ભાઈ! સાંભળને. અહીં તો મતિ આમ પરપદાર્થની પ્રસિદ્ધિમાં જે જતી એને મર્યાદા અહીં આ બાજુ લાવ હવે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેણે મતિજ્ઞાન-તત્ત્વને (મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે...**' જેણે મતિજ્ઞાનની પર્યાયને આત્મા તરફ વાળી છે. લ્યો હવે પર્યાય આત્મામાં વાળવી-વાળવી કહે છેને? '**એવો,...**' એવો એ જીવ.

હવે બીજી વાત. શ્રુતજ્ઞાન છેને સાથે? '**નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' આહા..હા..! જુઓ, બીજા તરફ જતી હતી શ્રુતજ્ઞાનની પર્યાય આમ ને આમ કરવું આમ દયા પાળવું આ કરવું, વ્રત કરવા, ફલાણું કરવું. એ તો ક્યાંય છોડી દીધું. હવે તો અંદરમાં ધ્રુવ શુદ્ધ અભેદ અખંડ આનંદ છું એવી જે વિકલ્પની વૃત્તિ હતી નય પક્ષોની ઈ આકુળતા હતી. આ શુભભાવ છે હોં, ભાઈ! આ નયપક્ષનો ભાવ એ અશુભ નથી. આકુળતાને ઉત્પન્ન કરનારી છે. સમજાણું કાંઈ? પ્રશસ્ત રાગ કહે છેને? એ શુભ રાગ છે. આ હું આવો છું, આવો હું નથી. આવો હું છું અસ્તિથી વધારે એવો જે વિકલ્પ છેને? કહે છે ઈ નયપક્ષોના આલંબનથી એનું આલંબન છે. એને આત્માનું આલંબન નથી.

નયપક્ષના જ્ઞાનના અંશને રાગમાં રોકેલું છે. એના થતાં અનેક વિકલ્પ. શુભરાગની અનેક જાતની વૃત્તિ ઉત્પન્ન થાય એ આકુળતા ઉત્પન્ન કરનારી છે. આહા..હા..! જુઓ, અહીં સુધીનો રાગ હોય, ભગવાન સામું જોવું એ તો ક્યાંય રહી ગયું. એય..! ચેતનજી! ભગવાન... ભગવાન... ક્યાં .. એને? એ રાગ છે. નામ સ્મરણ ભગવાનનું. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં...

નમો સિદ્ધાણં... એ પણ રાગ છે, આકુળતા છે. ભાઈ! તને ખબર નથી. તારી ચીજમાં એ નથી. સમજાણું કાંઈ? એ ચીજ તો આનંદની મૂર્તિ પ્રભુ છે. આવા વિકલ્પો નય પક્ષના અનેક જાતની લાગણીઓને ઉત્પન્ન કરનારી આકુળતા. ઉત્પન્ન કરનારી, વિકલ્પ વડે આકુળતા ઉત્પન્ન કરનારી. આહા..હા..! અંતરમાં આનંદની પ્રાપ્તિ કરવી છેને? સમજાણું કાંઈ? એ શાસ્ત્રે કહ્યા એના અવલંબે આ વિચાર આવ્યા અંદર. કે ભાઈ! આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે, અખંડ છે, અભેદ છે, અબદ્ધ છે. આહા..હા..! એવો પરિપૂર્ણ પ્રભુ એક સમયમાં એકરૂપ અભેદ એનું અભેદ છું ને સામાન્ય છું ને એક છું ને ધ્રુવ છું ને નિત્ય છુંને. એવું જે ઘુંટણ અંદર ચાલતું હતું. સમજાણું કાંઈ? એ પણ નયપક્ષનો વિકલ્પ આકુળતા ઉત્પન્ન કરનારો. રાજમલજી! આહા..હા..!

'**નાના પ્રકારના નયપક્ષોના...**' અનેક પ્રકાર છેને? વ્યવહાર, નિશ્ચય, નિશ્ચયના અનેક પ્રકાર. અભેદ છું, સામાન્ય છું, ધ્રુવ છું, નિત્ય છું, એક છું. એવા જે શ્રુતજ્ઞાનના '**નયપક્ષોના આલંબનથી થતા અનેક...**' વૃત્તિઓ વડે. વિકલ્પ ઉઠતા હતા. એ કેવા? '**આકુળતા ઉત્પન્ન કરનારી...**' આહા..હા..! એવી '**શ્રુતજ્ઞાનની...**' પર્યાયને. બુદ્ધિ એટલે પર્યાય. એને '**પણ...**' એને પણ કેમ કહ્યું? મતિજ્ઞાન કહ્યુંને? આહા..હા..! એ શ્રુતજ્ઞાનની પર્યાય આમ જાતી હતી મતિને.. મન દ્વારા ત્યાં કામ થતું હતું એને આમ પાછું વાળી. ભારે ધર્મ ભાઈ!

ભગવાન .. જિનેન્દ્રદેવે તો આ કહ્યું છે. જૈનના વાડામાં બેસીને સાંભળ્યું ન હોય એથી કાંઈ માર્ગ ફરી જાય? આહા..હા..! ગામડામાં ત્યાં મંદિર હોય, દેવદર્શન સવારમાં કરવા, ત્યાં બેસીને એક-બે માળા ગણવી. પછી થઈ રહ્યું. કામે લાગો. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. એ તો રાગની મંદતાની આકુળતાનું દુઃખ છે. આહા..હા..! ભાઈ! તને તારી .. જાતની ખબર નથી. તારી જાતમાં એ આકુળતાની ઉત્પન્ન થયેલી વૃત્તિઓ એ તારા સ્વરૂપમાં નથી. એ તો બહારથી ઉત્પન્ન કરેલી વાતું છે. આમ ગઈ, આમ છે... આમ છે... બહિર્ બુદ્ધિએ ઉત્પન્ન કરેલી લાગણીઓ છે. આહા..હા..! એ આકુળતા. અહીં સુધી આકુળતા તો લાવ્યા છે. આકુળતાને કરનારી આવે છેને. ... આકુળતાને .. આવે છે ક્યાંક ... આ લાવોને કેટલામી ૫૬? કેટલામી?

મુમુક્ષુ :- ૯૪-પાનું.

ઉત્તર :- ૯૪-પાનું. બરાબર છે. આહા..હા..! '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' આહા..હા..! કેવી વાત છે જુઓ, ૪૫ (ગાથા) છે. '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી,...**' એ વિકલ્પ. '**દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! ૪૫ ગાથા. '**अट्ठविहं पि य कम्मं**' છેને ઈ. બસ, '**सव्व पोग्गलमयं जिणा**

**बेंति। जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।'** કર્મના પાકના નિમિત્તથી થતો અંદર ભાવ એ ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, .. જાત્રાનો, આ નયપક્ષના રાગ વિકલ્પનો એ બધો '**અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આકુળતાલક્ષણ એવું દુઃખ એમાં જાય છે એ બધું. આહા..હા..! ચેતનજી! આહા..હા..! અરે..! પણ આત્માનો વિચાર કરવો રાગથી એ દુઃખ? દુઃખ તો કહે છે કે .. આવતું હોય, .. ભુખ લાગી હોય. ભાઈ! તને દુઃખની ખબર નથી. આત્મા આનંદ સ્વરૂપ છે. એનાથી વિરૂદ્ધના જેટલા અધ્યવસાયો અને વિકલ્પો રાગ. આહા..હા..! અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આકુળતામાં જાય છે. આહા..હા..! નવરંગભાઈ! ... ષોડશકારણ ભાવના ભાવી. ક્યાં ગયા શ્રીચંદજી? શ્રીચંદજી બહુ કરતા. ... 'ષોડશકારણ ભાવના ભાયે તીર્થંકર પદ પાયે પરમગુરુ હોય.'

અહીં કહે છે કે જે ષોડશકારણના ભાવ છે તીર્થંકરને તીર્થંકરપ્રકૃતિનું કારણ એ દુઃખ છે. કેમકે એ શુભરાગ છે. રાગ છે તે અધ્યવસાય આકુળતામાં પ્રવેશ કરે છે. આહા..હા..! અરે..! જગતને આવા તત્ત્વની ખબર ન મળે અને એમ ને એમ જિંદગી ચાલી જાય. એક તો રળવા અને ભોગ આડે નવરો ન મળે, એમાં નવરો થાય તો એને આવા કુગુરુ એવા મળે કે એને રાગથી ધર્મ થાય અને ક્રિયાથી ધર્મ થાય એમ ને એમ .. જિંદગી જાય. ... ... આહા..હા..! સમજાણું કાંઈ? ...

'**શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને...**' અંતરમાં રાગમિશ્રિત વિચારવાળો જે જ્ઞાનનો પર્યાય. એને ત્યાંથી રોકીને એ શ્રુતજ્ઞાનની પર્યાયને '**પણ મર્યાદામાં લાવી...**' એ મર્યાદા બહાર જાતું હતું રાગ-દ્વેષાદિ. એ નયપક્ષ તો મર્યાદા બહાર જાતો હતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ આર્તધ્યાન છે. અરે..! જુઓને. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એમાં આવી વૃત્તિઓ ઉભી થાય એ તો આકુળતા છે. એવી શ્રુતજ્ઞાનની પર્યાય આકુળતામાં રહેતી એને વાળીને. એને વાળીને એટલે? એ તો ત્યાં હતી. એને આમ વાળીને. ભલે પછીની થાય. સમજાણું કાંઈ? વીરચંદભાઈ! આવું ઝીણું બહુ. સમયસાર તો આહા..હા..! કેવળજ્ઞાનના ખજાના ખોલ્યા છે. નિર્વિકલ્પ આનંદની પેટી છે એ. નિર્વિકલ્પ આનંદનો પટારો. આહા..હા..! અંદર જોવેને પટારામાં જોઈને રાજી રાજી થાય. કાંઈક હીરા પડ્યા, ક્યાંક માણેક પડ્યા આમ ક્યાંક .. દાગીના પડ્યા હોય ને લૂગડા પડ્યા હોયને. ખુશી થઈ જાય. આ ...

એ શ્રુતજ્ઞાનની પર્યાય વિકલ્પમાં જે આમ જાતી ... આહા..હા..! આત્મા તો પ્રસિદ્ધ ન થાય .. એય..! વિકલ્પથી નિર્ણય કર્યો એમાં એ આત્મા પ્રસિદ્ધ ન થયો કહે. આહા..હા..! સમજાણું કાંઈ? નય પક્ષોની વાત છેને આત્મા વિકલ્પસહિતનો પક્ષ છે. એ વિકલ્પ સહિત નિર્ણય કર્યો છેને? એથી આમ આત્મા પ્રસિદ્ધ ન થાય. એમાં રાગ પ્રસિદ્ધ પામ્યો જેથી પરપદાર્થ પ્રસિદ્ધ થયા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વરૂપમાં .. એ સ્વરૂપ તરફની એકાગ્રતા છે એની .. વાત છે. શુભરાગની નિર્જરા નથી.

મુમુક્ષુ :- આકુળતા અંશ છે.

ઉત્તર : આકુળતા અંશ છે, પણ આ બાજુમાં ઢળ્યો એ અનાકુળતા છે.

મુમુક્ષુ :- ઢળ્યો એટલે...

ઉત્તર :- હા, ... છેને પણ? શુભની વાત નથી. આત્મસન્મુખ ત્યાં થયો. આત્મસન્મુખ, અભિમુખ પરિણામ છે ઈ. એ જ પરિણામ કારણ છે... આહા..હા..!

મુમુક્ષુ :- વિમુખ છે.

ઉત્તર :- વિમુખ વિકલ્પ ભલે રહ્યો બીજું શું કર્યું? .. ગયો છે ઈ કામ છે. કહો, સમજાણું કાંઈ? શું કહે છે ઈ? એ વખતે બધા પરિણામ સન્મુખ થાતું નથી. પણ ઈ જે અંશ અહીં લાવ્યો છે એ પોતે શાંતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલી કોર રહ્યો ઈ આમાં છે નહિ.

મુમુક્ષુ :- મર્યાદામાં લાવ્યો...

ઉત્તર :- ના, એનાથી નહિ. આમ લાવ્યો છે. વિકલ્પથી મર્યાદામાં લાવ્યો છે એમ નહિ. મર્યાદામાં આમ લાવે છે આમ. આમ પર્યાયને આગળ રોકે છે. રોકે છે એટલે એ સહેજે ઢળી જાય છે. ઉપદેશની શૈલી શું કરે? કહો, જેઠાભાઈ! ભારે કામ ભાઈ! બીજાને કાંઈ ખબર ન મળે કે આ શું કહે છે? ગ્રીક, લેટિન જેવું લાગે. આવો જૈન ધર્મ હશે? દયા પાળવી, ભગવાનના દેરાસર દર્શન કરવા અને એક આ શેત્રુંજય અને સમ્મેદશિખરની જાત્રા કરવી લ્યો. એ તો પરદ્રવ્યની પ્રસિદ્ધિનું કારણ તો રાગ છે કહે છે. આહા..હા..! અરે..! ત્રણ લોકના નાથને પણ વિદ્વાનો કહે છે એ રાગમાં એ પરદ્રવ્યની પ્રસિદ્ધિ છે. આ ભગવાન આવા છે. અરિહંત આવા છે અને સિદ્ધ આવા છે. એને અંતરમાં વાળતા. વાળવા .. એક જ છે. આમ છે એ આમ કરતા એક સમયમાત્રના સ્વરૂપનો અંદર આનંદ જ્ઞાન બદલાય છે, પરને જ્ઞેય કર્યું હતું તો આમ સ્વને જ્ઞેય કર્યું.

એ શ્રુતજ્ઞાનની પર્યાયને પણ એમ. ... ભાઈ! સમ્યગ્દર્શન ધર્મનો પહેલો મોક્ષના માર્ગનો અવયવ. અંશ. .. એક છેને દર્શન-જ્ઞાન-ચારિત્ર? અને આ એક અંશ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિની આ વિધિ છે એને **'મર્યાદામાં લાવીને...'** સમજાવું શી રીતે? .. આ લાવું છું એવો વિકલ્પ... **'શ્રુતજ્ઞાન-તત્ત્વને...'** એટલે શ્રુતજ્ઞાનના સ્વરૂપને. ઓલો વિકલ્પ હતો એ વાસ્તવિક શ્રુતજ્ઞાનનું સ્વરૂપ નહોતું. એને **'પણ આત્મસન્મુખ કરતો...'** આહા..હા..! ભગવાન સ્વરૂપી પ્રભુ એના સન્મુખ શ્રુતજ્ઞાનને સન્મુખ કરતો. **'અત્યંત વિકલ્પરહિત...'** લ્યો! અત્યંત

વિકલ્પરહિત. બુદ્ધિપૂર્વકનો વિકલ્પ છે કે નહિ અહીંયાં? એ અહીં નથી હવે. અહીં ઢળ્યો એટલે જુદા પડી ગયા. આહા..હા..! '**અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ...**' તે જ ક્ષણે, તે જ સમયે '**નિજરસથી જ પ્રગટ થતા,...**' પોતાની શક્તિથી જ પ્રગટ થાય છે. ઓલો વિકલ્પનો પારો હતો માટે પ્રગટ થાય છે એમ નથી. એ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ આ વાત કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એથી '**નિજરસથી જ...**' એકાંત થઈ જાય છે. કાંઈ વિકલ્પથી વિચાર કર્યો એનો સહારો કાંઈક ખરો કે નહિ? બીજામાં આવે છેને શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નહિ. એય..! ચેતનજી! તમારો પ્રશ્ન હતો તે દિ' ખબર છે. આહા..હા..! જેને કોઈ વિકલ્પના સહારાની અપેક્ષાની જરૂર નથી એવી એ ચીજ છે.

'**નિજરસથી જ પ્રગટ થતા,...**' ભગવાન આત્મા પોતાની શક્તિથી, પોતાના સ્વભાવના સામર્થ્યથી પ્રગટ થતા. '**આદિ-મધ્ય-અંત રહિત,...**' ભગવાન આત્મા આનંદનું સ્વરૂપ (તેની) આદિ નથી, મધ્ય નથી, અંત નથી. છે, છે ઈ છે. સમજાણું કાંઈ? '**અનાકુળ,...**' છે. ભગવાન તો અનાકુળ છે, આનંદસ્વરૂપ છે. આહા..હા..! નયપક્ષના વિકલ્પની ગંધ જ્યાં નથી. આ પક્ષાતિક્રાંતની વ્યાખ્યા ચાલે છેને? '**અનાકુળ, કેવળ એક,...**' એકલો ભગવાન. બીજી કોઈ અપેક્ષા વિનાનું એકલું સામાન્ય ધ્રુવ તત્ત્વ અભેદ સ્વરૂપે ભગવાન એને શ્રુતજ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા એને આખા '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' એટલે કે વિકલ્પથી અને પરથી જુદો પડીને એકલો હોય. એના વિચારમાં એમ નથી હોં. વિકલ્પથી. આ તો એક વસ્તુને સમજાવે છે. એને તો આ અખંડ એક... આહા..હા..! સમજાણું કાંઈ? આવો જૈનધર્મ હશે આવો?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એ આમ કહે છે. કે એ વિકલ્પથી પાર જઈ અને નિર્વિકલ્પ પરમાત્મા પોતે સ્વરૂપે બિરાજે છે. એના અનાકુળ એકરૂપ છે એને જેને બેકલાપણું કાંઈ નથી. આહા..હા..! આ દ્રવ્ય અને પર્યાય એમ બે પ્રકાર પણ જ્યાં નથી. આહા..હા..! કેમકે પર્યાય છે એ ઢળી છે આમ. સમજાણું કાંઈ? પછી એને કહે અમે ધ્રુવ છીએ, અભેદ છું, પર્યાયને ધ્રુવમાં પ્રસરાવો, પર્યાયને ધ્રુવમાં બેસાડો, અંદરમાં બેસી જાઓ. કોણ બેસે? ... ... એ પર્યાય દ્રવ્યમાં વળી એટલે દ્રવ્યમાં બેઠી એમ કહેવામાં આવે છે. આથી આ પર્યાયને ત્યાં બેસાડું એમ પણ ક્યાં છે ત્યાં? એ તો ભેદ થઈ ગયો. સમજાણું કાંઈ? એ તો પર્યાય આમ વળી અને એકાગ્ર થઈ. એકાગ્ર એટલે? અભેદ થઈ. અભેદ એટલે? દ્રવ્યમાં સન્મુખ થઈ એને અભેદ થઈ એમ કહેવામાં આવે છે. નહિતર પર્યાય પર્યાયમાં છે અને દ્રવ્ય દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ?

'**વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' એટલે? કે એકલું જ્ઞાનસ્વરૂપ ભિન્ન પડેલું

જાણે હોય. રાગને કાંઈ સંબંધ નથી, વ્યવહારને સંબંધ નથી, નિમિત્તને સંબંધ નથી. છ દ્રવ્ય(ને સંબંધ) નથી. **'આખાય વિશ્વના ઉપર જાણે...'** વિશ્વ છ દ્રવ્ય. એના ગુણોની પર્યાય. એના ઉપર જાણે કે તરતો ભિન્ન હોય. આ સપ્તમ હો ગયા. આખું વિશ્વ વિકલ્પથી માંડીને પર. એ બાજુથી ભિન્ન પડીને એકલો તરતો જાણે વિશ્વ ઉપર હોય. **'તેમ અખંડ પ્રતિભાસમય...'** અખંડ પ્રતિભાસ. હું પ્રતિભાસ કરું છું એવો વિકલ્પ નહિ, પણ જ્ઞાનમાં અખંડ વસ્તુનો ભાસ થઈ જાય. એ પર્યાય ભાસ કરે છે. આવો ધર્મ ભાઈ! આ બધી તકરારું કર્યા કરે. વ્યવહાર જોઈએ અને વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી થાય. પણ ભાઈ! વ્યવહાર તો રાગ છે. રાગથી નિશ્ચય થાય? નિમિત્ત છે પણ નિમિત્ત તો હેય છે. નથી આવતું? ભાઈ! સમયસારમાં. જયસેનાચાર્યમાં. નિમિત્ત હેય છે. આવે છે છતાં વ્યવહાર હેય છે. હવે આવું હેય છે એ કરવું પડતું નથી એને. આમ પરિણમન કરતાં રાગ ભિન્ન રહી જાય છે એટલે હેય છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધેય ઘણે ઠેકાણે છે. ભાવાર્થમાં બધામાં પ્રવચનસારમાં કહ્યું છે. .. વ્યવહારથી આ થાય છે. એ બધું હેય છે. પંડિત આવ્યો નહોતો એક. .. વ્યવહાર.. એવો પાઠ છે. ... ભુયત્થણા ન અભિગતા. એવો અર્થ કર્યો. રામપ્રસાદ. મુંબઈમાં હતાને. ... ભુયત્થણા ન અભિગતા. અરે..! એમ ન હોય. ભુયત્થણા ભૂતાર્થથી જાણ્યા છે જેણે તત્ત્વને. ચૈતન્ય તત્ત્વને એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ભુયત્થણા ન અભિગતા. એવું છે. આહા..હા..! અરે..! જેને હજી શાસ્ત્રની શૈલીની રીત શું છે એનું પણ જેના જ્ઞાનમાં ખ્યાલ નથી એને આત્માના સમજવામાં અનુભવમાં કઈ રીત છે એ કેમ બેસે? સમજાણું કાંઈ? આહા..હા..! જેના પરલક્ષી જ્ઞાનના પણ ઠેકાણા નથી. આહા..હા..! એને સ્વલક્ષવાળું જ્ઞાન ઉત્પન્ન થાય ક્યાંથી?

કહે છે કે **'અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન...'** આહા..હા..! અનંત જુદું પાડ્યું છે, વિજ્ઞાનઘન જુદું પાડ્યું છે. આમ જુદા પાડ્યા છે. અનંતને બે જુદા પાડ્યા. **'અનંત, વિજ્ઞાનઘન,...'** .. અનંત એમ કેટલું કહેવું? અનંત કોણ? વિજ્ઞાનઘન. ત્યાં પણ .. કેવો છે ભગવાન અંદર? વિજ્ઞાન, અનંત વિજ્ઞાનઘન છે. જેનો સ્વભાવ વિજ્ઞાનઘન છે. વિજ્ઞાનનો પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શિયાળાના ગાયના દૂધ-ઘી-ઘી. એવા હતા પહેલા કપાસિયા ગાયુ ખાય અને એના થાય દૂધ, એના થાય દહીં અને એના થાય ઘી. .. જોયેલું. .. ૮૨ની સાલ. ૮૨ કેટલા વર્ષ થયા? ૪૭. ધરમશીભાઈને ત્યાં જાતાને વહોરવા. ધરમશીભાઈ. .. ડબો અડધો હોયને અડધીયું. ઘી હોય. એવા ઘી. અત્યારે તો બધું સમજવા જેવું છે.

એમાં એ દગા, ઘીના દગા. કહે છે કે ઈ ઘી એવા કે જેમાં આંગળી પેસે નહિ. એમ ભગવાન અનંત વિજ્ઞાનઘન કેવો? કે જેમાં હું પ્રભુ છું એવો વિકલ્પ પ્રવેશ ન કરે. સમજાણું કાંઈ?

'**અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ સમયસાર...**' લ્યો! આહા..હા..! એ સમ્યગ્દર્શનમાં પરમાત્મરૂપ સમયસાર ભાનમાં આવ્યું. સમજાણું કાંઈ? '**પરમાત્મરૂપ સમયસાર...**' એમ પાછું. એ તો પરમસ્વરૂપ, પૂર્ણાનંદ પૂર્ણ વિજ્ઞાનઘન એવો '**પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...**' જ્યારે એટલે જે કાળે. એ અંતરની પર્યાયને અંદરમાં વાળીને જ્યારે અનુભવે છે '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' ત્યારે જ એને સમ્યક્પણે શ્રદ્ધાય છે. વસ્તુ દેખ્યા વિના સમ્યક્ શ્રદ્ધા થાય ક્યાંથી? સમજાણું કાંઈ? '**તે વખતે...**' છેને શબ્દ? '**તે વખતે જ...**' એમ. પહેલા એમ કે ધાર્યો હતો આત્મા, આવો આત્મા, ફલાણું. એ વખતે અનુભવમાં આવ્યો નહોતો. સમજાણું કાંઈ? પહેલા વિકલ્પથી નિર્ણય કર્યો કે આવો છે. પછી અનુભવમાં નહોતો આવ્યો. એ તો પરોક્ષ રહી ગયો હતો. સમજાણું કાંઈ?

'**જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ...**' એમ. વસ્તુનો સ્વભાવ જ્યારે રાગથી રહિત થઈ, અનુભવમાં આનંદની પર્યાયમાં વેદન થયું ત્યારે અનુભવમાં આવે છે એ વખતે જ આત્મા સમ્યક્ શ્રદ્ધાય છે. ત્યારે જ એ આત્મા સાચી રીતે શ્રદ્ધામાં આવે છે. આહા..હા..! ભારે ટીકા ભાઈ! એ આઠ-આઠ વર્ષના બાળકો પણ કેવળજ્ઞાન પામતા. હવે એમ નહિ કે આવું સમજવા માટે મોટું શાસ્ત્ર ભણતર જોઈએ, મોટા .. થાય એ પામે એવું કાંઈ નથી. આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો અંતરમાં પડીને જ્યાં અનુભવતા અને સાધુ થતાં. આહા..હા..! ધન્ય એ અવતાર. જેની ચારિત્રની રમણતાની દશા પ્રગટી. આહા..હા..! એ આત્મા કમંડળથી માંડી નાની, નીકળતા હશે વહોરવા આહા..હા..! જેને ગુરુનો પણ પ્રતિબંદ્ધ નથી. એવો નિરાલંબી ભગવાન જ્યારે દૃષ્ટિમાં, અંતરમાં, દૃષ્ટિમાં આવે છે, અનુભવે છે. એ વખતે જ. આગળ-પાછળ નહિ એમ. પહેલા શ્રદ્ધા કરી હતી આ આત્મા છે અને આ આત્મા. એ શ્રદ્ધા કરી હતી કે આત્મા આવો એ નહિ. અનુભવ વખતે જે આત્મા શ્રદ્ધાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' એમ. એટલે કે જેવો છે એવો શ્રદ્ધાય છે. આમ છે-છે કરે પણ અનુભવમાં ન આવે તો છે એમ ક્યાં આવ્યું એને ખ્યાલમાં? પર્યાયમાં એનો અનુભવ થયો તે કાળે સાચી શ્રદ્ધા થાય છે કે આ આત્મા. સમજાણું કાંઈ? '**અને જણાય છે...**' બે લેવું છેને? આ દર્શન અને જ્ઞાન. બે છેને પાઠમાં? '**सम्मद्दंसणणाणं**' પહેલું પદ છે એ. સમ્યગ્દર્શન અને જ્ઞાન. બે છે હોં. ચારિત્ર આમાં નથી લીધું. લોકો કહે કે એને આવું થાય ત્યારે ચારિત્ર ન હોય. એ તો સ્થિરતાનું ચારિત્ર ન હોય. પણ સ્વરૂપાચરણનું

ચારિત્ર તો હોય જ, દર્શન, જ્ઞાનની સાથે હોય જ છે. સમજાણું કાંઈ? એ મોટી તકરારું. આત્મા સ્વરૂપાચરણ નહિ... સ્વરૂપાચરણ નહિ... (પણ) સ્વરૂપાચરણ તે ચારિત્રની પર્યાય છે. અનંતાનુબંધીનો અભાવ થયો ત્યારે કાંઈક પ્રગટ્યું કે નહિ અંદર? ભલે બે નામ આપ્યા. આ નામ બે છેને ભાઈ! .. નામ બે છે. '**सम्मद्दंसणणांण एसो लहदि त्ति णवरिं ववदेसं।**' એને ચારિત્ર છે એવું નામ ન અપાય. પણ એ તો લીનતા ચારિત્ર. એને મુનિને લાયક અથવા સાતમા ગુણસ્થાનને લાયક જે ... સ્થિરતા એ મુનિને ન હોય ભલે. આ અંદરમાં આમ ઠર્યો જાણે કે અંદર. ઠર્યો છે એ સ્થિરતા છે કે નહિ એટલી?

'**તેથી સમયસાર જ...**' '**તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**' આવો આત્મા અનુભવમાં આવ્યો એ જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. બીજું સમ્યગ્દર્શન-જ્ઞાન કોઈ સમયસાર કે અનુભવથી ભિન્ન ચીજ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૪, રવિવાર, તા. ૨૪-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૪, કળશ-૯૩, પ્રવચન-૨૬૨

૧૪૪ ગાથા. કર્તાકર્મ અધિકાર, સમયસાર. એનો ભાવાર્થ છે. જેને આત્માનું હિત કરવું હોય એણે શું કરવું? એની વાત છે. અહિત તો અનાદિથી કરી રહ્યો છે.

મુમુક્ષુ :- અહિત પણ હિત સમજીને કરીએ છીએને.

ઉત્તર :- ભાન વિના કરે છે. ભાન કે દિ' હતા. પુણ્ય અને પાપના ભાવ, શરીરાદિ પર એને પોતાનું માની, એમાં ફેરફાર થતાં ઠીક હોય તો હરખ કરે, અઠીક હોય તો શોક કરે. એ અહિત થઈ રહ્યું છે. એમાં દુઃખના દાવાનળમાં સળગી રહ્યો છે. ... શાંત સ્વરૂપ ભગવાન આત્મા. જેના .. હું શુદ્ધ છું એવા રાગના વિકલ્પનો પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! એવી ચીજને જાણ્યા વિના એ ચીજને ભગવાન આત્માને કર્મના નિમિત્તથી થતાં શરીર અને રાગાદિ એ સહિત છું એ જ અહિત છે. ૧૪મી ગાથા પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આહા..હા..!

કહે છે કે આત્મા તો આનંદ અને જ્ઞાન શુદ્ધ ચૈતન્ય ભગવાન છે. એને ભગવાન કહો, પરમાત્મા કહો, એને પવિત્ર કહો, પુરાણ પુરુષ અનાદિની ચીજ કહો. અનંત કાળથી ચાલ્યું આવતું અનંત સ્વરૂપ પ્રભુ. એવા તત્ત્વને અહીંયાં તો ત્યાં સુધી કહ્યું કે શરીર, વાણી, મન આ તો બધા જડ પદાર્થ છે. એ જડ થઈને રહ્યા છે. આત્માની પર્યાય અવસ્થામાં આવીને રહ્યા નથી. એટલે એ તો વેગળા છે. આહા..હા..! પણ એની અવસ્થા(માં) થતા કર્મના સંગે, લક્ષે, આશ્રયે, અવલંબે જે કાંઈ મિથ્યા ભ્રાંતિ કે પુણ્ય-પાપના રાગાદિ ભાવ એનાથી રહિત એનું સ્વરૂપ છે. છતાં એ સહિત માનીને અનાદિથી અહિત કરી રહ્યો છે. આહા..હા..! કહો, જેઠાભાઈ! શેઠ! આહા..હા..! જુઓ, હવે એમ આવ્યું. સહિત માનીને અહિત કરી રહ્યો છે. અહિત કેમ કરે છે? હવે હિત કેમ કરવું એની સામે આવી વ્યાખ્યા છે. આહા..હા..!

વસ્તુ અંદર ચૈતન્યજ્યોત એ તો અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આનંદનો એ તો ભંડાર છે. એની એકાગ્રતાની કૂચી લગાવે એમાંથી આનંદ ઝરે એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? આ તો જગતથી ન્યારું છે ભાઈ! આહા..હા..! એ ભગવાન તો કહે છે કે હું શુદ્ધ છું, પવિત્ર છું, ભગવાન છું, એવો પણ રાગના પક્ષમાં ઉભેલો પ્રાણી એ રાગસહિત આત્મા છે એમ માને છે. આહા..હા..! રાગનો પક્ષ કર્યો છે કે આ હું છું. અથવા એ દ્વારા હું છું એમ જે માન્યું છે એ અહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને રાગનો કણ અને રજકણ જગતના એ બધાથી રહિત ભગવાન આત્મા તો છે. એ રજકણ અને રાગસહિત ભગવાન આત્મા પોતાને માની અનાદિનો અહિતના ડુંગરે પીલાય છે, ઘાણીમાં પીલાય છે. આહા..હા..! અરે..! એને ખબર ન પડે. સમજાણું કાંઈ? નરકના દુઃખો, એ સ્વર્ગના આકુળતાની અગ્નિના દુઃખો. સ્વર્ગમાં. શેઠ! ત્યાં બધા શેઠિયાઓ, આ બધા કરોડપતિઓ એ કષાયની અગ્નિથી સળગી ગયા. દઝાય છે. રાગ દાહ આવ્યુંને? શું કીધું? 'રાગ આગ દાહ...' એ વિકલ્પરૂપી રાગની અગ્નિના દાહથી દઝાઈ ગયેલો છે. ભાન નથી. આહા..હા..!

કહે છે એવું જેને રાગમાં દુઃખ લાગ્યું હોય અથવા દુઃખથી એને છૂટવાનો અભિપ્રાય હોય તો એને શું કરવું? સમજાણું કાંઈ? તો કહે છે '**આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને...**' આ પહેલો હું કોણ છું? આહા..હા..! આત્મા વસ્તુ છે એ જ્ઞાનસ્વરૂપ છે. એ તો ચૈતન્યસ્વભાવ છે. ચેતનનો ચૈતન્યસ્વભાવ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. એમ સર્વજ્ઞના આગમો અથવા ગુરુનું વચન એ આગમ છે. સમજાણું કાંઈ? એ આગમના જ્ઞાન દ્વારા એણે નિર્ણય કરવો પહેલો. .. શું છે આ ચીજ? સમજાણું કાંઈ? એમાં .. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ, ક્રોધ, માન, માયા લોભ, વિષય, વાસના એવી કષાયની અગ્નિથી તો એ પર છે. આત્મા આ રીતે જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ રાગભાવી વિકારભાવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આ તો હજી પહેલા એકડાની વાત આમાં છે. હીત કરવાની

કેમ કરવું. નવરા ક્યાં પણ? આહા..હા..!

ઈ કાલે યાદ આવ્યું હતું ... કે આખો દિ' એ તો બસ. ભણશાલી ડોક્ટર. આખો દિ' કામ... કામ... કામ... નવરા નહિ. .. થઈ ગયું. શું કરવું છે જગતને? ... હોય. આ કર્યું ને આ કર્યું ને આ. આહા..હા..! શું કર્યું આ? ... જાઓ ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! ... આખો દિ' પણ શું છે આ? એ રળવું, પૈસા પેદા થાય, .. ભાઈ! ...

મુમુક્ષુ :- સાત હજાર રૂપિયા પગાર મહિને.

ઉત્તર :- મહિને. ... સુમનભાઈને છેને કંપની-એસો! ઓલા મોટા એમ.એ. નહિ? ... પેટ્રોલ. એમાં સુમનભાઈ છેને? એના તરફથી એને તો મહિને સાત હજાર રૂપિયા મળે. ... દવાખાનું .. આહા..હા..! એમાં તો શું કરીએ જાણે અમે વધી ગયા. આહા..હા..! પાંચ-પાંચ લાખની પેદાશું. શું થયું પણ? કોની પેદાશ? એ તો જડ છે. આહા..હા..! આખો દિ' ચોવીસ કલાક. સપના પણ એના આવે. આમ કરીશ, એનું આમ કરીશ... એનું આમ કરીશ... હોળી સળગે છે પણ આખો દિ'. આહા..હા..! ..ભાઈ! આવા અહિતમાં અનંતકાળ એણે ગાળ્યો. એ પછીના કળશમાં કહેશે. પાણીનો દાખલો આપશે. હવે એને હિત કરવું હોય, આત્માનું હિત કરવું હોય, આત્માને સુખના પંથે પાડવો હોય, આ તો બધા દુઃખના પંથ છે. એ પાંચ-પાંચ કરોડ રૂપિયા, દસ કરોડ બીજા, મોટો રાજા થયો, મોટો મૂઢ ભ્રમણ કરનારો છે ચકરાવામાં. દુઃખી છે એને ભાન નથી. સમજાણું કાંઈ? એને પહેલું હિત કરવું હોય તો સર્વજ્ઞ પરમેશ્વર આ જગતમાં છે એમની વાણી છે. એ વાણીના જાણનાર, અનુભવનારા છે. એની સામે જ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરો હોં પહેલો. આહા..હા..! હું તો એ જ્ઞાનસ્વભાવી ચૈતન્ય આંખ છું. જ્ઞાનસૂર્ય ચૈતન્ય છું. મારામાં રાગ નહિ, પુણ્ય નહિ, સંસારનો ઉદયભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મારો સ્વભાવ જ જાણવું એ વસ્તુ હું છું સ્વભાવ અને સ્વભાવવાન એકત્વ છે. આત્મા સ્વભાવવાન અને જ્ઞાન એનો સ્વભાવ, જાણવું એનો સ્વભાવ. સૂર્ય અને સૂર્યનો પ્રકાશ બધો એક છે. અને ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું પૂર અને એ પોતે પ્રકાશવાન બધી એક ચીજ છે. આહા..હા..! એ કોઈને કાંઈ કરે નહિ. દેશના, શરીરના, બાયડી-છોકરાના કામ કરે ઈ એનામાં નથી. એ તો જાણનાર સ્વભાવ છે.

મુમુક્ષુ :- વ્યવહારે તો કરેને!

ઉત્તર :- ધૂળેય કરે નહિ. કરે શું વ્યવહારે? માને મૂઢ. હું કરું છું. એમ વ્યવહારે. શું ધૂળ પણ શું તું કરે છે? તારી દશામાં તું કાંઈ કર કે જે સત્તા તારામાં નથી એ પરસત્તામાં તારો પ્રવેશ થાય? કે તેનું કર તું? સમજાણું? પરસત્તા એટલે? પર હોવાપણે ચીજ છે એમાં તારું હોવાપણું જાતું નથી. તો એના હોવાપણામાં તારું હોવાપણું નથી થતું શું કરે એને? શરીરનું, વાણીનું, મનનું, પરનું, દેશનું, કુટુંબનું, નાતનું કોણ કરે ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :- નિમિત્ત તો થાયને.

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા શું? તમારે કહેતા હતા જીવનભાઈ. આ બધા કાર્યકરો નહિ? ઢેબરભાઈ. વડાપ્રધાન હતાને? આ તો એના ગુરુ છે. પછી તો .. આવી ગયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ... એ કહેતા મહારાજ! નિમિત્ત તો છેને? એ અહીં છે.. ઓલા .. કેવા? હા એ વિનોબા આવ્યા હતા. .. સાંભળવા. આવ્યા હતા. આપણે શરીરનો ઉપયોગ તો કરવોને! આ તો માટી છે. માટીનું હલવું, થવું, જવું એ તો જડની ક્રિયા છે. આત્મા કરે એને? એ તો જ્ઞાનસ્વભાવ છે. એ થાય તેને જાણે. એનો જાણવાનો સ્વભાવ છે. એનો કરવાનો સ્વભાવ છે? કહો, જેઠાભાઈ! આહા..હા..! જગતથી ઉંધી વાત બહુ. જગત ઉંધું. એનાથી ઉંધું. સવળું હોય તો ઉંધું જ હોયને એનાથી. આહા..હા..!

કહે છે કે એકવાર સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું એ આચાર્ય એમ કહે છે કે આગમમાં એમ કહ્યું કે .. આગમથી તું જ્ઞાન કર પહેલું. ભલે અમારી સામું જોઈને વિકલ્પ ... સમજાણું કાંઈ? આમ હો.. એમ કહે શાસ્ત્ર તો. ... આહા..હા..! .. ભાઈ! તું સાંભળ. બાપુ! આવા મનુષ્યના ભવ મળ્યા તમને. ભવ શબ્દે? અંદર પર્યાયોની યોગ્યતા હોં. શરીર નહિ. શરીર તો જડ છે. આને મનુષ્યપણું કેવું? આ તો જડ છે, માટી છે. તને મનુષ્યની ગતિની યોગ્યતા જે મળી પર્યાયમાં. એમાં ક્ષયોપશમ મળ્યો. ઉઘાડ તો છે એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય કરતા તો. હવે એમાં એ જ્ઞાન દ્વારા આગમથી જાણવું તારે. આ વસ્તુ શું છે? આ તે. એ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. જ્ઞાન જેનું સ્વરૂપ છે, જ્ઞાન જેનું હોવાપણું છે. જ્ઞાનના હોવાપણામાં જ એ આત્મતત્ત્વ છે. એ રાગના હોવાપણામાં, કર્મમાં, શરીરમાં આત્મા છે નહિ. આહા..હા..! અહીં તો બીજાનું કરી દેવું છે એને. પોતાનું ભાન ન મળે કે શું છે એ ભાન ન મળે. બીજાના સુધારા કરો, મંડળી કરો, દયાની મંડળી, ફલાણાની મંડળી. હમણાં-હમણાં બહુ ચાલ્યું છે. પાંચ-પચ્ચીસ છોકરા ભેગા થાય, કરો મંડળ. પછી માન મળે. અહીંયાં મંડળમાં ઉપાડ્યું હતું. એમાં આ કર્યું. એ સ્નેહમિલન કરો સ્નેહમિલન. બધા સ્નેહી જે હોય એ ભેગા થાય છોકરાઓ. ...

અહીં તો કહે છે કે તારો સ્વભાવ એકલો જાણવો એ જ છે. એની સાથે મળવું કે ભેગું થાવું એવો તારો સ્વભાવ નથી. આહા..હા..! અને જેને સાદી-અનંત એકલા રહેવું છે સિદ્ધપદે. એને તો એકલાપણું મારું કોણ છે એનો નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ? સાદી-અનંત સિદ્ધપદ છે. એકલો ચૈતન્ય-ચૈતન્ય. એવું એકલાપણું અંદર વિકલ્પથી નિર્ણય કર પહેલો કહે છે. એવો નિર્ણય અનુભવનો નથી અને એ નિર્ણય વાસ્તવિક નથી. પણ એ વચ્ચે આ સ્થિતિ આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? આગમ જ્ઞાનથી જ્ઞાન સ્વરૂપનો નિશ્ચય કરી. પછી ઇન્દ્રિય બુદ્ધિરૂપી મતિજ્ઞાનને પરતરફમાં જે જતી હતી એને જ્ઞાનમાત્રમાં ... અંતરમાં વાળ સમજાવામાં શું સમજાવે? એ જ્ઞાનની વર્તમાન પર્યાય ઇન્દ્રિય અને મનને

અવલંબે પરના લક્ષમાં જાતી એ પર્યાયને અંદરમાં વાળ. જે ચીજ તેની એ પર્યાય છે તેમાં વાળ. શું વાતું કરી છે? ... દસ લાખનું મંદિર કરો, બબ્બે લાખ આપો સૌ. પચાસ હજાર, કરો ચંદો. ચંદો શું કહેવાય? ખરડો. બધા સુખી-સુખી થઈ જાય. ધૂળેય કર્યું નથી. .. કોણ કરાવે? એ તો જડ છે. સમજાણું કાંઈ? તારો સ્વભાવ તો જાણવું જ્ઞાન છે. જ્ઞાન સ્વભાવ એ રાગ કરાવે? એય..! પોપટભાઈ! આહા..હા..! આગમનું મંદિર, મૂર્તિ. બનાવો આધાર છે. આત્મા કરી શકે? આગમના શાસ્ત્રોની રચના એ આત્મા કરી શકે? આ તો જ્ઞાનસ્વભાવ છે એમ કહે છે. એ પરની દયા પાળી શકે? એ તો જ્ઞાનસ્વભાવ છે. પરની દયાનો ભાવ છે એ આત્માનું કાર્ય છે? એ તો જાણનાર છે, જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ભાઈ! ત્યારે શું આ બધા લોઢા-બોઢાના આ બધા વેપાર કરે છેને દુકાને બેસીને. હુશિયાર માણસ પડાઈ રાખે દોરી. એ પડાઈ ઉડે. ખેંચવી હોય એમ ખેંચાય અને છૂટી મૂકવી હોય એમ છૂટે. એમ દુકાનના ધંધા બધા હાથમાં સરખા રાખે. એય..!

મુમુક્ષુ :- એ તો છોકરાઓને, નોકરો લઈ ન જાય એટલે

ઉત્તર :- બગડી ન જાય. એ એને પોતાને સખ નથી આવતું એ વિના. ત્યાં કેમ ચાલે એ ભલે. છ મહિના .. તો ત્યાં શું આવે એના કાગળ તો આવવા જોઈએ. સમાચાર આવવા જોઈએ બધા. પડાયું તો હાથમાં રાખીને બધું આવે. આહા..હા..! અરે..! કોનું કર? શું તું કરે છો આ? તારો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ છે જ કોનો પણ? એમ ભગવાનનો પોકાર છે. આહા..હા..! હવે પછી વિકલ્પને તોડવા એટલે કે વિકલ્પથી રહિત, વિકલ્પસહિત વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં રાગથી નિષેધ મન (દ્વારા) કર્યો. ભગવાને કીધું કે તું જ્ઞાનસ્વભાવ છો. મુનિઓએ કહ્યું. એને સાંભળતા એક વિકલ્પ તો આવ્યો. અને વિકલ્પથી એણે નિર્ણય કર્યો કે આ જ્ઞાનસ્વભાવ છે. હવે એ વિકલ્પથી નિર્ણય કર્યો એ વિકલ્પસહિત ચીજ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અંદર નિર્ણય એણે કર્યો છે. સમજાણું કાંઈ? વિકલ્પસહિત નિર્ણય કર્યો છે કે જ્ઞાનસ્વભાવ. એ જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં જ એ આવ્યો કે આ વિકલ્પસ્વરૂપસહિત જ્ઞાનસ્વભાવ નથી. એટલે એકલો જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સીધી-સરળ વાત છે આ. પણ એવી મોંઘી કરીને મૂકી મારે. પત્તો ખાતો નથી કોણ છે આ. જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કર્યો ત્યાં જ એના વિકલ્પસહિત નિર્ણયમાં જ. એ વિકલ્પસહિત નિર્ણયમાં કહે છે કે આ તો જ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પસ્વરૂપ નિર્વિકલ્પ નથી ત્યાં. સમજાણું કાંઈ?

પછી '**મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં...**' કારણ કે એ તો જ્ઞાનસ્વભાવ છે. એમાં એ બુદ્ધિ જે પર તરફ જતી હતી. એને આ બાજુ વાળવી. આહા..હા..! સમજાણું કાંઈ? જેની જ્યાંથી

પર્યાય ઉઠે છે ત્યાં તેને વાળવી. ભાષા તો એમ જ આવે. જે પર્યાય આમ વળી છે ઈ પર્યાય પાછી આમ વળતી નથી. વ્યાખ્યા થતાં એમ થાયને. આહા..હા..! જ્યાં આવી મતિની પર્યાય.. આમ જ્યાં છે. એને આ બાજુ વાળવી. જ્ઞાનમાં મેળ હોય. રાગમાં જે મેળ ખાતો હોય (એને) હવે અહીં ફેરવ. **'મેળવી દઈને,...'** લ્યો, **'તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી...'** અને આત્મા અનંતગુણવાળો છે, આનંદવાળો છે, જ્ઞાનસ્વભાવવાળો છે, જ્ઞાનસ્વભાવ છે એવી જે વૃત્તિ ઉઠે છે ભાવ એ પણ શ્રુતજ્ઞાનરૂપી નયનો વિકલ્પ મટાડી. કેમકે આકુળતા છે એ. સમજાણું કાંઈ? **'નિર્વિકલ્પ કરીને,...'** એને નિર્વિકલ્પ વસ્તુની જે સ્થિતિ છે એ જ્ઞાનસ્વભાવ છે. એટલે જે રાગના અંશથી નિર્ણય કર્યો હતો એ રાગ તરફના મતિ-બુદ્ધિને અને એના તરફમાં શ્રુતજ્ઞાનના જે વિકલ્પ ઉઠતા હતા એ આકુળતા છે. એ વિકલ્પથી નિર્ણય કર્યો એ પોતે આકુળતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો...'** આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિ એમ કીધું છેને? એનો અર્થ કે શ્રુત જ્ઞાનપૂર્વક જ્ઞાનમાં આકુળતા હોય? પણ એમાં જે ઓલો વિકલ્પ છેને રાગ એથી શ્રુતજ્ઞાનની બુદ્ધિ આકુળતાને ઉત્પન્ન કરનારી એમ કહ્યું છે. બીજી રીતે કહીએ તો શ્રુતજ્ઞાન ચીજ જે નિર્ણય કર્યો એ હજી પરોક્ષ છે. અને શ્રુતજ્ઞાન છે એ અનુભવ થતાં એ વિકલ્પ એને રહેતો નથી. ત્યારે પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! શીરો કરવો હોય તો એની વિધિ છે. (ગમે તેમ) બેસાડી દે તો થાય શીરો? શી રીતે કરવું? કે એને લોટ ઘીમાં શેક પહેલો. લોટ થોડો ભલે બગડે. ... એ શેકવાને.. બગડે તો પાછો ફરીને કરે. સમજાણું કાંઈ? એમ કરતી શીખતી હશેને આ છોડીયું? ભાઈ! કે શીખીને આવી હશે ત્યાંથી?

મુમુક્ષુ :- શીખીને...

ઉત્તર :- હા, શીખીને આવે નહિ. એમ શીરો... શીરો... શીરો... .. કરે ત્યારે માંડે .. આ શીરો. ... થાય. શીરો સમજો છો? હલવા. તમારે હિન્દુસ્તાનમાં હલવા કહે હલવા. અમારે હલવો થાય એ ઓલો મુંબઈમાં કહે ... થાયને .. પડે.

આ આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો શીરો કરવો છે અહીં. આહા..હા..! મોક્ષનો માર્ગ કરવો છેને? મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ એટલો પણ આ વિપરીત માન્યતા એ અહિતનો માર્ગ છે. આહા..હા..! અરેરે..! નાના છોકરા હોય એને આપણે સાચવવા જોઈએ, પાળવા જોઈએ, મોટા કરવા જોઈએ. કહો, એય..! ભારે ભાઈ! ચાલતા થાય, બોલતા થાય ત્યાં સુધી આપણી ફરજ છે. તું ત્યાં મરી જઈશ પહેલા તો? ઈ ન ગણે. આહા..હા..! એક બાઈને બળવું હતું અગ્નિમાં. ... કહો, જાવું છે ક્યાં મરીને? શું છે પણ આ? છોકરું નાનું વર્ષ, દોઢ વર્ષનું. ... પછી આવી. .. કંટાળેલી બાઈ. અગ્નિ ઉપર સળગવાની તૈયારી

બળવાની. છોકરાને લઈ આમ પડી. લૂગડા... કોની સંભાળ કરવી? તને ભાન પણ નથી કે આ શું કરે છે? ત્યાં માસીબા બેઠા છે જ્યાં ત્યાં? દેખતા આવા દુઃખથી તો છૂટીએ એમ. અને જે દેખનારાઓ છે એને એનાથી તો છૂટીએ અને આ દેખનારા ભલે દેખે બીજા. આહા..હા..!

કહે છે ભાઈ! એકવાર આમ તો કર તું. કોઈની સંભાળ કરું કે ન કરું એ તારા અધિકારની વાત જ નથી. કારણ કે તું જ્ઞાનસ્વભાવ છો. સમજાણું કાંઈ? આહા..હા..! પછી? '**શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને,...**' આ તો પ્રથમ પદ્ધતિ છેને. એનો અર્થ પહેલો આ છે .. એક સાથે જ્ઞાનની પર્યાય ... ઈ. ત્યાં '**એક અખંડ પ્રતિભાસનો અનુભવ...**' ભગવાન આત્મા ત્યાં એકરૂપ, અખંડ-ભેદ નથી. પ્રતિભાસ. જ્ઞાનની પર્યાયમાં એનો ભાસ તો ... એવો અનુભવ કરવો. લ્યો! એ અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. એ હિતનો રસ્તો આ છે. ભારે! લોકો માને છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન અને નવ તત્ત્વની માન્યતા એ સમ્યગ્દર્શન ભેદવાળી. એમ નથી. ભગવાન અખંડ પ્રતિભાસ ચૈતન્ય એકરૂપે ભગવાન બિરાજે છે પોતે. આહા..હા..! અરે..! એને ભગવાન કહેવો પણ સારો લાગતો નથી. અને આવા પામર ભગવાન અરે..! ભગવાનને ભગવાન સાંભળતો ખરો. આહા..હા..!

એવો શબ્દ પડ્યો છે કે '**એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન...**' આનું નામ ધર્મના હિતના પંથની પહેલી રીત. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વ આત્માના હિતનો પહેલો માર્ગ આ. એ હિત નથી ભગવાનથી પ્રગટતું, નથી શાસ્ત્રથી જણાતું. શાસ્ત્ર કહે એટલે પણ શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. આનંદઘનમાં આવે છે. સમજાણું કાંઈ? આ શબ્દ આવે છે. દિશા દેખાડીને અળગા રહે. ત્યાં આવે છે ભેગો? આહા..હા..! બ્રાહ્મણ પરણાવવા આવે, પછી નભાવ કરવા આવે બેયનો? પરણાવા આવ્યો છે. મહારાજ મારા ઘરનો નભાવ કરો હવે તમે. એમ ત્રિલોકનાથ વીતરાગ કહે છે કે અમે તને કહ્યું જુઓ ઓલો જ્ઞાનસ્વભાવ તે આત્મા. હવે એ વિકલ્પને છોડી દ્યો તમે. એ કહે છે કે શું કહે છે તું? તારું કાર્ય તારાથી થાય. પણ તારો આત્મા કર્તા અથવા પર્યાયનો અંશ જે નિર્મળ એ કર્તા અને એ પર્યાયનું અંશ એ એનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અખંડ પ્રતિભાસનો...**' એ જે ચીજ છે એવી જ્ઞાનમાં ભાસ થવી. ભાવભાસન. ભાવ એટલે વસ્તુ જેવી છે એવી જ્ઞાનની પર્યાયમાં ભાસન થવું. પ્રતિભાસ છેને? ભારે આકરું! કેટલી વાત તે! આ વાતું તો એવી છે. આહા..હા..! એકવાર કહેતા હતા માણેકભાઈ. ક્યાંક ગયા હશે. એક માણસ ભૂંડને બાંધી .. જીવતા ભૂંડને હોં. શેકે. જીવતો ભુંડ. પછી સળીયા નાખે. અગ્નિની ભઠ્ઠી નીચે અને ઉપર. આ શક્કરકંદ શેકે છેને. શક્કરકંદ સમજો છો? મહાવદ અમાસ શિવરાત્રી કરેને. શક્કરકંદ શેકે. એક કટકીમાં અનંતા જીવ હોં. એ કહે છે

કે ... આહા..હા..! બાપા! એ આકુળતા .. શું છે? એવા વેદન તે કર્યાં. સમજાણું કાંઈ? એક વેદનના કારણરૂપ ભાવ અને એ ભાવના ફળરૂપ ભવ એનાથી રહિત થવું એ આ રીત છે. આહા..હા..!

ભગવાન આત્માને નિર્વિકલ્પ પર્યાય થઈને અનુભવવો. એ અનુભવમાં છે પર્યાય અને એ સમ્યગ્દર્શન છે એ પણ પર્યાય છે. કહો, સમજાણું કાંઈ? પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. એ પણ જાણે કોણ? દ્રવ્ય જાણે છે? આ પર્યાય એમાં આખું તત્ત્વ આવતું નથી, પણ જે એક અંશ છે એ એમાં ભળી જતો નથી. એવી અંતર ધ્રુવની દઢતાની જે પર્યાય એનો અનુભવ તે આનંદ છે. ઓલા વિકલ્પ છે તે આકુળતા હતી. આ અનાકુળ છે. એવી અનાકુળ દશાને સમ્યગ્દર્શન કહે છે. હવે આ સમ્યગ્દર્શનમાં રાગવાળું સમ્યક્ત્વ આવ્યું ક્યાં? આહા..હા..! સરાગ સમકિત આવે છે કે નહિ? વીતરાગ સમકિત. એ તો જરી .. રાગ છે .. સમકિત સરાગ ફરાગ હોય નહિ. આ શું કહે છે? કે અંતરમાં જ્ઞાનની પર્યાયને અંતરમાં મેળવતા કહો, જેમ દૂધમાં છાશ નાખતા, મેળવણ નાખતાં જેમ દહીં જામી જાય એમ પર્યાયને અંદરમાં મેળવતા ઢીમ થઈ જાય, અભેદ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આમાં? ઈ કરતા દયા પાળવાનું કહે, પૈસા ખર્ચવાનું કહે, કોઈ મંદિર બનાવાનું કહે. (સરળ પડે) શેઠ! સાધર્મીઓને સહાય કરવી. કોને સહાય કરે? ભાઈ! તું તો જ્ઞાનસ્વભાવ છોને. એ જ્ઞાનસ્વભાવનો વિકલ્પરહિત અનુભવ થવો એ હિતનો પંથ છે. એ હિતના પંથે હવે પડ્યો. ખરેખર કહીએ તો એ સમ્યક્ અનુભવ ઈ હવે સિદ્ધપદને શુક્લધ્યાનને માટે પાત્ર થયો. ચારિત્રને માટે, શુક્લધ્યાન માટે, કેવળજ્ઞાન માટે હવે એ પાત્ર થયો. પાત્ર થયો. સમજાણું કાંઈ? આહા..હા..!

એને સમ્યગ્દર્શન કહો, 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકુંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ નિર્વિકલ્પ રાગના આશ્રય વિનાની દશા અને ત્રિકાળી ભગવાન પરમાનંદને આશ્રયે થતી દશા એ અનુભવ. એ વસ્તુ પૂર્ણ આનંદને અનુસરીને થતી દશા એ અનુભવ. એ અનુભવ મોક્ષનો માર્ગ. એ અનુભવને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! ત્યારે એને આત્માની શ્રદ્ધા સાચી થઈ. કહો, પ્રકાશદાસજી! આમ સમકિત વિનાની વાતું હતીને બધી? મહાવ્રત પાળો, આ કરો અને મુંડાવ. છોકરા પણ મુંડાય છે. છ મહિને ઘેટાં નથી મુંડાતા? એનું ઊન કાઢેને? આહા..હા..! ઘેટાં છેને? ... ... થઈ જાયને એ કાતરથી કાપે. આ ખેંચેને (કેસલોચ) આમ કરે. આહા..હા..! જાણે શું કર્યું? દુનિયાને દેખાડવા .. કરીએ. અરે..! આ ક્રિયા પણ તારી નથી, રાગ તારો નહિ, ખેંચવાની ક્રિયા તો તે કરી જ નથી. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવી શું કરે? આહા..હા..! જે કરી શકતો નથી એને કરવું, માનવું એ તો મિથ્યાત્વ, મહામિથ્યાત્વ છે. મિથ્યાત્વને સેવે અને એમ માને કે મેં પરિષહ (સહન)

કર્યો એટલે નિર્જરા થઈ. એય..! ચેતનજી! એ તમારું .. છે ઘણીવાર.. આવે છેને? કાતરથી કાપે. .. ભાષા શું છે? આ ... તમારે .. નથી આવતું? બાપુ! એ ધર્મની ક્રિયા નહિ, એ તારી ક્રિયા નહિ. આહા..હા..! તું તો જ્ઞાનસ્વભાવ છો. એ જ્ઞાનસ્વભાવ ... આમ કાઢે અને આમ કરે એ ક્રિયા આત્મા કરી શકે? અને એનાથી હું અધિક થયો છું ત્યાગી માટે કે આ લોચ કરે છે. એમ અધિકપણું બીજા કરતાં બતાવવું મિથ્યાત્વ છે.

એને ''**સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે;...**' શું કહે છે? ભગવાન જ્ઞાનસ્વરૂપ અનુભવમાં આવ્યો. રાગ વિનાના આશ્રય વિના અંતરમાં જ્ઞાનસ્વરૂપમાં લીન થયો એને જ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રના ભણતર અને વાતું, જગતને સમજાવતા આવડ્યું માટે એ જ્ઞાન છે. એ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- શું કહો છો?

ઉત્તર :- શું કહો છો. આ પંડિત થઈને સમજાવતા આવડ્યું માટે જ્ઞાન થયું એમ નહિ એમ કહે છે. આહા..હા..! ... ... પૈસાવાળા છે. જાય ત્યાં .. આવો. ભાઈ! જેને જ્ઞાન છાપ પડે. નામ પડે ભાઈ! આહા..હા..! એ આત્મા અનુભવની દશા પ્રગટ કરે તેને જ્ઞાન નામ અપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છેને? બધું સમજે તો તો કલ્યાણ થઈ જાય. પણ અહીં શું કહેવા માગે છે એની ઝાંય આવે છે કે નહિ? અરે..! પણ નનૂર થઈ ગયો છેને અનાદિનો. .. નથી. ગમતો નથી એના .. આહા..હા..! એ '**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદા નથી.**' સમજાણું કાંઈ?

## શ્લોક-૯૩

(शार्दूलविक्रीडित)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।।९३।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થ :- **[नयानां पक्षैः विना] નયોના પક્ષો રહિત, [अचलं अविकल्पभावम्] અચળ નિર્વિકલ્પભાવને [आक्रामन्] પામતો [यः समयस्य सारः भाति] જે સમયનો (આત્માનો)**

સાર પ્રકાશે છે [सः एषः] તે આ સમયસાર (શુદ્ધ આત્મા)- [निभृतैः स्वयम् आस्वाद्यमानः] કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે(આસ્વાદ લેવાય છે, અનુભવાય છે) તે [विज्ञान-एक-रसः भगवान्] વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે, [पुण्यः पुराणः पुमान्] પવિત્ર પુરાણ પુરુષ છે; [ज्ञानं दशनर्म् अपि अयं] જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે; [अथवा किम्] અથવા વધારે શું કહીએ? [यत् किंचन अपि अयम् एकः] જે કાંઈ છે તે આ એક જ છે (માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે). ૯૩.

## કળશ-૯૩ ઉપર પ્રવચન

હવે એનો કળશ કહે છે. ૯૩-૯૩.

(शार्दूलविक्रीडित)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।।९३।।

આહા..હા..! ભારે કામ. પર્યાય જે રાગમાં ફેરા ફરતી રાગની સાથે. એ પર્યાય હવે ધ્રુવમાં ફેરા ફરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'नयानां पक्षैः विना' **'નયોના પક્ષો રહિત,...'** એ શું હશે નયોના પક્ષ રહિત? એટલે આત્માને રાગના લક્ષસહિતનો પક્ષ કરવો કે હું શુદ્ધ છું, પવિત્ર છું. એવી વિકલ્પ દ્વારા એને ગોખવું. ગોખવું. એ **'નયોના પક્ષો રહિત,...'** એ છૂટી જાય. આહા..હા..! માલ લેવા જાય તો પહેલું પૂછે ભાવ. ... બેસે? પૂછે કે ભાઈ પાંચ રૂપિયાનું શેર છે. આ સુરતમાં આવે છેને? સુરતની સુરતની સુતરફેણી. પછી એના ત્રાજવા નક્કી કરાવે. કે ભાઈ ત્રાજવા બરાબર છે કે નહિ? જેની કોર માલ હોય ત્યાં હેઠે લાખ ચોટાડી હોય શેર. તોલું. સ્થાપેલું છે કે નહિ? માલ હોય છેને ત્રાંબાનું માથે? પણ એ બધું નક્કી કરીને જ્યારે ખાય ત્યારે એ નક્કી કરવા બેઠો છે? એમ પહેલો આત્માનો કોણ છે એનો નિર્ણય કર્યો વિકલ્પ દ્વારા. સમજાય છે? આવા ભાવવાળો, આવી પર્યાયવાળો હોય, આત્મા ગુણવાળો હોય, એ પવિત્ર હોય. એમ એણે ભાવનો નિર્ણય કર્યો વિકલ્પથી, પણ એ વિકલ્પ છૂટીને અંદરમાં જ્યારે જાય ત્યારે તું એને અચળ નિર્વિકલ્પ ભાવવું. એ **'અચળ નિર્વિકલ્પભાવને...'** અનુભવે છે. છેને? **'ભાવને પામતો...'** ઓલો રાગને જે

પામતો હતો, વિકલ્પને પામતો હતો. એ અંતરની દૃષ્ટિમાં ગયો ત્યારે ભગવાન પૂર્ણાનંદનો નાથ એના અનુભવમાં આવ્યો. સમજાણું કાંઈ?

**'અચળ નિર્વિકલ્પભાવને...'** કેવો છે એ ભાવ ધ્રુવ? જ્ઞાનસ્વભાવ ત્રિકાળ અચળ નિર્વિકલ્પભાવ છે. કોઈ દિ' ચળે નહિ, ચળે નહિ, હલ્યો હલે નહિ. આહા..હા..! એવો જે નિર્વિકલ્પ અચળ ભાવ આત્મા. એને પામતો. ઈ ચીજને પર્યાયમાં પામતો. વસ્તુ તો વસ્તુ હતી. સમજાણું કાંઈ? પામતો છેને? **'आक्रामन्'** આક્રમ્યો એને પહોંચ્યો એને આ તો સમયસાર છે. ભગવાન સમયસાર. આહા..હા..! આ સમયસારનું .. થવાનું છેને આઠમને દિ'? પોપટભાઈને ઘરે. ઈ પોપટભાઈનું ઘર કરાવ્યુંને પોપટભાઈને બધા. ... કહો, સમજાણું કાંઈ? ... ... નહિતર આમાં પણ કાંઈ ઠેકાણા નથી. .. થાકી ગયા. એણે દીધું ... અને આ ... એય..!

મુમુક્ષુ :- પુદ્ગલની પર્યાય...

ઉત્તર :- નયપણું કહેવું હોય તો. નહિ? આહા..હા..! ભગવાન આત્મા કહે છે કે **'आक्रामन्'** એ વસ્તુને પહોંચી ગયો. આહા..હા..! રાગના વિકલ્પથી છૂટી અને વસ્તુને પહોંચી ગયો. આહા..હા..! એટલે કે **'आक्रामन्'** ભગવાનનો અનુભવ કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એવા પોતાની જાતનો જેને નિજ આત્માનો અનુભવ થયો. ઓહો..હો..! **'यः समयस्य सारः भाति'** અને એવી રીતે સમયનો સાર શોભે છે. **'भाति'** છેને? પ્રકાશે છે. અનુભવમાં આત્મા પ્રકાશે છે. સમજાણું કાંઈ? **'यः समयस्य सारः भाति'** કહો, ..ભાઈ! **'यः'** 'જે...' **'समयस्य सारः भाति'** સમયસારનો ભાવ, આત્માનો ભાવ પણ અનુભવમાં પ્રકાશ્યો છે. અનુભવમાં ભાસ થાય છે કે આ આત્મા. સમજાણું કાંઈ? **'यः समयस्य सारः भाति'** ભાતિ શોભે છે. એનો અર્થ સાર-પ્રકાશે છે. નિર્વિકારી આનંદની દશા અનુભવમાં પ્રકાશે છે. એમાં આ આત્મા એમ શોભે છે. આહા..હા..! એ રાગથી શોભતો નહોતો કે રાગના વિકલ્પમાં સમયસાર આવતો નહોતો. સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ આવો ધર્મ ભારે! કહો, વીરચંદભાઈ! આવો હશે ધર્મ આ? આફ્રિકામાં છે આવું? અહીંના ઠેકાણા નથી ત્યાં આફ્રિકામાં ક્યાંથી હોય? આહા..!

કહે છે કે વિકલ્પમાં હતો એ આત્મા શોભતો નહોતો. એ આત્મા વિકલ્પરહિત થઈને આત્માનો અનુભવ કર્યો ત્યારે ત્યાં શોભે છે અથવા **'भाति'** પ્રકાશે છે. ત્યારે આ આત્મા પ્રકાશમાં આવે છે. સમજાણું કાંઈ? **'सः एषः'** 'તે આ...' પ્રત્યક્ષ બતાવે છે **'सः एषः'** આ આત્મા, શુદ્ધાત્મા હું .. સ્વયં આસ્વાદ્યમાન. ઓહો..! **'નિભૃત...'** નિશ્ચળ, ચંચળતા વિનાનો ભાવ, આત્મલીનભાવ એવા **'પુરુષો વડે સ્વયં...'** અનુભવાય છે. આસ્વાદ લેવાય છે. આનંદનો સ્વાદ ત્યાં લેવાય છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ ત્યાં લેવાય

છે. જેઠાભાઈ! આવી બહુ ... ઓલા સોનગઢવાળાએ સમકિત બહુ મોંઘુ કર્યું છે. અરે..! ભગવાન! બાપા! કેમકે આવું... આહા..હા..! આવો અનુભવ કરે એમાં પ્રતીત થાય છે તે સમ્યગ્દર્શન. દેવ, ગુરુનો ધર્મ માનીએ પછી શું એ ... આવે છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ... આહા..હા..! .. વાતું.

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપી ભગવાન આત્મા. એને પર્યાયમાં એ ભાસ્યો, અનુભવમાં ભાસ્યો. તે '**(નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...**' ચિંતા છોડી અંદરમાં નિશ્ચળ થયો એને એ આત્માના આનંદનો સ્વાદ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાનની આ વાત છેને? '**सम्मद्दंसणणाणं**' આહા..હા..! કહે છે એ '**નિભૃત પુરુષો વડે...**' જેને આવા વિકલ્પની ચિંતા છૂટી ગઈ છે અને આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુમાં એકાકાર છે. એટલે કે લીન છે. એ પુરુષો વડે. પુરુષો આત્મા. પુરુષ એટલે આદમી અને પુરુષ એટલે સ્ત્રી એમ અહીં નથી. આવા આત્મા વડે એમ. નિભૃત પુરુષો આત્મા વડે સ્વયં આસ્વાદ્યમાન છે. એને કોઈ મન અને રાગની અપેક્ષા, ગુરુ અને દેવની નથી એમ કહે છે. આહા..હા..! સ્વયં ભગવાન આનંદમાં વેદાય એવો એ પોતે છે. '**સ્વયં આસ્વાદ્યમાન છે...**' આહા..હા..! સમજાણું કાંઈ?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૬, સોમવાર, તા. ૨૫-૧૨-૧૯૭૨
## કળશ-૯૩-૯૪, પ્રવચન-૨૬૩

પહેલો કળશ છેને? ૧૪૪ ગાથાનો પહેલો. '**नयानां पक्षैः विना**' શું કહે છે? કે આત્મા તો આનંદ અને ભગવાન મહિમા સ્વરૂપ જ છે. પણ એનો વિકલ્પ જે ઉઠે છે, પર ચીજ તો એની એકેય છે નહિ (આત્મામાં) અને પરમાં એ નથી. પણ હવે અહીંયાં એક નયના વિકલ્પ સુધી લાવ્યા. હું એક શુદ્ધ છું, પરમાત્મા છું, ભગવાન છું. ઈશ્વર છું એવો જે એક નય, વિષય નયનો એક રાગ, પક્ષ. એ રાગનો પક્ષ છે એ ત્યાં અટકી ગયો છે. એ બંધાઈ ગયો છે ત્યાં. અને નયના પક્ષનો રાગ એમાં વર્તવું એ મિથ્યાત્વભાવ છે. સમજાણું? '**नयानां**

**पक्षैः विना**' એ રાગ જે થાય છે. ... આખીરમાં આખીર નયના પક્ષમાં રાગમાં વર્તવું એટલે કે રાગનો એક પક્ષ કર્યો હતો કે હું શુદ્ધ છું, અભેદ છું. છે એવું, પણ એવી જે વિકલ્પ વૃત્તિ ઉઠાવી છે એ રાગ દુઃખરૂપ છે. શુભનું કારણ છે અને એ શુભમાં વર્તવું એ મિથ્યાત્વભાવ છે. આખીરના કર્તાકર્મની વ્યાખ્યા છે આ. એટલે? કે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ વિજ્ઞાનઘન એવો હોવા છતાં એવો છું જે વિકલ્પની વૃત્તિ નયપક્ષ. એ નયપક્ષમાં રોકાવું એ નયપક્ષનો રાગ એનો કર્તા અને રાગ એનું કર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? બીજો કર્તાકર્મ તો એક બાજુ રહ્યો. એ વિકલ્પ તે કર્તા અને વિકલ્પ એનું કાર્ય. અહીંયાં અંદર આવ્યો, પણ અંદરમાં ગયો નહિ. એના પક્ષમાં-વિકલ્પમાં રોકાણો. આ અબદ્ધ છે, શુદ્ધ છે, ચૈતન્ય એ પર્યાયમાં ઉભો રહીને આવા વિકલ્પો ઉઠાવે છે. શેઠ! ઝીણું બહુ બાપા માર્ગ આ.

કહે છે કે એ રાગ હું શુદ્ધ છું, અભેદ છું, પૂર્ણ પરમેશ્વર છું. એવો પણ એક રાગનો વિકલ્પ ઉઠે એ વિકલ્પ તે કર્મ છે, કાર્ય છે અને એનો કર્તા એ પર્યાય છે. એ ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ..ભાઈ! ઝીણી વાતું બહુ. આહા..હા..! જન્મ-મરણના આંટા ટાળવા એ અપૂર્વ વાત છે. અને એ હું આત્મા શુદ્ધ છું, અભેદ છું એવું પરિણમન થાય એ કાળે એને શુદ્ધ છું, અબદ્ધ છે એવું ઉપાદેયપણું તે કાળે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? પણ જ્યાં સુધી આવા પક્ષમાં રોકાય છે. ગોદિકાજી! આ તો અંદરની વાતું છે. ત્યાં અટક્યો તો અટક્યો. આહા..હા..! ચૈતન્ય પરમબ્રહ્મ આનંદસ્વરૂપ ભગવાન તીર્થંકરદેવે કહ્યો એ. પણ એના બહારમાં ઉભો, પર્યાય અને અવસ્થામાં ઉભો હું આવો છું... આવો છું... અને આવો નથી એ પ્રકારના વિકલ્પ છે રાગ. ત્યાં સુધી એને રાગનું કર્તાપણું અને રાગ એનું કાર્ય એ ઊભું હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે '**नयानां पक्षैः विना**' પણ એ પક્ષને છોડ્યો એટલે કે આત્મા શુદ્ધ, અભેદ, અખંડ છે એમ જ્યારે પરિણતિમાં અભેદનો આદર થયો ત્યારે એને નયનો પક્ષ છૂટી ગયો. સમજાણું કાંઈ? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે. '**नयानां पक्षैः विना**' '**अचलं अविकल्पभावम्**' ભગવાન આત્મા અચળ, નિર્વિકલ્પ છે. એ વિકલ્પવાળો નથી. સમજાણું કાંઈ? હું શુદ્ધ છું એવો જે વિકલ્પવાળો નથી, વિકલ્પવાળો જીવને માનવો એ મિથ્યાત્વભાવ છે. કેમકે વસ્તુ અચળ, નિર્વિકલ્પ છે. છેને? '**अचलं अविकल्पभावम्**' એ વિકલ્પથી ચળ થાય કે વિકલ્પવાળો છે એ સ્વરૂપ નથી એનું. ભગવાન આત્મા અચળ, અવિકલ્પ. પોતાના ધ્રુવ સ્થિતિમાંથી કદી ચળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેથી તે અવિકલ્પ, અચળ અવિકલ્પ છે. એ રાગની અપેક્ષાવાળું એ તત્ત્વ નથી. વિકલ્પના નયના પક્ષવાળું પણ

એ તત્ત્વ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અચળ અવિકલ્પ એવો અચળ પ્રભુ નિર્વિકલ્પ છે, અભેદ સ્વરૂપ છે. એને પામતો. રાગના પક્ષના ઉપર લક્ષ છોડતો અને અનુભવમાં અચળ અવિકલ્પને અનુભવતો. સમજાણું કાંઈ? આનો તો અભ્યાસ કરવો જોઈએ હોં હસમુખભાઈ! તમે ત્યાં શીખીને આવ્યા છોને અક્ષરો. ત્યાં શીખીને આવ્યા. તમારા સંચાનું. પછી શીખવ્યુંને એણે? તમારા.. હા ઈ કીધું પછી એણે શીખવ્યુંને? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! તું એવડો મોટો છો કે તને વિકલ્પસહિત કહેવો એ પણ કલંક છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવો ભગવાન આત્મા '**आक्रामन्**' આમ રાગને પહોંચતો અને રાગ કર્તવ્યમાં આમ જતો એ લક્ષ છોડીને વસ્તુ અચળ અવિકલ્પનો અનુભવ પ્રાપ્ત થયો. પર્યાયમાં એ દ્રવ્ય પ્રાપ્ત થયું. સમજાણું કાંઈ? જે પર્યાયમાં ઉભો રહીને રાગને પ્રાપ્ત કરતો નયપક્ષમાં. એને છોડ્યું ત્યારે પર્યાયમાં, અનુભવમાં આત્મા પ્રાપ્ત થયો. એ આત્માને આક્રમ્યો પર્યાય. આહા..હા..! જુઓ, આનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પામતો...**' '**यः समयस्य सारः भाति**' એ સમયનું સ્વરૂપ જે સાર, રાગ અને કર્મને નોકર્મરહિત એ રીતે તે કાળે તેને સમયસાર શોભાય છે. અનુભવમાં પ્રાપ્ત થયો આત્મા ત્યારે તે આત્મા શોભે છે. સાચું છેને? સમજાણું કાંઈ? આહા..હા..! એનો શણગાર અનુભૂતિ છે. રાગને પોતાનો માનીને ઉભો ત્યાં સુધી એ ચળતો નહોતો. એને કલંક હતું. પોપટભાઈ! આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે, બધા જીવો કેવળજ્ઞાન વેલડીના સંત છે. કેવળજ્ઞાનરૂપી વેલડી, લત્તા જેમ આ કોળા થાય છેને કોળા? આવડા-આવડા કોળા નહિ અધમણ? કોળા કહે છે. કોળું. એનો વેલો પાતળો હોય. એ ફળ જેવડો વેલો જાડો ન હોય વેલ. અને ખોળું અધમણ-અધમણના. હવે બીજું તમારે થાય. કોળું. એ કંદોઈની દુકાને થતા હતા પેંઠા. એ ઓલા કંદોઈની દુકાને પેંઠા આવડા-આવડા હોય. એને કરે .. એ લાગે ઓલા આના જેવા કોળાથી જુદી જાત. પેંઠા કહેવાય. આહા..હા..! અહીં બીજું કહેવું છે કે વેલડી એની નાની હોય છે, એના ફળ આવડા મોટા હોય છે. એમ ભગવાન આત્મા ક્ષેત્રમાં ભલે શરીર પ્રમાણે ક્ષેત્ર ભિન્ન, પણ એનો પાક થાય, અનુભવમાં એનો પાક થાય એ કોળા પાકે છે. આહા..હા..! એ બધા ભગવાન આત્માઓ કેવળજ્ઞાન વેલડીના કંદ છે. બધા આત્મા હોં. સર્વ જીવ છે સિદ્ધસમ એવું આવે છે. પરમ જીવ છે જ્ઞાનમય એમ આવે છે. યોગસાર છેને. એમાં એમ આવે છે. સર્વ જીવ જ્ઞાનમય. બધા જ્ઞાનના પરમાત્મા સ્વરૂપ જ બધા છે. કેમકે વિકલ્પ છોડી દે તો વિકલ્પ એનો હતો નહિ. એટલે વિકલ્પ ટાળે પણ એ છે તો પરમાત્મા પોતે, પણ વિકલ્પને છોડ્યો ત્યારે પર્યાયમાં પરમાત્મા આ છે એમ પ્રાપ્ત થયો. સમજાણું કાંઈ? આમાં બધા પૈસાવાળાની અને લક્ષ્મીવાળાની આમાં ગણતરી

નથી આવતી આમાં. હેરાન થવા માટે આવે છે. દુઃખી છે દુઃખી. આહા..હા..!

જ્યાં કેવળજ્ઞાનની લક્ષ્મી પાકે અંદર. કેવળજ્ઞાન એટલે કેવળ ઓલી પર્યાયની વાત નથી. પણ કેવળ એકલું જ્ઞાન એને પ્રાપ્ત થતાં, '**आक्राम्य**' એની સમયસારની તે કાળે શોભે છે. કહો, ...ભાઈ! આહા..હા..! '**यः समयस्य सारः भाति**' પ્રકાશે છે. તે કાળે સમયસાર એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે તે કાળે એ પ્રકાશે છે એનાથી શોભે છે, એમાં એ સમયસાર આત્મા પ્રાપ્ત થાય છે. નિર્મળ નિર્વિકલ્પ પર્યાયમાં આત્મા પ્રાપ્ત થાય છે. આહા..હા..! ભાષા પણ જુદી જાતની હતી આ. '**તે સમયનો સાર...**' '**सः एषः**' '**सः एषः**' '**सः**' તે '**एषः**' આત્મા. '**एषः**' કહીને અહીંયાં પ્રત્યક્ષપણું બતાવે છે. સમજાણું કાંઈ? ત્યાં વિકલ્પને છોડ્યો એટલે જ્ઞાન મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયું. રાગના પક્ષમાં જે શ્રુત જે હતું એ તો આકુળતાવાળું હતું. શ્રુતજ્ઞાન અને મતિની બુદ્ધિઓ જ્યાં સુધી રાગમાં રોકાયેલી હતી ત્યાં એ બધું જ્ઞાન આકુળતાવાળું હતું, પણ એ જ્યાં છૂટ્યું. એટલે કહે છે કે '**एषः**' એ પ્રત્યક્ષ થયો મતિશ્રુતજ્ઞાનમાં આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**सः एषः**' '**(શુદ્ધ આત્મા)**' '**આ સમયસાર...**' આત્મા. એમ થયુંને? જ્ઞાનમાં મતિ-શ્રુતજ્ઞાનની રાગ અને મનનો સંગ છૂટતા એ જ્ઞાનમાં આ આત્મા સમયસાર એમ '**(શુદ્ધ આત્મા)...**' '**निभृतैः स्वयम् आस्वाद्यमानः**' '**નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં...**' પોતાથી આનંદનો અનુભવ લે એવી ચીજ છે. સમજાણું કાંઈ? '**સ્વયં આસ્વાદ્યમાન...**' નિભૃત, નિશ્ચળ આત્મા સમયસાર. વિકલ્પની ચિંતા વિનાના પુરુષો વડે અનુભવાય છે. સમજાણું કાંઈ? '**પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે (આસ્વાદ લેવાય છે,...)**' એ આનંદનો આસ્વાદ લેવાય છે. સ્વાદ તો આ દૂધપાકનો હોય, નાળિયેરનો હોય, મોસંબીનો હોય. જડનો સ્વાદ હોય નહિ કોઈ દિ'. એ જડનો આસ્વાદ લેતો નથી કોઈ દિ' અજ્ઞાનપણે પણ, ફક્ત તેના ઉપર લક્ષ કરીને રાગની વૃત્તિ ઉઠાવે એનો આસ્વાદ લે છે. એને આ પક્ષ છૂટ્યો રાગનો તો કહે છે '**आस्वाद्यमानः**' '**स्वयम् आस्वाद्यमानः**' એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! '**निभृतैः स्वयम्**' ચિંતા વિનાના, વિકલ્પ વિનાના જીવને '**સ્વયં આસ્વાદ્યમાન છે...**' પોતે જ અનુભવમાં આવે એવો છે. એને કોઈ મદદ અને દેવ, ગુરુ અને વાણીની પણ જરૂર નથી એને એમ કહે છે. સ્વયં આસ્વાદ્યમાન. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુરુષો વડે...**' કેવો છે ઈ? અહીં સુધી તો આવ્યું હતું કાલે. સ્વયં આસ્વાદ્યમાન જે આત્મા. પોતે પોતાથી આનંદથી અનુભવાય એવો અતીન્દ્રિય આનંદના આસ્વાદમાં જણાય એવો. આહા..હા..! અરે..! એની એને ખબર ન મળે. જેના ઘરના છોકરા ઘંટી ચાટે. પાડોશીને આટો. આવે છે એ કહેવત તમારે? કહેવત? શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ. જુઓ ઈ. એ તો બધે કહેવત હોયને. ચૂલામાં રાખ તો સરખી હોયને. એ કહેવત છે. અહીં ઈ કહેવત છે. 'ઘરના છોકરા ઘંટી ચાટે' લોટ ન મળે ઘરમાં. અને પારકાને આટો દેવા જાય બાજરાનો અને ઘઉંનો પણ તારે ઘરે આ છોકરાને નથીને. એને કાંઈ છે નહિ. એમ ઘરમાં આનંદનો સ્વાદ લેતો નથી અને પરને ઘરે પરને દેવા જાય લ્યો આનંદ. લ્યો આનંદ. (પરનો) આનંદ ક્યાં છે તારી પાસે? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ **'અનુભવાય છે તે...'** **'विज्ञान-एक-रसः भगवान्'** આહા..હા..! એ પ્રભુ એ કેવો છે? વિજ્ઞાન એક રસ એવો એ ભગવાન છે. રાગ નથી, પુણ્ય નથી, ઉદયભાવ જ જેમાં નથી, પણ પર્યાય એક અંશ છે એ પણ એમાં નથી. આહા..હા..! **'विज्ञान-एक-रसः भगवान्'** એ સમ્યગ્દર્શનના ભાનમાં, પ્રતીતિમાં આવો આત્મા આવે છે એમ કહે છે. આહા..હા..! કર્તવ્ય હોય તો આવશ્યક આ છે. બાકી બધા થોથે થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિજ્ઞાન રસ એક ભગવાન. વિજ્ઞાનરસ, વિજ્ઞાનનું તત્ત્વ, વિજ્ઞાનરૂપી તત્ત્વ, વિજ્ઞાન અને આનંદરૂપી ભાવ એવો એ ભગવાન છે. **'विज्ञान-एक-रसः'** કીધો છે. એક વિજ્ઞાનઘન રસ. વસ્તુ છે ઈ એક વિજ્ઞાનઘન. ઘન જ્યારે પર્યાયમાં આવે ત્યારે એને ખ્યાલમાં આવે કે આ તો વિજ્ઞાનઘન એક રસ છે તત્ત્વ. વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ દશામાં વિજ્ઞાનઘનરસ છે આ એમ અનુભવમાં આવે છે. આહા..! ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પડે છે. સમજાણું કાંઈ? એ તો નામ છેને પાઠમાં? ૧૪૪માં પાઠમાં પણ નામ છે. એ બધી આ તો કળશો છેને. પાઠમાં છે જુઓને. **'सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरिं ववदेसं।'** એને નામ અપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યપદેશ એટલે નામ અપાય છે. આહા..હા..! પાઠ છે એ. એ પાઠ મહાસિદ્ધાંત છે. એ વિજ્ઞાન જેનો એક રસ એવો ભગવાન અનુભવમાં આવ્યો ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પમાય છે. સમજાણું કાંઈ? પંડિતજી! વ્યપદેશ એમ કીધું. એનો હેતુ છે. વ્યપદેશ નામ ક્યારે પડે? ભાવમાં, વેદનમાં આ આત્મા છે આવ્યો ત્યારે એવું નામ પડે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. નહિતર નામ પણ નથી. વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન એ નામ પણ વસ્તુ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'विज्ञान-एक-रसः'** **'વિજ્ઞાન જ...'** 'જ'માં તો એકાંત થઈ જાય છે. જ્ઞાન પણ છે, રાગ પણ છે, એમ કે અનેકાંત થાય એમ નથી. સમ્યક્ એકાંત વિના અનેકાંત પણ હિતકારી નથી. સમ્યક્ એકાંત જોઈએ. આમ વિજ્ઞાન જ રસમાં આવે છે. પણ નથી આ પ્રશ્ન નથી. **'વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે,...'** આહા..હા..! કેમ બેસે? પામરની પર્યાયમાં ભગવાન બેસાડવો. કહો, સમજાણું કાંઈ? આ તમારા પૈસા-બૈસાની ગણતરી પણ ન મળે કાંઈ? કાંઈ વખાણ પણ કર્યા નથી ત્યાં. કહો, ગોદિકાજી!

મુમુક્ષુ :- તમે તો દ્રવ્યદૃષ્ટિની વાત કરો છો.

ઉત્તર :- વસ્તુ આ છે. દૃષ્ટિ કરવાની છે ક્યાં વસ્તુ એવી છે. શું કહે છે? વસ્તુ એવી છે. એની દૃષ્ટિમાં જ્યારે એ વસ્તુ આવી તો વિજ્ઞાન .. દૃષ્ટિ કરી. બીજી કોઈ ચીજ નથી. એને વિજ્ઞાનરસવાળા ભગવાનને અહીં ભગવાન કહે છે. આહા..હા..! ભગ-વાન. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ લક્ષ્મીનું વાન નામ જેનું સ્વરૂપ છે. ભગવાન. ભગ નામ લક્ષ્મીવાન છે. ભગનો અર્થ લક્ષ્મી થાય છે. એક અર્થ ભગના શબ્દમાં થાય છે. અહીં ભગવાન એટલે લક્ષ્મી, સ્વરૂપ લક્ષ્મી. વિજ્ઞાન એકરસ એવી સ્વરૂપ લક્ષ્મી એવો એ ભગવાન છે. કહો, આ પૈસાવાળા કહેવાય, ફલાણાવાળા કહેવાય, કરોડપતિ કહેવાય અને જીવપતિ કહેવાય એ તો બધા જડના પતિ છે. સમજાણું કાંઈ? એવા ભગવાનને શૂન્ય કહીએ કહે છે. આહા..હા..! એવો જે વિજ્ઞાનરસ ભગવાન દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં અનુભવમાં પ્રાપ્ત થયો એ અનુભવને ભગવાન કહીએ, એને પવિત્ર કહીએ. આહા..હા..! અહીં ભગવાનને પવિત્ર કહીએ પણ પર્યાયને ભગવાને પવિત્ર કીધી. મહિમાવાળી પર્યાયને એણે પવિત્ર કીધી છે. સમજાણું કાંઈ?

પુરાણ છે. એ ભગવાન જૂનો છે કહે છે. પુરાણ છે. જૂની ચીજ તો સડી જાય. ઈ અહીં વાત નથી. જૂનો છે. અનાદિ... અનાદિ... અનાદિ... ક્યાંય જેની આદિ નથી એવો પુરાણ પુરુષ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આ તો પહેલા લક્ષ્મીવાળો થાય. બાપ પાસે ન હોય અને થાય તો ગર્ભશ્રીમંત નથી. એવી વાત છે. આ એમ કહે છે. આ છોકરાઓ બધા એમાં આવ્યા છે તમારા? તમે ક્યાં હતા ગર્ભશ્રીમંત? એમ કહે પછી. .. ભાઈ! એ પેટમાં હતા ત્યાં સુધી એના બાપ પાસે પચ્ચીસ, પચાસ લાખ, દસ લાખ... અહીં તો કહે છે કે જૂનો પુરુષ મહા અનાદિ-અનંત એ લક્ષ્મીવાળો જૂનો છે. સમજાણું કાંઈ? એ કાંઈ નવો થાતો નથી. આહા..હા..!

પુરાણ છે, એ '**પુરુષ છે;...**' એને અમે પુરુષ કહીએ છીએ એમ કહે છે. (આત્મા)માં ન આવે અને રાગના વેદનમાં આવે એને નપુંસક-હીજડા કહીએ છીએ. રાગની રચના કરે એ વીર્યનું સ્વરૂપ નથી. એ તો નપુંસક છે. વ્યવહાર રાગની રચના કરે એ વીર્ય નહિ. પંડિતજી! એ વીર્યગુણ આવે છેને? સ્વરૂપની રચના કરે તે વીર. ૪૭ શક્તિ. રાગની રચના કરે તે વીર્ય નહિ. એ તો નપુંસક છે. આહા..હા..! જેની પ્રજા પવિત્ર પ્રગટ થાય એને વીર્યવાન કહીએ. એને .. જુઓ, પુરુષાર્થસિદ્ધિમાં આવે છેને ભાઈ! પુરુષાર્થસિદ્ધિમાં નહિ? પુરુષ પોતાની ચૈતન્યમાં રહે, આનંદ અને ચેતનાની સાથમાં રહે એને પુરુષ કહીએ. રાગ અને વિકારમાં રહે એને પુરુષ ન કહીએ. સમજાણું કાંઈ? એ પુરુષાર્થસિદ્ધિ. પુરુષ-પુરુષની વ્યાખ્યા કરી છેને? પુરુષ એટલે પુરુષ, પોતાના ચૈતન્યની સ્વભાવમાં પૂરે-એકાકાર થાય એને પુરુષ કહીએ. એ રાગમાં એકાકાર થાય એ પુરુષ નહિ. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ભગવાન આપ પાત્ર જીવ આવ્યા ત્યારે એવી વાત આવી.

ઉત્તર :- આહા..હા..! આ બોલ કહ્યો કાલે ત્યારે તમે નહોતા આવ્યા. ભગવાન પુરુષ, પુમાન. પુમાન છે ઈ. આહા..હા..! જેણે રાગ વિનાનો આત્મા ભગવાન દૃષ્ટિમાં લીધો અને આનંદના વેદનમાં જણાણો એને પુરુષ કહેવાય છે. કહો, ગોદિકાજી! આ બધા પૈસા ભેગા કરીને હુશિયાર થાય એ પુરુષ છે એમ ના પાડે છે અહીં. એય..! ..જી! આહા..હા..! જેનો પ્રયત્ન સ્વભાવની રચનામાં આવ્યો, જેને અનુભવના વેદનમાં આત્માને જાણ્યો એને પુરુષ કહીએ. આહા..હા..! એ સ્ત્રીનો આત્મા પણ અનુભવમાં આવે તો એને કહે છે પુરુષ કહીએ અમે. એય..! સ્ત્રી નહિ. નપુસંક હોયને. નારકીના જીવોને નપુંસક કહે છે. સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એ રાગના વેદનને છોડી જેને સ્વરૂપનું વેદન દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું એમાં એ આત્મા આવો છે એમ શોભ્યો એને અમે પુરુષ કહીએ છીએ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાખોની લડાઈમાં એકલો જીતે માટે વીર છે. ના. કોણે કહ્યું તને? જેણે આત્માને અંદરમાં રાગથી ભિન્ન પાડીને જેણે આત્મા રાગને જીત્યો એને જીત નગારા વાગ્યા અંદર. એને અમે પુરુષ કહીએ છીએ. આહા..હા..!

**'પુમાન્'** આ બધા નામ આપ્યા છે થોડા. એક તો વિજ્ઞાન એકરસ ભગવાન આત્મા એને પવિત્ર કહીએ, તેને પુરાણ-જૂનો કહીએ, તેને પુરુષ કહીએ, આ એને જ્ઞાન કહીએ. એને જ્ઞાન કહીએ. શાસ્ત્રના ભણતર-ફણતરના જ્ઞાન એ જ્ઞાન નહિ એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! જેણે સ્વસંવેદનમાં આત્માને લીધો, પોતાનું સ્વ, પોતાનું સમ્યક્ કર્તવ્ય વેદનનું કર્યું એને અમે જ્ઞાન કહીએ છીએ કહે છે. એને જ્ઞાન કહીએ છીએ. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! ભારે વાત! અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો હોય તો? મિથ્યાજ્ઞાન હતું. જ્ઞાન તો પર્યાયમાં સ્વનું થાય અને જેમાં અતીન્દ્રિય આનંદ વેદતું જ્ઞાન થાય એને જ્ઞાન કહીએ છીએ. જે જ્ઞાનમાં રાગનું વેદન અને આકુળતાનું વેદન એ આત્મા નહિ. એ તો અણાત્મા થઈ ગયો. આકુળતા એ આત્મા નથી. આત્મા તો આનંદસ્વરૂપ છે. એનાથી ઉલટો આકુળતાના વેદનમાં જાય તો શુભરાગ હોય. આહા..હા..! આકુળતાના વેદનવાળો જીવ આત્મા નહિ એ અણાત્મા છે. આહા..હા..! એને દર્શન કહો, એને દર્શન કહો. સમ્યગ્દર્શન. જેવું એનું પ્રશસ્ત સમ્યક્ સ્વરૂપ હતું એવું એને પ્રતીતમાં, શ્રદ્ધામાં, દેખવામાં આવ્યું. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે. અનુભવાય છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે. ટીકામાં છે. છેલ્લો શબ્દ ટીકાનો. તે વખતે જ એમ. આમ ભગવાન આત્મા આવો છે અને તેવો છે. ઈ એમ નહિ. (વિકલ્પમાં આવે તે નહિ) જ્યાં વેદનમાં આવે તે વખતે આત્મા શ્રદ્ધાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે? પંડિતજી! પાછળ. છેલ્લી ટીકા. છેલ્લી બે લીટી.

**'જ્યારે આત્મા અનુભવે છે...'** વિજ્ઞાનઘન **'અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ**

**સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...'** તે વખતે જ દેખાય છે અને શ્રદ્ધાય છે. એ આમ આવ્યા વિના દેખાય અને શ્રદ્ધાય એમ છે નહિ કહે છે. સમજાણું કાંઈ? '**દર્શન કહો તે આ (સમયસાર) જ છે;...'** સમજાણું કાંઈ? આ બધા અનુભવના નામ આપ્યા છે. જેવા નામ દ્રવ્યને લાગુ પડે એવા એના અનુભવને પણ લાગુ પડે છે. આહા..હા..! અરે..! '**વધારે શું કહીએ?' 'अथवा किम्'** આહા..હા..! '**यत् किग्चन अपि अयम् एक:' 'જે કાંઈ છે તે આ એક જ છે...'** એને પરમેશ્વર કહો, ઈશ્વર કહો, પૂર્ણાનંદ કહો, એને બ્રહ્મા કહો, વિષ્ણુ કહો. આ રીતે કહીએ હોં. લોકો બ્રહ્મા-વિષ્ણુ માને એ નહિ. કેમકે જેણે પોતાની (નિર્મળ) પર્યાયની ઉત્પત્તિ કરી એને બ્રહ્મા કહીએ. જેણે પોતાની પર્યાયમાં આખું આત્માનું રક્ષણ કર્યું કે આ આત્મા એને વિષ્ણુ કહીએ. અને જેણે પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં અજ્ઞાન અને રાગનો વ્યય કર્યો, હણ્યો એને શંકર કહીએ. સમજાણું કાંઈ? પણ આ હોં. ઓલા બ્રહ્મા-વિષ્ણુ નામ આપે એ નહિ. શાસ્ત્રમાં એમ આવે કે એને બ્રહ્મા, વિષ્ણુ બધા આવ્યા ઓલા. એની ક્યાં વાત છે આ? આ તો પૂર્ણાનંદ વિજ્ઞાનરસ ઘન વીતરાગ આત્મા, એનો અનુભવ થયો, એને અહીંયાં બ્રહ્મા કહીએ, વિષ્ણુ કહીએ, સુખનો આપનાર. શંકર એટલે સુખનો આપનાર. શંકર એનું નામ શંકર છેને? શંકર. શંકર સુખ આપે તે. આવે છેને ભક્તામ્બરમાં.

'**किग्चन अपि**' અરે..! જેને હજારો નામ લાગુ પડે છે કહે છે. આહા..હા..! એને શોભતા અને એને લાગુ પડતા હોય તે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે).'** ભાઈ! વસ્તુ તો એક છે. વિજ્ઞાન જેનો રસ એવો દૃષ્ટિમાં, વેદનમાં આવ્યો એને જે ઉપમા આપેવી હોય તે ઉપમા આપી. એને સિદ્ધ કહો તો આપી શકાય કહે છે. એ મુક્ત થઈ ગયો. કેમકે વસ્તુ મુક્તસ્વરૂપ છે એ અનુભવમાં આવ્યો એ મુક્ત છે. કેમકે સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં-રાગમાં વર્તન એને હોતું નથી. એનું વર્તન, વર્તવું, પરિણમવું વીતરાગી પર્યાયમાં હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૯૩ થઈ લ્યો. અનેક નામો લખ્યા છે. ઓલા ભગવાનના નામ આવે છેને ૧૦૦૮? ઈન્દ્રો ગાય છેને જ્યારે ભગવાન દીક્ષા લઈને. ૧૦૦૮. ગમે તે નામ પાડો ઈ આ બધા આને લાગુ પડે છે. એ પોતે એવો છે તેના અનુભવને લાગુ પડે છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૯૪

(शार्दूलविक्रीडित)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।९४।।

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :-

શ્લોકાર્થ :- [तोयवत्] જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકુ દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે [अयं] આ આત્મા [निज-ओधात् च्युतः] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો [भूरि-विकल्प-जाल-गहने दूरं भ्राम्यन्] પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને [दुरात् एव] દૂરથી જ [विवेक-निम्न-गमनात्] વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા [निज-ओधं बलात् नीतः] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; [तद्-एक-रसिनाम्] કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને [विज्ञान-एक-रसः आत्मा] જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા, [आत्मानम् आत्मनि एव आहरन्] આત્માને આત્મામાં જ ખેંચતો થકો (અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેચતું થકું પ્રવાહરૂપ થઈને), [सदा गतानुगतताम् आयाति] સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ માર્ગે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. ૯૪.

## કળશ-૯૪ ઉપર પ્રવચન

'આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે...' એ ૯૪.

(शार्दूलविक्रीडित)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौधाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौधं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।९४।।

પાણીનો દાખલો આપ્યો છે. '**तोयवत्**' છેને? એનો દાખલો છે. પાણી-પાણી. '**तोयवत्**' શબ્દ છેલ્લો એ પહેલો અહીં મૂક્યો છે. દૃષ્ટાંત એનો આપ્યો છેને. '**तोय**' નામ પાણી '**જેમ પાણી...**'નું પૂર નદીનું મીઠું પાણી ચાલ્યું જતું હોય આમ. એમાંથી '**ચ્યુત થયું થકું...**' થોડું કાંઈક ખાડો આમ ગયો એમાંથી પાણી આમ વયું ગયું. પ્રવાહ તો આમ ચાલતો છે. એમાં થોડું પાણી આ બે ચડી ગયું ઓલીકોર. '**ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય...**' ક્યાંય બાવળ અને એવા બધામાં ભમે એ પાણી. કારણ કે અહીંથી નીકળીને આમ આમ ખાડો જ્યાં ગયો ત્યાં ભમે. '**તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા...**' વળી એને પાછું ક્યાંક આમ ઢાળ મળી જાય. ઢાળ સમજ્યાને નીચાણ? વળી નદીમાં ભળી જાય. નદીમાં ભળી જાય ત્યાં.

'**તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી...**' એ પાણીનું વેગ જ પછી બળથી પાણીમાં ભળી જાય છે. '**બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું...**' લ્યો! એ પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું હતું. નદીમાં આમ ભળી ગયું બધું. '**પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે;...**' એ તો દૃષ્ટાંત થયું. '**તેવી રીતે...**' '**अयं**' '**આ આત્મા...**' '**निज–ओधात् च्युत:**' અરે..! '**निज–ओधात्**' ઓઘ-ઓઘ આમ ઢગલો. '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો...**' ઓહો..હો..! વિજ્ઞાન જેનો રસ છે એવું ચૈતન્ય ભગવાન, એમાંથી ચ્યુત થયો થકો.. પ્રવાહ રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપ તરફ ઢળી ગયો. એ પાણી બાવળ ને પીપળા ઉપર ચડેને પછી? ખાટું, મીઠું થઈ જાય પછી. .. આવ્યા કેમ નહિ? બહેન આવ્યા છે. આવ્યા છે? કોણ તમારે આ બહેન છેને. ગજાબેન આવ્યા? ઠીક, કહો, સમજાય છે કાંઈ?

કહે છે ભગવાન! જેમ પાણીના પૂરમાંથી થોડું પાણી બીજે રસ્તે ચડી જાય અને એમાં ઢાળ મળે તો પાછો પાણીના પ્રવાહમાં આવી જાય. એમ '**निज–ओधात् च्युत:**' આત્મા.

વિજ્ઞાન જેનો રસ વસ્તુનું તત્ત્વ આખું છે. એ પર્યાયમાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પમાં દોરાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! એ આડા રસ્તે વયુ ગયું. આહા..હા..! '**निज–ओघात्**' '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો...**' ચિદાનંદ ઘન ભગવાન ક્ષેત્ર નાનું હોય કે મોટું એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? એ વિજ્ઞાનઘન સ્વભાવ જ અનંત છે. પરમાણુ છેને એક પરમાણુ આટલો લ્યોને એક રજકણ. તોપણ એ રજકણનું એક પ્રદેશ-ક્ષેત્ર છે છતાં એની પર્યાય વિનાનું એક દ્રવ્ય જોઈએ એનું. તો એમાં અનંત રંગ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવ પડેલો છે. એક પરમાણુમાં અનંત રંગ, અનંત ગંધ, અનંત સ્પર્શ એવો ભરેલો અનંત શક્તિ, અનંત સ્વભાવ છે એનો. ક્ષેત્ર એક પ્રદેશ છે. ક્ષેત્રની વિશેષતા નથી. ભાવની વિશેષતા છે. જેટલા ગુણો આકાશમાં છે એટલા જ ગુણો એક પરમાણુમાં છે. ક્ષેત્ર તો એવડું મોટું અનંત... અનંત... અનંત... અનંત... મોટું આમ. અહીંયાં એમ કહેવું છે કે આવડા ક્ષેત્રમાં તને વિવિધતા નથી ભાસતી. અને એની ગંભીર ચીજ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશમાં અનંત... અનંત... અનંત... અનંત... ગંભીર શક્તિઓ પડી છે. એમાથી પર્યાયમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં ખેંચાઈ ગયો ત્યાં. અસ્થિર થઈ ગયો. આહા..હા..!

કહે છે '**निज–ओघात् च्युतः**' '**ચ્યુત થયો થકો...**' બસ એટલી જ વાત લીધી પહેલી. વિજ્ઞાનઘન અનંત... અનંત... અનંત... અનંત... શક્તિઓ અને એક-એક શક્તિનું અનંત સામર્થ્ય. એવો જે વિજ્ઞાનઘન ઢગલો પડ્યો છે. ઢગલો સમજો છો? એ કાઠિયાવાડી ભાષા ઢગલો. રૂનો ઢગલો હોય, ફલાણાનો, દાણાનો. આહા..હા..! એનો એક પર્યાયનો એક પ્રવાહ આવું દ્રવ્ય-ગુણ પૂર્ણાનંદ અને પૂર્ણ શક્તિ અપાર શક્તિ અને અપાર ગંભીર જેનો સ્વભાવ સામર્થ્ય. પણ એ નિજ ઓઘથી ખસી ગયો લાગે છે. એ પુણ્ય અને પાપના વિકલ્પના પ્રેમમાં ફસી ગયો છે. સમજાણું કાંઈ? જે એની જાત છે એને છોડીને વિભાવ જાતમાં ફસી ગયું જ્ઞાન. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે એમાં ઓઘથી ચ્યુત થઈને ત્યાં ચાલી ગયું છે જ્ઞાન. આહા..હા..! એની પર્યાયની સાથે હોં. ગુણ તો ગુણ છે. એક સમયનો પ્રવાહ રાગમાં ગયો, પુણ્યમાં ગયો, પાપમાં પ્રવાહ ગયો.

કહે છે એ '**ચ્યુત થયો થકો...**' હવે. '**भूरि–विकल्प–जाल–गहने दूरं भ्राम्यन्**' ઓહો..હો..! '**પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો...**' પોતાના જ્ઞાનઘનથી ભિન્ન આઘે-આઘે રાગ ને દ્વેષ ને વિકલ્પને એ વિભાવની પરિણતિમાં પરિણમતો હતો. '**भूरि**' એટલે '**પ્રચુર વિકલ્પજાળ...**' '**गहने**' '**ગહન વનમાં...**' '**ગહન વનમાં દૂર ભમતો હતો...**' કયું ગહન વન? વિકલ્પજાળ. ઓલું પાણી બહાર વનમાં ફરતું હતું. આ વિકલ્પજાળરૂપી ગહન વન. આહા..હા..! તેને '**दुरात् एव**' '**દૂરથી જ...**' એટલે એ જ્ઞાનની પર્યાય રાગમાં ન

જાય ત્યાં પાછી વાળી કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે આ. 'दुरात् एव' તે રાગમાં ન જાય. પર્યાય રાગમાં ન જાય ત્યાં પર્યાયને આમ વાળી લીધી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો. રાગ માર્ગ છેને? ચૈતન્યનો રાગનો માર્ગ છે (હતો). આમ જે હતો એને આમ વાળ્યો. જ્યાં વિજ્ઞાનઘન પડ્યો છે ત્યાં પર્યાયને વાળી. એણે પર્યાયને દ્રવ્યમાં મેળવી. જે પર્યાય રાગમાં મળી જતી હતી એ પર્યાયને દ્રવ્યમાં મેળવી. મેળવી એટલે? અભેદ કરી. અભેદ કરી એટલે? એ તરફ ઢળી. કાંઈ દ્રવ્ય અને પર્યાય બે એક થઈ જતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'निज–ओधं बलात् नीतः'** લ્યો! **'પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો;...'** **'વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...'** જોયું? **'विवेक–निम्न'** **'निम्न'**નો અર્થ ગંભીર પણ કર્યો છે કળશટીકામાં. ઓલામાં. અધ્યાત્મમાં (પરમ અધ્યાત્મતરંગિણી). વિવેકરૂપી ગંભીર ઢાળવાળો માર્ગ. જેમ ઓલું પાણી થઈને આમ-આમ ઢળીને નદીમાં જાતું હતું. એમ રાગમાં ન જતા જ્ઞાનને પાછું વાળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તમે વકીલ છો મોટાને. એલ.એલ.બી. એને પુસ્તક નહોતું આપ્યું? ... આહા..હા..! કહે છે ભગવાન વિજ્ઞાન રસઘન પ્રભુ, એ નિજ ઓઘસમૂહથી ખસ્યો હતો. એ ખસતા-ખસતા ગહન વનમાં વિકલ્પની જાળમાં. પરમાં તો ગયો નથી કહે છે. ફક્ત વિકલ્પની જાળમાં ગયો હતો. શરીરમાં, કર્મમાં, જડમાં તો ગયો નથી. ક્યાં જાય? ત્યાં ક્યાં જાતો હતો? એને વિકલ્પની જાળમાં ઘૂંચાઈ ગયો. આહા..હા..! એને વિવેકરૂપી ગંભીર માર્ગમાં વાળતા. આહા..હા..! પરથી ભિન્ન પાડવાનો જે વિવેક. એવો ગંભીર. વર્તમાન દશાને અંતરમાં વાળતા. પણ ઈ દશા આમ છેને વાળો એ ભેદ થઈ જાય છે. પણ સમજાવામાં તો કઈ શૈલી આવે? સમજાણું કાંઈ?

એ આમ જતાં આમ દૃષ્ટિ કરી દ્રવ્ય ઉપર. વિવેકરૂપી ગંભીર માર્ગમાં આવ્યો. આહા..હા..! જુઓ, આ એક સમ્યગ્દર્શન પામવાની રીત. આહા..હા..! ધર્મની પહેલી શરૂઆત. દુઃખથી મુક્ત થવાના પહેલા ભણકાર. એની શરૂઆત અહીંથી થાય છે. જે વર્તમાન જ્ઞાનની રાગમાં આમ જાતી વિકલ્પમાં એને વિવેક કરીને ભિન્ન પાડીને અંતરમાં વાળી. શબ્દમાં વાત કરવી અનુભૂતિની તો કાંઈ. વચનાતીત વસ્તુ છે એને વચનથી કહી છે. આહા..હા..! કહે છે કે ધર્મ પામનાર જીવ પોતે તો નિજ ઓઘ સ્વરૂપ છે પોતાના આનંદ આદિના સમૂહ સ્વરૂપ જ પ્રભુ છે. એમાંથી ખસીને આમ ગયો એને આમ વાળ્યો છે પાછો. 'दुरात्' એટલે ગયો નહિ ત્યાં વાળ્યો એમ. સમજાણું કાંઈ? એટલે કે રાગમાં ગયો છે અને હવે વાળું એમ નહિ કહે છે ભાઈ! રાગમાં ગયો જ નથી. 'दुरात्' કારણ કે રાગમાં ગયો ત્યારે એ પર્યાય ભિન્ન હતી. હવે આ તો નવી થઈ. નવી પર્યાય તો 'दुरात्' સમજાણું કાંઈ? રાગથી ભિન્ન પડેલી પર્યાય છે. આહા..હા..! આવી ધર્મ કથા બધી છે. ઓલા સંસારના બધા ચકરાવામાં

પડ્યો હોય એમાં આ વાત શું? માને કે અમે જૈન ધર્મી છીએ. જૈનધર્મી છીએ અને જૈન છીએ. અરે..! સાંભળતો ખરો હવે. જૈન કોને કહેવો એની ખબર નથી તને. એ વિકલ્પ ઉઠે એ નયનો પક્ષ એ વિકલ્પ શુભ છે. શુભ છે એ. હું શુભ છું કે શુભ નથી કે એક છું એ બધો વિકલ્પ શુભ છે. રાગની મંદતાનો ભાવ છે એ. એમાં જે જતો એને પાછો વાળ્યો કહે છે.

મુમુક્ષુ :- ઓલો પુણ્ય કરતો હતો એમાંથી પાછો વાળ્યો?

ઉત્તર :- હા, એ પુણ્યમાં ગયો હતો એ નહિ, પણ પુણ્યમાં ગયો હતો એને પછી પુણ્યમાં જવા ન દીધો એમ એનો અર્થ. 'दुरात्' એ 'दुरात्'ની વ્યાખ્યા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આચાર્યોના ઉંડા ગંભીર શબ્દો છે. ગંભીર શબ્દો છે. એ રાગને સ્પર્શે નહિ ત્યાં આત્માને સ્પર્શ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! આવું માંડ સમજવામાં કઠણ પડે એટલે પછી બિચારા વયા ગયા બધા. વ્રત કરો ને તપ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો. જાવ ધર્મ થશે. ધૂળેય નહિ થાય મરી જાને તું. સાંભળને. એ તો બધા વિકલ્પો છે. આહા..હા..!

કહે છે એ વિકલ્પ જાળની ગહન વનમાં ભમતો. એની પર્યાય આમ. એને દૂરથી પાછો વાળ. એમાં જવા જ ન દીધો. આમ જવા ન દીધો એટલે અહીં જવાનું કર્યું છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત કરે છે પણ.

**'વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...'** અથવા ઢાળ ઓલો **'निम्न'**નો અર્થ કર્યો છે. વિવેકરૂપી ગંભીર માર્ગ દ્વારા. **'निम्न'**નો અર્થ ગંભીર કર્યો છે પરમ અધ્યાત્મતરંગિણીમાં. **'निज–ओधं बलात्' 'निज–ओधं'** એટલે પોતે પહેલું કીધું હતુંને **'ओधात् च्युतः'** પહેલા એમ કહ્યું હતું. **'निज–ओधात् च्युतः'** અહીં **'निज–ओधं बलात्'** પોતાના નિજ ઓઘ દરિયો ભગવાન વીતરાગ આનંદકંદ છે ત્યાં **'बलात्'** લાવ્યો છે. પુરુષાર્થથી લાવ્યો એમ કહે છે. આહા..હા..! **'निज–ओधं बलात्' 'नीतः' 'नीतः'**. પરિણમ્યો. નમી ગયો, પરિણમી ગયો ત્યાં કહે છે. આહા..હા..! પોતાના વિજ્ઞાનઘન સ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો. **'नीतः'** છેને **'नीतः'** ? આમ વાળ્યો, પરિણમ્યો એમ. બધા શબ્દો પણ અજાણ્યા છે અહીંયાં. પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... લઈ જાવું. પરિણમનમાં લઈ જવું. આહા..હા..! વાળ્યું નહિ બસ. **'निज–ओधं बलात् नीतः'** આહા..હા..! ભગવાન આત્મા એ પુણ્યના વિકલ્પમાં, પુણ્યના વિકલ્પમાં. નયપક્ષ છેને એ તો પુણ્ય વિકલ્પ છે. એમાં જતો હતો એને પાછો વાળ્યો કહે છે. દૂરથી પાછો વાળ્યો. એટલે ગયો છે અને વાળ્યો એમ નહિ. એમાં જવા દીધો નહિ. આહા..હા..! કહો, આહા..હા..! **'तद्–एक–रसिनाम्' 'કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને...'**

આહા..હા..! જેને કેવળ વિજ્ઞાનનો રસીલો જીવ છે. આહા..હા..! સમજાણું? જે રાગનો રસીલો હતો પુણ્યના વિકલ્પનો રસીક. એ તો ભ્રમણાનો (રસીક) ભગવાનને ભૂલીને રાગનો રસીલો હતો. આ રાગને ભૂલીને વિજ્ઞાનરસમાં રસીલો થયો. આહા..હા..! આ સમ્યગ્દર્શન પામવાની આ રીત છે. બીજી કોઈ રીત કહેતા હોય તો ગપેગપ માર્યા છે બધાએ. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો ચોથું ગુણસ્થાન એને આવી દશાવંતને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ પમાય છે. વ્યપદેશ છેને? એના બધા કળશો છેને આ? આહા..હા..! '**तद्-एक-रसिनाम्**' જેને આત્માના આનંદનો એક રસીલો એવો જીવ. જેને રાગનું રસીકપણું છૂટી ગયું છે. રાગથી વિરક્ત થયો છે અને આત્મામાં રત થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પથી વિરક્ત છે, સ્વભાવથી રક્ત છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! કહો, હવે કોણ દે એવું છે? એ કહેતા હતા.. આહા..હા..!

એ સામાને જોઈને એને માનું એવો વિકલ્પ પણ દઈ શકે નહિ કહે છે. ભગવાન આ છે એ તો દઈ શકે નહિ, પણ ભગવાન સામું શ્રદ્ધાનો રાગ ઉઠ્યો એ રાગ પણ દઈ શકે નહિ. પરદ્રવ્ય આશ્રિત તો વિકલ્પ ઉઠે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' પર શબ્દે ત્રણ લોકના નાથ હોય, કુંદકુંદાચાર્ય જેવા સંત હોય એના ઉપર લક્ષ જતા રાગ છે, દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ એકલા નિશ્ચય વિજ્ઞાનઘનનો રસીલો પુરુષ '**જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...**' એના રસીલાને વિજ્ઞાનરસ જ અનુભવાય છે. આ એને અહીંયાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૭, મંગળવાર, તા. ૨૬-૧૨-૧૯૭૨**
**કળશ-૯૪-૯૫, પ્રવચન-૨૬૪**

૯૪મો કળશ વાત ચાલે છેને? એમાં દૃષ્ટાંત આપ્યો પહેલો કે નદીનું પાણીનું પૂર ચાલતું હોય એમાંથી કોઈ ઢાળ માર્ગે પાણીનો એક ભાગ ચાલ્યો જાય તો વનમાં ફરતું... ફરતું...

ફરતું... અનેક .. ઝાડે ચડે, પણ એમાંથી પાછી એ પાણીને વખત મળી જાય ઢાળવાળો માર્ગ. જે પૂરમાં પાણી તેમાં વળી પાણી ભળી જાય. પાણીમાંથી જુદું પડેલો પાણીનો રેલો એ વનમાં ભટકતું-ભટકતું વળી પાછા ઢાળમાં આવ્યો તો નદીના પૂરમાં ભળી જાય. એમ. આ તો દૃષ્ટાંત થયો. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી સ્વરૂપ આત્મા છે આ તો. એ જ્ઞાનસ્વભાવમાંથી રાગ અને પુણ્યના વિકલ્પથી ચ્યુત થઈ ગયો. મિથ્યાત્વને માર્ગે સ્વભાવથી ભ્રષ્ટ થયો છે. એટલે? કે જ્ઞાનાનંદ. કર્તાકર્મ અધિકાર છેને? તો જ્ઞાનાનંદ સ્વભાવ આત્માનો છે. ઓલું કાંઈક ગાય છેને? ક્યાંક. જ્ઞાનાનંદ સ્વભાવી.

તો આત્મા વસ્તુ છે એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપી વસ્તુ છે, પણ અનાદિથી પુણ્ય અને પાપના રાગભાવથી, ભાવની રુચિ કરીને એ આત્માના સ્વભાવથી ચ્યુત થયો છે પોતે. આહા..હા..! જે અંદર રાગાદિ આવે પુણ્ય-પાપનો એ મારા છે, હું એનો છું. એમ માનીને પોતાના આનંદ જ્ઞાનસ્વભાવથી ભ્રષ્ટ થયો છે.

મુમુક્ષુ :- શું માનીને?

ઉત્તર :- આ મારા છે. શુભ અને અશુભ રાગ થાય લાગણી એની ક્યાં ખબર છે માણસને. ધર્મ શું છે. આ તો બહારથી હાંક્યા ગાડા. એય..! જયચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- એને શોભતું..

ઉત્તર :- એને કાંઈ ખબર ક્યાં છે? સંપ્રદાયમાં તો એ વાત જ ક્યાં છે? સત્યની વાત જ નથી. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી. આત્મા જેમ અવિનાશી વસ્તુ છે એમ એના જ્ઞાન, આનંદ આદિ અવિનાશી સ્વભાવ છે. વસ્તુ પોતે અવિનાશી છે, આત્મા તત્ત્વ. એમ એના જ્ઞાન આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એ બધા ગુણો, સ્વભાવો અવિનાશી છે. પણ અનાદિની અવિનાશીની દૃષ્ટિથી એ ભ્રષ્ટ છે. એ દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ પુણ્ય અને પાપના બાહ્ય શરીર મારા, પૈસા મારા એમ માને તો તો બહુ મૂઢ છે. કેમકે એ તો પરચીજ છે. એમાં પરદ્રવ્ય તારી ચીજ ક્યાંથી આવી?

મુમુક્ષુ :- અમે મહેનત કરેલી...

ઉત્તર :- ધૂળેય મહેનત કરી નથી. કોણ મહેનત કરતો હતો?

મુમુક્ષુ :- એ તો પોપટભાઈ...

ઉત્તર :- પોપટભાઈ એના કરતા બુદ્ધિવાળા ઘણા આવે છે પોપટભાઈ કરતા. એ કેમ નથી રળતા?

મુમુક્ષુ :- એ તો પોપટભાઈનું પોપટભાઈ જાણે.

ઉત્તર :- ના, ના. એ તો પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હોય એ ગળવા કાળે એ સંયોગ લક્ષ્મી દેખાય. દેખાય છેને. એ ક્યાં ગરી ગઈ છે આત્મામાં?

મુમુક્ષુ :- આત્મામાં ન ગરે, પણ આત્માની તિજોરીમાં તો ગરી જાયને.

ઉત્તર :- તિજોરી ક્યાં એના બાપની હતી? એ તો જડની છે. કહો, શેઠ! કહો, આ બધા રહ્યા ૫૦-૫૦, ૬૦-૬૦ લાખવાળા. છે તમારી પાસે બીજું? કાંઈક છેને. આહા..હા..! પૈસા જડ સ્વભાવ છે અને ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવ છે. આ બે સ્વભાવ. હવે એ જ્ઞાન અને આનંદ સ્વભાવવાળો પદાર્થ જે જડ સ્વભાવી ચીજ છે એને પોતાના માને એ તો મહામિથ્યાત્વ ભ્રષ્ટ છે. સ્વરૂપથી ભ્રષ્ટ છે.

મુમુક્ષુ :- એ તો કોકના પૈસા હોય તો...

ઉત્તર :- પૈસા કોના હતા? એ તો જડના છે. કોકના કોના હતા? લોક મૂઢ માને તો કાંઈ એના થઈ જાય? શરીર છે લ્યોને. આ શરીર અજીવ થઈને રહ્યું છે કે શરીર જીવની કોઈ દશા થઈને રહ્યું છે આ?

મુમુક્ષુ :- જીવિત શરીર તો છેને?

ઉત્તર :- ઈ તમારા પંડિતમાં ફેર હશે. પંડિત ઠીક યાદ કર્યું, જીવિત શરીરથી ધર્મ ક્રિયા.. આવા ને આવા પ્રશ્ન. અમારે .. આવા મૂક્યા પંડિતો જૈનમાં? આવા પ્રશ્ન કેવા? ખાનીયા તત્ત્વચર્ચામાં આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એણે જોયું અને એમ છે. કે આ શરીર તો જડ થઈને રહ્યું છે. આત્માનું થઈને રહ્યું છે? આત્માનું થઈને રહે તો આત્મા અરૂપી છે એ તો અરૂપી થઈ જાય. લક્ષ્મી છે એ જડ થઈને રહી છે. પુદ્‌ગલની થઈને રહી છે. આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ લખ્યું છે વ્યવહારે.

ઉત્તર :- ના, ના. વ્યવહારે બોલાયે છે એમ કહ્યું છે એણે. બોલાય છે એમ માની લે છે તે મૂઢ છે. પોપટભાઈ! કાંઈ ખબર ન મળે. માણસમાં જન્મ્યા, જૈનમાં જન્મ્યા, પણ જૈન શું કહે છે એની ખબર ન મળે. મજુરની પેઠે આખો દિ'. એય..! ધીરૂભાઈ! મોટા મજુર મારા. ઓલા મજુર તો આઠ કલાક કામ કરે હોં. હા, નાનાલાલભાઈ કહેતા હતા ભાઈ! કે ૧૮ કલાક કામ કરે. ત્યારે આ બે પૈસા ભેગા થયા છે.

મુમુક્ષુ :- બે પુળા ભેગા થયા. રૂપિયા ભેગા થયા એમ ન કહે.

ઉત્તર :- બે પુળા ભેગા થયા છે. નાનાલાલભાઈ એમ કહેતા. કરોડપતિ છેને. પહેલા છ મહિના ઘરના રોટલા ખાધા હતા. એમાં પછી ૨૫ના પગારે નોકર રહ્યા હતા. ૧૮-૧૮ કલાક કામ કરતા. છ કલાક સુઈ રહે ત્યાં પૈસા બે પુળા ભેગા થયા છે એમ કહેતા. પુળા સમજ્યા. ખડના પુળા હોય છેને?

મુમુક્ષુ :- એ તો કહે મારી પાસે પૈસા કુલ કેટલા...

ઉત્તર :- ખડના પુળા ભેગા થયા છે એવું કહેતા. નાનાલાલ કાળીદાસ રાજકોટ કરોડપતિ.

ધૂળેય નથી તારો પૈસો ધૂળ માટી છે આ તો. એ અહીં તો બીજી વાત કરે છે કે એ ચીજ તો દૂર રહી, પણ નજીકમાં અંદરમાં હું એક શુદ્ધ આનંદઘન આત્મા છું, પરમેશ્વર છું, ઈશ્વર છું. એવો જે વિકલ્પ ઉઠે છે રાગ. એ રાગને પોતાનો માનીને ત્યાં રહે છે એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો છે. કહો, બાબુભાઈ! આ બધું આખું દેખાય જગત. આહા..હા..!

અહીં કહે છે એ જેમ પાણી એના સ્વભાવથી અથવા એની ગતિથી એમાં જે જાતું હતું એ બીજે આમ આડું વયું ગયું થોડું. એ પછી વળી ભળી ગયું. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી સૂર્ય ચૈતન્ય છે અનાદિનો. એનું ભાન નહિ અને એમાંથી રાગ અને પુણ્યના વિકલ્પને રાગ એમાં ગયું એટલે એને પોતાનું માન્યું. કર્તાકર્મ છેને? એ રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા. એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈને છે. બહારના કામ હું કરું કર્તા એની તો અહીં વાત છે જ નહિ. કારણ કે એ તો કરી શકતો નથી. અને આ મિથ્યા શ્રદ્ધા એ કરી શકે છે. મિથ્યાશ્રદ્ધા કરે છે. બહારનું તે કરી શકતો જ નથી આ. શરીરનું, વાણીનું, રળવું, પૈસા વાપરવા, પૈસા રાખવા એ તો આત્મા કરી શકતો નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો અંદરમાં વિકલ્પના ચક્રે ચડેલો સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, '**निज-ओघं बलात्**' ઈ ભ્રષ્ટ થયેલો પાછો ફર્યો હવે કહે છે. '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો;...**' આહા..હા..! એ રાગના વલણમાં, વૃત્તિના વેગમાં ગયો અનાદિથી ભ્રષ્ટ છે. નિગોદમાં બટાટામાં, શક્કરકંદમાં હતો ત્યારે પણ ભ્રષ્ટ જ હતો અને માણસ થયો, અરે..! સાધુ થયો બહાર ત્યાગી. તોપણ એને જે મહાવ્રતના પરિણામ રાગ છે એ મારા અને એનો હું એ સ્વરૂપથી ભ્રષ્ટ છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે ઈ. સમજાણું કાંઈ? એને અહીં કહે છે '**निज-ओघं बलात् नीतः**' પોતાના જ્ઞાનની પર્યાય આમ જાતી હતી એને આમ વાળી. લ્યો આ માર્ગ. એ '**तद्-एक-रसिनाम्**' '**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને...**' અજ્ઞાનમાં રાગનો રસીક હતો. પુણ્ય-પાપનો કોઈપણ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિકલ્પ એ રાગ છે. અજ્ઞાની રાગનો રસીલો હતો તો એને રાગનો રસ અને રાગમાં સુખ મનાતું. વિકારી દુઃખ છે એનો રસ ચડી ગયેલો છે. જ્ઞાની અરે..! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપી છું. મારામાં રાગ પણ નથી, શરીર નથી, કાંઈ નથી. એમ સમ્યગ્દર્શનના કાળમાં સ્વરૂપના રસીલા પુરુષોને આત્માના આનંદનો રસ આવે છે કહે છે. સમજાણું કાંઈ? અરે..! ભારે આવો ધર્મ! '**तद्-एक-रसिनाम्**' એમ છેને? '**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા...**' એમ. આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ છે. એકલો જ્ઞાનઘન, આનંદકંદ છે. એવી અંતરમાં જ્યાં દૃષ્ટિ થઈ એ રાગના એકત્વથી ખસીને સ્વભાવમાં એકત્વ થયો એવા જ્ઞાની એક

વિજ્ઞાનઘનનો રસીલો પુરુષ છે ઈ. આહા..હા..! જુઓ આ તો હજી સમકિતની વાત ચાલે છે આ. આહા..હા..! વિજ્ઞાનઘન સ્વભાવ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય એનો જેને એક જ રસ છે. રાગનો રસ છૂટી ગયો અંદરથી. સમજાણું કાંઈ? રસની વ્યાખ્યા નથી આવતી? (૩૮મી ગાથા અધિકારના અંતમાં) આવે છેને. જ્ઞાન એકમાં જ્ઞેયમાં લીન થાય, બીજા વિચાર ન આવે એને રસ કહેવામાં આવે છે. ગાથામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનના રસીલામાં ગયો. એક જ જ્ઞેય જ્યાં દૃષ્ટિમાં આવ્યું. એને જ્ઞાનનો જ રસ અનુભવાય છે અને રાગ અને પુણ્યના ભાવમાં એકાકાર થાય એને વિકારનો રસ અનુભવમાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- સમજાતું નથી? અરે..! આમ તો કહી ગયા છે કે વસ્તુ છે કે નહિ અંદર આત્મા?

મુમુક્ષુ :- એકવાર ઈ બતાવો તો ખરા.

ઉત્તર :- કોણ જોવે? જે ભૂલ્યો એ ભૂલ ટાળે કે બીજો એને ભૂલ ટળાવે? એ જ્યાં ભૂલ્યો છે ત્યાં ભૂલ ટાળે. અનાદિથી-અનાદિથી એ તો રાગના વિકલ્પની જાળમાં ફસાઈ ગયો છે. આહા..હા..! સાધુ થયો અનંતવાર. બાયડી, છોકરા, દુકાન છોડીને, પણ ઓલા રાગના ભાવને એકત્વ માનીને પડ્યો છે. મુઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એ. ચાર ગતિના રઝળવામાં રખડવામાં રસીક છે ઈ. સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘનના...**' એકનો અર્થ કેવળ. કેવળ કર્યો છે. '**तद्-एक-रसिनाम्**' ખરેખર તો એમ છે. એક વિજ્ઞાનઘનનો રસીલો છે બસ. અજ્ઞાન અનાદિથી પુણ્ય અને પાપના રાગનો રસીલો છે અને ઈ એને વેદે છે. અજ્ઞાની પણ કોઈ આ શરીરને ભોગવે. આ તો માટી, જડ છે. સ્ત્રીના શરીરને કોઈ ભોગવે કે પુરુષના શરીરને સ્ત્રી ભોગવે એમ ત્રણ કાળમાં બને નહિ. જડને શું? આ તો માટી છે. પણ એમાં જે રાગ થાય એ રાગને ભોગવે અજ્ઞાની. તો કહે છે કે અજ્ઞાની સ્વરૂપથી ભ્રષ્ટ થયેલો રાગના કર્મને કરતો, રાગના ભાવને કરતો એને વિકારીનો રસ ચડી ગયો છે એનામાં. દારૂ પીધો એણે. મિથ્યાત્વના દારૂ પીધા. આહા..હા..!

એ વિજ્ઞાન એક રસ આત્મા. '**જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...**' ધર્મીને ધર્મ કરનારને, ધર્મી, સમકિતીને સુખના પંથે પડ્યા જીવને દુઃખના નાશના અભાવની ગતિ જેણે કરી છે એવા એક રસીક, '**विज्ञान-एक-रसः आत्मा**' વિજ્ઞાનઘન એક આત્મા રસ છે એવો એને અનુભવ આવે છે, એવો અનુભવાય છે. આહા..હા..! ઓલો રાગ અનુભવાય છે. ગોદિકાજી! ઓલા પન્નામાં ત્યાં જઈને બે-ચાર લાખ લઈ આવે ત્યાં રાગ અનુભવાય છે. એ પન્ના નહિ. રાગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું શું? વિકલ્પ ઉઠાવે ... અને ધર્મી એ રાગની રુચિનો રસ છોડી દીધો છે એણે. જેને એક વિજ્ઞાનઘન આત્મા તેનો રસ જેને ચડ્યો છે. એવો અનુભવાય છે. આહા..હા..! **'એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...'** જુઓ, ઓલો રાગવાળો નહિ પાછો એમ ભાઈ! થોડું રાગનું અને થોડું આ એમ પણ નહિ. સાધક છે માટે થોડો બાધકનો અનુભવ છે એમ પણ નથી. એ તો જ્ઞેય થઈ ગયું. આહા..હા..! આ તો જેને સંસાર જન્મ-મરણના ચોર્યાસીના આંટા ગાળવા હોય એની વાત છે. વાતું કરવી હોય આમાં આમ છે ને તેમ છે ધૂળમાં (એની વાત નથી). હવે મરી ગયો મોટો થઈને. રાજા અનંતવાર થયો અબજોપતિ. દુઃખી હતો બિચારો. આ બધા શેઠિયા દુઃખી છે હોં એ બધા. દુઃખના ડુંગરે માથા ફોડે છે એ બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા તો ન નાખે પચાસ લાખ તો શું દસ લાખ તો આપે. ક્યાં ગયા એય..! આ તો ધર્માદે આપવા પુણ્યનું કારણ. પુણ્ય રાગની મંદતા કરે તો પુણ્ય થાય. પૈસે-બૈસે ધર્મ થાય. ધર્મ થાય માટે એને રાગની મંદતાથી પુણ્ય થાય એમ ન થાય? પાપ કરે છે એ કરતા તો શુભભાવ થાય એને. છે તો બેય બંધના કારણ.

મુમુક્ષુ :- ભેદ પાડવો નહિ એમ કુંદકુંદાચાર્ય કહે છે.

ઉત્તર :- એ તો કહ્યું, પણ પહેલા ..અંદર તીવ્ર પાપ કરતા મંદ પાપ પુણ્ય એ આના કરતા તો ઠીક કહેવાયને? ધર્મની અપેક્ષા નહિ. શ્રાવકનું કર્તવ્ય આવે છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો જ્ઞાનીને આવે છે. અજ્ઞાનીને ક્યાં?

ઉત્તર :- પણ આવે છે તો અજ્ઞાનીને પણ શુભભાવ આવેને. રાગ મંદ કરીને શુભભાવ. ધર્મ નહિ. પણ એ શુભરાગની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વ છે એમ અહીં તો સિદ્ધ કરવું છે. આકરું કામ ભારે! આ પૈસે નહિ થતું હોય? આ પૈસા ક્યાં એના હતા તો કરે એ તો જડના છે.

**'એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...'** આમ ભાષા શું લેવી છે? કે અજ્ઞાનીને એક રાગ અને વિકાર અનુભવાય છે. ત્યારે ધર્મીને એક વિજ્ઞાનઘન વેદાય છે. સમજાણું કાંઈ? અરેરે..! ભારે..! આકરો આવો ધર્મ! ઓલું તો કહે દયા પાળો, વ્રત પાળો, ક્રિયા કરો, ભક્તિ કરો, જાવ ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને હવે. તારી દયા-બયા શી ખબર પડે? પરની દયા પાળે કોણ? એ તો જડની પર્યાય છે જડમાં. તને ભાવ થયો ઈ શુભરાગ પુણ્ય છે. એમાં એકત્વ થવું એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! **'એવો તે આત્મા,...'** શું કીધું? **'એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...'** એમ આત્મા. કારણ કે રાગવાળો

તો છે નહિ. રાગથી જે ભ્રષ્ટ થયો હતો એ આમ જ્યાં આવ્યો તો આત્મામાં તો રાગ છે નહિ. **'એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...'** આહા..હા..! શાંત આનંદસ્વરૂપ ભગવાન પરમેશ્વર તીર્થંકરે કહ્યો એ હોં. એવો ધર્મીને રાગની એકતા તૂટતાં સ્વભાવની એકતા થતાં એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે. પણ વિજ્ઞાનરસવાળો જ હતો એમ. એ કાંઈ રાગવાળો હતો નહિ. આહા..હા..! કેટલું કહ્યું!

પછી એ આત્મા **'आत्मानम् आत्मनि एव आहरन्'** **'આત્માને...'** વિજ્ઞાનઘન રસવાળો **'આત્માને આત્મામાં જ...'** વિજ્ઞાનઘનમાં **'ખેંચતો થકો...'** આત્મા વિજ્ઞાનઘન, એને આત્મા વિજ્ઞાનઘનની જે નિર્મળ પર્યાય એમાં એકાગ્ર થાય છે એમ કહે છે. રાગમાં ન જતા સ્વભાવમાં એકાકાર થાય છે. આવી વાત છે બહુ ઝીણી. આહા..હા..! **'(અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને),...'** એટલે પરિણમે છે. પ્રવાહરૂપને.. પ્રવાહરૂપ થઈને. પ્રવાહ ઓલું પાણી પ્રવાહરૂપ થઈને ભળી ગયુંને નદીમાં? એમ જ્ઞાનની પરિણતિ થઈને જ્ઞાનમાં ભળી ગઈ. રાગની પરિણતિ અવસ્થા હતી એ તો દૂર પડી જાતી હતી.

મુમુક્ષુ :- ઓલી પર્યાય દ્રવ્યમાં ભળી ક્યાંથી જતી હતી એ તો અનાદિથી છે.

ઉત્તર :- એય..! જવાહરલાલજી! આહા..હા..! ઈ પર્યાય એમાં વળી એ એમાં ભળી એમ કહેવામાં આવે છે. ભગવાન વિજ્ઞાનઘન સ્વભાવમાં વર્તમાન પર્યાય વળી એને ભળી એમ કહેવામાં આવે છે. ભારે આકરું કામ.

**'સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.'** એ જ્ઞાનની પર્યાયમાં આમ જે અવસ્થા વર્તમાન એ રાગમાં જે ખેંચાતી હતી એ પર્યાય હવે આત્મામાં ખેંચાણી કહે છે. આહા..હા..! આવો ધર્મ ભારે આકરો. એને સાંભળવા મળે નહિ. સાંભળવા મળે નહિ તો સમજે શેનો બિચારો? કોઈ દિ' સાંભળ્યો ન હોય. આહા..હા..! બાપુ! સર્વજ્ઞના માર્ગ વીતરાગનો માર્ગ કોઈ જુદી જાત છે એમ. દુનિયાએ બીજો માન્યો છે એ જૈનપણું નથી. જૈનપણું તો આ છે. રાગમાં ધર્મ મનાવે એ જૈન નથી. એ પરમેશ્વરની આજ્ઞાની બહાર છે. રાગનું કાર્ય થાય એને ધર્મ માને જૈન નહિ. પરમેશ્વર ત્રિલોકનાથની આજ્ઞાની બહાર છે. આહા..હા..! ... પુણ્ય મનાવે છે અને પુણ્યને ધર્મ માને તો મિથ્યાત્વ થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર માનતા જ નથી.

મુમુક્ષુ :- નિશ્ચય છે એમ માનતા જ નથી.

ઉત્તર :- હા એમ કહે. ઓલું શું કહેવાય? ફતેહપુર. ત્યાં એ. એ બાબુભાઈના સામે વિરોધી આહા..હા..! ખુબ લખ્યું છે. અહીંનું જ છે બધું. કોલ્હાપુરનું લખ્યું છે અને બધું લખ્યું. કોલ્હાપુરમાં હારી ગયા બિચારા મારા. મફતનો ઉંધો સંસાર. ખુબ લખ્યું. ... બધા ખુલાસા કરી નાખ્યા. મોતીચંદ ફલ્ટનવાળા. બધા ખુલાસા કરીને આપ્યા. નિમિત્તના, વ્યવહારના. અરે..! ભગવાન! બાપુ! આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે કે ભાઈ! તું ધીરો થા ભાઈ! ધીરો થા. એ દયા, દાન, વ્રતના પરિણામ રાગ છે. તને ખબર નથી. એ વૃત્તિ ઉઠે છે એ રાગ છે. એથી તો આગળ જઈને અહીંયાં હું પવિત્ર અને શુદ્ધ ઈશ્વર છું. સર્વજ્ઞે કહેલો સ્વભાવવાળો. એવો પણ વિકલ્પ ઉઠે. આહા..હા..! એ પણ સ્વરૂપથી ભ્રષ્ટ છે. ત્યાં સુધી એનું કર્તાકર્મપણું વિકારમાં જાય છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! જેને એ જન્મ-મરણના દુઃખ જ લાગ્યા નથી. અને શરીરથી પળાય. પાંચ-પચ્ચીસ લાખ પૈસા થાય. શેઠ! તમે તો પાંચ-પચ્ચીસ ન હોય. તમારે તો ઘણા હોય પચાસ-સાઈઠ લાખ. એ ક્યાં પૈસા બાપુ! તું કોણ ક્યાં? એ રખડતો, રઝળતો નિરાધાર. અશરણમાં જાય છે. કોઈ શરણ નથી ભાઈ તને ક્યાંય... આહા..હા..! શરણ તો ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. ત્યાં તો આવવું કેમ એની તને ખબર નથી. આહા..હા..! અરેરે..! દુઃખી... દુઃખી... દુઃખી... રાજા દુઃખી, શેઠીયા દુઃખી, નિર્ધન દુઃખી, નારકી દુઃખી, કીડા દુઃખી, કંજર દુઃખી.

મુમુક્ષુ :- દેવ તો કહો.

ઉત્તર :- દેવ પણ દુઃખી. એ તો પહેલાં આવી ગયું. રાજા અને દેવ દુઃખી છે બિચારા. કારણ કે એની બુદ્ધિયું આત્માથી ખસી ગઈ છે અને પુણ્ય અને પાપના રાગમાં રેલાઈ ગયા છે એ. ધર્મ જેને કરવો હોય એને તો અંદર રાગની વૃત્તિ છોડી અને એ પર્યાયને આ બાજુ વાળવી. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય પ્રવાહ પરિણમતી થકી ધ્રુવમાં ભળી જાય છે એમ કહે છે. '**સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**' લ્યો! આનું નામ ધર્મ છે. આહા..હા..! હવે સાંભળ્યું પણ ન હોય કે ધર્મ કેમ થાય? તીર્થંકરદેવ કહે એ હોં. અજ્ઞાનીઓ કહે એ માનીને બેઠા એ વાત નહિ.

'**ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી...**' જળનું ઠામ હોય એમાંથી. '**કોઈ માર્ગ બહાર નીકળી વનમાં...**' કોઈ માર્ગે એમ. '**બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે ભગવાન આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી...**' દેખો, અહીંયાં શબ્દ જ આ વાપર્યો છે. કેમકે રાગ અને વિકલ્પ જે દયા, દાન, વ્રત કે શુભ છું એવી વૃત્તિ. એની એકત્વબુદ્ધિ એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વના માર્ગે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ મિથ્યાત્વ નથી. માનવા એ રાગ છે, પણ રાગ તે ધર્મ એમ માનવું તે મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? હવે કહે જુઓ, દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો મિથ્યાત્વ સુદેવને. મિથ્યાત્વ મારા ત્યાં સુધી લઈ જાય છે. અરે..! ભગવાન! એ માર્ગ છે એમ રહેશે બાપુ! તારાથી ફરશે નહિ એ. આહા..હા..!

કહે છે ભગવાન વિજ્ઞાનઘન સ્વરૂપ છે આત્મા. ત્યાં વિકલ્પનો પ્રવેશ નથી, પણ પર્યાય

ત્યાં ઠરે છે. વર્તમાન અવસ્થા ત્યાં ઠરે છે. એ વિજ્ઞાનસ્વભાવમાં આવી મળે છે એમ કહેવામાં આવે છે.

## શ્લોક-૯૫

(अनुष्टुभ्)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।

હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે :-

શ્લોકાર્થ :- [विकल्पकः परं कर्ता] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [विकल्पः केवलम् कर्म] વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજાં કોઈ કર્તા-કર્મ નથી;) [सविकल्पस्य] જે જીવ વિકલ્પસહિત છે તેનું [कर्तृकर्मत्वं] કર્તાકર્મપણું [जातु] કદી [नश्यति न] નાશ પામતું નથી.

ભાવાર્થ :- જ્યાં સુધી વિકલપભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

## કળશ-૯૫ ઉપર પ્રવચન

'હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે :—' ૯૫.

(अनुष्टुभ्)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।

ઓલું પરમ શબ્દ છે. આ કેવળ છે. ઓહો..હો..!

'**શ્લોકાર્થ :- વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? કહે છે કે વિકલ્પ એ વૃત્તિ ઉઠી છેને એનો કરનાર તે કર્તા. રાગ-રાગ થાયને? પુણ્યનો, દયાનો, દાનનો, વ્રતનો, .. ચ્યુત થયો નયપક્ષમાં. એવા રાગનો કરનાર જ કેવળ કર્તા. '**અને વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' અજ્ઞાનીનું કાર્ય તો એ વિકલ્પ છે એ જ એનું કાર્ય છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન, જડ પદાર્થના કાર્ય તો એના છે નહિ. કારણ કે એ તો જગતના પદાર્થો. આત્માના પદાર્થો ભિન્ન છે. પણ આ કર્તા કોણ? કે એ વિકલ્પનો કરનારો તે કર્તા. પર્યાય અંશ છે એ.

'**અને વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' ભાષા દેખો. બીજા કાર્ય એના બિલકુલ નહિ. વિકલ્પનો કરનાર કર્તા અને વિકલ્પ જ એનું એકલું કાર્ય છે. અજ્ઞાનીનું. કહો, શેઠ! આહા..હા..! સમજાણું કાંઈ? આ શું કહે છે પણ આવો ધર્મ હવે. વિકલ્પનો કરનાર કર્તા અને વિકલ્પ કેવળ કર્મ શું છે આ? ભાઈ! એમ કહ્યું પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં આવ્યું એ સંતો અહીંયાં કહે છે. એ કર્તાકર્મ એટલે શું? અજ્ઞાની કે ઈ વિકલ્પ જે ઉઠ્યો એનો એ કરનાર એ જીવ. એ વિકલ્પનો કરનાર કર્મ નહિ. સમજાણું કાંઈ? વૃત્તિ ઉઠી શુભ-અશુભ કોઈપણ રાગ. અહીં તો ખરેખર તો શુભની વાત છે. નયપક્ષની વાત હતીને. એના કળશો છેને. ભગવાનની .. સમજે ... એમ (અજ્ઞાની) શુભરાગની પાછળ કેવળજ્ઞાન ચલવે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય ન થાય. હારી જાય મનુષ્યભવ સાંભળને મારા. રાગથી કેવળજ્ઞાન થાતું હશે? ઓલા આવે છેને... જ્ઞાનીનું જ્ઞાન એની પાછળ આવશે. એમ છે. અનુભવપ્રકાશમાં આવે છે. એમાં કહ્યું. ભાઈ! એ શુભરાગ છે એનો કરનાર અજ્ઞાની જીવ છે એ એનો કર્તા છે. એ શુભરાગનો કર્તા કર્મ પણ નહિ, શુભરાગનો કર્તા પૂર્વની પર્યાય પણ નથી. એ વખતની જે પર્યાય છે તે એક રાગનો કર્તા છે. અને એનો વિકલ્પ તે જ એનું એકલું કાર્ય છે અજ્ઞાનીનું. બસ એ ઉત્પન્ન થયું એ જ એનું કાર્ય છે. મિથ્યાદષ્ટિનો કર્તા મિથ્યાદષ્ટિ અને એ રાગનું કર્મ મિથ્યાદષ્ટિનું રાગનું કાર્ય. એની સીમા એના એટલામાં છે. આઘે જઈને શરીરનું કરે, હલાવે અને જગતના કામ કરે, દુકાને બેસીને ધંધો બરાબર હાથમાં રાખીને કરે. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! કેમ હશે આ? આહા..હા..!

બહુ કર્તાકર્મનું માખણ કાઢ્યું અહીં. આહા..હા..! ભાઈ! એક વૃત્તિ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિની. એ રાગનો કર્તા એ અજ્ઞાની એની પર્યાય એ રાગનો કર્તા. અને એ વિકલ્પ જ અજ્ઞાનીનું એકલું કર્મ કાર્ય છે. વિકલ્પ જ એનું કાર્ય છે. વિકલ્પ થયો કે દયા પાળું.

એ દયા ક્રિયા થઈ પરની ઈ એનું કર્મ નથી. શુભભાવ થયો (દયા પળી) એ એનું કાર્ય નથી. એનું કાર્ય તો વિકલ્પ થયો કર્મ એટલું જ કાર્ય છે એનું. સમજાણું કાંઈ? વિકલ્પ કરનાર એમ છેને? '**विकल्पक:**' '**विकल्पक:**' છેને? વિકલ્પનો કરનાર ..નો અર્થ એમ થઈ ગયો. શુભરાગ જે થાય એ વિકલ્પનો કરનારો એ '**परं**' '**કેવળ કર્તા...**' '**परं**' એટલે કેવળ. સમજાણું કાંઈ? બહુ સુજાનમલજી!

મુમુક્ષુ :- બહુ ટંકોત્કીર્ણ વાત.

ઉત્તર :- વાત તો ત્રણ કાળમાં ફરે નહિ. આહા..હા..! વીતરાગના શ્રીમુખેથી નીકળેલી વાત છે. તીર્થંકરદેવ. લોકોને બિચારાને કાંઈ મળ્યું નથી. બહારની આ દયા પાળો, વ્રત પાળો, આ કરો અને આ કરો એ તમારો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એ દયા પાળવાનો ભાવ એ વિકલ્પનો કરનાર એ અજ્ઞાની, વિકલ્પ પાળવાનો ભાવ એ એનું કાર્ય છે. પણ દયા પળી ગઈ એ એનું કાર્ય (એમ નથી) આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠ્યો વૃત્તિ રાગ, એનો કરનાર એકલો આત્મા. જોયું? એ વિકલ્પને પૈસાએ કરાવ્યો નથી. એમ કહે છે. કર્મે કરાવ્યો નથી. બાયડી, છોકરા મળ્યા, બાયડી રૂપાળી, અનુકૂળ એને એ રાગ કરાવ્યો નથી. એ રાગનો કરનાર અજ્ઞાની આત્મા છે. અને એ રાગ એનું કાર્ય છે. કેવળ. બે શબ્દ પડ્યા છેને? ઓલામાં કર્મ હતું. ઓલામાં કેવળ છે. એક જ છે. વિકલ્પ કહો પરમ કર્તા અને '**विकल्पक:**' વિકલ્પ. ત્યાં કર્મ (પર) નથી. કર્તા સિદ્ધ કરવું છેને. આહા..હા..!

ભગવાન આત્મા અંદર ચૈતન્ય સ્વરૂપી પ્રભુ, એમાં જે રાગની વૃત્તિ ઉઠી દયાના, દાનની. હવે એની સાથે મેળવીને કહે છે હોં. એ વૃત્તિ ઉઠી એનો એ જીવ પોતે કર્તા છે. એ દયા પળે છે ત્યાં માટે આ વૃત્તિનો કર્તા છે તેમ દાનમાં જ્યારે પૈસા દેવાય જાય આમ લક્ષ્મી જાય છે. ઈ એને વિકલ્પનો કર્તા છે (લક્ષ્મી) એમ નથી. સમજાણું કાંઈ? તેમ '**વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' એ લક્ષ્મી આમ દેવાની ક્રિયા ઈ એનું કાર્ય નથી.

મુમુક્ષુ :- ચોટીની વાત છે.

ઉત્તર :- ચોટીની વાત છે અમારે પંડિતજી કહે લ્યો. આહા..હા..! બહુ પણ ટૂંકામાં ઘણું જ સમાડી દીધું છે. વિકલ્પ કહો. એ રાગની વૃત્તિ ઉઠી. એના ઉપર જેની દૃષ્ટિ છે. એ જીવ એનો કર્તા એમ કહે છે. એ વિકલ્પ ઉઠ્યો એ પૈસા અહીં દેવાય છે, જીવ દયા પળે છે કે મંદિર અહીં થાય એને કારણે ઓલો વિકલ્પ કર્તા છે ઈ. એ નહિ. અને કેવળ વિકલ્પ જ કર્મ છે એનું. આહા..હા..! ગજબ વાત કરે છેને. આહા..હા..! અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનું કાર્ય અને કર્તવ્ય જો હોય તો કેવળ રાગનું કર્તવ્ય છે એનું. એ સિવાય આગળ જઈને દાનનો ભાવ આવ્યો, એ ભાવનો, વિકલ્પનો કર્તા એ જીવ અજ્ઞાની અને એ વિકલ્પ એનું કાર્ય, પણ દયાની પર્યાય થઈ એ એનું કાર્ય નહિ. દાનનો ભાવ આવ્યો વિકલ્પ. એ વિકલ્પનો

કર્તા અજ્ઞાની અને એ વિકલ્પ એનું એકલું કાર્ય. પૈસા દેવાની ક્રિયા એ એનું કાર્ય એ છે નહિ. પોપટભાઈ! આવું છે, બાપુ! આહા..હા..!

આ શરીર જુઓ આમ ચાલે છેને આમ? એમાં કહે છે કે અજ્ઞાનીને જે વિકલ્પ ઉઠે કે શરીર ચલાવું. એ વિકલ્પ ઉઠે એનો કર્તા ઈ. આ શરીર ચાલ્યું એ આ વિકલ્પ આણે કર્યું. એ ચાલ્યું એણે વિકલ્પને કરાવ્યું એમ નથી. તેમ એ વિકલ્પ કર્યો એ એનું કાર્ય, પણ એના વિકલ્પની મર્યાદા છોડીને આ શરીરને આમ-આમ કરે આત્મા. એ એનું કાર્ય છે જ નહિ. ઓહો..હો..! ગજબ વાત થઈ છેને?

'**विकल्पक:**' જે કર્તા થાય છે તે જ એનો કર્તા છે એમ કહે. વિકલ્પનો કર્તા રાગનો થાય તે કર્તા છે. રાગને બીજો કોઈ કરાવે છે, બહારના પદાર્થ. સ્ત્રી સુંદર દેખી અને વિકલ્પ ઉઠ્યો. તેથી એ વિકલ્પ સ્ત્રી કર્તા થઈને થયો છે એમ નથી. એનો વિકલ્પ પોતે થયો રાગ એનો કર્તા એ જીવ છે. અને એ વિકલ્પ એ જ એનું કર્તવ્ય નામ કાર્ય છે. એ સિવાય સમજાય છે કાંઈ? આહા..હા..! સ્ત્રી સાથે હથેળો મેળવે લગન વખતે એ એનું કાર્ય નહિ એમ કહે છે. ફક્ત વિકલ્પ એનું કર્તવ્ય છે. જયંતિભાઈ! આહા..હા..! ગજબ કર્યું છેને. વિજ્ઞાનઘન સ્વરૂપ છે એવી જેની દૃષ્ટિ નથી. એને તો ઓલો રાગ જે ઉઠે એનો કર્તા થાય છે. કારણ કે જાણવું-દેખવું કાર્ય એનો કર્તા તો એ છે નહિ. ધર્મીને જે થાય એ વિકલ્પ થતો નથી એને. એને તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થાય તેનો તે કર્તા અને જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થયા તે એનું કાર્ય છે. આહા..હા..! નવનીતભાઈ! માખણ છે આ બધું. નવનીતભાઈ નામ છેને. માખણ છેને? નવનીત. આહા..હા..!

પ્રભુ! તું તારી ચીજ ક્યાં ભૂલ્યો છો? ઈ કેમ ભૂલાણી છે એની પણ ખબર ન મળે. અને દુનિયામાં ડાહ્યો થઈને ફરે બહારમાં. ઓહો..હો..! '**विकल्पक:**' એ શુભરાગ થયો ... એમ જે અજ્ઞાની એ અજ્ઞાની કર્તા છે. કારણ કે વિકલ્પ ઉપર એની દૃષ્ટિ છે. એની દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હુકમચંદજી! હુકમચંદજી છેને? ... આહા..હા..! '(**બીજા કોઈ કર્તા-કર્મ નથી;**)...' જુઓ, ભાષા છેને? કૌંસમાં છેને? ભગવાન! ચૈતન્યસ્વરૂપી વિજ્ઞાનઘન તું છો, નાથ! એને ભુલેલો એ પુણ્યના પરિણામનો કર્તા, એ પુણ્ય પરિણામ થાય એનો કર્તા એ અજ્ઞાનીની પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય કહેવામાં આવે છે, પણ ખરેખર તો એનો એ સમયનું અજ્ઞાન પર્યાય એનો કર્તા છે. આહા..હા..! અને વિકલ્પ જ કેવળ કાર્ય છે. ભગવાન આત્મા પોતાની ચીજને ભૂલે અને અજ્ઞાનભાવે રાગને કરે એ રાગ જ એનું કાર્ય છે. ત્યાં એની મર્યાદા થઈ ગઈ. એ રાગને છોડીને પૈસા દેવાના કામ કરે, દુકાનના ધંધે બેસીને તોળીને આ લો ને તે લો. ... તો એ ક્રિયા આત્માની નહિ. એ આત્માનું કામ નહિ. અજ્ઞાનીને તે આત્માનું કાર્ય નહિ. વીરચંદભાઈ! આહા..હા..!

બે શબ્દે તો ગજબ કરી છે. કર્તાકર્મનું માખણ નાખ્યું. ભાઈ! તું ચૈતન્ય છો વિજ્ઞાનઘન આત્મા જ્ઞાયકભાવ. એવા ભાવથી જો ભ્રષ્ટ થયો તો રાગને કરે ઈ ભ્રષ્ટ થઈને. બીજું કરે શું? અને રાગ તેનું કાર્ય થાય. આહા..હા..! કહો, રતનચંદજી! આવો માર્ગ છે. સાંભળવા મળે નહિ, સમજવા મળે નહિ. એમ ને એમ જિંદગી પૂરી થાય છે, ભાઈ! મરણની સન્મુખ. એની સ્થિતિ જેટલી છે એટલી સ્થિતિમાં સમય ઘટે (વધે) એવો નથી. એની સન્મુખ જાય છે દેહ છોડવાને. આહા..હા..! એને કરવાનું છે એ કરતો નથી, નહિ કરવાના કરવામાં રોકાઈ ગયો છે. એક પુસ્તક બનાવવાનો વિકલ્પ ઉઠ્યો. તો વિકલ્પ ઉપર દૃષ્ટિ છે તેથી એ કર્તા છે. અને એ રાગનું કર્તવ્ય... રાગ તે જ એનું કર્મ છે. પુસ્તક બન્યા એ આ રાગથી બન્યા એ આત્માનું કાર્ય છે એમ નહિ.

મુમુક્ષુ :- પણ રાગ નિમિત્ત થયોને?

ઉત્તર :- પણ નિમિત્તની વ્યાખ્યા શું? એ બીજી ચીજ છે એટલું. નિમિત્તની વ્યાખ્યા એ નથી કે એના લઈને થાય. એ નિમિત્ત રહ્યું ક્યાં? આહા..હા..! રાગનું નિમિત્ત છે અહીંયાં અસ્તિત્વ અજ્ઞાનીનું કર્મ. એથી ત્યાં પરમાં કાર્યનું અસ્તિત્વ તે અંશમાં ત્યાં તેની સત્તામાં આવ્યું? આહા..હા..! અરે..! એણે કોઈ દિ' સાચી વાત સાંભળીને નહિ, મારી આ વાત છે, મારું હિત કરવું છે, (એ સાંભળ્યું નથી) આહા..હા..! કહો, ચેતનજી!

'**(બીજા કોઈ કર્તા-કર્મ નથી;)**...' એટલે શું કહ્યું? કે રાગની ઉત્પત્તિ કરે છે દૃષ્ટિ ત્યાં વિકાર ઉપર છે માટે. એથી ઈ એનો કર્તા. એ રાગનો બીજો કોઈ કર્તા (એમ નથી.) આ ઉદય-ફુદય કર્તા નહિ. અરે..! દ્રવ્ય અને ગુણ પણ ખરેખર તો એ વિકારનો કર્તા નથી. આહા..હા..! એવી વાત છે. કોને કેવા દ્રવ્ય, ગુણ અને પર્યાય ભગવાન જાણે. જે જૈન(ની) એકડાની વાતું. એ પણ સાંભળવા મળે નહિ અને જિંદગી ચાલી જાય. આહા..હા..! ભાઈ! તારો માર્ગ અંદરનો, સુખી થવાનો પંથ કોઈ જુદો છે. આ તો વિકલ્પનો કર્તા અને વિકલ્પ કર્મ એ તો દુઃખી થવાના પંથ છે. આહા..હા..! એ વિકલ્પ થયો અને તારું કામ તે વિકલ્પનું માન્યું. એથી વિકલ્પનું જ્યાં લક્ષ છે એના એ કાર્ય કરી દે એમ એ નથી. સમજાણું કાંઈ? કહો, ગોદિકાજી! ઓલો પન્નાનો આવેને ટૂકડો? મુસલમાન માણસ એકફેરી આવ્યા હતા સવારે મકાનમાં. ત્રણ હજાર રૂપિયા લઈને.. નામ નથી આવડતું. ત્રણ હજારનું આવે છે. પણ બીજા કાંઈ વધારે એવો વિશ્વાસ ન હોય. મારે તો આ ગોદિકાનું... એમ કહેતો હતો. બીજે વધારે આપે છે. અહીં ત્રણ હજાર માગે છે. .. હોં. ..લઈને ઓલા પન્નાનો ટૂકડો એવો ધ્યાનથી આપે. .. બીજું કાંઈ થઈ જાય તો લાખના પચ્ચીસ હજાર રૂપિયા. ઈ કહેતો હતો કે આને જો સરખું કપાઈ જાય તો એના લાખ રૂપિયા તો એ કાર્ય વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પની દૃષ્ટિ છે તો વિકલ્પનો કર્તા છે. અને એ વિકલ્પનું કર્મ ખરું અજ્ઞાનીને, પણ એમાં સરખું

આમ રાખવું ઈ કાર્ય અજ્ઞાનીનું, વિકલ્પનું નથી. કેમ હશે આ તમારે? મકાન બનાવે છેને. પંડિતજી! ૨૫-૨૫ માળના મુંબઈમાં. એય..! ..ભાઈ! આ ... આહા..હા..!

ભાઈ! તને સત્‌ની ખબર નથી. સત્યનું સ્વરૂપ જ એવું છે કે અંદર વૃત્તિ ઉઠી જે રાગની એ રાગ ઉપર દૃષ્ટિ છે અને રાગ વિનાનું ચૈતન્ય વસ્તુ છે એની તને દૃષ્ટિ નથી. એવા નિધાન તે જોયા નથી. અને તેથી તને આ વિકલ્પનો કર્તા તું થા છો. અને એ રાગ તારું કર્મ છે એટલી મર્યાદા છે બસ. એ મર્યાદા છોડીને બહારના કામ જેનું લક્ષ હતું વિકલ્પનું કે આ થાય... આ થાય... આ દેવાય... આ થાય... આ પીવું... ખાવાની વૃત્તિ ઉઠી. એ વૃત્તિનો અજ્ઞાની કર્તા ખરો. અને એ વૃત્તિ એનું કર્મ કાર્ય છે. પણ ખાવાની વૃત્તિ આ દાંત હલાવી દે અને રોટલાના કટકા કરી દે એ કામ અજ્ઞાનીના રાગનું પણ છે નહિ. આહા..હા..! ભારે આવો માર્ગ, ભાઈ! આખો દિ' માળા કર્તા દેખાય. દેખાય એ વિકલ્પ છે. માને છે મારો મફતનો. આવી વાત વીતરાગ સિવાય (બીજે ક્યાંય નથી)

પર્યાયનો સમય સમયની ... પર્યાય દૃષ્ટિવાળો રાગને કર્તા થાય એમ કહે છે અને પર્યાય દૃષ્ટિવાળાનું રાગ તેનું કર્મ એટલી મર્યાદા છે. ભીખાભાઈ! આહા..હા..! ચોવીસ કલાક ચોપડા જોવે છેને. અરે..! ભારે વાત! એ ચોપડા-બોપડા જોવાનું કાર્ય અહીં વિકલ્પ આવ્યો એનો કર્તા થાય અને વિકલ્પનું કાર્ય. એ ચોપડા જોવાની ક્રિયા એનાથી થાય બિલકુલ હરામ વાત છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ વાત કરી છેને? એની પર્યાયમાં ભૂલ થાય એ ભૂલ એનું કાર્ય. ઈ ભૂલ એ પર્યાયનો કર્તા પર્યાય હોં કર્તા. એ સિવાય આઘે બહાર કાર્ય થાય કાંઈ (એમ નથી). આહા..હા..! વૃત્તિ ઉઠી કે આમ પગ પડવો જોઈએ. તો વિકલ્પનો એ કર્તા થાય. વિકલ્પ એનું કાર્ય ખરું. પણ પગ પડે ઈ કાર્ય એનું નહિ. શાસ્ત્રમાં આવેને ભાઈ! ઈર્યાસમિતિમાં. આ તો શાસ્ત્રને આધારે.

મુમુક્ષુ :- ..માં આવે છેને ઈર્યાસમિતિ.

ઉત્તર :- હા, ઈર્યાસમિતિ જોઈને પગલું ભરવું. એય..! એ પ્રશ્ન બહુ ઘણા વર્ષ પહેલાં ૮૭માં. આર્જિકા હતાને .. ભાઈ નહિ ખારા. પ્રેમચંદભાઈના ફઈબા હતાને. શું નામ ભૂલી ગયા. ..બહેન. પ્રેમચંદ ભગવાનજી. ફઈબાએ દીક્ષા લીધી હતીને. એ ૮૭માં આપણે આ જોઈને ચાલવું તે શું? ... વીંછીયામાં. બહારની ક્રિયા જોઈને ચાલવું. આહા..હા..! શાસ્ત્રમાં મૂક્યું છેને એમ. મૂક્યું છે એનો અર્થ કે તારું ધ્યાન-અસાવધાની ન જોઈએ. એ માટે વાત છે. પરનું શું (કરે?)આહા..હા..!

વિકલ્પ કરનાર જ કેવળ કરનારો છે. અને વિકલ્પ કેવળ એક જ એનું કાર્ય છે એમ. કેવળ એટલે એક જ. બીજું કાર્ય એનું છે નહિ. આહા..હા..! અહીં તો પરની દયા પાળવાનો વિકલ્પ ઉઠ્યો શુભ. તો અજ્ઞાની એ શુભરાગનો જ કર્તા છે. કેમકે રાગ ઉપર એની દૃષ્ટિ

છે. રાગ વિનાની ચીજ શું છે એની ખબર નથી. એ અજ્ઞાની રાગનો કર્તા અને રાગ તેનું કાર્ય. પણ એથી ત્યાં પરની દયા પળી ગઈ. જીવ ન મર્યો એ દશા. જીવે એ કામ કર્યું (એમ નથી). ભારે કામ ભાઈ! ..ભાઈ! આ બંગડી-બંગડીનું પહેરાવાનું કામ થાયને? ... થાતા હશે. આહા..હા..! ભારે વાત ભાઈ! વિકલ્પ ઉઠ્યો એક કે આ બંગડી આમ પેસે છે કે નહિ હાથમાં? કરેને હાથ આમ? આમ ને આમ ન ચડે. આમ રાખે. ... ... કારણ કે આમ નજરે ચડી ગયું હોય. એક વાર જોયું પછી થઈ રહ્યું. એને વિકલ્પ ઉઠે કે આને આ બંગડી પહેરાવું તો સરખી થાય તો લેશે. એ વિકલ્પ ઉપર દૃષ્ટિ છે રાગ ઉપર એ રાગનો કર્તા થાય. અને રાગ એનું કાર્ય થાય, પણ એથી ઓલાના હાથ આમ કરીને બંગડી ચડાવે છે એ કાર્ય એનું નથી. ભીખાભાઈ!

મુમુક્ષુ :- ધંધો કરવો કે ન કરવો?

ઉત્તર :- આ હીરાભાઈને કહ્યું અહીં તો. આહા..હા..! ભારે ભગવાન! આહા..હા..! કુંદકુંદાચાર્યની કળાની કળા સત્યને પ્રસિદ્ધ કરવાની રીત. આહા..હા..! એમ તો ઓલા યશોવિજયમાં આવે છે નહિ ભાઈ! ચેતનજી! 'હું કર્તા પરભાવ ... ન જાણે તેમ અજ્ઞાની કરે, એ કર્મને જાણે આત્મદ્રવ્ય વિચારીએ.' એ બધા અર્થના ઠેકાણા ન હોય. આહા..હા..!

સવિકલ્પથી. વિકલ્પ છે આ એક મહા સિદ્ધાંત છે. બે સિદ્ધાંત કહ્યા. આ પણ સિદ્ધાંત છે. '**વિકલ્પસહિત છે...**' એટલે કે રાગવાળો છું, વિકલ્પસહિત જે જીવ છે ત્યાં સુધી એ કર્તાકર્મપણું એનું નાશ પામતું નથી. આહા..હા..! .. વ્યાખ્યા છે ઝીણી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૮, બુધવાર, તા. ૨૭-૧૨-૧૯૭૨
## કળશ-૯૫, પ્રવચન-૨૬૫

આ કુંદકુંદાચાર્યનો આચાર્યનો આચાર્યરોહણ દિવસ છે. આચાર્યની પદવી પોષ વદ આઠમ. અત્યારે પોષ સુદ આઠમ છે આજે. ભગવાન 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,' સીમંધર પરમાત્મા વર્તમાન કેવળજ્ઞાનીપણે મોજુદ છે. એ વખતે પણ તે ભગવાન હતા.

અહીંથી ત્યાં ગયા સંવત્ ૪૯માં. આઠ દિ' રહી અને આ શાસ્ત્ર બનાવ્યા છે. પોન્નુરહીલ. મદ્રાસથી આ બાજુ ૮૦ માઈલ એક વંદેવાસ ગામ છે ત્યાંથી પાંચ માઈલ એક પોન્નુરહીલ ટેકરી છે. ત્યાંથી ભગવાન ગયા હતા ત્યાં કુંદકુંદાચાર્ય. ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. એવો મોટો આજ દિવસ છે. આજે સમયસારની પણ શરૂઆત થઈ. આજ વાર પણ બુધવાર છે. જ્ઞાનનો વાર છે. બુધ નામ જ્ઞાન થાય છે. એ જ્ઞાનને કહેવાવાળું આ સમયસાર શાસ્ત્ર છે. ભગવાન કુંદકુંદાચાર્યે અંતર આગમના અનુભવસહિતની ચારિત્રદશામાં રહેતા એ વિકલ્પ આવ્યો અને શાસ્ત્રની રચના પુદ્ગલની પર્યાયથી થઈ ગઈ. એના કર્તા એ પુદ્ગલના પણ નહોતા, તેમ એક વિકલ્પ ઉઠ્યો તેના એ કર્તા નહોતા. કેમકે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનો આનંદ અને જ્ઞાનસ્વરૂપનો અનુભવ હોય છે. એથી સમ્યગ્દર્શન ભૂમિકાથી માંડીને ચોથે-પાંચમે જે કાંઈ રાગ આવે એ રાગનું જ્ઞાન થતું આવે છે. એટલે શું કહ્યું? જે પ્રકારનો રાગ આવવાનો હોય તે જ પ્રકારનું રાગની સાથે જ્ઞાન સ્વપરપ્રકાશક થતું પ્રગટ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીને.

ઉત્તર :- ફરીને. સમ્યગ્દર્શનમાં એ આત્મા અંતર અખંડ આનંદમૂર્તિ પ્રભુ એનો એને અનુભવ હોય છે. એ અનુભવમાં અતીન્દ્રિય આનંદના વેદનનો સ્વાદ હોય છે. એ દ્વારા આખો આત્મા અતીન્દ્રિય આનંદ છે એમ અનુભવમાં, પ્રતીતમાં આવે છે. એને હવે જ્યારે રાગાદિ આવે ત્યારે ઈ સ્વભાવ જીવનો એવો છે કે જે પ્રકારનો રાગ અને દ્વેષ અને વિકલ્પ આદિ આવવાનો હોય તે જ સમયે તેમનું સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રગટ થતું તે જ્ઞાન આવે. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન ઈ ચીજ એવી છે કોઈ. લોકોને બીજી રીતે મુકાઈ ગઈ છે વાત. આહા..હા..! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ દ્રવ્ય સ્વભાવ જેનો એકરૂપ છે. એવી જેને અંતરમાં દૃષ્ટિ પડતાં રાગથી ભિન્ન થતાં, સ્વભાવની એકતા થતાં જે અનુભવ થાય એમાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનમાં હજી રાગાદિ થાય, ચોથે ગુણસ્થાને હોય, પાંચમે હોય, છઠ્ઠે હોય, એવો જ કોઈ સ્વભાવ છે કે સ્વરૂપનું જ્ઞાન થતાં જે રાગ આવ્યો એ રાગનું પણ તે જ સમયે સ્વ અને પરના પ્રકાશનું જ્ઞાન રાગ છે માટે નહિ. પોતાના સ્વપરપ્રકાશકના જ્ઞાનના સામર્થ્યથી જ એવું જ્ઞાન ત્યાં પ્રગટ થાય છે. આહા..હા..! અરે..! એ વસ્તુ શું છે એ લોકોને ખબર નથી. ચૈતન્ય વસ્તુ અને એનું સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ? તો એ વિકલ્પનું જ્ઞાન, ઈ વિકલ્પનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. એ જ્ઞાન પોતાનું સ્વપરપ્રકાશક પોતાથી પોતા વડે રાગની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાન થયું છે. આહા..હા..! એવી વાત છે, બાપુ! ભગવાન આત્મા જ્યાં જાગીને જોવે છે ત્યારે તેને એક ભાવ હોય અને રૌદ્ર ધ્યાન થાય પરિણામમાં. છતાં તે જ કાળે એને રૌદ્ર ધ્યાન સંબંધીનું પોતાનું જ્ઞાન અને સ્વનું પોતાનું જ્ઞાન બે એક સમયમાં સ્વપરપ્રકાશકની પર્યાય પ્રગટ થાય છે એનો એ સમકિતી સ્વામી છે.

રાગ અને બહારની ક્રિયાનો સમકિતી સ્વામી નથી.

હવે અહીં આપણે ચાલતું થોડું છે. જરી ઝીણું છે. આવ્યું છે. કાલે શરૂ કર્યા છે બે બોલ તો. ત્રીજો બોલ રહ્યો છે, પણ ફરીને કરીએ. જુઓ, ૯૫ શ્લોક છે.

(अनुष्टुभ्)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।

આહા..હા..! કહે છે '**विकल्पक:**' જે રાગનો વિકલ્પ ઉઠે એ વિકલ્પનો કરનાર મિથ્યાદષ્ટિ. કેમકે દૃષ્ટિ જેની રાગ ઉપર પડી છે અને જેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપરથી છૂટી ગઈ છે. એવો જે જીવ એ રાગની વૃત્તિ ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજા, કોઈપણ રાગ. કહે છે કે '**विकल्पक: परं कर्ता**' એ રાગની વૃત્તિ ઉઠી એનો કર્તા એ જીવની પર્યાય છે. જીવ કહેવો એ તો હજી... એ વિકલ્પનો કર્તા વિકલ્પની સાથે જેને એકબુદ્ધિ છે. એ વિકલ્પનો, રાગનો કર્તા છે. એ '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' એમ કરીને શું કહે છે? '**परं कर्ता**' શબ્દ છેને? એ રાગની વૃત્તિ ઉઠી એને એકતાબુદ્ધિવાળો એટલે કે જેની દૃષ્ટિ પર્યાયબુદ્ધિ છે. જેની વર્તમાન રાગની પરિણતિ અને વિકાર ઉપર જેની રુચિ અને પરિણતિ છે. એ જીવ વિકલ્પનો કર્તા છે. એ વિકલ્પનો કર્તા (જડ) કર્મ નહિ. એ વિકલ્પનો કર્તા દ્રવ્ય અને ગુણ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્માનું દ્રવ્ય અને જે ગુણ એ વિકલ્પ કર્તા છે ઈ કર્તામાં દ્રવ્ય-ગુણ કર્તા નહિ. એમ એ રાગનો કર્તા કર્મનું નિમિત્ત છે માટે રાગ એનો કર્તા થાય એમ નહિ. આહા..હા..! એ વિકલ્પનો કર્તા પર્યાયબુદ્ધિવાળો કર્તા-કર્તા આ મારું કર્તવ્ય છે એમ જે મિથ્યાદષ્ટિ અજ્ઞાની અનાદિથી એ જ વિકલ્પનો કર્તા. બીજો કોઈ છે નહિ. છેને અંદર? '**(બીજા કોઈ કર્તા-કર્મ નથી;)...**' આ ઝઘડા ઉઠ્યા છેને ઘણા. તો એ વિકાર કર્મને લઈને થાય. અહીં તો મિથ્યાદષ્ટિને પણ કર્મને લઈને વિકાર નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આ પહેલો મિથ્યાદષ્ટિનો શબ્દ છે આ. '**विकल्पक:**' વિકલ્પ રાગ. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો કે કામ, ક્રોધ આદિનો. એ વિકલ્પ રાગ છે એની જેને રુચિ છે એમાં જેની દૃષ્ટિ છે એ જ પર્યાય એની રાગની કર્તા છે.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ કદી કર્તા નથી.

ઉત્તર :- દ્રવ્ય-ગુણ તો કદી કર્તા નહિ. નિશ્ચયની ઝીણી વાત છે. દ્રવ્ય તો મોક્ષની પર્યાયનો પણ કર્તા નથી. એ ઝીણી વાત છે થોડી. આ તો અત્યારની મર્યાદાની વાત છે આ. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પોતાની ચીજની દૃષ્ટિ ભૂલીને અનાદિથી. એ ચાહે તો વ્રત ધારણ

કરે, મહાવ્રત ધારણ કરે. ત્યારે તે તે રાગનો એ કર્તા થાય છે. કારણ કે રાગ વિનાની ચીજ જે આનંદકંદ પ્રભુ આત્મા એ તો દૃષ્ટિમાં આવી નથી. એથી એને આત્માના આનંદનો સ્વાદ નથી. સ્વાદ નથી એટલે એને રાગના સ્વાદની એને કર્તાબુદ્ધિ ઉભી થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વિકલ્પ કરનાર જ એમ છે જુઓ, ભાઈ! એ અનેકાંત કરોને આમાં. આ તો જ આવી જાય છે. એમ કે રાગનો કર્તા એનો પર્યાય અજ્ઞાનભાવે અને રાગનો કથંચિત્ કર્મ પણ કર્તા. અથવા પૂર્વની પર્યાયમાં વિકાર હતો એથી વર્તમાન વિકારની લાગણી મિથ્યાદૃષ્ટિને થઈ એમ નથી. સમજાણું કાંઈ? વિકલ્પની વૃત્તિ જે રાગની. ચાહે તો વ્રતની હોય, .. વ્યવહાર કર્તા હોં રાગ. એ વિકલ્પ ઉઠ્યો છે એ જ એની પર્યાય, એની વિકલ્પની પર્યાય, વિકલ્પનો કર્તા છે. ગોદિકાજી! આહા..હા..!

'કેવળ કર્તા...' એકલી પર્યાય બસ. નહિ કર્મ, નહિ પૂર્વની વિકારી અવસ્થા એની કર્તા, નહિ કર્તા એનું દ્રવ્ય અને ગુણ. આવી વસ્તુની સ્થિતિ જ છે. એ કોઈએ કરી નથી. જેવી હતી એવી ભગવાને જણાવી છે. સમજાણું કાંઈ? એ વિકલ્પનો કરનાર જ કેવળ કર્તા છે. કેવળ કર્તા. એકાંત કર્તા. બીજી ચીજ કથંચિત્ કર્તા વ્યવહારે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને વિકલ્પ કેવળ કર્મ. બહુ ઉંડી વાત મૂકી અને એ વિકલ્પ જ અજ્ઞાનીનું કેવળ કાર્ય છે. છેને? **'વિકલ્પ જ કેવળ કર્મ છે;...'** રાગની વૃત્તિ ઉઠી ઈ એનો જે પર્યાયબુદ્ધિએ કર્તા થાય એ જીવનો એ રાગ એ વિકલ્પ એ જ એક કાર્ય છે અને એ રાગનું કાર્ય છે, ભેગું આ શરીરની ક્રિયા, બોલવાની ક્રિયા એનું પણ કાર્ય જીવનું છે એમ નથી. પંડિતજી! આહા..હા..! છે? **'વિકલ્પ જ કેવળ કર્મ છે;...'** એક દયાનો ભાવ આવ્યો તો કહે છે કે અજ્ઞાની તો એ વિકલ્પનો કર્તા છે દયાના ભાવનો. કારણ કે એની બુદ્ધિ ત્યાં પડી છે. વસ્તુના અનુભવની દૃષ્ટિ નથી. આનંદના સ્વાદનો ભાવ એને પ્રગટ્યો નથી એથી રાગ એક આકુળતાનો ભાવ છે. એનો જ એ કર્તા ત્યાં થાય છે. અને એ દયાના પરિણામથી. પરિણામ કેમ? કે એ અજ્ઞાનીનું કર્તવ્ય છે, એ એનું કામ. બાકી બીજાની દયા પાળવાના એ પર્યાય છે ઈ એ આ દયાના પરિણામનું એ કાર્ય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને. આપણે ક્યાં અહીંયાં...

જે દયાનો વિકલ્પ થયો એ રાગનો કર્તા તેનો અજ્ઞાની તે રાગની પર્યાય રાગનો કર્તા. હવે રાગ જ એનું કર્મ એકલું. રાગનું કર્મ એકલું એનું. એની સાથે દયાના પરિણામ થયા એનો કર્તા અજ્ઞાની ખરો પરિણામનો, પણ એથી પરની દયા થઈ એ આનું કાર્ય છે એમ નથી.

મુમુક્ષુ :- .. નક્કી કર્યું એ અમારું કામ નહિ?

ઉત્તર :- પર તો એની પર્યાય થઈ. ચંદુભાઈ! આકરી વાત છે, ભગવાન! મારગડા એવા છે એના. એ ચીજ એવી છે કે પોતાનું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ અતીન્દ્રિય આનંદનો છલોછલથી ભરેલો ભગવાન. છલોછલથી ભરેલો. એવા આનંદની જેને અંતર સમ્યગ્દષ્ટિપણે આનંદનો સ્વાદ નથી આવ્યો એ તો કહે છે કે એ રાગના સ્વાદમાં જ પડ્યો છે. સમજાણું કાંઈ? કાલે ન આવ્યું? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ... મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, પણ કહે છે કે એ રાગનો કર્તાપણે થઈને એ ધારણ કર્યા છે. આત્મા રાગથી ભિન્ન છે એના અંદર ભાન નથી. તો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' તેના ફળ તરીકે સ્વર્ગનો છેલ્લો ભાવ મિથ્યાદષ્ટિને નવમી ગ્રૈવેયક. સમજાણું કાંઈ? ... કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક' નગ્નમુનિ હોં દિગંબર, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ તે કેવા? નિરતિચાર, ચોખા એવા રાગની ક્રિયાને એ કર્તા થઈને કર્યું એણે કામ. 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ એ થયો કે એ બધા પંચ મહાવ્રતના પરિણામ આદિ સુખ નથી પણ દુઃખ છે. સમજાણું કાંઈ? આકરી વાત, પ્રભુ! તારા મારગડા જુદા છે. લોકોને બહારથી ઢસરડા કર્યા એકલા. મૂળ ચીજ પડી રહી.

કહે છે આવા-આવા નવ ગ્રૈવેયક જનારો સાધુ જેના ચામડા ઉતરડે અને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવા જેના પંચ મહાવ્રતના પરિણામ એને માટે ચોકા કરીને આહાર લે નહિ પ્રાણ જાય તોપણ. એ પણ પ્રાણી રાગનો કર્તા છે, મિથ્યાદષ્ટિ. કેમકે આત્માના આનંદનું ભાન નથી. એ પંચ મહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળ ગુણ વિકલ્પ 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ થયો કે એ બધા પરિણામ દુઃખરૂપ હતા. સમજાણું કાંઈ? એવા પંચ મહાવ્રતના વિકલ્પ પણ દુઃખરૂપ અને આકુળતા છે. જીવમાં એક ક્ષોભ ઉત્પન્ન કરે છે. આવી સ્થિતિમાં પણ એને આત્માની શાંતિનું સુખ ન મળ્યું. ત્યારે એનો અર્થ થયો કે એ બધા પરિણામ દુઃખરૂપ હતા. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે વિકલ્પનો કાર્યનો જે કર્તા એકલો. નથી સમ્યગ્દર્શન, નથી સમ્યગ્જ્ઞાન, નથી ચારિત્ર. એ રાગનો કર્તા એ આમ શરીર જતનાથી આમ મૂકે ઈ દયાના પરિણામનો કર્તા ઈ એનું કાર્ય, પણ એ શરીરને આમ જતનાએ મૂકે ઈ કાર્ય એનું નહિ. સમજાણું કાંઈ? એને જે દયાના ભાવ થયા એનો એ કર્તા થઈને એ કર્મ એણે કર્યું. કર્મ એટલે કાર્ય. એની મર્યાદા ત્યાં રહી ગઈ. એ કાર્ય એણે કર્યું, વિકલ્પ જ કેવળ કર્મ છે. અજ્ઞાનીનું રાગ જ એકલું કાર્ય છે. પરની દયા એનું કાર્ય છે કે શરીરને જતનાથી આમ મૂકવું એનું કાર્ય છે એ છે નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..! કહે છે એ તત્ત્વ વીતરાગનું તત્ત્વ વીતરાગે કહ્યું એ લોકોને બેઠું નથી. સમજાણું કાંઈ? પોતાની કલ્પનાએ બેસાડીને માર્ગ

બધા ચલવ્યા. એમ માર્ગ ન ચાલે, પ્રભુ! આહા..હા..!

કહે છે વિકલ્પ જ કેવળ એનું કાર્ય. ભાષા જે થઈ એમાં જે વિકલ્પ છે એનો જે કર્તા થાય છે એ વિકલ્પનું કાર્ય એનું ખરું. પણ બીજું કાર્ય આ ભાષાની બોલવાની પર્યાયનું કાર્ય એનું નહિ. એથી કેવળ કર્મ કહે છે. કેવળ એનું રાગ તે જ કાર્ય છે. ભાષાની પર્યાય કરવી, શરીરને હલવું એ એનું કાર્ય ત્રણ કાળ, ત્રણ લોકમાં અજ્ઞાનીનું પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મુદ્દાની રકમ છે આ તો. અનાદિથી મિથ્યાત્વ કેમ સેવ્યું છે એણે? અને મિથ્યાત્વમાંથી નીકળ્યો કેમ નથી? એની આ વાત છે. આહા..હા..! કહે છે વિકલ્પ જ કેવળ એનું કાર્ય છે. એની મર્યાદામાં એટલી જ વાત છે. એ વિકલ્પનો કર્તા, વિકલ્પ એનું કાર્ય. એ સિવાય આગળની દેહની ક્રિયા. આહા..હા..! એક વિષયની વાસના થઈ, અજ્ઞાની વાસનાનો કર્તા અને એ વાસના એનું કાર્ય, પણ પછી શરીરની ક્રિયા થાય એનું એ કર્મ અને કાર્ય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...પાપ ન લાગે એને?

ઉત્તર :- એનાથી પાપ લાગે શરીરની ક્રિયાથી? જે ભાવ કર્યો છે એનું એને પાપ છે. શું કહે છે? સમજાણું કાંઈ? આ શું કહે છે? વિકલ્પ કરનારો કેવળ કર્તા અને એ વિકલ્પનો કોઈ બીજો કર્તા નહિ. એ નાસ્તિથી. અનેકાંત કર્યું અને એ વિકલ્પ જ કેવળ એનું કાર્ય. બીજું એનું કાર્ય નહિ. એમાં અનેકાંત કર્યું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એક પણ ગુણ વાસ્તવિક યથાર્થ સમજેને તો એનો બધો નિકાલ થઈ જાય. એકેય ગુણના ઠેકાણા ન મળે. અગિયાર અંગ ભણી જાય, નવ પૂર્વ ભણી ગયો લ્યો. અનંતવાર અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. જેમ નવમી ગ્રૈવેયકની ક્રિયા અનંતવાર કરી, એવું આ જાણપણું અનંતવાર કર્યું. એ તો પરલક્ષી જ્ઞાન. એ આત્માનું જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે વિકલ્પ જ એકલું કાર્ય અજ્ઞાનીનું છે. એની મર્યાદામાં આટલી જ હદ છે. એ બીજાના કામ કરી દે, શરીર અને વાણીના. ચોરી કરવાનો વિકલ્પ આવ્યો અજ્ઞાનીને. ચોરીનો કર્તા અને વિકલ્પ તેનું કાર્ય. એથી આગળ વધીને ઓલો પૈસો ઉપાડે કોકનો આ લે એ અજ્ઞાનીનું કાર્ય નહિ. સમજાણું કાંઈ? એય..! નવરંગભાઈ!

મુમુક્ષુ :- પૈસા એની મેળે વયા ગયા?

ઉત્તર :- એ તો એને કારણે જાય છે. એ તો એની ક્રિયાવર્તી શક્તિનું કર્મ હોય તો એ જાય છે. એમ દાનમાં. દાનનો ભાવ થયો કે ભાઈ અહીંયાં પાંચ હજાર આપું. એવો એક વિકલ્પ થયો. હવે જેની દૃષ્ટિ ત્યાં છે એ તો વિકલ્પનો કર્તા થાય. અને એ વિકલ્પ તેનું કાર્ય. બસ ત્યાં તેની હદ. પણ એનું કાર્ય તો જે પૈસા ગણીને દેવા એ એનું કાર્ય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? એય..! ગોદિકાજી! વસ્તુસ્થિતિ આવી ત્રણ

કાળ, ત્રણ લોકમાં છે. કહે છે શેઠ! આ બીડી-બીડી વાળી શકે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- વળાવી શકે.

ઉત્તર :- વળાવી શકે નહિ. વળાવી શું શકે? એને વિકલ્પ આવે કે આ લોકો બીડી વાળે. વિકલ્પ ઉપર દૃષ્ટિ છે એથી તે વિકલ્પનો કર્તા મિથ્યાદૃષ્ટિ મૂઢતા છે. ... .. ન લાગે. એ વિકલ્પ તેનું કર્મ એકલું કાર્ય છે. એ મર્યાદા છોડીને એ બીડી વાળવાનું કામ કરે આમ-આમ. હરામ છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ પાઠશાળા એક કરવી છે. એવો એક વિકલ્પ આવ્યો. એ વિકલ્પનો કર્તા અજ્ઞાની ખરો. કેમકે એની દૃષ્ટિમાં જે આત્મા આનંદમય છે એ તો આવ્યો નથી. એ વિકલ્પનું કાર્ય એનું અને વિકલ્પ કર્મ એનું. એથી આગળ વધીને એ પાઠશાળા બનાવે, છોકરાને ભણાવે એ ક્રિયાનું કાર્ય આનું ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? કહો, વીરચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હલવે? .. તું હલવે એને? એ માટે તો વાત ચાલે છે આ. આહા..હા..! બાપુ! તને ખબર નથી, ભગવાન! તારી ભૂલમાં પણ ભૂલની હદમાં તું છો. ભૂલની હદ છોડીને બીજાના કાર્યમાં તારું કામ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? લ્યો! આ તો સમયસારની પ્રતિષ્ઠા છેને! શરૂઆત થઈ છેને આ? આહા..હા..! .. પંડિતજી બહુ બોલે .. પણ આ બે બોલનું ... ત્યાં આગળ આત્મા આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનાનંદ જ્ઞાનનો પુંજ છું. એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ પર્યાયબુદ્ધિ છૂટીને વસ્તુની બુદ્ધિ થઈ છે. એ બુદ્ધિમાં એને હવે રાગાદિ આવે તો કહે છે કે એ રાગનું જ્ઞાન સાથે કરતું આવે ચૈતન્યની પર્યાય, પણ રાગનો કર્તા થાય એ સમકિતી નહિ. ...ભાઈ! આ બધા ઘણા કામ કર્યા તમે તો. એય..! આહા..હા..! દ્રવ્ય ક્યારે રહે? દ્રવ્યપણે રહીને પલટે પોતાથી, બીજાથી નહિ. તો તો અનંત-અનંતપણે રહે. એકબીજાથી બીજામાં થાય તો અનંત અનંતપણે પ્રગટ નહિ રહી શકે. સમજાણું કાંઈ? ખીચડો કરશે અજ્ઞાની એને. આવો માર્ગ છે, ભાઈ! ચોર્યાસીના અવતાર જન્મ-મરણ કરીને સોથા નીકળ્યા એના ભાઈ! એ નરકના દુઃખ, નિગોદના દુઃખ. આહા..હા..! જીવતા ઘાણીમાં પીલે રાખ્યા. એ શરીરની ક્રિયાનું દુઃખ નહિ. અંદર આકુળતા થઈ છે એ દુઃખ છે અને એ દુઃખનું કર્મ એનું કાર્ય અજ્ઞાનીનું આ દુઃખ મેં કર્યું એટલો અહંકાર એનો એથી આગળ વધીને શરીરને હલાવે, શરીરને કાપે આમ કરે એ શરીરના કામ અજ્ઞાનીના રાગના કર્તવ્ય સિવાય બીજું કામ એનું નથી. ધર્મીનું કાર્ય તો રાગનું પણ નથી. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ એને તો રાગનું જ કાર્ય નહિ, રાગનો કર્તા નહિ, રાગ તેનું કાર્ય નહિ. આહા..હા..! ધર્મીનો કર્તા દૃષ્ટિ ચૈતન્યના પ્રભુ માહાત્મ્ય ઉપર પડી છે અંદરના આનંદના વેદનવાળી. એથી તે આનંદ અને વીતરાગી પર્યાય જ્ઞાનની થાય એનો એ કર્તા. અને જે વીતરાગી પર્યાય

થઈ તે તેનું કર્મ નામ કાર્ય. રાગનું કર્મ અને રાગનો કર્તા એ સમકિતી હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કંપન ઘરે રહ્યો એને ઘરે. અહીં ક્યાં ગરી ગયો છે? કંપન રહ્યો તેરમા સુધી .. થયો. એમાં શું? સમકિતીની પર્યાયમાં એ નથી. જેમ છ દ્રવ્ય ભિન્ન છે. આહા..હા..! .. ન આવ્યો પહેલો બોલ? છ દ્રવ્ય સ્વરૂપ લોક, છ દ્રવ્ય સ્વરૂપ લોક. ૪૯ ગાથા. અવ્યક્તના છ બોલ. એનો પહેલો બોલ. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે. વ્યક્ત છે. એનાથી ભિન્ન ભગવાન તે અવ્યક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! મૂળ વાતની જ ખબર ન મળે. કહે છે છ દ્રવ્ય સ્વરૂપ લોક. રાગ આવ્યોને એ તો બીજા બોલમાં. છતાં પણ આમાં આવી જાય બધુંય. ભિન્ન પાડવા પછીનું છે. જગતચક્ષુ અબોધ ચક્ષુ. કેવળજ્ઞાનીના કહેણ છે બધા. આહા..હા..!

કહે છે ધર્મી જીવનો રાગ કહેવાય? કે ના. ના. એ રાગ નથી. એ રાગનો કર્તા નથી, રાગ એનું કાર્ય નથી. એ તો ... છે નહિ. સમજાણું કાંઈ? કષાયનો સમૂહ જે ભાવકભાવ કોઈપણ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એ કષાયના સમૂહ ભાવકભાવ ભાવના કરનારનો ભાવ એ તો વ્યક્ત છે. બાહ્ય છે. ભગવાન તો એનાથી ભિન્ન અવ્યક્ત છે. ભગવાન એટલે આત્માને અહીંયાં ભગવાન કહીએ છીએ હોં. ઓલા ભગવાન તો ભગવાન પાસે રહ્યા. એની પાસે આવતા નથી અહીંયાં. નિજાત્મા પરમાત્માસ્વરૂપ જે ભગવાન છે એવી જેને અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થયો એને કહે છે કે કષાયના ભાવ વ્યક્ત છે એનાથી ભગવાન અવ્યક્ત ભિન્ન છે. બે એક થતા નથી. ૪૯ ગાથા છે. બધું ઓલા પન્નામાં જેમ ધ્યાન રાખીને વાંચ્યું હોય એમ આ વાંચ્યું નહિ હોય. ગોદિકાજી! એમાં બે-ચાર લાખ રૂપિયા મળે ધૂળ. ધૂળ મળે છે. ધૂળ તો ધૂળમાં રહી. એની પાસે નથી આવતી. એની પાસે નથી એમ કહ્યુંને. એની પાસે આવતી જ નથી. એના પૈસા જ નથી. એ તો ધૂળ છે. એ જડપણે પૈસા રહ્યા છે. આત્માની પર્યાયપણે રહ્યા છે? પર્યાયપણે થયા છે? શરીર જડપણે રહ્યું છે આ. એ આત્માની પર્યાયપણે રહ્યું છે આ? એ તો જડપણે રહ્યું છે. એના દ્રવ્યની પર્યાય ત્રણે જડ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે વિકલ્પ જ કેવળ કાર્ય છે અજ્ઞાનીનું. આહા..હા..! જ્ઞાનીનું વિકલ્પ કાર્ય બિલકુલ નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જ્ઞાનીને એ પણ એનું કાર્ય નહિ. કોણ કહે છે વ્યવહારથી નિશ્ચય થાય? રાગથી નિશ્ચય થાય વીતરાગ પર્યાય? રાગ કારણ અને વીતરાગ પર્યાય કાર્ય? કોણે કહ્યું? એ અજ્ઞાનીઓની દલીલ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન આત્માના જ સ્વભાવથી આશ્રયે થાય એને કોઈ રાગની મંદતા અને વ્યવહારની કોઈ અપેક્ષા છે નહિ.

.. વિકલ્પ આવ્યો છે. ૬૨મી ગાથા છે. ચર્ચા થઈ હતી મોટી તેરની સાલમાં. ત્યાં ... જે જીવમાં વિકલ્પ અને રાગાદિ-દ્વેષાદિ દોષ થાય છે એ નિશ્ચયથી વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના પોતાથી તે દોષ જીવની પર્યાયમાં અજ્ઞાનીને થાય છે. ... બીજા કારકોની અપેક્ષા રાખ્યા વિના. પંચાસ્તિકાય ૬૨ ગાથા. ... સમજાણું કાંઈ? વિકારના પરિણામ મિથ્યાત્વના, રાગ-દ્વેષના. એ પરિણામ ષટ્કારકરૂપે પોતે પરિણમીને અજ્ઞાની કરે છે. એને પરકારકોની અપેક્ષા છે નહિ. આહા..હા..! ૬૨ ગાથા. ... બધા પંડિતો બેઠા હતા. અરે..! આમ ન હોય. ... એનો અર્થ શું? એની પર્યાયના સ્વતંત્ર વિકાર છે. એ વિકાર કાંઈ પરને લઈને થાય છે, દ્રવ્ય-ગુણને લઈને થાય છે એમ પણ નહિ. સમજાણું કાંઈ?

કહે છે આહા..હા..! વિકારના એક સમયનો વિકાર પણ ષટ્કારકે એક પર્યાય ષટ્કારકે હોં. એનો કર્તા અંશ, કર્મ અંશ, કરણ અંશ, સંપ્રદાન, અપાદાન, એક પર્યાયના છ ભાગ. .. આવ્યા અહીં તો. આહા..હા..! એ કરે. એમ. ધર્મની પર્યાય પણ સમ્યગ્દર્શન દ્રવ્યને આશ્રયે થાય એમ એક અપેક્ષાથી કરાય છે. ... પણ સમ્યગ્દર્શનની પર્યાયનો અંશ સ્વતંત્ર પણે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એક પર્યાયના છ ભાગથી સ્વતંત્ર થાય છે. આ ૩૨૦. ચેતનજી! .. દ્રવ્ય કર્તા પર્યાયનો નથી. મોક્ષની પર્યાય અને સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. ૩૨૦. પણ એનો આ અર્થ છે. એ પર્યાય જે છે એ સત્ છે. સત્ છે એને કોઈ હેતુ હોય નહિ. વ્યવહારથી કહેવાય નિર્મળ .. એ દર્શનમોહનો અભાવ થાય તો અહીં સમકિત થાય એવી અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપા! ભગવાન! તારી બલિહારી છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લાવ્યા અને ઈ હતું એની પાસે. વિશેષ નિર્મળ થઈ. કુંદકુંદાચાર્ય પાસે તો હતું અંદર. ભગવાન પાસે જઈને વધારે નિર્મળ. પરલક્ષ. ... ... આહા..હા..!

સ્વલક્ષી તો અંતરના આશ્રયમાં જ્ઞાનને પકડીને અંદર પરિણતિ નિર્મળ સમ્યક્ સાચી પ્રગટે એ સ્વલક્ષી જ્ઞાન કહેવાય એ જ્ઞાની એના.. જ્ઞાન થયુંને. એનો એ કર્તા. .. નિશ્ચયથી તો પર્યાય કર્તા છે પણ દ્રવ્યને કર્તા અભેદથી એમ કહેવાય. ૧૦૦મી ગાથામાં આવ્યું છે ૧૦૦મી ગાથા. સમજાણું કાંઈ? .. એક-એક ગાથાએ દરિયો ભર્યો છે. કેવળજ્ઞાનીની વાણી આવી છે એમાંથી ગુંથીને તે જ્ઞાનની દશામાં આવી ગઈ આ વાત. આહા..હા..! કહે છે કે કેવળ એકલું જ અજ્ઞાનીનું રાગ અને દ્વેષ કે વાસના વિષય એ અજ્ઞાનીનું એકલું કાર્ય છે. એ મર્યાદા છોડીને ભાષાની પર્યાય કરે, શરીરને હલવે, શરીર થતી ક્રિયાને અટકાવે સમજાણું કાંઈ? એ કાર્ય અજ્ઞાનીનું વિકલ્પ સિવાય બીજું કોઈ કાર્ય નથી. બરાબર છે? ... ... વસ્તુની વસ્તુ છે. વિષયની વસ્તુ નથી.

કહે છે કેવળ એક. આહા..હા..! .. જ્ઞાનીને એ દાનના પરિણામનું જ્ઞાન પોતાનું પોતામાં વર્તે છે. દાનના પરિણામ પોતાનામાં ન વર્તે. તેમ દાનના પરિણામમાં જ્ઞાની ન વર્તે. કેમકે એ રાગ છે. રાગમાં એનું વર્તન ન હોય. આહા..હા..! કહો, ચેતનજી! અને અજ્ઞાનીને રાગનો કર્તા થયો તે રાગ સિવાય એનું કાર્ય બીજું નથી હવે. બીજાની હિંસા કરી શકે, બીજાની દયા પાળી શકે, સત્ય બોલવાની ક્રિયા પોતે કરી શકે, જૂઠ બોલવાની પોતે કરી શકે એ કાર્ય અજ્ઞાનીનું પણ નથી. ચોપડો આ પુસ્તક બનાવવાનો વિકલ્પ આવ્યો. કુંદકુંદાચાર્યને એ કાળે પણ અનુભવની દૃષ્ટિ તો પડી છે અંદર. એથી તેનું જ્ઞાન. સ્વનું જ્ઞાન અને રાગનું જ્ઞાન. એ કાળે રાગ ઉત્પન્ન થાય તે પ્રકારનું જ્ઞાન પોતાને કારણે સ્વતંત્ર જ્ઞાન કાર્ય ઉત્પન્ન થયું છે. એ જ્ઞાન એનો કર્તા અને એ જ્ઞાન એ પર્યાયનું કાર્ય. રાગનો કર્તા રાગ કાર્ય. વ્યવહારરત્નત્રયનો કર્તા જીવ અને વ્યવહારરત્નત્રય એનું કાર્ય જ્ઞાનીમાં નહિ. આહા..હા..! હવે એ વ્યવહાર-નિશ્ચય ..ભાઈ! એ વ્યવહાર એ જ્ઞાનીનું કાર્ય નહિ. એય..! નવરંગભાઈ!

અરે..! ભગવાન! શરીર વ્યવહાર કારણ થાય, નિશ્ચય કાર્ય. ... નિયતનો હેતુ. વ્યવહાર.. નિશ્ચય તે સત્યાર્થ. .. ઉપચાર વ્યવહાર. ઉપચાર એ કથન છે સાંભળને. સમજાણું કાંઈ? અહીંયાં વિકલ્પ અજ્ઞાનીનું એકલું કાર્ય ત્યારે ધર્મીનું એકલું જ્ઞાન અને દર્શનની પર્યાય નિર્મળ થાય ઈ એકલું કાર્ય છે. રાગનું કાર્ય અને બીજાને કોઈ સમજાવાની ક્રિયા થાય વાણી ભાષા આદિની એ એનું કાર્ય નથી. સમજાણું કાંઈ? જુઓ, '**(બીજા કોઈ કર્તા-કર્મ નથી;)**' એ કૌંસમાં નાખવું પડ્યું. ઓલો રાગનો કર્તા અજ્ઞાની. એ રાગનો કર્તા બીજો કોઈ નહિ. કર્મ આદિ નહિ એમ અને રાગનું કર્મ એનું એ બીજું કર્મ એનું નહિ. બીજું કાર્ય નહિ. બે બોલ થયા.

હવે ત્રીજો બોલ. '**सविकल्पस्य**' '**कर्तृकर्मत्वं**' '**नश्यति न**' છેને બોલ? ત્રીજો. '**જે જીવ વિકલ્પસહિત છે...**' '**सविकल्पस्य**' કહ્યુંને. જેણે રાગસહિત આત્મા માન્યો છે. વ્યવહારરત્નત્રયના રાગવાળો આત્મા માન્યો છે એવા અજ્ઞાનીને '**सविकल्पस्य**' વિકલ્પસહિત તેના કર્તાકર્મનો નાશ થતો નથી. કેમકે રાગસહિત આત્મા છે એમ જેણે માન્યું એને રાગનો કર્તા અને રાગનું કર્મ એનો નાશ નહિ થાય. એ કર્તાકર્મમાં જ રહેશે. '**सविकल्पस्य**' જેનો આત્મા રાગવાળો છે એમ જેણે માન્યું છે. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો શુભરાગ એવા રાગસહિત હું છું એવું જેણે માન્યું છે એનો રાગનું કર્તાપણું અને રાગનું કર્મ નહિ છૂટે. એનો રાગનું કર્તાપણું અને રાગ નહિ નાશ થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જે જીવ વિકલ્પસહિત છે...**' ૧૪મી ગાથામાં આવ્યું છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાય આમાં છે. ૧૪મી ગાથા પુરુષાર્થસિદ્ધિ ઉપાય.

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।

ભગવાન અમૃતચંદ્રાચાર્ય પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં ૧૪મી ગાથામાં આવે છે.

**'એ રીતે આ આત્મા...'** કર્મકૃત રાગાદિ, વ્યવહાર રત્નત્રય આદિના વિકલ્પો એ કર્મના નિમિત્તના સંગે થયેલા માટે કર્મકૃત કહેવામાં આવ્યા છે. **'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં...'** **'असमाहितो'** ભગવાન આત્મા રાગ અને શરીરથી રહિત છે. તેમ હોવા છતાં પણ **'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...'** રાગસહિત છું... રાગસહિત છું... એવો જેને ભાસ થાય છે એ પ્રતિભાસ ખરેખર સંસારનું બીજ છે. મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાત સંતો સિવાય ક્યાંય હોય નહિ. દિગંબર સંત સિવાય આવી વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? સીધી-સીધી વાત અંદર પકડાઈ જાય. આહા..હા..!

કહે છે જેણે કેમકે નવ તત્ત્વ છેને? રાગાદિ, પુણ્યાદિ, દયા, દાન, વ્રતાદિ ભાવ અને શરીરાદિ અજીવ તત્ત્વ છે. જ્યારે આસ્રવ અને અજીવથી રહિત જે જ્ઞાનતત્ત્વ છે. આસ્રવ અને અજીવથી રહિત જ્ઞાનતત્ત્વ છે. આત્મતત્ત્વ એને આસ્રવ અને શરીરસહિત માને એ મિથ્યાત્વ છે. આહા..હા..! એક તો કર્મને લઈને વિકાર થાય એમ માનનારા બે તત્ત્વને એક કરી નાખે છે. અજીવ તત્ત્વ અને આસ્રવ તત્ત્વ બે ભિન્ન છે એમ આને લઈને અહીં થાય તો બે તત્ત્વ એક થઈ ગયા, બે તત્ત્વ ભિન્ન ન રહ્યા અને શુભરાગને લઈને અહીં ધર્મ થાય તો શુભરાગ આસ્રવ છે, સંવર છે તે બીજી ચીજ છે. તો આસ્રવ અને સ્વભાવ બે એક થઈ ગયા. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું, ભાઈ! તારા મારગડા એવા છે.

કહે છે એ વિકલ્પસહિત છે તો દસમા ગુણસ્થાન સુધી છે. નથી, ભગવાન! જેણે રાગસહિત છું એવું માન્યું છે એ વિકલ્પસહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! હેય. વ્યવહાર હેય કહે છે. નિમિત્ત અકિંચિત્કર કહે છે એ તકરારી બધી વાતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કહેતા નથી. એવી વાત આવે છે. એક સિદ્ધાંત થયોને કે સ્વચતુષ્ટયપણે દરેક પદાર્થ છે, પરચતુષ્ટયથી નહિ. કેટલો ખુલાસો! દરેક પદાર્થ પોતાના કાળની પર્યાયથી છે. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ ત્રિકાળ રાખો એકકોર. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. આ એક સપ્તભંગીમાં આખું ક્રમબદ્ધ વ્યવહાર-નિશ્ચય અને નિમિત્ત-ઉપાદાન બધો ખુલાસો છે એમાં. જે કાળે એના રાગાદિ થવાનો અને જે કાળે એને સમકિતની પર્યાય એ એનો સ્વભાવ છે. એ સ્વકાળથી છે અને નિમિત્તાદિનો જે પરકાળ છે એનાથી આ નથી. પરકાળથી નથી. સ્વકાળથી છે અને પરકાળથી નથી. ખલાસ થઈ ગયું ત્યાં. નિમિત્તથી થાય એમ ન આવ્યું અને જે કાળે થાય ત્યાં ક્રમબદ્ધ આવી ગયું.

મુમુક્ષુ :- .. થાય એમ ક્યાં આવ્યું?

ઉત્તર :- પરકાળથી નથી થતું શું છે ત્યારે? એ પર્યાય જે જીવની કે જડની. જે સમયની જે પર્યાય તે કાળ છેને એનો? પૂર્વ-પશ્ચિમ જે સમયે જે એનો કાળ તે એનો કાળ છે. આહા..હા..! એ પોતાથી રાગાદિ કે સમ્યગ્દર્શનની પર્યાય આદિ સ્વકાળે પોતાને થાય એ પરકાળ એટલે પરદ્રવ્યની પર્યાયથી નહિ. આ તો બધું સિદ્ધ થઈ ગયું. જે કાળે જે પર્યાય જે દ્રવ્યની તે ક્રમબદ્ધ થઈ ગયું અને એ પર્યાય પરથી નહિ એ નિમિત્તનું અકિંચિત્કર થઈ ગયું અને નિમિત્ત વ્યવહાર છે અને એનાથી અહીં થાય એ નિષેધ થઈ ગયો. અથવા રાગાદિ અંદર થાય અને નિર્મળ પર્યાય બે એક સમયમાં દેખાય ધર્મીને. સાંભળો. જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એની અંતર અનુભવ દૃષ્ટિ થતાં નિર્મળ પર્યાયનું કાર્ય થયું એની સાથે જરી રાગ વ્યવહાર રહ્યો. આમ તો એક સમય બે સાથે છે. સ્વકાળની પર્યાયના બે ભાગ—એક નિર્મળ, એક રાગ. બે સાથે છે. એમાં રાગથી આ થાય અને આનાથી આ થાય એમાં રહ્યું ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તો આ છે. બેસવું ન બેસવું સ્વતંત્ર છે? એનું કાર્ય તો એના હાથમાં છે. ભગવાનના હાથમાં છે?

કહે છે વિકલ્પસહિત જે જીવ છે. આહા..હા..! ત્રણ બોલે તો પોકાર કરી નાખ્યો છે. છે તો આટલું. વિકલ્પ કર્મ કર્તા, વિકલ્પ તે કર્મ. સવિકલ્પ કર્તાકર્મપણાનો નાશ થતો નથી. આહા..હા..! કહે છે કે જે પ્રાણી ભગવાન આત્માને ચિદાનંદ પ્રભુ એને રાગવાળો માને, એનું કર્તાકર્મપણું રાગ કર્તા એ કર્મ એનું નાશ ન થાય. એ પ્રાણી રાગ વિનાનો મારો આત્મા એમ દૃષ્ટિમાં, અનુભવમાં લે. એ પ્રાણીનો વિકલ્પસહિત આત્મા નથી. એ પ્રાણીનો તો વીતરાગી પર્યાયસહિત આત્મા છે. આહા..હા..! આ સત્‌ને માટે છે પોતાની વાત છે આ તો એના હિતની. અરેરે..! ચોર્યાસીના અવતારમાં ક્યાંય શરણ નહિ. રખડી મર્યો છે ચોર્યાસીમાં. પોતાની આકુળતાની દુઃખની... એ આકુળતાનો કરનાર એ જીવ અજ્ઞાની અને આકુળતા એનું કાર્ય. એ સિવાય બીજે .. પોતાની સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ હોય છે. એ સત્તા બીજામાં જાય નહિ કે બીજાનું કામ કરે. સમજાણું કાંઈ? આહા..હા..! શું યાદ રહે આમાં? ... વાત તો ખોટી છે.

કહે છે સવિકલ્પ જે જીવ વિકલ્પસહિત છે. એ શું કહે છે? જે આત્મા રાગવાળો છું, પુણ્યવાળો છું, વ્યવહાર રત્નત્રયના રાગવાળો છું. એવું જે જીવે માન્યું છે તેનું કર્તાકર્મનું 'जातु' 'नश्यति न' કદી તેનું કર્તાકર્મપણું નાશ નહિ પામે. એનું મિથ્યાત્વ કદી નહિ જાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે જીવ રાગસહિત છે. જે જીવ દોષસહિત છે. દોષસહિત હું છું. એય..! એ દિવસનું પાપ લાગે અને પ્રાયશ્ચિત લેવા. અરેરે..! એ તો બધી વ્યવહારની વાતું છે સાંભળને. અહીં તો વિકલ્પસહિતનો અર્થ વિકારી દોષસહિત જીવ

છે એટલે કે આસ્રવવાળો જીવ છે એમ જેણે માન્યું છે એના આસ્રવનું કર્તાપણું અને આસ્રવ કર્મ બે નહિ નાશ થાય. પ્રવિણભાઈ! ...

'**જે વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું...**' ઓહો..હો..! ગજબ વાત કરી છેને. ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ મૂર્તિ છે. આત્મા આનંદનો સાહેબો ચૈતન્યમૂર્તિ ભગવાન. સાક્ષાત્ પરમેશ્વર પોતે છે. તે ભગવાન પરમેશ્વર છે તેની પર્યાયમાં પરમેશ્વરનો એન્લાર્જ થાય છે. છે એમાંથી આવે છે. એવો ભગવાન એને જેણે મેલવાળો છું એમ માન્યો. એય..! આહા..હા..! નિર્મળાનંદના નાથને મેલવાળો માન્યો. ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હોય કે વ્રતનો ભાવ હોય એ રાગ છે. પણ નિર્મળાનંદના નાથને રાગવાળો માનનારને રાગનો કર્તા કર્મપણું નાશ નહિ થાય. આહા..હા..! ગુજરાતી સમજો છો? ભાઈ! આ તો મોટા પંડિતજી મોટા છે. આહા..હા..! આ પંડિત છે. આવું ન આવે. ભાષા ગુજરાતી છેને.

ભાવાર્થ. આ તો યાદ રહે એવું છે હોં. આ સારા દિવસે આ એક વાત આવી હતી. એય..! પોપટભાઈ! ક્યાં ગયા હસુભાઈ? ૨૮ દિ'માં ૯૭ થઈ આ. ૨૮ દિવસ. ... એ જગતની પર્યાય જગતના કાળે થાય એને કોણ કરે ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય, પણ એનું સ્વામીપણું રાખવું કે ભિન્ન રાખવું એ એમાં વાત છે. (રાગ) હોય તો દસમે ગુણસ્થાન સુધી હોય. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- જ્યાં સુધી વિકલ્પભાવ છે...**' .. જ્યાં સુધી રાગ અને દોષભાવ છે. આત્માનો જ્યાં સુધી દોષભાવ છે એમ જેણે માન્યો છે. ભગવાન નિર્મળાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ છે. એને દોષવાળો માન્યો છે ત્યાં સુધી એના દોષનું કર્તાપણું અને કર્મપણું નાશ નહિ થાય. વ્યવહારનો કર્તા હું ... વ્યવહારનો કર્તા હું. આહા..હા..! વ્યવહાર તો.. નિમિત્ત .. એમ કહે છે. એ વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ સહિત છે એમ માનનારને મિથ્યાત્વભાવનો નાશ ન થાય. કારણ કે રાગનો કર્તા થાય એ કર્તૃત્વ જીવનું નહિ, જીવસ્વભાવનું નહિ. અજ્ઞાનભાવે માન્યું છે. અજ્ઞાનભાવે એનું કાર્ય છે એમ કહેવામાં આવે છે.

'**જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે;...**' ગજબ વાત કરે છેને. બહુ થોડે શબ્દે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આવતું નથી? આવે છે કે નહિ? ચિઠ્ઠીમાં લખે છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. થોડું લખ્યું... થોડું લખ્યું ઘણું કરીને જાણજો. પત્રમાં થોડું લખ્યું હોય તો ઘણું કરીને જાણવું તમારે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞે કહ્યું એ કુંદકુંદાચાર્યે કહ્યું. એનું આ સ્પષ્ટિકરણ થાય છે. સમજાય છે કાંઈ? '**જ્યારે વિકલ્પનો અભાવ થાય...**' એટલે શું? એ દોષસ્વરૂપ મારામાં નથી, રાગ મારામાં નથી

એવું જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે કર્તાકર્મ ભાવનો પણ અભાવ થાય છે. ત્યારે તેને રાગ અને દોષનો કર્તા અને દોષ કર્મ એનો એને નાશ થાય છે. ત્યારે તે આનંદની પર્યાયનો કર્તા અને આનંદની પર્યાય કર્મ ત્યારે એને ઉભું થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૯૬

(रथोद्धता)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।

જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે-એમ હવે કહે છેઃ-

શ્લોકાર્થઃ- [यः करोति सः केवलं करोति] જે કરે છે તે કેવળ કરે જ છે [तु] અને [यः वेत्ति सः तु केवलम् वेत्ति] જે જાણે છે તે કેવળ જાણે જ છે; [यः करोति सः क्वचित् न हि वेत्ति] જે કરે છે તે કદી જાણતો નથી [तु] અને [यः वेत्तिसः क्वचित् न करोति] જે જાણે છે તે કદી કરતો નથી.

ભાવાર્થ :- કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી. ૯૬.

**માગશર વદ-૮, બુધવાર, તા. ૨૭-૧૨-૧૯૭૨**
**કળશ-૯૬-૯૭, પ્રવચન-૨૬૬**

૯૫ કળશ થયો. કર્તાકર્મનો. ૯૬. આ કર્તાકર્મનો અધિકાર ચાલે છે. 'જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે...' બે ભાગ પાડ્યા.

(रथोद्धता)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।

'શ્લોકાર્થ :-' '**यः करोति सः केवलं करोति**' શ્લોકાર્થ. સૂક્ષ્મ વિષય છે. 'જે કરે છે તે કેવળ કરે જ છે...' કોને? રાગને. પરને તો કરી શકતો નથી. પરનું કામ તો એનું છે જ નહિ. પોતાના સ્વરૂપને ભૂલી રાગને કરે. પુણ્ય-પાપના વિકલ્પને કરે. એ કરે તે કર્તા જ છે. કેવળ કરે જ છે એમ. એમાં બિલકુલ જાણવાની દશા છે નહિ. સમજાણું કાંઈ? 'કરે છે તે કેવળ કરે જ છે...' રાગના વિકલ્પને, પુણ્ય-પાપના ભાવને જે કર્તા થઈને કરે છે તે કેવળ કરનારો જ છે. મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? શુભ-અશુભ રાગને કરે એની બુદ્ધિ રાગ ઉપર અને પર્યાય ઉપર છે. એથી કેવળ કરનારો, રાગનો કરનાર કર્તા છે. એને ધર્મની પર્યાયની .. છે નહિ.

'અને જે જાણે છે...' '**वेत्ति**' ધર્મી પોતાના સ્વભાવને જાણતા રાગને પણ જાણે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ. કેમકે આત્મા તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ સ્વભાવ વિભાવથી ભિન્ન છે. એમ જ્યાં ભાન થયું ત્યારે તે જાણનારો જાણનારની જ ક્રિયાને કરે છે. રાગને નહિ. આહા..હા..! કહે છે કે જે અંદરમાં શુભ અને અશુભ ને વિકલ્પ-લાગણી થાય તેને કરે છે એની દૃષ્ટિ રાગ ઉપર, વિકાર ઉપર છે. સમજાણું કાંઈ? એથી એ કરનારો શું કરે? આ સમજાણું કાંઈ? ૯૬-૯૬ શ્લોક ચાલે છે. ઝીણો વિષય છે. અનંતકાળમાં એણે પોતાનો સ્વભાવ જાણક સ્વભાવ છે. એમાં રાગનું કરવું એનો સ્વભાવ નથી. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ રાગ એ રાગને રચવું એ વસ્તુનું સ્વરૂપ નથી. જે રાગને રચના કર્તા થઈને કરે છે એ કેવળ કર્તા જ છે. એકલો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

છેને? 'यः करोति सः केवलं करोति' પરના કાર્યની તો અહીંયાં વાત છે જ નહિ. એ તો સવારમાં કહ્યું હતું. કર્મ તો વિકલ્પ તે એનું કાર્ય. એ સિવાય કોઈ પરના કામ કરી શકે (એમ નથી). અહીંયાં તો ભગવાન એમ કહે છે. એમ છે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી પદાર્થ એને ભૂલીને અનાદિનો જે એમાં પુણ્ય અને પાપની લાગણીઓ, વૃત્તિઓ, વિકલ્પ ઉઠે એને કરે છે એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. પંડિતજી! 'જે કરે છે તે કેવળ કરે જ છે...' એમ છેને? રાગની ક્રિયા અંદર વિકારી, એની દૃષ્ટિ પર ઉપર છે. પર એટલે આ શરીર, વાણી, મન તો પર છે એ તો ક્યાંય દૂર રહી ગયા. પણ અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ પણ વિભાવ અને વિકાર છે એનો જે કર્તા છે એ કરે જ છે બસ. એને જાણવાની ક્રિયા ધર્મની છે નહિ. શેઠ! ઝીણી વાત બહુ ભાઈ!

'અને...' જે 'यः वेत्ति सः तु केवलम् वेत्ति' અને જે ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ પોતાના ચૈતન્ય સ્વભાવને જાણેલો હોવાથી અને તેને આનંદના વેદનમાં આત્મા આનંદસ્વરૂપ છે એવું ભાન હોવાથી, ધર્મી તો એકલો જાણનાર જ છે. તે રાગનો કે પરક્રિયાનો એનો કર્તા એ ધર્મી છે નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જેને આત્મસ્વભાવ અખંડ પૂર્ણ એવું જેને અંતરમાં ભાન થયું છે. અનંતકાળે નહિ થયેલું પ્રભુ! જેની વર્તમાન પર્યાય, અવસ્થા દ્રવ્ય ઉપર ઢળી છે, વળી છે. સમજાણું કાંઈ? જેની વર્તમાન પર્યાય રાગ ઉપર વળી છે એ કર્તા એકલો છે. તે મિથ્યાદૃષ્ટિ છે. અને જેની વર્તમાન પર્યાય જ્ઞાતા વસ્તુ ધ્રુવ ઉપર વળી છે તે એકલો જ્ઞાતા જ છે. એ વ્યવહારના વિકલ્પનો પણ એ કર્તા નથી. ભારે ધર્મ ભાઈ આ. કહો, શશીભાઈ!

'જે જાણે છે તે કેવળ જાણે જ છે;...' ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય છે એ તો. ચૈતન્યસૂર્ય. એમાં ચૈતન્યનો ચમત્કાર ચૈતન્યનો પ્રકાશ વહે છે. એવું જ્યાં અંતરમાં ભાન થયું સમ્યગ્દર્શનમાં. એ તો જ્ઞાન જાણવાની ક્રિયાનો કર્તા. એ જાણવું તે જાણવું જ કરે. જાણવું તે કર્તા થાય રાગનો અને કર્તા થાય તે જાણવાનું કરે એમ બે હોઈ શકે નહિ. આવું ઝીણું! કહો, સમજાય છે આમાં? ..ભાઈ! આ પથરા-બથરાનું કાંઈ ન કરે. એ તો અજ્ઞાની (પણ) ન કરે એ તો વાત આવી ગઈ. આહા..હા..! ભાઈ! તારી સત્તામાં તારા હોવાપણામાં તો પ્રભુ અખંડ પરમેશ્વર ચીજ છે. સમજાણું કાંઈ? એક બોલ તો એવો આવે છે ભાઈ ઓલા ૩૨૦માં નહિ? ૩૨૦ ગાથા. હું તો ત્રિકાળી નિરાવરણ અખંડ-અભેદ ચીજ છું. આ છેલ્લું-છેલ્લું. ધર્મી ખંડ-ખંડ જ્ઞાનનું ધ્યાન કરતા નથી. સમકિતી. અખંડ જ્ઞાન તે હું એમ ધ્યાન કરે છે. સમજાણું કાંઈ? અખંડ જ્ઞાન તે હું એ જાણે કોણ? એ જાણવાની પર્યાય છે એ એમ માને-જાણે છે કે આ અખંડ જ્ઞાન તે હું. રાગ તે હું નહિ, પર તે હું નહિ. પણ ખંડ-ખંડ જ્ઞાન તે હું નહિ. સમજાણું કાંઈ? ૩૨૦ બાબુભાઈ! તમારી બિમારી વખતે. ભાઈ!

બિમારી થાય તો લોકો એમ કહે કે કાંઈક દવા લઈને આવ્યા હશે? દવા તો આ છે, બાપા! આહા..હા..! તે દિ' માંદા હતાને જરી? ... દવા લઈને. પાનું લઈને અમે આવ્યા. કાંઈક દવા હશે આમાં. અરે..! ભાઈ! અહીં દવા કેવી? અહીં .. કેવો?

આ તો આત્મા આનંદની મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ તેનું સત્ નામ હોવાપણે આનંદ અને જ્ઞાનને હોવાપણે એ તો છે. તે રાગને અને પરને હોવાપણે એ છે નહિ. એટલો તો નહિ, પણ (એક) સમયની પર્યાયના ખંડ-ખંડ એટલો પણ એ નહિ. એમ અખંડ એકરૂપ સામાન્ય વસ્તુ એ હું. એમ જેની વર્તમાન પર્યાય આ ધ્રુવ તે હું એમ કામ કરે એ તો જાણવાની જ ક્રિયાનો કર્તા છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ઝીણું! કોઈ દિ' અનંતકાળ. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. દિગંબર સાધુ થયો, અગિયાર અંગ ભણ્યો, પંચ મહાવ્રત પાળ્યા. પાળ્યા એટલે રાગને પાળ્યો. પણ રાગ વિનાનો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપનું જ્યાં અંતરમાં સમ્યગ્દર્શનમાં ભાન થયું કે હું અખંડ છું એવા ભાનમાં જે જ્ઞાનની પ્રગટી એ પર્યાયનો એ કર્તા વ્યવહારે કહી શકાય. ફેર છેને એટલો? નિશ્ચયથી તો એ પર્યાયનો એ કર્તા દ્રવ્ય નથી. ભારે આકરું! સમજાણું કાંઈ? પણ જે જાણનારો આમ જાણે છે એ જાણનારો જાણવાની જ ક્રિયાનો કર્તા છે. એ ભેગો થોડો રાગને પણ કરે અને જાણવાની ક્રિયા કરે એમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જે જાણે છે તે કેવળ જાણે જ છે;...'** ઓલું ભાઈએ મૂક્યું છેને બનારસીદાસે. આમ બને છેને ઈ? 'જે કરે કર્મ સોહી રે કરતારા જો જાણે સો જાણનહારા. કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ.' આ શ્લોકનું બીજું છે. છેને જુઓને. જે કર્તા તે કેવળ છેને. 'કરે કર્મ...' કર્મ એટલે રાગ. રાગ જ એનું કર્મ છે અજ્ઞાનીનું. આહા..હા..! 'કરે કર્મ સોહી રે કરતારા,' એ રાગનો કર્તા, પુણ્યનો કર્તા, વ્યવહાર, દયા, દાનના વિકલ્પનો કર્તા એ કર્તા જ એકલો છે. અને જે એનો જ્ઞાતા. હું રાગસહિત નહિ, શરીરસહિત નહિ, પણ એક સમયની પર્યાયના સ્કંધવાળો (સંબંધવાળો) હું નહિ. આહા..હા..! એ વસ્તુદૃષ્ટિ અભેદ દૃષ્ટિ થવાથી ધર્મી સમકિતીને ચોથે ગુણસ્થાનથી જાણવાની ક્રિયાનો એ કર્તા એ જાણનાર. એ જાણનાર રાગને કરે અને જાણનાર થાય બે હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ભાષામાં સમજો છો ભાઈ? થોડું-થોડું સમજવું. ... આહા..હા..!

ભાષામાં તો ભાષા છે. સમજાણું કાંઈ? હું અખંડ અભેદ છું એ તો શબ્દ થયો. એ શબ્દ તો વાચક થયો. એનું વાચ્ય અંદર? અખંડ અભેદ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે. અભેદ ઉપર હોય છે. કેમકે સમ્યગ્દર્શનનો વિષય તે અભેદ, ધ્રુવ, એક સામાન્ય એ એનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય પર, રાગ અને પર્યાય વિષય એનો (નથી). સમજાણું કાંઈ? એથી કહે છે કે જે જાણનાર. હું એક અખંડ જ્ઞાનમય ચીજ છું એવી જ્યાં અનુભવ

દૃષ્ટિ થઈ. અને તેથી જ સમ્યગ્દૃષ્ટિને અનાકુળ આનંદની શાંતિનું વેદન આવ્યું. એ વેદનની પાછળ રાગ જે દેખાય એ આકુળતામય એને દેખાય છે. ચાહે તો પંચ મહાવ્રતનો વિકલ્પ હોય કે બાર વ્રતનો હોય. સમજાણું કાંઈ? ભગવાન અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે. એવી અંતર દૃષ્ટિ અનુભવ થતાં એની પર્યાયમાં આનંદનું, શાંતિનું, અતીન્દ્રિય આનંદનું વેદન આવે છે. એ વેદનનો કરનાર જાણનાર રહે છે. કેમકે એ વખતે રાગાદિ આવે, પણ આ આનંદની સાથે મેળવતાં આકુળતા છે. એ આકુળતાનો કર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે જાણે છે તે કેવળ જાણે જ છે;...'** 'કરે કર્મ સોહી કરતારા જો જાણે સો જાણનહારા. કર્તા સો જાણે નહિ કોઈ' તે વિકલ્પની વૃત્તિઓ, દયા, દાન, વ્રતની. એનો જે કર્તા થાય. 'કર્તા સો જાણે નહિ હોઈ' એ આત્મા અને રાગ (કર્તા થાય તે) બેને જાણી શકે નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! આવો માર્ગ છે ભગવાનનો ભાઈ! વસ્તુનો એવો સ્વભાવ છે. કાંઈ ભગવાને કર્યું છે એ માટે થયું છે? વસ્તુ આવી છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, કોઈ વાડો નથી. વસ્તુનું સ્વરૂપ જ એ છે. વીતરાગ અકષાયરસ આત્મા. આત્મા એટલે વીતરાગ અકષાયરસ તે આત્મા. એને આશ્રયે પ્રગટ થયેલી વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાય એ જૈનદર્શન. સમજાણું કાંઈ? આ તો તમારા જૈનમાં આમ છે .. ભાઈ! વસ્તુ એવી છે, ભાઈ! આત્મા વીતરાગ મૂર્તિ છે, નાથ! તને ખબર નથી. જેમાં રાગની ગંધ નથી. ભગવાનની ભક્તિ અને નામ સ્મરણનો વિકલ્પ ઉઠે એ વિકલ્પની ગંધ નથી ચીજમાં. એવી ચીજને 'જિન સોહી એ આત્મા' એ વીતરાગી સ્વરૂપ તે આત્મા. એવી જેની અંતરમાં દૃષ્ટિ થઈ. ભલે લડાઈ આદિમાં સમકિતી ઉભો હોય. લડાઈ સમજો છો? છતાં જ્ઞાની તો જ્ઞાનનો કરનારો છે, એ રાગનો પણ કરનારો એ નહિ અને દેહની ક્રિયાનો કરનાર એ નહિ. કહો, રતનચંદજી! માર્ગનું સ્વરૂપ જ આવું છે. આ કાંઈ કલ્પીને કર્યું છે એવું છે? વસ્તુની સ્થિતિ જ એવી છે.

જેની દૃષ્ટિ રાગ અને પર્યાયથી ઉઠી ગઈ છે. જેની દૃષ્ટિમાં અંતર ધ્રુવ ચૈતન્ય ટળવળે છે. સામાન્ય ધ્રુવ અભેદ એકરૂપ છું એમ પર્યાયમાં જણાય છે. આહા..હા..! ધ્રુવ તો શું જાણે? ધ્રુવમાં ક્યાં ક્રિયા છે પરિણમવાની, બદલવાની? જે જાણવાની ક્રિયા છે ઈ જાણે છે કે આવો ભેદ છે. ૩૨૦માં ભાઈ આવ્યું છેલ્લે કીધું હતું કે ધર્મી ખંડ-ખંડ જ્ઞાનને નથી જાણતો (માનતો) અખંડ જ્ઞાન હું છું, અખંડ જ્ઞાન હું છું. હું અખંડ જ્ઞાન છું એવી જે જ્ઞાનની પર્યાય તે અખંડ જ્ઞાન છું એમ એ માને છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં જે જ્ઞાનની, શ્રદ્ધાની, આનંદની, શાંતિની દશા પ્રગટ થઈ એ શાંતિની પર્યાય વ્રતાદિનો વિકલ્પ છે એની એ પર્યાય કર્તા નથી. આહા..હા..! અને એ શાંતિની પર્યાય થઈ. બહુ આગળ જાવ તો એ શાંતિની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આવી વાત છે. અહીં

જાણવાનું કહ્યુંને? ... એનો અર્થ ત્યાં ચૈતન્યપુંજ પ્રભુ ચૈતન્યના પ્રકાશનું પુંજ. એમ જ્યાં દૃષ્ટિ અંતર પડી. પડી એટલે? દૃષ્ટિ ત્યાં વળી, દૃષ્ટિ ત્યાં પ્રસરી ધ્રુવ ઉપર. એટલે તે જ્ઞાની જ્ઞાનની પર્યાયનો કર્તા, પણ એ પર્યાય રાગનો કર્તા નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એનો એ કર્તા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? નહિતર બે એક થઈ જાય છે. જ્ઞાન અને આનંદની પર્યાય ધર્મીની અને રાગની બે એક થઈ જાય છે. એક કરનારો તો મિથ્યાદૃષ્ટિ કર્તા છે. આહા..હા..! બાપુ! મારગડા જુદા છે આ.

કહે છે. આ શ્લોક જ આવ્યો ઓલા જેવો. 'કરે કર્મ સોહી કરતારા.' એ બહારથી એના માપ આવે એવા નથી. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ દૃષ્ટિ અને થયેલું સમ્યગ્જ્ઞાન એ બાહ્ય વિકલ્પવાળાથી એનું માપ કરી શકે એવી એ ચીજ નથી. આહા..હા..! કહે છે જે '**જે જાણે છે તે કેવળ...**' પાછી ભાષા. '**કેવળ જાણે જ છે...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાનથી કેવળ જાણનાર એક જ છે. બીજું કાંઈ છે જ નહિ એમાં. કેમકે એનો સ્વભાવ જ્ઞાનનો પુંજ છે. એવું જે ભાન થઈને નિધાનમાંથી શક્તિમાંથી વ્યક્તિ, સ્વસંવેદનનું જ્ઞાન પ્રગટ્યું. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય રાગ હો, દ્વેષ હો એને જાણે. એમ કહેવું એ વ્યવહાર છે. પણ અહીં જાણે સ્વપરપ્રકાશકની પર્યાય થાય છે તે જાણે છે બસ. ખરેખર તો પોતાને જાણે છે એ. પણ તે રાગને જાણે એમ કહેવામાં વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું, ભગવાન! ઝીણી ચીજ છે નાથ! આ ધ્રુવ દૃષ્ટિ એવી છે. આ વાદવિવાદે પાર પડે એવું નથી આ. સમજાણું કાંઈ? આમ કહ્યું છે ને તેમ કહ્યું. જેમ છે એમ છે. આ રીતે સમજ્યા વિના કાંઈ મેળ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અને '**यः करोति सः क्वचित् न हि वेत्ति**' '**જે કરે છે તે કદી જાણતો નથી...**' આહા..હા..! એ શુભરાગની પરિણામ દશા એને કરે છે એ કાંઈ જાણતો નથી. કાંઈ જાણતો નથી. પોતાને પણ જાણતો નથી અને રાગને પણ જાણતો નથી. કારણ કે કર્તામાં ગયો છે આહા..હા..! ..ચંદજી! '**જે કરે છે તે કદી જાણતો નથી...**' એમને? '**क्वचित्**' છેને? '**કદી જાણતો નથી...**' આહા..હા..! ભગવાન ચૈતન્ય પુંજ પ્રભુ એને ભૂલીને રાગને કરે તે કદી જાણતો નથી. એ આત્માને જાણતો નથી અને આ રાગ છે એને પણ જાણતો નથી. થોડો અભ્યાસ કરવો પડશે હોં. ત્યાં ધૂળમાં કાંઈ નથી હોં. હેરાન-હેરાન છે બધા. કરોડ રૂપિયા થઈ ગયા એમ કોક કહેતું હતું. પોપટભાઈ પાસે કરોડ છે. હશે કીધું ભાઈ અહીં પચાસ લાખ સાંભળતા હતા. પચાસ લાખ કહેતા હતા, કોઈ કરોડ કહેતું હતું. .. ત્યાં ક્યાં એના છે? રાગ એનો નથી ત્યાં પૈસા એના ક્યાં થઈ ગયા? એય..! કોક વાત કરતું હતું કાલે. ચાલીસ લાખની તો આખી જમીન છે અને ધૂળ છે. .. આટલી જમીન. ઉપજ છે. આહા..હા..!

ભાઈ! એ રાગનો, મહાવ્રતનો, વિકલ્પનો કણ પણ જીવનો નહિ. બાબુભાઈ! આહા..હા..! એ રાગનો કણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. એ રાગનો કણ જીવનો નહિ. સમજાણું કાંઈ? તો વળી આ રજકણ એના થયા અને રજકણ મારા છે પૈસો રજકણ છેને, ધૂળ છેને? લક્ષ્મી કહો તોપણ ધૂળ, ધૂળ ક્હો તોપણ લક્ષ્મી છે. છે શું માટી છે. શું કહે છે?

મુમુક્ષુ :- એના વિના ચાલે છે।

ઉત્તર :- ધૂળેય ચાલતું નથી. કોણે કહ્યું? આત્માને તો પરદ્રવ્ય નાસ્તિ. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યની નાસ્તિ છે તો એનાથી કામ ક્યાંથી થાય? ... અરે..! આહા..હા..! એય..! ગોદિકાજી!

મુમુક્ષુ :- જિનમાર્ગ નિરાળો છે

ઉત્તર :- આ તો ભગવાનનો માર્ગ અંતરમાં ન્યારો છે, ભગવાનના દરવાજામાં પેઠો એનો માર્ગ જુદો છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. કહેશે નિયમસાર. કળશ-૨૬૫ '**हित्वा भीतिं पशुजनकृतां**' કહેશે. પશુજનો વડે આવા ભાવવાળાને કહેશે. આ શું કરીને બેઠા? એ અજ્ઞાનીઓ પશુજન જેવા આવી જશે. એ તો એમ જ કહે છે.

મુમુક્ષુ :- એ.. રહે જ નહિ.

ઉત્તર :- રહે જ નહિ. જિનશાસનમાં. ... પશુ જેવા. આહા..હા..! પશુ, તિર્યંચ જેવા એ તો છે. આહા..હા..! એકલા પશુ, ઢોર, ખોરાક આખો દિ' એમ અજ્ઞાની એકલા રાગના પશુ જેવા. રાગના અનુભવનારા, રાગના ખોરાક લેનારા એ તને આવી વાત કરશે ... રહીને .. પાડીશ નહિ એમાં છે નહિ માલ. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્ય પોતે કહે છે કુંદકુંદાચાર્ય. પોપટભાઈ! આહા..હા..!

કહે છે હે ભગવાન! આ પુનરુક્તિ આમાં લાગતી નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો દરેક આત્મા ભગવાન જ છે. ભવિનો પણ આત્મા ભગવાન છે. પર્યાયમાં નથી થતો, પણ વસ્તુ તો ભગવાન જ છે. આહા..હા..! બધા આત્માઓ દેહ-દેવળનું લક્ષ છોડી દે અને રાગનું લક્ષ છોડી દે તો એ બધું ભગવાન પરમાત્મા પોતે જ પરમાત્મા પૂર્ણ જ છે. ઓલા બધા કહે છેને ઈશ્વર તે એક. એક નહિ અહીં તો અનંતા ઈશ્વર છે. સમજાણું કાંઈ? જગતનો કોઈ કર્તા ઈશ્વર એક છે. એવા રહેવા દે બાપા! તારી નિર્મળ પર્યાયનો કર્તા અનંતા ઈશ્વર છે. એ બધા અનંતા ઈશ્વરો જ છે બધા. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે. આચાર્યોએ ગજબ કામ કર્યા છે. ગાગરમાં સાગર ભરી દીધા છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. કોઈપણ દિગંબર સંત. ગજબ વાતું. જેણે કેવળજ્ઞાનના કંદ ઉભા કર્યા છે. પણ સમજવું એને અરે..! અભ્યાસ ન મળે. સાંભળવા મળે તો બધું બહારનું આ કરો ને આ કરો ને આ કરો. આણે આ કર્યું અને આણે આ કર્યું. આત્માને ગાળું દે છે એ તો. આહા..હા..! ભાઈ! એ કરી શકતો નથી એને તું કર્યું-કર્યું કહે છો. ગાળ છે, કલંક છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! જે જાણે તે કેવળ જાણે છે. એનો અર્થ શું? સમ્યગ્દૃષ્ટિ તો સ્વપરના પ્રકાશની પર્યાય થતાં કેવળ જાણનારો જ છે. ચાહે તો એ લડાઈનો ભાવ હોય, ચાહે તો એ વ્રતનો વિકલ્પ હોય. એ તો કેવળ જાણનાર જ છે. એ કોઈ વિકલ્પનો કર્તા, કેવળ જાણનાર તે કેવળ કર્તા નહિ, કેવળ કર્તા તે કેવળ જાણનાર નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન પદવી તે અલૌકિક છે. લોકોને એને કિંમત નથી આવતી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પછી ચારિત્ર તો અલૌકિક બાપા! આહા..હા..! ચારિત્ર તો પરમેશ્વર છે એ તો. પંચપરમેષ્ઠીમાં ભળે છે. નમો લોએ સવ્વ સાહુણં. આવે છેને ધવલમાં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એમ આવે છે ધવલમાં. એય..! ટૂંકામાં નમો લોએ સવ્વ સાહુણં. એમ કરીને નમો લોએ સવ્વ અરિહંતાણંમાં એ બધું લઈ લીધું. અંત દીપક છે. પણ ત્યાં તો ત્રિકાળવર્તી શબ્દ વધારે નાખ્યો છે. એટલે આમાં આમ થયો. ત્યાં તો નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આચાર્યનું પદ છે. ઈ ... કરી હતી. છે તો વિકલ્પ. કરે છે કોને? કે આચાર્યના જે વિકલ્પ પંચ મહાવ્રતના છે એને વંદન કરે છે? સાધુના અઠ્યાવીશ મૂળગુણ પંચ મહાવ્રત એ વિકલ્પ છે એને વંદન કરે છે? રાગને વંદન હોય? એ તો આસ્રવ છે. સમજાણું કાંઈ?

અરિહંતનું યોગ કંપન્ન છે એને વંદન કરે છે ઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન... આચાર્ય, ઉપાધ્યાયના અંતર વીતરાગી મૂર્તિ જે અંદર પર્યાય પ્રગટ થઈ. નમસ્કાર... નમસ્કાર... નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અંતર્મુખ. એ તો ચોપાનિયામાં પણ આવ્યું છેને. બતાવ્યું હતું. એણે વળી નવું કાઢ્યું. કેવળી .. નમો સવ્વ અરિહંત મહા ભગવંતા. નમો સવ્વ તીર્થંકરાણં, નમો કેવળી ગણધરાણં. જોયું નથી? ... નમો સિદ્ધાણં, નમો અરિહંતાણં. એ પાંચ થયા. એશો પંચ નમોયારો એમ કર્યું છે. અરે..! ભગવાન! એમ ગણધરે એમ નથી રચ્યું. ગણધરોએ તો આ રચના કરી છે. આહા..હા..! .. એમ ન હોય. ...આવ્યું છે તો.. આ કેવળીમંત્ર છે પાંચ. પાંચેય કેવળી એમ. આ રહ્યું લ્યો. શ્રી મહાપંચપરમેષ્ઠી કેવળી મહામંત્ર. કારણ કે ઓલા ત્રણમાં તો છદ્મસ્થ મુનિ આવે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એટલે કાઢી નાખ્યા છે ત્યાં. ૐ નમો મહા ભગવંતાણં, ૐ નમો સર્વે તીર્થંકરાણં, ૐ નમો કેવળી ગણધરણાં, ૐ નમો અરિહંતાણં, ૐ નમો સિદ્ધાણં. એસો પંચ નમસ્કારો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કાંઈક. એ વિકલ્પ છે એ તો. પણ આ ગણધરની રચના છે એને ફેરવાય? ત્રણ કાળમાં ફરે નહિ. સમજાણું કાંઈ? બે કેવળીઓ છે અને ત્રણ છદ્મસ્થ છે એને પંચપરમેષ્ઠી કહ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ આચાર્ય, ઉપાધ્યાયનો વિકલ્પ ઉઠે પ્રરૂપણાનો. છતાં અહીંયાં તો કહે છે કે

કેવળ જાણનાર જ છે. એ વિકલ્પનો કર્તા નથી, વાણીનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? અને **'જે કરે છે તે કદી જાણતો નથી...'** આંધળો જ્ઞાનચક્ષુ બીડાઈ ગઈ એની. વિકલ્પને કરે તે કદી જાણતો નથી. આહા..હા..! કોની સાથે મેળવે? વીતરાગ સિવાય આ વાત ક્યાંય ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. એ પણ દિગંબર સંતો. એ સિવાય આવું જૈનદર્શન બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ પક્ષની વસ્તુ નથી. વસ્તુની વસ્તુ છે. કહે છે **'જે કરે છે તે કદી જાણતો નથી...'** એ રાગનું કરું કર્તૃત્વ તરીકે જ્યાં સ્વીકાર્યો, કદી આત્માનો જાણનાર રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શોભાલાલજી! બહુ ઝીણું બહુ છે. આહા..હા..! અરે..! કેવળી ત્રણ લોકના નાથ એમણે જાણ્યું અને જે વાણીમાં આવ્યું એ તો કાંઈ સાધારણ વાત છે? કેવળી કોને કહે? ભાઈ! જેને એક સમયમાં ત્રણ કાળ જણાઈ ગયા. સમય એક અને ત્રણ કાળ. આ તે શી વાત છે!

ભૂત, ભવિષ્ય અને વર્તમાન. અનંતા દ્રવ્ય. અનંતા એક-એક દ્રવ્યના એક દ્રવ્યથી અનંતગુણા ગુણ અને એટલી અનંતી એક સમયની પર્યાય. એવા અનંતા આત્માને જેટલા એક જીવમાં ગુણ એટલા જ એ પરમાણુમાં છે. જેટલા એક જીવમાં ગુણ એટલા જ એક પરમાણુમાં છે. આ પરમાણુમાં જડ અને આમાં ચૈતન્ય એટલો ફેર છે. સંખ્યા એક. અને જેટલા એક પરમાણુમાં ગુણ એટલા જ એક આકાશમાં છે. લોકાકાશ .. ગુણની સંખ્યા સરખી. ક્ષેત્રમાં ઓલો આટલો અને આ આવડો મોટો આકાશ. આહા..હા..! ક્ષેત્રની વિશેષતા નથી. એના સ્વભાવના સામર્થ્યની જ વિશેષતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ બધાને એક સમયમાં જાણે. તમારો પ્રશ્ન આવ્યો હતોને ઈ? પ્રશ્ન આવ્યો હતો મોટો ચર્ચામાં મુંબઈ. વવાણિયાનો છેને ઓલો પ્રદીપ જૈન. એમાં એ પ્રશ્ન આવ્યો એ અમારે ૭૨માં ચર્ચાણો હતો. ૭૨. ૫૭ વર્ષ થયા. ૫૦ અને ૭. એ ચર્ચા ચાલી કે કેવળજ્ઞાની જો તમે માનો તો કેવળજ્ઞાનીએ તો જેવું દીઠું એમ થાશે. એમાં આપણો પુરુષાર્થ કાંઈ હાથમાં રહ્યો નહિ. આહા..હા..! આ પ્રશ્ન હમણા મુંબઈ ચર્ચાય છે. આ ચર્ચા અમારે ૭૨માં ચાલી હતી. ૭૨. ૭૦ અને ૨ સંવત્ ૧૯૭૨. દીક્ષા વખતે. .. મોટી ચર્ચા. કેવળજ્ઞાનીએ દીઠું એ પછી ત્રણ કાળ તો દીઠા એણે. જાણનાર થઈ ગયોને એ કેવળી? તો ત્રણ કાળ દીઠા તો એણે દીઠું એ પ્રમાણે સામે થાશે એ કાળે થાશે. એમાં આત્માનો અધિકાર ક્યાં રહ્યો? ત્યાં પ્રશ્ન હતો. ગોદિકા! સમજાય છે કાંઈ?

એનું એમ કહ્યું તે દિ'. ૫૭ વર્ષ પહેલાની વાત છે. ૫૦ અને ૭. કહ્યું કેવળજ્ઞાનની સત્તા એક સમયની આવડી. એક જ્ઞાનગુણની એક સમયની પર્યાય આવડી કે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે એ અનંતગુણો હોય તો જાણે એ પર્યાયની શ્રદ્ધા કરી કોણે? એ પર્યાય જગતમાં આવડી છે એ સત્તા હોવાપણાનો સ્વીકાર કર્યો કોણે? પછી દીઠાની વાત.

જેણે કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એથી અનંતગણું હોય તો જાણે. એ પર્યાયની શ્રદ્ધા થતા એટલે કે મોક્ષની શ્રદ્ધા થતા. નવ તત્ત્વમાં. કેવળની શ્રદ્ધા એટલે મોક્ષની (શ્રદ્ધા) સમજાણું કાંઈ? મોક્ષની શ્રદ્ધા થતા એને આત્માની શ્રદ્ધા અંદર થાય ત્યારે મોક્ષની શ્રદ્ધા થાય. એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. એની નિર્વિકલ્પ અનુભવની પ્રસિદ્ધિ થાય ત્યારે મોક્ષની પર્યાયની સાચી શ્રદ્ધા થાય. એ પુરુષાર્થ આવી ગયો એમાં. .. કેવળજ્ઞાન. એમ કરીને કેવળજ્ઞાન ઉડાવવું છે માટે કેવળજ્ઞાન ન હોય એમ. આવા. ભાઈ! કેવળજ્ઞાન ન હોય તો તું આત્મા જ નહિ એમ કહે. કારણ કે આત્મા એકલો જાણનાર સ્વભાવવાળું જ એનું સ્વરૂપ છે. ત્રણ કાળ, ત્રણ લોકથી અનંતગણુ હોય તોપણ જાણે એક સમયની પર્યાયમાં એ સિવાય એનું કોઈ સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? પંડિતજી! એક મોટી ચર્ચા થઈ છે. રામજીભાઈ ઉપર પ્રશ્ન આવ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની .. એમ કે આ કેવળજ્ઞાની આમ હોય. ... વાત સાચી લાગે છે કેવળજ્ઞાનની. કેવળ જાણે. પણ આ પ્રમાણે નક્કી કરવા જઈએ ત્યાં બીજાનો પુરુષાર્થ અને આપણો પુરુષાર્થ બધો સમાપ્ત થઈ જાય. એણે દીઠું તે દિ' થાશે. સમજાય છે? તેમ નથી. પહેલો સવાલ કે કેવળજ્ઞાની ત્રણ કાળ, ત્રણ લોકને દેખે, જાણે એવી અવસ્થાનો, સત્તાનો સ્વીકાર જેણે કર્યો એને ઉપર આત્માની દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? એને નવતત્ત્વની નિર્મળ શ્રદ્ધા થઈ ગઈ. એ પુરુષાર્થ છે. બાબુભાઈ! મોટો આવ્યું છે ત્યાં. છેને ઓલા જુવાનિયા? ... પ્રબુધ જૈન. ... એમાં આવ્યું છે આ. પછી પ્રાણભાઈને ભાઈને પ્રશ્ન થયો હતો. ત્યાં. .. બીજો એક સ્વરૂપચંદભાઈ હતા એણે એક પ્રશ્ન કર્યો. એ .. આવી ગયા અંદર. .. કહે છે એનો શું ઉત્તર છે એ જરી ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? અમારે અહીંયાં ૭૩માં આવ્યું હતું. મુળચંદજી હતા ગુરુભાઈ સંપ્રદાયમાં? એમાં હતાને પહેલા? તો એણે પ્રશ્ન વારંવાર કહે. કે કેવળીએ દીઠું ત્યારે થાશે. આપણો પુરુષાર્થ શું કામ આવે? એય..! વીરચંદભાઈ! એ ખબર નહિ હોય તમને. ૭૨-૭૨. ૫૭ વર્ષ થયા. બહુ ઝપટ મારે.

એક ફેરી કહ્યું આવી વાણી વીતરાગની છે આ? વીતરાગે તો એમ કહ્યું હતું. તે દિ' તો પ્રવચનસાર કોણે જોયું હતું? પ્રવચનસારમાં આવે છેને ૮૦, ૮૧ અને ૮૨ ગાથા? એ જ ભાવ અંદરથી આવ્યો હતો તે દિ'. ભગવાને તો એમ કહ્યું છે જેણે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે.

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જે કોઈ આત્મા અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય. પર્યાય એટલે કેવળજ્ઞાન થયું. એ પર્યાય

જાણે એ આત્મામાં અંદર મેળવીને મોહનો નાશ કરે જ તે ઈ. સમજાય છે કાંઈ? અરે..! આટલી વાતું કરીને એમ ને એમ ઉડાડી દેવું છે. પંડિતજી! અહીં કહે છે. આહા..હા..! કેવળી તો જાણે તે જાણે, પણ સમકિતી તે જાણે તે જાણે. બીજું કાંઈ નહિ. સમજાણું કાંઈ? કેવળીનું પૂર્ણ જ્ઞાન છે. સમકિતીને તેના પ્રમાણમાં જે જ્ઞાન છે. પણ એ જાણનારા જ છે ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! એ મગજમાં અહીં આવી ગયું બધું છેને ભાઈ? ધર્મદાસનું. ક્ષુલ્લક ધર્મદાસ. સમ્યગ્જ્ઞાન દિપીકા. બે પુસ્તક છે એના. એક સ્વાનુભવ મનન એક સમ્યગ્જ્ઞાન દિપીકા. સમ્યગ્જ્ઞાન દિપીકામાં એમ લખ્યું છે કે જે કોઈ પ્રાણી સિદ્ધની પર્યાયથી ભિન્ન જે રહે તે સંસારી મિથ્યાદષ્ટિ છે. એટલે કે ઈ જાણનાર છે અને હું પણ જાણનાર છું. એનાથી કાંઈપણ ફેરફાર માને તો સંસારી, મિથ્યાદષ્ટિ છું. હું પણ રાગનો કર્તા, કેવળી નહિ. સાંભળને હવે. આહા..હા..! એવી કેવળની પર્યાયો અનંતી, સાદી અનંત તો આત્મામાં પડી છે. જે પર્યાય કેવળની પ્રગટે એટલે એક સમયની છે પર્યાય તો. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. ભલે એવી ને એવી. એને એ નહિ. એવી. એની એ નહિ. એવી પણ એ નહિ. એવી કેવળજ્ઞાનનો પર્યાય જ્યારથી પ્રગટે તે સાદી અનંત. અનંત ધારા વહે પર્યાયની. એવી અનંતી પર્યાયો જેના જ્ઞાનગુણમાં પડી છે આત્મામાં. એવા અનંતાગુણનો પિંડ ભગવાન આત્મા એની જેને દૃષ્ટિ થઈ અને જ્ઞાન થયું એ તો જાણનાર જ છે એકલો. કેવળી જાણનાર, એમાં સમકિતી જાણનાર જ છે. સમજાણું કાંઈ? દુનિયાને બેસે ન બેસે એથી કાંઈ તત્ત્વ ફરી જતું હશે? કહો, યશપાલજી! દુનિયા ન માને એટલે કાંઈ બીજી ચીજ થઈ જાય છે? આહા..હા..!

કહે છે અહીં તો ઓલું આવ્યુંને? '**જે જાણે છે તે કેવળ જાણે જ છે; જે કરે છે તે કદી જાણતો નથી...**' આહા..હા..! રાગનો, વિકલ્પનો કર્તા થાય એ આંધળો છે. આહા..હા..! શૂન્ય છે એટલે એ મિથ્યાદષ્ટિ લઈને. તેને જ્ઞાનસ્વરૂપ આત્મા એ ભાસ્યું નથી. તો આ રાગ છે એ તો ભાસન ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આ શ્લોકોમાં છે આ અંદર હોં. એના વાચ્ય આ છે બધા. આ તો વાચક છે. આ તો શબ્દ વાચક છે બધા. એમાં કાંઈ વાચ્ય છે? વાચ્ય તો અંદર છે અહીં. આહા..હા..! કહે છે '**અને જે જાણે છે તે કદી કરતો નથી.**' કેવળી જેમ રાગને કરે નહિ એમ સમકિતી પણ રાગને કરે નહિ. કેવળીને રાગની હયાતી નથી. એ લોકમાં, જ્ઞેયમાં જાય છે બીજાના રાગાદિ. આને પણ રાગ છે એ જગતમાં-જ્ઞેયમાં જાય છે. પોતાના જ્ઞાનમાં એ રાગ આવતો નથી. ગોદિકાજી! આવી વાતું છે ભાઈ ભગવાનની. આહા..હા..!

કેવળ '**જે જાણે છે તે કદી કરતો નથી.**' આહા..હા..! રામ બાણ માર્યા છે કે નહિ? પોપટભાઈ! આવું છે, ભગવાન! આહા..હા..! ભગવાન તારું સ્વરૂપ જ આવું છે,

ભાઈ! તને ભગવાન કહેતા શરમ આવતી હોય તો ના પાડીશ નહિ હવે. આહા..હા..! ભગવાનનો અર્થ જ એ છે. ભગ એટલે લક્ષ્મી. જ્ઞાન અને દર્શન અને આનંદ એ લક્ષ્મી-ભગની વ્યાખ્યા. અને વાન. એ લક્ષ્મીવાળો તે આત્મા. આ ધૂળની લક્ષ્મી નહિ પોપટભાઈ! આહા..હા..! સમકિતી તો એના જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો છે. એ રાગવાળો પણ નથી, એ શરીરવાળો નથી અને કર્મવાળો પણ નથી. કહો, મહેન્દ્રભાઈ! ત્યાં છે ઝવેરાતમાં આવું કાંઈ? કોક હમણા કહેતું હતું હમણા પૈસા દીધા હતા. વાતું કરે છે. આપણને ક્યાં ખબર છે. કોક કહેતું હતું એવું. કોક કહેતું હતું. ગોદિકા કરતા પૈસા વધી ગયા છે કહે. ... માણસ વાતું કરે આપણે ક્યાં જોવા ગયા છીએ? પૈસા એટલે શું પણ? ધૂળ. ધૂળ બધી તો આત્મા વધ્યો? આહા..હા..!

**'જે જાણે છે તે કદી કરતો નથી.'** ઓહો..હો..! જાણનાર કરતો નથી અને કરનાર જાણતો નથી. બે શબ્દમાં તો આખો સિદ્ધાંત ભરી દીધો. ૧૨મી ગાથામાં ભાઈ આવ્યુંને? એ અહીં શું કીધું? કે ૧૧મી ગાથામાં એમ કીધું '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થ ભગવાન ત્રિકાળ અબાધ, અભેદ, અખંડ એનો આશ્રય લઈને જે સમકિત થાય એને સમકિત થાય. ત્યારે કહે હવે એને કાંઈ વ્યવહાર રહ્યો કે નહિ? એથી ૧૨માં કહ્યું કે અશુદ્ધતાનો ભાગ છે અને શુદ્ધતા થોડી છે એને જાણેલો પ્રયોજનવાન છે. એ જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ. આહા..હા..! એ ૧૨મીમાં ખુલાસો કર્યો છે. ૧૧ અને ૧૨માં આખો સિદ્ધાંત ભેળવી દીધો. સમયસાર તે સમયસાર છે. અસાર સંસારમાં સમયસાર એક સાર છે. એટલે સમયસાર એટલે આ આત્મા પાછો હોં આ વાણી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'જે જાણે છે તે કદી કરતો નથી.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બાપુ! સમયસાર છે. સમયસાર એટલે કોણ? દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત દશા તે સમયસાર. આહા..હા..! તેમ દ્રવ્યકર્મ અજીવ છે, એ રહિત આત્મા છે. ભાવકર્મ આસ્રવ છે એનાથી રહિત છે. નોકર્મ આ બધું બહાર છે એનાથી રહિત છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી.'** .. આહા..હા..! ૧૪ વર્ષનો છોકરો છે. પૂર્વના સંસ્કાર લઈને આવ્યો છેને. બહુ આવી વાત કરતો હતો. બહુ .. ધડાકા બોલાવે. આવી વાત સાંભળીને ડોલે છે અંદર. **'કર્તા છે તે જ્ઞાતા નથી...'** એટલે શું કહ્યું? ટૂંકું કરી નાખ્યું. જે રાગનો કર્તા થાય તે જાણનાર રહેતો નથી **'અને જ્ઞાતા છે તે કર્તા નથી.'** ટૂંકું કરી નાખ્યું. આહા..હા..!

## શ્લોક-૯૭

(इन्द्रवज्रा)
ज्ञप्ति करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।

એવી જ રીતે કરવારૂપ ક્રિયા ને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છે :-

શ્લોકાર્થ :- [करोतौ अन्तः ज्ञप्तिः न हि भासते] કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી [च] અને [ज्ञप्तौ अन्तः करोतिः न भासते] જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી; [ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने] માટે જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ'- ક્રિયા બન્ને ભિન્ન છે; [च ततः इति स्थितं] અને તેથી એમ ઠર્યું કે [ज्ञाता कर्ता न] જે જ્ઞાતા છે તે કર્તા નથી.

ભાવાર્થ :- 'હું પરદ્રવ્યને કરું છું' એમ જયારે આત્મા પરિણમે છે ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી અર્થાત્ 'કરોતિ' ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે અને જયારે 'હું પરદ્રવ્યને જાણું છું' એમ પરિણમે છે ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી અર્થાત્ જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે.

અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દ્રષ્ટિ આદિને જયાં સુધી ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે તો તેને કર્તા કહેવાય કે નહિ? તેનું સમાધાનઃ- અવિરત-સમ્યગ્દ્રષ્ટિ વગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી; કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે; તેનો તે જ્ઞાતા છે. તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. નિમિત્તથી બળજોરીથી થતા પરિણમનું ફળ કિંચિત્ હોય છે તે સંસારનું કારણ નથી. જેમ વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિંત્ કાળ રહે અથવા ન રહે-ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું. ૯૭.

## કળશ-૯૭ ઉપર પ્રવચન

'એવી જ રીતે કરવારૂપ ક્રિયા ને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છે :—' ૯૭. ૯૭ને?

(इन्द्रवज्रा)

ज्ञप्ति करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।

આહા..હા..! **'करोतौ अन्तः ज्ञप्तिः न हि भासते' 'કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી...'** આહા..હા..! એ આપણે આવી ગયું છે ભાઈ કર્તાકર્મમાં. આવી ગયું છે **નહિ**? પહેલું **નહિ**? જાણવામાં એ ૭૨-૭૩ છે. ૭૧. ૭૧ ગાથા. ૭૧. કર્તાકર્મ **નહિ**? ૭૧. હા ૭૧ જુઓ, **'આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે...'** મારે તો એક ટૂકડો બીજો કહેવો છે. **'વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,** કારણ કે **જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...'** એની સંધિ છે અહીં. એટલે શું કહ્યું? રાગની ક્રિયાના કરવામાં જ્ઞપ્તિ ક્રિયા ભાસતી નથી. રાગની ક્રિયાના ભાસમાં જ્ઞપ્તિ જાણવાની ક્રિયા ત્યાં હોતી નથી. હોતી નથી એટલે ભાસતી નથી. સમજાણું કાંઈ? અને જાણવારૂપ ક્રિયામાં અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી. જાણવાની ક્રિયા થતાં આત્મામાં સમ્યગ્દર્શનમાં ત્યાં એ ક્રિયામાં કરવાની ક્રિયા ત્યાં હોતી નથી અને ભાસતી નથી. બે ફાડચા કરી નાખ્યા. વિશેષ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૯, ગુરુવાર, તા. ૨૮-૧૨-૧૯૭૨**
**કળશ-૯૭, પ્રવચન-૨૬૭**

... આવી વાત છે આ. એ કરવાની ક્રિયાની અંદર, ક્રિયા તે પરિણતિ છે. ક્રિયાના કારકો હોય છેને ભાઈ! આ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એ ક્રિયાના કારક છે. થતી ક્રિયા કોની અહીંયાં? આ આત્મા ચૈતન્ય ભગવાન આનંદ સ્વભાવને ભૂલી, વ્યાપક થઈ, પ્રસરી, કર્તા થઈ અને એ શુભ-અશુભભાવને કરે છે. એને શુભાશુભ પરિણામની ક્રિયા સિવાય જ્ઞપ્તિ. આત્માની જાણવા-દેખવાની ક્રિયા તે શાંતિ અને આનંદની પરિણતિ છે એ અહીંયાં નથી. નથી તેથી ભાસતી નથી. સમજાણું કાંઈ? આ તો સમયસાર છે, ભાઈ! આ કાંઈ કોઈ વાર્તા-કથા નથી કે ભાઈ એક શબ્દમાં ગાગરમાં સાગર ભરી દીધા છે. આહા..હા..!

ભગવાન આત્મા અજ્ઞાનદશામાં બહુ તો કરે તો કહે છે કે વિકારના પરિણામે કરે છે. નિર્વિકારી દશાનું તો ભાન નથી. ચૈતન્ય આનંદની મૂર્તિ છે અંદર. એની તું સમકિત દૃષ્ટિ છોડી દે. એનાથી વિમુખ કરીને. વિ-મુખ, પરાઙ્મુખ. એ દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય એ તો ધ્રુવ, અખંડ અભેદ ચૈતન્ય છે. એવી સન્મુખ દૃષ્ટિ તો કરી નથી. અજ્ઞાનીને તો ભાન પણ નથી કે શું કરવું અને ક્યાં કરવું? એને પુણ્ય અને પાપના વિકલ્પનું વ્યાપ્ય કર્તા થઈ, વ્યાપક થઈ એને કરે. એમાં જ્ઞપ્તિ ક્રિયા એમાં હોતી નથી. એટલે હોતી નથી એટલે ભાસતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અને '**ज्ञप्तौ अन्तः करोतिः न भासते**' હવે બીજો બોલ. '**જાણવારૂપ ક્રિયાની અંદરમાં...**' ધર્મી વ્યાપક થઈને એનું વ્યાપ્ય આનંદને જાણવાની ક્રિયા એ એનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? આ કર્તાકર્મ ચાલે છેને? કર્તા કહો કે વ્યાપક કહો, કર્મ કહો કે વ્યાપ્ય કહો. એ શબ્દ ફેર છે. વસ્તુસ્થિતિ (એક) છે. તો કહે છે કે '**જાણવારૂપ ક્રિયાની અંદરમાં...**' ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિને તો રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન, નિર્વિકલ્પ ચિદાનંદ મૂર્તિ પ્રભુ એવું અહીં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું છે. એથી એની જાણવા-દેખવાની ક્રિયામાં એટલે કે વ્યાપક થઈને સમ્યગ્દૃષ્ટિ વ્યાપક કર્તા થઈને એની જાણવા-દેખવાની ક્રિયાનો એ કર્તા અને એજ એની જાતનું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... સ્થિતિ છે. આ બે અહીં વર્ણવી છે. સમજાણું કાંઈ? બાકી તો એક વ્યાપ્ય-વ્યાપક કહ્યું છે. ૧૦૯-૧૧૦ આવ્યું હતુંને ભાઈ કાલે? કે તેર ગુણસ્થાન તે વ્યાપક છે, કર્તા છે અને નવા કર્મ બંધાય એ એનું વ્યાપ્ય

છે. ઝીણી વાત છે, ભાઈ! આ તો અંતરની વાતું છે. ... આ બે કરી.

વ્યાપક થઈને વ્યાપે આ સિદ્ધાંત છે. એટલે કે કર્તા થઈને કર્મ, એટલે કે પરિણતિ કરીને કરનારો પરિણતિ કરીને પરિણતિના પર્યાય કરે છે. પર્યાય અવસ્થામાં એના બે પ્રકાર અજ્ઞાની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે નહિ. હું અખંડ આનંદ અભેદ ચૈતન્ય છું એવી દૃષ્ટિ તો સન્મુખ સ્વમાં થઈને, સ્વસન્મુખ થઈને રાગ અને પર્યાયની બુદ્ધિ છોડીને. પર્યાય બુદ્ધિ છોડીને હોં. દ્રવ્યબુદ્ધિમાં આનંદકંદનો નાથ ભગવાન છે એવી દૃષ્ટિ છે નહિ. એથી અજ્ઞાનીને રાગ જ એને ભાસે છે પાછો. એના જ્ઞાનમાં રાગ-વિકલ્પ એ કાર્ય એનું છે. ચાહે તો જૈન સાધુ હોય અને પંચ મહાવ્રતના વિકલ્પ પાળતો હોય, પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. કેમકે સમ્યક્ સન્મુખ આનંદનું તો ભાન થયું નથી. આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કાલે નહોતું કહ્યું? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. રાગ છે ઈ. આકુળતા છે. એ આકુળતાને એણે કર્યા અનંતવાર. આત્મજ્ઞાન વિના એ રાગની ક્રિયા મારાથી ભિન્ન છે, હું એક જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છું એનું ભાન કરીને એની જે જાણવા આનંદની ક્રિયારૂપી વ્યાપ્ય કર્મ એ તો કર્યું નહિ તેથી દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! રસીકભાઈ! આ ઝીણું છે હોં અહીંયાં તો. પથરામાં પૈસામાં એનું અહીં દેખાય એવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દેખાવ કરવાનો છે, બાપા! ભગવાન! તારી પાસે તો આ છેને ભાઈ! તું તો અતીન્દ્રિય આનંદનો નાથ છોને એ રાગનો સ્વામી થાય. (એ કેમ પોષાય?) આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યાપ્ય-વ્યાપક એટલે .. પણ આ .. વધારે સ્પષ્ટ કર્યું પાછું. આ વ્યાપ્ય-વ્યાપક આ પ્રકારે. વસ્તુનો જે ચૈતન્ય સ્વભાવ અખંડ આનંદ છે એવી અંતરમાં દૃષ્ટિ કરી નથી એટલે વેદન આનંદનું આવ્યું નથી. એથી અજ્ઞાનીની દૃષ્ટિ તો રાગ અને પર્યાય ઉપર છે. ખરેખર તો એક અંશ પર્યાય છે એની એકત્વબુદ્ધિ છે. એમાં દ્રવ્ય છે એની એકત્વબુદ્ધિ એને નથી. આહા..હા..! કેમકે પ્રગટ અંશ જે છે એ એના લક્ષમાં રહ્યો છે, પણ અપ્રગટ આખું તત્ત્વ છે તે લક્ષમાં લેતો નથી. સમજાણું કાંઈ? સાધુ થયો, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. મૂળ વાત હતી એ આખી રહી ગઈ. આહા..હા..!

તો કહે છે કે અજ્ઞાની કરવાની ક્રિયામાં એનું લક્ષ છે. દૃષ્ટિ ત્યાં છે. એની સત્તાનો સ્વીકાર રાગની ક્રિયા કરું એટલો સ્વીકાર એનામાં છે. આહા..હા..! એથી તેને જ્ઞપ્તિ ક્રિયા ભાસતી નથી. આહા..! ગજબ આચાર્યોએ તો રામબાણ .. છેને. ભાઈ! તને રાગના પરિણામ

ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના હોય, વ્રતના હોય ઈ એની જ વાત છે અહીં તો શુભની એ તો. આહા..હા..! એ શુભ પરિણામ ઉપર તારી દૃષ્ટિ ભગવાન અને એનો હું કર્તા અને એ મારું કાર્ય. હું એક વ્યાપક અને એ મારું વ્યાપ્ય એવા અજ્ઞાનીને રાગનું જ, આકુળતાનું જ વેદન ભાસે છે. ચાહે તો જૈન સાધુ થયો હોય દિગંબર. અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. છતાં એની દૃષ્ટિ દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ એના ઉપર દૃષ્ટિ કરી નથી એણે. એનું એને માહાત્મ્ય જ આવ્યું નથી. માહાત્મ્ય એ રાગની ક્રિયા અને શુભની ક્રિયા ઉપર માહાત્મ્ય છે. તો વ્યાપક થઈને એ વ્યાપ્યનું કાર્ય કરીને વેદે દુઃખને વેદે છે. એની જ્ઞપ્તિ ક્રિયા એટલે આનંદની ક્રિયા ત્યાં હોતી નથી એટલે ભાસતી નથી. શેઠ!

અને જ્ઞપ્તિ ક્રિયારૂપમાં. ઓલો ખ્યાલ છે હોં ત્રીજો બોલમાં. બીજા યાદ કરીએ છીએ. વ્યાપ્ય-વ્યાપકના કેટલા પ્રકાર છે એમ જાણવા જોઈએ કે નહિ? રાતે પ્રશ્ન ઉઠ્યો હતોને ઈ? એ તો બધી વાત તો આપણે આવી ગઈ છે. આ તો અહીં ચાલે છે. અને '**ज्ञप्तौ अन्तः**' જ્યાં આત્મા આનંદસ્વરૂપ છે, શુદ્ધ જ્ઞાયક છે. એ છઠ્ઠી ગાથામાં કહ્યુંને? ... સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી, જ્ઞાયક ઉપર હોવાથી હું પ્રમત્ત-અપ્રમતે ય નથી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' જ્ઞાયકભાવ તે હું. એમ કોણ માને છે? તેને પરનું લક્ષ છોડી અને જેને આત્માની શુદ્ધતાનું વેદન થયું છે ઈ એમ કહે છે કે હું આ શુદ્ધ જ્ઞાયક છું. એ પરિણમન થયું ઈ એમ માને છે કે હું આ શુદ્ધ છું દ્રવ્ય. દ્રવ્ય શુદ્ધ હોં. એમ અહીંયાં જ્ઞપ્તિ ક્રિયાના કાળમાં એને ભાસન તો દ્રવ્યનું છે. શુદ્ધ અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ હું છું. એવા ભાનને લઈને એવી પર્યાયનો જ્યાં અનુભવ થયો ત્યાં, કીધુંને ઉપાસવામાં આવતો... ઉપાસવામાં આવતો એને શુદ્ધ કહેવામાં આવે છે. ..

ભગવાન આત્મા પરના લક્ષને છોડી દઈ અને ત્રિકાળી જ્ઞાયક ભગવાન અપ્રમત્ત પ્રમત્તની પર્યાય વિનાની જ્ઞાયક ચીજ છે એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ ત્યારે એને આત્માની સેવા કરી. જે (પહેલા) ઓલી રાગની સેવા કરતો. સમજાણું કાંઈ? ત્યારે એને ભગવાન આત્મા અખંડ આનંદસ્વરૂપ છે. બાપુ! આ તો અંતરની વાતું છે. આહા..હા..! આ ઈ અહીં કહે છે જુઓને. અંતઃ શબ્દ પડ્યો છેને? બેયમાં અંતઃ પડ્યો છે. ઓલામાં અંતઃ પડ્યો છે અહીં અંતઃ પડ્યો છે. આહા..હા..!

કહે છે કે જેને મુક્તિપણું ભાસ્યું. ભાસ્યું એટલે? જેની શુદ્ધતાના જ્ઞાનની દશામાં ત્રિકાળ જ્ઞાયક છું એવું જ્યાં ભાસ થયું છે એની વર્તમાન જ્ઞાન અને આનંદની ક્રિયા ભાસે છે. એને '**करोतिः**' ક્રિયા હોતી નથી એટલે ભાસતી નથી. કહો, પંડિતજી! છે પુસ્તક? બધા તમારા જેવા પંડિતોને આધાર આમાં દેવો પડશે દુનિયાને. તમારા જેવાને કહેવું પડશેને સત્ય

આ છે. આહા..હા..! કહે છે '**જાણવારૂપ ક્રિયાની અંદરમાં...**' હો ક્રિયા શરીર, વાણી, લડાઈ પણ હોય. કહેવામાં આવે છે લડાઈમાં છે? પણ ખરેખર તો એને જાણવાની જ ક્રિયા ત્યાં છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં, બાપુ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. એ કોઈ સાધારણ ચીજ છે નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન થયું એ દ્રવ્યને મુક્ત જોયો. મોક્ષ જોયો એણે ભગવાન આત્મા પૂર્ણાનંદ અબદ્ધ છે. અબદ્ધ છે આવે છેને? ૧૪-૧૫ ગાથામાં. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**' અબદ્ધ એક જ ... અત્યારે. જેણે અબદ્ધ જોયો ભગવાનને. એટલે કે બદ્ધ નહિ એ તો નાસ્તિ. મુક્ત જોયો ભગવાનને. સમજાણું કાંઈ? એવા જ્ઞાનની પર્યાયમાં જેને આ ભાસન થયું. એની જ્ઞાનની ક્રિયાની સાથે આનંદ અને શાંતિનું વેદન છે. તેમાં કરવાપણાનો ભાવ ત્યાં હોતો નથી. તેથી તે જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી. આ એનો અર્થ કર્યો આ.

જ્ઞાનીનું વ્યાપકપણું એની વર્તમાન નિર્મળ પર્યાયનું વ્યાપ્ય છે. વ્યાપક ધર્મીનું વ્યાપકપણું એટલે કર્તાપણું. નિર્મળ વીતરાગી આનંદની પર્યાય એ વ્યાપ્ય છે. રાગની વાત નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! હવે ઓલી વાત ... ૧૦૯. ત્યાં તો એમ કહ્યું કે તેર ગુણસ્થાન છેને એ કર્મના કર્તા છે એમ કહ્યું છે. ૧૦૯-૧૦-૧૧-૧૨. આ તો રાતે પ્રશ્ન હતોને. એટલે પછી બધા આવી ગયા હતા. અહીં તો હવે ઘણી વાત થઈ ગઈને. ૩૮ વર્ષ થઈ ગયા. એ તેર ગુણસ્થાન છે એ નવા કર્મના કર્તા છે. એમ ત્યાં કહ્યું છે. પંડિતજી! શું કીધું? પંડિતજી! વાંચો ત્યાં. તેર ગુણસ્થાન તે નવા કર્મના કર્તા છે. મિથ્યાત્વથી માંડીને સયોગ પરનો તો કર્તા છે નહિ. તેર ગુણસ્થાન તે વ્યાપક છે. આચાર્યોએ પણ ગજબ કામ કર્યો છે અને એનું વ્યાપ્ય નવા કર્મ બંધાય એ એનું વ્યાપ્ય છે. એ અંદરની સાથે વ્યાપ્ય-વ્યાપક નથી. અહીં વ્યાપ્ય-વ્યાપક થઈ ગયેલું છે ત્યાં. સમજાણું કાંઈ?

મિથ્યાત્વથી માંડીને સયોગ પહેલાં સાધારણ પુદ્ગલ પરિણામ કહ્યા હતા, પછી ચાર ભેદ પાડ્યા હતા. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એના પછી તેર ભેદ પાડ્યા છે એમાં ને એમાં. એ ચાર ગાથામાં. એ તેર કર્તા છે. કર્તા કહો કે વ્યાપક કહો, ભાઈ! આહા..હા..! કારણ કે એની વસ્તુ અંદરથી દ્રવ્ય છે. વસ્તુસ્વભાવ છે એ તો વ્યાપક થતો નથી. આ થાય છે. વ્યાપક થઈ અને નવા કર્મનું વ્યાપ્ય નામ નવું કર્મ કરે છે. કર્તા થઈ અને નવા કર્મ બંધાય એ કર્મ કરે છે. એટલે પર્યાય બુદ્ધિવાળાને તેર કર્તા એ વ્યાપક અને કર્મ નવું બંધાય એ એનું વ્યાપ્ય. ..જી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વાત. અહીં કહ્યું હતુંને ભાઈ અહીં તો વાત. એમ જ કહી દે કે વ્યાપક આત્મા અને પરની પર્યાય વ્યાપ્ય નહિ. એ તો એક સામાન્ય દ્રવ્યની વ્યાખ્યા કરતા. પણ

જ્યાં દ્રવ્ય સ્વભાવની વ્યાખ્યા જ્યાં થાય એટલી. ત્યાં તો તેર એમાં આપણે બધો ઉત્તર આવી ગયો છેને. .. કર્તા કોણ છે એ જો તમને ચિંતા થતી હોય તો હું તમને ખુલાસો કરું છું. કળશ છે. એના માટે કળશ છે. છેને એટલે તો આવ્યું. આ તો ૧૭મી વાર વંચાય છે.

મુમુક્ષુ :- ઓલો મોહનો નાશ કરવા માટે થાય છે.

ઉત્તર :- મોહના નાશ માટે. રાગ કરવા માટે નહિ. આહા..હા..!

કોઈપણ સિદ્ધાંતને કહે છે એ સિદ્ધાંતમાં વીતરાગતા થવા માટે કહે છે. સમજાણું કાંઈ? એમ કહે કે અજ્ઞાની રાગનો કર્તા મૂઢ છે, પણ એમ બતાવીને એને કર્તાપણું છોડાવવું છે. તાત્પર્ય વીતરાગતા છેને શાસ્ત્રની. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે તેર ગુણસ્થાન કર્તા. કર્તા કહો કે વ્યાપક કહો. અને નવા કર્મ બંધાય એ વ્યાપ્ય. એની સાથે સંબંધ છે. દ્રવ્ય સાથે સંબંધ નથી. દ્રવ્ય તો શુદ્ધ અખંડાનંદ પડ્યો છે. સમજાણું કાંઈ? ત્રણ .. થયા. હવે ૭૫-૭૬ ગાથાની વાત ત્યાં કરે છે. ૭૫-૭૬ ગાથાની વાત. ત્યાં એમ કહ્યું છે કે સમ્યગ્દષ્ટિનો દ્રવ્ય સ્વભાવ ભાન થયું છે એથી સમ્યગ્દષ્ટિનું વ્યાપકપણું નિર્મળ પર્યાય એની વ્યાપ્ય છે જે અહીં કીધી ઈ. અને ત્યાં આગળ જે રાગાદિ થાય છે તે કર્મ જે જડ છે એ વ્યાપક છે અને રાગ એનું વ્યાપ્ય છે.

મુમુક્ષુ :- સર્વ વ્યાપક...

ઉત્તર :- હા જુઓને આ પણ. ઓલામાં તેર ગુણસ્થાન વ્યાપક અને નવા કર્મ વ્યાપ્ય. અહીં કર્મ વ્યાપક (અને રાગ વ્યાપ્ય) આહા..હા..! ભાઈ! કઈ અપેક્ષા છે એ જોવું જોઈએને. એ વસ્તુ છે. કહે છે કે વસ્તુની દૃષ્ટિનું જ્યાં ભાન થયું છે. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... અનંત-અનંત જ્ઞાન-દર્શન, વીર્ય, આનંદથી ભરેલો પ્રભુ ભરપૂર છે. આહા..હા..! જેનામાં અનંત કેવળજ્ઞાનની પર્યાયો અનંતી પડી છે. સાદી અનંત પર્યાય. અનાદિ શાંત પર્યાય કરતા સાદી અનંત પર્યાય અનંતગુણી છે. સમજાણું કાંઈ? એવી અનંતી પર્યાય જ્ઞાનની, આનંદની, શાંતિની, સ્વચ્છતાની, પ્રભુતાની. જેના એક-એક ગુણની પડી છે. એવા ગુણનો દરિયો ભગવાન ચિદાનંદ અખંડાનંદ છે. એવું જેને અંતરમાં ભાન થયું. કહે છે કે એ વ્યાપક થઈને. એનું વ્યાપ્ય શું? નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદની પર્યાય તે તેનું વ્યાપ્ય. ત્યારે હવે એને રાગ રહ્યો છે ઈ? એનું કોણ વ્યાપ્ય? આહા..હા..! એ વ્યાપ્યનું વ્યાપક કોણ કર્તા? ત્યારે કહે છે કે એ રાગાદિ બાકી રહ્યો તે કર્તા એનું કર્મ છે. બે દ્રવ્ય આમ ભિન્ન પાડી નાખ્યા. પંડિતજી! આહા..હા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! ... એ કોઈ સાધારણ રીતે મળી જાય એવો. કે કોઈ ક્રિયાકાંડ મળી જાય એવું તત્ત્વ નથી. આહા..હા..!

કહે છે ૭૫માં તો એ પ્રશ્ન ભાઈએ કર્યો હતોને? સોમચંદભાઈએ કર્યો હતો. ૯૯માં.

૯૯માં. કે આમાં એમ કહ્યું છે કે કર્મ વ્યાપક. અને વિકાર એનું વ્યાપ્ય. નિશ્ચયથી વિકાર એનો નહિ. આ શું કહે છે? સોમચંદ.. સોમચંદ શાહ. આવ્યા હતા. એણે પ્રશ્ન કર્યો હતો ૯૯માં. ભાઈ! નિશ્ચયથી તો ધ્રુવ.. રાગનો કર્તા છે નહિ. રાગનું કર્તવ્ય એનું છે જ નહિ. ભાવ છે એ રાગને કેમ કરે? ચૈતન્ય સ્વભાવ એ વિભાવને કેમ કરે? એથી તે સ્વભાવની દૃષ્ટિવંતને નિર્મળ પર્યાય જેનું કાર્ય અને ઈ આત્મા એનો વ્યાપક. ત્યારે રહ્યો રાગ એને બાકી? કે રહ્યો રાગ તે વ્યાપ્ય અને કર્મ તેનું વ્યાપક. કર્મ જડ અને આ.. સાંભળતો ખરો. એ અચેતન જડ છે. પુણ્ય-પાપના પરિણામ અચેતન જડ છે. મહાવ્રતના પરિણામ અચેતન-જડ છે. આહા..હા..! પુદ્ગલના પરિણામ કહ્યા પણ આપણે અહીંયાં અચેતન સુધી રાખો. કારણ કે એમાં જ્ઞાનનો અંશ નથીને. મહાવ્રતાદિના પરિણામમાં જ્ઞાનનો અંશ નથી.૭૨ ગાથામાં લીધું છેને? '**विपरीयं**' ચૈતન્ય સ્વભાવથી વિપરીત એ જડ છે. કેમ? કે જે બીજા દ્વારા જણાય માટે તે જડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ગોદિકાજી! આ બધું સમજવું પડશે હોં. એ ધૂળમાં કાંઈ નહિ વળે. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? ભાઈ! તારું હોવાપણું તો પારિણામિક ભાવવાળું તે તારું હોવાપણું છે. ઉદયભાવનું હોવાપણું એ તારું નહિ. આહા..હા..! કહે છે ત્યારે હવે ઉદયભાવ રહ્યો છેને જ્ઞાનીને થોડો. એ કર્મ વ્યાપક થઈને એનું વ્યાપ્ય છે. ... સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપા! આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયમાં જે ..

ઉત્તર :- હવે એ જ બાકી છેને. બાકી છે હજી. સાથે સાથે આવે ત્યારે આવેને. આ ચાર તો થયા. હવે પાંચમું. પર્યાય જે છે જીવની વિકારી એ વિકારી પર્યાય પોતે વ્યાપ્ય, વ્યાપક અને પોતે વ્યાપ્ય. પંચાસ્તિકાય ૬૨ ગાથામાં. એ તો ખૂબ ચર્ચા થઈ હતી ત્યાં. અહીં તો આપણે ચાલે છેને ઘણીવાર વાતું. પર્યાયના પાછા બે પ્રકાર છે. કે જે વિકારી પર્યાય છે. દ્રવ્યને મૂકી દે. દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એ તો એક વાત કરી પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ. પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ. હવે બે વચ્ચે ભિન્ન પાડવું છે. પર્યાય અને દ્રવ્ય બે ભિન્ન ચીજ છે. તો ભિન્ન ચીજ થઈ એ દ્રવ્ય એનું વ્યાપક થઈ શકે નહિ. જેમ આત્મા જડની પર્યાયનો વ્યાપક થઈ શકે નહિ કેમકે જીવ છે. એમ જ્ઞાયકસ્વરૂપ ભગવાન દ્રવ્ય ભિન્ન છે. પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! અસ્તિત્વ છેને? એક પર્યાયનું અસ્તિત્વ એક ધ્રુવનું. બે ભિન્ન છે. તો તે અપેક્ષાએ ભિન્ન તત્ત્વ ભિન્નની પર્યાયનું વ્યાપક ન હોય. એટલે એ પર્યાય વિકારી એ પોતે છે એ વ્યાપક અને એ પર્યાય એનું વ્યાપ્ય. આ પાંચમો બોલ.

હવે છઠ્ઠો બોલ. ..માં રહ્યો તે. સમજાણું કાંઈ? હવે શુદ્ધની પર્યાય થઈ તે પર્યાયનો

અંશ અને દ્રવ્ય બે અંશ ભિન્ન છે. ખરેખર તો એ પર્યાયનું ક્ષેત્ર પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશનો. પણ અસંખ્ય પ્રદેશનો અંશ છે એને ભિન્ન કીધો છે. એનો ભાવ, એનો કાળ, એનું તત્ત્વ જુદું છે. તેથી નિર્મળ પર્યાયમાં પણ એ પર્યાય પોતે વ્યાપક અને પર્યાય પોતે વ્યાપ્ય. પર્યાય પોતે કર્તા અને પર્યાય પોતે કર્મ. આહા..હા..! ગજબ વાતું છેને. ષટ્કારક છે. એક પર્યાયના ષટ્કારક છે. પોતાના સ્વતંત્ર હોં. દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! શું થાય? જગતને મૂળ ચીજની ખબર ન મળેને આ ઉપરથી બધી માંડી છે આ. આ કરું અને આ સાધક છે અને આ છે અને આ છે. આપણે વ્રત પાળીએ, દયા પાળીએ એ સાધક છે. એમ વ્યવહાર સાધક કહ્યો છેને શાસ્ત્રમાં? નિશ્ચય સાધ્ય છે. પંચાસ્તિકાયમાં એમ કહ્યું છે. નિશ્ચય સાધ્ય-સાધન અને વ્યવહાર સાધ્ય સાધન.

મુમુક્ષુ :- એમાં ચોખ્ખું લખ્યું છે કે આનાથી થાય ત્યારે આરોપ આપવામાં આવે.

ઉત્તર :- એ તો કહેવાની વાત છે સાંભળને. લખ્યું છેને? કહો, વીરચંદભાઈ! આવી છે વસ્તુ. ... કહો, બાબુભાઈ! આ છ બોલ થયા. બીજો ... કેટલા થયા? કે બે તો આ થયા. એ એમાં આવી જાય છે. આ બે ભિન્ન પડી ગયા આમાં? આત્મમીમાંસામાં એમ કહે છે. ધર્મ અને ધર્મી બે ભિન્ન છે. એ આમાં આવી ગયું. પર્યાય ને દ્રવ્ય ભિન્ન છે એમાં એ આવી ગયું. સમજાણું કાંઈ? પર્યાયનો ધર્મ અને ધર્મી દ્રવ્યનો ધર્મ વસ્તુ બે ભિન્ન છે. પરથી ભિન્ન કરવા માટે એમ બોલાય. પંચાસ્તિકાયમાં નહોતું આવ્યું? '**पज्जयजिदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि**' (પંચાસ્તિકાય-૧૨) પર્યાય વિરૂદ્ધ દ્રવ્ય હોય નહિ, દ્રવ્ય વિરુદ્ધ પર્યાય હોય નહિ. એ તો પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ વાત છે, પણ બે અંશને જ્યારે ભિન્નથી સમજવું હોય. સમજાણું કાંઈ? આમાં ક્યાં યાદ રહે એવું છે... આ તો બહારમાં દેખાય દસ લાખ ને...

મુમુક્ષુ :- ... દેખાતું નથી.

ઉત્તર :- દેખાય નહિ એટલું કહ્યું. આવતા .. એમ માને છે. દેખાય છે એમ કીધુંને? એના છે એમ કીધું નથી? એની પાસે આવે એમ કીધું નથી. આહા..હા..!

કહે છે એક પર્યાય છે એનો કર્તા દ્રવ્ય નથી. મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. એ ૩૨૦ ગાથામાં. જયસેનાચાર્ય. ... સમજાણું કાંઈ? આ રહ્યું છે. ... ૯૯. ... આ હિન્દી છેને હિન્દી? 'સિદ્ધાંત મેં કહા હૈ' '**निष्क्रिय शुद्ध पारिणामिकः**' 'અર્થાત્ શુદ્ધ પારિણામિક નિષ્ક્રિય' દ્રવ્ય. 'નિષ્ક્રિય ક્યા અર્થ હૈ? કિ બંધકે કારણભૂત જો ક્રિયા રાગાદિ પરિણતિ ઉસરૂપ તો નહીં હૈ વહ. ઔર મોક્ષકે કારણ જો શુદ્ધભાવના પરિણતિ ઉસરૂપ નહીં હૈ. એક દ્રવ્ય નહીં હૈ.' દ્રવ્ય વ્યાપક અને પર્યાયમાં વ્યાપ્ય અહીં તો કાઢી નાખ્યું. એ વાંચ્યું છેને? ... રાતે આવ્યું. 'મોક્ષકે કારણભૂત ક્રિયા શુદ્ધ પારિણામિક દ્રવ્ય

સ્વભાવ જો ત્રિકાળ દ્રવ્ય આત્મ લાભ હેતુ પારિણામિક' જે દ્રવ્યની, સ્વરૂપની લાભ એટલે હયાતીવાળું જે તત્ત્વ પારિણામિકભાવ ધ્રુવભાવ, સામાન્ય ભાવ, અભેદભાવ, એકરૂપભાવ. એ મોક્ષની ક્રિયાના કારણભૂત શુદ્ધભાવનાથી રહિત છે. શૂન્ય છે. આહા..હા..! ગજબ વાત છે. એકકોર દ્રવ્યને વ્યાપક કહેવું અને પર્યાયને વ્યાપ્ય કહેવી. કઈ અપેક્ષા છે સાંભળને, ભાઈ! એ તો પરથી જુદું પાડવાની અપેક્ષાએ વાત છે, પણ બેને જ્યારે જુદા અંદર સિદ્ધ કરવા હોય ત્યારે દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એમ છે નહિ. ભારે વાતું ભાઈ! લ્યો આ વ્યાપ્ય-વ્યાપકનું આવ્યું. આહા..હા..! સમજાણું? આપણે તો વાત થઈ ગઈ છે. પણ આના તો વ્યાખ્યાન થઈ ગયા છે.

'નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક.' શુદ્ધ પારિણામિક નિષ્ક્રિય. 'નિષ્ક્રિય કા ક્યા અર્થ હૈ? શુદ્ધ પારિણામિકભાવ બંધકે કારણભૂત જો ક્રિયા રાગાદિ પરિણતિ ઉસકો નહીં હૈ. અને મોક્ષને કારણભૂત ક્રિયા શુદ્ધભાવના ભી નહીં હૈ. ધ્રુવ બેય ક્રિયાથી રહિત હૈ.' પંચાસ્તિકાયમાં કહ્યું પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. દ્રવ્ય વિનાની પર્યાય ન હોય. અહીંયાં કહે છે કે પર્યાય વિનાનું દ્રવ્ય છે. તમારાથી છે. અહીં હતુંને હમણા કીધું. અહીં તો ... કહો, સમજાય છે કાંઈ? પંડિતજી! કેટલા પ્રકારના વ્યાપ્ય-વ્યાપક આવ્યા? આહા..હા..! એટલે દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એમ એકાંત નથી. એ તો પરની અપેક્ષાથી .. વાત છે. પણ બે તત્ત્વ જ્યાં ભિન્ન છે પર્યાય તત્ત્વ અને દ્રવ્ય તત્ત્વ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ચિદ્‌વિલાસમાં છે. અને ૧૦૧ ગાથામાં છે. પ્રવચનસાર ૧૦૧ ગાથા છેને? અને ચિદ્‌વિલાસમાં છે. ભાઈ કહેતા દીપચંદજી. એણે લખ્યું છે. પર્યાય પર્યાયનું કારણ છે. પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું વીર્ય પર્યાય, પર્યાયનું ક્ષેત્ર પર્યાય. ચિદ્‌વિલાસ. દીપચંદજીકૃત. કહો, સમજાણું કાંઈ? .. સમજાણું? ... આહા..હા..! આ ક્યાંથી નીકળ્યું? આ બેમાંથી કાઢ્યું. કરવાની ક્રિયામાં અંદરમાં જાણવાની ક્રિયા ભાસતી નથી. અને જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી. આહા..હા..! કહો, રતિભાઈ! રાગની ક્રિયામાં તો આકુળતા એ તો શુભભાવ તે નિમિત્ત છે. દુઃખની ક્રિયા જેને ભાસે છે એને જ્ઞપ્તિ આનંદની ક્રિયા ક્યાં હોય? હોતી નથી એટલે ભાસતી નથી. અને જ્યાં આત્માના આનંદની સમ્યગ્દર્શન-જ્ઞાનની ક્રિયા ભાસી, શુદ્ધની ભાસી ત્યાં તો આનંદને ભાસે છે. ત્યાં રાગની ભાસતી નથી એટલે? ત્યાં રાગ છે ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

'**તતઃ**' હવે આવે છે. '**માટે...**' '**ज्ञप्तिः करोतिः च विभिन्ने**' આપણો ચાલતો કળશ. આહા..હા..! '**જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ'-ક્રિયા બન્ને ભિન્ન છે;...**' ઝીણું પડ્યું નથી ભાઈ

હોં. ભાષા તો સાદી આવી છે. બહુ એવી વાતું નથી કે સભામાં (ન) બોલાય. આ તો સાદી ભાષામાં છે. કોઈ એવી સંસ્કૃત ને મોટી પંડિતાઈની ભાષા નથી. આ તો સાદી ભાષા છે. આહા..હા..! મારે તો એમ કહેવું છે કે ષટ્દ્રવ્ય છે. વ્યાપકનો પર્યાય વ્યાપ્ય. એ તો એક સાધારણ વાત છે. એ તો એક સાધારણ પરથી ભિન્ન પડવાની વાત છે. અને તે પણ દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય એના બે પ્રકાર. સમ્યગ્દષ્ટિનો દ્રવ્ય ઉપર દષ્ટિ માટે એ વ્યાપક અને એનું વ્યાપ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી આનંદની પર્યાય. અને મિથ્યાદષ્ટિ જેની દષ્ટિ દ્રવ્ય ઉપર થઈ નથી, અનુભવ થયો નથી. સમ્યગ્દર્શન નથી. એ મિથ્યાદષ્ટિ છે. રાગની રુચિ અને રાગના પરિણામમાં પડ્યો છે. એ અજ્ઞાનમાં એ આત્મા વ્યાપક અને રાગ એનું વ્યાપ્ય છે. ... એવી વાતું છે. ... આમ કહેવાય. સમજાણું કાંઈ?

આ બે બોલની અંદર '**જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ'- ક્રિયા બન્ને ભિન્ન છે;...**' આહા..હા..! ભારે ... નાથ! આહા..હા..! તારા ...માંથી અંદર રાગ અને સ્વભાવ ક્રિયા બે ભિન્ન ચીજ છે. બંધ અધિકારમાં શ્લોક આવ્યો છેને. '**सर्वत्राध्यवसानमेवखिलं त्याज्यं यदुक्तं जिने**' (કલશ-૧૭૩) એ ક્રિયાને અધ્યવસાય કહે છે. ક્રિયા ભાસે. તો આચાર્ય કહે છે કે હું તો એમ માનું છું કે ભગવાને પર-નિમિત્ત જેટલો વ્યવહાર થયો એનો નિષેધ કર્યો છે. છોડવાયોગ્ય વ્યવહાર. ચાહે તો પંચ મહાવ્રતના પરિણામ હોય કે ચાહે તો ભગવાનના તીર્થંકર પ્રકૃતિ પામવાના ભાવ હોય. બંધ અધિકારની શરૂઆત કરતા ૨૭૨ના પહેલાં કળશ છે. આ સમયસાર છેને. .. મોક્ષમાર્ગ ચાલે છે આ. ૨૭૨ છે. જુઓ, શ્લોકાર્થ. હા, ૪૧૩ પાનું આમાં હોં. '**શ્લોકાર્થ :- આચાર્યદેવ કહે છે**' કળશ છેને કળશ. ૧૭૩.

મુમુક્ષુ :- એક-બે પાનાનો ફેર

ઉત્તર :- એક-બે પાનાનો ફેર હશે. ૧૭૩ કળશ. બસ ઈ. એનો અર્થ કહે છે. '**આચાર્યદેવ કહે છે કે :- સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...**' પરને જીવાડી શકું, મારી શકું, સુખી કરી શકું, દુઃખી કરી શકું, બીજાનો બંધ કરી દઉં, બીજાનો મોક્ષ કરી દઉં, એવો જે અધ્યવસાયનો ભગવાને નિષેધ કર્યો છે. '**तत्**' '**તેથી...**' '**मन्ये**' '**અમે એમ માનીએ છીએ...**' વિશેષ કહે છે. '**अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः**' ''**પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે**'.' પરના લક્ષે થતો આ પંચ મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ. પર આશ્રિત ભાવ જેનો તે વ્યવહાર સઘળોય છોડાવ્યો છે. '**તો પછી આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જે નિષ્કંપપણે અંગીકાર કરીને...**' આહા..હા..! '**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્માસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?**' અને વ્યવહાર-વ્યવહાર કરીને ક્યાં જવું

છે તારે? શું કરવું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આચાર્ય પોતે ૨૮ મૂળગુણ પાળતા હતા.

ઉત્તર :- પાળતા નહોતા. હતા તેને જાણતા હતા.

મુમુક્ષુ :- ...માં આવે છે.

ઉત્તર :- આવે છે. આવે છે. એને .. ન હોયને. તમે પંચ મહાવ્રતને હેય કહો છો. કુંદકુંદાચાર્ય પાળતા હતા. અરે..! ભગવાન! એ તો વ્યવહારનયના પરિણામ .. એમાં આવે. નિશ્ચય-વ્યવહારનું કથન છે એ એમ નથી. પણ નિમિત્તાદિનું જ્ઞાન કરાવવા એ કથન કર્યું છે. એ તો રાતે આવ્યું હતું મોક્ષમાર્ગપ્રકાશકમાં. ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આપણે ચાલતો. અરે..! '**જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ'-ક્રિયા બન્ને ભિન્ન છે; અને તેથી એમ ઠર્યું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી.**' આહા..હા..! જે ભગવાન આત્મા જાણનાર-દેખનાર સમ્યગ્દર્શનમાં ભાન થયું એ હવે રાગનો કર્તા નથી. એ રાગનો સ્વામી થતો નથી. એમ કહે છે. જ્ઞાતા તે કર્તા નથી. આહા..હા..! હોય છે, આવે છે હોય છે. દેહની ક્રિયા હોય તે બધું હોય છે. એ તો પર છે. રાગાદિ પણ એ કાળે એને .. હોય છે. હોય છે પણ જ્ઞાતા. એ રાગ મારું કર્તવ્ય છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..નો પણ ધણી નથી. પર્યાય છે. આહા..હા..! જેની દૃષ્ટિ ધ્રુવ ઉપર પડી છે. ધર્મીનું ધ્યેય તો ધ્રુવ છે. ધર્મીના ધ્યાનનો વિષય ધ્રુવ છે. ચોથેથી માંડીને બધે. એને ધ્યાન વિષય કુરુ એમ કહે છે. ધ્યાનના વિષયમાં કરવાલાયક તો ધ્રુવ છે. ચૈતન્ય ધ્રુવ. એને જેણે વિષય બનાવ્યો છે એવો જે જ્ઞાતા તે કર્તા નથી. તે વ્યવહાર ક્રિયાના રાગનો તે કર્તા નથી. એનો એ જાણનાર... જાણનાર... જાણનાર... સ્વપરપ્રકાશક છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- 'હું પરદ્રવ્યને કરું છું' એમ જ્યારે આત્મા પરિણમે છે...**' તો એ ભાવરૂપે પરિણમે. પરદ્રવ્યને કરી શકતો નથી, પણ પરને કરું છું, દયા પાળી શકું છું, બીજાને મારી શકું છું. એ '**ભાવાર્થ :- 'હું પરદ્રવ્યને કરું છું' એમ જ્યારે આત્મા પરિણમે છે...**' એટલે રાગરૂપે જ્યારે આત્મા થાય છે '**ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી...**' ત્યારે તો કર્તા એટલે વ્યાપકરૂપે થઈને રાગની પરિણમનરૂપી ક્રિયા કરતો હોવાથી '**'કરોતિ' ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે છે કાંઈ? જયચંદભાઈ! ભાઈ! આ તો...

મુમુક્ષુ :- આપે બહું સહેલું કરી નાખ્યું.

ઉત્તર :- સહેલું જ છે બાપા! એનો માર્ગ છે. ... આહા..હા..! આખી ચીજ ભિન્ન

છે. રાગથી તો ભિન્ન છે, પણ પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! એમ જ્યાં સુધી દૃષ્ટિ અંતરમાં ન જાય ત્યાં સુધી ગોટા ઉઠ્યા વિના રહે જ નહિ એને. શાસ્ત્રના અર્થ કરવામાં પણ ખોટો હોય. એય..! સમજાણું કાંઈ? જેને અંતર દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી અને એ શાસ્ત્રના અર્થ કરવા જાય તો ઉંધા જ કરે બધા. ગોદિકાજી! આહા..હા..! હું પરદ્રવ્યને કરું છું એમ જ્યારે આત્મા પરિણમે છે રાગરૂપે. ધ્રુવ તો કાંઈ પરિણમતો નથી. ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમન ક્રિયા કરતો હોવાથી.

''કરોતિ' **ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે અને જયારે 'હું પરદ્રવ્યને જાણું છું'**...' એ પણ વ્યવહારથી કહ્યુંને? જાણે છે તો પોતાની પર્યાયને. આહા..હા..! ત્યારે હું પરદ્રવ્યને જાણનારો ભગવાન સ્વપરપ્રકાશક ચૈતન્યની જાત મારી છે. એમાં રાગાદિ અચેતનની ગંધ નથી. વ્યવહારની ગંધ નથી જેનામાં. એવો **'જયારે 'હું પરદ્રવ્યને જાણું છું' એમ પરિણમે છે**...' જ્ઞાન અને આનંદપણે. **'ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી**...' જાણનાર-દેખનારની દશારૂપે. પર્યાય એ પર્યાય છે. જ્ઞાતાભાવ એટલે પર્યાયરૂપે. પર્યાયરૂપે વીતરાગી દશારૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાયરૂપે પરિણમતો **'જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે.'** સમજાણું કાંઈ? એનો વિસ્તાર-ભાવાર્થ આવશે... '

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧૦, શુક્રવાર, તા. ૨૯-૧૨-૧૯૭૨
## કળશ-૯૭-૯૮, પ્રવચન-૨૬૮

જેને આત્મ જ્ઞાન-દર્શન સમકિત થયું છે. એ તો અંદર જ્ઞાન અને દર્શન, આનંદની પર્યાયનો કર્તા હોવાથી એ તો જ્ઞાતા મિથ્યાત્વનો છે. સમ્યગ્દર્શન એટલે ધ્રુવ અખંડ આનંદનો આશ્રય જેને થયો અંતરમાં દૃષ્ટિનો વિકાસ થયો છે. તેને તો અંતરમાં આનંદ અને જ્ઞાનની પર્યાય પ્રગટ થતાં એ હું તો જ્ઞાતા-દૃષ્ટાની ક્રિયામાં છે. સમજાણું કાંઈ? અને જેને હજી આત્મદર્શન વસ્તુ શું છે એવો અનુભવ એમાં દૃષ્ટિમાં નથી, એની દૃષ્ટિમાં તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ દૃષ્ટિમાં હોય છે. એથી એનો એ કર્તા થાય છે. સમજાણું કાંઈ? એક

સમયની પર્યાય પ્રગટ છે અનાદિથી અને એ પર્યાયમાં જેની એકત્વબુદ્ધિ છે. એ વ્યવહારના રાગનો વિકલ્પ ઉઠે એનો એ કર્તા થાય. અને જ્ઞાની જેને પર્યાયની એકતા તુટી ગઈ છે. રાગની એકતા તો તુટી પણ પર્યાયના અંશમાં એકત્વબુદ્ધિ અનાદિની એ અંશનો સ્વીકાર હતો. એ અંશ પ્રગટ છે એનો સ્વીકાર હતો અને અપ્રગટ દ્રવ્ય છે એનો સ્વીકાર અનુભવમાં નહોતો જણાણો. જ્ઞાનીને એ અનુભવમાં આવ્યો. આહા..હા..! એથી જ્ઞાની જ્ઞાતા છે અને અજ્ઞાની કર્તા છે. આ પ્રશ્ન થયો. એમાંથી આ પ્રશ્ન ઉઠ્યો હતો. સમજાણું કાંઈ?

**'અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દષ્ટિ...'** સમ્યગ્દષ્ટિ છે પણ હજી ચોથે ગુણસ્થાને છે કે પાંચમે છે. આદિ છેને આદિ? કોઈ છઠ્ઠે છે. અનુભવ થયો છે આનંદનો. વસ્તુના સ્વભાવની પર્યાયમાં પ્રાપ્તિ થઈ છે. પર્યાયમાં. ધ્રુવ તો ધ્રુવ છે. આહા..હા..! જે પર્યાયમાં અનાદિથી વ્યક્તરૂપે પ્રગટ અંશ હતો તે રાગ હતો એના ઉપર એની દૃષ્ટિ, અસ્તિત્વ છે. એ તો અજ્ઞાની છે. ચાહે તો એ સાધુની ક્રિયા કરતો હોય મહાવ્રત આદિ. પણ એ રાગની ક્રિયાનો કર્તા જ છે. અજ્ઞાની છે ચૈતન્ય દ્રવ્ય અખંડ અભેદ એની પર્યાયમાં એને અનુભવમાં આવ્યો નથી. એથી એ તો રાગનો કર્તા છે. પણ જ્ઞાનીને અનુભવમાં આવ્યું. સમજાણું કાંઈ? એવા અવિરતી સમ્યગ્દષ્ટિ. આદિ નામ પાંચમા ગુણસ્થાનવાળા અને છઠ્ઠા ગુણસ્થાનવાળા. એને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે. જેને હજી દયા, દાન, ભક્તિના પરિણામ આવે છે અને અશુભભાવ પણ આવે છે. પાંચમે તે પરિણામ છે. છઠ્ઠા સુધી આર્તધ્યાનના પરિણામ છે.

તો કહે છે કે એ રાગરૂપે, કષાયરૂપે તો થાય છે. તો તેને કર્તા કહેવાય કે નહિ? સમજાણું કાંઈ? ચૈતન્યની મહાસત્તા પૂર્ણાનંદ પ્રભુ એની દૃષ્ટિનો વિષય છે એ વિષય એણે પ્રરૂપ્યો છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પ્રગટ્યો છે આનંદનો અંશ. પાંચમે તો એથી વિશેષ શાંતિ અને આનંદનો અંશ પાંચમે ગુણસ્થાને વધી ગયો છે. ચોથે ગુણસ્થાને જનારા સર્વાર્થસિદ્ધિના દેવ સમકિતી એના કરતાં શ્રાવક જે થયો. શ્રાવક એટલે .. સાચા હોં. વાડાના શ્રાવક એ કોઈ શ્રાવક નથી. જેને અંતર આત્માના અનુભવની દૃષ્ટિ પ્રગટી છે અને એ ઉપરાંત જેને શાંતિનો અંશ વિશેષ પ્રગટ્યો છે. તો એ ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ કરતા એની શાંતિ વધી ગઈ છે. અકષાયભાવ વધ્યો છે. સમજાણું કાંઈ? તો એને હજી રાગ થાય છે એનું શું? નહિતર તો એ જ્ઞાતા છે, દૃષ્ટા છે. જ્ઞાતા છે, એ તો જ્ઞાન છે, રાગની ક્રિયાનો કરનાર નથી. તો રાગ થાય છે એનું શું? ..ભાઈ! આહા..હા..! એ કહેવાય કે નહિ? **'તો તેને કર્તા કહેવાય કે નહિ? તેનું સમાધાનઃ-'** ભાઈ! **'અવિરત સમ્યગ્દષ્ટિ વગેરે...'** હજી અવ્રતભાવ છૂટ્યો નથી, પણ અવ્રતભાવથી ભિન્ન છું એવું સમ્યક્ અનુભવમાં આવ્યું છે. એ અને પાંચમા ગુણસ્થાનવાળો. એને અંશે સ્થિરતાનો અંશ વધી

ગયો છે. છઠ્ઠે પણ ભાન થયું. ત્રણ કષાયના અભાવની શાંતિ વધી ગઈ છે. એને રાગરૂપે થાય તો તેને કર્તા કહેવાય કે નહિ? કહે છે કે શ્રદ્ધા, જ્ઞાનના પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી.

સમ્યગ્દષ્ટિ હો કે શ્રાવક હો કે મુનિ હો વસ્તુ તરીકે. એને રાગાદિ થાય તો શ્રદ્ધા જ્ઞાનમાં તે રાગાદિ પરદ્રવ્ય છે. આહા..હા..! એ '**પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...**' એને રાગનું કર્તૃત્વ કરવાલાયક છે એવી બુદ્ધિ સમ્યગ્દષ્ટિને રહેતી નથી. આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? તેથી શ્રદ્ધા-જ્ઞાનમાં તો રાગનો સ્વામી જ નથી. જેમ શરીર અને પરદ્રવ્યનો સ્વામી સમકિતી નથી એમ રાગના ભાવનો પણ સ્વામી નથી. મારી ચીજ તો રાગ વિનાની વીતરાગી સ્વરૂપ આનંદનું ભાન થતાં એવું જ્યાં અનુભવમાં આવીને વ્યક્તરૂપે આનંદ અને શાંતિનું વેદન છે એને આ રાગ આવતા રાગનો સ્વામી થતો નથી. વ્યવહારરત્નત્રયનો રાગ તો એને હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ. દયા, દાન કે પૂજા, ભક્તિ, ભગવાનનું નામ સ્મરણ એ રાગ હોય, પણ એનો એ સ્વામી ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એને ધણીપતે એ રાગ થતો નથી. આહા..હા..! એટલે શું? કે આત્મામાં એ સ્વસ્વામી સંબંધ નામનો એક ગુણ છે અનાદિ-અનંત. સ્વસ્વામીસંબંધ એવો અનાદિ-અનંત ગુણ છે. એ ગુણનો ધરનાર ભગવાન આત્મા એવી જ્યાં નિર્વિકલ્પ અભેદ દૃષ્ટિ પ્રગટી ત્યારે એ પોતાના દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાયનો જ સ્વામી છે. સ્વસ્વામીસંબંધ. સ્વ નામ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને નિર્વિકારી સમ્યગ્દર્શન આદિની પર્યાય એને સ્વ, એનો સ્વામી એવો એનો સંબંધ છે. રાગાદિનું સ્વ, એનો સ્વામી એ સંબંધ એને નથી. આહા..હા..! પંડિતજી! ઝીણી વાત છે, ભગવાન! આ માર્ગ એવો છે, ભાઈ!

વીતરાગી સ્વરૂપ અનુભવમાં આવવું એ પછી રાગ થવો કહે છે કે એનું ધણીપતું નથી. આહા..હા..! એક મેસુબ ખાધેલું મેસુબ સમજો છો? મેસુબ. એક શેર લોટ અને ચાર શેર ઘી. મેસુરપાક. અમારે મેસુબ કહે છે. એ ખાધો હોય તો તેની વિષ્ટા થાય તેને કોઈ રાખે? કોઈ દબાવે? એમ ધર્માત્માને એ ચોથે, પાંચમે, છઠ્ઠે જે રાગ આવે છે. ભગવાન! શું કરે? એ ભઠ્ઠી જેવો લાગે એ કષાયની અગ્નિ, અકષાય સ્વભાવના વેદન આગળ ધર્મીને શુભરાગ મહાવ્રતનો હોય એ પણ ભઠ્ઠી લાગે છે. એથી એનો સ્વામી થતો નથી. સમજાણું કાંઈ? પંડિતજી! આહા..હા..! એ મારગડા જુદા નાથ તારા. તારા પંથ જુદા છે. આહા..હા..! કહે છે ભલે ચોથે ગુણસ્થાન હોય, પણ જેનો અકષાય સ્વભાવનું વેદન અનુભવ, પ્રતીતિ તો આનંદની વર્તે છે. એને રાગાદિ એની સાથે મેળવે છે ત્યારે રાગ એને અગ્નિ જેવો લાગે છે. શાંતિના વેદન આગળ ધર્મીને થતો ભક્તિનો રાગ, મહાવ્રતનો રાગ, દયાનો રાગ, પૂજાનો રાગ. એય..! મહેન્દ્રભાઈ! પણ એ તમારા અશુભરાગનું શું સમજવું? આહા..હા..! ધર્મીને

અશુભ રાગ આવે ત્યારે બહુ ભક્તિ.. દુઃખ લાગે. વિષયની વાસના આવે પણ એને દુઃખ લાગે છે. કાળો નાગ દેખે એવું એને દુઃખ લાગે છે. એની નબળાઈને લઈને આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે ભગવાનનું.

કહે છે એનો સ્વામી થતો નથી. સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી. પરિણમન છે. રાગનું પરિણમન છે. જ્ઞાન જાણે છે. પણ એ કરવાલાયક છે એવા સ્વામીપણાનો અભિપ્રાય નથી. સમજાણું કાંઈ? એ ભક્તિનો ભાવ આવે. પાંચ પરમેષ્ઠીના સ્મરણનો આવે તો એ બધું કષાયનું પરિણમન. એનો કર્તા કહેવાય કે નહિ? કહે ના. એનો સ્વામી કર્તાપણાનો અભિપ્રાય નથી. આહા..હા..! એ જયચંદ પંડિતે ખુલાસો કરી નાખ્યો છે. પહેલાના તો શ્રાવકો પણ એવા હતા. સમજાણું કાંઈ?

'**કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે;...**' આહા..હા..! એટલે કે પર્યાયમાં કર્મના નિમિત્તમાં જોડાઈ જવાય છે. રુચિ ન હોવા છતાં, જેને આનંદની રુચિ એને રાગની રુચિ કેમ હોય? એક મ્યાનમાં બે તલવાર કેમ હોઈ શકે? આહા..હા..! જેને પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના પરિણામમાં સુખબુદ્ધિ છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એને આત્માના સુખસ્વરૂપનો અનાદર છે. અને જેને આત્માના આનંદની રુચિ પ્રગટી અને વેદન છે એને રાગનું વેદન દુઃખરૂપ લાગે છે. આહા..હા..! ભાઈ! આ તો મારગડા જુદા. આ પૈસા-બૈસામાં મઝા છે એમ તો જ્ઞાની માને નહિ, પણ એની આસક્તિનો રાગ આવે એ દુઃખ લાગે છે. આહા..હા..! અરે..! એ તો નહિ પણ દયા, દાન અને પૂજાનો ભાવ આવે એ પણ એને દુઃખ લાગે છે. ડંખ લાગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અર્થ શુદ્ધતા કીધો હતો. થઈ ગયો છે. કે રુચિ નથી ને થાય માટે કહેવાય છે. ભાવકર્મની ઉગ્રતા એ રુચિ. રુચિ નથી છતાં થાય છે. કર્મને લઈને થાય છે એ અપેક્ષા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કથન તો શાસ્ત્રમાં એમ જ કરેને. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય એ તો પહેલો નિર્ણય અજ્ઞાનમાં ગયો.

મુમુક્ષુ :- વિકલ્પ

ઉત્તર :- પહેલા .. વિકલ્પનો પહેલો નિર્ણય. કહ્યું છેને પહેલા ૪૪માં આવી ગયું છેને? ૧૪૪માં આવી ગયું છે. શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને. વિકલ્પ થયો કે રાગ .. વિચારમાં પ્રથમ સમ્યગ્દર્શન થવા પહેલા. એવો નિર્ણય હોય. ૧૪૪માં ટીકા પછી પહેલી લીટી. '**શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને.**'

વિકલ્પથી હજી તો હોં. રાગમિશ્રિત મનના સંબંધે કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવ છે. ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્ય જ્ઞાનસ્વભાવ કોનું કરે? એ જ્ઞાનસ્વભાવ કોનાથી લે? એ રાગને કરે એ વિકલ્પથી નિર્ણય કર્યો છે. કે રાગનું કરવું એ પણ જ્ઞાનસ્વભાવમાં નથી. એ તો જ્ઞાનસ્વભાવ ચૈતન્ય છે. રાગના વિકલ્પથી નિર્ણયની ભૂમિકા. મિથ્યાત્વની છે હજુ. સમજાણું કાંઈ? એમાં નિર્ણય કર્યો છે. અંદર જવામાં અનુભૂતિ પહેલા કે આ આત્મા તે જ્ઞાનસ્વભાવ છે. ચૈતન્ય પ્રકાશનું નૂર છેને. એમાંથી ચૈતન્ય પ્રકાશના નૂર પ્રગટે છે. એમાંથી રાગ પ્રગટે એ ચીજ નથી. આહા..હા..! ત્યારે એણે આત્માનો નિશ્ચય કર્યો કે આ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. ત્યારે જ્ઞાનસ્વરૂપી નિર્ણય કર્યો એમાં કેટલું આવી ગયું. એણે જે દયા, દાનના ભાવ આવશે અને આવ્યા તો આ તો જ્ઞાનસ્વભાવ વસ્તુ છે એમ લેવું છે. આ ભાવ એનો નથી. સમજાણું કાંઈ? વિસ્તાર કર્યો હતો. ઘણો વિસ્તાર થઈ ગયો. આ તો જરી આની સાથે વાત કરી. આનો ઘણો વિસ્તાર થયો હતો.

આત્મા શ્રુત જ્ઞાનના અવલંબન આગમના શાસ્ત્રના જ્ઞાન દ્વારા, આત્માના અનુભવના જ્ઞાન દ્વારા નહિ. આહા..હા..! કેમકે શાસ્ત્રકાર એમ કહેવા માગે છે ભગવાન! કે પોતે ચૈતન્યસૂર્ય છો. જગતનો દૃષ્ટા, જગતનો જ્ઞાતા અને જગત દૃશ્ય જ્ઞેય એ તારું સ્વરૂપ છે. આહા..હા..! એવો તો જેણે રાગમિશ્રિત વિચારમાં પહેલો નિર્ણય કર્યો છે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ નથી. એવો નિર્ણય વિકલ્પમાં પહેલો આવ્યા વિના રહેતો નથી. છતાં એ નિર્ણય વિકલ્પથી કર્યો, માટે એને હવે અનુભૂતિ અને સમ્યગ્દર્શન થશે એમ પણ નથી. સમજાણું કાંઈ? પછી કહ્યું છે બધું. મતિ અને શ્રુતને આમ વાળવા. બધી લાંબી વાત ઘણી કરી હતી. આ તો કળશ ચાલે છેને આપણે. આહા..હા..!

જેણે એવો આત્માને પહેલે ધડાકે .. નિર્ણય કર્યો. બીજી એકકોર વાત આખી દુનિયાની. રાગમિશ્રિત મનના સંબંધે વાણીના અવલંબે વીતરાગની વાણીના અવલંબે એણે નિર્ણય કર્યો કે આ તો જ્ઞાનસ્વભાવ વસ્તુ છે. વિભાવસ્વભાવ, દ્રવ્યસહિત સ્વભાવ એ વસ્તુ નથી. શેઠ! આહા..હા..! અરેરે..! એના ઘરની વાતું એ પણ એને મળે નહિ. પારકા ઘરની વાતું કરીને મરી ગયો છે. અભિમાન કર્યા કે અમે ધર્મ કરીએ છીએ, પણ ધર્મ છે કઈ રીતે એની એને ખબર નથી. કહે છે કે પહેલો તો અંદર વિકલ્પથી નિર્ણય કર્યો હતો એ પછી જ્યારે અનુભૂતિ થઈ ત્યારે અનુભૂતિમાં યથાર્થ નિર્ણય થયો કે આ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એથી એને શ્રદ્ધા જ્ઞાનમાં **'પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય...'** રુચિ, આશય હોતો નથી. સમજાણું કાંઈ? માર્ગ તો ઝીણો છે, ભાઈ! આહા..હા..!

**'કષાયરૂપ પરિણમન છે...'** એટલે રાગરૂપ પરિણમન છે સમકિતીને. સમજાણું કાંઈ? **'તે ઉદયની બળજોરીથી છે;...'** પર્યાયમાં પુરુષાર્થની કમજોરી છે એથી રાગની બળજોરી

છે સ્વભાવની રુચિ હોવા છતાં. રાગની રુચિ કરવાની ન હોવા છતાં. સમજાણું કાંઈ? મચક ખાઈ જાય છે અંદર. મચક ખાય છે એ કહેવાય કોને? જેને આત્મા અખંડ આનંદમૂર્તિ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એને આ રાગ મચક ખાઈ જાય છે એમ ભાસે છે. એકલો અજ્ઞાની એમ કહે કે રાગનું મચકપણું છે (પણ) એ તો સર્વસ્વ રાગમાં જ પડ્યો છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે '**તેનો તે જ્ઞાતા છે.**' છે? રાગ થાય છે. સમ્યગ્દૃષ્ટિને, રાજા હોય તો લડાઈનો ભાવ પણ રાગ થાય, દ્વેષ થાય છે. છતાં સમ્યગ્દૃષ્ટિ એનો જ્ઞાતા છે. કર્તા નહિ.

મુમુક્ષુ :- એનો જ્ઞાતા છે?

ઉત્તર :- રાગનો જ્ઞાતા છે એમ વ્યવહારથી કહે છે. ખરેખર તો જ્ઞાતાની પર્યાયનો જ્ઞાતા છે. પણ અહીં તો લેવું છે શુભરાગનું એટલે એ શૈલીથી વાત કરી છે.

'**તેનો તે...**' તેનો એટલે ઓલા રાગનો. આહા..હા..! ખરેખર તો એ પરદ્રવ્ય છે. શાસ્ત્રકારે તો .. આગળ વાત મૂકી આ સમ્યગ્દર્શનને માટે. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી પર્યાયો પરદ્રવ્ય છે. શું કીધું? ક્યાં ગયા તમારા? પંડિતજી! ... ચાલે ત્યારે. આવે છે? અત્યારે ઝાઝા માણસો ગુજરાતી. હિન્દી ક્યાં છે? કહેતા હતા. ક્યા કરે તમારા બાપ સમજે છે કે નહિ? ગુજરાતી ઝાઝા માણસ હોય ત્યાં હિન્દી ક્યાં કરે? આહા..હા..! કહે છે તે જ્ઞાતા છે, ભાઈ! ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિના અનુભવમાં નિર્વિકલ્પપણે જ્યાં આવ્યો ત્યારે એને વીતરાગભાવની આગળ રાગભાવ ઝેર જેવો દેખાય છે. એથી તેનો જ્ઞાતા છે. તે કર્તા છે નહિ. આહા..હા..! વાતું ભારે ભાઈ! કહો, સમજાણું આમાં?

અરે..! જ્યાં સુધી કષાયનો ભાવ દુઃખરૂપ ન લાગે ત્યાં સુધી સુખરૂપ ભગવાનની દૃષ્ટિ નહિ કરે. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભ કષાય કષ નામ સંસાર આય એટલે લાભ. જેમાં સંસારની પ્રાપ્તિનો લાભ છે. એ ચાહે તો શુભ હો કે અશુભ હોય. એમાં દુઃખ છે, આકુળતા છે. એવું જ્યારે ભાસે ત્યારે તેને અંદર આનંદની રુચિમાં ભળશે નહિ. સમજાણું કાંઈ? એ રાગના પ્રેમમાં પડ્યો એ આનંદના પ્રેમમાં ભળી શકશે નહિ. અને જેને આનંદના પ્રેમમાં પડ્યો એ રાગમાં કર્તાબુદ્ધિએ વળશે નહિ હવે. સમજાણું કાંઈ? કહો, મહેન્દ્રભાઈ! શું છે આ?

મુમુક્ષુ :- આપની વાત સાચી છે.

ઉત્તર :- હતી કે દિ' .. એને સમજાય ત્યારે સાચી કહેવાય છે. ... જેને ભાસે ત્યારે સાચી કહેવાય. સુજાનમલજી!

મુમુક્ષુ :- ત્યારે સાંભળ્યું કહેવાય.

ઉત્તર :- હા. આહા..હા..!

કહે છે કે 'તે જ્ઞાતા છે. તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી.' એ શું કીધું? કે રાગને કર્તાપણે માનવું તો અજ્ઞાન છે, મિથ્યાત્વભાવ છે. એવો ભાવ જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! કેટલી શરતું છે? કેટલી એમાં જવાબદારીવાળો પુરુષાર્થ છે. લોકોએ એને સાધારણ કરી નાખ્યું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત. હવે વ્રત લઈ લ્યો. અરે..! ભગવાન! ભાઈ! એ તો અનંતવાર એવું કર્યું છે. ...

મુમુક્ષુ :- શ્રદ્ધાનું ફળ...

ઉત્તર :- શ્રદ્ધાનું ફળ વિપરીત એટલે? પછી એને વિપરીત થાશે જ એમ. જેને આત્મા અખંડ આનંદ પૂર્ણની મુક્ત સ્વભાવનું ભાન થયું એને તો દૃષ્ટિમાં અનંતા કેવળજ્ઞાનીને પ્રતીતમાં લીધા અને એમાં મુક્તિ પડી છે તો દૃષ્ટિમાં મુક્તિને તાબે કરી નાખી દૃષ્ટિએ. એ મુક્તિ થયા વિના રહેશે નહિ. આહા..હા..! ઝીણી વાતું બહુ પણ ભાઈ! એવો માર્ગને કરી નાખ્યો કહે છે. આખો વીતરાગના માર્ગને અન્ય માર્ગ, રાગ માર્ગ એવો ભાસે છે એને. સમજાણું કાંઈ? એ વીતરાગના માર્ગ જુદા છે, ભાઈ!

કહે છે તે '**અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી.**' પરિણમન છે. પણ મિથ્યાત્વ સંબંધી જે કરવાલાયક છે એ બુદ્ધિ રહેતી નથી એને. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવું. હવે આવું કોણ નવરા હોય સમજવા માટે એને એકલું થાવું હોય તો આ નિર્ણય કરવું પડે. એકલો જ છે. રાગસહિત બેકલો માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યુંને. આખું છેને. આવ્યું છે.

एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।

આહા..હા..!

મુમુક્ષુ :- એ તો આચાર્ય કહે છેને.

ઉત્તર :- આચાર્ય કહે છે એટલે શું? વસ્તુની સ્થિતિ છે એમ કહે છે. વસ્તુની મર્યાદા જ એવી છે. રાગ અને ચૈતન્ય વચ્ચે ગઢ છે મોટો. ખરેખર તો રાગની ક્રિયા જે વ્યવહારરત્નત્રયની છે. એનો પણ સ્વભાવમાં અત્યંત અભાવ છે. એ આવી ગયું છે. ૭૩ ગાથામાં. સમજાણું કાંઈ? અત્યંત અભાવ છે. પુદ્ગલ એનો સ્વામી છે રાગનો. આહા..હા..! સમજાણું કાંઈ? ૭૩ ગાથામાં આવી ગયું. રાગ પુદ્ગલ એનો સ્વામી છે. હું નહિ. સમજાણું કાંઈ? બાપુ! .. છે. બહારથી ગપ્પા મારીને મનાવી દીધું છે. અરે..! કાળ ચાલ્યો જશે ભગવાન! આવો મનુષ્યદેહ મળ્યો, એમાં જૈન સંપ્રદાયમાં જન્મ થયો. એને વાત કાને પડે, પણ છતાં સમજવાની દરકાર કરે નહિ. ચાલ્યો જશે. આહા..હા..! ત્યાં કોઈ સિફારિશ લાગુ પડે એવી નથી. સિફારિશ સમજો છો? સિફારિશ નથી કહેતા? .. અમારા શેઠ છે. સિફારિશ શબ્દ તમારે હિન્દીમાં નહિ

હોય?

મુમુક્ષુ :- એ ફારસી ભાષાનો છે.

ઉત્તર :- .. ફારસી ભાષા છેને તમારી? એને કોઈની ભલામણ લાગુ ન પડે. આહા..હા..!

કહે છે કે '**નિમિત્તથી બળજોરીથી થતાં પરિણમનું ફળ કિંચિત્ હોય છે...**' રુચિ નથી છતાં મચક ખાઈ જાય છે કર્મના નિમિત્તમાં જોડાણ થઈને. એનું પરિણમનનું ફળ કિંચિત્ હોય છે. '**તે સંસારનું કારણ નથી.**' આહા..હા..! જેને આત્માનો અનુભવ થયો, અનંતાનુબંધીનો કષાય ગયો. આહા..હા..! તેને ત્રણ પ્રકારના કષાયનો રાગ એને કિંચિત્ સંસાર છે. સમજાણું કાંઈ? '**તે સંસારનું કારણ નથી. જેમ વૃક્ષની જડ કાપ્યા પછી...**' વૃક્ષનું મૂળ-મૂળ છેદ્યા પછી '**તે વૃક્ષ કિંચિંત્ કાળ રહે...**' એ પાંદડા અને ડાળા, છોડવા રહે લીલા. પણ સુકાયે છુટકો. મૂળિયું છેદી નાખ્યું. '**અથવા ન રહે-ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું.**' એટલે? મિથ્યાત્વ હતું એ જ વૃક્ષ ખીલવાનું ચોર્યાસીના અવતારનું કારણ હતું. બીજા પાંદડા એકલા તોડે પણ મૂળિયું ન છેદે. પાંદડા સમજો છોને? મૂળ ન છેદે તો બે મહિના પાછું થઈ જાય. ઝાડ એવું ને એવું લીલું થઈ જશે. મૂળ સાજુ છેને મૂળ? એમ રાગની મંદતાની ક્રિયા કરે અને સ્વર્ગમાં જાય, પણ રાગની દૃષ્ટિ પડીને આ રાગથી અનુભવ ભિન્ન નથી એને સંસાર પાછો ફાલવાનો બધો. આ કસાયખાના માંડવાના. આહા..હા..!

અહીં કહે છે કે મૂળ કાપ્યું જેણે. રાગની એકતા જે મિથ્યાત્વભાવ એને જેણે છેદી નાખ્યો. મિથ્યાત્વ એ જ સંસાર, મિથ્યાત્વ એ જ આસ્રવ, મિથ્યાત્વ એ જ બંધ. પછી અવ્રતાદિના પરિણામ તો બહુ થોડા રહ્યા સાધારણ. એનું કાંઈ ફળ સંસાર જરી છે. કિંચિત્ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમ અહીં સમજવું.**' એટલે કે જેમ ઝાડના મૂળિયા કાપીને જેનું ઝાડ ફાલે નહિ પછી એમ જેણે મિથ્યાત્વને છેદ્યું છે અને ભગવાન આત્માના અનુભવની દૃષ્ટિ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એના મૂળિયા કાપી નાખ્યા છે. તોડેલા રહેશે. એ બધું જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહેશે. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં એકપણે નહિ રહે. જ્યાં સુધી સાધક છે. કેવળ ન થાય. ત્યાં સુધી કોઈ એકાદ-બે ભવ હોય, પણ એ ભવ અને ભવનો ભાવ જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહેશે. જ્ઞાનમાં એકપણે થઈને રહી શકે એ ભવ અને ભવનો ભાવ (એમ ન બને). સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ક્યાં છે ભાઈ! મારીને, કચરડી, મચરડીને ઉંધા અર્થ કરે, શાસ્ત્રને મરડે અને માને કે અમે શાસ્ત્રની શ્રદ્ધા રાખી છે.

મુમુક્ષુ :- આગમની અમારે છે.

ઉત્તર :- આગમની અમને શ્રદ્ધા છે ભાઈ! આહા..હા..! પણ આગમે એ કહ્યું છે. આ કોણ કહે છે? આ પરમાગમ છે.

## શ્લોક-૯૮

(શાર્દૂલવિક્રીડિત)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।

ફરીને એ જ વાતને દઢ કરે છેઃ-

શ્લોકાર્થ :- [कर्ता कर्मणि नास्ति, कर्म तत् अपि नियतं कर्तरि नास्ति] કર્તા નક્કી કર્મમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી- [यदि द्वन्द्वं विप्रतिषिध्यते] એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે [तदा कर्तृकर्मस्थितिः का] તો કર્તાકર્મની સ્થિતિ શી? (અર્થાત્ જીવ પુદ્‌ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.) [ज्ञाता ज्ञातरि, कर्म सदा कर्मणि] આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે [इति वस्तुस्थितिः व्यक्ता] એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે [तथीप बत] તોપણ અરે! [नेपथ्ये एषः मोहः किम् रभसा नानटीति] નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે? (એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)

ભાવાર્થ :- કર્મ તો પુદ્‌ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય છે. તે બન્નેને અત્યંત ભેદ છે, જીવ પુદ્‌ગલમાં નથી અને પુદ્‌ગલ જીવમાં નથી; તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે, પુદ્‌ગલકર્મનો કર્તા નથી; અને પુદ્‌ગલકર્મ છે તે પુદ્‌ગલ જ છે, જ્ઞાતાનું કર્મ નથી. આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે-આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે તોપણ 'હું કર્તા છું અને આ પુદ્‌ગલ મારું કર્મ છે' એવો અજ્ઞાનીનો આ મોહ(-અજ્ઞાન) કેમ નાચે છે? ૯૮.

## કળશ-૯૮ ઉપર પ્રવચન

'ફરીને એ જ વાતને દઢ કરે છે :—' કળશ નવો. ૯૮-૯૮.

(शार्दूलविक्रीडित)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ હતા, ભાવલિંગી સંત હતા, ત્રણ કષાયના અભાવમાં રમતા હતા. ક્ષણે અને પળે જેને છઠ્ઠું અને સાતમું અંતર્મુહૂર્તમાં પણ અનેકવાર આવતું. એક દિવસમાં તો હજારવાર આવે. છઠ્ઠું અને સાતમું. છઠ્ઠે અને સાતમે મુનિ ઝૂલતા હોય છે. એથી કુંદકુંદાચાર્યે છઠ્ઠી ગાથામાં જ્યાં ઝૂલતાનો નિષેધ કર્યો છે. **'ण वि होदि अपमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** હું પ્રમત્ત અને અપ્રમત્ત નથી. આહા..હા..! **'जाणगो दु जो भावो'** એ જ્ઞાયકભાવ ચીજને જાણે છે કોણ? પર્યાય. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, અખંડભાવ એ હું. પ્રમત્ત-અપ્રમત્ત નહિ. આહા..હા..! જે ભૂમિકામાં પર્યાયમાં હતા એનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ? એ પ્રમત્ત છઠ્ઠું, અપ્રમત્ત સાતમું એ પ્રમત્ત-અપ્રમત્ત **'ण वि होदि अपमत्तो'** આહા..હા..! હું તો જ્ઞાયકભાવ છું. એ જ્ઞાયકભાવ છું એ પર્યાયમાં વેદન પરથી ભિન્ન પડીને વેદનમાં આવ્યું કે આ જ્ઞાયક છે. ત્યારે પ્રમત્ત-અપ્રમત્તથી ભિન્ન પડી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ છઠ્ઠી ગાથા. છઠ્ઠીના લેખ. ...

**'कर्ता कर्मणि नास्ति, कर्म तत् अपि नियतं कर्तरि नास्ति'** **'કર્તા નક્કી કર્મમાં નથી,...'** જડકર્મમાં જ રાગનો કર્તા જડમાં નથી. **'અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી...'** અને જડકર્મ જે છે અજ્ઞાની જે રાગ કરે છે એ રાગમાં જડકર્મ નથી. આવી વાતું એ છે. સમજાણું કાંઈ? **'कर्ता कर्मणि नास्ति,'** કર્તા નામ અજ્ઞાની રાગનો કર્તા રાગનો હો અજ્ઞાની, પણ એમાં કર્મ નથી. **'कर्ता कर्मणि नास्ति,'** રાગના કર્તામાં અજ્ઞાનમાં કર્મ આવ્યું નથી. આહા..હા..! જડ એમાં નથી આવ્યું. નાસ્તિ. **'कर्म तत् अपि नियतं कर्तरि नास्ति'** સમજાણું કાંઈ? **'અને કર્મ છે તે પણ નકકી કર્તામાં નથી...'** જડકર્મ તે રાગના કર્તામાં અજ્ઞાનીમાં આવ્યું નથી અને રાગનો કર્તા એ જડકર્મમાં ગયો નથી. એય..!

**'यदि द्वन्द्वं विप्रतिषिध्यते'** **'એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે...'** રાગનો કર્તા અજ્ઞાની જડમાં જતો નથી. કર્મનું કરતો નથી અને કર્મ તે અહીં રાગના કર્તામાં

કર્મ અહીં અડતું અને સ્પર્શ કરતું નથી. સમજાણું કાંઈ? આમ જ્યાં ભાસે તો એને પછી રાગનું કર્તાપણું પણ ઉડી જાય છે, પણ આટલું અત્યારે સિદ્ધ કરે છે. સમજાણું આમાં? કે જે કોઈ વિકલ્પનો કર્તા થાય છે, શુભ-અશુભ રાગનો કર્તા થાય છે એમાં કર્મની નાસ્તિ, એમાં જડની નાસ્તિ છે. જડકર્મની નાસ્તિ છે અને જડકર્મ જે છે એમાં કર્તાનો જે રાગ છે એમાં એની નાસ્તિ છે. કામ ભારે! જડકર્મ બંધાય છેને એને એનો કર્તા આત્મા. રાગનો કર્તાવાળો ઈ એનો કર્તા નથી એમ કહે છે. જડનો કર્તા નથી. જડકર્મ જે બંધાય છેને ઈ અજ્ઞાનીનો રાગ અજ્ઞાનીએ કર્યો, માટે જડકર્મ ત્યાં બંધાણું એમ નથી. તેમ એ કાળે પરમાણુની એ પર્યાય કર્મપણે થવાના, નિયમપણે હતી એ થઈ છે એટલે રાગના કર્તાપણામાં કર્મ આવ્યું નથી અને કર્મની જડની પર્યાયમાં આ રાગનો કર્તા ત્યાં એને કરતો નથી કાંઈ. અરેરે..! ભારે વાતું ભાઈ! હજી તો અહીં રાગનો કર્તા કર્મની પર્યાયને કરે નહિ એ આ વાણી અને શરીરના બધા કામ કરે. (એ ક્યાં રહ્યું?) સમજાણું કાંઈ?

રાગનો, વિકલ્પનો કર્તા. કર્તા-કર્મની નાસ્તિ. એ જડકર્મમાં એની નાસ્તિ છે. '**कर्म तत् अपि नियतं कर्तरि नास्ति**' અને કર્મ જે જડ છે તે કર્તા જે અજ્ઞાની રાગનો છે એમાં કર્મની નાસ્તિ છે. સમજાણું? હવે જ્યાં રાગનું કરે ત્યાં કર્મ બંધાય, એનો એ કર્તા નહિ અને જેને આ શરીરમાં બધા દેશના કામ કરવા છે. આહા..હા..! પંચશીલ. શું કહેવાય તમારે? પંચશીલ કામ કરને છેને આ બધા કાર્યકર્તા? એય..! યોજના. ... ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? આ બધા કર્તાઓ છેને મોટા નેતાઓ? કામ કરી દે. સડકું બાંધી દે, મોટા કૂવા ખોદી દે. પાતાળ કૂવા પાણી ...

મુમુક્ષુ :- . ઘણા પ્રકારે કામ થાય.

ઉત્તર :- કરે કોણ? .. એનાથી થાય છે.

મુમુક્ષુ :- એના હુકમ વિના થાય?

ઉત્તર :- હુકમ શેનો? હુકમ ભાષા જડની છે. આહા..હા..! આ શું કહે છે? અંતરમાં બે ભાગ જુદાં. જ્યારે અહીંયાં અજ્ઞાની રાગ કરે, રાગનો કર્તા થાય છે. સ્વરૂપનું ભાન નથી. હું આનંદમૂર્તિ છું, રાગનો સ્વભાવ જ મારામાં નથી. હું તો આનંદ અને જ્ઞાનનો સ્વભાવી, અનુભવી છું. એવું ભાન નથી એ તો રાગનો કર્તા થાય જ. પણ એ રાગના કર્તામાં કર્મની નાસ્તિ. છે? છે કે નહિ શબ્દ જુઓને આ? આ પુસ્તક એના માટે રાખવું પડે છે સામું. એ શબ્દનો કયો અર્થ થાય છે એ. સમજાણું કાંઈ?

'**कर्ता कर्मणि नास्ति,**' અને '**कर्म तत् अपि नियतं कर्तरि नास्ति**' અને '**અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી...**' અજ્ઞાની રાગને કરે એમાં કર્મ નથી. આહા..હા..! આવી ચીજ ભિન્ન વર્તે છે એમ કહે છે. હવે અહીં કહે શુભભાવ કરું, પરની દયા પળે.

અશુભભાવ કરું તો પરની હિંસા થાય. ભાઈ! એ કાર્ય તારામાં નહિ. એ પર્યાય અહીં આવતી નથી અને આ કર્તૃત્વનો ભાવ ત્યાં જાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આટલું પણ હજી ભેદ પરથી જુદાપણાનું જ્ઞાન નથી એને રાગથી ભિન્ન પાડી ભગવાનનું જ્ઞાન કરવું એ તો ક્યાંય જુદું રહી ગયું. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'यदि द्वन्द्वं' 'એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે...'** તો **'तदा कर्तृकर्मस्थितिः का'** તો રાગ કર્તા અને કર્મ એનું કાર્ય અથવા કર્મ કર્તા અને રાગ એનું કાર્ય એ સ્થિતિ શી? શું કીધું ભાઈ! ભિન્ન બતાવે છે. જ્યારે અજ્ઞાનીએ રાગ કર્યો, રાગનો કર્તા થયો વ્યવહારરત્નત્રય આદિ દયા, દાનના પરિણામનો. એ કર્તા થાય અજ્ઞાની. એ કર્તા થયો એમાં કર્મપણું નથી આવ્યું કહે છે. એ પોતે કર્તા થયો છે એ કારણે સ્વતંત્ર. સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્તાનું ઇષ્ટ તે કર્મ. અજ્ઞાની કર્તા અને એનું ઇષ્ટ વિકાર પરિણામ. એમાં કર્મ આવ્યા નથી કે કર્મે એને કરાવ્યું. એમ કહે છે. કહો, રતનચંદજી! આ બળજોરીનો ખુલાસો થાય છે. બળજોરી આવ્યું હતુંને હમણાં? ભાઈએ કીધું હતુંને. ... આહા..હા..!

કહે છે જ્યાં ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી અને રાગને, પુણ્યને, દયા, દાનના પરિણામ કરે એ કર્તામાં કર્મ ક્યાં આવ્યું કહે છે. એ કર્તામાં જડ ક્યાં આવ્યું છે? અને જડની પર્યાય કર્મમાં થાય ત્યાં આત્માનો રાગ ત્યાં ક્યાં ગયો છે એને કરવા? આ ટોડરમલનું .. ક્યાં ગયું પાછું આગળ? આહા..હા..! બહુ ઝીણી વાત છે. શાસ્ત્રમાં છે. ૪૦-૪૦ હજાર માણસ ગયા હતા વરઘોડામાં. આ ફેરે બહુ કહેતા ૬૦ હજાર. .. આવ્યુંને. છેલ્લો વરઘોડો. ઓહો..હો..! આખું ગામ. ૬૦ હજાર. ૪૦ હજાર હશે. બાપા! કોણ કરે? કોનું કરે? ભાઈ! એક-એક રજકણ, એક-એક આત્મા એની પર્યાય કરવાને કર્તા સ્વતંત્ર છે. એમાં બીજાથી થાય વસ્તુની સ્થિતિમાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે. અહીં તો કર્મ ને રાગ વચ્ચેની ભિન્નતા બતાવે છે અહીં તો. કે રાગ કર્યો અજ્ઞાનીએ એથી કર્મ ત્યાં થયું એમ નથી. અને કર્મ થયું એનો આ રાગ કર્તા ત્યાં કર્મની પર્યાયનો છે એમ નથી. એમ આ રાગનો કર્તા જીવ થયો ત્યાં કર્મ એનો કર્તા છે એમ નથી.

**'એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે...'** આનો કર્તા ઈ નહિ અને એનો કર્તા આ નહિ એમ જ્યારે નિષેધ કરવામાં આવે તો બે જુદા રહી જાય. **'તો કર્તાકર્મની સ્થિતિ શી? (અર્થાત્ જીવ પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.)'** આહા..હા..! સમજાણું કાંઈ? જેટલા દયાના ભાવ કર્યા એટલા જ પ્રમાણમાં ત્યાં શાતાવેદનીય બંધાય. છતાં શાતાવેદનીય બંધનમાં દયાના પરિણામે કર્યું નથી એનું બંધન અને શાતાવેદનીયના (ચારિત્ર મોહનીય) પરિણામે કર્મનો ઉદય અહીં કર્તા થઈને કરાવ્યું છે અંદર દયાના પરિણામ? એમ છે નહિ. આહા..હા..! આવું છે, ભાઈ! એને ઠેકાણે અહીં તો હજી કંઈકને સુધારવા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે તો આત્મા .. છે. આહા..હા..! લોકોને અત્યારે એવો સમન્વયનો વાયરો વાયો છેને. સાધુ કોક આવ્યું છે ક્યાંકથી. ... હતાને દેરાવાસી? તમે તે દિ' ન કહ્યું? ... બધાને નાખ્યા છે. સ્થાનકવાસીને, દેરાવાસીને, ગીતાને, કૃષ્ણને. અત્યારે સમન્વયનો વાયરો છે. બાપા! કોની સાથે? કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન હોય. એ ગમે તેવી એની દૃષ્ટિ હોય પણ દ્વેષ ન હોવો જોઈએ. એ જુદી વસ્તુ છે. પણ એકબીજાના અભિપ્રાય સાચા-ખોટાના એક થઈ જાય એમ ન હોઈ શકે. અને એક ન થાય માટે એ દ્વેષી છે એનો. એમ નથી, ભાઈ! ભગવાન! તું ભૂલ્યો છે તે ભૂલ કાલે સુધરી જશે એના પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ. કોઈ વસ્તુ પ્રત્યે વિપરીત શ્રદ્ધાઓ જાણી લેવી, પણ એના પ્રત્યે દ્વેષ ન હોય. .. હોય. આહા..હા..! એ ભૂલ પણ એક સમયની એણે કરી છેને? અને ટાળશે પણ એ. ભગવાન સ્વરૂપમાં તો ભૂલ છે નહિ. સમજાણું કાંઈ? અહીં ભગવાન આચાર્ય કહે છે આમ જ્યારે બે દ્રવ્યના ભિન્નપણાનો આ આમાં નહિ, આ આમાં નહિ એમ જ્યારે કહેવાય ત્યારે શું રહ્યું? કર્મ કર્મમાં રહ્યો, રાગ રાગમાં રહ્યો. '**(અર્થાત્ જીવ પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.) આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે...**' હવે આ આગળ લઈ ગયા.

મુમુક્ષુ :- રાગ મૂકીને..

ઉત્તર :- રાગ મૂકીને જ્ઞાતા થઈ ગયા હવે. '**આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે...**' આહા..હા..! જ્યારે ભિન્ન દ્રવ્યની પર્યાય ભિન્ન-ભિન્ન તે જ કાળે હોવા છતાં. વર્તમાન તો અનંતદ્રવ્યનું વર્તમાન જ હોયને પરિણમન. રાગનું, ત્યાં કર્મનું. (બંધાય) પણ એ કાર્ય હોય છતાં આનાથી આ, આનાથી આ એમ ન હોય. આમ જ્યારે નિષેધ કરવામાં આવે ત્યારે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે. એ રાગનો કર્તા એ કર્મ નહિ, કર્મનો કર્તા હું-રાગ નહિ. એમ જ્યાં ભાન થયું ત્યારે રાગનો પણ કર્તા હું નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યની શૈલી ગાગરમાં સાગર ભરી દીધો છે. આહા..હા..!

'**આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે...**' એ જાણનાર કર્મમાં નથી તેમ જાણનાર રાગમાં પણ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ચૈતન્ય પુંજનું ભાન જ્યાં અંદર વર્તે છે સમ્યગ્દર્શન. એ તો જ્ઞાતા જ્ઞાતામાં છે. એ નથી કર્મમાં, એ નથી રાગમાં. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણી વાતું કરી અને કહે સમજાણું કાંઈ? બાપા! વાત તો આવી છે. માર્ગ તો છેદી નાખે છે, એક સમયમાં બે ભિન્ન પાડી નાખ્યા. આહા..હા..! ઓલા કહે કર્મ અમને વિકાર કરાવે, જેવા માંડ્યા એવા વિકાર થાય. ભાઈ! ક્યાંથી લાવ્યો આ? અજ્ઞાનપણે માન્યું છે. તેમ થયું નથી. કર્મને લઈને પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. કાળ એટલે પર્યાય,

ભાવ એટલે ગુણ, દ્રવ્ય-ક્ષેત્ર ત્રિકાળ. એમાં આના દ્રવ્ય-ક્ષેત્ર, કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની તો નાસ્તિ છે. નાસ્તિ એને શું કરે? એમાં નથી. એમાં હોય ઈ કરે. એ તો એમાં નથી. ... વિકાર થાય, કર્મને લઈને થાય.

મુમુક્ષુ :- અમારે..

ઉત્તર :- અમારે તો કરવાનો ભાવ હોય છે, પણ કર્મ... અરે..! ભગવાન! આ શું કહે છે?

મુમુક્ષુ :- એને .. દેવાની ભાવના હોય?

ઉત્તર :- અરે..! ભાવ કર્યો તે અને વળી કર્મે કર્યો એ વાત આવી ક્યાંથી? સમજાણું કાંઈ? એવી સ્વતંત્રતાની જ્યાં દૃષ્ટિ થઈ, ત્યાં કહે છે કે ધર્મી જ્ઞાતા થઈ ગયો. કેમકે કર્મ મને રાગ કરાવે નહિ, રાગ કર્મને બાંધે નહિ. એમ જ્યાં થયું તો દૃષ્ટિ ફરીને જ્ઞાતા ઉપર ગઈ. સમજાણું કાંઈ? ..ભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! આ કોઈ પક્ષની વાત નથી, પ્રભુ! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. બીજી રીતે ન બેસે. અનુકૂળ ઉંધું બેઠું હોય ત્યારે એને એમ લાગે કે અરે..! આ તો બધું એકાંત છે. અરે..! એ તો બધું એકાંત જ છે. બહુ ચાલ્યું, ભગવાન! અહીં વ્યવહારથી તો કાંઈ લાભ કહેતા જ નથી, નિમિત્તથી કાંઈ થાય એમ કહેતા જ નથી. આ શું કહે છે? આ રાગ કર્યો એ .. છે કર્મનો. એ રાગ કર્મને કાંઈ કરતું નથી એમ તો કહે છે અહીં. અને કર્મનો ઉદય નિમિત્ત છે અને રાગ અહીં ઉપાદાન છે. એ ઉપાદાન અને રાગને નિમિત્ત કરતું નથી. એ તો અહીં વાત પોકારે છે. આહા..હા..! મોટા ઉપાદાન અને નિમિત્તમાં ઝઘડા. સમજાણું? મિથ્યાભાવ.

અહીં કહે છે કે ભગવાન! જે કર્મની પર્યાયને કાળે કર્મની પર્યાય થઈ એમાં રાગ ત્યાં કર્તા થઈને એને કરાવતો નથી કર્મને અજ્ઞાનની પર્યાયમાં સ્વભાવને ભૂલીને રાગ થયો ત્યાં કર્મ આવીને એને કાંઈ કરાવ્યો નથી રાગને. આમ જ્યાં બે જુદા પડ્યા દૃષ્ટિમાં તો રાગથી પણ લક્ષ છૂટી ગયું એનું. સમજાણું કાંઈ? એ જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. હું તો જાણનાર-દેખનાર છું, મારામાં રાગ નથી, રાગમાં હું નથી. જેમ ઓલા રાગના કર્તામાં કર્મ નથી, કર્મની પર્યાયમાં રાગ નથી. પછી જ્યારે બેથી જુદા પડીને આમ અહીં જરી.. ત્યારે રાગમાં હું નથી અને હુંમાં રાગ નથી. આહા..હા..! એ આવી વાણીનું આવું સ્વરૂપ સંતોએ તો સ્પષ્ટ કરી નાખ્યું છે. દિગંબર સંત સિવાય ક્યાંય છે નહિ હોં. લોકો એમ કહે છે કે એ પક્ષ થઈ ગયો. ... છેને માટે સૌને એક કરો, ભગવાન! જ્યાં કોઈ મેળ જ ખાય નહિ એનો મેળ એક ક્યાંથી? કોઈ પ્રત્યે વિરોધ નહિ. સમજાણું કાંઈ? અને તેથી બધાનો અભિપ્રાય એક થઈ જાય, તો સંપ થાય. એમ ન થાય. એવી વિકલ્પની વ્યાખ્યા એમ નથી. સમજાણું કાંઈ?

કહે છે. આહા..હા..! સ્થિતિ **'इति वस्तुस्थितिः व्यक्ता'** છે? **'એવી વસ્તુસ્થિતિ પ્રગટ**

છે...' ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદસ્વરૂપ છે. કર્મ કર્મરૂપે અજીવ પ્રગટ છે. આ વિભાવ વિભાવરૂપે પ્રગટ બહાર છે. મારી દશાથી બહાર ચીજ છે. આહા..હા..! **'એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે તોપણ અરે!'** આચાર્ય **'नेपथ्ये एषः मोहः किम् रभसा नानटीति'** અરે..! નેપથ્યમાં પડદા પાછળ **'આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?'** કે હું કર્મને કરું અને કર્મ મને વિકાર કરાવે અને વિકારથી મને ધર્મ થાય. આ શું થયું તને આ? આચાર્ય પણ કહે છે. કેમ મોહ નાચે છે? મિથ્યાત્વભાવ કેમ નાચે છે? રાગ મેં કર્યો તેથી કર્મ બંધાણું આવું? અને રાગ થયો એમાં કર્મ આવ્યું તો રાગ થયો. કેમ નાચે? આવો મિથ્યાત્વભાવ કેમ નાચે છે? સમજાણું કાંઈ? અને રાગ થયો અહીંયાં આત્માનું જ્ઞાન થયું. આહા..હા..! આવો મોહ કેમ નાચે છે? સમજાણું કાંઈ? '**(એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)**' આહા..હા..! હવે કળશ કહે છે. નાચે છે તો નાચો. નાચે છે... પછી કહેશે કળશ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં.૨૬૯માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## માગશર વદ-૧૨, રવિવાર, તા. ૩૧-૧૨-૧૯૭૨
## કળશ-૯૯, પ્રવચન-૨૭૦

૯૯ કળશ થોડો બાકી છે. કર્તાકર્મ અધિકાર. કહે છે કે જ્યારે આત્મામાં રાગના વિકલ્પથી ભિન્ન પડીને અને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન થતાં ચૈતન્યની જાગૃતિ જાજરમાન જ્યોત પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? આ તો સમ્યગ્દર્શન પામવાની રીત અને સમ્યગ્દર્શન કોને કહે એ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એવી રીતે **'જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ...'** પહેલું આ કરવાનું છે. આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ જ કરવાનું પહેલું છે. બાકી તો બીજું અનંતવાર કર્યું. ચરણાનુયોગનો અધિકાર એ કોને હોય છે? જેને સમ્યગ્દર્શન પ્રથમ થયું, અનુભવ એને પછી એવા વિકલ્પો આવે તો એનો એ કર્તા ન થાય. એના માટે પરિણામ એ છે. પંડિતજી!

મુમુક્ષુ :- એનો કર્તા થાય ન થાય એને માટે છે.

ઉત્તર :- એમ કહ્યું નથી. કર્તા થાય તો અનાદિનો કરે જ છે. એ ચીજ નવી ક્યાં છે? તેને ચૈતન્ય જ્યોત ભગવાન એ દ્રવ્યાનુયોગના ઉપદેશથી જ એ પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે. પહેલું શ્રુતજ્ઞાન થાય પછી ચરણાનુયોગમાં જે વ્રતાદિ કહ્યા એવા વિકલ્પો એને હોય છે છતાં એ કર્તા થતો નથી. આહા..હા..! કર્તા થાય તે તો મિથ્યાદૃષ્ટિ અનાદિનો છે ઈ છે. એમાં નવું શું એણે કર્યું? જન્મ-મરણના ભાવ ગળે નહિ અને સ્વરૂપની પ્રાપ્તિ મળે નહિ ત્યાં સુધી બધી વાતું થોથે થોથા છે, પણ હવે શું થાય જગતને રસ બહારનો ચડ્યો અને એ રસથી બહાર દેખાવ લાગે કે આ કાંઈક કરે છે આ કાંઈક. જુદી વાત છે, ભાઈ! અહીં તો કહે છે કે ચૈતન્ય જ્યોત જ્ઞાનજ્યોતિ. આત્મા એટલે જ્ઞાનજ્યોત. એને એ શુભ-અશુભ રાગનો ભાગ પણ એ આસ્રવમાં જાય છે. ... નહોતું આવ્યું? એ તો પાર પડે એવું નથી. આહા..હા..!

જેની જેને રુચિ છે એ માંગશે બીજું શું થાય? અહીંયાં તો જેને પ્રથમ સર્વજ્ઞના અનુયાયી તરીકે થવું હોય. સર્વજ્ઞ સ્વભાવ જે આ જ્ઞાનસ્વભાવ કીધોને? એ સર્વજ્ઞ સ્વભાવ છે, ભાઈ! આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. અથવા બીજી રીતે કહીએ તો સર્વજ્ઞ એનો ગુણ છે. ૪૭ શક્તિમાં આવે છે. સર્વજ્ઞશક્તિ દસમી આવે છે. સર્વદર્શી સર્વજ્ઞ એટલે કે આત્મા જ્ઞ પૂર્ણ સ્વભાવ એની જ્યાં અંતર દૃષ્ટિ થતાં તે જ્ઞાનજ્યોતિ પર્યાયમાં જાજ્વલ્યમાન પ્રગટ થાય છે. એને અહીંયાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'यथा कर्ता कर्ता न भवति'** એ અનાદિ કાળથી તે વિકલ્પ જે રાગ તેનો કર્તા, રચનાર, થતો એ સમ્યગ્દૃષ્ટિ તે રાગનો કર્તા થતો નથી. એ એના સ્વરૂપની પ્રાપ્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચરણાનુયોગ પ્રમાણે પણ વ્રતાદિના વિકલ્પ આવે પણ એનો કર્તા ન થાય. ક્યારે? કે એ સમ્યગ્દર્શન થયું હોય તો. નહિતર તો કર્તા થઈને કરે તે તો અનાદિની ચીજ છે. અનાદિની ચીજ છે. નવમી ગ્રૈવેયકે અનંતવાર આત્માના ભાન વિના એણે ચરણાનુયોગની ક્રિયા એવી કરી. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી ક્રિયા કરી છે. શુક્લલેશ્યા. શુક્લલેશ્યા હોં. શુક્લધ્યાન નહિ. અભવિને પણ શુક્લલેશ્યા તો હોય છે. નવમી ગ્રૈવેયક જાય. છઠ્ઠા સ્વર્ગ તે શુક્લલેશ્યા છે. કહો, સમજાણું? આહા..હા..! વળી એક બાજુ કહેવું કે ક્ષણે અને પળે શુભ અને અશુભ થાય. વળી કહેવું કે અભવિને, મિથ્યાદૃષ્ટિને પણ શુક્લલેશ્યાના ભાવ આવે અને ત્યાં જાય. ત્યાં તો સદાય શુક્લલેશ્યા છે. અરે..! ભગવાન! .. અંદર આવે, ભાઈ! અંતર્મુહૂર્તમાં શુભભાવ આવ્યા વિના રહે નહિ. અશુભ પણ આવે છે. આવી વાત છે. આહા..હા..!

કહે છે કે ચૈતન્ય ભગવાન ચોથા ગુણસ્થાનમાં જેને અંતરના સ્વરૂપની પ્રાપ્તિ થઈ એ અજ્ઞાનપણે કર્તા થતો તે હવે કર્તા થતો નથી. છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એમાં

કહ્યું છેને, ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં કે પહેલા તત્ત્વજ્ઞાન થવું જોઈએ. સાતમા અધ્યાયમાં ચરણાનુયોગ પ્રમાણે ભગવાન ... તત્ત્વ હોય છે. સ્વરૂપની શાંતિ થઈ છે એને એ ભૂમિકામાં એવા વિકલ્પ હોય, પણ એનો એ કર્તા ન થાય, એનો એ જ્ઞાતા રહે. આહા..હા..! સમજાણું? જુઓ, મોક્ષમાર્ગ છેને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો બહુ આપ્યું ભાઈ ટોડરમલજીએ. એમ કે પહેલા તત્ત્વજ્ઞાન થયા પછી આત્મકાર્ય થાય છે. એ તો પહેલું ... સમ્યગ્દર્શન વિના આચરણ કાર્યકારી નથી. પછી અંદર આવે છે. ઘણા બોલ હોય છેને. ૨૯૫ 'જૈન મતમાં તો એવી પરીપાટી છે. કે પહેલા સમકિત હોય પછી વ્રત હોય.' સમજાણું કાંઈ? પહેલા સમકિત હોય પછી વ્રત હોય. સમકિત તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે. રાગાદિ પર ભગવાન જ્ઞાનમૂર્તિ એવું ભેદજ્ઞાન થતાં સમ્યગ્દર્શન થાય છે. 'તથાપિ શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતા થાય છે.' ટોડરમલજી તમારા-સંબંધી છેને? ગોદિકા છે અને એ પણ ગોદિકા છે. ટોડરમલ હોલ બનાવ્યો છે. ભલે બન્યો હોય. નિમિત્તથી કથન છે. સમ્યક્ત્વ તો દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતા થાય. આહા..હા..! 'માટે પહેલા દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરો. સમ્યગ્દષ્ટિ થાય.' શ્રદ્ધાન કરી સમ્યક્ અનુભવ થાય એ પ્રમાણે ત્યાર પછી ચરણાનુયોગનું .. ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ ધારણ કરી વૃત્તિ થાય. ત્રણ-ચાર ઠેકાણે નાખ્યું છે. ઘણા પાના છે પહેલા વાંચ્યું છેને આખું. ...

શ્રોતા :- વ્યાખ્યાન થયા છેને?

ઉત્તર :- હા કિરણો... (મોક્ષમાર્ગપ્રકાશકના કિરણો)

અરે..! જેને અંતરમાં પહેલી ક્રિયા, રાગથી ભિન્ન કરવાનો અને સ્વભાવથી અભિન્ન થવાનો (અભ્યાસ) નથી ત્યાં બધું એકડા વિનાના મીંડા છે બાપા! ભવ નહિ છૂટે તારા. દુનિયા કહેશે. દુનિયામાં બહાર દેખાશે. દુનિયા પણ વખાણશે. આહા..હા..! અરે..! એમાં શું થયું ભાઈ! ચાર અનુયોગના ઉપદેશમાં વીતરાગતા બતાવી છે. ચરણાનુયોગમાં પણ સમ્યગ્દર્શનસહિત રાગ થાય એનો જાણનાર રહે એમ વીતરાગતા બતાવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? એવી પોતાની યોગ્યતા વિના એ વાત કેમ બેસે? ઘણું કહ્યું છે હોં એમાં. ૨૫૫માં છે ઈ. ૨૬૫માં ક્યાંક છે. તે દિ' બધા વાંચતા હતાને પહેલા? ક્યાં હશે? ઓહો..! તત્ત્વવિચારનો મહિમા તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે. તત્ત્વવિચાર રહિત દેવાદિની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રત, તપસ્યા કરે છતાં તેને તો સમકિત થવાનો અધિકાર નથી. પણ રાગની ક્રિયામાં સમકિતનો અધિકારી ક્યાં રહ્યો? તત્ત્વવિચાર થાય તત્ત્વવિચારવાળો. એ વિના પણ સમકિતનો અધિકારી થાય છે. વ્રત ન હોય, ઉપવાસ ક્રિયા ન હોય, પણ તત્ત્વની દૃષ્ટિવાળો તે સમકિતનો અધિકારી થાય છે. બહુ સરસ લખ્યું છે મોક્ષમાર્ગપ્રકાશ. એવા એવા આવ્યા ઘણા બોલ. મિથ્યાત્વના ૪૫, ૪૬, ૪૨, ૧૮૨. આહા..હા..! અહીં

એ જ કહે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય.

ભાઈ! પહેલો તત્ત્વનો અભ્યાસ પહેલો એ જોઈએ. જે પહેલા અભ્યાસમાં અંદરમાં રાગથી ભિન્ન પડવાની કળા અંદર જાગે ત્યારે એને ચૈતન્ય અભેદ દૃષ્ટિમાં આવે. આહા..હા..! ત્યારે તે જાજ્વલ્યમાન ચૈતન્ય છે એમ અનુભવમાં આવે. એ રાગવાળો નથી, પુણ્યવાળો નથી, વ્રતના વિકલ્પવાળો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે, બાપુ! વાદવિવાદ ન કરતો. ક્યાંય નહિ .. આવે. કારણ કે જેનો જે પક્ષ છે એ શાસ્ત્રમાંથી કાઢશે. નિશ્ચય પછી વ્યવહાર હોય એ પક્ષવાળો વ્યવહાર પહેલો કાઢશે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે તો એને દૃષ્ટિના પોષણની વાત કરશે. આહા..હા..! રાગનું કરવું અને રાગ કર્તવ્ય છે એ તો મિથ્યાત્વભાવનું પોષણ છે. મિથ્યાત્વ પોષે છે ત્યાં. માટે અહીં ભગવાન કહે છે જ્યારે કર્તા ક્યારે ન થાય? એ જ્ઞાતા-દૃષ્ટાનું અંતર જાજ્વલ્યમાન ભગવાન છે એમ જ્યારે અંતરમાં ભાન થાય ત્યારે એ અજ્ઞાનમાં કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી. હવે કર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને અજ્ઞાનના નિમિત્તે પુદ્‌ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતો નથી...'** કહો, સમજાય છે આમાં? આહા..હા..! પહેલામાં પહેલો સમ્યગ્દર્શનનો પ્રયાસ અને પ્રયત્ન જોઈએ. એ સમ્યગ્દર્શનનો પ્રયાસ દ્રવ્યાનુયોગના અભ્યાસથી થાય. એથી ભાઈએ કહ્યું છેને? આમાં કહ્યું છે મોક્ષમાર્ગમાં. સભામાં દ્રવ્યાનુયોગનો અભ્યાસ પહેલો જોઈએ. એમાં મોક્ષમાર્ગ છે. પંડિતજી! એમાં છે. મોક્ષમાર્ગમાં. મોક્ષમાર્ગ તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ કહેવું જોઈએ. ... અમારે પંડિતજીને બહુ અભ્યાસ. વાંધા ઉઠ્યા છે ત્યાં. ભારે કામ. .. ચાર અનુયોગની વાત કરી છેને? આઠમા અધ્યયનમાં. એમાં છે. આહા..હા..!

કહે છે, ભાઈ! તારે કામ કરવું છે કે તારે વાતું કરવી છે કે જગતને રીઝવવા છે? જગત તો રીઝાશે બહારથી. આહા..હા..! શરીરથી બ્રહ્મચર્ય પાળે, કાંઈક વ્રતના દેખાવ આપે બહારના ખપે, ન ખપે. લોકો તો રાજી થશે. ભાઈ! એમાં તારો આત્મા રાજી નહિ થાય. કહો, ભીખાભાઈ! આહા..હા..! કહે છે કે કર્મ કર્મરૂપે થશે. આહા..હા..! ત્યારે ભગવાન આત્મા અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી રાગનો કર્તા નથી એટલે કર્મ એને બંધાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અલ્પરાગ છે એનું બંધન એ તો જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. એવી વાત છે, ભાઈ! અરે..! નરક અને નિગોદના મિથ્યાત્વમાં અનંતાભવ. એમ અનંત-અનંતગુણનો નાથ, પ્રભુ! એનો ત્યાં અનાદર થાય છે. રાગનો કર્તા થતાં અનંતગુણો આત્માના એની એને ખબર નથી. કેટલા ગુણો?

મુમુક્ષુ :- અનંત.

ઉત્તર :- કેટલા અનંતા? કે આકાશના પ્રદેશની સંખ્યા છે એના કરતા અનંતગુણા એક જીવમાં ગુણ છે. સમજાણું કાંઈ? અરે..! એને ખબર નથી કે આ તત્ત્વ શું છે? છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામે. બરાબર છે? એથી .. કેટલી સંખ્યા થઈ? અનંત પુદ્ગલ પરાવર્તન થયા. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મોક્ષ જાય. એ જીવની સંખ્યા અનંત પુદ્ગલની થઈ સિદ્ધની. એના કરતાં નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવ છે. બટાટા, શક્કરકંદ. બટાટા કહે છેને? આલુ, શક્કરકંદ, ડુંગળી, લસણ. એક રાઈ જેટલી કટકી. રાઈ જેટલી હોં. એમાં અસંખ્ય તો શરીર છે. શું કહ્યું? રાઈ જેટલા ટૂકડામાં અસંખ્ય ઔદારિક શરીર. એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. નિત્ય નિગોદવાળા જીવ તો એમાં ને એમાં. એક શ્વાસમાં અઢાર ભવ અને હજી કેટલાક નિત્ય નિગોદના જીવ નીકળ્યા નથી બહાર, હજી કેટલા નીકળશે નહિ. આહા..હા..! ભાઈ! તું બહાર આવ્યોને હવે. હવે તારે કરવા જેવું છે એને જો નહિ કર તો પાછી એ ગતિ છે ત્યાં. ભગવાન તો એમ કહે છેને કુંદકુંદાચાર્ય નિગોદં ગચ્છતિ. આહા..હા..!

મુમુક્ષુ :- ગતિ બે છે.

ઉત્તર :- બે જ છે. નિગોદ અને સિદ્ધ. નરક અને સ્વર્ગ તો પુણ્ય-પાપના એ ફળ છે. જીવનું આરાધવું આનંદનું એ મુક્તિનું કારણ છે અને રાગનું આરાધવું એ નિગોદનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સિદ્ધના જીવ કરતાં એક શરીરમાં ઓહો..હો..! લસણ અને કંદમૂળ એક કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતગુણા જીવ. અરે..! વિશ્વાસ કેમ આવે એને? હજી આ તો વ્યવહાર વિશ્વાસ છે. અને એના કરતાં અનંતગુણા પરમાણુઓ છે. જીવની સંખ્યા સંસારની સંખ્યા કરતા અનંતગુણા રજકણોની સંખ્યા છે. એના કરતાં અનંતગુણા કાળના સમય છે. ત્રણ કાળના સમય. એના કરતા અનંતગુણા આકાશના પ્રદેશ છે. એના કરતા અનંતગુણા એક જીવમાં ગુણ છે. અરે..! આ તો કેવો ... સમજાણું કાંઈ? અરે..! એને માહાત્મ્ય દ્રવ્યના આવતા નથી અને રાગ અને પર્યાયનું માહાત્મ્ય છૂટતું નથી. આ સંસાર છે. આહા..હા..! પ્રવચનસારમાં તો પાંચ ગાથા છેલ્લી કીધી છેને. એમાં રાગની એકતા માનનારો, રાગથી લાભ માનનાર સાધુ દ્રવ્યલિંગી જૈન સંસાર તત્ત્વ છે ઈ. એમ આવ્યું છે. પ્રવચનસાર. છેલ્લી પાંચ. પંચરત્ન. પાંચ રત્ન .. છે અને નિયમસારમાં એક આવે છે પાંચ રત્ન. પડિક્કમણા... શરૂ કરતા પાંચ રત્ન. આહા..હા..!

ભગવાન! કુંદકુંદાચાર્ય એમ કહે છે. દિગંબર સાધુ અઠ્યાવીશ મૂળગુણ ચરણાનુયોગની પ્રમાણે પાળનારો બરાબર. સમજાય છે કાંઈ? એ રાગની ક્રિયાનો કર્તા થતાં જ્ઞાતા અનંતગુણનો પિંડ પ્રભુ એનો અંતરમાં અનાદર વર્તે છે. અને રાગનો કણ જે શુભ છે વ્રતનો. એનો એને આદર વર્તે છે. એને સંસારતત્ત્વ કહ્યું છે. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાખલો તો અમારે ખ્યાલમાં... ... સમજાણું કાંઈ? આહા..હા..! આવું ત્યાગી હજારો રાણીઓનો બાર-બાર, છ-છ મહિનાના અપવાસ, બાળ બ્રહ્મચારી, કરોડો રૂપિયાની પેદાશ મહિનાની (છોડી). એવું બાપુ! .. વસ્ત્રનો (કટકો) ન રાખે. પણ કહે છે એ ભગવાન અનંતગુણનો કટકો પિંડ પ્રભુ એનો જેને અંતરમાં આદર નથી એના રાગના કણનો આદર છે એ સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ? પ્રવચનસાર છેલ્લી પાંચ ગાથામાં છે. કલગી સમાન છે.

મુમુક્ષુ :- લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે એમાં. આહા..હા..! એથી અહીં કહે છે, ભાઈ! તારી ચીજ છે એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરને પહેલો. કે જેથી તને પછી રાગાદિ થશે એનો કર્તા નહિ રહે. એનો જ્ઞાતા રહેશે. એથી તને વીતરાગતા રહેશે. તેથી તારા જન્મ-મરણ રહેશે નહિ. ઓલાને આવું કરે અનંતવાર તો અનંતા જન્મ-મરણવાળું સંસારતત્ત્વ છે.

મુમુક્ષુ :- એ રાગ છે.

ઉત્તર :- રાગ છે એ સંસાર છે, (વિભાવ) સ્વભાવ છે એનું કર્તવ્ય સ્વીકારે છે તો ... ગોદિકાજી! એ પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા હોં. પૈસા મારા, શરીર મારું. અરે..! ભગવાન! તારા હોય એ તારાથી જુદા ન પડે. અને જુદાં પડે એ તારા હોય નહિ. આહા..હા..! રાગ પણ તારો નથી. કેમકે રાગ જુદો પડી જાય છે. આહા..હા..! કહે છે. આચાર્યની શૈલી કર્તાકર્મની સ્થિતિ છે આ કળશમાં. માખણ છે, બાપા! ભાઈ! તારા હિતની વાત છે હોં. એ એને ન રુચે અને બીજી રુચવાની વાતું સારી લાગે એ તો અનાદિથી લાગે છે. એ કાંઈ એમાં નવી વાત નથી. સમજાણું કાંઈ?

'**વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે...**' છે છેલ્લું? છેલ્લું પદ છે. '**यथा ज्ञानं ज्ञानं भवति**' આહા..હા..! એટલે? ભગવાન ચૈતન્યસ્વરૂપ એવી જે અંતર દૃષ્ટિ થઈને અનુભવ થયો તો એ જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે. એ જ્ઞાન રાગરૂપ થતું નથી. અજ્ઞાનમાં રાગનો કર્તા થતો એટલે રાગરૂપ થતું એમ માન્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ઝીણો પણ. એય..! ..ચંદજી! એય...! કે દૂર દૂરથી આવ્યા. શું કીધું? ... ભાષા બીજી છે. સાંભળી નથી. ... ભાઈ! આ તો ... હિન્દી અમારી તો ભાષા ગુજરાતીમાં આવે એવી હિન્દીમાં ન આવે. પણ ઘણા હિન્દી લોકો હોય તો હિન્દી કરીએ. પણ જેવું ગુજરાતીમાં સ્પષ્ટ થાય એવું હિન્દીમાં ન થાય. આહા..હા..! છેલ્લું કહ્યું. છેલ્લો આ કળશ છેને. આ કર્તાકર્મનો છેલ્લો.

'**यथा ज्ञानं ज्ञानं भवति**' ભગવાન જ્ઞાનમૂર્તિ સર્વજ્ઞ સ્વરૂપી. જ્ઞ ભાવી. જ્ઞ ભાવી. એને રાગના કર્તાથી ભિન્ન પાડી અને જ્ઞાન જ્ઞાનરૂપે જામી. જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે હવે. રાગરૂપે

થતું નથી. કહો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને એનું નામ મોક્ષનો માર્ગ. અહીં મોક્ષનો માર્ગ શરૂ થાય છે. '**અને પુદ્‌ગલ પુદ્‌ગલરૂપ જ રહે છે.**' જ્ઞાન જ્ઞાનરૂપ રહ્યું તો રાગ અને કર્મ બધું એના ભાવે રહ્યું. આત્મભાવે રહ્યું નહિ. આહા..હા..! બહુ વાતું, બાપા! આહા..હા..! કુંદકુંદાચાર્યે તો ન કહ્યું, ભાઈ! જીવો ઘણી જાતના છે. યોગ્યતા જીવોની ઘણી છે. એમાં તું વાદવિવાદ કરીશ તો તારો સમય જાશે. ... ભાઈ! જેમ છે એમ ... આહા..હા..! જેને વિકલ્પ ઉઠાવવો દુઃખને અગ્નિ લાગે. અગ્નિ લાગે. છ ઢાળામાં ન આવ્યું? 'રાગ આગ દહે' આહા..હા..! 'રાગ આગ દહે સદા' એ શુભરાગ કે અશુભ હોય એ રાગ છે. એ આગ છે. એ દહે છે. તારી શાંતિને બાળે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ શુભરાગ આવે, પણ લાગે છે દાહ. શાંતિ ભગવાન સાગર શાંતિનો. અકષાય સ્વરૂપે બિરાજમાન જ્ઞાનમૂર્તિ પ્રભુ. એની આગળ એ રાગ કષાય અને અગ્નિ લાગે છે. ધર્મીને તો કષાયનો ભાવ એ વ્રતનો વિકલ્પ પણ ભઠ્ઠી લાગે છે. આ કેમ બેસે? સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ એ રાગ અને આગ. આહા..હા..! સાંભળ્યું જાય નહિ સાધારણ માણસને. માર્ગ તો એવો છે, પ્રભુ! જેને શાંતિ સ્વરૂપે છે એમ જોયું, જાણ્યું એને શાંતિમાંથી નીકળતા રાગ. આહા..હા..! માછલી પાણીમાંથી નીકળે. અગ્નિમાં જાય તો તો દુઃખ, પણ વેળુમાં એકલી આવે તોપણ દુઃખ. એમ જ્ઞાનમાંથી નીકળીને અશુભરાગમાં આવે તો અગ્નિનું દુઃખ, પણ શુભરાગમાં આવે એ પણ વેળુંનું દુઃખ છે. આ આવી ચીજ છે. આ ચીજને પ્રાપ્ત કર્યા વિના એના જન્મ-મરણ ગળે એવા નથી, ભાઈ! વાતે વડા થાય એવું નથી. વડામાં માલ જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

આચાર્યોની શૈલી તો જુઓ, પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપી છોને. આ ૧૪૪માં શરૂઆતમાં એ કહ્યું હતુંને? આગમ જ્ઞાન દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવ છે એમ વિકલ્પથી પણ પહેલો આ નિર્ણય કરવો. છેલ્લે સરવાળો કરી નાખ્યો. છેને? શ્રુત જ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે. અનુભવ માટે. પરપદાર્થની પ્રસિદ્ધિના કારણો ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતિ બુદ્ધિઓ એ બધીને મર્યાદામાં લાવીને. મતિજ્ઞાન તત્ત્વને આત્મસન્મુખ કરી નાખ્યું છે. પછી શ્રુતજ્ઞાનના વિકલ્પો આકુળતાના ઉત્પન્ન કરનારા. આહા..હા..! અરે..! હું શુદ્ધ છું, અશુદ્ધ નહિ. એવી લાગણી પણ દુઃખ અને અગ્નિ અને આકુળતા છે. છે? ટીકા છે. એવી બુદ્ધિઓને અંદરમાં વાળ. આહા..હા..! આ છેલ્લો સરવાળો આ છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય જ્યોત સૂર્ય એ જેણે અંતર્મુખ થઈને... આજ આવે છે તમારે પાડોશી થાને ઘડીક? ભગવાન અંતર્મુખ પાડોશી થાને. જરી છૂટો પડી જાને. આહા..હા..!

મુમુક્ષુ :- 'पार्श्ववर्ती मुहुर्तम्'

ઉત્તર :- હા એ '**पार्श्ववर्ती मुहुर्तम्**' અહીં પરિવર્તન પછી તો જન્મ થયો છે એનો. નહિ ૯૧માં પરિવર્તન. ૯૨માં જન્મ. આહા..હા..! કહે છે એ ભગવાન. ભગવાન તરીકે જ બોલાવે છે ૭૨માં તો. ભગવાન આત્મા. ૭૨ ગાથામાં છે. પુણ્ય અને પાપ તો અશુચિ છે. ભગવાન આત્મા અનાદિ સદા નિર્મળાનંદ છે. આહા..હા..! ત્રણ વાર ભગવાન (કહીને) બોલાવ્યા છે. શુભ અને અશુભભાવ એ જડ છે. આહા..હા..! કેમકે બીજા દ્વારા જાણવામાં આવે છે. ચૈતન્ય દ્વારા જાણવામાં આવે છે. માટે પુણ્ય-પાપનો ભાવ (જડ છે). આહા..હા..! આ વાત. અને પુણ્ય અને પાપનો ભાવ દુઃખરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી અને આનંદરૂપ છે. સમજાણું કાંઈ? એવું અંદર તત્ત્વનું પ્રથમ કર્તવ્ય ભગવાન '**णियमेण य ज कज्जं**' એમ ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું છે અને એ જ વાત પ્રથમ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના પ્રથમ કર્તવ્ય છે. નિશ્ચય તે. એ વસ્તુ છે. વ્યવહાર એ કોઈ વસ્તુ નથી. એ તો રાગ ને વિકાર ને વિભાવ છે. આહા..હા..! '**પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.**' જ્યારે આત્મા આત્માના ભાનમાં સમ્યક્‌માં આવ્યો, પછી તે રાગ ભિન્ન રહેલો એ પુદ્ગલની સાથે સંબંધ એ પુદ્ગલરૂપે રહે છે. આત્મારૂપે થતો નથી અને આત્મા રાગ અને પુદ્ગલરૂપે થતો નથી. આવી દશા છે.

'**ભાવાર્થ :- આત્મા જ્ઞાની થાય...**' તે કળશનો ભાવાર્થ. આત્મા જ્યારે જ્ઞાની થાય. જ્ઞાની એટલે શાસ્ત્રજ્ઞાની એમ નહિ. આત્મજ્ઞાની. '**ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે,...**' ત્યારે આત્મા તો આત્મારૂપે, સ્વભાવરૂપે પરિણમે છે. પરિણમે એટલે સમજાય છે? થાય છે. એ જ્ઞાન પોતાની અવસ્થામાં જ્ઞાનરૂપ થાય છે, રાગરૂપ થતો નથી. આહા..હા..! '**પુદ્ગલ કર્મનો કર્તા થતું નથી;...**' આહા..હા..! પુદ્ગલ કર્મનો એટલે રાગાદિ અને જડનો કર્તા થતો નથી. જ્ઞાન (કર્તા) થતું નથી. જ્ઞાન કર્તા શું થાય? આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ એ રાગને કેમ કરે? એ કર્મને કેમ બાંધે? કર્મરૂપે પરિણમવું અને '**વળી પુદ્ગલ પુદ્ગલ જ રહે છે, કર્મરૂપે પરિણમતું નથી.**' કર્મરૂપે પરિણમતું નથી કોણ? જ્ઞાન. '**આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી.**' આગળ થતો હતો, આ થતો નથી. નિશ્ચયથી તો વિકારમાં આત્મા નિમિત્ત છે. ઉપાદાન નથી. સમજાણું કાંઈ? એમ આવ્યું છે. આત્મધર્મમાં આવી ગઈ છે બધી વાત. અમિતગતિ આચાર્ય યોગસાર. યોગસાર છે અમિતગતિ. એમાં આત્માને ફક્ત વિકારનું નિમિત્ત ગણ્યું છે. વસ્તુ છે એમાં એ નિમિત્ત એટલે કે છે એ ચીજ. .. ઉપાદાન અહીં. શુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ શું કહેવાય? અમિતગતિ.

મુમુક્ષુ :- યોગસાર .. એ નથી વાત.

ઉત્તર :- એ નથી વાત. અમિતગતિ તો આ બહુ સારું સમયસાર જેવી શૈલી છે. અહીંયાં

તો બધા વ્યાખ્યાન ચાલી ગયા છેને. બધું વ્યાખ્યાનમાં આવી ગયું છે. યોગીન્દ્રદેવનું બીજું અને યોગસાર અમિતગતિનું બીજું. એનું નામ યોગસાર. છપાયું છે. અહીં તો બધા વ્યાખ્યાન થઈ ગયા છે. પ્રવચન થઈ ગયા છે. યોગસાર અમિતગતિનું સમજાણું કાંઈ? ત્યાં **'નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને હજી આવું હોય છે. પાંચમાંની તો શું વાત કરવી? એ તો અંદર શાંતિ-શાંતિના શેરડા હોય લ્યો. મુનિની શું વાત કરવી? એને અમૃતના ઝરણામાં સ્વાદીયો પડ્યો છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુસ્થિતિ છે. ઝીણું બહુ પડે આમાં. એય..! જયંતિભાઈ! સમજાય છે આ? આ બધું સમજવું પડશે હોં. ત્યાં ધૂળમાં કાંઈ નથી. પણ આ બીજા પૈસાવાળા થાય અને પોતે પૈસાવાળા થાય તો દેખાવમાં તો આવે.

મુમુક્ષુ :- દેખાવમાં શું આવે?

ઉત્તર :- આ જડ પાસે. કહો, શેઠ! આ શેઠ છેને .. લ્યો એની પાસે પચાસ કરોડ, આની પાસે દસ કરોડ, આની પાસે ધૂળ કરોડ. જડ છે, ભગવાન! તારી લક્ષ્મી રાગવાળો એ પણ તને પાલવે એવું નથી. આહા..હા..! રાગવાળો આત્માને માનવો, શુભરાગવાળો. એ પણ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એ તો આનંદ અને જ્ઞાનવાળું તત્ત્વ છે. હજી તો આ પહેલા નંબરની એકડાની વાત ચાલે છે આ તો. અરે..!

લ્યો, **'ટીકા :- આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને...'** જોયું? આહા..હા..! **'બહાર નીકળી ગયા.'** છેને અંદર? સંસ્કૃત. **'इति जीवाजीवौ कर्तृकर्मवेषविमुक्तौ निष्क्रान्तौ।'** જુદા પડી ગયા બેય. જ્ઞાનરૂપે જ્ઞાન રહી ગયું અને પુદ્‌ગલરૂપે પુદ્‌ગલ થઈ ગયું. જ્ઞાનીએ જોયું બે જુદા પડી ગયા.

**'ભાવાર્થ :- જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મનો વેશ ધારણ કરી એક થઈને રંગભૂમિમાં દાખલ થયા હતા.'** નાટકનો દાખલો આપ્યો છે. નાટકમાં આવે છેને? **'જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મ...'** એટલે જીવ કર્તા અને જડનું એનું કામ. એ **'વેશ ધારણ કરી એક થઈને રંગભૂમિમાં દાખલ થયા હતા.'** આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે...'** આહા..હા..! **'તેણે જ્યારે તેમનાં જુદાં જુદાં લક્ષણથી એમ જાણી લીધુ કે તેઓ એક નથી...'** રાગ ને શરીર ને કર્મ આત્મા સાથે એક નથી. એ તો જુદા છે. **'જુદાં જુદાં લક્ષણથી એમ જાણી લીધુ કે તેઓ એક નથી પણ બે છે, ત્યારે તેઓ વેશ દુર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.'** એટલે છૂટા પડી ગયા. જીવ જીવ રહી ગયો અને અજીવ અજીવમાં રહ્યો. **'બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે...'** બહુરૂપી આવે છેને? ભાંડ. **'દેખનાર જ્યાં સુધી ઓળખે નહિ ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે,...'** આહા..હા..! સાહેબ થઈને આવે ઘડીકમાં, ઘડીકમાં ગરીબ થઈને આવે. હે

મા-બાપ! .. અને દુકાનમાં શું કહેવાય આ? .. ત્રણ-ત્રણ હાથની દુકાન હોય. એય..! મા-બાપ! કાંઈ રોટલો આપજોને. ત્યારે ઓલા કહે પણ આ દુકાનમાં રોટલો નથી, ચૂલો નથી. આ કોણ છે? આ તો બહુરૂપીયો લાગે છે. અહીં .. પડી છે અહીં સામે ભીંત દેખાય છે. અહીં ચૂલો નથી, પાણી નથી. એય..! મહારાજ! રોટલો વધ્યો-ઘટ્યો હોય તો આપજો એમાંથી. કાલે સાહેબ આવ્યો હતો ખરો. ઈ .. લાવો. શું કહેવાય? રસીદ હા એ થયું છે ત્યાં. બધું થયું છે ત્યાં. રસીદ લાવો. રસીદ લાવો. કાલે માલ આવ્યો. શેનો માલ આવ્યો? અહીં તો કાંઈ આવ્યું નથી. ત્રીજે દિ' ભિખારી થઈને આવ્યો પાછો એનો એ. ... મા-બાપ! અને વળી પાછો ભિખારી... એમ આ રૂપ લઈને આવેલા પુદ્ગલ અને જીવ એક થઈને જ્ઞાનીએ જાણી લીધું કે પુદ્ગલ અને જીવ જુદાં છે. વેષ છોડી દીધો. આહા..હા..! સમજાણું કાંઈ? **'ચેષ્ટા કરવી છોડી દે. તેવી રીતે અહીં પણ જાણવું.'** લ્યો! હવે એનો ઓલો થોડો આખા કર્તાકર્મનો સાર થોડા અક્ષરમાં ...

**જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,**
**તાકરિ બંધન આન તણૂં ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;**
**જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,**
**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.**

હવે પણ આવું સાંભળીને કાંઈ ચાર દિ'માં સમકિત થાતું હશે? ચરણાનુયોગ સાંભળે તો આવું વ્રત લેવાનું મન થઈ જાય. અરે..! ભગવાન! શું કહે છે? નાથ! તને શું છે આ? આહા..હા..! તારી જાતમાં તને જાવું ગોઠતું નથી અને કજાતમાં જવાની વાત રુચે છે. એ તો અનાદિની વાત છે. અનાદિ અજ્ઞાન. આહા..હા..! એ કાંઈ કોઈ જુદી વાત નથી. **'જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય...'** વિકારબુદ્ધિ ઉપજાવી અને બને કરતા. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, શરીરનો કરતા થાય. **'તાકરિ બંધન આન...'** એનાથી તો બંધન થાય. કર્મનું એમ પાછું. **'તાકરિ બંધન આન તણું ફલ...'** અને એ બંધનનું ફળ શું? સંસારના ભવાશ્રમમાં સુખ-દુઃખનો વાસો. આ સુખ એટલે દુનિયા કહે એ સુખ હોં. ભ્રમણાનું ને આ સ્વર્ગનું અને આ શેઠાઈ આ બધા. શેઠ! બધા સુખી કહે છે. છ લાખનું તો આરસપહાણનું મકાન છે એને ઘરે. શેઠને ઘરે. છ લાખ. આને ઘરે ત્રણ લાખનું. ત્યાં ઉતર્યા છીએને છેને ત્યાં ... આવ્યા. આ કોના મકાન? આરસના છે એ તો ભાઈ! જડના છે. આહા..હા..! એ પરમાણુની પર્યાય પરિવર્તન પામતી મકાનરૂપે પરિણમે છે. આત્મા એનો કર્તા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા ક્યાં આવ્યો? પૈસા પૈસામાં રહ્યા, મકાન મકાનમાં રહ્યું, રાગ રાગમાં

રહ્યો, આત્મા આત્મામાં રહ્યો. એવી વસ્તુ છે, ભાઈ! આહા..હા..! એય..! આવી વાતમાં મશ્કરી ન થાય. હવે એ વાતની મશ્કરી કરે છે. જુઓ, આત્મા-આત્મા કૂટે છે કહે. ૯૫ની સાલમાં આવ્યું. દસ મહિના અને દસ દિ' સમયસાર ચાલ્યું હતું ત્યાં. રાજકોટ ૯૫ની સાલમાં. ...એક જણો કહે કે આ દસ મહિના અને દિસ દિ' આત્મા-આત્મા જ કૂટ્યો છે. ત્યારે બીજો એક વકીલ હતો કે દસ મહિના અને દસ દિ'માં સમયસાર ચાલ્યું એની દસ લીટીમાં સાર લખે એને દસ રૂપિયા આપીશ કહે. ૯૫ની વાત છે. રાજકોટમાં ચોમાસું હતુંને. ૯૫. ... છેલશંકરને? એણે કહ્યું. મહારાજે દસ મહિના અને દસ દિ' સમયસાર વાંચ્યું એનો દસ લીટીમાં સાર કોઈ લખે તો દસ રૂપિયા મહિનાના આપીશ. અન્યમતિ હતો વેદાંત. દસ લાઈન લખે તો

મુમુક્ષુ :- દસ રૂપિયા મહિને દે?

ઉત્તર :- દસ રૂપિયા. આહા..હા..!

**'જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય...'** વિકાર ઉપજાવે છે એ વિકાર સ્વરૂપમાં નથી. શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ નવા ઉપજાવે છે. વસ્તુમાં નથી. **'બણૈ કરતા સો,...'** ઉપજાવીને કર્તા બને છે. **'તાકરિ બંધન આન તણૂં ફલ લે સુખ દુઃખ...'** સુખ-દુઃખ આ સંસારિક હોં. સંસારમાં કલ્પના સુખ સ્વર્ગમાં મળે પુણ્ય કરે તો. પાપ કરે તો આ નરક આદિના દુઃખ મળે. આહા..હા..! પણ છે બધું ભવાશ્રમ. એ ભવનું આશ્રમ. એ આશ્રમ રહેવાનું સ્થાન. ચાર ગતિમાં રહેવાના સ્થાન છે એ. **'જ્ઞાન ભયે કરતા ન બને...'** આ મૂળ ચીજ આ છે. **'જ્ઞાન ભયે કરતા ન બને...'** જ્ઞાનનું જ્ઞાન થયે, આત્માનું જ્ઞાન થયે. આત્મા તો રાગ વિનાની ચીજ છે. રાગ તો આસ્રવ તત્ત્વ છે. આ તો જ્ઞાયક તત્ત્વ છે. કર્મ અજીવ તત્ત્વ છે. એ આસ્રવ એ નિશ્ચયથી તો અજીવ તત્ત્વ છે. આહાહા..! એમ **'જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય...'** અહીં તો બંધન હોય નહિ પછી. **'ખુલૈ પરપાસો,...'** રાગનો પાક છૂટી જાય છે. આહા..હા..! આ વાત મોંઘી પડે, પ્રયત્ન કરવાની દરકાર નહિ અને રુચિવાળી બહારની વાત ગોઠે. આહા..હા..!

**'આતમમાંહિ સદા સુવિલાસ કરૈ...'** રાગથી ભિન્ન પડેલું તત્ત્વ ભગવાન આત્મામાં સદા સુખવિલાસ. સુવિલાસ છે. સુખરૂપ આનંદનો વિલાસ કરતું આમ જ્ઞાન **'કરૈ સિવ પાય...'** એનાથી શિવપદ મળે. **'રહૈ નિતિ થાસો.'** ત્યાં નિત્ય રહે. મોક્ષમાં મોક્ષ દશા નિર્મળ દશા તે નિત્ય રહે. લ્યો આ ચાર લિટીમાં કહ્યું. આહા..હા..! જયચંદ પંડીતે. **'આમ શ્રી સમયસારની (શ્રીમદ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ...'** આત્મખ્યાતિ ટીકાનું નામ છે. **'કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.'** બે અધિકાર થયા—એક જીવ-અજીવ, એક કર્તાકર્મ.

# ૩
# પુણ્ય-પાપ અધિકાર

## શ્લોક-૧૦૦

अथैकमेव कर्म द्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति -

(द्रूतविलम्बित)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।

પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;
શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.'

જેમ નૃત્યના અખાડામાં એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે, તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :

શ્લોકાર્થ :- [अथ] હવે (કર્તાકર્મ અધિકાર પછી), [शुभ-अशुभ-भेदतः] શુભ અને અશુભના ભેદને લીધે [द्वितयतां गतम् तत् कर्म] બે-પણાને પામેલા તે કર્મને [ऐक्यम् उपान्यन्] એકરૂપ કરતો, [ग्लपित-निर्भर-मोहरजा] જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો [अयं अवबोध-सुधाप्लवः] આ (પ્રત્યક્ષઅનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) [स्वयम्] સ્વયં [उदेति] ઉદય પામે છે.

**ભાવાર્થ :- અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું. જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી તે દૂર કરવામાં આવી ત્યારે યથાર્થ જ્ઞાન થયું; જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું. ૧૦૦.**

---

## કળશ-૧૦૦ ઉપર પ્રવચન

હવે આવ્યો પુણ્ય-પાપનો અધિકાર. એય..! શુદ્ધાત્મા. શુદ્ધાત્મ પ્રકાશ. એવું ..

**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;**
**શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.**

આવા આત્માને ચરણ એના નમું છું. હીત જાણીને. આહા..હા..! એ જયચંદ પંડિતે જે અર્થકાર છેને એણે લખ્યો છે.

'**પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.'' 'જેમ નૃત્યના અખાડામાં...'** નાચવાનું સ્થાન હોય છેને અખાડો? '**એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે, તેવી રીતે જોકે કર્મ એક જ છે...**' હવે કર્મની વાત છે હોં મોટી જડની. એમાંથી પછી પુણ્ય-પાપના ભાવને બધું કાઢશે. ચાર બોલ એ કાઢશે. '**તેવી રીતે જોકે કર્મ એક જ છે...**' આ આઠેય કર્મ એક કર્મની જાત છે. સાતા બંધાવ કે અસાતા બંધાવ. જશ બંધાય, અપજશ બંધાવ. તીર્થંકરગોત્ર બંધાવ તો એ બધી જડ ચીજ છે. '**તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે...**' એક પુણ્યરૂપ કર્મ થઈને અને એક પાપરૂપ કર્મ થઈને. '**તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન...**' એ ધર્મીનું જ્ઞાન '**કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.**' કર્મ એક જ પ્રકારે છે. બે છે જ નહિ. એમ પુણ્ય અને પાપના બે ભાવ એક જ પ્રકાર છે. બે છે જ નહિ. સમજાણું કાંઈ?

પ્રવચનસારમાં કહ્યું છેને પુણ્ય-પાપ બંને વચ્ચે ભેદ માને ઘોર સંસારી જીવ છે. સમજાણું કાંઈ? છેને? ૭૭. જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે. ૭૭ ગાથા જ્ઞેય અધિકાર. જ્ઞાન. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पूण्णपावाणं।**' શુભ અને અશુભભાવમાં કાંઈ ફેર નથી. એમ જે માનતો નથી. '**हिंडदि घोरमपारं संसारं**' આ પ્રવચનસારની ગાથા છે. પ્રવચનસાર. દિવ્યધ્વનિનો સાર. ભગવાનની દિવ્યધ્વનિનું માખણ. જે કોઈ પુણ્ય-પાપમાં વિશેષ

માને છે. શુભભાવ તે ઠીક અને અશુભ અઠીક. એમ બે આંતરો પાડે છે. '**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो**' મિથ્યાત્વથી ઢંકાયેલો પ્રાણી ઘોર સંસાર નિગોદમાં રખડશે.

મુમુક્ષુ :- ઘોર સંસાર છે?

ઉત્તર :- હા સંસાર ઘોર જ છેને. ક્યાં એકેન્દ્રિયના ભવ, ક્યાં ઈયળ, કીડી, કાગડા. આહા..હા..! સંસાર ચોર્યાસીના અવતાર ઘોર સંસાર છે. છે? '**મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.**' '**हिंडति**' '**हिंडति**' ગુજરાતી ભાષા છે. .. ગુજરાતીમાં હિંડો કહે છે. હિંડો એટલે ચાલો. ત્યાં હીંડો કહ્યો છે. હીંડે-રખડે. ... આહા..હા..! હવે આવા સમજ્યા વિના બીજી વાત કરવા જાય એ મોટો જ અર્થનો કરે છે. શ્રદ્ધા વિપરીત '**मोहसंछण्णो**' કીધુંને? મિથ્યાત્વથી ઢંકાયેલો છે. આહા..હા..! જેથી એને શુભ-અશુભભાવમાં આંતરો દેખાય છે. શુભભાવ ઠીક અને અશુભ અઠીક. આહા..હા..! ઘોર અપાર સંસાર. ... આહા..હા..! એને કહે છે કે શુદ્ધોપયોગને તિરસ્કાર કર્યો છે એમ કહે છે. એને શુભભાવ અને અશુભભાવની વિશેષતા-તફાવત લાગે છે એને શુદ્ધ ઉપયોગનો એણે અનાદર કર્યો છે. શુભભાવ સારો એમ માનનાર શુદ્ધ ઉપયોગનો અનાદર કરે છે. છે એમાં હોં.

'**જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો, સંસારપર્યંત (-જ્યાં સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી અર્થાત્ સદાને માટે) શારીરિક દુઃખને જ અનુભવે છે...**' પણ લોકોને શુભભાવની ક્રિયા એવી મીઠી લાગે છેને. ગમે એના જેવી વાત આવે તો એને સારી લાગે. આ તે શું? આમ વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો. તમને એમાં લાભ થશે. પાપ તો નહિ બંધાય, પણ પાપ કહેવું કોને? પુણ્યને સારું કહેવું એ જ મિથ્યાત્વ પાપ છે. આહા..હા..! ચેતનજી! એય..! ..ભાઈ! આવું છે.

'**સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :**' આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૧૩, સોમવાર, તા. ૦૧-૦૧-૧૯૭૩**
**કળશ-૧૦૦, પ્રવચન-૨૭૧**

આ પુણ્ય-પાપ અધિકાર. કર્તા-કર્મ અધિકાર પછી આ પુણ્ય-પાપ. કેમકે કર્તા એ રાગનો કર્તા પુણ્યનો થાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. એ અનાદિની એની દૃષ્ટિ છે એવી છે. શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ શુભ છે, પુણ્ય છે એનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. એની સામે આ પુણ્ય-પાપ અધિકાર લીધો. પુણ્ય અને પાપ બે એક જાતના છે. ચાહે તો વ્રત હો કે ચાહે તો અવ્રત હો. બેય પરિણામ બંધના કારણ છે. હેય પરિણામ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ છે. એ બતાવવા અધિકાર છે.

'**પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.''** નાટકની ઉપમા આપી છેને? '**જેમ નૃત્યના અખાડામાં...**' નાચનાર માણસના અખાડામાં. ... '**એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે, તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે...**' પરિણમે છે. ચાહે તો શુભકર્મ સાતા હોય કે ચાહે તો અશુભ અસાતા હોય. એના કારણરૂપ શુભભાવ હો કે અશુભભાવ હો બેય એક જ પ્રકાર છે. '**તેને, સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન...**' ધર્મીનું જ્ઞાન, પોતાના ચૈતન્ય સ્વભાવ સન્મુખ થયેલી જ્ઞાનદશા એનાથી વિમુખ પુણ્ય-પાપ બેય ભાવને જાણી લે છે. એ બંધનનું કારણ છે. આત્માને શુભભાવ કે અશુભભાવ એકેય કલ્યાણના કારણનો અંશ પણ નથી એમાં. સમજાણું કાંઈ? એમ કોણ જાણે? અનાદિનો મિથ્યાદૃષ્ટિ તો શુભને ઠીક માને છે અને અશુભને અઠીક માને છે. એ તો સંસાર છે, મિથ્યાત્વ છે અને એના ફળ તરીકે ચોર્યાસીના અવતાર છે.

મુમુક્ષુ :- પુણ્યના ફળ પણ બધું?

ઉત્તર :- પુણ્યના ફળ પણ શું? સંસાર મળે. અને ત્યાંથી પાછો નરક જાશે. છેક નવની ગ્રૈવેયક અનંતવાર ગયો.

મુમુક્ષુ :- સ્વર્ગમાંથી કોઈ નરકમાં જાય?

ઉત્તર :- સ્વર્ગમાંથી માણસ થઈને જશે. સીધો ન જાય. અનંતવાર ગયોને નવમી ગ્રૈવેયકે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ત્યાંથી પાછો રખડ્યો, પડ્યો. ચાર ગતિમાં

રખડે છે. આતમ જ્ઞાન ચૈતન્ય ભગવાન એ શુભ અને અશુભ વિકલ્પથી, રાગથી ભિન્ન છે. જેમાં એકરૂપ જ્ઞાનમાં બેય કર્મ ભાસે એવી જે આત્માની સ્વસન્મુખની દશા એ જ્ઞાનીનું જ્ઞાન પુણ્ય-પાપને જાણી લે છે. એ જ્ઞાનીનું કામ છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે લોકોને પડે પણ બહારનું આ, બહારનું પણ પ્રસંગ હોયને એમાં એને ઠીક દેખાય છે. ઈ કહે છે.

**'સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.'** ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભ હોય. અહિંસાનો ભાવ હોય કે હિંસાનો હોય. એના ફળ તરીકે પુણ્ય બંધાવ કે પાપ, એના ફળ તરીકે અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ. બધી એક ચીજ છે.

મુમુક્ષુ :- અનુકૂળ કે પ્રતિકૂળ તો કોઈ છે જ નહિ.

ઉત્તર :- છે જ ક્યાં? પણ માને છેને ઈ. કે અમે પુણ્ય કરીશું તો અનુકૂળ સામગ્રી મળશે. પાપ કરશું તો પ્રતિકૂળ મળશે. આ બધું પુણ્યને લઈને મળ્યુંને માણસપણું. તો એટલું પુણ્ય સારું ખરુંને? પણ શું થાય એને? સમ્યગ્દર્શન વિના એ ચીજને પોતાની માન્યા વિના રહે નહિ. જે એની નથી. દાખલો આપશે હમણા ચંડાળરણીનો. ચાંડાળરણીના પેટથી જે ઉત્પન્ન થયેલા છે એમ શુભ અને અશુભભાવ બેય વિભાવરૂપી ચાંડાળરણીના પેટથી ઉત્પન્ન થયેલા છે. આહા..હા..! ભારે ઝીણો માર્ગ, ભગવાન!

મુમુક્ષુ :- શુભને પણ ચંડાળમાં લે છે.

ઉત્તર :- હા, શુભભાવ ચંડાળીનો પુત્ર છે. આહા..હા..! વાત એવી છે, પણ જેને જન્મ-મરણનો ભાસ હોય, ચોર્યાસીના અવતારનો અરેરે..! આ અવતારથી કેમ છુટવું? એને એ પુણ્ય અને પાપ અવતારના કારણો એને બે એક જાતના માને. એ કહે છે સમ્યગ્દષ્ટિનું જ્ઞાન. જેણે પુણ્ય અને પાપના રાગથી ભગવાન આત્મતત્ત્વ જુદું જાણ્યું છે. એનું જ્ઞાન પુણ્ય-પાપના ભાવને, એના બંધનને બેને એકરૂપે જાણે. કાલે કહ્યું હતુંને પ્રવચનસારની ગાથા નહિ ૭૭? પુણ્ય અને પાપમાં ભેદ માને કુંદકુંદાચાર્ય કહે છે કે શુભ-અશુભમાં વિશેષતા માને એ ઘોર અપાર સંસારમાં **'हिंडदि'** ભાઈ! એને જન્મ-મરણના આરા નહિ આવે. ચોર્યાસીના અવતાર જે દુનિયાને પાસેથી રિપોર્ટ લીધો હોય કે આ સારો છે. એથી ત્યાં ગીરાણે મૂકાઈ ત્યાં. ગીરાણે સમજો છો શું? ગીરવે આહા..! અને દુનિયા કદાચિત ન સ્વીકારે કે આ તો જુઓ, પુણ્ય અને પાપને બેયને સરખા જાણે. વ્રતના પરિણામ પણ પુણ્ય અને અવ્રતના પરિણામ પાપ બેય સરખા. બંધનને માટે. સંસાર માટે બેય સંસાર માટે સરખા છે રખડવાના. બંધ અધિકારમાં કીધું છેને પાછું? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ એ પણ પુણ્ય, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગની વાસનાનો વિકલ્પ એ પાપ. બેય એક જાતના છે. વિભાવ છે, સ્વભાવથી વિરુદ્ધ છે, સ્વભાવ મોક્ષનું કારણ, વિભાવ બંધનનું

કારણ, સંસારનું કારણ છે.

મુમુક્ષુ :- આપ આમ કહેશો તો કોઈ પુણ્ય કરશે જ નહિ.

ઉત્તર :- કરે, ન કરવાનો પ્રશ્ન ક્યાં છે? આ તો ચીજ શું છે એનું ભાન છે. અને એ ભાવ એને જ્યાં સુધી વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી એ ભાવ આવશે. પણ છે બંધનું કારણ દુઃખરૂપ અને આકુળતા એને જાણશે. આવી વાત છે. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન.. આહા..હા..! બાપુ! સંસારને તારે એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? એ ઉદયભાવ છે બેય. શુભભાવ હો કે અશુભભાવ હો. અહીં .. તો કર્મની વાત છે. પછી ટીકામાં ચારેય ઉતારશે. મૂળમાં કર્મની વાત છે જડની. સાતા અને અસાતા બેય એક જાતના છે એમ બતાવે છે. પછી ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય ખુલાસો કરશે. એ સાતા-અસાતા એક જાત છે એમ એના હેતુઓ જે પુણ્ય-પાપના ભાવ પણ એક જાત છે અને એનું ફળ પણ જડનું મળે એ એક જાત છે. અને બેય બંધને આશ્રયે ભાવ છે. મોક્ષના આશ્રયે એમાં એકેય ભાવ પુણ્ય-પાપ હોઈ શકે નહિ. ચાર બોલ ઉતારશે શ્લોક. ૧૦૨માં આવે છેને. આવશે. શ્લોક આવશે.

**'સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન...'** આહા..હા..! **'કે જે યથાર્થ જ્ઞાન છે...'** પુણ્યને ભલા માનવા, શુભભાવને ભલો માનવો, પાપને બુરો માનવો એ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન વિપરીત છે. શ્રદ્ધા વિપરીત, જ્ઞાન વિપરીત એથી એનું આચરણ પણ વિપરીત જ છે. સમજાય છે કાંઈ? બાહ્યથી ભલે નગ્નમુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય એ શુભભાવને એકપણે માનતા શુભ ઠીક છે એમ માનીને એ કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. એનું જ્ઞાન જૂઠું, એની શ્રદ્ધા જૂઠી અને એનું આચરણ પણ જૂઠું. રાગ એ મારું આચરણ છે એમ માને છે. જ્ઞાની સ્વરૂપની અંતર અનુભવ દૃષ્ટિમાં જે શ્રદ્ધા અંતર ઉત્પન્ન થઈ સ્વને આશ્રયે. ત્રિકાળ અખંડાનંદ ભગવાન પૂર્ણ બાપુ આ વાતું ઝીણી છે. આ તો જન્મ-મરણના અંતની વાતું છે. ધર્મની શરૂઆત એ જન્મ-મરણના અંતને કરીને લાવે છે. જન્મ-મરણ સંસાર જ મારામાં નથી. ઉદયભાવ એ મારામાં નથી. આહા..હા..! એમ જે સમ્યગ્દૃષ્ટિ અંતર ચૈતન્યના ભગવાન સ્વરૂપના આશ્રયે જેને નિમિત્તને-રાગને આશ્રયે તો નહિ, પણ એક સમયની જ્ઞાનની જે પર્યાય અનંતગુણની વર્તમાન પ્રગટ વ્યક્ત એ પર્યાયમાં એકત્વબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે પુણ્યને ભલો માને અને પાપનો બુરો માને એમ કહે છે. પણ જેને એ પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ છૂટી ગઈ છે અને સ્વભાવ ચૈતન્ય જાગૃત સ્વભાવનું ભાન થયું છે. એ એનું જ્ઞાન યથાર્થ છે.

**'તે એકરૂપ જાણી છે...'** કોને? પુણ્ય-પાપ બેયને. **'તે જ્ઞાનના મહિમાનું કાવ્ય...'** સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનની મહિમા **'આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર...'** ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે. ૧૦૦. આ શ્લોક ૧૦૦ આવ્યો છે. આહા..હા..!

(द्रूतविलम्बित)
तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।

અર્થ. શબ્દ પહેલો પડ્યો છે. '(કર્તાકર્મ અધિકાર પછી), **શુભ અને અશુભના ભેદને લીધે...**' શુભ અને અશુભ બે ભેદને લીધે. '**બે-પણાને પામેલા...**' '**द्वितयतां गतम् तत् कर्म**' એ કર્મ અને ભાવ '**બે-પણાને પામેલા તે કર્મને...**' '**ऐक्यम् उपान्यन्**' '**ऐक्यम् उपान्यन्**' બે એકરૂપ છે એમ કરતો થકો. આ કાંઈ ભાષાનું કામ નથી ત્યાં. ત્યાં કાંઈ ક્ષયોપશમ જ્ઞાનનું પણ કામ નથી. પરલક્ષી ક્ષયોપશમ અનંતવાર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? સમવસરણમાં જિનવાણી સાંભળી અનંતવાર. અને જિનવાણીના લક્ષે રાગની મંદતા થતાં કાંઈક જ્ઞાનનો વિકાસ પણ થયો એ જ્ઞાન નથી. એ જ્ઞાન જ નથી. એ તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાન અંતર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અભેદ એની અંતર દૃષ્ટિ થઈને જે જ્ઞાન થાય તે જ્ઞાન બેને એક માને છે. પુણ્ય અને પાપ. દુનિયા સાથે તો મેળ નહિ ખાય ભાઈ! ઘણા લોકોને તો શાસ્ત્રમાં વ્યવહારનું વર્ણન બહુ આવ્યું છે. ૧૧માં ન કહ્યું? ઉપાદાનના સાથે ઓલો વિકલ્પ નિમિત્તનો હોય છે એવું લખાણ શાસ્ત્રમાં બહુ આવ્યું છે. જિનવાણીમાં. ભેદનો પક્ષ તો અનાદિનો છે. માંહોમાંહે વ્યવહાર અને ભેદની પ્રરૂપણા ચાલે છે અને ભગવાનના શાસ્ત્રમાં પણ એ વ્યવહારની વાતું નિશ્ચયના હસ્તાવલંબ નિમિત્ત તરીકે દેખતા ઘણી આવી છે. પણ એ ત્રણેનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**એકરૂપ કરતો,...**' ક્યારે એકરૂપ થાય? છે તો ત્યાં બે ભાવ, પણ સ્વભાવની અંતર દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થતાં સાથે જ્ઞાન થતાં એ જ્ઞાન બેને એકરૂપે જાણી લે છે. વેષ ભલે બે હોય. એકનો એક છે બેય. કર્મનો ભેદ છે બેય. સમજાણું કાંઈ? આહા..હા..! '**એકરૂપ કરતો,...**' '**ग्लपित-निर्भर-मोहरजा**' '**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...**' એટલે કે શુભ અને અશુભભાવમાં શુભભાવ તે ઠીક છે, અશુભ અઠીક એવો જે મિથ્યાત્વભાવ. જેણે દૂર કર્યો, નાશ કર્યો છે. સમજાણું કાંઈ? રજને નાશ કર્યો એટલે કાંઈ કર્મનો નાશ આત્મા કરી શકતો નથી. એ તો જડ છે. એ તો નિમિત્તથી વાત છે. જડની પર્યાયનું ઉત્પન્ન થવું અને નાશ થવું, ઉત્પાદ-વ્યય તો જડમાં, જડને કારણે છે. આત્માને કારણે પરનો નાશ થાય એમ છે નહિ. પણ જે પુણ્યને, શુભભાવને ઠીક એવો જે મિથ્યાત્વભાવ એને એણે નાશ કર્યો છે. '**ग्लपित**' '**ग्लपित**' ગાળી નાખ્યો છે. સમજાણું કાંઈ? આ તો શાંતિથી સમજવા

જેવી વાત છે, બાપુ! આ કોઈ... દૂર કરી છે રજ જેણે. એ પુણ્ય-પાપમાં પણ આવે છેને ભાઈ ત્યાં ૧૫૦ ગાથા. રજ. ઉંધા પુરુષાર્થમાં નહિ? આવશે. આમાં છે. આમાં જ છે. ૧૫૦ નહિ? ...

મુમુક્ષુ :- ઓલા આવ્યા હતાને પંડિતજી.

ઉત્તર :- કોણ? હા. હા. કોણ પંડિત? આ ઈંદોરવાળા. જીવનંધર. જીવનંધર. એ છે આમાં. ૧૫૦ ચાલી જુઓ. ૧૫૦માં છે. ૧૬૦ જુઓ, આ ગાથા ચાલી છે. ટીકા છેને ૧૬૦ની. '**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...**' ૧૬૦ની સંસ્કૃત ટીકા. ૬૦ છેને? ૧૬૦. ૧, ૬ અને ૦ એની ટીકા. જે પોતે ભગવાન તો '**જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...**' જ્ઞાન એટલે આત્મવસ્તુ. '**અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' અહીં વાંધો આવ્યો છે. છેને અહીંયાં પુરુષાર્થ? .. ભાઈ! એમ કે કર્મને લઈને છે આ. ઓલું તો નિમિત્ત જડ છે. પોતાના ઉલટા પુરુષાર્થને કારણે '**એવા કર્મ મળ વડે લેપાયું...**' એ કર્મમળ વડે એટલે? ઉંધા પુરુષાર્થથી મિથ્યાત્વથી લેપાયેલું. એને પછી કર્મબંધન હોય છે. આહા..! પણ અહીંયાં પોતાના પુરુષાર્થના અપરાધથી એમ વાત છે. કર્મને કારણે લેપાયેલું છે એમ નથી. આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' આવી વાતમાં એને ખ્યાલ આવતો નથી. કર્મ રખડવાને... કર્મ રખડાવે... કર્મ રખડાવે... કર્મ તો જડ છે. જડની પર્યાય અને તારી પર્યાયમાં બે વચ્ચે તો અત્યંત અભાવ છે. અત્યંત અભાવવાળું તત્ત્વ તને રખડાવે? મોટી ચર્ચા ચાલી હતી એ વિષયની. શું કરે? ન બેસે તો પછી કાંઈક કરે જને. ભાઈ! આ તો આમ કીધું છે. આ તો પાંચની સાલની વાત છે. શેઠ કાલે આવ્યાને જ્યારે શેઠ? .. પહેલા વહેલા આવ્યા હતા પાંચની સાલમાં. ૨૪ વર્ષ થયા. ત્યારે આ ગાથા ચાલતી હતી ૧૬૦. આ પુરુષાર્થ (ઉંધો) ભાઈ કર્મને લઈને રહેવા દો ભાઈ! કર્મ જડ છે એ ભૂલ કરાવે? ભૂલ તો તારી પર્યાયમાં ષટ્કારકને કારણે તારાથી થાય છે. ૧૬૨ ગાથા. એ ચર્ચા ત્યાં થઈ હતી વર્ણીજી સાથે મોટી. પંચાસ્તિકાયની ૧૬૨ ગાથા.

મુમુક્ષુ :- ૨૧માં છે.

ઉત્તર :- હા, એકલી બાસઠ છે. એકલી બાસઠ છે. આ સો અહીં આવી ગયુંને એટલે ... મોટી ચર્ચા થઈ હતી. ૧૩. ૧૬ વર્ષ થયા.

મુમુક્ષુ :- .. ગાથામાં એ છેને ક્રમ

ઉત્તર :- ક્રમ પણ ક્રમનો અર્થ શું?

મુમુક્ષુ :- ટીકામાં .. પુરુષાર્થ કર્યો.

ઉત્તર :- હા, કારણ કે વસ્તુ એવી છે.

મુમુક્ષુ :- ટીકા જોયા વિના ગાથા બોલે છે.

ઉત્તર :- બોલે છે. વસ્તુનો સ્વભાવ ન સમજે અને ઉપરથી કહે. પાઠમાં તો એમ લીધું છે કે પોતાના પુરુષાર્થના અપરાધથી.

મુમુક્ષુ :- એ ટીકામાં લીધું છે.

ઉત્તર :- ટીકામાં છે પણ એ પાઠનું સ્પષ્ટીકરણ છેને?

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય શું કહેવા માગે છે...

ઉત્તર :- શું કહેવા માગે છે એની આ ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. આહા..હા..! અને કર્મથી કહ્યું હોય તોપણ ત્યાં સમજવું કે વિપરીત દશામાં કર્મ નિમિત્ત છે એથી વ્યવહારથી ત્યાં કહ્યું છે. આમ વાત છે, ભગવાન!

મુમુક્ષુ :- આમાં પણ ચોખવટ...

ઉત્તર :- આ તો ચોખ્ખું પણ કદાચ ક્યાંક એને કહે. જ્ઞાનાવરણી જ્ઞાનને રોકે. લ્યો ત્યાં ચોખ્ખો શબ્દ છે લ્યો. એમાં કાંઈ બીજું કાઢવું છે લ્યો?

મુમુક્ષુ :- એ અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે.

ઉત્તર :- એ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. કઈ નયનું કથન. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે. જ્ઞાન આવરણ ચોખ્ખો શબ્દ છે. એમાં કાંઈ કોઈ ફેરફાર કરેલો છે.

મુમુક્ષુ :- કેટલું સાફ લખ્યું છે તોપણ તમે બદલી નાખો છે.

ઉત્તર :- અમે બદલીએ છીએ કે ભગવાન બદલે છે? એ તો અમારે ૭૧ની સાલથી આ વાત ચાલે છે. ૫૭ વર્ષ ૫૮ વર્ષ થયા. આહા..હા..! ભાઈ! જ્ઞાનાવરણીય તો પરદ્રવ્ય છે પરદ્રવ્યથી પોતાની હીણી પર્યાય થાય છે એ વાત છે જ નહિ. પોતાની હીણી પર્યાયની યોગ્યતાથી પોતાથી થાય છે. તો કર્મને નિમિત્ત, જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. લ્યો આ હિન્દી આવ્યું થોડું. એય..! શુદ્ધાતમજી! થોડું હિન્દી આવ્યું થોડું. આહા..હા..!

કહે છે ઓહો..! **'જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...'** પહેલા જ વાંધા. નમો અરિહંતાણં. જુઓ, પહેલેથી એમ કહે છે નમો અરિહંતાણં. એ ... કર્મરૂપી વેરીને જેણે હર્યા. કર્મ તો જડ છે. જડની પર્યાય તો હણી શકે પરદ્રવ્યને? પરદ્રવ્યની પર્યાયનો ઉત્પાદ કરી શકે? કર્મનો જ્ઞાનાવરણીયપણે ઉત્પાદ થાય એ આત્મા કરી શકે? એનો ઉત્પાદ તો એનાથી થાય છે. અને રજકણની અવસ્થાનું નાશ થવું. મોહક્ષયાત કેવળજ્ઞાનં. આવે છે કે નહિ?

મુમુક્ષુ :- મોક્ષ.. અંતરાય.

ઉત્તર :- અંતરાય. તત્ત્વાર્થસૂત્રમાં પણ આવે છે. ખબર છેને. એ શું કર્મના જડના અભાવથી અહીં જ્ઞાનની પર્યાય થાય? ભાવકર્મના અભાવથી થાય. ૧૬મી ગાથામાં આવે છે. .. ઘાતિકર્મ

બે પ્રકારના—ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ. ૧૬મી ગાથા. સ્વયંભૂ. સ્વયંભૂ આત્મા પોતાથી ઉત્પન્ન થયો છે અંદર. સ્વયંભૂ શબ્દ છેને. ભાવકર્મ, દ્રવ્યકર્મ. ઘાતિકર્મ બેય લીધા છે. ભાવકર્મ પોતાની પર્યાય .. દ્રવ્યકર્મ એ જડ સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટા વાંધા. હવે એને અંદર સમજવામાં તો કેટલો પુરુષાર્થ જોઈએ. આહા..હા..! ભાઈ! એમાં પુરુષાર્થ જોઈએ. એ કાંઈ વગર પ્રયત્ને સમ્યગ્જ્ઞાન અને દર્શન થાય એ ચીજ નથી. અને કર્મનો અભાવ થાય તો અહીં થાય એવી પણ એ ચીજ નથી. સમજાણું? હમણા આવ્યું હતુંને એ તો. ધવલમાં આવ્યું હતું. ... આહા..હા..!

‘**ग्लपित-निर्भर-मोहरजा**’ ‘**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો...**’ ‘**अयं**’ ‘**આ (પ્રત્યક્ષઅનુભવગોચર)...**’ એમ કરીને એમ કહે છે કે ભગવાન ‘**सुधाप्लवः**’ અમૃત જ્ઞાનરૂપી સુધા-ચંદ્રનું રૂપ એ અંતરમાં સમ્યગ્દર્શન થતાં મતિશ્રુત જ્ઞાનથી ભગવાન પ્રત્યક્ષ થાય છે. સમજાય છે કાંઈ? ‘**अयं**’ શબ્દ મૂક્યો છેને? ‘**अयं**’ આ. પ્રત્યક્ષ ‘**सुधाप्लवः**’ ‘**अवबोध**’ પ્રત્યક્ષ અવબોધ. પ્રત્યક્ષ અનુભવગોચર. એ સમ્યગ્જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ જીવ થાય છે. એવું એનું સ્વરૂપ છે. કેમકે એનામાં એક પ્રકાશ નામનો ગુણ અનાદિ છે. ૪૭ ગુણ છેને? એમાં પ્રકાશ નામનો ગુણ ૧૨મો છે. એ પ્રકાશ ગુણનું સ્વરૂપ કે એ પોતે પ્રત્યક્ષ થાય સ્વસંવેદનમાં. એ ગુણનું, પર્યાયનું સ્વરૂપ છે. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે ફક્ત (સાચી) માન્યતા એવો વિષય. સમજાણું કાંઈ? તેથી આચાર્ય ભગવાન કહે છે ‘**अयं अवबोध-सुधाप्लवः**’ ‘**જ્ઞાન-સુધાંશુ...**’ જ્ઞાનનું અમૃતસ્વરૂપ. જ્ઞાન-સુધાશું. જ્ઞાનરૂપી ચંદ્ર જે મતિ અને શ્રુતજ્ઞાનથી સ્વરૂપનો આ આત્મા એમ પ્રત્યક્ષ થયેલું એવું જે જ્ઞાન એ સુધા. ચંદ્રમા સમાન છે.

‘**સ્વયં ઉદય પામે છે.**’ જુઓ, એને કોઈની અપેક્ષા નથી કહે છે. રાગની મંદતા હોય તો સમ્યક્ થાય-પ્રત્યક્ષ જ્ઞાન થાય એવી કોઈ અપેક્ષા નથી. ‘**સ્વયં ઉદય પામે છે.**’ ઉદય શબ્દે પ્રગટ થાય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ, જ્ઞ-સ્વરૂપી, જ્ઞ-સ્વભાવી આત્મા. એ પોતાની પર્યાયમાં પ્રત્યક્ષ થઈને પરની અપેક્ષા રાખ્યા વિના પ્રગટ ઉત્પાદ થાય છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનમાં ઉત્પાદ સ્વયં પરની અપેક્ષા વિના થાય છે. કહો, પોપટભાઈ! બધું ઝીણું બહુ ભગવાન હોં! આહા..હા..! ભારે આકરી વાત. લોકોને ઓલા બહારમાં ચડાવી દીધા છેને એટલે આ વાત એવી લાગે આ તો નિશ્ચયની-નિશ્ચયની. પણ નિશ્ચય એટલે સાચી. ખોટી તો કહેતા નથી કાંઈ. પંડિતજી! આહા..હા..! આ ભગવાન શું કહે છે પણ? આ આચાર્ય શું કહે છે? આ ભગવાન આત્મા અવબોધ. અવ-નિશ્ચય જ્ઞાન આ-પ્રત્યક્ષ ‘**सुधाप्लवः**’. એવો જે જ્ઞાનરૂપી સુધાંશુ, સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા સ્વયં ઉદય પામે છે. આ મંગળિક કર્યું. પુણ્ય-પાપનો અધિકાર શરૂ કરતાં આ મંગળિક ગાથાએ કર્યું. આહા..હા..!

મુમુક્ષુ :- નહિતર પુણ્ય-પાપને તો ઝેર કીધા.

ઉત્તર :- ઝેર છે. શુભ ઝેર છે.

મુમુક્ષુ :- અહીંયાં અમૃત કીધું સામું ઝેર કીધું.

ઉત્તર :- આને ક્યાં અમૃત કીધું? આત્મા અમૃતસ્વરૂપ છે. આનંદરૂપી અમૃતસ્વરૂપ ભગવાન છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ત્યારે એ ઝેર છે. શુભભાવ એ ઝેર છે. આહા..હા..! બધી વાત કરી પણ હવે પક્ષમાં આવે ત્યાં શું થાય? એ સત્ય અને નિશ્ચયની વાત એટલે એ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એ કહેતા હતાને જુઓ, ૯૯માં નહોતા શેઠ? કલકત્તાના. વૈદનાથ. પૈસા બહુ ખર્ચે. મંદિરો કરે અને આ કરે. એટલે એને જાણે કે આહાહા... આહા..હા..! ધર્મ થઈ ગયો જાણે. વૈદનાથ હતાને કલકત્તામાં?

મુમુક્ષુ :- ... વૈદનાથ.

ઉત્તર :- હા એ હતા. ત્યાં આવ્યા હતા. ૯૯માં. અહીં પણ આવ્યા હતા. સમ્મેદશિખર. ત્યાં આવ્યા હતા. જમશેદપુર આવ્યા હતા. આવે ખરા પણ આ વાત.. ભાઈ! બહારમાં એટલા લાકડા ગરી ગયા હોય છેને. અમે પૈસાવાળા જાણે પૈસા ખર્ચીએ અને .. પાંચ લાખની પેદાશ છે તો પચાસ હજાર વર્ષો વર્ષ ખર્ચે કદાચ કોઈ. એટલે જાણે ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી કહે.

મુમુક્ષુ :- બધા ખર્ચે તો...

ઉત્તર :- ખર્ચ (કરીને) મરી જાય નહિ આખો (મણ) એના ક્યાં હતા પૈસા? એય..! ગોદિકાજી! ધન ક્યાં એની ચીજ હતી? પુણ્યનો ભાવ એનો નથી ત્યાં વળી ધર્મ ક્યાંથી આવી ગયો? કહો, શેઠ! આ વાત તો આવી છે. આહા..હા..! ત્રિલોકનાથ ભગવાનની વાણીમાં આ આવે છે. સત્ય વાત તો આ છે. રુચે, ન રુચે જગતને. એની પાસે રહી. એથી કાંઈ તત્ત્વ બીજું થઈ જાય અને એના માનનારા ન હોય એથી એ સત્ય બીજી રીતે થઈ જાય એમ છે નહિ.

મુમુક્ષુ :- એ માનનારા હોય જ છે.

ઉત્તર :- ના, આ તો એમ કહે કોઈ ન માને એવો કાળ આવી જાય. માનનારા હોય છે સત્યના. માર્ગ તો ભાઈ આ છે. આહા..હા..!

**'अयं अवबोध-सुधाप्लवः स्वयम् उदेति'** એમ કહીને ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે ભગવાન આત્મા એ પુણ્યના પરિણામની અપેક્ષા વ્યવહારની રાખ્યા વિના પોતાના સ્વયં આશ્રય લઈને જ્ઞાન અને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. અને ઉત્પન્ન થાય છે એ પછી કહ્યું. ઓલું નાશ થાય એ પહેલું કહ્યું. મિથ્યાત્વ પર્યાયનો નાશ મોહનો થાય છે અને આ ઉત્પન્ન થાય છે. ધ્રુવ કાયમ રહે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ નાખ્યા. સમજાણું

કાંઈ? આહા..હા..! 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' સત્ દ્રવ્યલક્ષણં. એ કહે છે જેણે મિથ્યાત્વનો નાશ કર્યો છે, જેણે પ્રત્યક્ષ જ્ઞાનને ઉત્પન્ન કર્યું છે. આ ઉત્પાદ-વ્યય થઈ ગયું. વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે. ધ્રુવને આશ્રયે ઉત્પાદ થયો છે, ધ્રુવને આશ્રયે મિથ્યાત્વનો નાશ થયો છે. સમજાણું કાંઈ? અરે..! ભારે વાતું આવી ભાઈ! ... આવા બધા બાહ્ય ક્રિયા, સંયમ કેટલો પાળે બિચારા અને કહે છે કે એ સંયમ નહિ. આહા..હા..! અપવાસ કરે મહિના-મહિનાના. વ્રત પાળે, કેટલા અપવાસના. કર્મ કરવું કેટલું પડે. ભાઈ! એ તો ક્રિયા સ્વભાવના આચરણ વિનાની શુભભાવની છે. એ શુભભાવ તો બંધનું કારણ છે.

અહીં તો પ્રભુ એમ કહે છે કે જેણે આત્મા અખંડાનંદ પ્રભુ એનો આશ્રય જેણે લીધો એને મિથ્યાત્વનો આશ્રય નાશ પામી જાય અને સમ્યગ્જ્ઞાન અને ચંદ્રમા શાંત... શાંત... ચંદ્રમા લીધો છેને? શાંતિ થાય છે. કેમકે મિથ્યાત્વના નાશ સાથે અનંતાનુબંધીનો નાશ થયો છે. એથી એને સમ્યગ્જ્ઞાનની સાથે શાંતિ અંશે ચોથે ગુણસ્થાનથી શાંતિનો અનુભવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યુંને? સ્વયં સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા. શાંતિરૂપી ચંદ્રનો દાખલો આપ્યો જુઓ, આહા..હા..! જેના કીરણો શાંત છે ચંદ્રમાના અને ભગવાન આત્મા શાંતરસે ભરેલો પદાર્થ છે. શાંતરસ એટલે? અકષાય સ્વરૂપી તત્ત્વ છે. અકષાયસ્વરૂપ એટલે? શાંત, ચારિત્રસ્વરૂપ જ એ તત્ત્વ છે. વીતરાગ ચારિત્રસ્વરૂપ તત્ત્વ છે. એ શાંતિને આશ્રયે અંશે શાંતિ પ્રગટ થઈ અને મિથ્યાત્વનો નાશ થયો અને સમ્યગ્દર્શન થયું છે. લ્યો આ પુણ્ય-પાપના અધિકારની શરૂઆતમાં આવું મંગળિક કર્યું છે. સમજાણું કાંઈ? આ તમારે લગનમાં મંડપમાં નથી કરતા મંગળિક? ખીલો નાખે છેને કાંઈક. માણેકસ્તંભ. લાકડું નથી નાખતા આવડું? પછી ચારે બાજુ આમ કર્યું હોય. એ સંસારના લાકડા નાખ્યા છે એણે મંડપમાં. ચાર ગતિ રખડવાના. મંડપમાં કરે છેને પેલું આ શું કહેવાય લગન કરે ત્યારે? માંડવો કરે. માણેકસ્તંભ રોપે. ચાર બાજુ ચાર આમ લાકડા ખોસે. આ માણેકસ્તંભ રોપ્યો ભગવાને. આહા..હા..! આ મોક્ષના મંડપ નાખ્યા. પુણ્ય-પાપ રહિત થાય એટલે મોક્ષ થશે. પહેલા પુણ્ય-પાપરહિત દૃષ્ટિ થઈ એ પુણ્ય-પાપરહિત થઈને મોક્ષ કરશે. એથી આ મોક્ષના મંડપના પહેલા મંગળિક નાખ્યા માણેક. શું કહેવાય? માણેકસ્તંભ. સ્તંભ છે.

'**ભાવાર્થ :- અજ્ઞાનથી એક જ કર્મ...**' કર્મ તો એક જ જાત છે. '**બે પ્રકારનું દેખાતું હતું...**' અજ્ઞાનીને એ જ કર્મ બે પ્રકારે દેખાતું હતું. અશુભ અને શુભ એમ બે દેખાતું હોય. '**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**' તારા સ્વભાવથી વિરૂદ્ધભાવ તે વિભાવ એક જ પ્રકારનો છે. સમજાણું કાંઈ? આહા...! પાગલ જેવી વાતું લાગે હોં અજ્ઞાનીને તો એવું લાગે કે આ શું? એમ હશે?

કહ્યું હતુંને એકવાર નહિ? મીરાંબાઈનું નાટક જોવા ગયા હતા દુકાન હતીને પાલેજમાં?

ઘણા વર્ષની વાત છે. ૬૪ની વાત હશે. સંવત્ ૬૪. સાધુને મળવા માટે ગયેલા. ત્યારે તો આમાં હતાને સ્થાનકવાસી સાધુને માનતાને અમારા પિતાજી. સાધુ આવેલા ભરૂચ પાલેજમાં મારી દુકાન પ્રસિદ્ધ ખરીને .. માણસ .. અને હું પહેલેથી ભગત કહેવાતો. એવું હોય તો જાય. પછી સાધુનો.. ગામમાં જોયા અપાસરામાં. પણ ન મળ્યા પછી ત્યાં ..ની સામે ધર્મશાળા ત્યાં હતા. આ ન મળ્યા તો આવ્યા પછી ભાઈ ચાલો કીધું નાટક જોઈએ. એમાં મીરાંબાઈનું નાટક. મારા એવું બતાવતા. મીરાં પરણે છે રાણાને. રાણો કહે છે એય..! મીરાં! મારા ઘરમાં આવ હવે. તને પટરાણી બનાવું. મીરાં કહે છે હે રાણા! 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' મને ગાંડી કહે ન કહે પણ હું તો ગાંડી થઈ ગઈ છું. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' હવે મારે પતિ રાણોને એ મારે હવે ન હોય હોં કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું કરતા. આ તો અત્યારે ગપ મારે છે. આ શું કહેવાય તમારે ફિલ્મો. અરર..! વ્યભિચાર. આમ એક બાઈ આમ જોવે અને એક હાથ નાખે. અરર..! સજ્જનતા છે? આવા નાટક? ઓલા તો વૈરાગ્યની ધૂન ચાલે. સાંભળીને ધૂન ચડી ગઈ હોય સવાર સુધી ઉંઘ ન આવે. ઉંઘ ન આવે એવું આ. તે દિ' ૬૪ની વાત છે. આહા..હા..! 'પરણી મારા પીયુજીની સાથ' એણે માનેલો ઈશ્વર. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' મીંઢોળ નહિ આ બાંધે છેને? ઓલા લાકડા બાંધે છેને પરણે ત્યારે. કંકળ. લાકડા છેને. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' એમ સમકિતી કહે છે લગની લાગી મને આત્માની સાથ એ પુણ્ય-પાપના ભેદ હવે નહિ રહે માનું. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું, બાપા!

ઈ અહીં કહે છે. આહા..હા..! **'તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.'** .. એને પુણ્યને ઠીક અને પાપને અઠીક માનતા હતા. અમારું પાગલપણું ગયું છે હવે હોં. આહા..હા..! અમે તો આત્મા ચૈતન્યમૂર્તિ છીએ. તમે માનો, ન માનો એથી કાંઈ વસ્તુ બદલી જાતી નથી. કહે છે કે બે પ્રકારનું કર્મ જે અજ્ઞાનમાં. અજ્ઞાનમાં દેખાતું હતું તેને અમે જ્ઞાને એકરૂપે જાણી લીધું. અબંધસ્વરૂપી ભગવાન ભિન્ન. અબદ્ધ છેને? ૧૪-૧૫મી ગાથા. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** ... ભગવાન અબદ્ધસ્વરૂપે દૃષ્ટિમાં, જ્ઞાનમાં જણાણો ત્યારે પુણ્ય અને પાપ બે બંધભાવે, એકભાવે, બંધભાવે જણાણા. પંડિતજી! આવી વસ્તુ છે, ભગવાન! તારા પાસે છો, તું એવો છો, નાથ! તને ખબર નથી. તારા માહાત્મ્યની તને ખબર નથી, ભાઈ! તું બીજે (રસ્તે) ચડી ગયો અત્યારે. આહા..હા..!

**'તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.'** હું તો અબંધસ્વરૂપ આત્મા છું અને પુણ્ય અને પાપના ભાવબંધ એ એક જ પ્રકારના બંધ છે. અહીં અબદ્ધ ને બદ્ધ બે પ્રકાર છે. એમ

ચોથે ગુણસ્થાને... પ્રકાશજી! ગુજરાતી છે. હિન્દીમાં બરાબર ભાષા નથી આવતી. જેવી ગુજરાતીમાં ચાલી આવેને. લઈએ બહાર નીકળીએ ત્યારે હિન્દી થાય છે. પણ આ હવે ગુજરાતી ચાલતી હોય છે. આહા..હા..! અમે એક પ્રકારે જ્ઞાનને જુદું જાણ્યું. એથી વિકારના ભાવને, પુણ્ય-પાપને બેને એક રીતે જાણ્યું અમે. બે ભાગલા હવે અમે પાડતા નથી.

**'જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી...'** આહા..હા..! જ્ઞાનમાં ભ્રમણા જે હતી, મોહ એટલે પરમાં સાવધાની એકતાની જે મોહદશા હતી **'તે દૂર કરવામાં આવી...'** છે. એ નાસ્તિથી તો વાત થાયને. આ દૂર થઈ જાય છે. સ્વભાવની અંતર એકાગ્રતા થતાં મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી એને દૂર કર્યું એમ કહેવામાં આવે છે. આ મિથ્યાત્વ છે એને દૂર કરું એમ છે? સમજાણું કાંઈ? વાતે વાતે ફેર .. જ્ઞાનીને. બહુ ફેર છે, ભાઈ! એય..! નિશ્ચયની. ઓલું પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે દુનિયા જ્ઞાનીને પાગલ માને છે. જ્ઞાની જગતને પાગલ માને છે. બે વાત લીધી. પરમાત્મપ્રકાશ યોગીન્દ્રદેવ. છે. આ પરમાત્મપ્રકાશ. સમજાણું? એય..! પરમાત્મપ્રકાશ. એય..! ..જી! કોણ છે પરમાત્મપ્રકાશ?

મુમુક્ષુ :- જયપુરમાં રહે છે.

ઉત્તર :- જયપુરમાં રહે છે પણ તમારા ભાઈ છેને એ પ્રકાશ...

મુમુક્ષુ :- .. પહેલા મારા કાકા નથી ચાચાજી છે.

ઉત્તર :- કાકા કહે છે હોં. અમારા દેશમાં કાકા કહે છે, ભાઈ! પિતાજીના નાના ભાઈને કાકા કહે છે. આહા..હા..! આ મુંબઈમાં નોકરને કાકા કહે. નહિ? હા ખબર છેને. નોકરને કાકા કહે. ખબર છે કે નહિ? આહા..હા..!

એ ત્યારે યથાર્થ જ્ઞાન થયું. શું કહે છે? મિથ્યાત્વનો ભ્રમ નાશ થયો ત્યારે યથાર્થ જ્ઞાન થયું. **'જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે...'** ધુમ્મસ ચડેને ધુમ્મસ. **'ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી...'** ત્યારે ઝીણો ઝીણો પ્રકાશ દેખાતો નથી. પરંતુ યથાર્થ પ્રકાશ દેખાતો નથી. સાધારણ ઝાંય દેખાય એમ નહિ. યથાર્થ પ્રકાશ દેખાતો નથી. **'પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું.'** લ્યો! આહા..હા..! એ ભ્રમણા પુણ્ય સારા અને શુભભાવ અને અશુભ ખરાબ. એમાં ભગવાન ભાળતો નહોતો. એ ભ્રમણાની આડમાં પ્રભુ દેખાતો નહોતો. એ ભ્રમણાની આડ તોડતા ભગવાન દેખાણો. આ તો ચૈતન્ય મૂર્તિ પ્રકાશનો કંદ છે. એમાં તો વિકાર-ફિકાર છે નહિ. એમ સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાન શરૂઆતની વાત છે આ.

## શ્લોક-૧૦૧

(मन्दाक्रान्ता)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।

હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— (શૂદ્રાણીના એકસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો). [एकः] એક તો [ब्राह्मणत्व-अभिमानात्] 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે [मदिरां] મદિરાને [दूरात्] દૂરથી જ [त्यजति] છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી; [अन्यः] બીજો [अहम् स्वयम् शूद्रः इति] 'હું પોતે શૂદ્ર છું' એમ માનીને [तया एव] મદિરાથી જ [नित्यं] નિત્ય [स्नाति] સ્નાન કરે છે અર્થાત્ તેને પવિત્ર ગણે છે. [एतौ द्वौ अपि] આ બન્ને પુત્રો [शूद्रिकायाः उदरात् युगपत् निर्गतो ] શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી [साक्षात् शूद्रौ] (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, [अपि च] તોપણ [जातिभेद-भ्रमेण] જાતિભેદના ભ્રમ સહિત [चरतः] તેઓ પ્રવર્તે છે-આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું).

ભાવાર્થ :— પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે. વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ એમ બે પ્રકારે તેઓ દેખાય છે. પરમાર્થદૃષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે. ૧૦૧.

## કળશ-૧૦૧ ઉપર પ્રવચન

'હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :—'

(मन्दाक्रान्ता)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।

આહા..હા..! સંતોના રામબાણ છે. કહે છે '**(શૂદ્રાણીના એકસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો...**' મોટો થયો. '**અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો). એક તો 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે...**' અભિમાન છે હોં. બ્રાહ્મણ છે નહિ એ. આહા..હા..! શુદ્રના પેટનો છે. પણ બ્રાહ્મણના અભિમાન આગળ હું બ્રાહ્મણ છું એવા અભિમાનને લીધે. '**મદિરાને દૂરથી જ છોડે છે...**' આહા..હા..! મદિરા અમને ખપે નહિ. દારૂ અમારે ખપે નહિ. ... તેમ બ્રાહ્મણના અભિમાનને લઈને એ કહે છે. મૂળ કાંઈ બ્રાહ્મણ નથી. એ તો શુદ્રાણીના પેટથી જન્મેલો છે. '**સ્પર્શતો પણ નથી;...**' '**त्यजति**' '**છોડે છે...**' દારૂ. '**બીજો 'હું પોતે શૂદ્ર છું' એમ માનીને મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...**' એ કહે છે કે મદિરાવાળા હાથ હોય તોપણ એને કાંઈ એમને એમ ખાવા બેસી જાય. એમ સ્નાન તો ક્યાં કરે છે. મદિરાવાળા હાથ હોય તોપણ ખાવા બેસી જાય. .. સ્નાન કરે તો ઠીક એવું કાંઈ છે નહિ. એમ કહે છે. આહા..હા..!

'**મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...**' '**આ બન્ને પુત્રો...**' '**शूद्रिकायाः उदरात् युगपत् निर्गतो**' '**શૂદ્રાણીના ઉદરથી એકીસાથે...**' પાછા એમ. આઘા-પાછા એમ નહિ. આવે છેને અત્યારે બબ્બે છોકરા સાથે આવે છે. બે-બે, ત્રણ-ત્રણ સાથે આવે છે. કુતરીને ઘણા એક સાથે આવે છે. '**શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી...**' '**साक्षात् शूद्रौ**' '**(પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, તોપણ...**' '**जातिभेद-भ्रमेण**' '**જાતિભેદના ભ્રમ સહિત...**' ઓલો કહે છે બ્રાહ્મણ છું અને ઓલો કહે છે કે ચંડાળ છું. '**તેઓ...**' '**चरतः**' '**પ્રવર્તે છે-આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું).**' એટલે શું? આનો ખુલાસો બહુ સારો કર્યો છે. કળશટીકા છેને. રાજમલ ટીકા. રાજમલ ટીકા છેને.

શુભભાવવાળો કહે છે અમારે આ અશુભ ખપે નહિ, જૂઠું બોલવું ખપે નહિ, હિંસા કરવી ખપે નહિ, ચોરી કરવી ખપે નહિ. એમ ઓલો બ્રાહ્મણ જેમ કહે મદિરા અમને ખપે નહિ, એમ આ શુભભાવવાળો કહે છે કે અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ, પણ તારો શુભભાવ જ ચંડાળ છે સાંભળને હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ખુલાસો સારો કર્યો છે. અને અશુભભાવ ગૃહસ્થ એમ કહે છે કે અમારે તો વિષય અને કષાય ખપે. અમારે કાંઈ વાંધો નથી. ગૃહસ્થાશ્રમમાં રહેલા અજ્ઞાની એને એમ છે અમારે તો વિષય-કષાય

હોય ગૃહસ્થી છીએને અમારે તો વિષય-કષાય હોય. અને મુનિ થયેલો કહે છે કે અમારે વિષય-કષાય ન હોય. પણ છે ઓલો શુભભાવ. અમે વિષય-કષાયના ત્યાગી છીએ. પણ છે તારો એ શુભભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કળશટીકા છેને?

'**હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અશુભપયોગી છે, ગૃહસ્થક્રિયામાં** રત **છે—અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે એવું જાણીને વિષય-કષાય સેવે છે તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે,...**' સમજાણું? અને આગળ છે. બ્રાહ્મણ છેને? '**ब्राह्मणत्वाभिमानात्**' '**યતિક્રિયામાં મગ્ન થતો થકો**—' '**તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી જીવ...**' સાધુની ક્રિયામાં, રાગની ક્રિયામાં, પંચ મહાવ્રતની ક્રિયામાં રત હતો થતો શુદ્ધોપયોગને જાણતો નથી. '**કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...**' સમજાણું? '**એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે,...**' રાજમલ ટીકા છે. બહુ સારી ટીકા છે. એમાંથી નાટક લીધું છે. સમયસાર નાટક આમાંથી બનાવ્યું છે. આમાંથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આત્મા ભાઈ હોં!

ઓલો બ્રાહ્મણ કહે છે કે અમારે મદિરા ખપે નહિ, એમ આ સાધુ થઈને વ્રતના પરિણામ રાખે છે એ અમારે આ વિષય-કષાય નહિ, બાયડી નહિ, પૈસા નહિ, આ નહિ. એકલો શુભરાગ અનુભવ તો દૃષ્ટિ નથી. શુભાશુભ પરિણામથી ભિન્ન એવું સમ્યગ્દર્શન તો નથી. એથી શુભભાવ વડે તને આ ન ખપે, આ ન ખપે એ પણ ચંડાળણીના પેટથી ઉત્પન્ન થયેલો અશુભભાવ છે. આહા..હા..! આકરું લાગે જગતને હોં. બિચારા પાળતા હોય કાંઈક. વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, આખી જીંદગીનું બાળબ્રહ્મચારી હોય. એ ચીજ શું છે? એ તો શુભભાવ છે. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન, પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન એના અંતરના ભાન વિના એ કર્તાબુદ્ધિ મટે નહિ અને રાગને પોતાનો માન્યા વિના રહે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તેથી કર્તાકર્મ પછી આ લીધું છેને? તેથી આ લીધું છે. જેને રાગ શુભભાવનો કર્તા છે એ અશુભભાવ મારે ન હોય... ન હોય... ન હોય... એમ કરીને શુભભાવ કરે છે. એ મિથ્યાદૃષ્ટિ છે. શેઠ! આ આકરું કામ છે. આહા..હા..! લોકોને એવું લાગે બિચારાને. સોનગઢના નામે માને પછી બોલે બિચારા. ભાઈ અમે ક્યાં? આ તો ભગવાન કહે છે કે નહિ? એય..! મુલચંદજી! હિન્દીમાં જી બોલે બધાને. આહા..હા..!

કહે છે શુભભાવનો કરનારો અમારે વિષય-કષાય ખપે નહિ, આ ન ખપે... આ ન ખપે... પણ એ ન ખપે, ન ખપે એવો જે વિકલ્પ છે એ શુભ છે, એ રાગ છે. વિકલ્પનું ઉત્પન્ન થવું તે રાગ છે. ઈ ક્યાં તારો ધર્મ છે? આહા..હા..! ત્યારે ગૃહસ્થને ઓલો કહે અમારે વિષય વાંધો નહિ. એ મૂઢ છે. વિષય-કષાયનો ભાવ અશુભ છે. એ અમારે વાંધો નહિ. બંને એક જાતના છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈક થોડા ટકા છે.

ઉત્તર :- બંધમાં અંશે ટકા છે નહિ. વ્યવહારથી ફેર ઘણો પુણ્ય-પાપ કહો. નિશ્ચયના સમ્યગ્દર્શનમાં ફેર કાંઈ નથી. આહા..હા..!

અરે..! કુંદકુંદાચાર્યે કહ્યું છે મુળાચારમાં હોં. મુળાચારમાં. પ્રભુ! મારા દર્શનને તું કુલિંગ ગણાવે છો. મિથ્યાત્વસહિત આચરણ કુલિંગ છે બધું. પ્રભુ! એને મુશ્કેલ પડશે માનવું, છોડવું. એમ લખ્યું છે હોં મુળાચાર છેને? મારા દુશ્મનને પણ પ્રભુ! કુલિંગ ન હો. એમ લખ્યું છે. કારણ કે દ્રવ્યલિંગ લઈને પડ્યા પણ અંદરમાં દૃષ્ટિની ખબર છે નહિ. સમ્યગ્દર્શન નથી એટલે એને એ વાત ભારે મુશ્કેલ પડશે. માથે બોજો સહન કેમ કરવું? આ પૂરું કેમ પાડવું બહારમાં હવે મરતા સુધી? આહા..હા..! એને માથે બોજો પડી જાય છે. સમ્યગ્દર્શન જ્યારે અંતરમાં ભાન થાય ત્યારે પુણ્ય-પાપને બેયનો બોજો મારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માથે કહ્યુંને? એની ઉપમા આપી છેને? એ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું એમ છેને? અશુભવાળો કહે આ મારે ખપે, શુભવાળો કહે મારે આ ન ખપે. એમ બે ભાવ તો વિભાવ છે. આહા..હા..! અમારા માટે કરેલા આહાર-પાણી ન ખપે અમારે. એ ભાવ પણ શુભ છે. અભિમાન છે તને આ ન ખપે. આહાર મને ન હોય. અમે ન લઈએ એ તને શુભભાવ છે. સમ્યગ્દષ્ટિનું ભાન નથી. લેવા-દેવાનો વિકલ્પ પણ મારી ચીજ નથી. સમજાણું કાંઈ? ઓલો કહે મારે વાંધો નહિ. જુઓ, એય..! શ્વેતાંબરમાં તો એમ જ કહે છે કે દ્રવ્યાનુયોગનું જેને જ્ઞાન હોય સાધુના આધાકર્મીનો દોષ ન લાગે. લ્યો! એવી વાત છે. શ્વેતાંબરમાં ભાઈ એમ આવે છે. દ્રવ્યાનુયોગનું જેને જ્ઞાન હોય મુનિને. પણ મુનિ એટલે સમકિતીને હોય જ તે એમાં શું? જેને દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય તેને માટે ભોજન કર્યું હોય એને દોષ ન લાગે એમ કહે છે. આહા..હા..! આવી કાંઈ વાત છે?

મુમુક્ષુ :- દોષથી ગુણ થઈ જશે.

ઉત્તર :- એમ કહે છે. આમ વિવેક પ્રગટ્યો છેને દ્રવ્યાનુયોગથી. ધારણા હોં. સાચો ક્યાં છે ત્યાં? ધારણાનો પ્રગટ્યો એમાં વસ્તુ ક્યાં રહી? આહા..હા..! રાગ અને સ્વભાવથી ભિન્નતા, ભાનતા જે થાય એનું નામ સાચું તત્ત્વજ્ઞાન અને દ્રવ્યાનુયોગનું જ્ઞાન કહેવાય. મુનિ હોય તો એને માટે કરેલા આહાર-પાણી (લે નહિ). મુનિ ત્રણ કષાયનો અભાવ. એક ક્ષણમાં

હજારોવાર અંતર્મુખમાં છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું આવે. સાચા સંત કોને કહે? સમજાય છે કાંઈ? જેને માટે કરેલા આહાર બનાવેલો પ્રાણ જાય તોપણ ન લે. સમજાણું કાંઈ? અંતરના ભાનના અનુભવસહિતની વાત છે. એકલા ન લે આના માટે કરેલા એ પણ શુભભાવમાં જાય છે. સમ્યગ્દર્શન વિના. એનો ભાવાર્થ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧૩, મંગળવાર, તા. ૦૨-૦૧-૧૯૭૩
## કળશ-૧૦૧, ગાથા-૧૪૫, પ્રવચન-૨૭૨

(કલશ-૧૦૧) ચાલે છે.

'**ભાવાર્થ :— પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે.**' શું કહે છે? કે આ આત્મા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં જે શુભ અને અશુભભાવ ઉત્પન્ન થાય એ બધા વિભાવરૂપ છે. વિકારરૂપ છે. બંધ પરિણામરૂપ છે. બંને બંધરૂપ છે. જેઠાભાઈ! આ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો ભાવ એ બંધરૂપ છે.

મુમુક્ષુ :- આચાર્ય તો એને કુશીલ કહે છે.

ઉત્તર :- કુશીલ છેને. એનો જ અર્થ છે આ. આગળ આવશે. કુશીલ છે એ તો. આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી ચીજ એને છોડીને જે શુભભાવ અને અશુભભાવ થયા. લ્યો એ આવ્યું. ઓલો તમારો છોડ્યો નથી. એ આવી ગયું. એવો શબ્દ આવી જાય ક્યાંક. સમજાય છે કાંઈ? આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડ અભેદ ધ્રુવ ચૈતન્ય મૂર્તિ એ આત્મા. એમાં શુભ અને અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, રતિ, અરતિ, ... એ પરિણામ અશુભ છે. અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય, પંચ મહાવ્રતના પરિણામ, ભક્તિ પૂજા, દાન, દયા એ ભાવ પણ શુભ છે. બેય વિભાવ અને વિકાર છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર વાંચવા અને સાંભળવા?

ઉત્તર :- એ જરી આકરું પડે. શાસ્ત્ર સાંભળવામાં વિકલ્પ ઉઠે એ પણ શુભ છે, એ વિભાવ છે. એવી વાત છે ઝીણી ભગવાન! જેટલી વૃત્તિઓ અરે..! ગુણ-ગુણીનો ભેદ.

ગુણી ભગવાન અનંતગુણનો પિંડ અને એમાં અનંતગુણ છે એમ ભેદનો જે વિકલ્પ ઉઠે એ પણ શુભ અને પુણ્ય છે. એ વિભાવ છે. નિશ્ચયથી અધર્મ છે. આકરું ન લાગે? વસ્તુ તો એમ છે, ભાઈ! શું થાય? નિશ્ચય કહીને એમ કહેવું પડ્યુંને? વસ્તુ તો વસ્તુ છે. નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી ભરેલું, આનંદથી ભરચક ભરેલું એ તત્ત્વને આત્મા કહીએ. એમાં જેટલા શુભ અને અશુભભાવ થાય એ બંને વિભાવ પરિણતિ. વિભાવ-અધર્મ પરિણતિ બેય છે. એય..! મૂળચંદભાઈ! શું થાય? ચૈતન્યની વસ્તુ પરમાર્થ કોણ છે એની ખબર ન મળે, એની દૃષ્ટિ નહિ અને આ બધું બહારથી માનીને બેસે. કહે છે કે એ ઉપજ્યા હોવાથી બંને બંધરૂપ છે. એ તો વિકારની દશાથી ઉત્પન્ન થયેલા ભાવ છે. એ ક્યાં આત્માના સ્વભાવથી ઉત્પન્ન થયેલો ભાવ છે?

'**વ્યવહારદૃષ્ટિએ...**' અજ્ઞાનીની પર્યાયબુદ્ધિએ પુણ્યની ભ્રમ દૃષ્ટિએ એટલે કે મિથ્યાદૃષ્ટિએ '**તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...**' બ્રાહ્મણની .. દારૂ ન પીવો એવી પ્રવૃત્તિ ભાસવાથી, પણ છે તો એ ચંડાળણીનો જ પુત્ર. અને ચંડાળને ઘરે રહ્યો એ દારૂ આદિમાં હાથ ધોવે અથવા હાથ ધોઈને ન ખાય, એ તો ચોપડે શરીરને તોપણ. એ બેય પ્રવૃત્તિ. એમ સંસારમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, રળવું, કમાવું એવા ભાવની પ્રવૃત્તિ અને એક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિને છોડીને શુભભાવની પ્રવૃત્તિ બેય તો બંધનું જ કારણ છે. પણ મિથ્યાદૃષ્ટિને, વ્યવહારદૃષ્ટિએ એટલે કે ભેદદૃષ્ટિ જેની છે. જેને અભેદ ભગવાન અખંડ આનંદસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યો નથી. એની દૃષ્ટિ પુણ્ય અને પાપ ઉપર પડી છે.

એથી '**વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...**' ભ્રમણા અજ્ઞાનને લીધે. '**તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...**' એકલા દયા, દાનના પરિણામને જાણે આહા..હા..! મંદિરો કરાવે, ભક્તિ કરે, ધૂન ચલાવે. એક સંસારના પાપ કરે. પ્રવૃત્તિ જુદી દેખીને ભ્રમણામાં અજ્ઞાનીને એક સારું અને એક ખરાબ બે ભાસે છે. સમજાણું કાંઈ? '**એમ બે પ્રકારે તેઓ દેખાય છે.**' કોને? વ્યવહારદૃષ્ટિએ વર્તમાન પુણ્ય પરિણામ ઉપર જેની દૃષ્ટિ પડી છે એને ઓલું પાપ છોડ્યું અને પુણ્ય આવ્યું શુભભાવ. એથી એને એમ લાગે છે કે કાંઈક મારામાં ભેદ પડ્યો. કાંઈક હું સુધર્યો છું. આકરું લાગે હોં માણસને.

મુમુક્ષુ :- પુણ્યશાળી કહેવાય.

ઉત્તર :- પુણ્યશાળી એટલે શું? એ તો બહારની વાતની વાત છે. આ તો પૂર્વનું પુણ્ય હોયને એને લઈને આ પૈસા-બૈસા મળે ધૂળ. એને પુણ્યશાળી કહેવાય કે આ નવનીતભાઈ પુણ્યશાળી, આ ગોદિકા પુણ્યશાળી એમ કહેને. લોકો કહે ગાંડા-પાગલ.

મુમુક્ષુ :- પણ કાંઈ પુણ્યશાળી એ ધર્મશાળી થઈ જાય?

ઉત્તર :- પણ એ લોકો એના વખાણ કરે છે કે આની પાસે કરોડ રૂપિયા છે અને આની પાસે...

મુમુક્ષુ :- એને ક્યાં કરે છે? રૂપિયાને કરે છે.

ઉત્તર :- એ એને રૂપિયાનો પ્રેમ છે એ ઓલાના વખાણ કરે છે એમ છે. એને પોતાને પ્રેમ છે એના એ વખાણ કરે છે. એય..! પોપટભાઈ! હા કોક તો તમારે માટે બહુ કહેતું હતું લ્યો. બે કરોડ, ત્રણ કરોડ. ભાઈ! કોણ જાણે આપણે સાંભળ્યા નથી હોં એ કહું છું લ્યો. એવી વાતું કરે લોકો. હવે દસ કરોડ હોય તોપણ એમાં આત્માને શું? એ તો જડ છે. એ જડના થઈને રહ્યા છે. કાંઈ આત્માના થઈને રહ્યા છે? આત્મામાં તો એનો ચાર ચતુષ્ટયનો અભાવ છે. રજકણોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભગવાન આત્મામાં તો અભાવ છે. અરે..! રાગમાં પણ એનો અભાવ છે. અને રાગનો આત્મામાં અભાવ છે. આ શુભરાગ હોં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પંચ મહાવ્રતના પરિણામ. આહા..હા..! ઓલામાં તો એણે ચોખ્ખું કર્યું છે દીપચંદજીએ. આત્માવલોકન. ત્યાં તો ચોખ્ખું કહ્યું છે કે એ બેય અધર્મ છે. દીપચંદજી.

મુમુક્ષુ :- ... અશરણ લીધું છે.

ઉત્તર :- અશરણ લીધું છે. છેને. અહીં પુસ્તક બધા છે. શ્રાવકને જેટલી શુદ્ધતાની પરિણતિ દ્રવ્યને આશ્રયે પ્રગટી એટલો ધર્મ. જેટલો પરને આશ્રયે વ્રતાદિના વિકલ્પ એ બધો અધર્મ છે. મીઠી ભાષાએ કહીએ તો એ પુણ્ય છે.

મુમુક્ષુ :- પણ મીઠી વાતમાં ભરમાય જાય છે.

ઉત્તર :- ભરમાય ન જાય તો શું થાય? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને વીતરાગમાર્ગ. અખંડ શુદ્ધ ચૈતન્યઘન આનંદનું ધામ 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ. બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આ વાત છે, ભાઈ! એને છોડીને જેટલા શુભ અને અશુભભાવ થાય એ અજ્ઞાનીને એમાં ભેદ દેખાય છે કહે છે.

**'બે પ્રકારે તેઓ દેખાય છે.'** કોને? અજ્ઞાનીને. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! વાત બહુ રુચવી કઠણ પડે એવી છે નાથ! એ વસ્તુ એવી છે. આહા..હા..! નાથ એટલે રાગનો રક્ષક જીવ એમ નથી. ઈ આનંદ અને શાંતિનો રક્ષક છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા કહે છે અરેરે..! આચાર્ય મહારાજ કહે છે કે વ્યવહાર દૃષ્ટિવંતને. જેને વ્યવહાર વ્હાલો છે એને એ દૃષ્ટિમાં બે આમ દેખાય છે. એક પાપ અને પુણ્ય. પણ બે નથી. બધું એક જ વિભાવ જ છે. વજુભાઈ! લ્યો આ પુણ્યશાળી છે કહે. એ વળી. અહીં પુણ્યશાળી કરોડોપતિ ઘણા છે આમાં. કોના હતા કરોડ? તે જડના? અજીવનો સ્વામી જીવ? ભેંસનો સ્વામી પાડો હોય. એમ અજીવનો સ્વામી થાય એ અજીવ હોય. નિર્જરા અધિકારમાં છે

એ. આ બધા શબ્દો શાસ્ત્રમાં બધા પડ્યા છે. નિર્જરા અધિકારમાં. જુઓ, પરને મારા માનું તો હું અજીવ થઈ જાવ. નિર્જરા અધિકારમાં છે. આમાં તો દરિયો ભર્યો છે સમયસારનો તો. એક-એક પદે અને એક-એક શબ્દે એવે કોઈ મોખરે સમયસાર રચાઈ ગયું છે. ગજબ છે. કેવળજ્ઞાનીનો આખો ફાળ રોપાણો છે. આહા..હા..!

કહે છે, ભાઈ! એ શુભ અને અશુભભાવ થાય, મહાવ્રતનો ભાવ શુભ છે અને અવ્રતનો ભાવ અશુભ છે. બેય પુણ્ય-પાપ વિભાવ પરિણતિથી ઉત્પન્ન થયેલા છે. વ્યવહાર દૃષ્ટિને ભ્રમને લીધે પ્રવૃત્તિમાં પરિણામ, પ્રવૃત્તિ આમ દેખાય બહારની અને પરિણામ ફેર છે. એમ અજ્ઞાનીને ભાસે છે.

'**પરમાર્થદૃષ્ટિ તો...**' સાચી, સત્ય દૃષ્ટિ તો સમ્યગ્દૃષ્ટિ તો '**તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે.**' ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ, અબદ્ધસ્પૃષ્ટ આવે છેને? અબદ્ધ ૧૪-૧૫ બે. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं। पस्सदि जिणसासणं सव्वं**' આમ જે આત્માને જોવે એણે આખા જૈન શાસનને જોયું. સમજાણું કાંઈ? ૧૫મી ગાથા. જેણે ભગવાન આત્માને રાગ અને કર્મના સંબંધ વિનાનો અબદ્ધ જોયો, જાણ્યો, માન્યો દૃષ્ટિમાં. સામાન્યપણે જેને જોયો. અબદ્ધસ્પૃષ્ટ અનન્ય. અનેરા-અનેરાપણે નહિ એ રીતે જેણે આત્માને જોયો અંદર. અસંયુક્ત. પુણ્ય-પાપના ભાવરહિત અને સુખ-દુઃખની કલ્પનાના ભાવથી રહિત એવો જે ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં જે જોવામાં આવ્યો માનવામાં. એણે જૈનશાસન આખું જોયું. સમજાણું કાંઈ? પરમાર્થદૃષ્ટિ કીધી છેને આ આહા..હા..!

મુમુક્ષુ :- .. પુણ્ય અને પાપ એ શું?

ઉત્તર :- પુણ્ય અને પાપ બેય છે. અનુભવપ્રકાશમાં બેય લીધું છે. પાપને તો પાપ આખી દુનિયા કહે, પણ અનુભવીજન તો પુણ્યને પાપ કહે છે. અને ટીકામાં છે ભાઈ આપણા. સમયસાર પુણ્ય-પાપ છેલ્લે. છેલ્લે વ્યવહારરત્નત્રયને પાપ કહ્યું છે. સમજાણું? આ બધા ... છેને. આ છેને સંસ્કૃત છે. જયસેનાચાર્યનું. જયસેનાચાર્યનું છે. કેટલામું છેલ્લું. છેલ્લું પુણ્ય-પાપનું છેલ્લું. છેલ્લો છે છેલ્લો. એ બધી ચર્ચા થઈ ગયેલી છે. જુઓ, '**यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परंपरया जीवस्य पवित्रताकारणत्वात् पवित्रः**' વ્યવહારથી કહેવામાં આવે છે. સંસ્કૃત છે જયસેનાચાર્યનું. પરંપરા પવિત્ર વ્યવહારથી. તથાપિ વ્યવહાર મોક્ષમાર્ગમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ, શાસ્ત્રના ભણવાના વિકલ્પનો ભાવ ... એ બહિર્દ્રવ્યને આલંબને વિકલ્પ છે ઈ. '**निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबने स्वरूपात्पतितं भवतीति द्वितीय कारणम् तथापि बहिर्द्रव्यलंबनत्वेन पराधीनत्वात्पति निश्चयतित्येकं कारणम्।**' તે પરાધીન થઈને સ્વરૂપથી પતીત થાય છે. ... બીજું. ... ... વ્યવહાર મોક્ષમાર્ગ '**इति निश्चयनयापेक्षया पापम्**' નિશ્ચયથી પાપ છે

એમ કહે છે.

મુમુક્ષુ :- એ ધર્મી જીવને મોક્ષમાર્ગ

ઉત્તર :- ધર્મીને. ઓલાને હતો કે દિ'? ઓલાની વાત જ ક્યાં છે? અજ્ઞાની વાત આ છે ક્યાં? મિથ્યાદષ્ટિને વ્યવહાર કેવો? નિશ્ચય અને વ્યવહાર તો સમકિતીને હોય છે. એય..! આહા..હા..!

અહીં જયસેનાચાર્ય મહારાજ. જુઓ, અહીં તો ઘણા ચિહ્ન કરીને પહેલેથી આ તો ઘણા વર્ષોથી છેને. બે ચિહ્ન કર્યા છે. આ તો ઘણા વર્ષથી વંચાય છે. ૫૧ વર્ષથી ચાલે છે આ. નિશ્ચયનય અપેક્ષાએ પાપ. શું? વ્યવહાર મોક્ષમાર્ગ જે બે મોક્ષમાર્ગ, બે મોક્ષમાર્ગ કહે છેને. એ ભ્રમમાં પડ્યા છે અજ્ઞાની. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના, બાર વ્રતના વિકલ્પનો રાગ અને શાસ્ત્રના તરફ, શાસ્ત્ર પરવસ્તુ છે. એના તરફના ભણવાના વિકલ્પનો રાગ એ વ્યવહાર મોક્ષમાર્ગ તે પાપ છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પાપ છે. વ્યવહાર ક્રિયા

ઉત્તર :- વ્યવહાર ક્રિયા.. ભાષા વ્યવહારથી. કથન છે એ તો માત્ર નિરૂપણ કથન છે. મોક્ષમાર્ગ બે-બે છે નહિ. આહા..હા..! આકરી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! જન્મ-મરણરહિત થવાના ઉપાય તો ભગવાન! બીજા જ હોયને ભાઈ! એ રાગ તો કુશીલ છે એમ કહે છેને? કુશીલ છે. એ સંસારમાં પ્રવેશ કરાવે એને સુશીલ કેમ કહેવાય? આહા..હા..! જુઓ, પાઠ જ છે. ૧૪૫ ગાથા.

**कम्मममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।**

આહા..હા..! ભારે કામ આકરું પણ. વ્યવહાર દષ્ટિવાળો એમ માને મિથ્યાદષ્ટિ મૂઢ. એ કાંઈ જૈન નથી. અજૈન એમ માને. સમજાણું કાંઈ?

'**પરમાર્થદષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ...**' ત્રણ શબ્દ વાપર્યા છે. (જયચંદજી) પંડિતે હોં. એકરૂપ—શુભ અને અશુભભાવ એકરૂપ, બંધરૂપ જ. પાછો હોં બેય એક. '**એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે.**' આહા..હા..! વસ્તુ તો એમ જ છે. આજ માને, કાલ માને, ગમે ત્યારે માને, પણ આ માન્યે, અનુભવ કર્યે છૂટકો છે એને. એને આત્માને આશ્રયે અનુભવ (થાય) અને રાગાદિ પર છે. એવું જ્યાં સુધી દષ્ટિમાં ન લે, અનુભવમાં ન લે રખડવાનો છે ચાર ગતિમાં. બહારમાં ભલે એમ કહે કે ઓહો..હો..! આ તો સાધુ થયો તો મોક્ષ જશે. સમજાણું કાંઈ? જેનો વ્યવહાર સારો છે એની વાત છે હોં આ. જેનો વ્યવહાર જ ખરાબ છે એને તો નિશ્ચય હોતો નથી. પણ નિશ્ચય જેને છે એનો જેને વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ સારો છે. એને

સારો માનવો એ મિથ્યાત્વ છે. એ જૈન નથી. એ જૈનનો ભગત નથી, એ રાગનો ભગત છે. એક માને છે. એ વાત થઈ.

## ગાથા-૧૪૫

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।
कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।
कर्म अशुभं कुशीलं शुभकर्म चापि जानीथ सुशीलम्।
कथं तद्भवति सुशीलं यत्संसारं प्रवेशयति।।१४५।।

शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति कारणभेदात्, शुभाशुभपुद्गलपरिणाममयत्वे सति स्वभावभेदात्, शुभाशुभफलपाकत्वे सत्यनुभवभेदात्, शुभाशुभमोक्षबन्धमार्गाश्रितत्वे सत्याश्रयभेदात्, चैकमपि कर्म किञ्चिच्छुभं किञ्चिदशुभमिति केषाञ्चित्किल पक्षः। स तु सप्रतिपक्षः। तथाहि-शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः, तदेकत्वे सति कारणाभेदात् एकं कर्म। शुभोऽशुभो वा पुद्गलपरिणामः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सति स्वभावाभेदादेकं कर्म। शुभोऽशुभो वा फलपाकः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सत्यनुभावाभेदादेकं कर्म। शुभाशुभौ मोक्षबन्धमार्गौ तु प्रत्येकं केवलजीवपुद्गलमयत्वादनेकौ, तदनेकत्वे सत्यपि केवल-पुद्गलमयबन्धमार्गाश्रितत्वेनाश्रयाभेदादेकं कर्म।

હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :—

છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!
તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.

ગાથાર્થ :— [अशुभं कर्म] અશુભ કર્મ [कुशीलं] કુશીલ છે (ખરાબ છે) [अपि च] અને [शुभकर्म] શુભ કર્મ [सुशीलम्] સુશીલ છે (સારું છે) એમ [जानीथ] તમે જાણો છો ! [तत्] તે [सुशीलं] સુશીલ [कथं] કેમ [भवति] હોય [यत्] કે જે [संसारं] (જીવને) સંસારમાં [प्रवेशयति] પ્રવેશ કરાવે છે ?

ટીકા :— કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદતફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે); કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ છે, કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી કર્મના અનુભવમાં (સ્વાદમાં) ભેદ છે, કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે. માટે જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે. તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :

શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદ્‌ગલ પરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય હોવાથી તેઓ અનેક (જુદાં જુદાં, બે) છે; તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથીઃ માટે કર્મ એક જ છે.

ભાવાર્થ :— કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ, મંદ કષાયથી ચિત્તની ઉજ્જ્વળતા ઇત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે થાય છે અને કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા, નિર્દયપણું, વિષયાસક્તિ, દેવ-ગુરુ- આદિ પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઇત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે; આમ હેતુનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે, શાતાવેદનીય, શુભ-આયુ, શુભનામ અને શુભગોત્રએ કર્મોના પરિણામ (પ્રકૃતિ વગેરે)માં તથા ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભ-આયુ, અશુભનામ, અશુભગોત્રએ કર્મોના પરિણામ (પ્રકૃતિ વગેરે)માં ભેદ છે; આમ સ્વભાવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે, આમ અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે (અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે) અને કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે; આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આ પ્રમાણે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને

કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.

હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે : જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે; માટે કર્મ એક જ છે. શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો સ્વભાવ એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે; માટે કર્મ એક જ છે. સુખરૂપ અને દુઃખરૂપ અનભવ બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે; માટે કર્મ એક જ છે. મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે અને બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે (અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે મોક્ષમાર્ગમાં થતાં નથી); માટે કર્મ એક જ છે.

આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો; કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે  બે નથી.

---

## ગાથા-૧૪૫ ઉપર પ્રવચન

'હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :—'

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।
कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।

એ સમ્યગ્દષ્ટિ, નિશ્ચય દષ્ટિવંતનો પણ રાગ સંસાર છે. અજ્ઞાનીની તો અહીં વાત છે નહિ. આહા..હા..! જે પડખે રાગમાં સંસાર ઉભો છે એને કેમ સારો કહેવો? જે પડખે ભગવાન ઉભો છે આત્મા સમીપમાં. દષ્ટિ, જ્ઞાન અને ચારિત્રની સમીપમાં. 'आदा खु मज्झ णाणे' એ નિયમસારમાં (ગાથા-૧૦૦) આવી ગયું છે. એ શ્વેતાંબરમાં પણ છે. બંધયોગદ્વારમાં એ શબ્દ છે. એમાં પણ કહેતા સંપ્રદાયમાં હોં. 'आदा खु मज्झ णाणे' જેની નિર્મળદશામાં ભગવાન સમીપમાં વર્તે છે. એ મોક્ષમાર્ગ છે અને રાગાદિના સમીપમાં તો પરદ્રવ્ય નિમિત્તપણે વર્તે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! .. નવમી ગ્રૈવેયક તો અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? એ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ બધા દુઃખરૂપ છે. રાગરૂપ

છે, આકુળતારૂપ છે અને દુઃખરૂપ છે. આવું કામ કર્યું છતાં આત્મ જ્ઞાન બિન એને આનંદ ન મળ્યો. એટલે દુઃખ મળ્યું. સમજાણું કાંઈ? હરિગીત નીચે.

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.**

ટીકા.

મુમુક્ષુ :- શબ્દાર્થ.

ઉત્તર :- શબ્દાર્થ લેવો છે? ઠીક. '**અશુભ કર્મ કુશીલ છે (ખરાબ છે)...**' છે કર્મની વાત હોં અહીંયાં ઓલા જડકર્મની. પણ એમાં ચારેય બોલ આવી જશે. વ્રતના પરિણામ એ બધું લઈ લેશે ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય. એ તો સંક્ષેપમાં કહ્યું છેને. ગાથામાં એટલે એનો સ્પષ્ટિકરણ કરીને શુભપરિણામ, શુભકર્મ, સંયોગી શુભ એ બધાને કર્મમાં નાખ્યા છે. સમજાણું કાંઈ? બધા. એ આવશે. ટીકામાં છે. '**કુશીલ છે (ખરાબ છે) અને શુભ કર્મ સુશીલ છે (સારું છે) એમ તમે જાણો છો!**' છેને 'जानीश' તે સુશીલ કેમ હોય? ભાઈ! સ્વભાવથી ચૈતન્ય પ્રભુ મહા શુદ્ધ સ્વભાવનો સાગર એનાથી વિરૂદ્ધભાવ એ સુશીલ કેમ હોય? '**કે જે જીવને સંસારમાં પ્રવેશ કરાવે છે.**' સંસરણ ઇતિ સંસાર. સ્વભાવમાંથી સંસર્યો છે, ખસી ગયો છે. ત્યારે એને શુભ અને અશુભભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ભાઈ આવ્યા નથી તમારે? બ્રહ્મચારી. પાલિતાણા ગયા ઠીક. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, ભાઈ! એક કર્મ કુશીલ છે અશુભ અને શુભકર્મ પુણ્ય બંધન હોં. પાઠમાં ઈ છે. શુભ સાતા બંધાય એ સુશીલ છે અને અશાતા બંધાય એ કુશીલ છે. એમ કેમ કહેવાય? પછી તો શાતાના કારણરૂપ શુભભાવ, અશાતાના કારણરૂપ અશુભભાવ બેય એક જાતના છે. એ લેશે ટીકામાં. સમજાણું કાંઈ? આરે એવું લાગે માણસને.

મુમુક્ષુ :- સુશીલ એટલે શું?

ઉત્તર :- સુશીલ એટલે કે સારો.

મુમુક્ષુ :- સારું વર્તન?

ઉત્તર :- સારું વર્તન. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભનું વર્તન એ સુશીલ. કેમ કહેવાય એને સુશીલ? પંડિતજી!

મુમુક્ષુ :- પોતે ખુલાસો ન કરતા ...એમ પૂછે છે.

ઉત્તર :- પૂછ્યું નથી. પોતે એમ કહીને કહ્યું છે એને. પૂછ્યું નથી. તને કેમ એને સુશીલ લાગે છે તને? એમ કહે છે. જેમાં સંસારભાવ ઉભો થાય ભવભાવ એને સુશીલ કેમ કહેવાય? આહા..હા..! ભવ તો કલંક છે. આહા..હા..! યોગસારમાં આવે છેને? જન્મવું એ તો કલંક છે. શરીરનો સંયોગ. આહા..હા..! ચૈતન્યના આનંદકંદની સાથે આ. એ ગધેડાના સડેલા ચામડામાં

મૈસુબને વીંટવો. ગધ્ધે હોયને? ગધ્ધે હોતા હૈ ન ગધ્ધા? ગંધ મારે, ચામડું કાપેલું હોય. મેસુબ સમજ્યા મેસુબ? મેસુબને શું કહેવાય? એક પકવાન. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી એને પકવે એને મેસુબ કહેવાય. એવો મેસુબ ગધેડાના ઓલામાં (ચામડામાં) વીંટવો. આનંદનો નાથ આવો એકલો અતીન્દ્રિય રસ ઝરે એવી ચીજ એના ચામડામાં ભેગો રાખવો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા પરિણામથી સંસાર મળે એને સુશીલ કેમ કહેવાય? જે પરિણામથી ભવ મળે, અરે..! સ્વર્ગ મળે. આકુળતાના અંગારામાં શેકાય છે. પંચાસ્તિકાયમાં કહ્યું છે. દેવો કષાયના અંગારાથી શેકાય છે. 'રાગ આગ દાહ દહે સદા' આહા..હા..! એ શુભરાગ હોય કે અશુભરાગ હોય એ અગ્નિ છે. દાહ દહે. દહે છે અંદર. આહા..હા..! બળે છે પણ એને અજ્ઞાનીને ખબર નથી. રાગની આકુળતા દુઃખ એવું અજ્ઞાનીને ભાસતું નથી. એથી કહે છે કે ભાઈ! એ શુભભાવ એને કુશીલ કેમ કહીએ? જેમાં વર્તમાન દુઃખ અને જેના ભવ તેના ફળ સંસાર. આહા..હા..! જીવને સંસારમાં દાખલ કરાવે, પ્રવેશ કરાવે છે.

ટીકા. આ કુંદકુંદાચાર્ય મહારાજના શબ્દાર્થ કર્યા ગાથાના. હવે અમૃતચંદ્રચાર્ય એની ટીકા કરે છે. જેમ ભેંસની આઉમાં દૂધ હોય. ભેંસ-ભેંસ. આઉ સમજ્યાને આઉ? દૂધ હોય દૂધ. તો બળુકી બાઈ હોય એ આમ અંગુઠો મારીને. આમ ન દોવે હોં. આમ ન દોવાય. આમ ખાડો છેને એને આમ રાખી ત્યારે એમાંથી દૂધ નીકળે. એમ આ ટીકા કરનાર આચાર્ય મૂળ ભાવમાંથી મર્મ ભર્યો છે એને તર્કના દબાણથી એને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર .. છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા. આનંદના ઝુલે ઝુલતા. એ ટીકાકાર. કુંદકુંદાચાર્ય તીર્થંકર સમાન પંચમ આરાની અંદર છે. અમૃતચંદ્રાચાર્ય એના ગણધર છે. પંચમ આરાની અપેક્ષાએ. ભગવાનની અપેક્ષા નહિ તીર્થંકર. સમજાણું કાંઈ?

એ કહે છે '**કોઈ કર્મને શુભ...**' પાઠમાં છે એનાથી બીજી વાત પહેલી ભાઈ કરે છે. પાઠ છે એ તો નિશ્ચયની વાત કરનાર છે. પણ ટીકાકારની એવી શૈલી છે કે અંદર નિશ્ચય હોય તો પહેલું વ્યવહાર કહે, જો વ્યવહાર હોય તો પહેલો નિશ્ચય કહે. એટલે છે નિશ્ચયની વાત મૂળમાં. પહેલી ટીકા વ્યવહારની કરે છે. પછી નિશ્ચય કહેશે. ગાથાનો અર્થ પછી કહેશે. '**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' અજ્ઞાનીની આ દલીલ છે. એ દલીલ ટીકાકાર પોતે મૂકે છે કે '**કોઈ કર્મને...**' કર્મ એટલે બંધાય તેને હોં ઓલું જડ બંધાય એને. પુદ્ગલ બંધાય એને. '**શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' જીવના શુભભાવ. તે કર્મ બંધાય એને કારણે. એ કર્મની પર્યાય કર્મને કારણે થાય, પણ એનું નિમિત્ત શુભ જીવ પરિણામ હોવાથી '**અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' અશાતા આદિ બંધાય. અને એ કર્મની પર્યાયની યોગ્યતાથી ત્યાં બંધાય. એમાં આત્માના પરિણામ નિમિત્ત

કહેવાય. કયા પરિણામ? અશુભ જીવ પરિણામ. '**કર્મના કારણમાં ભેદ-તફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે);...**' એમ વ્યવહારદષ્ટિવાળો આમ કહે છે. સમજાણું કાંઈ? એ પાઠમાંથી બીજી વાત કાઢી પહેલી. લોકો આમ ભ્રમણામાં પડ્યા છે એને આમ .. આ છે એ પછી કહેશે.

મુમુક્ષુ :- અજ્ઞાનીની દલીલ છે.

ઉત્તર :- અજ્ઞાનીની દલીલ છે આ. ... એક શુભભાવથી પુણ્ય બંધાય એ તો અઘાતિમાં હોય, પણ ઘાતિમાં તીર્થંકર ન હોય. ઘાતિ તો બધા પાપ જ છે. સાથે પાપ પણ બંધાય છે. શુભ પરિણામ છેને સાતા, યશોકીર્તિ. મન,.. વર્ણ, રસ, ગંધ, સ્પર્શ મળે એવા પુણ્ય પરિણામ એ પુણ્ય બંધનનું કારણ છે. સાતા આદિ .. એનું એ તો કારણ છે. તેમ અજ્ઞાનીની દલીલ છે. અશુભ પરિણામ તો અશાતા નીચગોત્ર આદિ બંધના રજકણોમાં. એના ઉપાદાનથી થાય એમાં આ નિમિત્ત છે.

'**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' છે. ઓલી પહેલી પરિણામની વાત કરી. હવે બંધન રજકણો જે છે જડ. '**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' શુભકર્મ પુદ્‌ગલ પરિણામમય. શાતા પુદ્‌ગલ કર્મ પર્યાય પરિણામમય. એ પુદ્‌ગલની પર્યાય છે શુભકર્મ '**અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય હોવાથી...**' એ પણ પુદ્‌ગલની પર્યાય છે એ. અશાતા, નીચગોત્ર, એ '**કર્મના સ્વભાવમાં ભેદ છે,...**' એ પુદ્‌ગલ પરિણામમાં બે ભેદ પડે છે. તેમ અજ્ઞાનીની દલીલ છે. એના પરિણામમાં બે ભેદ પડે છે અને કર્મમાં બે ભેદ પડે છે. બે વાત કરી. વ્યવહારદષ્ટિના પક્ષીઓ (પક્ષવાળા) આમ માને છે.

'**કોઈ કર્મનો શુભ ફળરૂપે...**' ત્રીજો બોલ. કોઈ કર્મ જે છેને? એનું શુભફળ. આમ પૈસા મળે, બાયડી મળે, છોકરા મળે, શરીર સુંદર મળે એનું ફળ શુભ છે. એ અજ્ઞાનીની દલીલ છે. પુણ્યભાવ બંધન થાય એને ફળ કેવું? બાદશાહી મળે મોટી. ખમ્મા-ખમ્મા એમ કરે લ્યો. '**કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી...**' અશુભ કર્મના વિપાક તો ચંડાળ, હલકા માણસ થાય. .. થાય. બોલે તો ન બોલ શાસ્ત્રમાં એવું આવે છે. ... મિથ્યાદષ્ટિ. સભામાં બેઠો હોય અને બોલે તો ... બોલીશ નહિ તું. આરાધક થઈને જે ભાવે બેઠા હોય .. અહીં કાંઈ બોલોમાં એમ આવે. શ્વેતાંબરમાં એમ આવે. અહીં બોલોમાં. શું છે? સમકિતી .. મિથ્યાદષ્ટિ .. એને .. .. ભાઈ! તારી ભાષા અમને ઠીક લાગતી નથી. લ્યો પુણ્ય-પાપમાં ફેર છે કે નહિ ફળમાં? પણ આ અજ્ઞાની એમ માને છે. અહીં તો એટલું કહેવું છે. આહા..હા..! શરીર સુંદરપણું મળે, કાળા કુબડાપણું, શેરડી સાઠા.. એક પુણ્યના ફળ, એક પાપના ફળ. એય..! શેઠ! એકને આરસપહાણના પથરા, છ-છ લાખના, ત્રણ-ત્રણ લાખના મકાન. એકને ખડની ઝૂંપડી પણ મળે નહિ. ખડની. ખડ

સમજાય છે? ઘાસ. એની ઝૂંપડી મળે નહિ અને એકને બંગલા ૪૦-૪૦ લાખના લ્યો. એય..! ગોવામાં છેને? ૪૦ લાખનો બંગલો. એ વાણિયો છે આપણો. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. બે અબજ ચાલીસ કરોડ. ચાલી લાખનો બંગલો છે ઈ. વાણિયો દશાશ્રીમાળી. પોપટભાઈ! ખમ્મા-ખમ્મા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! ધૂળમાંય નથી બધા શેઠ. વિષ્ટા છે. આહા..હા..! સાંભળને હવે કહે છે. તને સારું લાગે. એ ફળમાં ફેર છે અજ્ઞાની કહે છે. સમજાણું?

અને પછી ચોથો બોલ. '**કોઈ કર્મ શુભ** (સારા) **એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' લ્યો! હા, વાણી મળે બાપા! પુણ્ય કર્યા હતા તો આ મનુષ્યદેહ મળ્યો, ભગવાનની વાણી મળે. કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહ્યું સમજાણું નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે ગરીબ માણસ તો ઘણાય છે. બાયું કહેતી હતી બિચારા માંડ-માંડ ખાય.. વાત એવી છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં કાંઈ છે નહિ કહે છે. જાદુની લાકડી નથી. આ તો પરસેવો હાથમાં આવે તેથી આ લાકડી છે. આ એક લાકડી કોઈક લઈ ગયું. લાકડીમાં કાંઈ છે નહિ. ભાઈ! અમે તો ચોખ્ખું કહીએ છીએ કે ભાઈ! તમારા પુણ્ય વિના કાંઈ મળે એવું નથી. અને મળે તો એમાં આત્માને લાભ શું છે? કહો, હીરાભાઈ! .. પૈસાવાળા થઈ ગયા પછી. અહીંયાં આવ્યા પછી પૈસાવાળા થઈ ગયા. હા, હા, અહીંયાં આવ્યા પછી ઘણા લાખોપતિ થઈ ગયા. હવે એ તો પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હોય એ કાળે ગોઠવાય અથવા આવી સત્ય વાણી સાંભળતા જેને શુભભાવ એવો આવે, એનું બંધન થઈ જાય અને અલ્પકાળ હોય તો પુણ્યનો ઉદય એમાંથી આવી જાય. આવી પરમ વીતરાગની વાણી નિર્દોષ. એવી કાને પડતા જેને શુભભાવ થાય. સમજાણું કાંઈ? એને પુણ્ય બંધાય. એને ... અલ્પકાળની સ્થિતિવાળા જીવ હોય છે એ ભવમાં પણ ઢગલા થાય. એમાં આત્માને શું? કહો, સમજાય છે કાંઈ? અમરેલીમાં કરોડપતિ છેને બધા? ચાર-પાંચ કરોડ રૂપિયા. ત્રણ ભાઈઓ આવેલા. હું ત્યાં ગયેલો. અને ... જાય છે. પછી આપણે હતા. આ છે કે નહિ કોઈ એય..! એના બાપ હતા. નરભેરામભાઈ. આ એનો છોકરો છે નાનો. એ નરભેરામ વકીલ પછી કોર્ટમાં ગયા. કે જુઓ, આજ તો હું નહિ આવી શકું. મહારાજ અમારા આવ્યા છે ગામમાં. ક્યા મહારાજ?

જજ કહે કે ઓલી જેની લાકડી ફરે અને પૈસા થાય ઈ? જજને ગરી ગયેલું. સાંભળેલું છે કે જેના માથે લાકડી આમ ફરે તો પૈસા થઈ જાય. ધૂળેય નથી. એ અહીં આવા ને આવા. સમજાણું કાંઈ? અને પૈસા થાય એ તો શુભ પુણ્યનું છે. પૂર્વનું પુણ્ય શુભ હોય ગળવા ટાણે એવો સંયોગ મળે. એમાં સારું કોને કહેવું અહીંયાં કહે છે. એ તો વાત અહીં કહેવી છે. કહો, પૈસાવાળા થયા એને શુભ શી રીતે કહેવું? અને ગરીબ છે એ નિર્ધન? નિર્ધનપણું કોઈ દોષ છે? અને સધનપણું કોઈ ગુણ છે? શેઠ! સધનપણું કોઈ ગુણ છે? અને નિર્ધન કોઈ ગરીબ હોય એ કાંઈ દોષ છે કાંઈ? એ તો બહારની ચીજ છે. એની સાથે સંબંધ શું? મિથ્યાદષ્ટિ મોટો દોષ અને સમ્યગ્દષ્ટિ મોટો ગુણ એ વિના બધા થોથેથોથા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એ થાય છે કે નહિ એ તો આવ્યું નથી.

ઉત્તર :- ત્યારે પૂછયું એણે. રાતે પૂછયું .. ભાઈ લોકો કહે છે. હું તો ના પાડું છું ભાઈ! મારી પાસે તો કાંઈ છે નહિ. આ આત્મા છે એકલો. અમારી પાસે કોઈ ચમત્કાર પણ નથી. કોઈ ચમત્કાર કરો. આ લોકો કાંઈક બતાવે છે. પૈસા થાયને એવું કાંઈક બતાવે છે. અહીં ખાનગી આવે છે. એક આવ્યો હતો પારસી. ખાનગી અંદર બેઠો હતો. આમ હાથ બતાવ્યો. ચારસોનો પગાર. ૯૨ની સાલની વાત છે.

મુમુક્ષુ :- ધોળામાં પોલીસ.

ઉત્તર :- હા, ધોળામાં પોલીસ. ... એમ કહે ભાઈ! મહારાજ! હાથ જુઓને! ભાઈ! આ હાથની દુકાન નહિ. અહીં તો આત્મા જોવો હોય અને આત્મા કેવો એની દુકાન છે અહીં તો. એટલે કાંઈ દુઃખતું પછી થોડા દિ' સાંભળ્યું. .. અહીં ધોળામાં હતો. ધોળા છેને. પારસી હતો. ચારસોનો પગાર હતો.

મુમુક્ષુ :- એ રાજકોટમાં.

ઉત્તર :- રાજકોટ પાસે. ત્યાં આવ્યો ખાનગી. હું બેઠો હતોને હીરાભાઈના મકાનની ઓરડીમાં. ત્યાં અંદર આવ્યો. બાપુ! આ હાથ-બાથ અહીં ન મળે હોં. અહીં તો આત્માની વાત છે. આત્માને તારવો હોય અને ઉગારવો હોય અને મોક્ષ જોઈતો હોય તો. બાપુ! અહીં મારી અમારી પાસે કોઈ ચમત્કાર નથી અને કોઈ અમારી પાસે લબ્ધિ એવી નથી. કાંઈ નથી બાપા! આહા..હા..! વયો ગયો પછી. પછી થોડા દિ' સાંભળ્યું ત્યાં... એને કાંઈ દુઃખબુખ હશે. શું કહેવાય? પિસ્તોલ.

એક મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી એમ અજ્ઞાની કહે છે. મોક્ષમાર્ગમાં પુણ્ય બંધાય તીર્થંકરગોત્ર આદિ **'અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે. માટે-જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ કેટલાકનો એવો**

**પક્ષ છે...**' પોતે આચાર્ય કહે છે. કર્મ તો એક જ પ્રકારનું છે. છતાં કેટલાકનો એવો પક્ષ છે હવે ભગવાન કહે છે અમૃતચંદ્રાચાર્ય. '**કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે.**' આહા..હા..! એનાથી સામે નિશ્ચય પક્ષ ઉભો છે કહે છે. આહા..હા..! અરે..! ખોટો છે એ. અજ્ઞાન છે. એવો એક પક્ષ નિશ્ચયવાળો ઉભો છે સામે. '**તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :—**' આહા..હા..! વ્યવહાર નિષેધ કરવા લાયક છે. વ્યવહાર મોક્ષમાર્ગ પણ નિષેધ કરવા લાયક છે. આહા..હા..! ભારે કામ.

હવે એનો ખુલાસો આપે છે. '**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...**' છે એ તો કહે છે. આહા..હા..! છે? '**शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः**' શું કીધું ઈ? ચાહે તો દયા, દાન, વ્રતના પરિણામ શુભ હો કે ચાહે તો હિંસા, જૂઠુંના અશુભ હોય, બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? જ્ઞાનસ્વરૂપી ભગવાનથી ઉલટા ભાવ છે એ. છે? '**અજ્ઞાનમય હોવાથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભ અને અશુભ જીવ પરિણામ કેવળ અજ્ઞાન. પાછું એકલું અજ્ઞાન નહિ. બાપુ! એ રાગમાં જ્ઞાનનો અંશ ક્યાં છે? ભગવાન તો ચૈતન્ય જ્ઞાન પુંજ છે. એનું કીરણ તો જ્ઞાનનું હોય. સૂર્યનું કિરણ તો ધોળું હોય. એમ ભગવાન આત્મા ચૈતન્યબિંબ એની પર્યાય તો જ્ઞાનમય, આનંદમય હોય. આ તો રાગ છે શુભ અને અશુભ બેય. અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ છે એમ નથી કહેવું હોં. એ બેય અજ્ઞાનમય છે. જ્ઞાનસ્વરૂપથી રહિત અજ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગોદિકાજી! આ બધું સમજવા જેવું છે હોં. આ બધે રખડ્યા રખડ કરે છેને આમથી આમ. અમેરિકાને ઢીંકણે. ક્યાંય .. છે. અમેરિકા જશે. અને આમ તો એકકોર ઓલું થાય છે ત્યાં. ... સારું થાય ત્યાં પાછું આહા..હા..! આવું ... ક્યાં કરવું? બાપુ! માંડ નીકળ્યો નિગોદમાંથી હોં. અને જો આ આવું નહિ કરે તો ત્રસની સ્થિતિ બે હજાર સાગરની પૂરી થવાની પછી એની સ્થિતિ એકેન્દ્રિયમાં જશે પછી. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે. સમજાણું કાંઈ? બે હજાર સાગરોપમ જ ત્રસમાં જશે. ત્રસ સમજ્યા? બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય બધા નારકી, મનુષ્ય, દેવ ત્રસની સ્થિતિ બે હજાર સાગર. કેટલાકને ત્રસની સ્થિતિ જો પૂરી થવા આવી હશે અને આ નહિ સમજે તો ગતિ એકેન્દ્રિયની છે. આહા..હા..! એ ભયથી સમજવાની વાત નથી હોં આ તો વસ્તુસ્વરૂપ છે પ્રભુ! આહા..હા..!

કહે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય દેવ ભગવાન કુંદકુંદાચાર્યનો અભિપ્રાય સ્પષ્ટ કરે છે. '**શુભ કે અશુભ જીવપરિણામ...**' શુભ અને અશુભ જીવની પર્યાય અવસ્થા કેવળ અજ્ઞાનમય. એકલો જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ અજ્ઞાનમય ભાવ છે. બંને અચેતનમય છે, જડ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**એક છે;...**' બે એક જ જાત છે અજ્ઞાનમય. એ શુભને

વળી ઠીક અને અશુભને ઠીક એવું છે નહિ. આહા..હા..! વાહ રે વાહ! જુઓને સત્યને પ્રસિદ્ધ કરવાની રીત. સત્યને જાહેર કરવાની રીત આ છે. ભાઈ! તું આનંદ અને જ્ઞાનમય છોને. એમાથી ખસીને શુભભાવ થાય એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાનથી વિરૂદ્ધભાવ છે. એ તો અજ્ઞાનમય છે. એટલે? જ્ઞાનમયનો એમાં અભાવ છે. ભગવાન આત્માના પરિણામ તો જ્ઞાનમય હોય. શ્રદ્ધા, શાંતિ, સમ્યક્ એ બધા જ્ઞાનમય પરિણામ છે. જ્ઞાનમય એટલે એની જાતના એ પરિણામ છે. અને આ પરિણામ કજાતના અજ્ઞાનમય પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! પંચ મહાવ્રતના પરિણામને અજ્ઞાનમય પરિણામ?

મુમુક્ષુ :- આચાર્યના

ઉત્તર :- હતા જ નહિ. એનામાં એ હતા જ નહિ. એના એ જ્ઞાતા હતા.

મુમુક્ષુ :- આખી જિંદગી...

ઉત્તર :- આખી જિંદગી જાણ્યા છે એણે પાળ્યા નથી.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે પાળ્યા છે.

ઉત્તર :- પાળ્યા જ નથી. જાણ્યા છે કે આમ છે. અસ્થિરતાનો ભાવ છે. એ વ્યવહારનયને જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે. એવો શબ્દ છે ૧૨મી ગાથામાં. જાણેલો... '**परिज्ञायमानस्तदात्वे**' એમ શબ્દ છે. '**तदात्वे**'નો અર્થ ઝીણો બહુ છે. છે સંસ્કૃત જુઓ ૧૨મી ગાથા. '**तदात्वे**' શબ્દ છેને? ૧૨મી ગાથા છે. '**विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्;**' સમજાણું કાંઈ? છે? ૧૨મી ગાથામાં છેલ્લો. ટીકાનો છેલ્લો. છેલ્લી ગાથા બે. પણ એ વજન ત્યાં '**तदात्वे**'માં છે. '**तदात्वे**'નો અર્થ શું છે? સમજાણું? ઝીણું છે. કે જે સમયે જે પ્રકારનો રાગ આવે છે. એ પ્રકારે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એ વખતે એવું જ જ્ઞાન એનું ઉત્પન્ન થાય છે. '**तदात्वे**' શબ્દ પડ્યો છેને? એ અહીંયાં નિશ્ચયના સ્વરૂપમાં .. દૃષ્ટિ આદિ અનુભવ છે, પણ રાગાદિ આવે છે તે '**तदात्वे**' તે કાળે, તે સમયે, પહેલે સમયે જે રાગ આવ્યો, જે પ્રકારનો દયા, દાન વિકલ્પનો તેને તે કાળે તેને જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે જરી મંદ થઈને રાગ આવ્યો તો તે કાળે તેને જાણેલો પ્રયોજનવાન છે. ત્રીજે સમયે જે પ્રકારનો આવ્યો તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે.

મુમુક્ષુ :- આગળ-પાછળ નહિ.

ઉત્તર :- સમય સમયની વ્યાખ્યા કરે છે. ઝીણી વાત છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે તે ગજબ ટીકા છે. '**तदात्वे प्रयोजनवान्**' કઈ રીતે? '**परिज्ञायमानस्त**' જાણેલો. છે એટલું બસ જાણવું. મારું છે અને મારાથી થયું એમ નહિ. સમજાણું કાંઈ? એ બધી જ્યારે વ્યાખ્યા ચાલતી હોય ત્યારે વિસ્તાર આવેને.

અહીંયાં તો કહે છે. આહા..હા..! ગજબ વાત છે. વસ્તુ(ની) તો સ્થિતિ એવી છે, પણ લોકોને ઓલો વ્યવહારનો પક્ષ છેને એની રુચિ છેને એટલે આ ઘા લાગે અંદર. હાય.. હાય.. હાય... ચરણાનુયોગમાં કહ્યું છેને. કહ્યું છે તે શું છે? એ રાગ શુભનો રાગ અને અશુભનો રાગ અજ્ઞાનમય છે. તે જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એ જ્ઞાનના ભાવનો એ ભાવ નથી. એટલે કે સ્વભાવભાવનો એ ભાવ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એ જ્ઞાનની એકાગ્રતા જે દૃષ્ટિની, દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી, એમાં જે એકાગ્ર થઈ એ જ્ઞાનની એટલે આત્માની જ પર્યાય છે. અને આ રાગ છે તે અજ્ઞાનમય પર્યાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્માના ત્રિકાળી દ્રવ્ય દૃષ્ટિમાં વસ્તુને ત્રિકાળી સ્પર્શતા જે પર્યાય પ્રગટ થાય એ આત્માની જાતની, જ્ઞાનમય એટલે આત્મમય છે એ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય આત્મમય છે. જ્ઞાનમય છે. ત્યારે શુભાશુભભાવ અણાત્મમય, અજ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુભ કે અશુભ જીવપરિણામ...**' આહા..હા..! એકકોર જીવની પર્યાય તો કીધી. એનામાં થાય છે ખરીને? ચારિત્રના ગુણની વિપરીત અવસ્થા. ચારિત્ર ગુણ છે ત્રિકાળ આત્મામાં. જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એવો ગુણ છે ત્રિકાળ. એની સવળી અવસ્થા. શાંતિ, અરાગી પરિણામ સ્વભાવને આશ્રયે એ ચારિત્ર. એ ચારિત્રના સવળા પરિણામ અને એ ગુણની પર્યાયમાં બે ભાગ. એક સવળા પરિણામ છે એ ચારિત્ર અને ઉલટા પરિણામ છે એ અજ્ઞાનમય, રાગમય પરિણામ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ બે પ્રકાર એક પર્યાય. એક પર્યાયના બે પ્રકાર. એક તો સ્વભાવને આશ્રયે છે એને વ્યવહાર હોયને? સ્વભાવની દૃષ્ટિ થઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ જ્ઞાનમય પરિણામ છે. આત્મામય પરિણામ. ચૈતન્યમય પરિણામ અને એનાથી વિરૂદ્ધ વિકલ્પ વ્યવહારનો રત્નત્રય આદિનો હોય એ જ્ઞાનમય જાતથી અજ્ઞાનમય જાત છે. એને ધર્મી જાણે. સમજાણું કાંઈ? આ અજ્ઞાની એને આદરે. આટલો ફેર છે.

'**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...**' કેવળ અજ્ઞાનમય. એટલી અંશે ચૈતન્યની જાતનો અંશ એમાં નથી કહે છે.

મુમુક્ષુ :- કેવળ તો જ્ઞાન થાય

ઉત્તર :- કેવળ એટલે એકલું. ગધેડા જેવો નથી કહેતા? આ કેવળ ગધેડા જેવો છે. કેવળ ગધેડા જેવો એટલે? ચોખ્ખો ગધેડો એમ. નથી કહેતા માણસ કે આ મારો ગધેડા જેવો છે. એમ આ કેવળ અજ્ઞાનમય. વજન છે. સંસ્કૃતમાં છે જુઓને. '**केवलाज्ञानमयत्वादेकः**' ઓહો..હો..! અમૃત રેડ્યા છે. ટીકા આવી જગતમાં અત્યારે આવી ટીકા ભરતક્ષેત્રમાં નથી. સમજાણું કાંઈ? એવી અમૃતના રેલા વહ્યા છે. ભાઈ! તું સાંભળને પ્રભુ! તારા હિતની વાત

છેને નાથ! તારામાં જેટલો ચૈતન્યના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવી વીતરાગી પર્યાય તે જીવમય કહેવાય. એ આત્મમય કહેવાય. અને આ પુણ્યના-પાપના ભાવ. અને મુનિને તો ઘણા શુભભાવ જ છે. પાપનો કોઈ વખતે આર્તધ્યાન આદિ હોય. સમજાય છે? એ કહે છે કે પણ એ શુભ અજ્ઞાનમય ભાવ છે. તારે જાણવા જેવો છે, પણ આદરવા જેવો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧૪, બુધવાર, તા. ૦૩-૦૧-૧૯૭૩
## ગાથા-૧૪૫, પ્રવચન-૨૭૩

છેલ્લો પેરેગ્રાફ છે. ૨૪૦ પાનું છે ગુજરાતી. ભાઈ નથી આવ્યા? ... આવ્યા છે? નથી આવ્યા. કહે છે કે આત્મામાં જેટલા શુભ અને અશુભ જીવના ભાવ થાય એ કેવળ અજ્ઞાનમય છે. ભગવાન આત્મા તો વસ્તુ તરીકે એનું ચૈતન્યમૂર્તિ આનંદ એનું સ્વરૂપ છે. એની એને અનંતકાળથી કોઈ દિ' ખબર કરી નથી. એમાં જે થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, અરિહંતની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય એ બધો શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાનો પાપભાવ બેય ભાવ અજ્ઞાન છે. છે? એ આત્માનું સ્વરૂપ નથી. કહો, પોપટભાઈ!

**'શુભ કે અશુભ જીવપરિણામ...'** જીવમાં થતી બે દશાઓ. **'કેવળ અજ્ઞાનમય હોવાથી...'** એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન એના અંશ એમાં નથી. શુભાશુભરાગ છે એમાં જ્ઞાન ચૈતન્યસ્વરૂપ પ્રકાશમય એનો પ્રકાશનો અંશ શુભ અને અશુભ રાગમાં નથી. આ ભારે કઠણ.

મુમુક્ષુ :- અશુભમાં તો ઠીક પણ શુભમાં?

ઉત્તર :- શુભ રાગ છેને. વિકલ્પ છે. ઈ રાગ અશુભ છે. પોતે અહીંયાં અશુભ કહેશે એને. બંધમાર્ગ છે તે અશુભ છે. વ્યવહારે શુભ-અશુભ પાડ્યો છે એને ઉત્તર આપે છે. આહા..! અરે..! એણે પોતાની જાતને જાણવા પ્રયત્ન કર્યો નથી. પાગલની પેઠે અનાદિથી ચોર્યાસીમાં રખડે છે. ..ભાઈ!

મુમુક્ષુ :- શુભભાવ પણ

ઉત્તર :- શુભભાવ કહ્યાને? શુભભાવ અજ્ઞાન છે. ચૈતન્યની જાતનો એ ભાવ નથી. એ માટે તો આ વાત થાય છે. ચૈતન્યપુંજ પ્રભુ આત્મા તો જ્ઞાનનો પુંજ છે. એમાં થતાં શુભ અને અશુભ વિકલ્પો રાગ કેવળ અજ્ઞાન છે એમ કહ્યું છે. કેવળ અજ્ઞાનમય છે. આહા..હા..!

મુમુક્ષુ :- કેવળ એટલે કેટલા ટકા?

ઉત્તર :- સોએ સો ટકા. આ લોકો નથી કહેતા? એવો કોઈ મૂર્ખ હોય ત્યારે કેવળ ગધેડા જેવો છે મારો. કેવળ ગધેડો એટલે એકલો ગધેડો એમ. એમ આ પુણ્ય અને પાપના આ દેહાદિ તો જડ, માટી, ધૂળ છે. આ તો માટી છે. આ તો જગતની ધૂળ છે. આ કાંઈ આત્મા નથી. આ તો માટી છે. આ વાણી ઉઠે છે એ માટી છે, જડ છે. કર્મ અંદર જડ છે. અહીંયાં એ વાત લેવી નથી. અહીં તો એનામાં થતાં શુભ અને અશુભ વિકલ્પો, લાગણીઓ, રાગ, વર્તન એ કેવળ અજ્ઞાનમય, '**જીવપરિણામ કેવળ અજ્ઞાનમય...**' એમ ભાષા લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એક છે;...**' બેય શુભ-અશુભભાવ અજ્ઞાનમયપણે તો એક જ છે. ભારે! આ બધા દાનમાં પૈસા-બૈસા દે અને રાગની મંદતા કરે એનું નામ શુભભાવ. અને એ શુભભાવ અજ્ઞાનમય છે એમ કહે છે.

મુમુક્ષુ :- હોય એવું કહેને. એ આત્મા નથી?

ઉત્તર :- નહિ, આત્મા નથી. આહા..હા..! ભારે કામ ભાઈ! એને હિત કરવું હોય તો એને આ જાણવું પડશે. સમજાણું કાંઈ?

'**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' ઓલો કહેતોને ભાઈ! શુભ બંધાય. સમજાણું કાંઈ? અજ્ઞાનીએ એમ દલીલ કરી હતી કે પુણ્ય બંધાવાના કારણમાં શુભ પરિણામ છે અને પાપબંધનના કારણમાં અશુભ છે. તો બે પરિણામમાં ફેર છે. એમ અજ્ઞાનીનો પક્ષ હતો. આહા..હા..! કહે છે કે એના ઉત્તરમાં. '**જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...**' આહા..હા..! '**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' બંધન જે કર્મનું થાય એના કારણમાં ભેદ નથી કે આ શુભ પરિણામ તે પુણ્યનું બંધ, અશુભ તે પાપનું. બે અજ્ઞાનમય હોવાથી કર્મના બંધનમાં એક જ પ્રકાર છે. આહા..હા..! ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુનિયાને કઠણ પડે શું થાય? વસ્તુ છે આવી. ત્યાં શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. ઝેર છે. કરોડો રૂપિયા અને અબજો રૂપિયા બધા જે શેઠિયાઓ કહેવાય એ દુઃખના ડુંગરમાં અથડાણા છે બધાય. રાગ અને દ્વેષની આકુળતામાં સડ્યા છે ઈ. ધૂળેય મીઠું નથી. એય..! પોપટભાઈ! આ બધા પૈસાવાળા રહ્યા કરોડપતિઓ. ૬૦-

૬૦ લાખ, ૭૦ લાખ બધા પડ્યા છેને. ધૂળમાંય નથી એના પૈસા. પૈસા તો જડ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હોય તો ચૈતન્યમૂર્તિપણે આત્મા તો છે. એના હોવામાં એ શરીરના રજકણો ક્યાં લક્ષ્મીના ક્યાં અંદર આવી ગયા કે એના હોય? અહીં તો એના એ તો નહિ, પણ પુણ્ય અને પાપભાવ એના નહિ એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! બહુ ઝીણી વાત, ભગવાન!

'**શુભ કે અશુભ જીવપરિણામ...**' ભાષા એ લીધી છે. છે તો પુદ્‌ગલના પરિણામ આગળ કહેશે એને. પણ એને ઓળખાવ્યા છે કે જીવની દશામાં થાય છેને આમ? દયા, દાન, ભક્તિ, અરિહંતની પૂજા, ભક્તિ, વ્રત, એવા ભાવ જીવની દશામાં થાય છે એ અપેક્ષાએ આને જીવના પરિણામ કહ્યા. બાકી આગળ તો એને બંધમાર્ગના, પુદ્‌ગલના પરિણામ કહેશે. જુઓ, '**બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય હોવાથી...**' સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે. કર્મ બંધનનું કારણ ત્યાં બે કહ્યા કે શુભ પરિણામથી પુણ્ય બંધાય અને અશુભથી પાપ. અમે કહીએ છીએ કે બેય અજ્ઞાનભાવ એક જ છે. કર્મના બંધનનું કારણ એ અજ્ઞાનમય ભાવ છે. આહા..હા..! એ વ્યવહાર મોક્ષમાર્ગનો રાગ તે અજ્ઞાનમય કેવળ જીવના પરિણામ નહિ અજ્ઞાનમય છે. ભારે વિષય લીધો. આ ચેતન છે ભાઈ! તને ખબર નથી. ચૈતન્ય પ્રકાશ એ તો ચૈતન્ય નૂર, જ્ઞાનનું નૂર અને એમાંથી વહે છે પૂર. એ તો જ્ઞાનનું પૂર વહે. આ રાગને કરે એ વસ્તુ છે આત્માની? આહા..હા..! કહો, પંડિતજી!

'**માટે કર્મ એક જ છે.**' એ બે પ્રકાર કહે છે એક પુણ્યબંધનનું એક કર્મ અને એક પાપનું કર્મ એના કારણ બે. અમે કહીએ બે અજ્ઞાનમય પરિણામ. એનું બંધનું કારણ તે એક પ્રકાર છે. બે પ્રકાર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ..માં બે પ્રકાર આવે છે.

ઉત્તર :- એ તો આવે તે તો વ્યવહારથી સમજાવ્યું છે. બે પ્રકાર વ્યવહારથી અશુભ છે અને શુભ વ્યવહારથી સમજાવ્યું. પરમાર્થમાં તો બે એક જ જાત છે. અહીં પરમાર્થની વાત કરવી છેને? એક વાત થઈ.

'**શુભ કે અશુભ પુદ્‌ગલ પરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' હવે એ શુભ અને અશુભભાવ. એનાથી બંધાણું કર્મ. અજ્ઞાની કહે છે કે એકમાં શાતા બંધાય અને એકમાં અશાતા બંધાય. માટે કર્મના બે પ્રકાર છે. આચાર્ય કહે છે કે એક જ પ્રકાર છે. કેવળ પુદ્‌ગલમય હોવાથી તે એક જ છે જડ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી;...**' જડના બંધનમાં ભેદ તું કહે છો એ ભેદ નથી. કર્મના કારણમાં ભેદ કહે તો એ નથી અને કર્મબંધનમાં બે ભાગ પાડતો એકમાં શાતા બંધાય, પુણ્ય બંધાય અને એકમાં પાપ બંધાય, પણ બેય પુદ્‌ગલ છે એ તો જડ. બંધનના

પરમાણુઓની જાત કર્મની એક જ છે. આહા..હા..! આકરું ભારે! ઉપાદાન-નિમિત્તનું મોટું લખાણ આવ્યું. નિશ્ચયથી છેને. .. એની સામે. મોતીચંદ છેને ..વાળા. એને ન બેઠું. આહા..હા..!

અહીં કહે છે કે દરેક જીવને જડના સ્વકાળે થતાં પરિણામ એ એનું કાર્ય છે. બીજું હોય નહિ. સ્વકાળથી એનો કાળ હોય છે. દરેક દ્રવ્યની વર્તમાન અવસ્થારૂપી એનો કાળ હોય છે. એ કાળે તે પરિણામ થાય. બીજા નિમિત્તના કાળે એ ન થાય. નિમિત્તના કાળે એમાં ન થાય. કાળ ભલે એક હોય. સ્વચતુષ્ટય. એણે મોટો વાંધો ઉઠાવ્યો. ઈ કહેશે અહીં. રામજીભાઈ .. ત્રણને આવે છે. આહા..હા..! અહીં કહે છે, ભાઈ! તને શુભ-અશુભભાવમાં ફેર લાગતો હોય તો બેય અજ્ઞાનમય ચૈતન્યના સ્વભાવથી ભગવાન એ તો વિરૂદ્ધભાવ છેને. ત્યાં જ્ઞાનપુંજથી વિરૂદ્ધ એને અજ્ઞાન કહીએ. એ અજ્ઞાન એક જ પ્રકારનું છે માટે બંધ પણ એક જ પ્રકારનો છે. આહા..હા..! શુભ-અશુભ પુદ્‌ગલ પરિણામ. સામે પરિણામ લીધા ઓલા બંધનના.

**'કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી;...'** ત્રીજો. **'માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક...'** એ પુણ્યનો વિપાક આ પૈસા મળે ને ધૂળ મળે ને સ્વર્ગ મળે. એ બધા પુદ્‌ગલ મળે એને જડને. એય..! પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પણ મળેને.

ઉત્તર :- ક્યાં મળે? મળેની ક્યાં આ તો હોય છે એની વ્યાખ્યા છે. છે?

**'શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક...'** પૂર્વે જે પુણ્ય અને પાપના રજકણો જે બંધનરૂપે હતા એનું ફળ આવતા **'કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...'** જડ સંયોગ મળે એને. પુણ્યથી પણ જડ અને પાપથી પણ જડ મળે છે. આત્મા છે એમાં ક્યાંય? કહો, મૂળચંદભાઈ! આહા..હા..! કહે છે કે કર્મનો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી કર્મનો વિપાક એક જ પ્રકારે છે. તને એમ લાગે છે કે અનુકૂળ સામગ્રી અને આ પ્રતિકૂળ સામગ્રી એવા બે ભાગ તું પાડે છો એમ નથી. બધા પુદ્‌ગલમયની દશા છે જગતની પુણ્યના ફળ તરીકે, પાપના ફળ તરીકે. સમજાણું કાંઈ? પણ ઓલામાં આવે છેને પુણ્ય ફલા અર્હંતા? પ્રવચનસાર. પુણ્યફલના અર્હંતા એમ ક્યાં કહ્યું? ત્યાં તો કહે છે કે એનો જે ઉદયભાવ સમવસરણ આદિ એ બધા પુણ્યના ફળ છે એમ કહે છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઉદયથી. પણ એ તો ટીકામાં છે. આ તો એના પાઠમાં ઈ છે.

મુમુક્ષુ :- પાઠમાં પણ...

ઉત્તર :- હા, ઈ છે પણ પાઠમાં એ શબ્દ છે. જુઓ, ઈ પાઠનો અર્થ કરતા નથી.

પ્રવચનસાર છેને આ? ૪૫ છેને? શબ્દ શું છે જુઓ, **'अथैवं सति तीर्थकृतां'** ઉપોદઘાતની વાત છે. પછી ટીકાની પછી વાત કરશે. **'पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति'** ત્યાં બીજો શબ્દ નથી. મૂળ તીર્થંકર પણ ભગવાનને પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. ભગવાનને કાંઈ એમાં આવતું નથી. એ બહારનો સંયોગ જડ છે. સમવસરણ અને વાણી. એમાં આત્માને શું છે? આહા..હા..! આ ઉપોદઘાતનો શબ્દ પહેલો ધડાકાવાળો છે. ટીકા પછી પ્રશ્ન. **'अथैवं सति'** **'अथैवं सति'** એમ હોવાથી. **'तीर्थकृतां'** તીર્થંકરોને **'पुण्यविपाकोऽकिंचित्कर'** પુણ્યનો વિપાક ભગવાનને કાંઈ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો સંયોગ આપે છે. આ પાઠ. આ તો પહેલું એનું મથાળું જ આ છે અમૃતચંદ્રાચાર્યનું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ વિપાક, પુણ્ય-પાપનો વિપાક જડ એનો વિપાક પુદ્ગલમય આવે એકલો. આહા..હા..! ભલે ભગવાનની વાણી આવે. તો એ પુદ્ગલ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવા શાસ્ત્રો

ઉત્તર :- શાસ્ત્રો પણ પુદ્ગલ છે. એના પાકમાં શાસ્ત્ર મળે એ તો પુદ્ગલ છે. આ ક્યાં આત્મા છે? આહા..! ઝીણી વાત, ભગવાન! નિશ્ચય માર્ગ એવો છે કે એને અંદરમાં પ્રાપ્ત કરવી ચીજ એને માટે ઘણો પ્રયત્ન જોઈએ. એ કાંઈ એમ ને એમ મળી જાય એવી ચીજ નથી. આહા..હા..! અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જે કાંઈ કરે બધું ધૂળધાણી, વા પાણી સંસાર રખડવાનું છે.

મુમુક્ષુ :- વા-પાણી નથી એ દુઃખનું કારણ છે.

ઉત્તર :- વા-પાણી એટલે એના આત્માને કાંઈ લાભ નથી.

મુમુક્ષુ :- લાભ નથી, પણ નુકસાન તો નથી.

ઉત્તર :- નુકસાનનો પાર નથી. ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- .. નુકસાન છે એમ કહ્યું.

ઉત્તર :- રાગ ઉત્પન્ન થાય એ જ આત્માને નુકસાન છે. અપરાધ છે. તીર્થંકરગોત્ર બંધાય જે ભાવે એ અપરાધ છે. ગુનો છે. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય. શુભઉપયોગો અપરાધ. .. છેને. કહે છે એ તો **'તે એક હોવાથી કર્મના અનુભવમાં (સ્વાદમાં) ભેદ નથી;...'** કર્મનું ફળ સારું આવે તો આ બાયડી, છોકરા, પૈસા ધૂળ મળે બધી અનુકૂળતા. માટે ઠીક છે. ધૂળ છે. એમાં લક્ષ જાશે તો આકુળતા થાશે. સમજાણું કાંઈ? આહા..હા..! ૭૪ ગાથામાં વિસ્તાર આવી ગયો છે. **'માટે કર્મ એક જ છે.'**

હવે ચોથો આવ્યો. **'શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...'** લ્યો! શુભનો અર્થ જ સારું. નિશ્ચય શુદ્ધ એટલે સારું. શુભ આ પુણ્યના પરિણામ શુભ એ અહીં વાત નથી. એને તો શુભ અને અશુભ અજ્ઞાનમાં નાખ્યા. અને તે પણ એને અજ્ઞાન

માને છે. આ તો મોક્ષમાર્ગ કહેવો છે. આહા..હા..! શું કહ્યું?

મુમુક્ષુ :- દૃષ્ટિમાં શુભ છે.

ઉત્તર :- ઈ દૃષ્ટિ પોતે શુભ છે. શુભ એટલે સારી. સમ્યગ્દર્શન એ પોતે શુભ છે અને મિથ્યાદર્શન આ જે રાગાદિ છે વ્યવહાર એ પોતે અશુભ છે. આમ બે ભાગલા છે. સમ્યગ્દર્શન સ્વરૂપને આશ્રયે થતી જ્ઞાનદશા અને ચારિત્ર એ ત્રણે શુભ છે. શુભ એટલે સારું. સારું એટલે આત્માની નિર્મળદશા. એનાથી વ્યવહાર મોક્ષમાર્ગ જે છે એ અશુભ છે. અહીં શુભ-અશુભની એ વ્યાખ્યા છે. શુભ એટલે અહીં શુદ્ધ. શુદ્ધના અર્થમાં ઓલો શુભ.

મુમુક્ષુ :- મંગલમય છે.

ઉત્તર :- મંગલમય. બસ એ બરાબર છે. મંગલમય .. નિશ્ચય મોક્ષમાર્ગ જે સત્ય મોક્ષમાર્ગ, જે સ્વભાવને આશ્રયે, દ્રવ્યને આશ્રયે થતી દૃષ્ટિ, દ્રવ્યને આશ્રયે થતું જ્ઞાન, દ્રવ્યમાં રમણતા થતું ચારિત્ર એ ત્રણને અહીંયાં શુભ કહ્યો છે. એ શુદ્ધ પરિણતિને અહીંયાં શુભ કહ્યો છે. એ .. ક્યાં .. વ્યવહારની. આહા..હા..! મારાને મીઠું લાગે .. શું ધૂળ મીઠી લાગે છે? આહા..હા..! તને ખબર નથી મીઠો તો ભગવાન અમૃત આનંદનો કંદ છે. જેની દૃષ્ટિ કરતા આનંદ ઝરે એ મીઠો તો આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :- મધુર-મધુર.

ઉત્તર :- મધુર આવે છેને ૯૭મી ગાથામાં. ચૈતન્યનો મધુર રસ છે. ૯૭ ગાથામાં આવે છે. આનંદરસ છે. અતીન્દ્રિય આનંદનો રસ ભગવાન એ મધુર અને મીઠો છે. બાકી પુણ્ય-પાપના ભાવ એ તો કડવો ઝેર જેવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ તો આત્માની પ્રાપ્તિ કરવી હોય તો એને કેમ થાય એની વાત છે, બાપુ! વાતું કરવી હોય જગતને એમ ને એમ કરવું... શું થાય? સમજાણું કાંઈ?

'(સારો) **એવો મોક્ષમાર્ગ...**' આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વરૂપે, એ સ્વરૂપની, અનુભવની પ્રતીતિ, અનુભૂતિ થઈને પ્રતીતિ, એ અનુભૂતિ તે જ્ઞાન અને એમાં સ્થિરતા. એ જે મોક્ષનું કારણ એ મોક્ષમાર્ગ તો કેવળ સારો જ છે. '**એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...**' જુઓ, કેવળ જીવમય છે એ તો. એ પરિણામ શુદ્ધ તો કેવળ જીવમય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલો અજ્ઞાનમય છે ત્યારે આ જીવમય છે. હોય છે. સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ રાગનો ભાગ હોય છે. પણ એ જાણવાલાયક છે. એ બંધરૂપ છે. એ આદરણીય નથી. આહા..હા..! વ્યવહારનયનો વિષય પૂરણ વીતરાગ ન થાય ત્યાં સુધી એને એવો રાગ હોય છે, પણ એ બંધના પક્ષમાં જાય છે, મોક્ષના પંથના કારણમાં જાતો નથી. એમ વાત છે. કચડાઈ જાય છે રાગમાં તોપણ એને ભાન નથી. આકુળતામાં. આહા..હા..!

કહે છે અનાકુળ એવો ભગવાનનો માર્ગ. ભગવાન એટલે આત્મા. એનો જે અનાકુળ

દશાની સ્થિતિ જે મોક્ષમાર્ગ એને અમે અહીં સારો કહીએ છીએ. પહેલું તો એ કહી દીધું કે શુભ સારો અને અશુભ ખરાબ એ વાત છે નહિ. એ પુણ્ય-પાપના શુભ-અશુભની વાત. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એના અવલંબનથી દ્રવ્યને આશ્રયે જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય તે કેવળ સારો અને શુભ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સુખરૂપ હોય એ સારો ...

ઉત્તર :- એ આનંદરૂપ એ સારો. દુઃખરૂપ એ ખરાબ. આનંદરૂપ કહો કે સુખરૂપ કહો. આહા..હા..! ચારિત્રની જ્ઞાન સમકિતદર્શન તો જ્ઞાન આનંદદાતા છે. શું કહ્યું? છ ઢાળામાં નથી આવતું? આવે છે નહિ? કષ્ટદાયક. એય..! આતમ હેતુ. તમારે તો મોઢે છે. કષ્ટદાયક. ચારિત્રની કષ્ટદાયક... જ્ઞાનની કષ્ટદાયક અંતર ચારિત્ર મહા કષ્ટદાયક. અરે..! કષ્ટદાયક હોય ભગવાન? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આનંદદાયક છે. એને .. કોળિયા છે બાપા ચારિત્ર. ચારિત્ર પાળવા. આહા..હા..! ઉઘાડે પગે ચાલવા, ઉના પાણી પીવા, એક વખત ખાવું. વસ્ત્રનો ટૂકડો પહેરવા મળે નહિ. બાપુ! ચારિત્ર તો કષ્ટદાયક છે. બાપુ! તું સમજ્યો નથી, ભાઈ! શું કહે છે?

મુમુક્ષુ :- તમે નાગા થઈ જોવો તો ખબર પડે કે કેવું છે?

ઉત્તર :- ભાઈ! કોણ નાગા થાય? બાપુ! આ તો વસ્તુની સ્થિતિ આવી છે. નાગા થાય કોણ અને પહેરે કોણ? એ તો જડની (અવસ્થા) છે. આહા..હા..! અહીં તો એ ચાલે છે. અનાદિથી ચાલે છે. એ કાંઈ નવી ચીજ નથી. ફરી જાવું એ જુદી ચીજ છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ અમૃતનો સાગર. એને અવલંબે થયેલી નિર્મળ વીતરાગી.. મોક્ષમાર્ગ એ તે સ્થાન... આહા..હા..! છે?

કેમ? **'કેવળ જીવમય હોવાથી...'** એ જીવમય છે. જીવનું સ્વરૂપ જેવું આનંદ અને જ્ઞાન છે એવી જ પર્યાયમાં આનંદ અને જ્ઞાયકની પર્યાય થઈ એ જીવમય પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ...'** જુઓ, શુભ અને અશુભ બેય પરિણામ તે અશુભ છે. પહેલા અજ્ઞાનમય કહ્યા હતા. એને અશુભ કીધા અહીં. આહા..હા..! ભારે આકરું! પહેલો . બંધાય એ ભાવ અશુભ છે એમ કહે છે. બંધદાયક છેને એ ભાવ? બંધમાં અશુભભાવ છે. પરિણામ ભલે એના પુણ્ય છે, પણ શુભની (શુદ્ધ) અપેક્ષાએ તે બેય અશુભ છે. આહા..હા..! એણે દરકાર જ કરી નથી મારે અનંતકાળથી. પોતાને ભૂલીને બધી વાતું કરી છે. નવમી ગ્રૈવેયક ગયો. આહા..હા..! ઈન્દ્રાણી આવીને ચળાવે તો ચળે નહિ એવું તો એનું બ્રહ્મચર્ય હોય. પ્રાણ જાય તોપણ એને માટે દાણો કચરીને આહાર લે એ પ્રાણ જાય તોપણ ન લે. એટલી તો એને દયાના ભાવ હતો. સમજાણું કાંઈ? છતાં એ બધો શુભરાગ હતો. એથી સ્વર્ગમાં ગયો, પણ એ સ્વર્ગમાં ગયો એટલે માખી ઉંચે

જાય એટલે કાંઈ ઉંચે સ્થળે ગઈ છે? માણસ કરતા ઉંચી કહેવાય? એમ સ્વર્ગમાં ગયો એટલે શું? રખડવા ગયો એ તો. આહા..હા..!

ભગવાન આત્માનો માર્ગ નિર્મળાનંદ પ્રભુ એની નિર્મળ સમ્યગ્દર્શન દશા જેમાં આનંદ આવે. સમ્યગ્જ્ઞાનદશા જે આનંદ લેતું જ્ઞાન આવે, ચારિત્રદશા જે ઉગ્ર આનંદ લેતી સ્થિરતા આવે. એને સારો કહેવાય છે. '**બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય હોવાથી...**' જુઓ, પુદ્‌ગલમય. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહાર મોક્ષમાર્ગ પુદ્‌ગલ?

ઉત્તર :- વ્યવહાર મોક્ષમાર્ગ પુદ્‌ગલમય, નિશ્ચયમોક્ષમાર્ગ જીવમય. અરેરે..! રાડ નાખે છે. પણ .. લોકોને સારી લાગે ... લોકો રાજી થાય બિચારા. બાપુ! માર્ગ આવો છે, ભાઈ! ... કોઠારીને. ત્યાં આવ્યા હતા. હા શિબિર. .. એનું અફળ ગયું છે. એય..! બાબુભાઈ! ... આણે આમ કર્યું હતું, આનું આમ છે, તેમ છે. રામજીભાઈને બે-ત્રણ .. આવ્યા. અમારું તો હોય જ નામ. નામ ક્યાં છે અમારા? અહીં તો નામ જ નથી. આહા..હા..! અહીં નામ પણ નથી, શરીર નથી અને ... ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સોનગઢીયા એમ કહે. અમારે શેઠીયા છેને એક સરદારશહેરમાં. પણ બહુ એને શાસ્ત્રનો અભ્યાસ. એ તો એક જ વાત એણે કહી. શેઠે ન કહ્યું? દીપચંદ શેઠે. ૬૦ લાખ રૂપિયા ૪૦ વર્ષ પહેલાં એના મામા પાસે હતા. ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલા એટલે? એ વખતનો એક લાખ અને અત્યારના પચ્ચીસ લાખ.

મુમુક્ષુ :- કેટલા કરોડ?

ઉત્તર :- એ તો બધો ફેર પડી ગયો. પૈસા .. ભાવમાં ફેર.. પૈસા થઈ ગયા સોંઘા. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ. એના મામા આપતા. એના મામાને દીકરો નહોતો. .. ૬૦ લાખ લઈ લ્યો. .. બે-ચાર લાખ .. સમજાણું? આહા..હા..! એ શેઠીયા એમ કહેતા કોઈપણ સાથે વાત કરે તો. કે જગતની પદાર્થની વ્યવસ્થા વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત છે? બસ આ. બહુ નિવૃત્તિવાળા માણસ છે. .. રહે. ગૃહસ્થ માણસ છે. પદાર્થ જે છે જડ-ચેતન એ વ્યવસ્થિત પર્યાય છે કે અવ્યવસ્થિત?

(૩૦ મિનિટ પછી બીજું પ્રવચન ચાલું થાય છે.)

**માગશર વદ-૧૫, ગુરુવાર, તા. ૦૪-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૪૬-૧૪૭, કળશ-૧૦૨, પ્રવચન-૨૭૪**

અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? મિથ્યાત્વ છે એમ નહિ હોં ઈ. ચૈતન્યના સ્વભાવનો એમાં અભાવ છે. મિથ્યાત્વ નહિ. કારણ કે સમ્યગ્દૃષ્ટિને એ શુભભાવ આવે છે, એ અજ્ઞાન છે. સ્વભાવભાવ નથી, મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનની વ્યાખ્યા અહીંયાં મિથ્યાત્વ નથી. જ્ઞાન તો ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એના સ્વભાવની વિરૂદ્ધના શુભ અને અશુભ, વ્રત, અવ્રત, તપ, ત્યાગ આદિનો વિકલ્પ એ અજ્ઞાન છે. જ્ઞાનના સ્વભાવનો એમાં અભાવ છે. પંડિતજી! અજ્ઞાન આવ્યું હતુંને પહેલું? અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વ નથી. જ્ઞાનસ્વભાવ નથી. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ એના જ્ઞાનના કિરણનો રાગમાં અભાવ છે. માટે તેને અજ્ઞાન કહેવામાં આવે છે. .. અભેદ છે. એને જે જાણે, એને માને, એને અનુભવે એટલે કે ધ્રુવ તો કાંઈ અનુભવાતું નથી, પણ એના તરફની પરિણતિને અનુભવે. અનુભવ તો પર્યાયનો હોય છે. કાંઈ ધ્રુવનો અનુભવ હોતો નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ!

એ અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એકરૂપ. એને જે દેખે, માને, જાણે તે '**पस्सदि जिणसासणं सव्वं**' એ આખા જૈનશાસનને એણે જાણ્યું. એણે ચારેય અનુયોગને જાણ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે બાર અંગનો-શાસ્ત્રનો સાર તો અભેદને અનુભવવો એ છે. આહા..હા..! એવી જે ચીજ ભગવાન ધ્રુવ ચૈતન્ય એની વર્તમાન પર્યાયને ઉંડાણમાં, ધ્રુવમાં જોડી દેવી એને-પર્યાયને જૈન શાસન કહે છે. સમજાણું કાંઈ? વાત આકરી છે, ભગવાન! માર્ગ એવો છે. કોઈ અનંતકાળે કર્યો નથીને એથી એને એવું લાગે આ.. ધવલમાં આવે છે. દિઠ મગ્ગે. જેણે માર્ગ દીઠો છે અને એ માર્ગ ત્યાં જાય છે. પણ જેણે દીઠો જ નથી કે આ શું પણ આ ચીજ છે? સમજાણું કાંઈ? એક સમયમાં અખંડાનંદ પ્રભુ અબદ્ધ તો એક, બદ્ધ નહિ નાસ્તિથી વાત કરી છે. પણ મુક્તસ્વરૂપ જ વસ્તુ છે. મુક્ત જ છે ઈ. શક્તિરૂપ, સ્વભાવરૂપ મુક્ત આત્મા છે. દ્રવ્ય વસ્તુ તે. એને સામાન્ય કહીએ, એને આકુળતાના વિકલ્પ દયા, દાન, વ્રતના, રાગના એવા રાગથી રહિત કહીએ એવી દૃષ્ટિ, એના સંબંધીનું જે જ્ઞાન. શાસ્ત્ર જ્ઞાન પણ નહિ અહીં તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણી ભણીને પણ ભણ્યો પણ આ દૃષ્ટિ અંદર દ્રવ્ય દૃષ્ટિ કરી નહિ. દ્રવ્ય એ વસ્તુ અને દૃષ્ટિ એ પર્યાય. સમજાણું કાંઈ? અને જ્યાં એ જોયું ને જાણ્યું ને માન્યું.

ભગવાન ત્રણ લોકના નાથ અને ઈન્દ્રો, કુંદકુંદાચાર્યો '**पस्सदि जिणसासणं सव्वं**' તેણે જૈન શાસન બધું જોયું. એના હૃદયમાં જ્ઞાન જૈનશાસન પર્યાયમાં આવી ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! અને એ પછી જે ઉકેલ કરશે શાસ્ત્રનો એ બધી ખતવણી એની સવળી થાશે. સમજાણું કાંઈ? આહા..હા..! અને આવા દૃષ્ટિના, અભેદના અનુભવ વિના જેનો આગ્રહ પર્યાયબુદ્ધિ ઉપર છે. અહીં તો હજી પુણ્ય-પાપ ઉપર ભાઈ લીધું છે. પણ પર્યાય એક સમયની વ્યક્ત છેને એ પરિણામ ઉપર જેની રુચિ છે, બુદ્ધિ છે, એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અહીં તો હજી પુણ્ય-પાપની વાત શરૂઆત કરતા જાય છેને? આગળ છેક લઈ જશે. '**दिट्ठी जहेव णाणं**' ૩૨૦ ગાથા. એક સમયની પર્યાય વ્યક્ત જ્ઞાનનો અંશ. દર્શનનો ચક્ષુદર્શન, અચક્ષુદર્શનનો અંશ, વીર્યનો અંશ આદિ બધા ગુણોનો, અનંતગુણોનું પરિણમનનો જે એક સમયનો અંશ છે એ પર્યાય પરિણામ ઉપર પણ જેની દૃષ્ટિ છે એ પરિણામની એકતા ઉપર જેની દૃષ્ટિ છે. એ પણ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- શબ્દ કાંઈક સુધાર્યા છે. (પણ) પરિણામ ઉપર દૃષ્ટિ... પરિણામની એકતા ઉપર દૃષ્ટિ કરી છે.

ઉત્તર :- એ પરિણામ ઉપર દૃષ્ટિનો અર્થ જ એકતા છે. એનું સ્પષ્ટિકરણ કર્યું. એને વિશેષ ખ્યાલ આવે કે આ શું પરિણામ ઉપર દૃષ્ટિ કહે છે? એ આખો ધ્રુવ ભગવાન પડ્યો છે એ જ ખરો આત્મા છે. નિશ્ચય આત્મા એ છે અને એક સમયની પર્યાય એ વ્યવહાર આત્મા છે. પુણ્ય-પાપ તો એક બાજુ રહી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? એવી એક સમયની પરસમય આવ્યું છેને ૯૩ ગાથા પ્રવચનસાર. '**पज्जयमूढा हि परसमया**' આહા..હા..! જેને એક સમયના પરિણામ કહો, પર્યાય કહો, વ્યક્ત અંશ કહો, એના ઉપર જેની રુચિ અનાદિની છે. પરિણામ બુદ્ધિ, પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, ભેદબુદ્ધિ અનાદિની છે. એ મિથ્યાબુદ્ધિ છે. મિથ્યાત્વની બુદ્ધિ છે ઈ.

ભગવાન આખો આત્મા નિશ્ચય ધ્રુવ પરમસ્વભાવભાવ જ્ઞાયક ધ્રુવ. જેમાં પર્યાયનો પણ અભાવ છે. એ પર્યાય એને સ્વીકારે. પર્યાય પર્યાયને સ્વીકારે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો અપૂર્વ માર્ગની વાત છે. આ કાંઈ શાસ્ત્રના ભણતરે મળી જાય એવી ચીજ નથી. તેમ વ્રત, નિયમ, ક્રિયાકાંડ બહુ કરે માટે મળી જાય એવી એ ચીજ નથી. એ ચીજ તો જુદી ચીજ છે આખી. સમજાણું કાંઈ? અહીં તો વજન આપવું છે આવું જે વસ્તુ અખંડ અભેદ નિષ્ક્રિય. જેમાં મોક્ષના માર્ગની પણ જેમાં ક્રિયા નથી. મોક્ષ પણ જેમાં નથી. મોક્ષ પર્યાય છે. મોક્ષમાર્ગ પર્યાય છે. એ રહિત થવું, અભેદ ચીજ અખંડ. એનો અનુભવ શુદ્ધ ઉપયોગ એ '**पस्सदि जिणसासणं सव्वं**' એણે આખા જૈનશાસનને જાણ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! '**पस्सदि जिणसासणं सव्वं**' એમ

શબ્દ છે. સર્વ જૈનશાસન જાણ્યું. અને આ નથી જાણ્યું અને બીજું બધું જાણ્યું તેણે કાંઈ જાણ્યું નથી.

મુમુક્ષુ :- ગુણસ્થાન વગેરેની તો એને ખબર હોતી નથી. જૈનશાસન ક્યાંથી જાણ્યો?

ઉત્તર :- ઈ શું કીધું?

મુમુક્ષુ :- ગુણસ્થાન વગેરે તો એણે જાણ્યા નથી તો પછી જૈનશાસન...

ઉત્તર :- પણ ગુણસ્થાનનું શું કામ છે અહીં? અખંડ અભેદ ચૈતન્યવસ્તુની જ અનુભવ દૃષ્ટિ થઈ. ચોથું આવ્યું એને પણ ક્યાં એની પર્યાય ઉપર લક્ષ છે એનું? આહા..હા..! સમજાણું કાંઈ? ચૌદ ગુણસ્થાને તો પુદ્ગલના પરિણામ કહ્યા છે.

મુમુક્ષુ :- કરણાનુયોગ બેકાર છે?

ઉત્તર :- કરણાનુયોગ પરિણામનું જ્ઞાન કરાવે છે. શુદ્ધ પરિણામ એ આત્માનો શુદ્ધ ઉપયોગ એ પરિણામ નથી? શુદ્ધ ઉપયોગ એ પરિણામ નથી? એ કરણાનુયોગમાં નથી આવતું?

મુમુક્ષુ :- એ તો ધ્રુવના પરિણામ છે.

ઉત્તર :- એ ધ્રુવના પરિણામ છે. શુભાશુભ પરિણામ અધર્મના છે. અધર્મ એટલે સ્વભાવ શાંતિ એમાં નથી. એમાં તો અશાંતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- કરણાનુયોગ એ વાંચવા કે નહિ? પરમાગમ.

ઉત્તર :- વાંચવો આત્મા. અહીં તો એટલું કહેવું. અને કરણાનુયોગ શાસ્ત્ર વાંચીને પણ કાઢવું આ. અખંડ અભેદ ચૈતન્ય ધ્રુવની દૃષ્ટિ કાઢવી. વાંચીને એ ભગવાનને કહેવું છે એ કાઢવું. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! બહુ ફેરફાર થઈ ગયો છેને એટલે લોકોને જરી અંદર. આ તો વ્યવહાર વિનાની ચીજ, નિમિત્ત વિનાની ચીજ આ શું કહે છે લ્યો! વ્યવહાર વિનાની ચીજ, નિમિત્ત વિનાની ચીજ અને એક સમયની પર્યાય વિનાની ચીજ. એને પર્યાય નિર્ણય એ કરે. આ અભેદ છે, ધ્રુવ છે, નિત્ય છે એ નિર્ણય પર્યાય કરે, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! એય..! પંડિતજી! આહા..હા..!

## શ્લોક-૧૦૨

(उपजाति)

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदात हि कर्मभेदः।

तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः।।१०२।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [हेतु-स्वभाव-अनुभव-आश्रयाणां ] હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) [सदा अपि] સદાય [अभेदात्] અભેદ હોવાથી [न हि कर्मभेदः] કર્મમાં નિશ્ચયથી ભેદ નથી; [तद् समस्तं स्वयं] માટે સમસ્ત કર્મ પોતે [खलु] નિશ્ચયથી [बन्धमार्ग-आश्रितम्] બંધમાર્ગને આશ્રિત હોવાથી અને [बन्धहेतुः] બંધનું કારણ હોવાથી, [एकम् इष्टं] કર્મ એક જ માનવામાં આવ્યું છે એક જ માનવું યોગ્ય છે. ૧૦૨.

## કળશ-૧૦૨ ઉપર પ્રવચન

અહીં તો ભગવાન આચાર્ય કહે છે, બાપુ! બંધના કારણના બે ભેદ તું પાડે છો. એક શુભભાવ અને એક અશુભભાવ, એક વ્રત, તપ, શીલ, સંયમ અને એક અવ્રત અશુભ, હિંસા, જૂઠું એ બે કારણ નથી. બે એક જ અજ્ઞાનભાવ છે. આત્માના સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. સમજાણું કાંઈ? હજી તો અહીં પુણ્ય-પાપના ભાવનો અભાવ બતાવવો છે. ત્યાં પછી પર્યાયનો અભાવ તો બહુ આગળ રહ્યો. એ સર્વવિશુદ્ધ જ્ઞાનમાં આવે છે. આ તો હળવે-હળવે લઈને આગળ લઈ જાય છે. સમજાણું કાંઈ? અને એ દેખ્યું એણે જૈનશાસન. સર્વજ્ઞને જે કહેવું છે, તીર્થંકરોને કહેવું છે. આગમને કહેવું છે બાર અંગમાં જે એ બધું એને આવી ગયું દૃષ્ટિમાં. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' આહા..હા..! જ્યાં અખંડ-અભેદ ચૈતન્યનો આશ્રય લીધો, બધા આગમનો સાર એને મગજમાં આવી ગયો. એનો ઉકેલ કરશે બધી જાતનો એ. આ ભાન નથી એને બધા ભણતર-ફણતર એના અગિયાર અંગના અને વ્રત અને નિયમથી ક્રિયાકાંડના રાગ બધા નિરર્થક, ફોગટ, રણમાં પોક મૂકવા જેવી વાત છે. કહો, પંડિતજી! એ હેતુ.

બીજો સ્વભાવ. શિષ્યે પ્રશ્ન કર્યો હતો, મહારાજ! પુદ્ગલના સ્વભાવમાં ફેર છેને. એક શાતા બંધાય, એક અશાતા બંધાય, એક જસકીર્તિ બંધાય, એક અજસકીર્તિ બંધાય, એક નરકનું આયુષ્ય બંધાય, એક સ્વર્ગનું બંધાય. પુદ્ગલમાં ફેર નથી ત્યાં? આચાર્ય કહે છે કે સ્વભાવમાં ફેર કાંઈ નથી. એક જ જાતના પુદ્ગલ બંધ પડે છે. અનુભવ. મહારાજ! અનુભવમાં ફેર છે. અશાતાનો ઉદય હોય તો રોગ, જીર્ણતા, દરિદ્રતા, નારકીપણું એવા દુઃખને ભેદે

એના કર્મના ફળમાં ફેર છેને. એ કર્મના ફળ કહો, પોપટભાઈ! આમ છ-છ છોકરાઓ, પૈસા કરોડો. ... દસ-દસ વીસ લાખની પેદાશ હોય. પચાસ લાખની લ્યો ઓલાને. ઓલો અબજ છે એને એક લાખની પેદાશ એક દિ'ની. ગોવામાં છેને એક. શાંતિલાલ ખુશાલ. એક દિ'ની એક લાખની પેદાશ હોં. એક લાખ. ધૂળ છે, પણ એમાં છે શું? આહા..હા..! એ પુદ્‌ગલનો અનુભવ એક જાતનો છે કહે છે. જડ છે બધું. અને કોઈ દરિદ્રતા આવે એ પણ જડ છે. એનો અનુભવ પુદ્‌ગલનો બે ફેર નથી. ઓલામાં સુખી છે અને આમાં દુઃખી. એ બેય દુઃખી છે. આહા..હા..!

**'અને આશ્રય...'** ચોથો બોલ. એણે એમ કહ્યું હતું કે મોક્ષમાર્ગના આશ્રયમાં શુભભાવ થાય. જુઓ, સમકિત થયા પછી તીર્થંકર પ્રકૃતિના પરિણામ આવે. આહારક શરીરના પરિણામ પણ સમકિતી મુનિ છઠ્ઠા ગુણસ્થાનવાળો બાંધે. એટલે મોક્ષમાર્ગને આશ્રયે પુણ્ય છે એમ અજ્ઞાનીએ કહ્યું હતું. કે ના, ના આશ્રયમાં ફેર નથી હોં. એ પરિણામ બંધ માર્ગને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? એ રાગ છેને. બંધ પોતે જ છે અને બંધનો હેતુ છે. બંધનો હેતુ અને બંધરૂપ બેય ચીજ છે. એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! ભારે!

**'એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) સદાય અભેદ હોવાથી...'** ભગવાન ઉત્તર આપે છે આચાર્ય. બાપુ! પ્રભુ! એ તો ચારે એકરૂપ છે. એમાં ભગવાન આત્મા આવતો નથી. આહા..હા..! **'કર્મમાં નિશ્ચયથી ભેદ નથી;...'** કર્મમાં ખરેખર ચારેય પ્રકારમાં ક્યાંય ભેદ નથી. આહા..હા..! **'तद् समस्तं स्वयं'** **'માટે સમસ્ત કર્મ પોતે નિશ્ચયથી બંધમાર્ગને આશ્રિત હોવાથી...'** બંધમાર્ગને આશ્રયે તે પરિણામ છે. સમજાણું કાંઈ? એ તીર્થંકરગોત્ર બંધાય કે આહારક શરીર, પણ એ પરિણામ અપરાધ છે, બંધભાવ છે. સમજાણું કાંઈ? આહા..! **'बन्धमार्ग-आश्रितम्'** **'બંધમાર્ગને આશ્રિત હોવાથી...'** **'बन्धहेतुः'** બંધ માર્ગમાં આવવાથી તે બંધનો હેતુ છે. **'કર્મ એક જ માનવામાં આવ્યું છે...'** જોયું? **'एकम् इष्टं'** ગણધરોએ તેને એક ગણ્યું છે. સમજાણું કાંઈ? એ કળશટીકામાં એમ છે ભાઈ! આ ઈષ્ટનો અર્થ. ગણધરોએ તેને એક ગણ્યું છે બધાને. તું બીજું માન એ કાંઈ વસ્તુ ફરી ન જાય. આહા..હા..!

**'કર્મ એક જ માનવામાં આવ્યું છે...'** એ આવ્યું છેને? **'एकम् इष्टं'** એક જ ગણધરોએ, સંતોએ એ કારણને પુદ્‌ગલના બંધને, એના ફળને અને આશ્રયને એક જ પ્રકાર બંધમાર્ગ કહ્યો છે. એક જ માનવું યોગ્ય છે, ભાઈ! એમ કહે છે. આહા..હા..! કહો, મીઠાલાલજી! શું આ કહ્યું સમજાણું? આ બધા મંદિરો કરાવવા, આ કરવાનો ભાવ શુભ છે એ બંધનું કારણ છે એમ કહે છે. અહીં તો હોય એવી વાત છે. ભાવ હોય ખરો, પણ એ બંધમાર્ગ ભાવ છે. એ મોક્ષનો માર્ગ નથી. એથી એને ભાવ ન આવે એમ પણ નથી. જ્યાં સુધી

પૂર્ણ વીતરાગ નથી ત્યાં સુધી એવો ભાવ આવે, પણ એ બંધ માર્ગમાં ગણવામાં આવે. મોક્ષના માર્ગમાં ગણવામાં આવે નહિ. આહા..હા..! ભારે વાતું! એમ કરીને કહે છે 'एकम् इष्टं' 'કર્મ એક જ માનવામાં આવ્યું છે એક જ માનવું યોગ્ય છે.' એમ. એક જ માનવામાં આવ્યું છે એક જ માનવું યોગ્ય છે. આહા..હા..!

## ગાથા-૧૪૬

अथोभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति -

सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।
बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।।१४६।।
सौवर्णिकमपि निगलं बध्नाति कालायसमपि यथा पुरुषम्।
बध्नात्येवं जीवं शुभमशुभं वा कृतं कर्म।।१४६।।

शुभमशुभं च कर्माविशेषेणैव पुरुषं बध्नाति, बन्धत्वाविशेषात्, काञ्चनकालायसनिगलवत्।

હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધનાં કારણ છે એમ સિદ્ધ કરે છે :—

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને.૧૪૬.

ગાથાર્થ :— [यथा] જેમ [सौवर्णिकम्] સુવર્ણની [निगलं] બેડી [अपि] પણ [पुरुषम्] પુરુષને [बध्नाति] બાંધે છે અને [कालायसम् ] લોખંડની [अपि] પણ બાંધે છે, [एवं] તેવી રીતે [शुभम् वा अशुभम्] શુભ તેમ જ અશુભ [कृतं कर्म] કરેલું કર્મ [जीवं] જીવને [बध्नाति] (અવિશેષપણે) બાંધે છે.

ટીકા :— જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી, તેવી રીતે શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષને (જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

'હવે, (શુભ-અશુભ) **બન્ને કર્મો અવિશેષપણે** (કાંઈ તફાવત વિના) **બંધનાં કારણ છે એમ સિદ્ધ કરે છે :—**' ૧૪૬. આહા..હા..!

> सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।
> बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।।१४६।।
> **જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
> **એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને.૧૪૬.**

ટીકા. એ ગાથાર્થ આવી જશે એમાં. ટીકામાં ગાથાનો અર્થ આવી જશે. '**જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે...**' સોનાની બેડી હોય કે લોઢાની હોય. પુરુષને બાંધે છે. '**કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,...**' આહા..હા..! '**તેવી રીતે શુભ અને અશુભ કર્મ...**' કાર્ય, પરિણામ. શુભ-અશુભ કર્મ જડ અને એનું કારણરૂપ શુભ-અશુભભાવ '**કાંઈ પણ તફાવત વિના...**' છે? ભાઈ! શુભ કાંઈક શુભ બાંધે, અશુભ છે અશુભ. એ બંધના કારણમાં કાંઈ તફાવત નથી. આહા..હા..! ભારે! છે? ટીકા છે કે નહિ અંદર?

મુમુક્ષુ :- એક જ લીટી છેને.

ઉત્તર :- હા, '**कर्माविशेषेणैव पुरुषं बध्नाति, बन्धत्वाविशेषात्,**' બંધમાં કાંઈ ફેર નથી. છેને પાઠ જ છે ઈ. આહા..હા..! '**કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,...**' શુભ અને અશુભ બેય પરિણામ બંધના કારણમાં કાંઈ ફેર નથી. બેય બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? પહેલી તો હજી પુણ્ય-પાપના ભાવ વિનાની દૃષ્ટિ કરાવે છે. પછી વળી આગળ જઈને એ પર્યાય બુદ્ધિ છોડાવીને એ દ્રવ્યબુદ્ધિ પછી કરશે. જે અહીંથી અટક્યો છે એ અહીં ક્યાં આવે હજી તો. સમજાણું કાંઈ? અનાદિનો તો પર્યાયબુદ્ધિમાં પડ્યો છે અનાદિથી. કારણ કે વ્યક્તપણું, પ્રગટપણું તે પર્યાય છે. અને દ્રવ્ય તો અવ્યક્ત, અપ્રગટ પર્યાયની અપેક્ષાએ. વસ્તુની અપેક્ષાએ વસ્તુ પ્રગટ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય ધ્રુવની અપેક્ષાએ તો વસ્તુ પ્રગટ વ્યક્ત છે. પણ વ્યક્ત પર્યાય છે એ અપેક્ષાએ એને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

છ બોલમાં આવે છેને અવ્યક્ત? છ બોલ આવેને ૪૯ ગાથામાં. અવ્યક્તપણું. અવ્યક્ત છે. સામાન્ય સ્વભાવ છે. એ જીવ પર્યાયથી ભિન્ન છે, અવ્યક્ત છે. છેને પહેલો બોલ? ૪૯ આવી ગયું છે એ. ૪૯ ગાથા. અવ્યક્ત બોલ. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...**'

ઝીણું ભારે ભાઈ! '**છ દ્રવ્યસ્વરૂપ લોક...**' છ દ્રવ્ય સ્વરૂપ લોક. એમાં ભગવાન, અરિહંત, સિદ્ધો બધા આવી ગયા. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...**' એટલે કે વ્યક્ત છે. બાહ્ય છે એમ. '**અને વ્યક્ત છે...**' બે છેને. પાઠમાં જ છે બે. '**તેનાથી જીવ અન્ય છે માટે અવ્યકત છે.**' સપ્તમું. સમ્યગ્જ્ઞાન દિપીકામાં એને સપ્તમું કહ્યું છે. ક્ષુલ્લક બ્રહ્મચારી. સપ્તમું થઈ જાય છે ભગવાન. એકકોર છ દ્રવ્ય અને એકકોર ભગવાન આત્મા. છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય. પાંચ પરમેષ્ઠી પણ જ્ઞેય છે. આત્માના નથી. આહા..હા..! આવું છે. છ દ્રવ્યસ્વરૂપ છેને? લોક. જે જ્ઞેય છે. ભગવાન જ્ઞાયક છે આ આત્મા. એ જ્ઞેય છે ભિન્ન. સ્વજ્ઞેયથી પરજ્ઞેય ભિન્ન અને વ્યક્ત છે. બાહ્ય છેને છ દ્રવ્ય? ભગવાન આત્મા એ જીવ તેનાથી અન્ય છે. અરે..! વળી છ દ્રવ્યથી અન્ય કેવો? સાતમું દ્રવ્ય થઈ ગયું? એ સાતમું થઈ ગયું એક અપેક્ષાએ. એમ એક બાજુ જ્ઞાયકભાવ અને એની જ્ઞાનની પર્યાયનો વિષય છ દ્રવ્ય જ્ઞેય. એનાથી ભગવાન જ્ઞેયથી એટલે કે વ્યક્તથી, એટલે કે પરથી ભગવાન ભિન્ન અવ્યક્ત છે. આ છ દ્રવ્યની અપેક્ષાએ અવ્યક્ત છે. વસ્તુની અપેક્ષાએ વ્યક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! છ બોલ ઘણા છે એમાં.

'**કષાયોનો સમૂહ જે ભાવકભાવ...**' જોયુંને? એમાં આવી ગયા પુણ્ય-પાપના પરિણામ. દયા, દાન, વ્રત, ભક્તિ કષાયોનો સમૂહ ભાવકભાવ છેને? એ '**વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે...**' વ્યવહારરત્નત્રયનો ભાવ એ કષાય છે. એ ભાવકભાવ છે. ભગવાન એનાથી ભિન્ન છે. ભગવાન કોણ? આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! ઘણું-ઘણું .. છે એમાં તો. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યકત છે.**' ભગવાન જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એમાં વ્યક્ત જે ચૈતન્યની પર્યાયો એમાં અંતર્મગ્ન છે. માટે પણ એ અવ્યક્ત છે. '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યકત છે.**' ક્ષણિક-એક સમયની પર્યાય જેટલો એ દ્રવ્ય નથી. ક્ષણિક એક સમયની વ્યક્ત પર્યાય જેટલો એ નથી. માટે અવ્યક્ત છે. આ વ્યક્ત દ્રવ્ય. આહા..હા..! એની દૃષ્ટિ અને અનુભવ તે સમ્યગ્દર્શન છે. અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવ તત્ત્વને માનો સમકિત છે જાઓ. એય..! બિચારા રખડી મરે. એય..! પોપટભાઈ!

'**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' આહા..હા..! જુઓ, એ વ્યક્ત અને અવ્યક્તને જાણે છે એક સાથે. છતાં વ્યક્ત એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું જ નથી. અલિંગગ્રહણમાં વળી બીજું આવે છે. એ અલિંગગ્રહણનો જ વિષય છે. અલિંગગ્રહણના ૨૦ બોલ બીજા આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોતે '**છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' અવ્યક્ત જે દ્રવ્ય વસ્તુ છે એ તો પર્યાયને અડતું જ નથી. આહા..હા..! અહીં તો પુણ્ય-

પાપને અડે છે અને કરે છે એમ હજી માનવું છે એને તો. ઝીણી વાતું, ભાઈ! ગોદિકાજી! કલ્યાણ કરવું હોય તો આ સમજવું પડશે હોં. અહીં બહારથી કાંઈ મળે એવું નથી આ. પૈસા ખર્ચે ધર્મ થાય એવો નથી અહીં. પાંચ-પંદર લાખ ખર્ચી નાખે. એટલા બધા તો ક્યાંથી ખર્ચે? પણ આ તો કોઈ ખર્ચે કદાચિત્ લ્યોને. કરોડમાંથી દસ લાખ ખર્ચે એક સાથે કોઈ? પણ દસ લાખ શું કરોડો આપી દે તોપણ ધર્મ નથી. એમ આ રાગની મંદતાના પરિણામ કરે, બહાર પડવાનો ભાવ ન હોય, દુનિયા મને ગણે કાંઈક દાતારમાં એવા પરિણામ ન હોય તો એવા પુણ્ય બાંધે. સમજાણું કાંઈ? આહા..હા..! જે પુણ્યભાવથી ભગવાન ભિન્ન છે. અહીં તો પર્યાયને અડતો નથી કહે છે. અહીં તો હજી પુણ્ય-પાપને અડતો નથી એ અહીં લાવ્યા છે. આગળ જતાં એ પર્યાયને અડતો નથી ત્યાં સુધી લઈ ગયા છે. પહેલા. પહેલા લઈ ગયા છે. અહીંયાં પુણ્ય-પાપનો અધિકાર એટલે એનાથી ભિન્ન બતાવવું છે. આહા..હા..! જીવનો અધિકાર છેને આ? જીવ-અજીવ અધિકાર છે. છેને માથે જુઓને જીવ-અજીવ અધિકાર છે.

જેને ભગવાન આત્મા જીવ કહીએ, ભગવાન એમ કહે છે કે એ પર્યાયને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? જે જૈનશાસન પર્યાય થઈ ઉપયોગ. ક્યાં ગયા તમારે શું હતું? શું કીધું? ભાવનગર ગયા છે. પુંછડા લેતા આવે થોડા-થોડા બે-પાંચ-દસ... કહો, સમજાણું કાંઈ? થોડું લેતા આવે કાંઈક-કાંઈક હશે એવું. કહે છે. આ બધું સાંભળવા જેવું હતું એ બધું અંદર કેટલુંક. ઠીક છે. આહા..હા..!

કહે છે કે '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**' એવો જે પર્યાય જૈનશાસનની પર્યાય. આહા..હા..! એને દ્રવ્ય અડતું નથી, સ્પર્શતું નથી. એ તો ત્રણ કાળની પર્યાયનો પુંજ છે અભેદપણે. એક-એક ગુણની અનંત પર્યાય છેને આ? એ ત્રણે કાળની પર્યાયનો પુંજ છે, પણ આ વ્યક્ત પર્યાય છે. ઓલી તો બધી કારણરૂપ અને કાર્યરૂપ અંદર પડી છે. થઈ ગઈ એ પડી છે. ગઈ છેને? અંદર ગઈને? જે પર્યાય થઈ છે એ અંદર ગઈ છે અને જે થવાની છે એ અંદર પડી છે શક્તિરૂપે. ધ્રુવરૂપે છે ઈ તો હોં. આહા..હા..! સમજાણું કાંઈ? મતિ, શ્રુત, જ્ઞાનાદિની પર્યાયો થઈ ગઈ એ તો ગઈ. સમયે-સમયે ઉત્પાદનો વ્યય થઈને અંદર જાય છે. એ કાંઈ બહાર જાતી નથી. અંદર જાય છે. પાણીનું તરંગ પાણીમાં સમાય છે. અને નવી જે થવાની છે એની શક્તિરૂપે પડી છે અંદર બધી. એક વ્યક્ત પર્યાય છે એ સિવાયનું આખું દ્રવ્ય છે એ વ્યક્ત પર્યાયને પણ સ્પર્શતું નથી એમ કહે છે. આહા..હા..! બે સત્‌ના સિદ્ધ. બે સત્‌ના અંશને સિદ્ધ કરવા છે. સમજાણું કાંઈ? ક્યાં લઈ ગયા જુઓ અહીં. જીવ અધિકારમાં અહીં કીધું. એને જીવ કહીએ. હવે અહીં તો હજી હાલે-ચાલે એને જીવ, ખાય એને જીવ ને ત્રસને જીવ. એકેન્દ્રિય જીવ, બે ઈન્દ્રિય જીવ. આહા..હા..!

મુમુક્ષુ :- મનુષ્ય દેવ ને

ઉત્તર :- મનુષ્ય જીવ ને દેવ જીવને. પર્યાપ્તિવાળો જીવ અને અપર્યાપ્તિવાળો. અરે..! ભગવાન! એ તો બધી વાતું વ્યવહારના જ્ઞાનની છે. વસ્તુ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...'** આહા..હા..! જાણવામાં દ્રવ્ય અને પર્યાય બેય આવે છે. છતાં પર્યાય પ્રત્યે ઉદાસ છે. ત્યાં ટકી શકે છે એમ નથી. પરિણમી બદલી બદલીને અંદરથી ધ્રુવમાં જાય, ધ્રુવમાં જાય છે. દૃષ્ટિ ત્યાં જાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. એ અધિકાર આવ્યો છે પહેલો. લખાઈ ગયો છે, આ ઉતરી ગયું છે બહાર. શું કહેવાય આ તમારે રેકોર્ડિંગ. ટેપ રેકોર્ડિંગ.

અહીં કહે છે. **'કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં...'** હજી આટલી વાત ન બેસે અરે..! પ્રભુ! એને. આહા..હા..! સાંભળવામાં આવ્યું ન હોય, એણે સાંભળ્યું ન હોય. સાંભળ્યું છતાં, લક્ષમાં આવ્યું છતાં એ જ્ઞાન પણ પરલક્ષી છે. સાંભળવામાં વાણી ભગવાનની આવે સમવસરણમાં. એ વાણી નિમિત્ત છે અને ઉપાદાન જ્ઞાનનો પર્યાય એનો પોતાનો છે. છતાં એ પરલક્ષી જ્ઞાન છે, એ સ્વલક્ષી જ્ઞાન નથી. એ પરાધીન જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ એને અવલંબે પ્રગટેલો જ્ઞાનનો પર્યાય, શ્રદ્ધાનો પર્યાય, આનંદનો પર્યાય. કહે છે કે એમાં પુણ્ય અને પાપના એમાં અભાવ છે, પછી પર્યાયમાં દ્રવ્યનો અભાવ છે એ આગળ. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગ માર્ગ બાપુ કોઈ અલૌકિક છે. કેવળજ્ઞાન એટલે શું? ઓહો..હો..! જેને એક સમયમાં, કાળ સમયને જાણે ત્રણ કાળ. આદિ-અંત વિનાની ચીજ આ તે શું હશે? બાપુ! એવું સ્વરૂપ છે એનું. એવી જ એની અસ્તિત્વ દશા છે. સમજાણું કાંઈ?

કહે છે એ પુણ્ય અને પાપના ભાવ એ વિના તફાવતે જીવને બાંધે છે. એ બંધમાર્ગ એ મોક્ષમાર્ગ નહિ. આહા..હા..! કહો, પ્રકાશદાસજી! આહા..હા..! કબીર ક્યાં રહ્યા? એ કબીરના સાધુ છે. સ્થાકવાસી સાધુ થવાના હતા વળી અહીંનું આત્મધર્મ વાંચ્યું અને અટક્યા. કાંઈક જોવા તો જઈએ. નહિતર સાધુ થઈ જવાના હતા. આહા..હા..! બાપુ! સાધુ, હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. અહીં તો ભગવાન આચાર્ય બહુ જ થોડા શબ્દમાં કહે છે, ભાઈ! તે વ્રતને તપ ને જે ક્રિયાકાંડના ભાવ છે અને અવ્રતના હિંસા આદિના ભાવ છે એ બેય બંધમાર્ગ છે અને બંધના હેતુ છે. મોક્ષમાર્ગ નહિ અને મોક્ષનું કારણ નહિ. મોક્ષમાર્ગનું કારણ નહિ એમ કહે છે. બે કહ્યાને? **'બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.'** એટલે એ વિકલ્પ આદિ જે વ્રતાદિના, તપાદિના છે આત્માના ભાન વિનાના કે ભાનવાળા. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ એવો વિકલ્પ આવે એ બંધમાર્ગમાં જાય છે.

મુમુક્ષુ :- એનું ફળ શું છે?

ઉત્તર :- એનો ભવ બંધ છે. સમજાણું કાંઈ?

## ગાથા-૧૪૭

अथोमयं कर्म प्रतिषेधयति -

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।
तस्मात्तु कुशीलाभ्यां च रागं मा कुरुत मा वा संसर्गम्।
स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण।।१४७।।

कुशीलशुभाशुभकर्मभ्यां सह रागसंसर्गौ प्रतिषिद्धौ, बन्धहेतुत्वात्, कुशीलमनोरमामनोरम-करेणुकुट्टनीरागसंसर्गवत्।

હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :—

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.

ગાથાર્થ :— [तस्मात् तु] માટે [कुशीलाभ्यां] એ બન્ને કુશીલો સાથે [रागं] રાગ [मा कुरुत] ન કરો [वा] અથવા [संसर्गम् च] સંસર્ગ પણ [मा] ન કરો [हि] કારણ કે [कुशीलसंसर्ग रागेण] કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી [स्वाधीनः विनाशः] સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે).

ટીકા :— જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધનાં કારણ થાય છે તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.

## ગાથા-૧૪૭ ઉપર પ્રવચન

'**હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :—**' તફાવત વિના કહે છે. અરે..! કાંઈક તો ફેર રાખો. એ બિચારો વ્રત પાળે, પાંચ મહાવ્રત પાળે, બાર વ્રત પાળે અને એક અવ્રત પાળે એ બેમાં કાંઈક તો ફેર રાખો. એય..!

મુમુક્ષુ :- જે લોકો પાળતા નથી એ ફેર નથી રાખતા.

ઉત્તર :- હા એવા લખે છે. આચાર્ય તો પાળે છેને. અરે..! ભગવાન! ના એ કહે છે. એમ કે આવા વ્રત નથી એમ કેમ કહે? કારણ કે એને વ્રત કરવા નથી અને પાળવા નથી માટે તમારા નથી એમ કહે છે. અરે..! ભગવાન! એમ આળ ન દેવાય, પ્રભુ! એમ સત્યને આળ ન દેવાય. એમ ન થાય. આહા..હા..! એ માની મશ્કરીયું ન હોય. જનેતા ૨૦ વર્ષનો જુવાન અને ૪૦ વર્ષની માતા એ પટીયા પાડીને બેઠી હોય તો એનાથી ન કહેવાય મા! આ શું કરે છો? એમ કહેવાય જ નહિ. જનેતા છે. નવ મહિના કુખમાં રાખી બાપુ! તું સત્ય માર્ગને આમ આળ ન દેવાય. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા. વ્રત નથી કરી શક્યા. માનતા હતા આ પ્રમાણે. માન્યતાનો વિષય છે એ વ્રતમાં ક્યાંથી આવી ગયો? આહા..હા..! ક્ષાયિક સમકિત. જેને શુભભાવ આવ્યો તીર્થંકરગોત્ર બંધાઈ ગયું, પણ જેને હેય બુદ્ધિએ ભાવ છે એ. આહા..હા..! વર્તમાનમાં ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે જ્યાં છે ત્યાં એનામાં રાગ પણ નથી અને નરકની ગતિ પણ નથી. આહા..હા..! વ્યવહારથી વિરક્ત છે અંદર. વ્યવહાર જેટલો રાગ અને ગતિનો દેખાય તે તો તેના જ્ઞાનનો જ્ઞેય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દર્શનશુદ્ધિ અને દર્શનશુદ્ધિનું જ્ઞાન શું ચીજ છે લોકોને કિંમત નથી. બાહ્યના ત્યાગની કિંમતુ આ કર્યું ને આ મૂક્યું ને આ દીધુંને. આહા..હા..! એને આત્માની કિંમત નથી. સમજાણું કાંઈ? કહે છે એ '**બન્ને કર્મોનો નિષેધ કરે છે :—**' હવે. ૪૭. ૧૪૭.

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।

આચાર્ય મહારાજ પોકાર કરે છે.

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।

નીચે હરિગીત.

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.**

દૃષ્ટાંત આપે છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ પાઠમાં દૃષ્ટાંત નથી. દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરવા માગે છે. '**જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણી...**' મનોરમ, અનમોરમ. મનોરમ એટલે જીવતી હાથણી અને હાથણી કાગળ ઉપર ચીતરીને ખાડા ઉપર મૂકે છે. મોટો ખાડો હોય છેને ખાડો? અંદર ખાડો હોય, ઉપર વાંસ નાખે વાંસ અને લૂગડું પાથરે. એટલે ઓલી હાથણીને લાવીને ત્યાં. એમાં એ હાથણી .. મૂકે. ઓલો હાથી ત્યાં આવે હાથણીનું ચિત્ર ચીતરે. એ અમનોરમ છે, કૂટણી છે. અને સાચી હાથણી બોલ-બોલ કરતી આવતી હોય. '**એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધનાં કારણ થાય છે...**' આહા..હા..! એ પુણ્યરૂપી મનોરમ હાથણી, પાપરૂપી અમનોરમ હાથણી. કાગળની ચીતરેલી હોય છેને ખાડામાં મૂકે છેને મોટો ખાડો હોયને. ઓલો હાથણી દેખીને આવે સ્પર્શ કરવા. પડે ખાડામાં. પછી એને ખાવા ન દે કેટલા દિ' ત્યાર પછી એને બહાર કાઢે. સમજાણું કાંઈ? એમ જીવતી હાથણી અને એક કૂટણી હાથણી. અહીં તો બેય કૂટણી જ છે. આહા..હા..! સાથે રાગ. એ પ્રેમ ન કર, એ પ્રેમ ન કરે. એ સંસર્ગ એનો પરિચય નહિ. આહા..હા..! બંધના કારણ થાય છે. સમજાણું કાંઈ?

જયસેનાચાર્યમાં બે અર્થ કર્યા છે ત્યાં. રાગ ને સંસર્ગનો. જયસેનાચાર્યની ટીકામાં છે. ૧૪૭ છેને? બે અર્થ કર્યા છે એમાં. '**कुशीलैः कुस्तितैः शुभाशुभकर्मभिः सह चितगतरागं मा कुरु। बहिरंगवचनकायगतसंसर्ग च मा कुरु।**' એમ બે શબ્દ કર્યા સંસ્કૃત. છે? શુભાશુભ પરિણામમાં, બંધનમાં, રાગ કર્મમાં '**चितगतराग मा कुरु**' અને બહિરંગ, વચન, કાય..

મુમુક્ષુ :- રાગ બંધ ...

ઉત્તર :- બસ, હા એમ. એમાં છે. સંસ્કૃત છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિચારમાં, વિકલ્પમાં પણ ન લે એને. એ વિચાર જ કરીશ નહિ એમ કે આવો રાગ વ્રતનો છે, નિયમનો છે, બ્રહ્મચર્યનો છે, મહાવ્રતનો છે. પ્રેમ કરીશ નહિ. આહા..હા..! ભારે આકરી વાત! અને સંસર્ગ. વાણી દ્વારા બોલીશ નહિ હોં એમ કે આ ઠીક છે. આહા..હા..! વાણી દ્વારા એમ ન બોલીશ કે આ શુભરાગ ઠીક છે, શુભ કરવા જેવો છે. એ વાણી અને કાયાની ચેષ્ટા દ્વારા એમ ન કહીશ. કોઈ પુણ્યભાવ કરતો હોય વ્રતાદિ તો કાયાથી ચેષ્ટા સારું કરે એમ ચેષ્ટાથી ન કહીશ એમ કહે છે. આહા..હા..! મન, વચન અને કાયા ત્રણ

નાખ્યા. પંડિતજી! મન, વચન અને કાયા. મનથી પણ રાગને ઠીક માનીશ નહિ, વિચારમાં એને લાવીશ નહિ કે આ ઠીક છે. કાંઈક તો ઠીક છે બીજા કરતા. અશુભ કરતા ઠીક છે. મનથી લાવીશ નહિ એવું. ... આહા..હા..!

અને વચનથી કહીશ નહિ હોં કે સારા વ્રત છે, વ્રત સારા છે બોલીશ નહિ હોં. કાયાથી તેની ચેષ્ટાથી પણ સારું કરે, સારું કરે એવી ચેષ્ટા કરીશ નહિ. પંડિતજી! ભારે વાત ભાઈ! વ્યવહાર પક્ષવાળાને તો એવું લાગે અંદરથી ઘા વાગી જાય અંદરથી. ઘા વાગતો નથી એને મારાને. આહા..હા..! બાપુ! આ જૈનમાર્ગ છે. જૈન માર્ગ તો વીતરાગભાવથી ઉભો થાય. એ રાગભાવથી ઉભો થાય? અને વીતરાગભાવ તો દ્રવ્યને આશ્રયથી ઉભો થાય, કાંઈ રાગને આશ્રયે તે ઉભો થાય? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ તો દ્રવ્યાનુયોગનું શાસ્ત્ર છે. ચરણાનુયોગમાં...

ઉત્તર :- આ ચરણાનુયોગમાં પણ કહ્યું છે ઈને? વીતરાગતા બતાવી છે કે શું બતાવ્યું છે ત્યાં? રાગ બતાવીને એમ કહ્યું છે કે આ રાગ છે, માટે હેય છે, જાણવાલાયક છે પણ હેય છે. વ્યવહારનયના કથનો જાણવાલાયક છે.

મુમુક્ષુ :- જાણ્યા વિના હેય કેમ થાય?

ઉત્તર :- હેય છે. ચરણાનુયોગમાં બીજું કરવાનું કહે ત્યાં? ભાષા એવી આવે વ્યવહારનયની, પણ એનો અર્થ? કે એ જાણવાલાયક છે, એ આદરવાલાયક છે નહિ. તો તો દ્રવ્યાનુયોગ અને ચરણાનુયોગનો વિરોધ થઈ જાય. શાસ્ત્ર પૂર્વાપર વિરૂદ્ધ થઈ ગયું. પૂર્વાપર વિરૂદ્ધ વાણી વીતરાગની હોઈ શકે નહિ. સંતો વીતરાગી મુનિઓની પણ વાણી પૂર્વાપર વિરોધ હોય નહિ ક્યાંય. એક અક્ષર. સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર મુનિઓની વાણી ત્રણ કાળમાં ક્યાંય પૂર્વાપર એક અક્ષર વિરોધ નહિ હોય. કઈ અપેક્ષાએ કહ્યું છે એ જાણવા માટે વાત કરી હોય. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારે સમ્યક્ સમજવું છે કે આગ્રહ રાખવો છે? શું કરવું છે તારે? એમ કહે છે. આહા..હા..! પહેલી વાત તો છે એમ સમજતો ખરો. એ સમજે છે તો એ સમજે એ પરલક્ષી જ્ઞાન છે. હજી પરલક્ષીના જ્ઞાનમાં ઠેકાણા નથી એની તો વાતું કરવી શું કહે છે.

જેને હજી આ રાગ આવો ખરાબ છે એ વ્રતાદિના પરિણામ બંધના કારણ છે, ઠીક, કરવા જેવા નથી. એવું જે વાત પણ સાંભળતા એને જ્ઞાનમાં એ સારું નથી લાગતું. એનું તો જ્ઞાન પણ ખોટું. પરલક્ષી જ્ઞાન પણ ખોટું છે. પણ જેને એ લક્ષમાં આવતા વાત આ બરાબર છે એમ લક્ષમાં આવે ઈ જ્ઞાન પણ પરલક્ષ છે. સત્ય જ્ઞાન નથી. આહા..હા..! કહો, સમજાણું? આ પી.એચ.ડી.ના મોટા પૂંછડા વળગાડ્યા એ પરજ્ઞાન છે એમ કહે છે. અમારા પંડિતજીને. ઉપાધિ છે તે લખે છેને. ડીગ્રીનો અર્થ જ ઉપાધિ છે. લખે છે ઉપાધિ

લખે છે એમાં. આ એલ.એલ.બી.ની ઉપાધિ છે, ફલાણાની ઉપાધિ છે. આ તો સમજવા જેવી વાત છે. એ વ્યક્તિની કાંઈ (વાત નથી). આ તો વસ્તુ એવી છે. શાસ્ત્ર ભણે, શાસ્ત્ર વાંચે અને એ પરલક્ષી જ્ઞાનથી જેમ છે એમ હા પાડે, તો એ સમ્યગ્જ્ઞાન નહિ. આહા..હા..! એવી વાત છે. એ પરલક્ષી જ્ઞાનનો પર્યાય એનું તું લક્ષ છોડી દે અને વસ્તુ અખંડ અભેદ છે એના ઉપર દૃષ્ટિ કરે અને જે જ્ઞાન થાય એ જ્ઞાન સમ્યક્ કહેવાય. આહા..હા..! તો હજી તો જેને સમજણમાં જ ફેર છે બાહ્યલક્ષી જ્ઞાનમાં. આહા..હા..! બહુ પરાધીન છે. વીતરાગ માર્ગ છે, ભાઈ!

આચાર્યોના હૃદયો એમ પોકારે છે કે ભાઈ! એ '**મનોરમ અને અમનોરમ હાથણીરૂપ...**' સંસ્કરણ. '**કુશીલ એવાં શુભ અને અશુભ...**' ભાષા દેખો, આહા..હા..! એ બેય કુશીલ છે, ભાઈ! સુશીલ તો જૈન વસ્તુ ભગવાન આત્મા એને આશ્રયે જે જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ (થાય), એ સુશીલ છે. આહા..હા..! પરને લક્ષે વ્યવહાર જે ઉઠે છે એ બધો કુશીલ છે. સમજાય છે? એય..! શોભાલાલજી! માર્ગ એવો છે. આહા..હા..! '**બંધનાં કારણ થાય છે તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ...**' લ્યો! બેય કુશીલ છે. શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી. ચિત્તથી એનો પ્રેમ, વાણી અને શરીર દ્વારા. ભાવ તો એનો ઈ છે, પણ એના દ્વારા આમ કહે વાણીથી આ. એ બંધના કારણ હોવા છતાં '**શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.**' સંતોએ શુભાશુભ પરિણામ અને એનું ફળ કર્મ. એનો રાગ કરવો એટલે રુચિ કરવી અને એની અનુમોદના આદિ વાણી અને શરીર દ્વારા એના સંસર્ગનો ના પાડે છે. ભગવાન સંતો એનો નિષેધ કરવા માગે છે. સમજાણું કાંઈ?

શુભનો રાગ અને શુભનો સંસર્ગ, અશુભનો રાગ અને અશુભનો સંસર્ગ. આહા..હા..! આવી વાત આવી ચરણાનુયોગમાં વાત આવે અને એમાં એને કહે છે કે એ રાગનો સંસર્ગને.. એ આવે એ બતાવે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? કેમ પ્રકાશદાસજી! એને મહાવ્રત લઈ લેવા હતા સ્થાનવાસીમાં સાધુ થઈને. મહાવ્રત લઈને પછી અણુવ્રત. આંદોલન. ઓલા તુલસી કરે છેને? તેરાપંથી તુલસી. અણુવ્રત. આંદોલન. અજ્ઞાનીઓને અણુવ્રત આપે. હજી જૈનના વાડાની વાતને માને નહિ એને અણુવ્રત. આને કોને અણુવ્રત? આને ઈ કરવું હતું સાધુ થઈને સ્થાનકવાસી. .. રહી ગયા બિચારા આત્મધર્મ વાંચીને. ઓય મારા! આ તો માર્ગ બીજો લાગે છે. ન સમજાય એને શું થાય? આવી સ્થિતિ છેને. આહા..હા..!

કહે છે શુભની સાથે રાગ અને અશુભની સાથે સંસર્ગ. શુભભાવ વ્રતનો એ ઠીક છે એવું કંઈપણ અંદર ઠીક જાય. મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? '**રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો**

છે.' સમજાણું કાંઈ? એમાં શબ્દ ન આવ્યો. એ સ્વાધીનતાનો નાશ થાય છે એટલો શબ્દ મૂળ પાઠમાં છે. એનો અર્થ જ એ થયો. મૂળ પાઠમાં છેને. **'स्वाधीनः विनाशः' 'સ્વાધીનતાનો નાશ થાય છે...'** આહા..હા..! પોતાનો ઘાત પોતાથી થાય છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા, ગુણ આદિનો ભાવ એ મારો છે એમાં સ્વાધીનતાનો ઘાત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માટે એનો નિષેધ કરવામાં આવે છે. સ્વભાવ આનંદસ્વરૂપ એના આધીન થવું એને ઠેકાણે રાગને આધીન થવું એ પરાધીન દશા છે. એ સ્વાધીનતાનો નાશ છે. માટે તેનો નિષેધ કરવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪૮-૧૪૯

अथोभयं कर्म प्रतिषेध्यं स्वयं दृष्टान्तेन समर्थयते –

जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।
वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।।१४८।।
एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।।१४९।।
यथा नाम कोऽपि पुरुषः कुत्सितशीलं जनं विज्ञाय।
वर्जयति तेन समकं संसर्गं रागकरणं च।।१४८।।
एवमेव कर्मप्रकृतिशीलस्वभावं च कुत्सितं ज्ञात्वा।
वर्जयन्ति परिहरन्ति च तत्संसर्गं स्वभावरताः।।१४९।।

यथा खलु कुशलः कश्चिद्वनहस्ती स्वस्य बन्धाय उपसर्प्पन्तीं चटुलमुखीं मनोरमाममनोरमां वा करेणुकुट्टनीं तत्त्वतः कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति, तथा किलात्माऽरागो ज्ञानी स्वस्य बन्धाय उपसर्प्पन्ती मनोरमाममनोरमां वा सर्वामपि कर्मप्रकृतिं तत्त्वतः कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति।

હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છે :

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮
એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

ગાથાર્થ :— [यथा नाम] જેમ [कोऽपि] કોઈ પુરુષ [कुत्सितशीलं] કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા [जनं] પુરુષને [विज्ञाय] જાણીને [तेन समक] તેની સાથે [संसर्गं च रागकरणं] સંસર્ગ અને રાગ કરવો [वर्जयति] છોડી દે છે, [एवम् एव च] તેવી જ રીતે **[स्वभावरताः]** સ્વભાવમાં રત પુરુષો [कर्मप्रकृतिशीलस्वभावं] કર્મપ્રકૃતિના શીલ-સ્વભાવને [कुत्सितं] કુત્સિત અર્થાત્ ખરાબ [ज्ञात्वा] જાણીને [तत्संसर्गं] તેની સાથે સંસર્ગ [वर्जयन्ति] છોડી દે છે [परिहरन्ति] અને રાગ છોડી દે છે.

ટીકા :-- જેમ કોઈ કુશળ વન-હસ્તી પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી, તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી) મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ) બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.

ભાવાર્થ :— હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે, અને જો ચતુર હાથી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી બંધમાં પડી પરાધીન થઈને સંસારનાં દુઃખ ભોગવે છે, અને જો જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.

## પોષ સુદ-૧, શુક્રવાર, તા. ૦૫-૦૧-૧૯૭૩
## ગાથા-૧૪૮-૧૪૯, પ્રવચન-૨૭૫

... ચેષ્ટા તો છેને. અહીં કહે છે ભગવાન આત્મા કૂટણી હાથણીનો જેમ સંસર્ગ હાથી ન કરે એમ પુણ્ય અને પાપ પ્રકૃતિનો ઉદય એમાં જોડાણ એ ધર્મી ન કરે. ન કરે એનો અર્થ એમ ન લેતા '**सहा**' ભગવાન આનંદ પ્રભુ ધ્રુવનો સ્પર્શ કરીને જે અંતર આનંદ અતીન્દ્રિય સમ્યગ્દર્શનમાં આવ્યો છે એને વધારે આનંદના પરિણામને પ્રગટ કરવા. પ્રગટ કરવા એટલે? પ્રગટ થાય છે. એ ધ્રુવમાં સ્થિર થતાં વધારે આનંદના પરિણામ પ્રગટ થાય છે. એ સ્વભાવ એટલે આનંદરૂપી જેનો સ્વભાવ ભગવાન આત્માનો એમાં રત, લીન થતાં અરાગી જ્ઞાની થયો થકો. ભાષા જુઓને. આહા..હા..!

'**અરાગી જ્ઞાની થયો થકો...**' એમ કરીને પુરુષાર્થથી વાત કરે છે. પોતાના સ્વભાવ સન્મુખ જેને પર્યાયને વાળી છે એટલે સ્વભાવમાં રત છે. સ્વભાવમાં લીન છે. જેટલે અંશે એ સ્વભાવમાં લીન છે એટલે અંશે એને '**પોતાના બંધને માટે સમીપ આવતી...**' ઉદયમાં આવતી. એટલે આમ કર્મનો ઉદય છે એ જોડાણ ન કરતાં આ સ્વભાવ સમીપમાં જોડાણ થતાં એને પુણ્ય-પાપના ભાવ છૂટી જાય છે. એટલે ઉદય થતા નથી. આમ છે. સમજાણું કાંઈ? વિશેષ વાત છેને અહીં તો? દૃષ્ટિ ઉપરાંત અહીંયાં સ્થિરતાની વાત છે. દૃષ્ટિમાં તો ચૈતન્ય ધ્રુવ ભગવાન ધ્રુવને.. ઓલામાં એક આવ્યું હતું આગળ ... સ્થાનકવાસી કહે છેને 'ઢુંઢત ઢુંઢત ઢુંઢ લીયો સબ વેદ પુરાણ ઢુંઢત હૈ સબ એક હી ...' દયાને ધર્મ જોયો. એય..! એ શ્લોક આવે છે. 'ઢુંઢત ઢુંઢત ઢુંઢ લીયો સબ વેદ પુરાણ ઢુંઢત સબ હૈ એક પાવત બિન ઢુંઢે નહિ પાવત કોઈ' પછી કાંઈક શબ્દ ભૂલી ગયા. બધું વાંચેલુંને.

મુમુક્ષુ :- અંતમાં એ અર્થ કર્યો કે દયામાં ધર્મ.

ઉત્તર :- દયામાં ધર્મ. અહીં .. ધ્રુવને ધ્યેયમાં લઈને ધ્યાન કરતા જે પર્યાય પ્રગટ થાય તે ધર્મ છે. સમજાણું કાંઈ? 'ઢુંઢત ઢુંઢત' ધ્રુવને ઢુંઢ્યો. એ ગુજરાતી આવેને એટલે ઢુંઢત શબ્દ વાપર્યો છે. અહીં ઢુંઢત ઢુંઢત ધ્રુવને ઢુંઢ્યો. એ સત્ ઢુંઢી લીધું છે. વસ્તુસ્થિતિ તો એવી છે, બાબુભાઈ! આ બધા સ્થાનવાસી હોં આ ને આ ને આવડા આ બધા હતા. અમારે હિંમતભાઈ પણ સ્થાનકવાસી હતા. પોપટભાઈ સાથે પડિકમણા કરતાને. આહા..હા..! ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ. કહેશે પછી ૧૫૦. ૧૫૦માં છેને? '**एसो जिणोवदेसा**' એમ.

૧૫૦માં છે. એ જિનનો એ ઉપદેશ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એની એક સમયની પર્યાયમાં પૂર્ણ વીતરાગતા, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા જેને પ્રગટ થઈ છે એવા ભગવાનનો ઉપદેશ એ છે. કે વસ્તુ જે સ્વભાવ સ્વ-ભાવ. આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ. એમાં રત. એમાં લીન થયો થકો. પોતાના બંધને માટે. પછી આ લીધું. એ હોતું નથી એ સમજાવ્યું છે. સમજાણું કાંઈ?

'**પોતાના બંધને માટે...**' આ પરાધીન. ઓલું સ્વાધીન હતુંને? સ્વાધીન નહોતો શબ્દ?

મુમુક્ષુ :- સ્વાધીનતાનો નાશ.

ઉત્તર :- નાશ. પાઠમાં એ આવ્યું હતું. ૧૪૭.

'**બંધના કારણ હોવાથી...**' એ સ્વાધીનતાનો (નાશ) અર્થ કર્યો છે ત્યાં. પરાધીન થઈ જાય છે. છેને? '**શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી,...**' એ પરાધીન થઈ જાય છે. સ્વાધીનતાનો નાશ થાય છે.

મુમુક્ષુ :- એનો આ અર્થ કર્યો બંધનું કારણ થાય છે.

ઉત્તર :- હા, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્યારે પુણ્ય અને પાપને આધીન થાય છે તો સ્વાધીનતાથી ભ્રષ્ટ થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ કરતા તો ઓલા વ્રત પાળવા, દયા પાળવી, હિંસા ન કરવી એવું તો સમજાય. આવી માથાકૂટ કોણ કરે? ઘણા એમ કહે છે. આવું બધું કરવા એ કરતા કરીએ. વ્રત કરવા .. સમકિત થયા પછી વ્રત તો કરવા પડશેને? તો કરવા શું પડે સાંભળને. સ્વરૂપની સ્થિરતા ચારિત્ર થાય એ વખતે એને વિકલ્પ આવે એવા, પણ કરવા પડે નહિ.

મુમુક્ષુ :- કરવા પડે એમાં તો પરાધીનતા છે.

ઉત્તર :- પરાધીનતા છે. સમજાણું કાંઈ?

કહે છે એ બંધના કારણો છે શુભ-અશુભભાવ. એ ખરેખર તો પ્રકૃતિનો સ્વભાવ છે. ભગવાનનો સ્વભાવ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ બધો પરાધીનભાવ છે. છે. ૧૫૩માં એ શબ્દ છે. ૧૫૩. ૧૫૩ છેને? એમાં છે. '**અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ (હયાતી) હોવા છતાં...**' આ શુભભાવ છે. છતાં મુક્તિના માર્ગમાં એનો અભાવ છે. કારણ કે એ તો બધો રાગ અને વિકલ્પની મલિનતા છે. આહા..હા..! ભારે કામ આવું! ઈ અહીં કહે છે. '**આત્મા અરાગી જ્ઞાની થયો થકો...**' આ શબ્દમાં વસ્તુ છે આખી. ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ અને એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્ય પૂર, ચૈતન્યનું નૂર. એવો જે નિજ પોતાનો સ્વભાવ એમાં અંતર લીન થતાં કર્મના નિમિત્તથી જે પુણ્ય-પાપના ભાવ

શુભ-અશુભભાવ થાય એ એને થતા નથી. સમજાણું કાંઈ?

'(**ઉદયમાં આવતી**) **મનોરમ કે અમનોરમ...**' એટલે કર્મ પ્રકૃતિના તરફનું જોડાણ થતાં તે શુભભાવ થાય કે અશુભ થાય. એ બધાને '**પરમાર્થે બૂરી જાણીને...**' એટલે એ તો એ સમજાવ્યું છે. અંતર સ્વભાવમાં લીન થતાં એ ઉત્પન્ન થતા નથી. એને પરમાર્થે બૂરી જાણીને. ઉપદેશ તો કઈ શૈલી છે આ? '**તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.**' અરાગી જ્ઞાની થયો થકો રાગનો પરિચય અને રાગમાં તેનું વલણ હોતું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એનું નામ કર્તા

ઉત્તર :- એનું નામ કર્તા.. એનું નામ છોડે છે. સમજાણું કાંઈ? અરે..! ભારે વાતું, ભાઈ! લખાણમાં અર્થ બીજા પાછા કરે. ત્યારે એ વાત બેસે એને. એના બધા અર્થ ફેરવી નાખે એમ કહે છે. ભાઈ! આ તો સત્ય વાત. વસ્તુની સ્થિતિ હોય એવા અર્થ થાયને? એથી ઉલટા થાય? અહીં શું કહ્યું જુઓ, કે '**અરાગી જ્ઞાની થયો થકો...**' હવે થયો થકો જ્યાં થયો એને વળી છોડવું ક્યાં રહ્યું?

મુમુક્ષુ :- અરાગી એ જ્ઞાની થઈ ગયો. પછી છોડવું શું રહ્યું?

ઉત્તર :- થઈ ગયો. છોડવું શું રહ્યું? આહા..હા..! પણ એને સમજાવે છે કે આ રીતે થાય ત્યારે તેમાં પુણ્ય અને પાપના ભાવ છૂટી જાય છે. છૂટી જાય એટલે ઉદય થતાં નથી, એટલે પ્રગટ થતાં નથી. એમ સમજાવે છે. આહા..! એવી શાસ્ત્રની શૈલી છે. હાથી જેમ સારી રીતે ખરાબ કૂટણીને બૂરી જાણીને તેની સાથે રાગને સંસર્ગ કરતો જ નથી. એટલે કે તેના સમીપમાં જાતો જ નથી હાથી એમ. જાતો જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમ વનનો હાથી જેવો ભગવાન આત્મા, સ્વતંત્ર આત્મા પોતાની વીતરાગી પર્યાય કરવામાં પોતે સ્વતંત્ર કર્તા છે. કેમકે એનામાં કર્તા નામનો એક અનાદિ-અનંત એક ગુણ છે. સમજાણું કાંઈ? બેય જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે, અવિનાશી. એમ એ કર્તા ગુણ અવિનાશી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૭માં આવે છે. વળી ઈ આવી ગયું. .. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ગુણ છે અંદર. અનાદિ હોં. પણ એ ગુણનો ધરનાર જે ગુણી દ્રવ્યસ્વભાવ એની અંતર દૃષ્ટિ થતાં તે ગુણ કર્તા નામનો ગુણ પરિણમીને નિર્મળ પર્યાયનો એ કર્તા થાય છે. થાય છે, પરિણમે છે. પરિણમે તે કર્તા એમ હોં. પરિણમન છેને એનું વીતરાગી-અરાગી એથી એનો એ કર્તા કહેવામાં આવે છે. કરું છું એમ નહિ, પણ પરિણમે તે કર્તા એ વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ?

એ બંધને માટે સમીપમાં આવતી. એ પોતે સમીપમાં આવતીનો અર્થ? આહા..હા..! એ ઉદય તરફના જોડાણ થઈને સમીપમાં જતો હતો આમ એ એણે છોડી દીધું છે. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટતા! '**પોતાના બંધને માટે સમીપ આવતી...**' શું? મનોરમ કે અમનોરમ

શુભ-અશુભ બધી કર્મ પ્રકૃતિ. એટલે કે કર્મનો સ્વભાવ જે પ્રકૃતિ ઉદય આવતી હતી એ ઉદય ક્યારે કહેવાય? કે એમાં જોડાણ થયું તો. સમજાણું કાંઈ? આહા..હા..! '**બંધને માટે સમીપ આવતી...**' એ સમીપ આવતી એટલે આવી ગઈ હતી? ભાષા શું કરે? ભાષાથી સમજાવવું એટલે કે અંતરમાં જ્યાં દૃષ્ટિ કરતા એ ધ્રુવમાં જ્યાં એકાગ્ર થાય છે, પરિણામ જ્યાં ધ્રુવમાં લીન થાય છે ત્યાં તેને ઓલો ઉદય આવવાનું સમીપપણું હતું એ ગયું છે. એ સમીપ આવતી હતી એને છોડે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ગયો જ નથી તો.

ઉત્તર :- ગયો જ નથી. એ હાથી હાથણી પાસે ગયો જ નથી. સમજાણું કાંઈ? એ સંસર્ગ નથી કરતો એનો અર્થ શું થયો? કાયાથી નહિ, મનથી નહિ અને વચનથી નહિ. ત્રણ આવે છે ભાઈ એમાં જયસેનાચાર્યમાં. કાયાથી સંસર્ગ, મન વચન નહિ અને ચિતગત રાગ નહિ. આ ત્રણ આવે છે. ત્રણ આવે છે. પહેલા બે આવ્યા હતા ઓલા રાગ..

આ તો વીતરાગની વાણી છે. આ કોઈ કથા-વાર્તા નથી. સમજાણું કાંઈ? એને સમજવા માટે ઘણી પાત્રતા જોવે. એમ ને એમ સમજાય જાય? અનંતકાળ થયા. જૈનના વાડામાં જન્મ્યો, જૈનનો સાધુ દિગંબર થયો, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. પાળ્યા એ રાગ હતો એને પાળ્યા. મિથ્યાદૃષ્ટિ રહ્યો. સમજાણું કાંઈ? સ્વભાવને ટાળ્યા અને રાગને પાળ્યા. એવું છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિ નગ્ન દિગંબર હોં મુનિ. એને દ્રવ્યલિંગી કહીએ. વસ્ત્રવાળાને તો દ્રવ્યલિંગ પણ નહિ. અને દ્રવ્યલિંગી પણ જેનું વ્યવહાર આચરણ આગમ પ્રમાણે બરાબર હોય, નિર્દોષ આહાર-પાણી લેતો હોય. વ્યવહાર જેની પ્રતીતિ, શ્રદ્ધા બરાબર હોય અને અઠ્યાવીશ મૂળગુણ બરાબર હોય એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. એવા દ્રવ્યલિંગમાં અનંતવાર ગયો. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયકે ગયો તો...

ઉત્તર :- ... 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તો શું થયું? અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રત દુઃખ હતું. વિકલ્પ એ તો દુઃખ છે. પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ છે, આકુળતા છે.

મુમુક્ષુ :- એ આકુળતા...

ઉત્તર :- નથી નીકળતું એમાં? તમે તો પંડિત છો. તમે તો હુશિયાર પંડિત છો. પંડિતમાં પણ હુશિયાર પંડિત છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો? કે ધ્રુવનું ધ્યાન કરીને દૃષ્ટિ પ્રગટ કરી નહિ. તેથી તેને આનંદનો અંશ પણ આવ્યો નથી. એ પંચ મહાવ્રતના પરિણામ બાર વ્રત કે ... એ બધું દુઃખ. આહા..હા..! કહો, જેઠાભાઈ! શું હશે આ ઉના પાણી પીવા. જેઠાભાઈ બહુ કરે છે એવું ક્રિયાકાંડ. ઉના

પાણી પીતા. સાથે પાણી રાખે. માટલું રાખે માટીનું. ઢાંકણું સમજો છો? કમંડળ નહિ .. રાખે. સિક્કા જેવું. એમાં ઉનું પાણી રાખે. એ .. હતા. પ્રશ્ન કર્યો હતો. શ્વેતાંબરમાં ૫૦ સૂત્ર શીખ્યા છે. કોઈ જવાબ આપો. આપણા શ્વેતાંબરમાંથી મળે તો શ્વેતાંબર છોડવો નથી. એય..! જેઠાભાઈ! હતું કે નહિ તે દિ'? ૫૦ પ્રશ્ન. આહા..હા..!

કહે છે એ '**મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ) બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...**' બુરી તો સમ્યગ્દર્શન થયું છે ત્યારથી જાણી છે. પણ અંતર હવે લીન થાય છે અને એ બાજુના ભાવમાં જોડાતો નથી. એવું છે, ભાઈ! '**બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.**' એટલે કે રાગ અને સંસર્ગ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ વાતું તો બાપુ અંદરની છે. એકલા બહારના મોઢા દેખે, શાસ્ત્ર ભણે કાંઈ હાથ આવે એવું નથી. શાસ્ત્રમાં કઈ અપેક્ષાના કથન? એમાં કઈ અપેક્ષાનો અર્થ કરવો? કઈ રીતે મેળ ખાય? એ બધી વાત અહીંયાં શાસ્ત્ર પણ એને ઉંધી દૃષ્ટિપણે પરિણમી જાય. આહા..હા..! અહીં તો આમ કહ્યું કે અરાગી જ્ઞાની થયો થકો. આને છોડે. ત્યાં છોડે એમ છે? સમીપમાં જાતો હતો તે અટક્યો? સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપનો અધિકાર ચાલે છે. શેઠ! આ શુભ અને અશુભભાવ હોં. ઓલું તો ઝેર છે એમ કહે છે. આ પુણ્યના ફળ છેને ધૂળ એ તો .. આ પૂર્વના પુણ્ય હોયને આ પૈસા હોયને પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ એની પાસે કાંઈ ગણતરી પણ ન મળે.

મુમુક્ષુ :- લોકો તો ...

ઉત્તર :- એ તો ઝેરમાં ઝેર. ઝેરનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞેય છે. જ્ઞેય આ ઠીક નથી કે એવું જ્ઞેયમાં છે? એ તો જ્ઞેય એક બસ. તીર્થંકરથી માંડીને નરક અને નિગોદ બધા છ દ્રવ્ય તો જ્ઞેય છે. એમાં દ્રવ્ય-ગુણ પર્યાય જ્ઞેય છે. એમાં કોઈ આ ઠીક અને અઠીક એવા ભાગલા બે જ્ઞેયમાં નથી. છે? એ ઠીક-અઠીક ભાગલા પાડે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

ઈ અહીં કહે છે કે ઠીક-અઠીકનો જે વિકલ્પ હતો, દૃષ્ટિમાં તો ઠીક શુભ છે એ તો છૂટી ગયું છે. સમજાણું કાંઈ? પણ જે અસ્થિરતાનો જે વિકલ્પ હતો જરી એ પણ સ્વભાવમાં લીન થતાં એ અસ્થિરતા ઉત્પન્ન થતી નથી. આહા..હા..! નિમિત્તથી કથન છેને વિશેષ તો. પોતે મુનિપણાથી મુનિ છેને પોતે? બીજી ગાથાથી એ જ ઉપાડ્યું છેને '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' બીજી ગાથા.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

કેવળી અને શ્રુતકેવળી બેયે કહેલું કહેશે. એમાં પણ તકરાર કરે છે. કે શ્રુતકેવળી એકલો શબ્દ પડ્યો છે. પણ ટીકામાં તો એમ છે કે શ્રુતકેવળી અને કેવળી બેયે કર્યું એમ કર્યું ટીકામાં

તો અમૃતચંદ્રાચાર્ય તો. સમજાણું કાંઈ? બાપા! તત્ત્વની વાતુંની ખબર ન મળે તકરારું કરે બધી. શ્રુતકેવળી શબ્દ છેને? એમાં શ્રુતકેવળીની જ વાત છે. એમ કે તમે કેવળી એમાંથી કાઢો છો ક્યાંથી? પણ અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું છે કે શ્રુતકેવળી અને કેવળી બે. છે એમાં? બધું ક્યાં બતાવીએ? જોઈ લેવું જોવું હોય તો. સમજાણું કાંઈ? પહેલી ગાથા. ...

જુઓ, '**સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને...**' છે? '**કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી...**' એમાં છે ઈ. બે ચોખ્ખા શબ્દ છે. બે છે અને આ નિયમસાર છેને એમાં તો કેવળી, શ્રુતકેવળી ભણીયં છે. નિયમસાર છેને એમાં ચોખ્ખા શબ્દ છે. કેવળી-શ્રુતકેવળી ભણીયં. એ તો આચાર્યની ... જુઓ, નિયમસાર છેને જુઓ.

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।**

ત્યાં કેવળીએ કહેલું, શ્રુતકેવળીએ કહેલું કહેવામાં આવશે. બે શબ્દ લીધા છેને. એ બધા અહીં છે. તકરાર-તકરાર. વાંધા એવા માણસને. વાંધા... વાંધા... વાંધા... વાંધા તોડવાની વાતું ત્યાં વાંધા.

અહીં કહે છે અજ્ઞાની આત્માના ભાન વિનાનો, અંતરના સ્વભાવમાં વલણ વિનાનો એ કર્મના નિમિત્તનો ઉદય આવે તેમાં જોડાતો એટલે પુણ્ય અને પાપનો વ્યભિચાર પરાધીનતા થતી (હતી) એ ધર્મી સ્વભાવની દૃષ્ટિ કરીને અંતર લીન થતાં તે પરાધીનતા ઉત્પન્ન થતી નથી એને છોડે છે એમ કહેવામાં આવ્યું છે. કહો, અમરચંદભાઈ! આવું છે. '**તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.**' સ્વભાવમાં અરાગીપણું છે એથી રાગ થતો નથી. અહીં પરિચયમાં અહીં છે સ્વભાવમાં તેથી ત્યાં સંસર્ગ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? મારે આરે આવું બધું. નવરાશ હોય, નિવૃત્તિ હોય, તો માંડ સમજાય એવું છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નવરાની વ્યાખ્યા એ છે કે ઉંધા આગ્રહને છોડે એ નવરો કહેવાય. આહા..હા..! કહો, પંડિતજી! શબ્દાર્થ કેવો છે અને એનો અર્થ કેવો થાય છે? આહા..હા..! પ્રભુ રખડીને મરી ગયો ચોર્યાસીના અવતારમાં હોં. એની એને ખબર નથી. એને દુઃખ કેટલા થયા? આહા..હા..! એ મિથ્યા શ્રદ્ધાને લઈને, સૂક્ષ્મ શ્રદ્ધા મિથ્યાત્વ હોં. એ અંદર પરિણામનું કર્તાપણામાં રોકાવું એ પણ મિથ્યાબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. પરિણામ હોં પર્યાય. આહા..હા..! એના ઠેકાણે પુણ્યના પરિણામ કરવા અને એને ધર્મ માનવો એ તો મોટું મહા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને એ મિથ્યાત્વમાં તો અનંતા ભવ નરક-નિગોદના કરવાની તાકાત

છે. અહીં ભલે અત્યારે શેઠિયો કે રાજા દેખાય, પણ એ મિથ્યાત્વમાંથી બાપુ એ તો... એ મિથ્યાત્વનું આરાધન એ તો નિગોદનું આરાધન છે. નિગોદમાં જવાના એ. અલ્પકાળમાં હોં. આહા..હા..! અને આત્માનું આરાધન એ અલ્પકાળમાં કેવળ પામવાના. સમજાણું કાંઈ? એમ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? અહીં નમો અરિહંતાણં કરે શેઠ! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... અર્થની કાંઈ ખબર ન મળે. અમારા શેઠિયાને તો અહીં પૈસા રળવા અને આ દેરાસર જઈને પૂજા કરવી અને કાંઈક પાંચ હજાર આપે દસ હજાર. થઈ રહ્યું જાવ ઓહો..હો..! ધર્મી ભારે થઈ ગયા. એય..! ..ભાઈ!

મુમુક્ષુ :- શ્રાવક શિરોમણી થઈ જાય

ઉત્તર :- ખબર છેને. શ્રાવક શિરોમણી પચાસ હજાર આપ્યા તો શિરોમણી થઈ ગયા. શ્રદ્ધામાં તો કાંઈ ઠેકાણા નથી. ત્યાં ગયા હતાને શિખરજી. ... બહાર ઉતર્યા હતા. દૂર આઠ માઈલ મકાન નહિ? ... ત્યાં આવ્યા હતા. મહારાજ! ... કૈલાસચંદજી. મહારાજ! આટલા બધા દિવસ તમે અમારા ... એમ વાત કરતાં-કરતાં અજૈનમાં પણ ધ્યાનનું છે. ધૂળેય નથી કીધું. હજી જૈનના દિગંબર .. શ્વેતાંબરમાં જન્મ્યા (અને) ઠેકાણા નથી તો. શું કહે છે?

મુમુક્ષુ :- સમજાણું નહિ? જૈનમાં શું છે?

ઉત્તર :- અજૈનમાં પણ કાંઈક ધર્મધ્યાન કરવાનો વિષય છે. શાહુજી. શાહુજી. ... અમારે ક્યાં પૈસા-પૈસા લેવા છે કાંઈ? તમારા ફતેપુરમાં. આવ્યા હતા. ... બે-ચાર હતા. ... અરેરે..! કીધું શાહુજી. આ સમાજમાં જ્યાં હોય ત્યાં મોટપ-મોટપ લઈને ... સમાજમાં મોટા કરે ત્યાં અરે..! આ તે શું છે? અને તમારી શ્રદ્ધા શું ખબર છે? અજૈનમાં જૈનમાં ઠેકાણા નથી કાંઈ. સમજાણું? લોકો તો... માણસ નરમ. .. ખુલાસો હોં. કેમ કહેવાનું મન થઈ ગયું? અડધો કલાક સાંભળ્યું. મહારાજ! ... અહીં કાંઈ અમારે પૈસા ઉઘરાવા છે? પૈસાવાળા ખુશી થાય તો ખરડો કરે. ખરડો શું? ચંદા. .. એટલો પણ ... જીવન ચાલ્યા જાય છે ભાઈ! અને જ્યાં ત્યાં પૈસાવાળાને મોઢા આગળ સમાજમાં મુખ્ય બનાવે, ખુરશી આપે પહેલી અને કાંઈક પાંચ હજાર લેવા હોય તો તમે આવા ને આવા. એમાં કાંઈ વળશે નહિ. ધૂળેય નથી. એમાં જિંદગી ચાલી જાય છે. અરેરે..! બાપુ! .. શ્રદ્ધા કેવી એ તો ખબર નથી. અજૈનમાં અને જૈનમાં બેમાં ધ્યાન છે. ધૂળેય નથી કીધું. ... આહા..હા..! અરેરે..! ભગવાન! આવો સમય મળ્યો. ભાઈ! જો સાચી દૃષ્ટિ નહિ કરે અને ખોટી દૃષ્ટિમાં .. પડ્યો છે. તે ભવ નહિ ઘટે અને ભવ વધી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.'** એટલે એ ઉત્પન્ન થતું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! પહેલું યથાર્થ જ્ઞાનમાં તે વાત નક્કી તો કરે. સમજાણું કાંઈ? ધ્રુવનું નક્કી તો જ્ઞાનમાં, પર્યાયમાં જ થાય છેને? કાંઈ ધ્રુવનું નક્કી કાંઈ ધ્રુવમાં થતું નથી. ધ્રુવ

અભેદ અખંડ હું છું એમ કહે. પણ હું છું એ કોણ કહે, જાણે કોણ? અરે..! આહા..હા..! સમજાણું કાંઈ? '**બધીયે કર્મપ્રકૃતિને...**' જુઓ, એકસો અડતલાસી કર્મપ્રકૃતિ છે એ '**બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...**' આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન ચીજ એવી મોંઘી છે અને એવી ફળદાયક છે. કે જેના ફળ કેવળજ્ઞાન છે. આહા..હા..! એ ચીજ જ બાકી રહી ગઈ. બાકી તો બધું કર્યું એણે. સમજાણું કાંઈ? શાસ્ત્રના જ્ઞાન કર્યા, ક્રિયાઓ ચામડા ઉતરીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી ક્રિયાઓ કરી છે એણે. સમજાણું કાંઈ? છ-છ મહિનાના અપવાસ, બે-બે મહિનાના સંથારા. સંથારા સમજો છો? સંથારો નથી સમજતા? સંલ્લેખના. બે-બે મહિના. ઝાડની ડાળ પડી હોય એમ પડ્યા રહે. દૃષ્ટિની, તત્ત્વની વસ્તુ છે ધ્રુવ ઉપર દૃષ્ટિ નથી. એ બધી ક્રિયાકાંડ ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં મન, વચન અને કાયા ત્રણ આપ્યા છેને? એટલે મનથી પણ રાગને સારો ન જાણવો, વાણીથી કહેવું નહિ, કાયાથી એનું અનુમોદન સંસર્ગ કરવું નહિ. તો ખરેખર તો કરવું, કરાવવું અને અનુમોદન ત્રણે આવી ગયા. શુભભાવ, કર્મ કરવાયોગ્ય છે, કરાવવાયોગ્ય છે અને કરતો હોય એને ઠીક છે. એ નવ નવ કોટીએ ત્યાગ છે રાગનો. આહા..હા..! દૃષ્ટિમાં તો આવી વાત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :— હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો તે હાથણીરૂપી કૂટણી સાથે...**' .. કરે પણ એ હાથીને શીખવ્યું હોય કે આમ-આમ કરીને હાથીને લાવજો પાછળ-પાછળ. નાખે ખાડામાં પછી મોટો. ખાડો હોયને ઉંડો એમાં લાકડા પાતળા માથે હોય અને એના ઉપર લૂગડું પાથર્યું હોય એટલે ખાડો ઢંકાઈ ગયો હોય. ખાડો સમજ્યાને? ખડ્ડા. એમાં હાથી ચીતરામણી હોયને એ હાથી એની ઉપર પગ મૂકવા જાય ત્યાં ગયો ખાડામાં. આહા..હા..! એમ પુણ્ય અને પાપની ખાડમાં પ્રેમ કરીને પડે મરી જાય છે. સમજાણું કાંઈ? '**હાથી કામાંધ થયો થકો તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી પકડાઈ જઈને...**' લ્યો આ પરાધીન આવ્યું આમાં હોં. ઓલું આવ્યું હતુંને સ્વાધીનતાનો નાશ? '**પરાધીન થઈને દુઃખ ભોગવે છે,...**' પછી ખાડામાં મહિના-મહિના, બબ્બે મહિના આહાર ન આપે. આહા..હા..! સમજાણું? ઓલા ત્યાં છેને શું કહેવાય? વાઘ-વાઘ. મેસુર-મેસુર. મેસુર. એમાં વાઘ છેને વાઘ? વાઘણી. અમે ગયા હતા. ત્યાં વ્યાખ્યાન થયું હતું. હાથ મૂકો... એમાં એક સિંહ ફરતો હતો વાઘ. પણ બિચારા .. ખાવા-પીવા ઓછું આપે. એમાં ફોટોગ્રાફર આવ્યો. વાઘ ઉપર હાથ મૂકો. ફોટો પાડવો છે કહે. ... થઈ ગયેલા. હાથ મૂક્યો માથા ઉપર. એનો માણસ ઉભો હતો. ઉં..ઉં.. કર્યું તો ભાઈ સામુ જોયા વિના.. આમ હાથ મૂક્યો ... પણ એ બિચારાને માંસનો ખોરાક નહિને... એ બધા કરમાઈ ગયેલા એમ પરાધીન અનાદિથી પુણ્ય અને પાપમાં પરાધીન થઈ ગયેલા.

શાંતિ બધી હણાઈ ગયેલી. આહા..હા..! જેની દશામાં ગરીબાઈ પ્રગટી છે. દીનતા પ્રગટી છે. આહા..હા..! રાગના લોભી, પુણ્યના લોભી દીન છે. ભિખારી છે. આહા..હા..!

અહીં કહે છે '**તેથી પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે, અને જો ચતુર હાથી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી;...**' જાય તો નહિ, પણ સામું જોવે નહિ. આહા..હા..! પરાધીન છે. '**સંસર્ગ કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને...**' એ શુભ અને અશુભભાવ બધા સારા, અશુભ સારો. આહા..હા..! એ બાર વ્રત અને પાંચ મહાવ્રતના પરિણામ સારા એમ અજ્ઞાની માનનાર છે. '**ચતુર હાથી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને...**' એ તો કર્મપ્રકૃતિ છે. '**कम्मपदेसट्ठिदं**' આવે છેને બીજી ગાથામાં? બીજી ગાથામાં. '**जीवो चरित्तदंसणणाणठिदो**' આમ લીધું છે હોં. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મામાં સ્થાપે એમ ન લીધું. પણ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપે, આવે છે. આમ આવે છે એમ કીધું. એ તો એની છે એ કથનપદ્ધતિ. '**जीवो चरित्तदंसणणाणठिदो**' જીવ આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આમ આવે છેને? એનો અર્થ ઈ પર્યાય ત્યાં ઢળી તે આમ આવ્યો છે એમ કહેવામાં આવે છે. '**पोग्गलकम्मपदेसट्ठिदं**' પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં સ્થિત. '**जाण परसमयं**' ઈ આ પુદ્‌ગલકર્મ. એટલે રાગાદિ છે એ પુદ્‌ગલ કર્મ જ છે ખરેખર. સમજાણું કાંઈ? આહા..હા..! એ દયા, દાનના પરિણામ, વ્રત, પૂજા, ભક્તિના, ખરેખર તે પુદ્‌ગલના પરિણામ છે.

એ '**કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ...**' પ્રેમ કરે છે, એકત્વ થાય છે '**તથા સંસર્ગ...**' વારંવાર પરિચય કરે છે. '**તેથી બંધમાં પડી પરાધીન થઈને સંસારનાં દુઃખ ભોગવે છે,...**' દુનિયાને પ્રતિકૂળ સંયોગ હોય એ દુઃખ લાગે છે. એ દુઃખ નથી. સંયોગ તો જ્ઞેય છે. દુઃખ તો એની દૃષ્ટિમાં વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ દુઃખ છે. દુઃખનું વાચ્ય તો એ ભાવ છે. પ્રતિકૂળતા અજ્ઞાની દેખીને આ... એમ માને છે કે આ દુઃખ છે. વીંછી કરડ્યો એ દુઃખ નથી. એ તો જ્ઞેય છે. પણ એમાં એકાકાર થઈ રાગમાં અને આ... એ રાગમાં એકાકારનું એને દુઃખ છે. સમજાણું કાંઈ? વીંછીના કરડનું દુઃખ એને અડતું પણ નથી જીવ એને. એ તો જડ છે. અડે કેમ? આહા..હા..!

અહીં કહે છે કે સંસારના દુઃખ પરાધીન પરમાત્મા પોતે ત્રણ લોકનો નાથ અજ્ઞાન અને રાગને હરનાર એવી તાકાતવાળું તત્ત્વ એ અજ્ઞાન અને રાગમાં રહીને દુઃખ ભોગવે છે. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છેને શેઠ! સવારનું બહુ ઝીણું હતું. મેં કહ્યું હતું પહેલેથી. જાડું-જાડું સાંભળ્યું હોય ત્યાં અમદાવાદમાં, વઢવાણ અને કાંસમાં. ત્યાં ગુજરી ગયા હતાને ભાઈ નહિ? છોટાભાઈ. ... ત્યાં વઢવાણ સુરેન્દ્રનગર. ખબર છે. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા એક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામમાં પરાધીન થાય છે એ મિથ્યાદૃષ્ટિ

વિપરીત થાય છે. બહુ આકરું લાગે હોં માણસને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ માર્ગ જુઓને આવો અમને છોડાવે છે. સર્પ પકડ્યો છેને એને છોડાવે છે. રાડ નાખે આહા..હા..! .. એમ પુણ્યના ભાવને પકડ્યા છેને દૃષ્ટિથી.

મુમુક્ષુ :- એ સર્પ છે?

ઉત્તર :- ઝેર છે. સર્પ તો એક દેહ છોડાવે. આ પુણ્યના પરિણામની મીઠાશ તો અનંત દેહને ઉજાડે છે નરક અને નિગોદના. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી બંધમાં પડી...'** દેખો, ભગવાન આત્મા અબંધસ્વરૂપ, મુક્તસ્વરૂપ એ પુણ્યથી બંધાય છે. આહા..હા..! એ બંધાય. એમ કે પુણ્ય બંધાય છેને એમ કહે. પુણ્ય બંધાય છેને. પણ બંધાય છે એનો અર્થ કે તારું અબંધ તત્ત્વ રોકાઈ ગયું છે. આહા..હા..! આવે છેને એ પુણ્ય બાંધે છે. આવે છે ગાથા. **'તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.'**

## ગાથા-૧૫૦

अथोभयं कर्म बन्धहेतुं प्रतिषेध्यं चागमेन साधयति –

रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।
रक्तो बध्नाति कर्म मुच्यते जीवो विरागसम्प्राप्तः।
एषो जिनोपदेशः तस्मात् कर्मसु मा रज्यस्व।।१५०।।

यः खलु रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् विरक्त एव मुच्येतेत्ययमागमः स सामान्येन रक्तत्वनिमित्तत्वाच्छुभमशुभमुभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति, तदुभयमपि कर्म प्रतिषेधयति च।

---

હવે, બન્ને કર્મો બંધનાં કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :--

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

ગાથાર્થ :— [रक्तः जीवः] રાગી જીવ [कर्म] કર્મ [बध्नाति] બાંધે છે અને [विरागसम्प्राप्तः] વૈરાગ્યને પામેલો જીવ [मुच्यते] કર્મથી છૂટે છે -[एषः] આ [जिनोपदेशः] જિનભગવાનનો ઉપદેશ છે; [तस्मात्] માટે (હે ભવ્ય જીવ !) તું [कर्मसु] કર્મોમાં [मा रज्यस्व] પ્રીતિ રાગ ન કર.

ટીકા :— 'રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે' એવું જે આ આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

## ગાથા-૧૫૦ ઉપર પ્રવચન

'હવે, બન્ને કર્મો બંધનાં કારણ છે...' ચાહે તો શુભભાવ હોય કે અશુભ હોય. 'નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :—' જોયું? ભગવાનના આગમમાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'विहितं' એમ કહ્યું છે. કળશમાં કહેશે. 'विहितं शिवहेतुः' જ્ઞાનને શિવહેતુ કહ્યો છે ભગવાને. રાગને શિવહેતુ નથી કહ્યો. વિધિની આ વિધિ સાચી છે. છેને કળશ છે. ઈ. 'शिवहेतुः विहितं' સર્વ કર્મને નિષેધ્યો છે ભગવાને. આહા..હા..! બન્ને કર્મો પુણ્ય અને પાપ બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે. એમ આગમથી ભગવાનની વાણીમાં એ આવ્યું છે. ગણધરોએ આગમમાં એમ ગુંથ્યું છે. ગણ સંતના નાયક એવા ગણધર. ચૌદ પૂર્વની રચનામાં આ રચના આગમમાં કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપનો નિષેધ કરીને ભગવાને આત્માના અંદરનો આશ્રય કરવો એ 'शिवहेतुः विहितं' એ વિધિ ભગવાને કીધી છે. આ વિધિ ભગવાને નિષેધી છે. ગાથામાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ-૨, શનિવાર, તા. ૦૬-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૫૦, કળશ-૧૦૩-૧૦૪, પ્રવચન-૨૭૬**

પુણ્ય-પાપ અધિકાર. 'હવે, બન્ને કર્મો...' એટલે બન્ને કાર્યો જે શુભોપયોગ અને અશુભોપયોગ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ પરિણામ અને હિંસા, જૂઠું, ચોરી વિષય પરિણામ બેય બંધના કારણ છે. '**અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ** કરે છે :' સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ એ છે એમ કહે છે. 'आगमेन साधयति' પાઠ છેને.

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।**
**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.**

'**ટીકા :- રાગી અવશ્ય કર્મ બાંધે...**' ચાહે તો એ શુભરાગ હોય કે અશુભરાગ હોય. એ જરૂર કર્મબંધનનું કારણ છે. વ્રતના પરિણામ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના ભાવ. શાસ્ત્રની સેવા, વાંચન, મનન, શાસ્ત્ર બનાવવા વગેરેનો જે વિકલ્પ છે એ બધો રાગ છે. એ જરૂર કર્મબંધનનું કારણ છે. કથંચિત્ એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજી લેવું શું? એમ સમજી લેવું કે અવશ્ય કર્મબંધન છે અને મોક્ષનું કારણ નથી એમ સમજી લેવું. એમ અનેકાંત છે.

'**રાગી અવશ્ય કર્મ બાંધે...**' પુણ્ય-પાપનો વિકલ્પ ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હોય, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હોય, ચાહે તો વિષય-કષાય, રાગ-દ્વેષાદિના પરિણામ હોય, એ બધો રાગ છે, વિકાર છે, વિભાવ છે. જરૂર એને કર્મ બંધાય છે. વિરક્ત-વૈરાગીની વ્યાખ્યા છે. એ શુભ અને અશુભ બેય રાગથી વિરક્ત છે. એને અહીંયાં વૈરાગી કહેવામાં આવે છે. પાઠ છેને જુઓને. '**मुच्चदि जीवो विरागसंपत्तो।**' વૈરાગ્ય પ્રાપ્ત એટલે? જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન આત્મા, એના આશ્રયે જતાં પુણ્ય અને પાપના રાગથી જે વિરક્ત થયો છે એ કર્મથી મૂકાય છે. એને વૈરાગી કહીએ. આમ બહારથી બાયડી, છોકરા, કુટુંબ છોડે અને રાજ (રાણી) છોડે હજારો, બાળ બ્રહ્મચારી હોય એ કાંઈ વૈરાગ્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ છૂટ્યો નથી. છૂટે તો ક્યારે? એ શુભ અને અશુભ બંને રાગ બંધના કારણ છે એમ જાણી સ્વભાવના શરણે જઈ પુણ્ય-પાપના રાગને એકરૂપ બંધન જાણી ત્યાંથી પાછો ફરે એને વૈરાગી અને વિરક્ત રાગથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છેને પાઠ જુઓને. વિરક્ત નામ વૈરાગી, વિરાગી, વૈરાગી. જેને શુભ અને અશુભ રાગ બેય બંધના કારણ જાણ્યા છે. જેને પરતરફના ઉત્સાહનો રાગ જેને અટકી ગયો છે. અને સ્વસ્વભાવ તરફના ઉત્સાહનું વીર્ય જ્યાં અંતર એકાગ્ર થયું છે. એને '**વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે**'' છે. લ્યો બે વચન ટૂંકા કહ્યા. વિકલ્પની લાગણી ચાહે તો શુભ હો કે અશુભ હો એ બંધનને પામે છે અને રાગથી વિરક્ત, રાગથી રત, રાગથી વિરક્ત બે શબ્દ વાપર્યા છે. જેને પુણ્ય અને પાપના રાગમાં પ્રેમ છે, એકાગ્રતા છે એ સંસાર છે, એ મિથ્યાત્વ છે અને એનાથી કર્મ બંધાય છે. સમજાણું?

મુમુક્ષુ :- આ રાગ ક્યો?

ઉત્તર :- આ દયા, દાન, વ્રત આદિના પરિણામ રાગ. મિથ્યાદષ્ટિનો. રાગથી બંધાય એ મિથ્યાદષ્ટિ. પછી જે વિરક્ત થાય એ સમ્યગ્દષ્ટિ. સમજાણું કાંઈ? જેની દષ્ટિ વર્તમાન શુભ અને અશુભ રાગ ઉપર પડી છે એ રાગી છે. મિથ્યાદષ્ટિ છે. એ કર્મથી બંધાય છે. અને રાગના પરિણામથી બંધના ભાવથી છૂટી. છૂટીનો ઉપદેશ છે એમ છેને. વિરક્તનો અર્થ સ્વભાવ સન્મુખમાં જ્યાં લીનતા થાય છે. સમ્યગ્દષ્ટિની દષ્ટિ જ્યાં ધ્રુવ ઉપર પડી છે ત્યાં એ અંદર ઉગ્રપણે સ્વભાવનો આશ્રય લે છે ત્યારે એને રાગથી વિરક્ત થઈ જાય છે. એને અહીંયાં વૈરાગ્યસંપન્ન કર્મથી મૂકે છે એમ કહેવામાં આવે છે. આમ છે એ વાત. તેથી આચાર્યને કહેવું પડ્યું છે કે '**जिणोवदेसो**' ભગવાનનો ઉપદેશ છે, ભાઈ! પાઠમાં એ છે અને અહીં આગમ વચન છે એટલું કહ્યું. પાઠમાં '**जिणोवदेसो**'. જિનનો ઉપદેશ છેને? ઉપદેશ એટલે આગમ. વીતરાગ ત્રિલોકનાથની વાણીમાં જે આગમ કહ્યા તે આગમમાં તો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

'**जिणोवदेसो**' વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેને પુરો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, પૂર્ણ શાંતિ, પરમેશ્વરતા પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે. એનું આ વાક્ય છે. આ કાંઈ અમારા વાક્ય નથી. આ કુંદકુંદાચાર્ય ભગવાનનું વાક્ય. જઈ આવ્યા છે અંદર. આવો તો જિનદેવનો ઉપદેશ છે આ પ્રભુ! વીતરાગ પરમાત્માનું આગમ એના આગમમાં તો આ કહ્યું છે. આહા..હા..! આગમમાંથી એમ કાઢે કે રાગથી લાભ છે એ આગમને સમજતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગને તો અપરાધ કીધો છે.

ઉત્તર :- અપરાધ. શુભરાગ અપરાધ. તીર્થંકરગોત્રનો ભાવ સમકિતીને આવે એ અપરાધ.

ગુનેગાર છે. આત્માની શાંતિ, અકષાયભાવ ત્યાં રાગમાં એકલો ઘાત પામે છે. એથી વીતરાગની વાણી એટલે કે વીતરાગ અને એની વાણી અને એના ગુરુ, સંતો ત્રણેનું આ કથન છે કહે છે. પોતે કહેનાર ગુરુ છે કુંદકુંદાચાર્ય. વીતરાગને વચમાં નાખ્યા છે અને વીતરાગની ઉપદેશની વાણી નાખી છે. ત્રણે આવી ગયા. આહા..હા..! ભાઈ! દેવ, ગુરુ અને શાસ્ત્ર તો આમ કહે છેને. કે જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા જે ભાવ એ બધા બંધના કારણ છે. જરીએ છૂટવાનું કારણ નથી. સમજાણું કાંઈ?

**'વિરક્ત અર્થાત્ વિરાગી જ...'** વૈરાગી જ એમ શબ્દ છેને? **'विरक्त एव'** સંસ્કૃત છે. છેને. **'यः खलु रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् विरक्त एव मुच्येतेत्ययमागमः'** વીતરાગની વાણી તો આ છે. જુઓ, તો કોઈ અનુયોગમાં વળી ચરણાનુયોગમાં બીજું કહ્યું હશે, કરણાનુયોગમાં બીજું કહ્યું હશે, દ્રવ્યાનુયોગમાં એમ કીધું છે. (એમ નથી પણ) આ વીતરાગનું આગમ તો આ છે. સમજાણું કાંઈ? વૈરાગી કર્મથી છૂટે છે. શુભ અને અશુભ રાગ પ્રત્યેથી વિરક્ત છે એ વૈરાગી છે. સ્ત્રી, કુટુંબ ને પરિવાર છોડ્યા એમ કહેવું એ તો ખોટું છે. એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. એ પણ ક્યારે લાગુ પડે? કે સ્વરૂપની દૃષ્ટિ થઈ અને રાગથી વિરક્ત થયો ત્યારે એના નિમિત્તો એણે છોડ્યા એમ અસદ્ભૂત વ્યવહારનયે કથન કહેવાણું છે. અજ્ઞાનીને તો એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન પણ લાગુ પડે નહિ. આહા..હા..! જુઓ, એક વીતરાગની વાણી તો જુઓ, આહા..હા..!

રાગી ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય, પણ બંધાય છે ઈ હોં. એ પણ સમકિતીને હોય છે. મિથ્યાદૃષ્ટિને એ પરિણામ આવે નહિ. છતાં સમ્યગ્દૃષ્ટિને પણ એ ભાવ હોય, એ બંધનું કારણ છે. આહા..હા..! ત્યારે કહે ભાઈ! 'ષોડશકારણ ભાવના ભાવતા...' શું આવે છે? 'તીર્થંકર પદ પાય' પરમગુરુ હોય લ્યો. એ બધા વ્યવહારના કથન છે. આહા..હા..!

મુમુક્ષુ :- પણ એવો વિકલ્પ ઉઠે છે.

ઉત્તર :- એવા વિકલ્પનું સ્વરૂપ શું છે અને એના કાળે જે બંધન થાય એને છોડીને એ પરમગુરુ થાશે. એ જે ભાવે પ્રકૃતિ બંધાણી .. એ ભાવ મુક્તિનું કારણ છે? અને પ્રકૃતિ બંધાણી અજીવપણે એ મોક્ષનું કારણ છે? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એની વાણી અને કુંદકુંદાચાર્ય કહે છે કે અમે કહીએ છીએ, અમે ગુરુ છીએ. આહા..હા..! ત્રણમાં એ આવ્યાને? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.' એ વૈરાગી શુભાશુભના ભાવના પડખેથી ખસી ગયો કહે છે. સમજાણું કાંઈ? પડખે સમજાય છે? એ બાજુથી ખસી ગયો છે અને વીતરાગમૂર્તિ પ્રભુ ભગવાન આત્મા એને પડખે, એના પક્ષમાં ચડી ગયો છે. એને અહીંયાં વૈરાગી કહેવામાં આવે છે. બાકી બધા બૈરાગી. ...માં એવું છે, ભાઈ!

'**એવું જે આ આગમવચન છે...**' ભાષા કેવી? જુઓ, એવું આ આગમવચન છે એમ કહે છે. જુઓને વીતરાગની વાણી તો આવી છેને પ્રભુ! '**તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે...**' સામાન્યપણે રાગીપણાનું નિમિત્ત. પછી રાગ શુભ હો કે અશુભ હો એમ કહે છે. એમાં કોઈ ભેદ નથી. સામાન્યપણે શુભ અને અશુભભાવ બેય બંધના કારણ છે. '**બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે...**' આહા..હા..! સમજાય છે કાંઈ? ચાહે તો શુભભાવ હોય કે અશુભ હોય એમાં કોઈ વિશેષ નથી, ફેર નથી. બંધના કારણ તો એકરૂપે બેય છે. ભારે કામ જગતને બેસવું. આહા..હા..!

'**સામાન્યપણે...**' એટલે કે એકપણે રાગી શુભ કે અશુભ બધો એક જ રાગ છે કહે છે. એ '**નિમિત્તપણાને લીધે...**' નવા કર્મમાં એ શુભ-અશુભરાગ નિમિત્ત છેને કહે છે. '**શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે...**' તફાવત વિના શુભભાવ વ્રતનો અને અશુભભાવ અવ્રતનો. આહા..હા..! ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ એમ કહે એની વાણીમાં કે અમારી ભક્તિ પણ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! એય..! ભગવાન એમ ફરમાવે છે. એની આગમવાણી આમ કહે છે કે અમારા પ્રત્યે અમે પરદ્રવ્ય છે અને તારા દ્રવ્યનું લક્ષ અમારા ઉપર આવે છે એ શુભભાવ છે. એ સ્ત્રી ઉપર જાય એ અશુભ છે. વિશેષ તફાવત વિના બેય બંધના કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહ્યું છે નહિ પંચાસ્તિકાયમાં છેલ્લે આવે છે. ૧૭૦ ગાથામાં. પંચાસ્તિકાય છેને. ૧૭૦ છેલ્લે નાખ્યું છે. ૧૭૦. કુંદકુંદાચાર્ય કહે છે કે '**सपयत्थं**' પદાર્થો. એની શ્રદ્ધા. તીર્થંકર એની માન્યતા. '**अभिगदबुद्धिस्स**' '**જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે...**' તીર્થંકર પ્રત્યે, પદાર્થોના ભેદ પ્રત્યે. '**सुत्तरोइस्स**' સૂત્રની રુચિ. આહા..હા..! સૂત્રો પરવસ્તુ છેને આગમ? એની રુચિ વર્તે છે. '**दूरतरं णिव्वाणं**' એનું દૂર લક્ષ છે.

મુમુક્ષુ :- પણ મોક્ષ તો છેને?

ઉત્તર :- દૂર છે એને અર્થ શું? એનાથી મોક્ષ નથી. એથી '**दूरतरं**' છે. દૂર પણ નહિ '**दूरतरं**' છે. કારણ કે એ શુભરાગ છે. એને છોડશે, સ્થિર થશે, તે દિ' કલ્યાણ થશે. તીર્થંકર એમ કહે છે કે અમારા પ્રત્યેનો રાગ પણ તને મુક્તિમાંથી દૂર કરશે. આહા..હા..! એ તો વીતરાગની વાણી એમ કહે છે. બીજા તો એમ કહે અમારી ભક્તિ કરો, અમારા સાધુને આહાર આપો, તમારું કલ્યાણ થાશે. એ વીતરાગ ના પાડે છે. આહા..હા..! વીતરાગ અને વીતરાગની વાણી અને વીતરાગી સંતો એક પ્રકારે જ કહે. કે નવ પદાર્થના ભેદો. છેને? અહીં છે ટીકામાં. '**અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુ...**' નથી. રાગને ટાળશે ત્યારે મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અસ્થિરતાનો રાગ હોં. જેને રાગ પ્રત્યે રુચિ છે એને મિથ્યાત્વનો રાગ છે. સમજાણું કાંઈ? જેને અશુદ્ધતાનો

વિકલ્પ છે, ભાઈ! સમકિતીને પણ એ વિકલ્પ છે. એ બંધનું કારણ છે. જે બંધનું કારણ થાય એ બંધમાં સહાયક ન હોય. બંધના પરિણામ બંધના કારણમાં આવે નહિ.

**'संजमतवसंपउत्तस्स'** સંયમ અને તપવાળો જીવ હોય. એમ કીધું ૧૭૦ પંચાસ્તિકાય. સંયમ અને તપ. **'संजमतवसंपउत्तस्स'** એવો હોય છતાં આ રાગથી એને મુક્તિ માને તો તો મિથ્યાદૃષ્ટિ. પણ ભાન છે રાગ બંધનું કારણ છે એ જ્યારે તેને છોડશે ત્યારે મુક્તિ થાશે. કહો, ભીખાભાઈ! આહા..હા..! .. નથી. આહા..હા..! **'શુભ અને અશુભ બન્ને કર્મને...'** સામાન્યપણે, ફેર વિના, તફાવત વિના **'અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે...'** ભગવાનની વાણી, ભગવાન અને ગુરુ આ એને બેયને બંધને સિદ્ધ કરે છે, ભાઈ! સમજાણું કાંઈ? **'અને તેથી બન્ને કર્મને નિષેધે છે.'** તેથી પરમાત્મા અને આગમો શુભ-અશુભ બેય ભાવને ધર્મના મોક્ષના કારણમાં નિષેધે છે. કહો, પ્રેમચંદભાઈ! ભારે આકરી વાત. આહા..હા..! અમે ભગવાનની ભક્તિ, ગુરુની ભક્તિ કરીએ છીએ. મુક્તિ થશે આપણે. તો આપણે કાંઈક .. કરો, ગુરુને પકડો.

મુમુક્ષુ :- કુગુરુને પકડે?

ઉત્તર :- હવે કુગુરુને પકડે તો તો મિથ્યાત્વ છે, પણ સુગુરને પકડીને શ્રદ્ધા કરે કે આનાથી મારી મુક્તિ થશે એ મિથ્યાત્વ છે. ગોદિકાજી! આવી વાતું છે, ભાઈ! આ તો વીતરાગનો પંથ છે. આ રાગીના પંથ નથી કાંઈ આ. એથી કહ્યુંને જુઓને ભગવાન કુંદકુંદચાર્યે. જિન ભગવાનનો ઉપદેશ છે. ત્રણ કાળમાં ત્રિલોકનાથ પરમાત્મા એનો આ પંચમ આરા માટે પણ આ ઉપદેશ છે. કે પંચમ આરા માટે વળી કાંઈક ઢીલો બીજું કાંઈક હોય, ચોથા આરા માટે કાંઈક બીજું હોય એમ છે નહિ. આહા..હા..!

## શ્લોક-૧૦૩

(स्वागता)

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

શ્લોકાર્થ :— [यद्] કારણ કે [सर्वविदः] સર્વજ્ઞદેવો [सर्वम् अपरि कर्म] સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને [अविशेषात्] અવિશેષપણે [बन्धसाधनम्] બંધનું સાધન (કારણ) [उशन्ति] કહે છે [तेन] તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) [सर्वम् अपि तत् प्रतिषिद्धं] સમસ્ત કર્મને નિષેધ્યું છે અને [ज्ञानम् एव शिवहेतुः विहितं] જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. ૧૦૩.

## કળશ-૧૦૩ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ચાર જ લીટી હતી લ્યો. પણ .. કળશ છે.

(स्वागता)

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

અરે..! એ કારણ કે 'यद्' 'કારણ કે...' 'सर्वविदः' 'સર્વજ્ઞદેવો...' 'सर्वविदः' જાણનાર. સર્વજ્ઞ પરમાત્મા ત્રિકાળી વીતરાગદેવ 'सर्वम् अपरि कर्म' 'સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને...' એટલે કર્મ એટલે કાર્ય. 'અવિશેષપણે...' સામાન્યપણે, ફેર વિના 'बन्धसाधनम्' 'બંધનું સાધન (કારણ)...' 'उशन्ति' 'કહે છે...' આહા..હા..! અરે..! વીતરાગની વાણી પણ એણે સાંભળી નહિ મારાએ. સમવસરણમાં અનંતવાર ગયો હોં. સમવસરણમાં અનંતવાર ગયો. અને ત્યાં સુધી કલ્પવૃક્ષના ફૂલ, વજ્રના થાળ અને મણિરત્નના દીવા. વજ્રનો થાળ, મણિરત્નનો દીવો અને કલ્પવૃક્ષના ફૂલ. ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજતા હતા. જય ભગવાન! અનંતવાર ભવે ભવે પૂજિયો એવો પાઠ છે પરમાત્મપ્રકાશમાં. એવા અનંતા ભવમાં ભગવાનને પૂજ્યા છે કહે છે. પણ એ તો શુભભાવ છે. એ બંધનું કારણ છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાન દિપીકામાં આવે છે, પરમાત્મપ્રકાશમાં આવે છે. આ દીવાની સમ્યગ્જ્ઞાન દિપીકામાં આવે છે. હીરાના થાળ, મણિરત્નના દીવા, મણિરત્નના. કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ, જય પ્રભુ. અમને તો પરદ્રવ્યદ્રવ્ય તરફનું લક્ષ છે તે શુભરાગ છે. સર્વજ્ઞદેવો એ બધા કારણને સામાન્યપણે બંધનું કારણ કહે છે. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! એ ઉંધી-ઉંધી પણ એણે ગમાડી છે તો સવળી એ જ બેસાડશે. ઉંધી જે એને બેસાડી છે (તો) એ સવળી બેસાડશે. બેસાડનાર તો ઈનો ઈ છે કે કોઈ બેસાડી દે એવું છે?

મુમુક્ષુ :- કોઈ આવે ત્યારેને.

ઉત્તર :- નહિ, નહિ. પુરુષાર્થથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમ કહે અમે ભગવાનના માનનારા છે, આગમના ભગત છીએ, પણ આગમ અને ભગવાન તો આમ કહે છે. વીતરાગી આગમો આમ કહે છે, અજ્ઞાનીના આગમ ગમે તે કહેતા હોય. સમજાણું કાંઈ?

**'बन्धसाधनम्' 'બંધનું સાધન (કારણ)' 'उशन्ति'** પરમાત્માની વાણીમાં આ આવ્યું છે, ભાઈ! **'તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ)...' 'सर्वम् अपि तत् प्रतिषिद्धं'** સમસ્ત શુભ-અશુભ પરિણામને નિષેધ્યું છે. શુભ-અશુભ કાર્યને પરિણામના નિષેધ કર્યા છે. શુભ-અશુભ એ કર્મ છે રાગ. કાર્ય નિષેધ્યું છે. **'અને...' 'ज्ञानम् एव शिवहेतुः विहितं'** એ જ્ઞાનનો અનુભવ ભગવાન સ્વરૂપનો. ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો અનુભવ. **'જ્ઞાનને જ...'** એટલે અનુભવને જ. આત્માના સ્વભાવના અનુભવને જ મોક્ષનું કારણ પરમાત્માએ આગમમાં ફરમાવ્યું છે. કહો, શેઠ! આહા..હા..! અનંત ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તો બિરાજે છે મહાવિદેહ. .... જ્ઞાનને જ. જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા એ વિકલ્પ વિનાની ચીજ, નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપી ભગવાન, એનો અનુભવ.

**'જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.'** જ્ઞાન શબ્દે સ્વભાવની એકાગ્રતા અનુભવ. આહા..હા..! પહેલેથી સમ્યગ્દર્શનથી આ વસ્તુ છે કહે છે. સમજાણું કાંઈ? સ્વરૂપ ભગવાન આત્માનું તો પ્રજ્ઞાબ્રહ્મ છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. એને જ એમાં એકાગ્રતા એ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. જ્ઞાનને જ એ પર્યાયની વાત છે આ, અનુભવની વાત છે. જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાનની વાત નથી. સમજાણું કાંઈ? જ્ઞાનને જ. ઓલા બંધની, પરિણામની સામે અબંધ પરિણામ જે આત્માના. વસ્તુસ્વભાવને આશ્રયે થયેલા પરિણામ, સ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાન એની પર્યાય જે નિર્મળ જ્ઞાતાને આશ્રયે થઈ એને જ. એમાં એમ નથી કહ્યું કે આને પણ મોક્ષનું કારણ કહ્યું અને વ્યવહારને-રાગને મોક્ષનું કારણ કહ્યું.

મુમુક્ષુ :- એ બેય જ્ઞાન છેને. વ્યવહાર પણ જ્ઞાન છે.

ઉત્તર :- વ્યવહાર જ્ઞાન નથી એ તો રાગ છે. જ્ઞાન ક્યાં હતું? વ્યવહાર તો રાગ છે. વ્યવહારરત્નત્રયનો ભાવ એ જ શુભરાગ છે, શુભોપયોગ છે. દ્રવ્યસંગ્રહમાં છે પાઠ, ટીકામાં છે, બધે છે. આહા..હા..!

**'જ્ઞાનને જ...'** છેને? **'ज्ञानम् एव'** અમૃતચંદ્રાચાર્યના શબ્દ છે આ. ભગવાન આત્મા

ચૈતન્યસ્વભાવ એની અનુભવની દૃષ્ટિ, એનું અનુભવ જ્ઞાન અને એમાં સ્થિરતા. એ ત્રણે જ્ઞાનની પર્યાય છે. એ રાગની નહિ. એ આત્માની પર્યાય છે. વીતરાગી પરિણતિ છે અથવા શુદ્ધોપયોગ છે. એ જ્ઞાનને જ એટલે શુદ્ધોપયોગને જ. ઓલા શુભ-અશુભભાવ છે. એ બંધનું કારણ છે. તો આ બાજુ શુદ્ધોપયોગ છે એ મોક્ષનું કારણ છે. શુદ્ધોપયોગ કહો, વીતરાગ પરિણતિ કહો કે જ્ઞાનની નિર્મળદશા કહો. આહા..હા..! અરે..! સાચી વાત સાંભળે નહિ. એને એમ કે આ તો કોઈ મોટી વાતું હશે. આ તો હજી સમ્યગ્દર્શન થવા પહેલા આ માન એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાને આગમમાં સર્વજ્ઞોએ આત્માનો સ્વભાવ વીતરાગ સ્વરૂપ છે એની પરિણતિ શુદ્ધ પરિણતિ, શુદ્ધ ઉપયોગ, પવિત્ર પરિણામ એને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનના જ પરિણામ છે. એ રાગના નહિ એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબ્રહ્મ એમાં એકાગ્ર થવાથી જ્ઞાનસ્વભાવ વસ્તુ એના જે પરિણામ છે. સમ્યગ્દર્શન પણ એ જ્ઞાનના પરિણામ છે. સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનના જ પરિણામ છે અને ચારિત્ર પણ એ જ્ઞાનના પરિણામ, રાગના પરિણામ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્ઞાનને જ...'** જુઓ આ **'विहितं'** **'મોક્ષનું કારણ ફરમાવ્યું છે.'** આહા..હા..! આ માર્ગ છે. ભારે લાગે. અજાણ્યા માણસને તો એવું લાગે કે શું આ કહે છે. કરવાનું તો કહેતા નથી અને લ્યો આ કરીએ એ બધું ખોટું કહે છે.

મુમુક્ષુ :- ખોટું કહે ત્યાં સુધી ઠીક પણ મિથ્યાત્વ...

ઉત્તર :- પણ એને રુચિ હોય તો મિથ્યાત્વ છેને. અરે..! વાત તો આહા..હા..!

મુમુક્ષુ :- સાચું કરવું જોઈએ.

ઉત્તર :- સાચું કરવું. સ્વભાવ સન્મુખ જાવું. પુસ્તક તો આ છે. આ તો અપૂર્વ માર્ગ ભગવાન! અનંતકાળમાં એણે લક્ષમાં, દૃષ્ટિમાં લીધો જ નથી. ગણકાર્યું જ નથી. માન્યું હતું કે કાંઈક હું છું, કાંઈક કરું છું... કાંઈક કરું છું... સમજાણું કાંઈ? આહા..હા..!

**'ज्ञानम् एव शिवहेतुः'** જુઓને એક. એકાંત. એકાંત જ છે, ભાઈ! સ્વભાવ ચૈતન્યઘન પ્રભુ એની અંતરમાં તેની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા ઈ જ્ઞાનની જાતના ત્રણ પરિણામ છે. એ રાગની જાતના નહિ. એ શુદ્ધોપયોગના પરિણામ છે, એ વીતરાગી પરિણતિ છે. આહા..હા..! અને ચોથે હોય, પાંચમે હોય, છઠ્ઠે હોય. તેને શિવમગ કહ્યો છેને. દ્રવ્યસંગ્રહમાં નહિ? દ્રવ્યસંગ્રહ છ ઢાળામાં. શિવમગ છે? ભાઈ! હા, .. આત્મા સમકિતી, મધ્યમ પાંચમેથી અગિયાર, બારમું ઉત્કૃષ્ટ, તેરમું ફળ છે એનું. એ ત્રણે અંતરાત્મા શિવમગચારી છે. આ શિવહેતુ કહ્યુંને? સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણે શિવમાર્ગી છે. ભલે થોડો. છઠ્ઠે વિશેષ.. પણ છે તો મુક્તિનો માર્ગ. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૦૪

(शिखरिणी)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।

જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું તે હવેના કળશમાં કહે છે :—

શ્લોકાર્થ :-- [सुकृतदुरिते सर्वस्मिन् कर्माणि किल निषिद्धे] શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને [नैष्कर्म्ये प्रवृत्ते] એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, [मुनयः खलु अशरणाः न सन्ति] મુનિઓ કાંઈ અશરણ નથી; [तदा] (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિઅવસ્થા) પ્રવર્તે છે ત્યારે [ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि] જ્ઞાનમાં આચરણ કરતું - રમણ કરતું પરિણમતું જ્ઞાન જ [एषां] તે મુનિઓને [शरणं] શરણ છે; [एते] તેઓ [तत्र निरताः] તે જ્ઞાનમાં લીન થયા થકા [परमम् अमृतं] પરમ અમૃતને [स्वयं] પોતે [विन्दन्ति] અનુભવે છે-આસ્વાદે છે.

ભાવાર્થ :— 'સુકૃત કે દુષ્કૃત બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે ?' એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કર્યું છે કે : સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે, તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો. ૧૦૪.

## કળશ-૧૦૪ ઉપર પ્રવચન

**'જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું તે હવેના કળશમાં કહે છેઃ—'** આ લોકો કહે છેને કુંદકુંદાચાર્યે પંચ મહાવ્રત પાળ્યા, એણે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. અહીં તો ના પાડે છે. એનો તો નિષેધ કરીને.. ત્યારે નિષેધ કરીને હવે કરવું શું ત્યારે એને? શરણ શું? આલંબન છે પંચ મહાવ્રતનું .. એને તમે બંધનું કારણ કહો છો. પંડિતજી! તો મુનિને. બેયની વાત છે એમાં. મુનિ અને શ્રાવક.

મુમુક્ષુ :- એમાં ..

ઉત્તર :- બેય નાખ્યા છે. ખબર છે. બેય નાખ્યા છે. એ તો આમાં મુનિ બેય નાખ્યું છે. બેય શ્રાવક. ... આમાં છે. બેયની વાત છે. અહીં તો બધી વ્યાખ્યા થઈ ગઈ છે. આ તો સ્પષ્ટ વધારે થાય જરી. પુણ્ય-પાપ... 'શિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ, કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ. મોખકે સધૈયા...' જુઓ! પાંચમા અને બધા ... 'મોક્ષ કે સધૈયા, ગ્યાતા દેશવિરતી મુનીસ,...' ચોથાવાળા દેશવિરતી, પાંચમાવાળા અને મુનિ છઠ્ઠાવાળા, ત્રણેની વાત છે. 'મોક્ષ કે સધૈયા, જ્ઞાતા દેશવિરતી મુનિ,...' ... દાન, સમિતિ, સંયમ શુભકર્મ બધું કરે છે એનો તમે નિષેધ કર્યો. તો એ બેયને... 'તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ....' આલંબન વિના તો થઈ ગયું. આલંબન જે કાંઈ હતું એ તો તમે બંધનું કારણ કહો છો. 'કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,...' એણે તો ધર્માત્માએ તો અનુભવનો અભ્યાસ કર્યો છે, કહે છે. સમજાણું કાંઈ? વિકલ્પ રહિત થઈ નિર્વિકલ્પ અનુભવનો અભ્યાસ છે એ મોક્ષનું કારણ છે. અને આલંબન રહિત નથી, એને દ્રવ્યનું આલંબન છે. છે? 'કહે ગુરુ કર્મ કો નાસ, અનુભવ અભ્યાસ, એસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.' અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનનું અવલંબન છે એને. પંચ મહાવ્રતનું આલંબન છોડાવ્યું માટે નિરાલંબી છે એમ છે નહિ. આ તો હિન્દી છે. 'ઐસો અવલંબન ઉનકો નાહિ, નિરુપાધિ આતમ સમાધિ સોઈ સિવરૂપ, ઔર દૌર ધૂપ પુદ્ગલ પરછાંહી હૈ.' વ્રત ને વિકલ્પ દયા ને દાન ને ભક્તિ ને પૂજાનો વિકલ્પ એ તો પુદ્ગલની છાયા છે, એ આત્માની જાત નહિ. આહા..હા..!

મુમુક્ષુ :— પુદ્ગલની છાયા વ્રત?

ઉત્તર :— હા, જુઓને. 'ઈસ કે બિના સબ ભટકના પુદ્ગલ જનિત હૈ'. પાઠ આ છે પુદ્ગલ. ઈ તો પુદ્ગલ કહો, પુદ્ગલના પરિણામ કહો, વિભાવ કહો, અચેતન કહો, અજીવ કહો. જીવ-અજીવમાં એને અજીવ કહ્યા છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના પરિણામને અજીવમાં

નાખ્યા છે. જીવ ક્યાં ઈ છે? અજીવમાં નાખ્યા છે. કર્તાકર્મમાં અચેતનમાં નાખ્યા. ૭૨ અને ૭૪માં. અચેતન છે એ તો, એ કંઈ ચૈતન્ય નથી.

અહીં ઈ કહે છે, '**મુનિઓને શરણ કોનું રહ્યું?**' હવે આવું કાંઈક વ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ કરે ઈ તો કાંઈક કર્તવ્ય હતું અને એનું આલંબન કાંઈક હતું, પેલું પાપનું ટાળીને. એને તો તમે બંધનું કારણ ઠરાવ્યું. ત્યારે એને સાધવું શું? ઈ કહે છે, જુઓ!

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**

આહા..હા..! અરે..! સમકિતીને, શ્રાવકને અને મુનિને ભગવાન આત્માનું શરણ છે, ભાઈ! સમજાણું કાંઈ?

**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।**

'**विहितम्**' પછી આવશે, ૧૦૫માં આવશે. '**ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्**'. ભગવાને તો, આત્માનો અનુભવ કરવો એને મુક્તિનો માર્ગ કહ્યો છે. આહા..હા..! સમજાણું? '**सुकृतदुरिते सर्वस्मिन् कर्माणि किल निषिद्धे**' શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ! કાંઈક કરવાનું હતું એ તો અમે કરીએ. એને તો અમે બંધનું કારણ કહ્યું. કરી કરીને જે કરવાનું હતું, આ દુકાન છોડી, પાપ છોડ્યા, ધંધા છોડ્યા, આ વ્રત પાળીએ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહ, ઈર્યા સમિતિ-આ જોઈને ચાલવું, વિચારીને બોલવું, આવા અઠ્યાવીસ મૂળગુણના માંડ આલંબન હતા એને તો તમે કહો કે એ તો બંધનું કારણ છે. ત્યારે કરવું શું અમારે? શરણ કોણ? જુઓ! ઈ પંચ મહાવ્રત શરણ નથી એમ કહે છે. શ્રાવકને કે મુનિને વ્રતના પરિણામ એ શરણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :— અજ્ઞાનીને તો શરણ છે ને?

ઉત્તર :— અજ્ઞાનીને શેના? અજ્ઞાનીને તો ભાનેય ક્યાં છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અશરણ છે. આસ્રવ છેને. શરણ તો અહીંયા આત્મા છે. આહા..હા..! ભારે ... શ્રાવકને પણ એમ કહ્યું છે. એમ નહિ કે શ્રાવકને બીજું. પ્રવચનસારમાં આવે છેને? પરંપરા મોક્ષનું કારણ. શુભભાવને મોક્ષનું કારણ (કહ્યું). ત્યાં તો પરંપરા શબ્દ પણ નથી. અર્થમાં કહ્યું છે. બાકી પાઠમાં તો એમ છે કે મોક્ષનું કારણ છે શુભભાવ. ચરણાનુયોગનું કથન છે ખરુંને. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! ૨૫૪ ગાથા ઘણી ચર્ચા ચાલી હતી, ઘણા અર્થ ચાલ્યા છે. મોરબીમાં (સંવત) ૨૦૦૬ની સાલમાં આવ્યો હતો, પેલો. ... શું નામ એનું? રતનલાલ, રતનલાલ. ૨૦૦૬ની સાલ, ૨૩ વર્ષ પહેલા. સ્થાનકવાસી

છે. પત્ર કાઢે છે. બચાવ કરવા માટે કે તમારામાં પ્રવચનસારમાં આમ નાખ્યું છે. શ્રાવકને શિવહેતુ—મોક્ષનો હેતુ શુભભાવ. અરે..ભાઈ! એ તો કથન વ્યવહારના. એને ચરણાનુયોગની શૈલીએ જણાવ્યું છે. આહા..હા..! નહિતર વીતરાગના વચન પૂર્વાપરવિરુદ્ધ થઈ જાય. એક કોર અહીં બંધના કારણ કહે અને ન્યાં વળી મોક્ષના કારણ કહે? ૨૦૦૬ની સાલની વાત છે. તમે ૨૦૧૦માં આવ્યા હતા. આહા..હા..!

મુમુક્ષુ :— આ તો મોરબીનું કામ છે.

ઉત્તર :— મોરબીની વાત છે. આ તો રાજકોટ આવ્યા હતાને? ૨૦૧૦ની સાલ. ખબર છે. ત્યારે શ્વેતાંબરનું સાધુપણું હતુંને. એને સાધુપણામાં એ આવ્યા હતા. ચેતનજી, સાધુપણામાં આવ્યા હતા ત્યાં. પછી ફરી ગયા. ....

અહીં કહે છે, જુઓ! ખુલાસો કર્યો છે પાછો. કોઈ કર્મ શબ્દે જડને લ્યે (તો કહ્યું), **'શુભ આચરણરૂપ કર્મ...'** એમ. શુભ આચરણરૂપ કાર્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, શાસ્ત્ર વાંચન, શાસ્ત્ર સાંભળવા એ બધું શુભ આચરણરૂપ કાર્ય છે. અરે..! ગજબ વાતું છે! **'શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ...'** હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, રતિ, અરતિ આદિના પરિણામ એ અશુભ આચરણ છે. **'એવા સમસ્ત કર્મનો...'** એવા સમસ્ત કાર્યનો, રાગરૂપી એવા કાર્યનો **'નિષેધ કરવામાં આવતાં અને...'** **'नैष्कर्म्ये प्रवृत्ते'** **'એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આહા..હા..! મુનિ અને શ્રાવક તો નિષ્કર્મ અવસ્થાએ પ્રવર્તે છે, કહે છે. શ્રાવક અને મુનિ. આહા..હા..! અરે..! હજી ગોઠે નહિ વાત અંદર.

**'नैष्कर्म्ये प्रवृत्ते'** નિષ્કર્મ નામ રાગના કાર્ય વિનાની અવસ્થામાં પ્રવર્તતા. **'मुनयः खलु अशरणाः न सन्ति'** ભગવાન સંત કહે છે, ભાઈ! સંતો અને શ્રાવકો અશરણ નથી, હોં! એને અંતર ભગવાન આત્માનું અંદર દૃષ્ટિમાં, જ્ઞાનમાં શરણ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે શુભ-અશુભભાવનો અમે નિષેધ કર્યો એથી એને આલંબન કાંઈ નથી, આશ્રય નથી, આધાર કાંઈ નથી એમ નથી. એને ભગવાનનો આધાર મળ્યો છે અંદર. ચૈતન્યપ્રભુ જેણે અંતર દૃષ્ટિમાં ધ્રુવપણે લીધો છે એની પરિણતિમાં એનો આધાર છે, એની પરિણતિમાં એનું આલંબન છે. એ એની પરિણતિ વીતરાગી એને આધાર ભગવાન આત્માનો છે. એ વીતરાગ પરિણતિ, શુદ્ધઉપયોગ પરિણતિ.. લ્યો, કોઈ કહે કે શ્રાવકને શુદ્ધ ઉપયોગ હોય નહિ. અહીં તો એને નિષ્કર્મ પ્રવૃત્તિ કીધી છે.

નાટક (સમયસારમાં) ઈ નાખ્યું છે. પંડિતજી! સાધુ હોય સાચા સંત ભાવલિંગી એને નિષ્કર્મ પ્રવૃત્તિ હોય, શ્રાવકને ન હોય. અહીં તો બેયને અર્થમાં નાખ્યા છે, બનારસીદાસે. મુખ્યપણે સાધુને નાખ્યા છે. ગૌણપણે સમ્યગ્દૃષ્ટિનું પણ આચરણ અંતર દ્રવ્યની દૃષ્ટિ અને

એકાગ્રતા અનંતાનુબંધીના અભાવની એ જ એનું સ્વનું આચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને...'** **'नैष्कर्म्ये प्रवृत्ते'** અરે..! તમેં ક્યાં પ્રભુ લઈ જાઓ છો? ચોથે, પાંચમે, છઠે નિષ્કર્મ પ્રવૃત્તિ? હજી આઠ કર્મ બાકી છેને? ભાઈ! કર્મ છે ઈ કર્મમાં રહ્યા, ભાવકર્મ છે ઈ ભાવમાં રહ્યા, અંદરથી છૂટીને દ્રવ્યનો જેટલો આશ્રય લીધો છે એટલી સમકિતીને, શ્રાવકને અને મુનિને નિષ્કર્મ પ્રવૃત્તિ છે. આહા..હા..! ભારે કામ!

અહીં તો ઘણા સમજે તો આને લાભ થાય. ઉપદેશનો પ્રચાર થાય તો બધા સમજેને? તેનો લાભ ઉપદેશકોને થાય છે કે નહિ? નહિ? એઈ..!

મુમુક્ષુ :— ઉપદેશ કરે શું કરવા લાભ ન હોય તો.

ઉત્તર :— કોણ કરે છે? કરે છે કોણ? એ તો વાણીનો આવે વિકલ્પ ઉઠે, થાય. આહા..હા..! એવી વાત છે. વાણીને કોણ કરે? તે સમયની વાણીના પરમાણુઓ એ રીતે પરિણમવાના હોય ઈ પરિણમે છે. આત્મા એનો કર્તા ક્યાં છે? આહા..હા..! અને શુભરાગ છે એ એનું કર્તવ્ય ક્યાં છે ત્યાં? અને એને જે વાણી નિકળી એટલે બીજાને કાંઈક સમજાવું. એ તો એની પર્યાયમાં કામ થયું એને. એમાં તને લાભ શું મળ્યો? ભાઈ! જગતના જીવો...

મુમુક્ષુ :— તમારી કદર કરી કહેવાય.

ઉત્તર :— ધૂળમાંય કદર નથી. કદર કોને કહેવાય? એઈ..! ભારે કામ છે, બાપા! વીતરાગ માર્ગ એવો છે. બીજાની ક્રિયાથી એને કાંઈક શ્રદ્ધા-જ્ઞાન થાય, કે એને કાંઈક સમજણ મળે ... એથી આને લાભ થાય, એમ બિલકુલ નથી. એના વિકલ્પથી લાભ નથી તો વળી પર સમજે એની વાત જ ક્યાં હતી? સમજાણું કાંઈ?

અહો..! **'नैष्कर्म्ये प्रवृत्ते'** વાહ! આહા..હા..! એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો નિષ્કર્મ દશા છે. સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! ભારે. ભગવાનની ભક્તિ, ગુરુની ભક્તિ, શાસ્ત્રની ભક્તિ એ તો કર્મ-અવસ્થા છે, રાગ અવસ્થા છે. એ તો બંધના સાધન છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, જેની ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ છે એને શરણ ઈ ધ્રુવનું છે અને એને આશ્રયે જે પરિણતિ શુદ્ધની વીતરાગી પરિણતિ થઈ એ નિષ્કર્મ અવસ્થા મોક્ષનું કારણ છે. આમાં તો કાંઈ ગોટો જરીયે નાખે તો ઘરનું ઘર જાય એવું છે. વીતરાગને નામે કહે કે વીતરાગ આમ કહે છે. મોક્ષના બે માર્ગ છે. વ્યવહાર અને નિશ્ચય. ભગવાન! બે માર્ગ માને તે ભ્રમમાં છે, મિથ્યાત્વમાં છે.

મુમુક્ષુ :— એ લોકો એમ કહે છે, બે માર્ગ ન માને ઈ ભ્રમમાં છે.

ઉત્તર :— ઓલા એમ કહે છે. ઘણા એમ કહે છે, રતનચંદ ને ઈ, બે મોક્ષમાર્ગ ન માને તે ભ્રમમાં છે. આ કહે કે બે મોક્ષમાર્ગ માને ઈ ભ્રમમાં છે.

મુમુક્ષુ :— જિનવાણીમાં લખ્યું છે.

ઉત્તર :— શું લખ્યું છે? શું છે? કથન છે કે વસ્તુ છે? ૨૫૬ પાને આવ્યુંને? નિમિત્ત ને સહચર દેખીને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યું છે. મોક્ષમાર્ગ નથી એને કહ્યું છે. નિરૂપણ બે પ્રકારે છે, વસ્તુ બે પ્રકારે નથી. અહીંયા તો માર્ગ નામ કારણ બે પ્રકારના નથી. માર્ગ કહો કે કારણ કહો. કારણ એક જ પ્રકારનું છે. સમજાય છે કાંઈ? પણ પોતાને જે કાંઈ નિશ્ચયનું તત્ત્વ હોય નહિ, પછી વ્યવહાર વ્રતાદિ.. એ વ્રતાદિ પણ સરખા ક્યાં છે વ્યવહારના પણ? એ હોય એમાંથી કાંઈક મનાવવું છેને, કે અમે કાંઈક સાધન કરીએ છીએ. વ્યવહાર સાધન છે. સમજાણું કાંઈ?

ભગવાન તો કહે છે કે તું કહે છો એ સાધન જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ ત્યાં' એ વીરોના માર્ગ 'વીરોના મારગ' જે અફર માર્ગ છે. એ સ્વરૂપના શરણે જે પરિણતિ પ્રગટે તે મોક્ષનો માર્ગ છે. વીરના એ રસ્તા છે અને વીરે ઈ કહ્યું છે. ભગવાનની વાણીમાં આ આવ્યું છે, કહે છે. કાયરના કામ નહિ ત્યાં. અર..ર..! હાય..હાય..! આ બધું છોડાવ્યું, આપણે કરવું શું? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુરુષાર્થ વીરતા છે અંદર. વીર શું? અનંત પુરુષાર્થનો પિંડ આ ભગવાન છે. એમાં એકાગ્ર થાય તો વીર્ય પ્રગટ થાય છે. તો વીર્યગુણનું કાર્ય શું છે? સમજ્યા? ૪૭ શક્તિમાં આવ્યું છે. સ્વરૂપની રચના કરે તે વીર્યનું કાર્ય છે. રાગની રચના કરે તે નપુંસક વીર્ય છે. આહા..હા..! રાગની રચના (કરે) એ વીર્ય નહિ આત્માનું એમ કહે છે ત્યાં તો પ્રભુ. વીર્ય નામ સ્વરૂપની રચના કરે તો વીર્ય. ભગવાન આત્મામાં પુરુષાર્થ જે છે એ પુરુષાર્થની શક્તિને ધરનાર દ્રવ્ય છે તો અનંત ગુણનો આધાર (છે). એની અંતર દૃષ્ટિ થઈ તો સ્વરૂપની રચના નિર્મળ નિર્વિકારી થાય એ વીર્યનું કાર્ય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પરિણતિ, સાચી અતીન્દ્રિય આનંદની પર્યાયને રચે તેને ભગવાન વીર્ય કહે છે. આહા..હા..! અને રાગને રચે તે તો નપુંસક છે. પણ રચના સારી છે એમ માને તો નપુંસકનો નપુંસક છે. આહા..હા..! આ વીરના રસ્તા આવા છે. હેં? છેને?

આમાં ૪૭ શક્તિ છે. ૪૭ શક્તિ છેને? સૈંતાલીસ તમારી ભાષા, અમારી સુડતાલીસ. શક્તિ આવી નહિ. જુઓ! **'સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ૬.'** છઠ્ઠી છે. સંસ્કૃત ટીકા, અમૃતચંદ્રાચાર્ય. સંસ્કૃત છે. **'स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ६।'** સંસ્કૃત. **'स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ६।'** આહા..હા..! વીર્યશક્તિ ભગવાન એને કહે છે કે જેના સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ વીતરાગતા રચે એવું વીર્ય. વ્યવહાર રચે ઈ વીર્ય નહિ. કહો, સમજાય છે કાંઈ?

એવી વાત છે. શ્રીમદ્‌માં આવે છેને?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

અમૃત વચન. ભગવાનની વાણી અંદર અમૃતને બતાવનારી. પરમ શાંતરસ મૂળ. અકષાય પરિણતિનું મૂળ ઈ વાણી છે ભગવાનની. 'ઔષધ જે ભવરોગના' જન્મ-મરણના ટાણા ટળે એ રોગને (મટાડવાનો) આ ઉપાય છે. કાયરને-હીજડા જેવા પાવૈયાને તો કઠણ પડે એવું છે, કહે છે. હીજડા નથી હોતા હીજડા? નપુંસક. ..

દામનગરમાં પહેલા .. ઘણા હતા, હીજડા ઘણા હતા, પાવૈયા. મોટા શરીર. વીર્ય ખરે નહીંને એટલે શરીર ... એટલે હીજડા ગયા ... તમે આટલા બધા પૈસા ખર્ચો લશ્કરમાં. અમને રાખો, અમારા શરીર ... કોઈ રાજા વિરોધ કરશે તો અમે જાશું, લડશું. ભાઈ! તમારું કામ નહિ. પણ રાખો તો ખરા તમે. હીજડા રાખ્યા લશ્કરમાં, પાવૈયા. એમાં એ વખતે રિવાજ એવો હતો, ગાય હોયને? ગાય ગાય. ગાયના ધણ ... જાય, જંગલમાંથી આવે તો જે રાજાનો દુશ્મન હોય એ ધણને પાછું લઈ જાય જંગલમાં. તો સમજી જાય કે રાજા લડાઈ કરવા આવ્યો છે. અહીંયા ગાયુનું ધણ ... ખબર પડી. જાઓ લશ્કર. મોટા શરીર, મોટા ઘોડા, ઓલાને એમ થયું, ઓહો..! ... ભાગ્યા બિચારા. એમાં નદીમાં ઉતરતા ઉતરતા મૂળ નપુંસક હતોને, એવું બોલ્યા કાંઈક ભાષા એવી. ભાષા એવી બોલ્યા તો ઓલાને થયું, આ તો હિજડા લાગે છે. આમ પાછા હસ્યા તો ભાગ્યા. રાજા પાસે ગયા, નાથ! રાજા! તારા ખીચડા ખાઈએ, ... લશ્કર ... તમે હિજડા મોકલ્યા? તમારું કામ નહિ. તમે ખીજડા ખાવ. પાવૈયાના આવડા મોટા શરીર છે...

એમ અહીં કહે છે, પાવૈયા-નપુંસક જેવા એને આ માર્ગની રુચિ નહિ થાય.

પ્રમાણ વચન ગુરુદેવ!

## પોષ સુદ-૩, રવિવાર, તા. ૦૭-૦૧-૧૯૭૩
## કળશ-૧૦૪, પ્રવચન-૨૭૭

શિષ્યનો પ્રશ્ન છે '**જો સમસ્ત કાર્ય નિષેધવામાં આવ્યું...**' જે કંઈ ચરણાનુયોગની ક્રિયાઓ વ્રત, નિયમ, જાત્રા, ભક્તિ, તપસ્યા, .... અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એ બધા કાર્યને તો તમે નિષેધ્યું. સમજાણું કાંઈ? તો મુનિઓને શરણ કોનું? તો એણે શું પાળવું? જે પાળવાની વાત હતી એ તો તમે નિષેધ કરવા લાગ્યા. ...ભાઈ! તો એને આધાર કોનો? ધર્મીજીવને શરણ કોનું? ધર્મીને આધાર અને આશ્રય કોનો? એ તો તમે છોડાવવા માંગો છો. એ તો વિકાર ને દુઃખ ને બંધનું કારણ. પંચ મહાવ્રત ને અપવાસ ને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય ને એ બધા રાગનો તો તમે નિષેધ કરો છો, તો શરણ કોનું?

કહે છે, '**सुकृतदुरिते सर्वस्मिन् कर्माणि किल निषिद्धे**' શુભ આચરણ એ રાગના વિકલ્પનું આચરણ, વ્રત, નિયમ, તપ, શીલ અને અશુભ આચરણ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના. બેય આચરણરૂપી કાર્ય '**એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...**' બધા કાર્યનો તો તમે નિષેધ કર્યો પ્રભુ કે એ ધર્મ નહિ. '**અને...**' '**नैष्कर्म्ये प्रवृत्ते**' '**એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...**' ... ભાઈ! ભગવાન ચૈતન્યસ્વભાવી પ્રભુ છે એનું ધર્માત્માને શરણ છે. સમકિતીને ચોથે, પાંચમે કે છઠ્ઠે. સમજાણું કાંઈ? એ ભગવાન ચૈતન્યસત્તા મહાપ્રભુ એને સવારે નિશ્ચયઆત્મા કહ્યો હતોને? એ એનું શરણ છે. એમાં અનંત અનંત આનંદઅમૃત પડ્યું છે.

એ આત્મા એને નિષ્કર્મ પ્રવૃત્તિ. કર્મ નામ રાગની ક્રિયા વિનાની ચૈતન્યના સ્વભાવની એકાગ્રતાના આનંદની ક્રિયા એની પાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**नैष्कर्म्ये प्रवृत्ते**' જેટલી ક્રિયાકાંડના વિકલ્પો એ જ્યારે નિષેધ કરવામાં આવ્યા તો ગુરુ કહે છે કે એને નિષ્કર્મ પ્રવૃત્તિ છે, પ્રભુ! એ અંતરની દૃષ્ટિ અને જ્ઞાનમાં એના આત્માનું એને અવલંબન છે. કહો, ગોદિકાજી! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી, અમૃતસ્વરૂપી, આનંદરૂપી પરમ પરમાત્મસ્વરૂપી પરમ પ્રભુત્વસ્વરૂપી પ્રભુ અંદર છે. એમાં ધર્મીને એનો આધાર છે. સમ્યગ્દૃષ્ટિ હો કે શ્રાવક હો, આધાર અને શરણ તો એ વસ્તુ છે. આહા..હા..! આ શું કહે છે?

ભાઈ! તારી દૃષ્ટિ પર ઉપર છે. એ વ્રતાદિના ભાવ આત્માના સમ્યક્ અનુભવ વિના

એને તો ભગવાને બાળવ્રત કહ્યા છે. '**तं सव्व बालतवं बालवदं**' એ તો અજ્ઞાનીના વ્રતો મૂર્ખાઈ ભરેલા વ્રત છે. આહા..હા..! તેને આત્માના અમૃતનો સાગર પ્રભુ એને દૃષ્ટિમાં એનો આધાર મળ્યો નથી. જેની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનું શરણ મળ્યું નથી, એવા ત્રિકાળીનું જેને અંતરમાં આલંબન નથી, એ વિનાના વ્રત, તપને તો અહીંયા બાળતપ, મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ કહે છે.

મુમુક્ષુ :— ભલે મૂર્ખાઈ ભરેલા હોય, વ્રત તો છેને?

ઉત્તર :— એટલે શું? બાળવ્રત અને બાળતપ કહ્યા. મૂર્ખના વ્રત. અજ્ઞાનીના મૂર્ખના છે. મિથ્યાદૃષ્ટિ સહિત. કેમ કે એને સમ્યક્ અનુભવ તો નથી. આત્મા જ્ઞાનાનંદ છે. એટલે એને રાગનું કર્તૃત્વ મિથ્યાદૃષ્ટિને ઊભું છે. એ બાળતપ અને બાળવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! માર્ગ તો એવો છે.

મુમુક્ષુ :— તમે કરી તો જુઓ.

ઉત્તર :— અમારે પંડિતજી એમ કહેતા હતા, નહિ? ... બીજા કહે કે ... ભાઈ! એ વ્રત ને તપનું કરવું તો અનંત વાર કર્યું છે. સમજાય છે કાંઈ? અને આ અમે પંદર વર્ષ એવા કર્યા છે કે લોકોને ત્રાસ થાય. એવી ક્રિયા. પંદર વર્ષ પહેલા. દીક્ષિત થયા એ પંદર વર્ષ, હોં! ... બહાર બેંતાલીસ વર્ષ થયેલા. દીક્ષા કડક બહુ, બહુ કડક. એ વખતે ... ભીક્ષા માટે જઈએ (તો) એક પાણીનું બિંદુ હો અને એનો કળશો ખાલી હોય, કળશો સમજ્યા? લોટા. અંદર .. પાણીનું બિંદુ પણ હોય. સ્ત્રી વ્હોરાવા ઊભી થાય, વ્હોરાવા. એમાં સાડીનો છેડો અડી જાય, ઘર બંધ. ... આહાર ન્હોતા લેતા. નિર્દોષ આહાર, નિર્દોષ પાણી. એવી ક્રિયા લક્ષમાં આવે ... એવી ક્રિયાઓ તો પંદર વર્ષ કરી. મુલચંદભાઈ! આહા..હા..! એ શું ક્રિયા? એ તો એક શુભભાવ મિથ્યાદૃષ્ટિ સહિત. કારણ કે દૃષ્ટિ જ જ્યાં શુભરાગ ઉપર પડી છે એનો જ સ્વીકાર છે અને એ તો મિથ્યાદૃષ્ટિ છે. ...ભાઈ! જૂના માણસને ખબર છે આવું. એઈ..! શાંતિભાઈ! ... વહોરવાની ખબર છેને? રાડ નાખે બધા. વ્હોરવા જઈએ ત્યાં રાડ નાખે, હોં! મહારાજ આવ્યા છે. જરીક ... આમ કરશો નહિ. દસ દસ લાખના આસામી, ... શરીર પુણ્યપ્રકૃતિવાળું, વળી પ્રતિષ્ઠા ૨૮ વર્ષની જુવાન અવસ્થા. ભીક્ષા માટે જઈએ ત્યાં રાયચંદ ગાંધી ... ધ્રુજે, હોં! ક્યાંક ભૂલ કાઢશે. ક્યાંક દાણો અડ્યો, ક્યાંક પાણીનું બિંદુ અડી ગયું. ... અમારે કહેવું પડે, બા! તમે વ્હોરવા... બાપુ! એ તો રાગની ક્રિયા અને તે પણ હઠની ક્રિયા. જ્યાં અંતર દૃષ્ટિનો અનુભવ નથી એ તો ક્રિયા બધી કથની, મિથ્યાત્વની પોષક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, મુનિની ક્રિયા તો નિષ્કર્મ અવસ્થા. આહા..હા..! જેને અંતર દૃષ્ટિમાં ભગવાન લાધ્યો છે, અંતર દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં આત્મા પ્રાપ્ત થયો છે કે આ વસ્તુ પૂર્ણાનંદ સ્વરૂપ

છે. એમાં એકાગ્રતાની ક્રિયા, વીતરાગી પરિણતિ એ મુનિની અવસ્થા છે. એ મુનિની ક્રિયા છે. મુનિએ આ પાળ્યું છે. પંચ મહાવ્રતના વિકલ્પ પાળ્યા નથી, હતા તેને જાણ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :— પર રૂપે જાણ્યા.

ઉત્તર :— પર રૂપે જાણ્યા. ... પર જ્ઞેય તરીકે સમજાય છે કાંઈ?

કહે છે, મુનિની ક્રિયા તો નિષ્કર્મી પ્રવૃત્તિ. આમ રાગથી નિવૃત્તિ છે એમ કહ્યું પહેલું, અહીંથી નિષ્કર્મ પ્રવૃત્તિ લીધી અસ્તિથી. અસ્તિ. જ્ઞાનાનંદ પ્રભુ આનંદસ્વરૂપ પ્રભુ ઉપર દૃષ્ટિ છે સમ્યક, એ ઉપરાંત એમાં એકાગ્રતાની લીનતા, જ્ઞાનના સ્વભાવમાં લીનતા છે. એ નિષ્કર્મ પ્રવૃત્તિ સંતોની છે. શેઠ! આહા..હા..! સમજાણું કાંઈ? આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો કહ્યું છેને ભાઈ? વ્યવહાર દેશના સાંભળીને વ્યવહારને પકડે છે એ દેશના સાંભળવાને લાયક નથી. દેશનાને લાયક નથી. વાત વ્યવહારની આવે શાસ્ત્રમાં અને ભેદ પાડીને કથન કરે, '**माणवक एव सिंहो**' આવે છેને? ... મિંદડી એને સિંહ કહીએ છીએ. મિંદડી સમજ્યા? બિલ્લી. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આહા..હા..! એને બતાવે કે જો આ.. આ.. સિંહ કેવો હતો? કેવો હોય? કે આ મિંદડી જેવો-બિલ્લી જેવો. ઈ એને જ પકડે. એવો દેખે તો સિંહ માને. પણ ઈ તો તને ઉપમાથી સમજાવ્યું છે. આહા..હા..! ...ભાઈ!

એમ શાસ્ત્રમાં વ્યવહારની વાતું આવે એ તો નિમિત્ત તરીકે ઓળખાવવા. આવું જ્યાં હોય ત્યાં આવી નિર્મળ દશા હોય તો આને વ્યવહાર કહેવાય. આહા..હા..! એને જ વળગે. જુઓ, આ અમારી ક્રિયા ધર્મની, આ અમારા સાધુની, આ અમારા શ્રાવકની. ... દેશનાને લાયક નથી એમ કહ્યું. અબુદ્ધસ્ય બોધનાર્થં. આવે છે? અબુદ્ધસ્ય બોધનાર્થં ... અભૂતાર્થં. અભૂતાર્થ એવા વ્યવહારનું કથન અજ્ઞાનીને એને સમજાવે છે.

મુમુક્ષુ :— '**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।**'

ઉત્તર :— **नास्ति**. .. કેવળ વ્યવહારને જ પકડે એને તો ઉપદેશ દેવાને લાયક પ્રાણી નથી, ઉપદેશ સાંભળવાને લાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! તારા મારગડા જુદા છે, ભાઈ!

કહે છે કે નિષ્કર્મ પ્રવૃત્તિ. '**નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં...**' એ જ્ઞાન અને આનંદની પરિણતિ રૂપી દશા પ્રવર્તતાં. વ્રતાદિના વિકલ્પ તો આકુળતા અને દુઃખરૂપ હતા. દુઃખ હતું. છે? '**निषिद्धे**' એનો તો નિષેધ છે. અંતરમાં ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ, એ અતીન્દ્રિય આનંદમાં આનંદની અવસ્થારૂપી નિષ્કર્મ દશા પ્રવર્તતાં '**मुनयः खलु अशरणाः न सन्ति**' સંતો તે આધાર વિનાના નથી, સાધુ તે આશ્રય વિનાના નથી, અશરણ નથી. આહા..હા..! આવી વાત ભગવાન છે. અત્યારે તો બહુ ... આ તો એકાંત છે. બાપુ!

એકાંત જ છે આ સમ્યક્. સમ્યક્ એકાંત આવી દશા થયા વિના એને મુનિપણું હોય નહિ, શ્રાવકપણું હોય નહિ, સમકિતી હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, 'मुनयः खलु' 'खलु' શબ્દ છેને? નિશ્ચયથી 'अशरणाः न सन्ति' મહાપ્રભુનું શરણ છે અંદર. જેણે દૃષ્ટિમાં નિધાન—દૌલત લીધી છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં નિધાન પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ જેણે અંદર જોયો છે કે આ વસ્તુ છે. એમાં એ ઠર્યા છે. પ્રેમચંદભાઈ! ભારે! વ્યવહારવાળાને આ આકરું લાગે. ... ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થશે. ... ... પરનો વિનય ... એનો તો અહીં નિષેધ કર્યો છે. આહા..હા..!

કહે છે, એના(થી) રહિત પ્રભુ ચૈતન્યદળ, અતીન્દ્રિય આનંદનું દળ. ઓલામાં આવે છેને? ભાઈ! પુરુષાર્થસિદ્ધિમાં નહિ? દર્શનફળ. દર્શનનું ફળ એટલે અનુભવ દશા. એમાં બધું પ્રતિભાસ થાય છે. તળમાં નહિ. સમજાય છે કાંઈ? દર્પણ છેને? અરીસો કહે છેને? એની ઉપરની જે અવસ્થા છેને, એમાં લોકાલોક આદિ જણાય છે. દળમાં નહિ, ધ્રુવમાં નહિ, દળ છે એમાં નહિ. સમજાણું કાંઈ? આવી વાત છે. આ દાખલો આવ્યો છે, ... આ તો આત્માની વાત છે ... સમજાણું કાંઈ? દર્પણતળ એમ આવે છેને? પુરુષાર્થસિદ્ધિ (ઉપાય). ઉપર જે પર્યાય છે દર્પણની, એમાં આ બધું ભાસે છે. એમ ભગવાન આત્મા દળ જે છે અરીસાનું, ત્રિકાળી ધ્રુવ છે એ દળ છે એનો આશ્રય પર્યાયને છે તો પર્યાયમાં નિષ્કર્મ અવસ્થા થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આપ ગુરુના વિનયનો નિષેધ કરો છો તો બીજે બધાએ કહેવું પડે છે કે વિનય ઓછો કરો, વિનય ઓછો કરો, વિનય ઓછો કરો. બધા રાડ પાડે છે કે વિદ્વાનોનો વિનય કરો તો પણ લોકો નથી કરતા.

ઉત્તર :— ... એને યથાર્થ સમજાય એને ગુરુ ઉપર બહુમાન આવ્યા વિના રહે નહિ, છતાં એનો અંતર નિષેધ છે. આવો માર્ગ વીતરાગનો છે, બાપા! આહા..હા..! હેં? આવો માર્ગ છે, ભાઈ! ... કરીને આમ થાય ને આમ થાય ને આમ થાય.. સમજાય છે કાંઈ? ભગવાને કહ્યું, જેટલો પરદ્રવ્યાશ્રિત ભાવ થાય એ બધો વ્યવહાર છે. ન કહ્યું? આપણે આમાં આવ્યુંને? ... અધ્યવસાય, બંધ અધિકારમાં. બંધ.. બંધ.

મુમુક્ષુ :— ....

ઉત્તર :- આચાર્ય ભગવાન એમ કહે છે કે જ્યારે પરમાત્મા ત્રિલોકનાથ, પરની દયા પાળવી, પરની હિંસા ન કરવી એવા ભાવને કરી શકું છું એવા ભાવને તો અધ્યવસાય મિથ્યાત્વ કહ્યું છે. પરને સુખી કરી શકું, પરને દુઃખી કરી શકું, પરને જીવાડું, પરથી હું જીવું એવી માન્યતાને પ્રભુ અધ્યવસાય કહીને મિથ્યાત્વ કહે છે. તો જ્યારે એ મિથ્યાત્વનો ભગવાન નિષેધ કરે છે ... તો અમે તો એમ માનીએ છીએ કે જેટલો નિમિત્ત અને પરાશ્રયે વ્યવહાર

થાય એ બધાને ત્યાગ, (એમ) ભગવાન કહે છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો છે, હોં! એ કોઈના પક્ષથી .. લાગુ પડે એવો આ માર્ગ નથી. જાજા માને માટે આવું. સમજાણું કાંઈ? બંધ અધિકારમાં છે. જોયુંને? એ વાત કરી હતી એકવાર. ... બતાવ્યું હતું. ૧૭૩ કળશ. નીચે શ્લોકાર્થ છે નીચે.

'**આચાર્યદેવ કહે છે કે :— સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે...**' પર વસ્તુમાં એકત્વબુદ્ધિ જીવાડવાની, મારવાની થાય છે '**તે બધાંય અધ્યવસાન જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે.**' છે? ૨૭૧ ગાથાનું છેલ્લું. એ બધા ભગવાને '**પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી...**' '**मन्ये**' '**અમે એમ માનીએ છીએ કે...**' આચાર્ય મહારાજ એમ કહે છે—અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. '**તેથી અમે એમ માનીએ છીએ કે...**' '**अन्य-आश्रयः व्यवहारः एव निखिल अपि त्याजितः**' '**પર જેનો આશ્રય છે...**' પરદ્રવ્યનો જેને આશ્રય છે '**એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.**' પાછે 'જ' શબ્દ છે, હોં! 'एव' શબ્દ પડ્યો છેને, 'एव'. સમજાણું કાંઈ? ઝીણું છે, ભગવાન! માર્ગ તારો એવો છે. વીતરાગમાર્ગ છે. કોઈ સાથે .. કરીને આશ્રય લેવો એનો નિષેધ છે. હોય, આવે. અશુભથી બચવા એવો ભાવ સમકિતીને પણ આવે, પણ છે તો નિષેધ (કરવાલાયક).

મુમુક્ષુ :— કોઈને એવો ભાવ ન આવે એવું બને?

ઉત્તર :— ન આવે એવું ન બને. .. હોય એને પણ આવ્યા વિના રહે નહિ. અંતર્મુહૂર્તમાં ભલે કેવળ પામે તો એની જરી છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. છતાં જિને જ્યારે એકત્વબુદ્ધિનો અધ્યવસાય નિષેધ કર્યો, પહેલામાં એકત્વબુદ્ધિ છે, બીજામાં પરનો આશ્રય છે. બે ફેર છે. પહેલામાં, પરમાં એકત્વ. પરને જીવાડી શકું, પરથી હું જીવું, પરને હું મારું, પર મને મારે, ... બે દ્રવ્યની એકતાબુદ્ધિ છે એને અધ્યવસાય કહે છે. જ્યારે ભગવાને બે દ્રવ્યની એકતાબુદ્ધિના અધ્યવસાયનો નિષેધ કર્યો છે તો આચાર્ય કહે છે કે અમે તો એમ જાણીએ છીએ કે પરદ્રવ્યને આશ્રયે જેટલી વૃત્તિ ઊભી થાય, ભલે એકત્વબુદ્ધિથી નહિ, (તે પણ ત્યાગવાયોગ્ય છે). અધ્યવસાયમાં એકત્વબુદ્ધિ છે.

મુમુક્ષુ :— એકત્વબુદ્ધિ અને બીજી વૃત્તિ.

ઉત્તર :— બીજી વૃત્તિ અસ્થિરતાની. બે વાત છે. સમજાય છે કાંઈ? આ તો વીતરાગના પેટ છે, પ્રભુ! આ કાંઈ સાધારણ વાત (નથી). આહા..હા..! ૭૨ (ગાથામાં) તો ભગવાન તરીકે જ બોલાવે છે આત્માને. અમૃતચંદ્રાચાર્યદેવ. ભગવાન આત્મા! આહા..હા..! પ્રભુ! તું તો મહિમાવંદત પ્રભુ! આત્મતત્ત્વ છો. એમાં આવો રાગ પરને આશ્રયે થાય (એને તો) ભગવાને નિષેધ્યો છે. '**તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે**

**અંગીકાર કરીને...**' આહા..હા..! '**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (—આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?**' આચાર્ય એમ કહે છે. આ કળશનો અર્થ છે. ભગવાને જ્યારે પરાશ્રય વિકલ્પનો નિષેધ કર્યો, તો પ્રભુ! તમે એમ કેમ ત્યાં અટક્યા છો? છોડીને સ્વરૂપમાં લીનતા કરોને. ઈ આવશે. '**निष्कम्पम्**'. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળી પરમાત્મા કોને કહીએ? જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન, એ પણ એક સમયના તળમાં. અરીસાનું તળ એટલો ઉપલો ભાગ. એમ ભગવાન આનંદદળ એનો ઉપલો ભાગ એક સમયનો પર્યાય છે. એમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય. આહા..હા..! એ તે દળ કેવું હશે! આહા..હા..!

કહે છે કે, ધર્મીજીવને તો ઓલા રાગની ક્રિયાનો નિષેધ થયો તો એને ભગવાન ત્રિકાળી આત્મદળ જે છે એનો એને આશ્રય છે ક્રિયામાં. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાત પણ જ્યારે સાંભળવા મળે નહિ. એવી વાત સત્ય છે આ તો. પરમસત્યનું સ્વરૂપ. પછી આમ કરીને કાઢી નાખે કે જુઓ! અહીં તો ... કોઈને માનતા નથી. પણ કઈ રીતે ...? જેને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સાચા હોય ઈ માને તો પણ એ વિકલ્પ છે, અસ્થિરતાનો. પણ જે દેવ-ગુરુ સાચા જ નથી, એને ખોટાને સાચા માનવા એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેની શ્રદ્ધામાં સાધુ નથી એને કુસાધુને સાધુ માને એ તો મિથ્યાત્વ છે. સાધુને કુસાધુ માને એ મિથ્યાત્વ છે. સાધુને સાધુ તરીકે ઓળખીને માને તો રાગ છે.

મુમુક્ષુ :— તો પણ રાગ છે?

ઉત્તર :— પરદ્રવ્ય આશ્રયે છેને. પહેલો તો એકત્વબુદ્ધિ છે. આહા..હા..! આવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સમયસાર તો જગતનો અજોડ ચક્ષુ છે! આ ભરતક્ષેત્રમાં અજોડ ચક્ષુ! એની સાથે કોઈ મિલાન કરી શકે નહિ ... સમયસાર ભગવાન આત્મા.

કહે છે કે અહો..! '**मुनयः खलु अशरणाः न सन्ति**' એમ ન સમજો કે વ્યવહારનો નિષેધ કર્યો માટે હવે એને કાંઈ શરણ ન રહ્યું, એને કાંઈ પાળવાનું ન રહ્યું, એને કંઈ આચરવાનું ન રહ્યું, એને કંઈ કરવાનું ન રહ્યું. એમ ન સમજો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— નિષ્ક્રિય છે?

ઉત્તર :— રાગથી તો નિષ્ક્રિય જ છે. ઈ તો અહીં સિદ્ધ કર્યું છે. રાગથી તો નિષ્ક્રિય જ છે. સ્વરૂપની પરિણતિની અપેક્ષાએ સક્રિય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે હોં.

કહે છે કે ચરણાનુયોગના કથનમાં જિનેશ્વરે જે કહ્યું એવા રાગના વ્યવહારના પરાશ્રયપણું છે માટે નિષેધ કર્યો છે. ભગવાને નિષેધ કર્યો છે. કીધું એનો નિષેધ કર્યો છે. સમજાય છે કાંઈ? તો '**મુનિઓ કાંઈ અશરણ નથી;...**' મહાપ્રભુનું શરણ છે અંદર. દૃષ્ટિમાં પરમાત્મા

પોતે તરવરે છે. ધર્મીજીવને સમ્યગ્દર્શન એ પર્યાય છે, એ અરીસાનું ઉપલું તળ છે, એમાં એકલા તળમાં ભગવાન પૂર્ણાનંદ એને તરવરે છે. તરવરે છે, શું કહે છે? દેખાય છે. ઝલક ઉઠતી હૈ. ઝલક ઉઠે, અમારી ભાષા ગુજરાતી એટલે... આહા..હા..!

કહે છે.. આહા..હા..! ગજબ કરી! ભાઈ! તું એમ ન માન કે આવા વ્રત ને તપની ક્રિયા, ચરણાનુયોગની ક્રિયા ભગવાને કીધી એનું પણ સંસારનું ફળ છે. તો કહ્યું કેમ ભગવાને? ઈ તો જાણવા. એ વખતે આવો ભાવ એને હોય, એ ભૂમિકામાં કષાયની મંદતાની આટલી મર્યાદા સીમા હોય એ જણાવવા. આદરવા માટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, '(કારણ કે) **જ્યારે નિષ્કર્મ અવસ્થા...**' જોયું? '**(નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે...**' આનંદાદિ જ્ઞાનના સ્વભાવસ્વરૂપ ભગવાન જ્યારે પર્યાયમાં નિર્મળપણે પ્રવર્તે છે, શુદ્ધતાની વીતરાગી પરિણતિપણે જ્યારે વીતરાગસ્વરૂપ ભગવાન વીતરાગ પરિણતિએ જ્યારે પરિણમે છે ત્યારે '**ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि**' '**જ્ઞાનમાં આચરણ કરતું...**' વર્તમાન પરિણતિ, જ્ઞાનસ્વરૂપ ભગવાન ત્રિકાળ એમાં આચરણ કરતું '**રમણ કરતું...**' ત્રિકાળી જ્ઞાન આત્મા સ્વભાવસ્વરૂપ શુદ્ધ નિર્વિકલ્પ અભેદ અખંડ આત્મા એ જ્ઞાન એટલે આત્મા—સ્વભાવ, એમાં પરિણમતું. વર્તમાન રાગ વિનાની પર્યાય તેમાં રમતી, પરિણમતી, આચરતી તે '**જ્ઞાન જ...**' છે. એ જ્ઞાનસ્વભાવમાં પરિણમન થયું એ જ્ઞાન જ છે, રાગ નહિ એમ કહેવું છે. જ્ઞાન શબ્દે આખા આત્માની પરિણતિ તે જ્ઞાન જ છે એમ કહે છે. તે આત્મા જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા જ્યારે જ્ઞાનસ્વભાવી અને જ્ઞાનથી અવિનાભાવી અનંત ગુણની સાથે, જ્ઞાનસ્વભાવ એનાથી અવિનાભાવી અનંત ગુણનો જેમાં અવિનાભાવ સાથ છે એટલે કે જ્યારે રાગથી નિવૃત્તિ થઈ ત્યારે એ જ્ઞાનસ્વભાવની સાથે અવિનાભાવી જે અનંત ગુણ છે એવું જ્ઞાન એટલે એવો આત્મા એમાં એકાગ્ર થાય છે. ભાષા તો સાદી છે. દાખલા-બાખલા ... પહેલા હતા, હવે તો માલ આવે છે. પહેલા શરૂઆતમાં (આવતા).

'**ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि**' આહા..હા..! '**જ્ઞાનમાં આચરણ કરતું...**' વળી જ્ઞાનનું આચરણ એટલે શું? અરે..! ઓલું રાગનું આચરણ જે વિકલ્પનું હતું એને છોડી દઈને ભગવાન સ્વભાવસ્વરૂપ જે છે એનું આચરણ એટલે એકાગ્ર થતું, સ્વરૂપમાં રમતું, સ્વરૂપ રૂપે પરિણમતું, સ્વરૂપમાં સ્થિર થતું '**જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;...**' સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— એમાં તો પર્યાય પરિણમી.

ઉત્તર :— જ્ઞાન આચરણ ... પરિણમતું જ્ઞાન છે. ... રાગ શરણ નથી, આ શરણ છે.

મુમુક્ષુ :— અનંત ગુણનો પિંડ આત્મામાં પરિણમતી પરિણતિ.

ઉત્તર :— પરિણમતી પરિણતિ. વીતરાગ પરિણતિ શરણ છે. એને આધાર છે ત્રિકાળી

દ્રવ્યનો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે મુનિઓને શરણ છે;...**' ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં જે અનુભવમાં પ્રતીતમાં લીધો હતો એ જ આત્મા પ્રત્યેની લીનતા, આચરણતા, રમણતા એ સંતોને શરણ છે. શુદ્ધ ઉપયોગ છે. પણ શુદ્ધ ઉપયોગ થાય છે ક્યાં? કોને લઈને? દ્રવ્યના આશ્રયે. સમજાણું કાંઈ? આરે..! આવી વાત. કોઈ કથા હોય, કોઈ દાખલા હોય તો (સમજાય). કોલસાની ખાણમાં હીરા પાકે છે. શેઠ! કોલસાનો ધંધો હતોને? ... ખબર છે? ... બધી વાત તો આવી હોયને. કોલસાની ખાણમાં હીરા પાકે. એ રજકણની એવી જાત હોય ત્યાં કે અંદર કિમતી, મજબૂત, ટકતી ચીજ ત્યાં પાકી જાય. કોલસા હલકા બળે એવા. એમાં હીરો પાકી જાય. એમ રાગાદિના કોલસામાં હીરો ચૈતન્ય અંદર પડ્યો છે એ દૃષ્ટિમાં લે તો પાકી જાય. આહા..હા..! હીરો પડ્યો જ છે પ્રભુ તારો. છતી વસ્તુ નહોતી કીધી સવારમાં? છતીને અછતી પ્રભુ તેં કરી છે અને અછતીને છતી—પ્રસિદ્ધ કરીને તું રોકાઈ ગયો છો ત્યાં. સમજાણું કાંઈ? હેં? આહા..હા..!

વસ્તુ છતી પડી છે. પ્રગટ દ્રવ્ય વસ્તુ. પર્યાય તો એક સમયની અવસ્થા છે. એ તો નાશ પામી જાય છે બદલતી બદલતી. એ પર્યાયથી દૂર વર્તતું તત્ત્વ, છતો પદાર્થ સત્યપ્રભુ સત્ય. ... ક્યાં? ... સત્ આવે છે ઘણે ઠેકાણે. તું છતો હોવાથી ભગવાન ત્રિકાળી સત્ સ્વરૂપ એની પરિણતિ છતી છે, છતી છે. છતી છે, છતી છે. સમજાણું કાંઈ? એ નિત્યાનંદ ભગવાનને આશ્રયે જે પરિણતિ પ્રગટી એ સત્ય છે. એ છતીનો, છતી પરિણતિનો ધણી દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સતિને એક ધણી હોય. એમ નિર્મળ પરિણતિને એક દ્રવ્યનો જ આધાર અને ધણી હોય. એનો ધણી રાગ અને નિમિત્ત ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, અહો..! એ જ્ઞાન જ પરિણમતું, આચરણ કરતું, રમતું મુનિઓને શરણ છે. કેમ? '**તેઓ...**' શરણમાં શું આવ્યું? એમ કહે છે. '**तत्र निरताः**' '**તે જ્ઞાનમાં લીન થયા થકા...**' સંત ભાવલિંગી મુનિ ધર્માત્મા સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં લીન થયા થકા. '**निरताः**', '**निरताः**' વિશેષ રત. '**नि**' ઉપસર્ગ છેને. '**रताः**' લીન થયા છે. લીન થયા થકા, ઈ પુરુષાર્થથી પોતે લીન થયા થકા, એમ કહે છે. કોઈ એને રાગે મદદ કરી છે, એની મદદ (મળી) માટે લીન થયા થકા એમ છે નહિ. આહા..હા..! '**લીન થયા થકા પરમ અમૃતને પોતે...**' '**विन्दन्ति**' આહા..હા..! ધર્માત્મા પરમઅમૃતને વેદે છે. આહા..હા..! ઓલા રાગનો, વ્યવહારનો નિષેધ કર્યો એ તો ઝેર હતું. આહા..હા..! નિર્વિકલ્પ રસ પીવે છે પ્રભુ. સંતો નિર્વિકલ્પ આનંદને પીવે છે. એ એનું આચરણ અને એ એની પરિણતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો ...

'**જ્ઞાનમાં લીન થયા થકા...**' એટલે કે આત્મામાં એકાગ્ર થયા થકા. રાગમાં જે હતા

એ વૃત્તિ છેદી નાખી અને અંતરની લીનતામાં 'परमम् अमृतं' પરમ ઉત્કૃષ્ટ આત્માના આનંદને વેદે છે. એ મુનિનું આચરણ છે. આહા..હા..! છે? એમાં છેને. 'परमम् अमृतं' પરમ અમૃત. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો મુનિ અમૃતને સ્વાદે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? વ્યવહારના ચરણાનુયોગના રાગ તો ઝેર હતાં. આહા..હા..! એનાથી ... પાછા સ્વરૂપમાં આમ લીન થતાં. અહીંથી નિવર્ત્યો અને અહીં પ્રવર્ત્યો. સ્વરૂપની પ્રવૃત્તિની રમણતામાં 'परमम् अमृतं' 'स्वयं' પોતે આનંદને પોતે અનુભવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'परमम् अमृतं स्वयं' પોતે કર્તા થઈને, પોતે કર્મ-કાર્ય આનંદનું કરીને, પોતે સાધનરૂપી સ્વભાવનું સાધન કરીને, સ્વભાવનું દાન પોતે પોતાને આપીને, રાખીને, પોતાથી સ્વભાવને પ્રગટ કરીને, પોતાને આધારે પ્રગટ કરીને. સમજાણું કાંઈ? સ્વયં અનુભવે છે આનંદને. આનું નામ મુનિપણું છે. કહો, સમજાણું કાંઈ? આજે સાધુ નીકળ્યા હતા. દેરાવાસી સાધુ હતા. બેઠા હતા. બધા પોટલા બાંધેલા. આહા..હા..! ... હેં? બહુ ફેરફાર થઈ ગયો છે. કહે છે, એ સંતોને તો અતીન્દ્રિય અમૃતના સ્વાદનું શરણ છે. વ્યવહારનો નિષેધ થઈને ભાવલિંગી સંત જે છઠ્ઠે-સાતમે બિરાજે છે, આહા..હા..! એને તો નિદ્રા પણ પોણી સેકંડની અંદરની હોય છે. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદરની છે.

મુમુક્ષુ :— ક્યાં લખ્યું છે?

ઉત્તર :— ધવલમાં લખ્યું છે. અંતર્મુહૂર્ત.

મુમુક્ષુ :— અંતર્મુહૂર્ત તો ૪૮ મિનિટ છે.

ઉત્તર :— નહિ, નહિ. અંતર્મુહૂર્તના ઘણા ભેદ છે.

મુમુક્ષુ :— ઈ તો મોટું અંતર્મુહૂર્ત છે.

ઉત્તર :— એ તો મોટાની વાત છે. ... આહા..હા..! ધવલમાં એમ આવે છે કે એક છેલ્લું અંતર્મુહૂર્ત હોય તોપણ હજારો વાર છઠ્ઠું-સાતમું આવે, એવો પાઠ છે. અંતર્મુહૂર્ત. એમાં હજારો વાર છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે ભાવલિંગી મુનિ (આવે). અંતર્મુહૂર્તમાં હજારો વાર કરતાં કરતાં...

મુમુક્ષુ :— ... ક્ષપણશ્રેણિ માંડે...

ઉત્તર :— ના, ના. એ તો ... બાકી બધામાં એમ છે. અંતર્મુહૂર્ત છેલ્લો કોઈને બાકી રહ્યો હોય ... એને પણ અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠું-સાતમું આવે એવો પાઠ છે. પછી નીચલાવાળાને હોય જ. એમ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ક્ષપણશ્રેણિની અહીં વાત નથી. અહીં તો ક્ષપણશ્રેણિ પહેલા કોઈ જીવને

કેવળજ્ઞાન પામવાને મુક્ત થવાને અંતર્મુહૂર્ત હોય એના પહેલા એને અંતર્મુહૂર્ત બાકી રહ્યો હોય એમાં એ અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠું-સાતમું આવે.

મુમુક્ષુ :— એકને થાય કે બધાને?

ઉત્તર :— બધાને. બધાને એમ છે. છઠ્ઠાની સ્થિતિ એટલી છે પોણી સેકંડની અંદર. પંડિતજી! આહા..હા..! ઈ આવ્યું નહિ? છ ઢાળામાં. 'પીછલી રયની...'

મુમુક્ષુ :— પીછલી રયન તો છ કલાકની હોય છે.

ઉત્તર :— પોણી સેકંડની. પોણી સેકન્ડમાં તો હજારો વાર આવે એને. આહા..હા..! પણ પીછલી રયની. ઈ થોડો વખત. એક પડખે. આમ હોય તો આમ અને આમ હોય તો આમ. બાપુ! સંતો કોને કહેવા! આહા..હા..! હેં? પરમેશ્વર છે. જેને ગણધર **નમસ્કાર** કરે! **નમો લોએ સવ્વ સાહૂણં.** એમ સંત કહે છે. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં પ્રગટ કરનાર એ ગણધર જ્યારે શાસ્ત્ર રચે, **નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ૐ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ૐ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝાયાણં, ૐ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.** આહા..હા..! હે સંત! તારા ચરણકમળમાં મારા **નમસ્કાર!** કોણ કહે છે? ગણધર.

મુમુક્ષુ :— ગણધરદેવ કરે છે, આપ પણ કરો છો.

ઉત્તર :— ... આહા..હા..! પાંચ પરમેષ્ઠીને તો **નમસ્કાર** પહેલા સવારમાં ઊઠીને કરીએ છીએ. અહીં તો **નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં,** એમ **નમસ્કાર** થાય છે. એમાં સાધુ ન આવ્યા? સાધુ હોય એને ને? કે ન હોય એને? આહા..હા..! ... સાચા સાધુ આવે એને પૂજે. ... આહા..હા..! ધન્ય અવતાર! જેને ચારિત્રદશા સમ્યક્ અનુભવ દર્શન સહિતની હોય છેને? હજી સમ્યક્‌ના પણ ઠેકાણા નથી ત્યાં વળી ચારિત્ર-ફારિત્ર ક્યાં આવ્યા? શ્રદ્ધામાં હજી વ્યવહારથી મોક્ષમાર્ગ થાય, આવી ક્રિયા સાધન છે ને એનાથી કર્તા, કરણની સાધન છે, એનાથી સમકિત થાય, એનાથી મોક્ષમાર્ગ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! કોઈ વ્યક્તિની વાત નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. વ્યક્તિની જવાબદારી તો વ્યક્તિને છે. જ્યારે શ્રદ્ધાનો વિષય ચાલે વ્યવહારનો ત્યારે પચ્ચીસ બોલ નથી આવતા? અનાયતન. એમાં કુદેવને માનનારાનો નિષેધ છે. માર્ગ એવો છે, ભાઈ!

**'પરમ અમૃતને પોતે,...'** પોતે છેને? સ્વયં. જાતે અનુભવે છે. અતીન્દ્રિય આનંદનું વેદન મુનિઓને હોય છે. એ એનું આચરણ છે અને એ એનો મોક્ષનો માર્ગ છે. દળની ઉપર પરિણતિ આવી હોય છે. ધ્રુવ ઉપર આવી પરિણતિ હોય. સમજાણું કાંઈ? **'विन्दन्ति' 'અનુભવે છે—આસ્વાદે છે.'** વેદે છે. પર્યાયમાં વેદન હોયને? કંઈ દ્રવ્યનું વેદન ન હોય. એ તો કહ્યુંને? જ્ઞાનમાં લીન થયા થકા અમૃતને, પ્રગટ અમૃતને. અમૃત સહિત તો ધ્રુવ છે.

પણ એની એકાગ્રતા થતાં પરમ અમૃતને અનુભવે છે—આસ્વાદે છે. પરમશાંતિનો નિર્વિકલ્પ અનુભવ કરે છે. સમજાણું કાંઈ? આવે છે .. આનંદઘનજીમાં આવે છે.

'આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે?' જ્ઞાનસુધારસ. અમૃતના રસને પીને પ્રભુ! એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એક જ મોક્ષનો માર્ગ પાછો. એમ. સમજાણું કાંઈ? હજી જેને આવી શ્રદ્ધાના, વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને આવું સ્વરૂપ ક્યાંથી પ્રગટે? શું થાય? સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**સુકૃત કે દુષ્કૃત...**' એટલે કે શુભભાવ અને અશુભભાવ '**બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી...**' કંઈ કરવાની તો તમે ના પાડી. '**તેઓ મુનિપણું શાના આશ્રયે,...**' છે? '**શા આલંબન વડે...**' બે લીધા, જોયું? કોના આશ્રય? પાંચ મહાવ્રત હોય તો એને આશ્રયે મુનિપણું દેખાય, ભાસે. હવે એનો તો તમે નિષેધ કર્યો. ... અને વંદનયોગ્ય એ આચરણના પરિણામ છે? ધર્મી વંદન કરે છે, ગણધર કે સંત, નમો લોએ (સવ્વ સાહૂણં). એ આચરણને નમસ્કાર કરે છે કે પંચ મહાવ્રતના વિકલ્પને? આહા..હા..! એને તો આનંદસ્વરૂપની પરિણતિ છે એને વંદન કરે છે? વિકલ્પ ઉઠ્યો છે તો એ વંદન એને કરે છે. સમજાણું કાંઈ?

'**મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?**' જુઓ! પાળી શકે (લખ્યું છે). '**એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કહ્યું છે કે :— સર્વ કર્મનો ત્યાગ થયે...**' એ ક્રિયાકાંડના વિકલ્પનો ત્યાગ થયે '**જ્ઞાનનું મહા શરણ છે.**' ભગવાન આત્માનું એને શરણ છે અને ભગવાન આત્માના શરણે થતી નિર્મળ પરિણતિનું એને શરણ છે. સમજાણું કાંઈ? એ ચીજ એટલે કાંઈ નહિ જાણે. આત્મા એટલે કાંઈ નહિ અને એને આશ્રયે કંઈ થતું હોય (એ જાણે કાંઈ નહિ). આ દેખાવ (થાય) બહારમાં. વિકલ્પનો રાગ છે એને પોતાનો માનવો એ બહિરાત્મા છે. બહિરાત્મા. વસ્તુમાં નથી અને એને પોતાનો માને છે અને એને પાળું તેમ માને છે. તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

અંતરાત્મા તો ભગવાન પૂર્ણાનંદનું દળ એને આશ્રયે થતી શુદ્ધ પરિણતિ એને એ આચરે છે, કરે છે, વેદે છે, અનુભવે છે એ પોતાનું પોતાને દાન આપે છે. શેઠ! કહો, આ દાન. આ તમારા પૈસા-ફૈસાના દાન-બાનની અહીંયા કાંઈ કિંમત નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હમણાં એકવીસ હજાર આપ્યા એણે. નહિ? મકાનમાં કંઈક આપ્યા, કહે છેને. શું આપ્યું? કહે છે. શું રાખે? કોણ આપે? ભાઈ! આવું કહેશે તો કોઈ આપશે નહિ, એમ કહે છે. કોણ આપે છે તે નહિ આપે? સાંભળને હવે. આના દીકરા બે છે મોટા, સાત આઠ કરોડવાળા. બે છોકરા છે. ચાર ચાર કરોડ. એક છે સ્વીટઝરલેંડમાં અને એક અહીં

રખડતો હોય મુંબઈમાં. આહા..હા..! ... કોણ કોને દે? કોણ કોને લે? એક રજકણ પણ જવાનો હોય ત્યાં જાય એને આપે કોણ? લે કોણ? આવી વાતું છે.

કહે છે, '**જ્ઞાનનું મહા શરણ છે. તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે...**' આહા..હા..! .. છે પાઠમાં ... વસ્તુના સ્વરૂપના આશ્રયે પરિણતિ જે થાય એ પરમ અમૃતની પરિણતિ છે. આ લોકો કહે છેને, ચારિત્ર પાળવા કઠણ. દુઃખ વેઠવું ને બાહ્ય ક્લેશ ને.. એ ચારિત્રને સમજતા જ નથી. ચારિત્ર તો આનંદદાયક (છે) એને દુઃખદાયક માને એ તો મિથ્યાશ્રદ્ધા એની છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્ર તો આનંદદાયી છે એમ કહ્યું અહીં તો. ચરવું, સ્વરૂપમાં ચરવું, આનંદમાં રમવું એ ચારિત્ર છે. એમાં તો આનંદની દશાનું પરિણમન હોય છે. આહા..હા..! એને ... બાપુ! વીતરાગના માર્ગ, પંચ મહાવ્રત પાળવા, ઉઘાડે પગે ચાલવું, લોંચ કરવા, નાગા રહેવું ભારે કઠણ. એ વસ્તુને સમજતા નથી. યશપાલજી! ... આહા..હા..!

'**જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે.**' એ અજ્ઞાનીને પત્તો નથી કે આનંદનો સ્વાદ કેવો હોય. સમ્યગ્દર્શન થતાં જ આનંદનો સ્વાદ આવે. ચારિત્ર થતાં તો ઉગ્ર પરમ અમૃત એમ કીધું. પરમ અમૃતની વ્યાખ્યા કે સમકિતીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે એના કરતાં મુનિને પરમ આનંદનો સ્વાદ છે. એમ. પરમ અમૃતનો અર્થ આ. પરમ આનંદનો અર્થ આ. સમજાણું કાંઈ? આહા..હા..! એ જેનો સ્વાદ ધર્મી જાણે. '**અજ્ઞાની કષાયી જીવ...**' આહા..હા..! એ વિકલ્પના વ્રતને, નિયમના, તપના વિકલ્પના કર્તા એ અજ્ઞાની જીવ '**કર્મને જ સર્વસ્વ...**' જાણે છે. સમજાણું કાંઈ? '**તેમાં લીન થઈ રહ્યો છે.**' એમાં લીન થઈ રહ્યો છે. '**જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.**' એને આત્માના સ્વાદની ખબર નથી.

શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!

## ગાથા-૧૫૧

अथ ज्ञानं मोक्षहेतुं साधयति -

परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।
तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।
परमार्थः खलु समयः शुद्धो यः केवली मुनिर्ज्ञानी।
तस्मिन् स्थिताः स्वभावे मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।।१५१।।

ज्ञानं हि मोक्षहेतुः, ज्ञानस्य शुभाशुभकर्मणोरबन्धहेतुत्वे सति मोक्षहेतुत्वस्य तथोपपत्तेः। तत्तु सकलकर्मादिजात्यन्तरविविक्तचिज्जातिमात्रः परमार्थ आत्मेति यावत्। स तु युगपदेकीभाव-प्रवृत्तज्ञानगमनमयतया समयः, सकलनयपक्षासङ्कीर्णैकज्ञानतया शुद्धः, केवलचिन्मात्रवस्तुतया केवली, मननमात्रभावतया मुनिः, स्वयमेव ज्ञानतया ज्ञानी, स्वस्य भवनमात्रतया स्वभावः स्वतश्चितो भवनमात्रतया सद्भावो वेति शब्दभेदेऽपि न च वस्तुभेदः।

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :

પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,
એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.

ગાથાર્થ :-- [खलु] નિશ્ચયથી [यः] જે [परमार्थः] પરમાર્થ (પરમ પદાર્થ) છે, [समयः] સમય છે, [शुद्धः] શુદ્ધ છે, [केवली] કેવળી છે, [मुनिः] મુનિ છે, [ज्ञानी] જ્ઞાની છે [तस्मिन् स्वभावे] તે સ્વભાવમાં [स्थिताः] સ્થિત [मुनयः] મુનિઓ [निर्वाणं] નિર્વાણને [प्राप्नुवन्ति] પામે છે.

ટીકા :— જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમ કે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે. તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (પરમ પદાર્થ) છે-આત્મા છે. તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે, સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે, કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે, ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર)

ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે, પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે, 'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે અથવા સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે (કારણ કે જે સ્વતઃ હોય તે સત્-સ્વરૂપ જ હોય). આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી (નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે).

ભાવાર્થ : મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે; જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. માટે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.

---

## પોષ સુદ-૪, સોમવાર, તા. ૦૮-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૧, પ્રવચન-૨૭૮

પુણ્ય-પાપનો અધિકાર છે. ૧૫૦ થઈ ગઈ. ૧૫૧. 'હવે **જ્ઞાન મોક્ષનું** કારણ છે **એમ** સિદ્ધ કરે છે :—' ૧૫૧.

परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।
तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।
**પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

'ટીકા :— **જ્ઞાન મોક્ષનું** કારણ છે.' વળી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ મોક્ષનું કારણ છેને? તત્ત્વાર્થ સૂત્રમાં તો એમ કહ્યું છે. અહીં તો (કહે છે), એક જ જ્ઞાન મોક્ષનું કારણ (છે). એટલે? કે વસ્તુ જે આત્મા છે એ ચૈતન્યપ્રકાશનું નૂર, પ્રકાશ-પૂર છે એ તો. એવા ચૈતન્યસ્વભાવમાં સન્મુખ સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપ સન્મુખનું જ્ઞાન અને સ્વરૂપની રમણતા એ ત્રણેને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. કેમ કે જ્ઞાનની જાત છે. સમજાણું કાંઈ? એ રાગ અને વિકલ્પની જાત, કર્મ, રાગની જાત એ નથી. એથી એને કહ્યું કે જ્ઞાન મોક્ષનું કારણ છે. એટલે?

જે વસ્તુ છે ભગવાન આત્મા એ તો ચૈતન્યતેજ, ચૈતન્યના તેજથી ભરેલો પદાર્થ છે એની અંદરમાં એકાગ્રતા એને અહીં જ્ઞાન કહ્યું છે. ત્રિકાળી જ્ઞાન મોક્ષનું કારણ છે, એ અત્યારે વાત નથી. જ્ઞાનનો આધાર તો ત્રિકાળી જ્ઞાન છે. સમજાણું કાંઈ? જ્ઞાન જે સમ્યગ્દર્શન,

જ્ઞાન, ચારિત્ર એ નિશ્ચય, સત્ય (અને) વ્યવહારનું કથન છે. શાસ્ત્રમાં બે નયના કથન હોય. જૈન સિદ્ધાંતમાં બે નયથી જ કથન હોય. ત્યારે એનું પૂરું સ્વરૂપ કથનમાં આવે. એક નય તે સત્ય છે અને બીજી નયનો વિષય તે ઉપચારિક છે. સમજાણું કાંઈ? એથી અહીંયા મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય. વ્યવહારનયનું કથન હોય, બે નયનું કથન હોય. બીજી નય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એનો વિકલ્પ પંચ મહાવ્રતની જે વૃત્તિ, વિકલ્પ અને શાસ્ત્ર સન્મુખનું જે પર તરફના વિકલ્પવાળું જ્ઞાન એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એ હેય તરીકે વિષય છે ઈ. અને આ ઉપાદેય તરીકે વાત છે.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશ, આ સૂર્ય જેમ પ્રકાશનો પિંડ છે, એમ ચૈતન્ય જ્ઞાન—સમજણ સ્વભાવનો એ પિંડ છે. એ જ્ઞાન આ ન લેવું. એવા જ્ઞાનને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્દોષ વીતરાગી પર્યાય થાય એ જ્ઞાન અહીં લેવું. સમજાણું કાંઈ? ભારે! '**જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમ કે...**' એમ મૂક્યું છેને, પાછું કારણ મૂક્યું છેને. '**કેમ કે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...**' મોક્ષનું કારણ છે અને બંધના કારણનો એમાં અભાવ છે. જુઓ! આ અનેકાંત કર્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશ એ તો ત્રિકાળ છે. પણ એને આશ્રયે, એને અવલંબે, એની અંતર એકાગ્રતાથી જે જાત, જ્ઞાનસ્વભાવની જાત, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાનસ્વભાવની જાત છે, એ રાગ ને પુણ્ય ને વિકલ્પની જાત નથી. કહેશે હમણાં ટીકામાં. સમજાણું કાંઈ? કેમ કે શુભાશુભ કર્મના વિકલ્પો... જુઓ! વ્યવહાર સમજાવ્યો ખરો ભેગો. શુભ-અશુભ જે વિકલ્પ છે એ કર્મોના બંધનું કારણ છે. વિકલ્પ બંધનું કારણ છે તો આ જ્ઞાનસ્વભાવની પરિણતિ, વસ્તુ સ્વભાવને આશ્રયે થતી વીતરાગી નિર્દોષ આનંદ સહિતની દશા એ બંધનું કારણ નથી. આ મોક્ષનું કારણ છે તો બંધનું કારણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેમ કે જ્ઞાન...**' એટલે ભગવાન પૂર્ણાનંદ પ્રભુનું અવલંબન લઈને જે જ્ઞાનસ્વભાવની જાતની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના અને આનંદના પરિણામને અહીંયા જ્ઞાન કહે છે. એ જ્ઞાન.... શુભાશુભ રાગ એ બંધનું કારણ છે. વચ્ચે શુભ આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, વિકલ્પ, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્ર તરફના પરાલંબી, પરસત્તાવલંબી જ્ઞાન એ ત્રણ બંધના કારણ છે. એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? પણ એ બંધના કારણ છે. ત્યારે આ જ્ઞાન બંધનું કારણ નથી. શુભાશુભ વિભાવો, વિકલ્પો એ કર્મ એટલે કાર્ય એ બંધનું કારણ, આ જ્ઞાન બંધનું કારણ નહિ હોવાથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? ભાઈ પૂછતા હતા કે આ જ્ઞાન શું છે? ચોપડાનું જ્ઞાન હશે? શાસ્ત્રનું જ્ઞાન હશે? આ 'જ્ઞાન' શબ્દ આવ્યો ખરોને.

આ જ્ઞાન એટલે ચૈતન્યનું નૂરનું પૂર જે ધ્રુવ એને, આખા જ્ઞાનને જ આત્મા તરીકે સ્વીકાર્યો છે. કેમ કે એ અસાધારણ ગુણ છે. એટલે કે એવો બીજો ગુણ નથી. અને એ જ્ઞાનમાં શ્રદ્ધા, જ્ઞાન (આદિ) અનંત ગુણો એ જ્ઞાનમાં જણાય છે. એક જ જ્ઞાન. એ જ્ઞેય, અનંત ગુણો જ્ઞેય છે અને જ્ઞાન પ્રમાણ છે. અંદર અંદર શક્તિમાં, હોં! શક્તિરૂપે જે જ્ઞાન છે એ એના વિષય તરીકે અનંત ગુણો જે છે એ જ્ઞેય છે. ધ્રુવ તરીકે છે. ઉપયોગ અધિકમાં આવી ગયું છે. નિયમસાર. સમજાણું કાંઈ? શક્તિરૂપે જ્ઞેય અને જ્ઞાન બેય અભેદ છે અંદર. બહારની વાત નથી. અંતર સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપી એમાં અનંતા ગુણો તેના જ્ઞેય તરીકે થઈને જ્ઞાન એને જાણે છે. શક્તિરૂપ હોં! એથી જ્ઞાનમાં અનંત ગુણો આવી ગયા છે. તેથી એ જ્ઞાન જ આખો આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગની શૈલી તો જુઓ! સંતોના કથનની બલિહારી છે. આહા..હા..! એને સમાજવવાની રીત જ કોઈ ગજબની છે!

કહે છે, ભાઈ! જ્ઞાન.. આ જ્ઞાન પછી વાત કરશે. અંદર જે જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાન તે આખો આત્મા. કેમ કે જ્ઞાનમાં અનંતા ગુણો જે છે એ જ્ઞેય તરીકે જણાઈ ગયા છે. એટલે એ જ્ઞાન જ આખો આત્મા એમ છે. હવે એ આખો આત્મા જ્ઞાનને ગણીને એવા જ્ઞાનસ્વભાવી ભગવાન એમાં અંદર દૃષ્ટિ એકાકાર થઈને જે જ્ઞાનની જાત, શ્રદ્ધા પ્રગટે તો એ જ્ઞાનની જાત છે, આનંદ પ્રગટે એ જ્ઞાનની જાત છે, ચારિત્ર પ્રગટે એ જ્ઞાનની જાત છે, એ રાગની જાત નથી. સમજાણું કાંઈ? ભાઈ! આવ્યા હતા સાંજે...

આ જ્ઞાન જે છે એ તો પરિણતિની વાત છે, પર્યાયની વાત છે. પણ એ પરિણતિ કોનામાંથી આવી? કોને આશ્રયે આવી? એ પરિણતિનો આધાર કોણ? એ પરિણતિ ક્યાંથી ઊભી થઈ? એ ધ્રુવધામ ધ્યેય ભગવાન આત્મા એમાંથી પરિણતિ ઊભી થઈ. સમજાણું કાંઈ? એથી આ જ્ઞાન (કહ્યું તે) પર્યાયની વાત છે. એ પર્યાયમાં ત્રણે આવી જાય છે. ત્રણ શું અનંત ગુણની પર્યાય આવી જાય છે. અહીં તો મોક્ષના ભાવની વ્યાખ્યા કરવી છેને, એટલે ત્રણ મુખ્ય લીધા. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ભેગો આનંદ છે એ તો જ્ઞાન પ્રગટે તો આનંદસહિત, શ્રદ્ધા પ્રગટે તો આનંદસિહત, ચારિત્ર પ્રગટે એ અતીન્દ્રિય આનંદ સહિત જ હોય છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન (મોક્ષનું કારણ છે).

કેમ કે એ શુભાશુભ પરિણામરૂપી કાર્ય એ વિભાવજાત છે, એ બંધના કારણ છે. આ જ્ઞાન બંધનું કારણ નથી. બે નયનું કથન છે. દરેક વસ્તુમાં બે નયનું કથન છે. જૈનશાસનની પદ્ધતિ જ બે નયના કથનની હોય છે. પંચાસ્તિકાયમાં છે, નિયમસારમાં પહેલું છે. સમજાણું કાંઈ? એક નય નિશ્ચય છે એ યથાર્થ છે અને વ્યવહાર છે તે ઉપચારિક શું છે એમ બતાવે છે એટલું. એ ઉપાદેય નથી. ઉપાદેય આ એક ચીજ છે. કહો, પ્રેમચંદભાઈ! ભારે!

મુમુક્ષુ :— ... બહુ વિસ્તારથી છે.

ઉત્તર :— વિસ્તાર વ્યવહારથી જ થાય વધારે. આજે આવ્યું છેને અગિયારમી (ગાથામાં)? વિસ્તાર જ વધારે વ્યવહારથી થાય પણ એનું ફળ સંસાર છે. અગિયારમી ગાથામાં આવી ગયું છે. સંસાર છેને? અગિયારમી ગાથામાં આવ્યું છે. ભેદનો પક્ષ તો અનાદિ અજ્ઞાનીને છે, કેમ કે દ્રવ્ય અવ્યક્ત પર્યાયની અપેક્ષાએ, વસ્તુ અપેક્ષાએ ભલે વ્યક્ત પ્રગટ અસ્તિ છે પણ પર્યાયના વ્યક્તની અપેક્ષાએ વસ્તુ અવ્યક્ત છે એથી એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ નથી. એથી અજ્ઞાનીનો અનાદિનો પર્યાયનો, ભેદનો જ પક્ષ છે. અને માંહોમાંહે ભેદની જ વ્યાખ્યા કરે છે અરસપરસ. કહેનારા અને સાંભળનાર બહુભાગ.. એમ છેને? અગિયારમી ગાથા. એની જ વ્યાખ્યા કરે છે. અને જૈન શાસ્ત્રમાં પણ વ્યવહારને હસ્તાવલંબન તરીકે, કૌંસમાં ત્યાં સહાયક તરીકે એમ લખ્યું છે. સહાયક એટલે સાથે. આમાં છેને, અગિયારમાં છે. આ તો હજારો વાર આવી ગયું છે. સમજાણું કાંઈ? આ તો નવા (હોય) એને લાગે નવું. સમજાણું કાંઈ? જુઓને! અહીં બતાવ્યું છે .. નહિ? ... લ્યો, ગાથા જ અગિયાર આવી. પાનું છે, પચ્ચીસ. આમાં છે? બન્ને એક જ છે? (ચોવીસ પાને વચ્ચે).

**'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** છે તમારે? નિકળ્યું કે નહિ? શું થયું? નીચે છે. ફેર છે, પાનું ફેર છે. બીજી લીટી છે. **'પ્રાણીઓને...'** જીવને **'ભેદરૂપ વ્યવહાર...'** એટલે એક સમયની પર્યાય, રાગ એ બધો ભેદરૂપ વ્યવહાર છે. એ **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** **'કાળથી જ છે'** એમ છેને? **'અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** ઓલો કરે અને ઓલો સાંભળે કે હા, આ બરાબર, આ બરાબર. આ તો એક નિશ્ચય નિશ્ચય (કીધા કરે છે). સમજાણું કાંઈ? પ્રાણીઓ પરસ્પર બે સંતોષ પામનારા, કહેનારા ભેદથી જ કહેનારા છે અને સાંભળનારા પણ પરસ્પર બેય છે. છે એમાં? **'પરસ્પર કરે છે,...'** એમ. **'ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** ત્યારે જે એને હખ આવે છે. એઈ..! ઓલો સંતોષાય કે વ્યવહાર આવ્યો ખરો. વ્યવહાર આવે એ તો નિશ્ચયને બતાવવા આવે છે. અને નિશ્ચયની ભૂમિકા હોય ત્યાં આવા વિકલ્પની જાત હોય છે એ બતાવવા આવે છે. સમજાણું કાંઈ? બહુધા છે. છે?

**'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક)... '** છે કૌંસમાં? સહાયક એટલે સાથે હોય. **'જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.'** આહા..! બે નયની કથની, બે નયથી કથની ... ભાઈ! બેય નયની કથની છે, સાંભળને! વ્યવહારનયની કથની શાસ્ત્રમાં પણ ઘણી છે. સમજાણું કાંઈ? જીવને બતાવવો હોય તો એમ બતાવાય કે જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. જુઓ! ટૂંકામાં કહ્યું, સાતમી ગાથામાં. સાતમી ગાથામાં. જ્ઞાન, દર્શન ને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. લ્યો.

'**ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**' જ્ઞાન, દર્શનને પ્રાપ્ત થાય એ પણ ભેદથી વાત કરી છે. કથન શું કરવું? પણ એ ભેદને અનુસરવું નહિ. એમ પાછું એમાં કહ્યું, આઠમી ગાથામાં. ભેદથી કહ્યું ખરું પણ ભેદને અનુસરવું નહિ. સમજાણું કાંઈ? આઠમી ગાથામાં છે. એ તો બધા આધાર આપીએ તો પાર ન આવે. છે આઠમામાં જુઓ.

મુમુક્ષુ :— 'नानुसर्तव्यः'.

ઉત્તર :— 'नानुसर्तव्यः' હા ઈ. '**પરમાર્થનો પ્રતિપાદક** (કહેનાર) **હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે,...**' વ્યવહારનય છે ખરો, વિષય છે ખરો. '**તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું—એ વચનથી તે** (વ્યવહારનય) **અનુસરવા યોગ્ય નથી.**' સંસ્કૃત ટીકામાં છે. 'परमार्थप्रतिपादकत्वादुपन्यसनीयः' 'दुपन्यसनीयः' એટલે સ્થાપન કરવું. '**अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्वयवहारनयो नानुसर्तव्यः।**' પાનામાં આવ્યું છે કે બે નયની કથની છે, શાસ્ત્રમાં બે નયની કથની છે ત્યાં વળગે. પણ કથની છે એનો અર્થ શું? વ્યવહારનયનું કથન બધું ભેદથી, રાગથી, નિમિત્તથી કથન કરે. સમજાણું કાંઈ? પણ એનું ફળ તો સંસાર છે. આહા..હા..! નિશ્ચયનયનો વાચક જે છે, એ વાચ્ય જે છે અંદરનું એ જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! બહુ આકરું બાપા! અરે..! લોકો ક્યાંના ક્યાં પડ્યા હોય અને માને કે અમે જિનના બેય નયને માનીએ છીએ.

મુમુક્ષુ :— બેયને ઉપાદેય માને છે.

ઉત્તર :— એનો અર્થ જ છેને. નહિતર બે પડે શેના? બેય ઉપાદેય હોય તો બે શેના પડે? ઈ કાલે આવ્યું હતું સવારમાં નહિ? એક હેય છે, એક ઉપાદેય છે. જીવાદિ બાહ્ય તત્ત્વો છે તે ભેદ છે તેથી હેય છે. વ્યવહાર છે તે હેય છે. છે ખરો વિષય, નથી? સ્થાપવા યોગ્ય છે, વ્યવહાર છે એમ સ્થાપવા યોગ્ય છે. આચરવા યોગ્ય અને આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? બહુ ગડબડ ભાઈ! ... આ તો મુદ્દાની રકમની વાત છે. એ અહીં કહે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ જે વ્યવહારના કથનમાં શુભાશુભ ભાવનું કથન આવ્યું હતું. ચરણાનુયોગમાં શુભભાવનું આવ્યું હતું, એ બંધનું કારણ હતું. આ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ?

'**તેને એ રીતે...**' આમ અસ્તિ-નાસ્તિ કરી. '**તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.**' એને એ રીતે ભગવાન આત્મા મોક્ષ નામ પરમ આનંદની દશા એના કારણપણે આ રીતે બને છે. કહો, સમજાણું કાંઈ? આ જ્ઞાન (એટલે) આ શાસ્ત્રનું ભણવું ને એ જ્ઞાન નહિ. શાસ્ત્ર તો પર છે, આ તો જડ છે. ભગવાનની વાણી સાંભળવી પણ એ જ્ઞાન નહિ. જ્ઞાન તો એના સ્વભાવમાં જે ભર્યું છે ચૈતન્યમાં એના તરફના આશ્રયથી સ્વાલંબી જ્ઞાનની પરિણતિ થાય તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આ જ્ઞાનની જાતના—આત્માની જાતના છે અને કર્મની જાતના નથી માટે મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ્ઞાન,**...' જુઓ કહે છે હવે. કેટલી વાત ટીકામાં ... ! આમ સ્પષ્ટ, આમ સૂર્યના પ્રકાશની જેમ વાત કરી છે. '**તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી**...' છેને? અન્ય જાતથી ભિન્ન છે. કેમ કે વિકલ્પની જાત જે વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકલ્પ છે એ તો કર્મની જાત છે. આહા..હા..! એ જાતથી આ અનેરી જાત છે. સમજાણું કાંઈ? '**તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિ**...' કર્મ એટલે રાગ. રાગનું કાર્ય જે છે એ તો કર્મની જાતનું છે. વ્યવહારનયનું કથન જે છે ચરણાનુયોગનું એ તો કર્મની જાતનું કથન છે. સમજાણું કાંઈ? અને આ જ્ઞાન એટલે કે શુદ્ધ ચૈતન્ય ભગવાનને અવલંબે અંતરમાંથી પ્રગટેલું જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, ચારિત્ર વગેરે એ ત્રણેય જ્ઞાન કહેવાય, જ્ઞાનની જાત છે. તે જ્ઞાન સમસ્ત રાગાદિ કાર્ય અન્ય જાતિથી, એ તો અન્ય જાતિ છે. રાગાદિ જે વ્યવહારનો વિષય છે એ અન્ય જાત છે. એનાથી આ '**ભિન્ન ચૈતન્યજાતિ-માત્ર**...' છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની જાત છે એ તો કર્મની જાત છે અને આ જ્ઞાનજાત છે એ કર્મની જાતથી ભિન્ન જાત છે. સમજાણું કાંઈ? આવી વાત ઝીણી પડે માણસને. ... એવી વસ્તુ છે, ભગવાન! એ કંઈ ભગવાને કરી નથી. ભગવાને તો જાણ્યું એવું કહ્યું છે. કર્યું નથી કાંઈ. એનું કર્યું પણ બીજાનું કર્યું? સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિસામાનું વાક્ય છે.

શુભ આદિ વિકલ્પો '**અન્ય જાતિઓથી ભિન્ન**...' એ કર્મ આદિ અન્ય જાતિ છે, રાગાદિ. ભારે વાત! એની જાત બીજી છે, ભાઈ! એની જાત બીજી, એની દિશા બીજી, એનું ફળ બીજું. અને સમ્યગ્જ્ઞાનની દિશા બીજી. એ સ્વદિશા. સમ્યગ્જ્ઞાન આનંદરૂપ અને સમ્યગ્જ્ઞાનનું ફળ મોક્ષ. એના વિરુદ્ધનો વિકલ્પ છે એ અન્ય જાતિ છે. એ અન્ય જાત તે વિભાવજાત છે, આ આનંદજાત છે, આ દુઃખરૂપ છે. એનું ફળ ભવિષ્યમાં પણ દુઃખ છે. સમજાણું કાંઈ? '**તે જ્ઞાન**,...' તે જ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ, જ્ઞાનની જાતની પ્રગટેલી દશા તે જ્ઞાન. '**સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી**...' ભાષા જુઓને! જ્ઞાનની જાત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ, એ આનંદના પરિણામ જે મોક્ષના કારણરૂપ જાત, એનાથી આ વિકલ્પની જાત જે વ્યવહારનયનો વિષય છે (એ જુદી છે). સમજાણું કાંઈ? બે નયનું કથન છે શાસ્ત્રમાં. આવે છેને? નિયમસારમાં આવે છેને? ભાઈ! શરૂઆતમાં આવે છે. નિયમસારમાં આવે છે. સર્વસ્વ કહેવાની પદ્ધતિ છે. બે નય છે, હોં! આહા..હા..! જુઓ! આ બધું આવી ગયું છે કેટલીય વાર, હોં! લખાઈ પણ ગયું છે અને આમાં ઉતરી ગયું છે. ... (કળશ-૨).

'**વાચંયમીંદ્રોનું (—જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે**...' 'વાચંયમીંદ્ર' વચનના મૌનવાળાના પણ દેવ, ઈન્દ્ર એવા જિનદેવ એનું મુખકમળ. ખરેખર તો મુખકમળ નથી, ખરેખર તો આખા આત્મામાં છે. પણ લોકો મુખથી કહે છેને એટલે મુખકમળ લીધું છે.

આચાર્યો... મુખ ક્યાં ... ૐ ધ્વનિ આખા આત્મામાંથી ઉઠે છે. ... **'મુખકમળ જેનું વાહન છે અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...'** કોઈપણ વાત હોય, બે નયે કથન હોય છે એનું. સમજાણું કાંઈ? **'સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (—જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું.'** મુનિ પોતે કહે છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં પણ એમ છે.

મુમુક્ષુ :— સમ્યગ્જ્ઞાનની જનની છે.

ઉત્તર :— જનની છે એમ કહ્યું. પહેલા શરૂઆતમાં બે નયનું કથન હોય છે. પણ બે નયનો વિષય ભિન્ન છે, બે નયના ફળ ભિન્ન છે. આ ખ્યાલ આવ્યા વિના ગડબડ કરે છેને. વાંધા ઉઠે મોટા.

પંચાસ્તિકાય (કળશ-૩). **'હવે અહીંથી, જે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) સમયવ્યાખ્યા...'** 'સમયવ્યાખ્યા-સમયની વ્યાખ્યા, પંચાસ્તિકાયની વ્યાખ્યા, દ્રવ્યની વ્યાખ્યા, પદાર્થની વ્યાખ્યા.' બે નયથી કથન હોય છે. દ્રવ્યને કહેવું એ નિશ્ચય છે, પર્યાયને કહેવું એ વ્યવહાર છે. અહીંથી પહેલા બે ઉઠ્યા. પર્યાયનો ભેદ છે એ વ્યવહાર છે. કથની બે પ્રકારની છે. સમજાણું કાંઈ? એનો જે નિર્મળ પર્યાય છે એ પણ ભેદ વ્યવહારનય છે અને વિકલ્પ જે છે એ તો અસદ્ભુત વ્યવહારનયનો વિષય છે. શું કહ્યું ઈ? ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તો નિશ્ચય છે. એ તો પરમનિશ્ચય. હવે એને આશ્રયે પ્રગટેલી (પર્યાય) જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે નિશ્ચય છે. એકદેશ નિશ્ચય છે. આ તો અત્યારે એ બધું... એકદેશ નિશ્ચય, દ્રવ્યસંગ્રહમાં છે. અને આ રાગ ઉઠે છે વ્યવહાર, એ અસદ્ભુત વ્યવહારનય છે. ભેદ ઉઠે પર્યાયનો એ સદ્ભુત વ્યવહાર છે. ઈ એનામાં છે. અને વિકલ્પ તો એના સ્વરૂપમાં નથી, છતાં અંદર ભિન્નપણે આવે છે એને અસદ્ભુત વ્યવહારનય કહીને હેય કહી દીધો છે. સમજાણું કાંઈ? છેને? આમાં આવ્યું ઈ. .... **'સંક્ષેપથી કહેવામાં આવે છે.'** લ્યો, આ તો અમતચંદ્રાચાર્યની ટીકા (છે). ઓલી જે હતી એ, પદ્મપ્રભમલધારીદેવ(ની છે). સમજાણું કાંઈ? ઘણામાં આવેને? .. કે જુઓ! આમાં બે નયની કથની છે શાસ્ત્રમાં. બધો ખ્યાલ હોય છે. બે નયનું કથન છે એ તો કથન છે. મોક્ષમાર્ગની કથની છે બે નિરૂપણ કથન છે, વસ્તુ બે નથી. સમજાણું કાંઈ?

કહે છે, **'તે જ્ઞાન...'** ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ ચૈતન્યના પુંજનું નૂર એવું પુર પ્રભુ એને આશ્રયે પ્રગટેલી જે દશા—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એની તો અહીં વાત કરી છે. એના આશ્રયે બધી નિર્મળ પર્યાય (પ્રગટે છે). એ બધું જ્ઞાન જ છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાનની જાત છે એટલે આત્માની જાત છે. સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનની જાત છે, સમ્યક્ચારિત્ર જે છે સાચું એ જ્ઞાનની જાત છે. એ રાગની જાત નથી એમ સિદ્ધ કરવું

છે. સમજાણું કાંઈ? યશપાલજી! એમ, એ કરતાં બીજો અભ્યાસ છે આ. ... કોઈ કહેતું હતું, સાંભળેલી વાત છે. ઘણા અભ્યાસ હોય. આ જુદી જાતનું છે.

કહે છે.. આહા..હા..! વાચ્યને બતાવવાના વાચક પણ કેવા છે! હેં? સમયસાર તો શબ્દ છે વાચક. વાચ્ય તો અંદર ઓલો આત્મા છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત જે સ્વરૂપ છે એ વાચ્ય છે. સમજાણું કાંઈ? એમ અહીંયા આ જ્ઞાન, એ તો વાચક શબ્દ થયો. એનું વાચ્ય, અંદરમાં ભગવાન આત્મા સ્વરૂપે શુદ્ધ ચૈતન્યઘન છે. એની પર્યાયબુદ્ધિ છોડી, નિમિત્તબુદ્ધિ છોડી, રાગબુદ્ધિ છોડી સ્વભાવના આશ્રયે અંતરમાંથી જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એ જ્ઞાન. '**સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...**' છે. રાગાદિ તો ભિન્ન છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ આદિ બધા .. ભિન્ન છે. '**ચૈતન્ય-જાતિમાત્ર...**' વસ્તુ કીધી પાછી. અન્ય જાતમાત્રથી ભિન્ન છે, ચૈતન્ય જાતિમાત્ર. ચૈતન્ય જાતિમાત્ર કોણ? તે જ્ઞાન. સમજાણું કાંઈ? તેથી સામે પુસ્તક રખાય છે અહીં. નહિતર ખ્યાલમાં નથી કે હેઠે પુસ્તક છે અને ઉપર બેસવું? આમાં વિનય વધારે, એને સરળતાથી સમજાય એ હેતુથી વાત છે. બધી ખબર છેને લોકોની. સમજાણું કાંઈ? એમાં વધારે વિનય આમ છે કે એને વાતમાં ભાવ શું છે એ એને સમજાય એટલે બધાના હાથમાં હોય તો પુસ્તક સામે એવો હેતુ છે. સમજાણું કાંઈ? ... પણ વધારે વિનય આ છે. એનો ભાવ જે કહેવાનો છે એ શાસ્ત્ર સામે હોય તો એને સમજાય. ખરો વિનય ઈ છે. સમજાણું કાંઈ? આવી વાત છે બાપા! આહા..હા..!

અને તે પરમાર્થ છે. શું કહે છે? ઈ જ્ઞાન જે પ્રગટ્યું, સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ મોક્ષનો માર્ગ એ અન્ય જાતથી ભિન્ન છે અને ચૈતન્ય જાતિમાત્ર છે, ચૈતન્ય જાતિમાત્ર છે. એમાં કોઈ રાગનો અંશ જરીયે નથી. એકલો ચૈતન્ય જાતિમાત્ર. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર ચૈતન્ય જાતિમાત્ર માટે પરમાર્થ છે. માટે પરમાર્થ તે પરિણતિને કહેવામાં આવે છે. એ પરિણતિને પરમાર્થ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિ.

ઉત્તર :— શુદ્ધ પરિણતિ અહીં લેવું છે. પરિણતિ પ્રગટે કોને આશ્રયે? એ પ્રશ્ન પછી. અહીં તો પરિણતિ આવી હોય મોક્ષનું કારણ એમ બતાવવું છે.

'**પરમાર્થ (—પરમ પદાર્થ) છે,...**' આહા..હા..! તે '**આત્મા છે.**' એ શુદ્ધ પરિણતિ તે આત્મા છે. સમજાણું કાંઈ? ચૌદમા બોલમાં આવે છેને? ભાઈ! ત્યાં પર્યાય લીધી છે. ચૌદમી ગાથામાં આવે છેને? શુદ્ધનય કહો, અનુભૂતિ કહો, આત્મા કહો—ત્રણેય એક છે. ચૌદમી ગાથામાં આવે છે. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं**' એ અભેદથી વાત કરી. સમજાણું કાંઈ? આ તો પરમ પદાર્થ. કોણ? જ્ઞાનની જાત. પરિણતિ તે પરમ પદાર્થ,

હોં! ... વાત કહેશે. એની જાત આવી છેને. જાતની ભાત પડી છે અંદરમાં. ભગવાન ચૈતન્યજાત છે એની પડી છે ભાત પર્યાયમાં. આહા..હા..! શેઠ! આવું જરી ઝીણું છે આ. ..ભાઈ! .... ત્યાં તો એમ કહી ગયા, સાતમી નરકનું બહુ દુઃખ ભોગવે તો વૈરાગ્ય થઈ જાય તો મોક્ષ થઈ જાય (સમ્યગ્દર્શન થઈ જાય). અરે..! ભગવાન! સાતમી નરકે તો અનંત વાર ગયો, પ્રભુ! આ વાત આખી બાપા! વિદ્વતા જુદી, પંડિતાઈ જુદી, જગતને રાજી કરવાના ભાષાના ભાષણ જુદા, આ જાત જુદી છે. અહીં તો કહ્યુંને, કર્મની જાતથી જુદી. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવી ભાઈ! આહા..હા..!

કહે છે એ ચૈતન્ય જાતિમાત્ર માટે પરમાર્થ છે, પરમ પદાર્થ છે, તે જ આત્મા છે. નિર્મળ પર્યાય એ આત્મા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એક આત્મા ત્યારે એને ખ્યાલમાં આવે. નહિતર આવે ક્યાંથી? ચૌદમામાં કહ્યું છેને? શુદ્ધનય, અનુભૂતિ-આત્માની અનુભૂતિ. નહિતર શુદ્ધનય તો ધ્રુવ છે તે શુદ્ધનય છે. અરે..! આવી વાત. અગિયારમી ગાથામાં તો એમ કહ્યું છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**।' આ બીજું પદ છે અગિયારમી ગાથાનું. ભૂતાર્થ '**भूदत्थो देसिदो**' જે ત્રિકાળ તે શુદ્ધનય છે. ત્યાં તો એમ કહ્યું. અગિયારમી ગાથા જે વીતરાગના શાસનના પ્રાણ છે. ત્યાં તો એમ કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે, પરિણામમાત્ર અભૂતાર્થ છે, પરિણામ--પર્યાયમાત્ર અભૂતાર્થ છે. એ કાયમી ચીજ નથી, ... નથી એથી '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ જે છે, ત્રિકાળ જે છે, ધ્રુવ છે, છતો પદાર્થ જે પર્યાય વિનાનો આખો છે એ '**भूदत्थो देसिदो**' એને શુદ્ધનય કીધી. શુદ્ધનયનો વિષય એમ નહિ. નહિતર શુદ્ધનય તો જ્ઞાન છે અને એનો વિષય ભૂતાર્થ છે. પણ અહીં તો અધ્યાત્મની મૂળ દૃષ્ટિમાં વિષય અને જ્ઞાન બે જુદા પડતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એવો પાઠ છે અગિયારમીમાં. ભૂતાર્થ જે દેખાડ્યો એ જ શુદ્ધનય છે. આહા..હા..! અહીં આને કીધું છે. અહીંયા પરમ પદાર્થની પરિણતિ તેને આત્મા કહ્યો છે. અનુભૂતિને અહીં આત્મા કહ્યો. રાગ તો અનાત્મા છે. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ તો અનાત્મા છે, આસ્રવ છે. આસ્રવ એટલે આત્મા નહિ, ત્યારે આ આત્મા એમ કહેવું છે. સમજાણું કાંઈ? એક અર્થ થયો. પરમાર્થનો અર્થ થયો. નિશ્ચયથી '**परमट्ठो खलु**' એ પરમાર્થનો એક અર્થ થયો, એક શબ્દનો થયો.

આ તો ભગવાનની વાણી છે, પ્રભુ! સંતોની વાણી એ પણ પરમેશ્વરની જ વાણી છે. ત્રણ કષાયના અભાવની વીતરાગતામાં લખે છે. આહા..હા..! આનંદમાં ઝુલે છે. છઠ્ઠે

વિકલ્પ જરી આવે છે. વિકલ્પ તૂટીને સાતમું આવે છે. સાતમામાંથી ખસીને વિકલ્પ આવે છે, મંદ છે. એવા અતીન્દ્રિય આનંદમાં ઝુલતા ઝુલતા આ લખાઈ ગયું છે. લખાણું છે જડથી પણ એમાં નિમિત્તપણું આનું હતું. સંતો જંગલમાં રહેતા હતા. આહા..હા..! જેમાં માણસનો પગરવ પણ નહિ. એવા ધ્યાનમાં રહેતા હતા. એકલા. આહા..હા..!

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

કહે છે કે અમે તો વનમાં વિચારતા જંગલમાં આનંદમાં ક્યારે વિચરશું? શ્રીમદ્ ભાવના ભાવે છે. અહો..! સંયમ ન હો, પણ સંયમની ભાવના તો સમકિતીને હોય છે કે નહિ? આહા..હા..! ત્રણ જ્ઞાનધારી ભગવાન પણ ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર વિનાના રહ્યા. ત્રણ જ્ઞાન લઈને આવ્યા, ક્ષાયિક સમકિતી. એની યોગ્યતા હોય ત્યારે અંદરથી પરિણતિ આવેને. આહા..હા..! ૮૩ લાખ પૂર્વ ભગવાન પહેલા તીર્થંકર ચારિત્ર વિનાના, ચોથે ગુણસ્થાને કે પાંચમે ભલે, પાંચમું આવે છે. ઉત્તર પુરાણમાં બધાને આવે છે. આવે છેને, આપણે વાત થઈ ગઈ હતી. ક્યાં ગયા ભાઈ? ઉત્તર પુરાણમાં આવે છેને? આવે છે, ખબર છે. બધા આઠ વર્ષે (દેશચારિત્ર) એમ પાઠ છે ઉત્તર પુરાણમાં. એ વાતની ચર્ચા થઈ ગઈ છે. શાંતિનાથ ભગવાનનું છેને? શું કહેવાય? પુરાણ એમાં આવે છે. બીજામાં પણ આવે છે, છે. ચર્ચા થઈ ગઈ છે. ઉત્તમ પુરુષો છે એટલે એને આઠ વર્ષે તો (દેશચારિત્ર) સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બાર વ્રત. બાર વર્ષ નહિ. બાર વ્રત. પંચમ ગુણસ્થાન આવ્યું એટલે એવા બાર વ્રતના વિકલ્પ આવે. એમ. આહા..હા..! સમજાણું કાંઈ? એની ચારિત્રની ભાવના તો સમકિતીને હોય જ છે. આહા..હા..! ઓલામાં નથી આવતું? છ ઢાળામાં આવે છેને? છ ઢાળામાં આવે છેને? 'લેશ ન સંયમ પૈ...' 'ચરિત્તમોહવશ લેશ ન સંયમ' એ ચારિત્રમોહને લઈને નહિ, ચારિત્રમોહમાં વશ થયેલાને. પુરુષાર્થ ઓછો છેને. છ ઢાળામાં આવે છેને. ... ફેર છે.

મુમુક્ષુ :— ચારિત્રમોહને કારણે...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. ચારિત્રમોહ તો જડ છે. જડને કારણે આત્મામાં શું આવે? આહા..હા..! પુરુષાર્થની—વીર્યની પરને આધીન થવાની યોગ્યતા એનામાં છે. ઈશ્વરશક્તિ છેને? ૪૭ નયમાં લીધું છે. ૪૭ નય, પ્રવચનસાર. ૪૭ નયમાં ઈશ્વરનય લીધી છે. ઈશ્વરનય. પરાધીન થવાની એની પોતાની યોગ્યતા છે. ઈશ્વરનય છે. પ્રવચનસારમાં ૪૭ નય છેને? જોયું છે?

અહીં તો માણસ (કહે છે), કર્મને લઈને, કર્મને લઈને. મારી નાખ્યા. એમ નથી. ૪૭ નય છેને? સમયસારમાં ૪૭ શક્તિ છે. ઈશ્વરનયે **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.'** એવી જેની યોગ્યતા છે. **'ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** ધાવમાતા હોય. એની મા ન હોય. ધાવમાતાની દુકાને જાય. ... પરાધીન થાય છે. અહીં કહે છે **'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે...'** અને **'અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે...'** બે નયો છે એમાં. ગણધર પણ એ નયનું જ્યારે જ્ઞાન કરે છે ત્યારે જાણે છે કે મારી પર્યાયમાં એટલી પરાધીનતા મારે લઈને છે. સમજાણું કાંઈ? એ કર્મને લઈને નહિ. પરદ્રવ્યની સાથે શું સંબંધ છે? એની પોતાની યોગ્યતાથી જ આખી પરિણતિ .. છે એની. એટલે પરતંત્રતા ભોગવનાર. પોતે પરતંત્ર થાય છે. પર પરતંત્ર કરે છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એમ અહીંયા કહે છે કે આને આત્મા કહીએ. આહા..હા..! એને સમય કહીએ. સમય છેને બીજો બોલ? **'परमट्ठो खलु समओ'**. **'તે (આત્મા)...'** ચોથી લીટી. **'એકીસાથે (યુગપદ્) એકીભાવે...'** એકીસાથે એકીભાવે **'પ્રવર્તતા એવાં જે જ્ઞાન અને ગમન...'** સમય છેને? સમ-અય. જ્ઞાન અને અય-ગમન. સમ્યગ્જ્ઞાન અને ગમન. એકસાથે જ્ઞાન થવું અને પરિણમવું. આહા..હા..! પર્યાયમાં જ્ઞાન થવું અને તે જ સમયે તે જ્ઞાનનું પરિણમવું એક સમયે છે. એકીસાથે. કોની સાથે એકીસાથે? ગમન અને પરિણમનની સાથે. જ્ઞાન અને પરિણમનની સાથે. સમ-અય. સમ્યક્ પ્રકારે જ્ઞાનનું અય—ગમન. અથવા અય એટલે જ્ઞાન. બેય અર્થ થાય છે અહીંયા. સમ્યક્ પ્રકારે જ્ઞાનનું ગમન અને પરિણમન. એ જ્ઞાન પરિણમે અને જ્ઞાન થાય, એકસાથે.

**'તે-સ્વરૂપ હોવાથી...'** તે જ એનું સ્વરૂપ છે પર્યાયનું. આ પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે થાય, જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે, ચારિત્રરૂપે અને ... થાય. થાય એટલે? એ છે અને પરિણમે છે. માટે એને સમય કહેવામાં આવે છે. એ મોક્ષમાર્ગને સમય કહે છે અહીં. આત્માને સમય કહે છે ઈ તો પહેલો ... **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे'** એ ત્રીજી ગાથા. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે આત્મા એકીસાથે એકીભાવે **'(એકત્વપૂર્વક)...'** સ્વમાં **'પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ...'** પર્યાયનું તે સ્વરૂપ, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું પરિણમવું અને એ થવું. એથી એને સમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? બીજા બોલની વ્યાખ્યા થઈ. **'परमट्ठो खलु समओ'**. આ તો ગંભીર વાતું છે. એમાં કુંદકુંદાચાર્યના બહુ સંક્ષેપ ભાવમાં ... ગંભીરતા, અતિશયતા ... છે. સમજાણું કાંઈ?

આ અધિકાર પુણ્ય-પાપનો છે એટલે એમાં આમ કહ્યું. જે આત્મા જ્ઞાનની જાતની શ્રદ્ધા,

સમ્યક્ દર્શન, ચારિત્ર રૂપે પરિણમે. એ થાય અને તે પરિણમે એને સમય કહીએ અને એને મોક્ષનો માર્ગ કહીએ. સમજાણું કાંઈ? પોતાની જાત જે આત્માની એ જાતને મુખ્યપણે તો જ્ઞાન જ જાત .. એને. અને એની જાતનું પરિણમન અને એ અસ્તિપણે થવું અને પરિણમવું એક જ સમયમાં થાય છે. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિપણે થવું એટલે કે હોવું અને પરિણમવું. એ હોવું એની સાથે જ પરિણમવું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ કહે છે કે રાગ હોય છે ત્યાં, વ્યવહારનયનો વિષય, પણ એ રાગને જાણવું ન્યાં અને પરિણમવું એક સમયમાં થાય છે. એ રાગ છે માટે નહિ. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કીધું છેને? જાણેલો પ્રયોજનવાન છે. આ રીતે. જ્ઞાનની જાત પોતાની હયાતીવાળી દશા અને એ દશા એટલે પરિણમવું. જે પ્રકારનો રાગ વ્યવહારનો હોય, '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' એ બારમી ગાથા. તે કાળે તે જ્ઞાન થાય અને પરિણમે. જે પ્રકારનો વ્યવહાર છે તેવું અહીં જ્ઞાન (થાય) એ રાગની હયાતીને લઈને નહિ. સમજાણું કાંઈ? પોતાની જાતની હયાતીને લઈને જ્ઞાન થાય અને પરિણમવું, એ બે થઈને તેને સમય કહેવામાં આવે છે. આહા..હા..!

'**પ્રવર્તતાં...**' લ્યો. એક સાથે એક ભાવે. એમ છેને બે શબ્દ? એક, યુગપદ્ અને એકભાવે. જ્ઞાનભાવે. ઈ શ્રદ્ધા, શાંતિ—ચારિત્ર બધું જ્ઞાનભાવ છે. એ જ્ઞાનભાવ અને એનું પરિણમવું તે સ્વરૂપ હોવાથી તેને મોક્ષમાર્ગની દશાને સમય એવો ભગવાન આત્મા, એને આશ્રયે થતી પરિણતિને પણ સમય કહેવામાં આવે છે. જેને પરમાર્થ કહ્યો હતો એને જ અહીં સમય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે આમાં? બે થયા.

ત્રીજો. શુદ્ધ છેને ત્રીજો બોલ? '**समओ सुद्धो**'. '**સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે,...**' આ વિકલ્પવાળી નય લીધી છે હોં અત્યારે આ. હેં? નયપક્ષ જ ... 'શુદ્ધનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. ... અહીં આવશે, જુઓ! નિર્વાણ છેને? બીજામાં આવશે. ૨૭૨ ગાથા. આમાં પણ આવશે. .. આવે છેને? ૧૫૬ (ગાથા).

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।**
**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।**

કર્મનો ક્ષય તો '**परमट्ठमस्सिदाण दु जदीण**' પરમાર્થ પદાર્થ ભગવાનને આશ્રયે જે થાય તે મોક્ષનું કારણ છે, તે નિર્વાણનું કારણ છે. સમજાણું કાંઈ? ત્યાં તો જરી એમને અમારા પંડિતો વ્યવહારનય કાઢે છેને... કુંદકુંદાચાર્યના વખતથી છે. '**मोत्तूण णिच्छयट्ठं**' નિશ્ચયનો ભાવ પરમાર્થ છોડી દઈને '**ववहारेण विदुसा पवट्टंति**' પંડિતો વ્યવહાર કાઢીને એમાં પ્રવર્તે છે પણ એની મુક્તિ નથી, એનો મોક્ષ નથી. '**परमट्ठमस्सिदाण**' ભગવાન પૂર્ણાનંદ પ્રભુ

એને આશ્રયે થતી દશા એવા યતિને '**कम्मक्खआ**' એને કર્મનો ક્ષય '**विहिओ**' કહ્યો છે. વ્યવહારના આશ્રયે કર્મનો ક્ષય છે નહિ. વ્યવહારનયનો વિષય છે. એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? કેટલા બોલ આમાં યાદ રાખવા? કાંઈ બોલ નથી. સ્વઆશ્રયે મુક્તિ અને પરાશ્રયે બંધ. આ એક ને એક બેની વાત છે. હેં? આ એની બધી ટીકાઓ છે, સ્પષ્ટીકરણ છે.

કહે છે, '**સકળ નયપક્ષ...**' ગાથા-૧૪૨ આવી હતીને? બદ્ધ-અબદ્ધ, મૂઢ-અમૂઢના વીસ કળશ. ... મૂઢ-અમૂઢ, એક-અનેક, નિત્ય-અનિત્ય આવે છે. પ્રત્યક્ષ-પરોક્ષ એવું એક આવે છેને? એ બધા નયો વિકલ્પવાળા ત્યાં લીધા છે. બાકી નયના બે પ્રકાર છે. એક વિકલ્પવાળો નય અને એક નિર્વિકલ્પ નય. એમ પ્રમાણના બે વિષય છે—સવિકલ્પ પ્રમાણ અને એક નિર્વિકલ્પ પ્રમાણ. આલાપ પદ્ધતિમાં છે. આમાં બે પ્રકાર છે. વ્યવહારનય આશ્રિત મુનિવરો, નિશ્ચયનયાશ્રિત મુનિવરો. છે અંદર? ઉપર છે. વાંચો જોઈ.

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી,
નિશ્ચનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

ત્યાં વળી નિશ્ચયનયાશ્રિત મુનિવરો મોક્ષ જાય અને અહીં કહે છે કે નયના વિકલ્પ નિશ્ચય અને વ્યવહાર, બેયથી રહિત થાય તો મોક્ષ જાય.

મુમુક્ષુ :— ત્યાં નિર્વિકલ્પ નયની વાત છે.

ઉત્તર :— ઈ નિર્વિકલ્પ નયની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આ વિકલ્પવાળી નયની અહીંયા વ્યાખ્યા છે. પક્ષ છેને? 'નયપક્ષ' શબ્દ છે અહીં. '**સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી...**' એ કોણ? પર્યાય. '**જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે,...**' સમજાણું કાંઈ? એ શુદ્ધ તે મુક્તિનો માર્ગ છે. વિકલ્પ વચ્ચે વ્યવહાર છે કથન અશુદ્ધનું, એ મુક્તિનો માર્ગ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૫, મંગળવાર, તા. ૦૯-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૧, ૧૫૨, પ્રવચન-૨૭૯

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર ચાલે છે. પુણ્ય-પાપનો અધિકાર નામ પુણ્ય-પાપ એ ધર્મ નથી ... સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યસ્વરૂપ એમાં જે પુણ્ય અને પાપના ભાવ થાય, અધિકાર ઈ છે, એનાથી રહિત મોક્ષનો માર્ગ શું છે? એ વર્ણન અહીં ચાલે છે. એનાથી રહિત થાય. શુદ્ધ છે.

પહેલો બોલ .. ભગવાન આત્મા પરમ પદાર્થ છે. એની પરિણતિ પણ પરમ પદાર્થ જ છે. આ તો મોક્ષનો માર્ગ ચાલે છેને? વસ્તુ જે ભગવાન ચૈતન્યમૂર્તિ પરમ આનંદનું ધામ ધ્રુવ, એ પોતે જ પરમ પદાર્થ છે અને પરમ પદાર્થને આશ્રયે જે પરિણતિ થાય મોક્ષમાર્ગની એ પણ પરમ પદાર્થ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પરમાર્થ આવ્યું છેને ભાઈ? **'परमट्ठो खलु समओ सुद्धो'** ત્રણ બોલ ચાલ્યા છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં નિત્ય ધ્રુવ એક સમયમાં સામાન્ય અને એકરૂપ સ્વભાવ, એ પરમ આધાર જગતમાં પોતાને માટે છે. એવી દૃષ્ટિ થતાં, એવા પરમ પદાર્થ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું દૃષ્ટિ અને પરિણમન થતાં, નિર્દોષ સમ્યગ્દર્શન નિશ્ચય, સમ્યગ્જ્ઞાન એ સ્વસંવેદન, સ્વરૂપની રમણતા ચારિત્ર. એ ત્રણ પણ પરમાર્થમાંથી પ્રગટેલા (છે) માટે એને પરમાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજો સમય હતો. આત્મા વસ્તુ છે એ જ્ઞાનરૂપ ગણીને, આખો આત્મા જ્ઞાનરૂપ ગણ્યો છે. એ જ્ઞાનમાં અનંતા ગુણો જે ધ્રુવ સ્વરૂપ છે એ જ્ઞાનમાં જાણાવાની શક્તિ હોવાથી જાણે છે અનાદિથી. ધ્રુવપણાની વાત છે. આહા..હા..! એ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય એનું જે પરિણમન થવું, સમ્યક્ પ્રકારે અય-ગમન, ભાવરૂપ થવું અને ભાવરૂપમાં જ્ઞાનરૂપ થવું. જ્ઞાનરૂપ થવું એટલે એ ભાવ જ પોતે આત્મરૂપ છે. એ સમય છે. એ જ્ઞાન અને ગમન. સમ-અય. સમ્યક્ પ્રકારે અય-ગમન. ગમન એટલે પરિણમવું. અને અય એટલે જાણવું. એ જ્ઞાનનો એટલે આખા આત્માનો એક સમયમાં શુદ્ધપણે પરિણમન (થાય) એને અહીંયા સમય કહેવામાં આવે છે. વસ્તુને સમય કહેવામાં આવે છે અને વસ્તુને આશ્રયે થતી દશા, મોક્ષના માર્ગરૂપે એટલે કારણ રૂપે એને પણ અહીં સમય કહેવામાં આવે છે. ... નહોતા. ... સમજાણું?

ત્રીજો, **'સકળ નયપક્ષોથી અમિલિત...'** આ વિકલ્પવાળી નયની વ્યાખ્યા છે અત્યારે.

આત્મા ભગવાન પૂર્ણાનંદ એવો પૂર્ણ આનંદ છું, એવો પણ એક નિશ્ચય સ્વના પક્ષવાળો એક રાગપક્ષ, નયપક્ષ. એવા અનંત નયપક્ષો એનાથી નહિ મળેલો. એમાં નહિ આવેલો. **'એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી...'** ભગવાન પૂર્ણાનંદ અનંત ગુણમાં જ્ઞાનસ્વરૂપ હોવાથી એને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપ ભગવાન પૂર્ણ તે શુદ્ધ છે. સવારમાં છેને શુદ્ધભાવ. શુદ્ધભાવ ત્રિકાળી વસ્તુ શુદ્ધ વસ્તુ ધ્રુવ શુદ્ધ છે. એને આશ્રયે પરિણમન થકી મોક્ષમાર્ગની દશા એ પણ શુદ્ધ છે. અહીં પુણ્ય-પાપ તે અશુદ્ધ છે, પુણ્ય-પાપ તે અપરમાર્થ છે અને પુણ્ય-પાપ તે સમયથી વિરુદ્ધ અસમય છે. ... નય સાથે બતાવતા જાય છે. એકમાં આ નથી એમ કરીને બતાવે છે. આહા..હા..! અરે..! એની લીલા. ઓલા લોકો કહે છે કે ઈશ્વર લીલા કરે છે. એ ઈશ્વર નહિ, આ ઈશ્વર ભગવાન પોતે રાગમાં આવીને લીલા કરે છે વિકારની. એ લીલામાં રંગાઈ જાય છે એ દુઃખી છે. સમજાણું કાંઈ?

ભગવાન પોતે પરિપૂર્ણ પ્રભુ કૃતકૃત્ય ધ્રુવ સ્વરૂપ (છે). એવો જે શુદ્ધ સ્વરૂપ ભગવાન એને નયના વિકલ્પની, રાગની મિશ્રિત વિચારધારા એનાથી શુદ્ધની પરિણતિ નહિ મળેલ. એની સાથે એકત્વ નથી એવો જે ભગવાન આત્માનો શુદ્ધ પરિણતિરૂપ ભાવ એને અહીં શુદ્ધ કહે છે. એ મોક્ષનો માર્ગ છે. યશપાલજી! આવું છે, ભાઈ! માર્ગ એવો છે. અરે..! એને અંતરમાં બેસે ત્યારે કામ આવેને. સમજાય છે કાંઈ? ધારણામાં લ્યે ત્યાં સુધી વસ્તુ નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા છે ને આવો આત્મા છે એવી ધારણામાં લ્યે એ તો વિકલ્પવાળી ધારણા છે. એ તો અશુદ્ધ છે. આ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન દળ જે એક સમયની પર્યાયમાં પણ આવતો નથી એવો શુદ્ધ. પરિણમન કરીને પર્યાય થઈ એ મોક્ષના માર્ગની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. સમજાણું કાંઈ? આવું ભારે! અજાણ્યા માણસને એવું લાગે, શું કહે છે આ? જૈન ધર્મ તે આવો હશે? જૈન ધર્મમાં તો દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ન ખાવું (એવું હોય).

અહીં ઈ કહે છે, ભાઈ! વિકલ્પની લાગણી જે શુભ-અશુભ ઉઠે છે એને ન ભોગવવી, એને ન ખાવી. સમજાણું કાંઈ? ઓલો તો વ્યવહાર છે એ તો વિકલ્પ છે. એનું ભોગવવું અનુભવ એ પણ મિથ્યાદૃષ્ટિને હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને થોડો રાગ આદિ હોય એ ભોગવટો પરમાર્થે ગણવામાં આવતો નથી. જ્ઞાનના જ્ઞેય તરીકે ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? કર્મચેતના છેને? એટલે રાગમાં એકાકાર થાય અજ્ઞાની એ તો મિથ્યાદૃષ્ટિ સહિત રાગમાં એકાકાર થાય છે. દૃષ્ટિ વિકલ્પ અને પર્યાય ઉપર પડી છે. ધર્મીજીવની શુદ્ધતા ધ્રુવ ચૈતન્યને અવલંબીને જે પ્રગટેલી નિર્મળ અવસ્થા એને નયના વિકલ્પની સાથે એને મેળ નથી. મલિન વેદન રહિત એ દશા છે. એનું નામ જ્ઞાનચેતના છે. અને થોડો રાગમાં એકાગ્ર થાય છે ધર્મીજીવ પણ, એકાગ્રનો અર્થ અંદર પરિણમન છે થોડું પણ એ જ્ઞાનના

જ્ઞેય તરીકે એને ગણવામાં આવે છે. સ્વનો અનુભવ નહિ ઈ, સ્વનો ભોગવટો નહિ. સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું છે.

ચોથો બોલ. મુનિ મુનિ, કેવળી. કેવળી એટલે કેવળ એકલો પૂર્ણ આનંદ ... કેવળ એકલો પૂર્ણ શુદ્ધ સ્વરૂપ એને આશ્રયે થયેલી નિર્મળ દશા એ કેવળ એકરૂપ. એને રાગની અપેક્ષા નથી એવી કેવળ એકલી દશા. કેવળી એટલે કેવળજ્ઞાનની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આ તો વીતરાગની વાણી ગણધરોએ રચેલા શાસ્ત્રો, એની આ રચના છે. એ કંઈ સાધારણ પ્રાણીને એકદમ સમજાય જાય, પકડાય જાય એવી ચીજ નથી. સાધારણને. જેની યોગ્યતા છે એ તો ફડાક સાંભળવા દૃષ્ટિ ઊતરી જાય. આહા..હા..! કહે છે, જે કેવળી છે. છેને?

**'કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ...'** એ તો વસ્તુ જ એકલી ચિન્માત્ર વસ્તુસ્વરૂપ છે, જ્ઞાનમાત્ર જ્ઞાનમાત્ર કહેતાં રાગ નહિ, હોં! જ્ઞાનમાત્ર કહેતાં એકલું જ્ઞાન છે એમ નહિ, બધા અવિનાભાવી સ્વભાવ સાથે (રહેલા છે). **'ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે,...'** વસ્તુ છે ઈ કેવળી એકલી શુદ્ધ ચૈતન્યઘન (છે). અને એની પરિણતિ જે થાય, એને આશ્રયે દશા (થાય) એ પણ એકલી કેવળ જ છે. કેવળ નિર્મળ દશા તેને અહીંયા કેવળીની પરિણતિ એટલે આત્માની પરિણતિ કહેવામાં આવે છે. આરે.. આરે..! ભગવાન!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જ કીધુંને પહેલું. કહ્યું શરૂઆતમાં કે એનો અભાવ બતાવે છે. નહોતું કહ્યું? આ પુણ્ય-પાપનો અધિકાર છે અને આ ક્યાં માંડી? પુણ્ય-પાપનો અધિકાર એ પુણ્ય-પાપ વિનાની ચીજ કહી છે. અધિકાર છે અસ્તિનો એમાંથી નાસ્તિ કાઢીને પરિણતિ કાઢી છે એમાંથી. સમજાય છે કાંઈ? તારાચંદભાઈ! આવો માર્ગ ભારે. ... સભાને જોઈને ઉપદેશ કરવો. અરે..! ભાઈ! ... એ તો ... વાત છે. વસ્તુની સ્થિતિ આ છે. આહા..હા..! જેને ... જન્મ-મરણની ગાંઠ ગળી જાય, ભવના અંત આવે એ ચીજની વાત છે આ તો. એ જ વસ્તુ છે. જેમાં ભવ રહે, પુણ્યની પરિણામની ક્રિયા અને પુણ્યના પરિણામ મારા છે એવો મિથ્યાત્વભાવ એ તો અનંતા જન્મ-મરણની ગાંઠ છે. કેળની ગાંઠ હોય છેને કેળની? એમાંથી પાંદળા નિકળ્યા જ કરે આમ. કેળ.. કેળ. આ કેળા નહિ? .... નિકળ્યા જ કરે.

એમ આ મિથ્યાત્વભાવ, જે પુણ્ય અને પાપના વિકલ્પ એ મારી ચીજ અને એમાં હું, અને એ મારામાં એવો જે મિથ્યાત્વભાવ એ કેળની ગાંઠ જેવા ભવના કારણને કેળવે છે, કાઢે છે. એવી મિથ્યાત્વ ગાંઠ છે. જુઓ! આ દાખલો આવ્યો. યશપાલજી! ... આવે તો આવી જાય.

**'કેવળ ચિન્માત્ર...'** ભગવાન આત્મા તો એકલો જ્ઞાન આનંદ શુદ્ધ સ્વરૂપી જ છે. જ્ઞાન છે એટલે (એકલું) જાણવું નહિ, .. એટલે રાગ નહિ, પુણ્ય-પાપ નહિ. એવો કેવળ

એકલો ચિન્માત્ર વસ્તુસ્વરૂપ કેવળી છે. એનું મનન કરીને જે દશા પ્રગટ થઈ એ પણ કેવળ એકલી નિર્મળ છે. સમજાણું કાંઈ? મનન શબ્દે વિકલ્પ નહિ. ... આનંદઘન ભગવાન એની અંદર એકાગ્રતા એ પરિણતિને અહીં કેવળી કહેવામાં આવે છે. આ કેવળી ઓલા સર્વજ્ઞ એમ નહિ. એકલી શુદ્ધ પરિણતિ. બીજા વિકલ્પની પરિણતિ જેમાં અડતી નથી, છૂતી નથી. એ મુનિપણું છે એ મુનિપણું પણ વસ્તુ મુનિપણું છે એની વસ્તુમાં, એ પોતે જ મુનિપણું છે. નિર્વિકલ્પ ચીજ જ એને મુનિ કહીએ. એ ચીજને આશ્રયે પ્રગટેલી દશા જેના વિકલ્પથી રહિત મૌન છે ઈ. આનંદની દશામાં રમણતા કરે છે. છે?

'**ફક્ત મનનમાત્ર...**' મનન શબ્દે ચિંતા અને વિકલ્પ નહિ. રાગનું મનન એ અહીં નથી. અહીં તો મનન શબ્દે જે જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં એકાકાર, વિકલ્પની અપેક્ષા છોડી દઈને ભગવાનમાં લીન થવું, વીતરાગી દશા દ્વારા એમાં ધ્રુવમાં પ્રસરવું એને અહીંયા મનન કહેવામાં આવે છે. માર્ગ બહુ આકરા. છે તો એના ઘરના પણ મળી નથીને. અને એ તરફનો એણે અભ્યાસ જ કર્યો નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રનો અભ્યાસ કરે તોપણ એમાંથી વ્યવહાર કાઢે. જુઓ! આમાં લખ્યું છે કે બીજો નય છે કે નહિ? ... ભાઈ! વ્યવહારનય હોય છે. પણ એ હેય છે. આ ઉપાદેય અને અંગીકાર કરવા લાયક આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદપણે પરિણમે આત્માના આનંદનો સ્વાદ ઉગ્રપણે આનંદમાં એકાગ્ર થતાં જે આવે એને મુનિ કહીએ. સમજાણું કાંઈ? કેમ છે? સુજાનમલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... સત્ય વાત .. સત્યની છાયા પરિણમીને થવી એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે આ પંચમકાળે આવી વાત? ... પંચમકાળ વસ્તુમાં ક્યાં છે? કાળ-બાળ છે નહિ, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં નથી. કાળ એના ઘરે રહ્યો. ...ભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

'**મનનમાત્ર (જ્ઞાનમાત્ર)...**' એટલે કે આત્માના સ્વભાવ શુદ્ધમાત્ર '**ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,...**' એને મુનિ કહીએ. આહા..હા..! ગજબ વાત છેને! .. એ મુનિપણું છે? અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે એ મુનિપણું છે? એ તો .. છે. મુનિપણું તો શુદ્ધ ભગવાન પરમાનંદ એમાં અતીન્દ્રિય આનંદનો ઉભરો આવવો... ઉભરો સમજાય છે? આ પાણીમાં ઉફાન આવે છેને? પાણી શું દૂધ, દૂધમાં ઉફાન આવેને? ઈ પોલું ઉફાન છે. પોલું, ઈ કંઈ દૂધ વધ્યું નથી. પોલું. આ તો કઠણ. અંદરમાંથી ઉફાન આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. ... એટલે? રાગ અને પુણ્ય વિનાની વસ્તુ છે. એ ગુણમાત્ર છે એમ અહીં નથી કહેવું. સમજાણું? ફક્ત મનનમાત્ર ભાવ છે. મનન ... એનો અર્થ ઈ. મનન કે જે ભગવાન આત્મા છે સ્વરૂપ એક, ગુણસ્વરૂપ અનંત. અનંત

ગુણનું એકરૂપ એના ઉપર દૃષ્ટિ લગાવીને જે એકાગ્રતા થાય એને અહીંયા મનન કહેવામાં આવે છે. એ વીતરાગી પરિણતિ તેને અહીંયા મુનિ કહેવામાં આવે છે. નગ્નપણું અને વિકલ્પ છે એ મુનિ નથી કાંઈ. ઈ તો જડ છે. નગ્નપણું એ અજીવની અવસ્થા, વિકલ્પ એ આસ્રવની અવસ્થા, ભગવાન આત્માની આ અવસ્થા. સમજાણું કાંઈ? આહા..હા..! ... અમૃતના પુર વહેરાવ્યા છે. આહા..હા..!

ભગવાન તો અમૃતસ્વરૂપ છેને, પ્રભુ! તને ખબર નથી. આ પુણ્ય-પાપના વિકલ્પો ઝેરસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એનાથી લક્ષ છોડી દઈ, વ્યવહારના પુણ્યનો ભાવ એનું પણ લક્ષ છોડી દઈ અને ત્રિકાળી ચીજમાં એકાગ્ર થાય, નિજ સ્વરૂપ... 'આત્મ રમે સો રામ કહીએ' એ સ્વરૂપમાં રમે તેને રામ કહીએ. રાગમાં રમેં તેને હરામ કહીએ. આહા..હા..! આનંદઘનજીમાં આવે છે, 'નિજ સ્વરૂપમાં રમે તે રામ કહીએ' શુદ્ધ આત્મરામી, ભગવાન.. આપણે આમાં આવે છે નહિ? આત્મારામ, આરામ આરામ. અંદર સ્વરૂપ ભગવાનસ્વરૂપ શાંત ... ઈ આ ચિન્માત્ર. જ્ઞાનમાત્ર કહો કે ચિન્માત્ર કહો. એકલો અકષાય સ્વભાવ વસ્તુ છે એના અવલંબને જે નિર્મળ દશા વીતરાગી પરિણતિ સમાધિ નામ શાંતિ, આનંદની ધારા એને અહીંયા મુનિ કહેવામાં આવે છે. પંચ મહાવ્રતને મુનિ કહેવાય? આસ્રવને. ઈ તો વ્યવહારથી કહીએ. વ્યવહાર તો અભૂતાર્થ છે. આહા..હા..! ભારે આકરું કામ. આ મુનિ આને (કહીએ). આત્માના આનંદમાં રમણતામાં રમે તે મુનિ. શું છે આ? જુઓને! પાઠ છે. પોતે ભગવાન પોતે કુંદકુંદાચાર્ય કહે છે. અમૃતચંદ્રાચાર્ય અર્થ કરે છે. એક પણ ભાવ એનો સાચો સમજવો એટલે? એમ ને એમ બધા અગિયાર અંગ ભણીને નવ પૂર્વ ભણ્યો હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ભણે તોય ઈ વિકલ્પ છે. અનંત વાર ભણી ગયો, પણ આ ભણ્યો નહિ. આત્માને ભણ્યો નહિ. રાગને (ભણ્યો). ભાઈ! વિધાન તો અનુભૂતિનું કીધું છેને? રાગ તો વિકલ્પ આવે છે કળશટીકામાં આવે છે. કળશટીકા. આહા..હા..! બાર અંગ .... વિકલ્પ છે. પરલક્ષી છે. છેને, કળશટીકામાં બહુ સારું લખ્યું છે. એમાંથી સમયસાર નાટક (બનાવ્યું).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આત્માનુભવ કહો, અનુભૂતિ જ્ઞાન અનુભવ કહો, બધું એક જ છે. એમ જાણ. આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આત્માનો અનુભવ ઈ આ. અનુ એટલે પૂર્ણાનંદને અનુસરીને વર્તમાનમાં થવું વીતરાગી પરિણતિપણે, એ મોક્ષમાર્ગ છે. '**આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' દ્વાદશાંગજ્ઞાન-બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે? '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' આહા..હા..! પરલક્ષી જ્ઞાન છે. આહા..હા..! ભેદરૂપ છે. '**તેમાં પણ**

**એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** બાર અંગમાં આમ કહ્યું છે. તેરમા કળશની ટીકા છે.

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमबोधघनः समन्तात्।।१३।।

એની ટીકા કરી છે. બહુ સારી ટીકા છે. રાજમલજી. ... પંડિતનું કરેલું આપણને માન્ય નથી. પણ પંડિત સમ્યગ્જ્ઞાની હતા કે નહોતા? અરે..! ભાઈ! .... આહા..હા..! એમ કહે છે એ લોકો... એ તો પંડિત હતા. આપણે મુનિ કહે (તેનું માનવું) પણ મુનિ કહે પણ આ શું મુનિ કહે છે? ... એમ કહે છે. મુનિનું નહિ. નિયમસાર મુનિનું માનવા જાય તો એની એક્કેય વાત સાચી રહેતી નથી. એટલે ઈ મુનિનું ... ના પાડે છે. અરે..! મુનિ, સમકિતદષ્ટિનું હોય ઈ આપ્ત કહેવામાં આવે છે. ... આપ્ત કહે છે. આવે છે એમાં. ભાવદીપિકા, દીપચંદજીનું કરેલું છે. ... એમાં છે. હિતને માટે કબુલવા લાયક પુરુષ એ આપ્ત છે. ઉત્કૃષ્ટ આપ્ત ભગવાન ત્રિલોકનાથ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ તો ભગવાનનો લઘુનંદન છે. સવારમાં આવ્યું હતું. કેલિ કરે... પણ ઈ પર્યાયની વાત છે ત્યાં. કેવળજ્ઞાન સાથે કેલિ કરે ઈ બીજી વાત છે. સવારે ઈ હતું. 'કેલિ કરે શિવમાર્ગમાં, જગમાંહી જિનેશ્વર કે લઘુનંદન.' પર્યાયમાં અનુભવે છે પછી કલશમાં આવે છે, મતિ-શ્રુતજ્ઞાની કેવળજ્ઞાન સાથે કળા માંડી છે. કેમ કે કેવળજ્ઞાનનો મતિ-શ્રુતજ્ઞાન અંશ છે. ... અંશ છે ... કેવળજ્ઞાન ... જયધવલમાં કહ્યું છે. જયસેનાચાર્ય .. કેવળજ્ઞાનનો અંશ છે ઈ મતિ-શ્રુત. અવયવી જે કેવળ એનો આ અવયવ છે એમ કહ્યું છે. જયધવલ, વીરસેનસ્વામી. વીતરાગ ત્રિલોકનાથે કહ્યું એને ન બેસે તો ખોટું એમ કહેવાય?

અહીં કોઈ (જાણશે કે) બાર અંગ કોઈ અપૂર્વ જ્ઞાન (છે). ભાઈ! ઈ તો વિકલ્પ છે. આહા..હા..! એમાં એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. ઈ બાર અંગમાં પણ આ કહ્યું છે. ચારેય અનુયોગમાં પણ આ કહ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહારની વાતું ભલે વ્રતાદિની કરી હોય ચરણાનુયોગમાં, પણ એનો અર્થ કોઈપણ શાસ્ત્રના કોઈપણ વાક્યમાંથી વીતરાગતા કાઢવી. એમાં પણ એ બતાવ્યું છે કે આ છે તે રાગ છે એનાથી એ ભિન્ન ચીજ છે એનો અનુભવ કર. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગની વાણી તો આ છે. ભગવાન બિરાજે છે સીમંધર પરમાત્મા. કહો, સમજાણું કાંઈ?

કહે છે, (જ્ઞાનમાત્ર) **'ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,...'** ઉપાદાનની વાત લીધી છેને. નીચે કહેશે, દ્રવ્ય ઉપાદાન છે અને એમાંથી પર્યાય પ્રગટે ઈ પણ ઉપાદાન છે. નીચે છે. ભાવાર્થમાં છે. **'મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે.'** નીચે. સમજાણું કાંઈ? થોડું પણ

સત્ય હોવું જોઈએ. લાંબુ પણ મોટા હારડા ભરેલા હોય ... સમજાણું કાંઈ? કહે છે, **ફક્ત મનન.** એમ કહ્યું છે. સમજાણું? **મનનમાત્ર** છેને શબ્દ? **માત્ર** છેને? **ફક્ત મનનમાત્ર.** એકલી જ્ઞાનની એકાગ્રતા. શુદ્ધ ચૈતન્યઘનને ધ્યેયમાં લઈને જે ધ્યાનની દશા પ્રગટ થઈ એ મોક્ષનો માર્ગ તે મુનિ છે. આહા..હા..! એને મુનિને ગણધર **નમસ્કાર** કરે છે. નમો લોએ સવ્વ સાહૂણં. વિકલ્પવાળાના વ્યવહારના પણ ઠેકાણા ન હોય એને **નમસ્કાર** કરે? સમજાણું કાંઈ?

દર્શનપાહુડમાં તો આવ્યું હતું કે હે સકર્ણ! જો આવી સત્ય વાત સાંભળીને બેઠી હોય તને તો એવા દર્શનથી રહિત છે તેને વંદન કરીશ નહિ, નમન કરીશ નહિ. દર્શનપાહુડ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપા! આમાં કોઈની સિફારીશ ચાલે એવું છે? સિફારીશ એટલે? ... નગરશેઠના દીકરાના દીકરા. ચડાવી દીધા. સારો ... પરીક્ષક આવ્યો, કોણે આને ચડાવ્યો સાતમીમાં? ચોથી-પાંચમીના પ્રશ્નના ઉત્તરના ઠેકાણા નથી. ... એક આવતા નહિ આપણે? આવતાને લાઠીના જાડા. તેરમું ગુણસ્થાન પણ તારું નહિ, પ્રભુ! તમે આ વાત કરો છો! તેરમું ગુણસ્થાન તારું નહિ. ... ગજબ વાત કરી! આહા..હા..! ચૌદ ગુણસ્થાન એના નહિ. એવો પરમાત્મા પોતે જે દૃષ્ટિનો આશ્રય ધ્રુવને ધ્યેય કરીને જે પરિણતિ ઊભી થઈ એને અહીંયા મુનિ કહેવામાં આવે છે. બાપા! ભાવ મુનિ તો આવા છે. પંચમકાળ એટલે કાંઈ ફેર પડે કે નહિ? ... એની સુખડી થાય. સુખડી સુખડી સમજ્યા? ... સુખડી થાય છે. ગોળપાપડી અહીં અમારે કહે છે. લોટમાં ગોળ અને ઘીમાં શેકી સુખડી સુખડી. સાકર, ઘી અને લોટની થાતી હશે કે ધૂળ નાખીને થાતી હશે? પાંચમો આરો મોળો છે. ... ઘીના બદલે પાણી નખાતા હશે? લોટને બદલે ધૂળ નખાતી હશે? લોટ સમજ્યા? આટા. આહા..હા..! ગોળને બદલે ... ચાલે? પાંચમો આરો છે. પાંચમો આરો છે તો દ્રવ્ય-ગુણ વસ્તુ બદલી જાય એમ ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જુદી વાત છે. આહા..હા..! ધન્ય અવતાર! ચારિત્ર એ ધર્મ અને એ મુક્તિનું કારણ. એનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન. 'દંસણ મૂલો ધમ્મો'. ... આહા..હા..!

કહે છે, એને ભાવસ્વરૂપ એવી નિર્મળ વીતરાગી પરિણતિ, એને મુનિ કહીએ. '**પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...**' લ્યો. એ પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે. એ તો એની પરિણતિમાં જ્ઞાનની જ પરિણતિ છે, રાગની પરિણતિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એકલો જ્ઞાન. સમ્યગ્દર્શન, દર્શન, ચારિત્ર, આનંદ એ બધી જ્ઞાનની જાત કહેવાય. એટલે જ્ઞાનની પરિણતિ છે, એ રાગની પરિણતિ નથી. '**પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...**'

'**સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...**' લ્યો. સ્વ ભગવાનસ્વરૂપ પોતે

પૂર્ણાનંદ, એનું ભવનમાત્રસ્વરૂપ હોવાથી (અર્થાત્) એનું થવું, એનું પરિણમન થવું. એ આનંદસ્વરૂપ સ્વ એનું પરિણમન થવું પર્યાયમાં એને સ્વભાવ કહે છે. એ મુનિપણું કહો, સમય કહો, શુદ્ધ કહો, પરમાર્થ કહો, બધું એ છે. આ પુણ્ય-પાપના વિકલ્પની સામે આ દશાનું વર્ણન છે. સમજાણું કાંઈ? હજી તો વિકલ્પથી ધર્મ થાય ને રાગથી ધર્મ થાય ને પંચ મહાવ્રત પાળીએ એનાથી ધર્મ થાય. એ તો દૃષ્ટિ મિથ્યા છે. સમજાણું કાંઈ? દેહની ક્રિયા અમે કરી શકીએ. નિમિત્ત તો થાઈએને? પણ કોનું નિમિત્ત થાય? ઈ તો એની પરિણતિ જ્યારે થાય ત્યારે રાગનું નિમિત્ત કહેવાય. પણ તું એની પરિણતિને નિમિત્ત થવા જા તો શી રીતે થાય? સમજાણું કાંઈ?

અહીંયા કહે છે, **'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...'** ભગવાન સ્વ ચૈતન્ય આનંદ ને જ્ઞાનનો દરિયો, એ જ્યારે કાંઠે દરિયો ઉછળે છે ત્યારે એની ભરતીને બહારના પાણીની જરૂર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બહારમાં પચ્ચીસ ઈંચ વરસાદ અને એના પાણી અંદર પડે પણ જ્યારે દરિયાનો ઓટ કાળ હોય, ઓટ સમજ્યા? ... ત્યારે એ પાણી ભરતી નહિ લાવે. ભરતી સમજ્યા? બાઢ. બાઢ કહે છે? બાઢ. પચાસ ઈંચના વરસાદ પડે ઉપરથી અને પાણી પડે દરિયામાં એ ભરતી—બાઢ ન લાવે. એ દરિયો મધ્યથી ઉછળે ત્યારે બાઢ આવે. .. ભૈયાજી! આહા..હા..!

એમ જ્યારે ૧૧૮ ડિગ્રી તડકો હોય, પણ મધદરિયેથી જ્યારે બાઢ—ભરતી આવે એને ૧૧૮ ડિગ્રી રોકી શકે નહિ. સમજાણું કાંઈ? એમ સ્વભાવમાંથી ઉછળીને આવ્યો... આહા..હા..! ત્રિકાળી ધ્રુવ ઉપર જ્યાં દૃષ્ટિની એકાગ્રતાની ભીંસ પડી ત્યાં પર્યાયમાં કાંઠે અનંત આનંદ આદિ પ્રગટ થયા. ઈ દરિયો ઉછળ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...'** એ મોક્ષનો માર્ગ પણ સ્વભાવ છે અને વસ્તુ ત્રિકાળી પણ સ્વભાવ છે. પછી ભવન થવું—પરિણમન થવું. ભવન હોવું. અહીં હોવું (છે). સ્વના હોવામાત્ર સ્વરૂપ હોવાથી સ્વભાવ (છે). ત્રિકાળી પણ લીધું અને એનાથી પરિણમન થાય એ પણ સ્વનું ભવન છે. થવું, સ્વનું પરિણમન છે. ... હોવું છેને, સ્વ હોવું. **'સ્વ'ના ભવનમાત્ર...'** સ્વના હોવામાત્ર સ્વરૂપ **'હોવાથી સ્વભાવ છે...'** અને તેને આશ્રયે પ્રગટેલી દશા એ પણ સ્વભાવ છે. હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— (પુણ્ય-પાપ) વિભાવ છે. આ સ્વભાવ છે તો ઓલો વિભાવ છે. આહા..! પુણ્યની વાત શુભભાવની એવી ... માણસને. વ્યવહાર તો છેને? વ્યવહાર તો છેને? અરે..! વ્યવહાર ક્યારે છે પણ? સાંભળ તો ખરો. નિશ્ચયનું આવું શુદ્ધ પરિણમન ધર્મનું વર્તે એને વિકલ્પ આવે એને વ્યવહાર કહેવાય. હજી મિથ્યાદૃષ્ટિપણે ભાન ન મળે કાંઈ અને અમારે

વ્યવહાર તો છેને. ધૂળેય નથી. ધૂળેય નથી એટલે? સારું પુણ્ય પણ નહિ બાંધે ઈ. સમ્યગ્દષ્ટિને લોકોત્તર પુણ્ય હોય છે તીર્થંકર પ્રકૃતિનું. મિથ્યાદષ્ટિને એવું પુણ્ય પણ હોય નહિ. આહા..હા..!

'સ્વતઃ (પોતાથી જ) **ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે...**' ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ છેને? માત્ર સ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે. અહીંયા ભવનનો અર્થ ... સદ્‌ભાવ, સદ્‌ભાવ, સદ્‌ભાવ. ત્રિકાળી વસ્તુ સત્‌ભાવ, એને આશ્રયે પ્રગટેલી વીતરાગી પર્યાય પણ સત્‌ભાવ. પુણ્ય-પાપ તે અસત્‌ભાવ. આહા..હા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તે અસત્‌ભાવ. 'સ્વતઃ હોય તે સત્‌-સ્વરૂપ જ હોય). **આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી...**' ભલે આટલા નામ પાડ્યા પણ વસ્તુ એની એ છે. નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે. ભાવાર્થ. આવી વાત સભાને ... સભાને કરવું છે કે નહિ? હેં? ... આ જ ઉપદેશ દેવો. સભામાં મોક્ષમાર્ગનો (ઉપદેશ દેવો). દ્રવ્યાનુયોગ આમાં છે. બીજે મોક્ષમાર્ગ નથી. કહ્યું છે ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ? અરે..! અનંત કાળથી ... ચોર્યાશીના અવતાર ચાર ગતિના, ભાઈ! જ્યાં સુધી રાગની એકતા અને પુણ્યને એક માને છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ ચોર્યાશીના અવતારની માથે ડાંગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કલંક છે, ભવ કરવા એ કલંક છે.

'**ભાવાર્થ :— મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે.**' કહો! ... મોક્ષની પર્યાય આવે છે અને એ આત્માની દશા જે છે એ આત્માને આશ્રયે થઈ છે એ ઉપાદાન, પર્યાયનું ઉપાદાન છે. ત્રિકાળી છે ઈ ધ્રુવ ઉપાદાન છે. ઉપાદાનના બે પ્રકાર. એક ધ્રુવ ઉપાદાન, એક ક્ષણિક ઉપાદાન. આપણે આવી ગયું છે. ... છેને? ... આવી ગયું છે. મોક્ષનું ઉપાદાન આત્મા એ તો ધ્રુવ ઉપાદાન. ધ્રુવ ઉપાદાન તો ક્યારે ઉપાદાનપણે કહેવાય? ક્ષણિક ઉપાદાન તે વર્તમાન પર્યાયપણે પરિણમે ત્યારે ઓલા ધ્રુવ ઉપાદાનને નિમિત્ત તરીકે કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્ય છે એને વ્યવહાર કહીએ. આવે છે નયમાં. પર્યાય પ્રગટ થાય એ યથાર્થ છે. દ્રવ્યને એમ કે કાંઈક કીધું છે. સમજાણું? શબ્દ છે. એમ કે નય દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. ... નિશ્ચયથી તો એનો પર્યાય પ્રગટ થાય એ કારણ છે. એય..! ચેતનજી! આ બાજુ લીટીમાં છે.

'**વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે;...**' જ્ઞાન જ્ઞાન લીધું છેને. જ્ઞાન સ્વ-ભાવ, સ્વ-ભાવ—પોતાનો ભાવ. '**જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે.**' પ્રવચનસારમાં એમ લીધું છે કે જ્ઞાન તે આત્મા. આત્મા તે જ્ઞાન પણ છે, દર્શન પણ છે, આનંદ છે... છેને? ... જ્ઞાન છે તે આત્મા પણ આત્મા છે તે એકલું જ્ઞાન એમ નહિ. આત્મા છે એ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ બધા સ્વરૂપે છે. એ પ્રવચનસારની ટીકામાં છે. જોયું છે? અહીં તો જ્ઞાન આત્મસ્વભાવ અને સ્વભાવવાન. ભેદ છે એમ બતાવ્યું. '**માટે**

**જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.'** લ્યો. આત્માનું અંતર જ્ઞાન થવું અને આનંદનું પરિણમન થવું, જ્ઞાનની જાતની જાત થાય એ મોક્ષનું કારણ છે. વિકારની જાત છે એ કર્મની જાત છે. રાગ, દયા, દાન, વ્રત પાંચ (મહાવ્રત) આદિ એ કર્મની જાત છે. એ તો આવી ગયું છે. કાલે આવી ગયુંને? કર્મની જાત નહોતું આવ્યું? શેમાં આવ્યું હતું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એમાં છે. **'સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...'** બીજી લીટી. એ પુણ્ય અને પાપ એ આત્માની જાત જ નથી એમ કહે છે. આહા..હા..! એ કર્મની જાત છે. અને આ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એનો ધ્યેય, ધ્રુવને ધ્યેય બનાવીને જે પરિણતિ બને તે એની જાતની છે. તે એનો ભાવ છે અને તે મોક્ષનું કારણ છે. માટે મોક્ષનું કારણ જ્ઞાન (કહેવું યોગ્ય છે).

## ગાથા-૧૫૨

अथ ज्ञानं विधापयति -

परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।
तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू।।१५२।।

परमार्थे त्वस्थितः यः करोति तपो व्रतं च धारयति।
तत्सर्वे बालतपो बालव्रतं ब्रुवन्ति सर्वज्ञाः।।१५२।।

ज्ञानमेव मोक्षस्य कारणं विहितं, परमार्थभूतज्ञानशून्यस्याज्ञानकृतयोर्व्रततपःकर्मणोः बन्धहेतुत्वाद्बालव्यपदेशेन प्रतिषिद्धत्वे सति तस्यैव मोक्षहेतुत्वात्।

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.

ગાથાર્થ :— **[परमार्थे तु]** પરમાર્થમાં **[अस्थितः]** અસ્થિત **[यः]** એવો જે જીવ **[तपः**

करोति] તપ કરે છે [च] તથા [व्रतं धारयति] વ્રત ધારણ કરે છે, [तत्सर्वं] તેનાં તે સર્વ તપ અને વ્રતને [सर्वज्ञाः] સર્વજ્ઞો [बालतपः] બાળતપ અને [बालव्रतं] બાળવ્રત [ब्रुवन्ति] કહે છે.

ટીકા :— આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે (એમ સિદ્ધ થાય છે); કારણ કે જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે તેનાં, અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો બંધનાં કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.

ભાવાર્થ :-- જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ તથા બાળવ્રત (અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત) કહ્યાં છે, માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.

---

## ગાથા-૧૫૨ ઉપર પ્રવચન

'હવે આગમમાં પણ...' ભગવાનની વાણીમાં પણ 'જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે...' લ્યો ઠીક! જ્ઞાન શબ્દે સાથે સમકિત, ચારિત્ર બધું. જ્ઞાન એટલે રાગ નહિ. એમ. પુણ્યના પરિણામ મોક્ષનું કારણ નહિ. જ્ઞાન એટલે એકલું જાણપણું નહિ અહીં. ત્રણે. આહા..હા..! ભગવાનના શાસ્ત્રમાં પણ... નથી આવ્યું? સર્વજ્ઞ ભગવાન પરમાત્મા એના મુખથી દિવ્યધ્વનિ આવી, એના રચાયેલા શાસ્ત્રો તે આગમ પરમાગમ. એ પરમાગમમાં પણ જ્ઞાનને જ એટલે? વસ્તુનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન એને આશ્રયે થતી જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એ બધાને—જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? 'એમ બતાવે છે :—'

परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।
तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू।।१५२।।

ઓલામાં પરમાર્થ આવ્યો હતોને પહેલા?

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.

'ટીકા :— આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે...' એટલે કે વિકલ્પના રાગને વ્યવહારને મોક્ષનું કારણ ભગવાને કહ્યું નથી એમ કહેવું છે, હોં! જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહિ. જ્ઞાન એટલે અંદર દ્રવ્યનું સ્વસંવેદનજ્ઞાન, સ્વરૂપની ધ્રુવની પ્રતીતિ સમ્યગ્દર્શન, ધ્રુવમાં ધ્યેય બનાવીને સ્થિરતા—એ ત્રણેને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે.

આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ઘન આનંદકંદ એની જે પરિણતિ વીતરાગી પરિણતિ તે જ્ઞાન. એને મોક્ષનું કારણ પરમાત્માએ ફરમાવ્યું છે. સમજાણું કાંઈ? ચારિત્ર-સ્વરૂપની રમણતા એ પણ જ્ઞાનની જાત છે. રાગની જાત નથી. એકલું જ્ઞાન એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ ... એક જ રહ્યું.

દર્શન છે એ સ્વરૂપને નિર્વિકલ્પને પ્રતીત કરે છે. ચારિત્ર છે એ સ્વરૂપમાં રમણ કરે છે. વર્તમાન જ્ઞાન નાખ્યું. એટલે દર્શનનો વિષય પણ એ જાણે છે અને આ ચારિત્ર ... એ પણ જ્ઞાન જાણે છે. દર્શનનો વિષય તો અભેદ એકલો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન નિશ્ચયનો વિષય તો અભેદ એકલો સ્વરૂપ પર્યાયના વિષય વિનાનો. દૃષ્ટિના વિષયમાં પર્યાય આવતી નથી. પર્યાય પોતે દૃષ્ટિ છે એ દૃષ્ટિના વિષયમાં આવતી નથી. પણ તે દૃષ્ટિનો વિષય અભેદ એકલો છે. ત્યારે પછી જે થયું એની સાથે જ્ઞાન, એ જ્ઞાન અભેદને પણ જાણે છે અને આ સ્થિરતા ચારિત્ર થયું એને પણ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે...'** ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એકાંત જ છે, સમ્યક્ એકાંત જ છે. સમ્યક્ એકાંતનું નામ અહીંયા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એનાથી જે થયું જ્ઞાન એ રાગાદિ ભાવ છે એને જાણે વ્યવહારે, બસ. એમાં દર્શનને જાણે જ્ઞાન, જ્ઞાન ચારિત્રને જાણે, ... રાગાદિ બાકી છે વ્યવહારનો એને જાણે છે. જાણનાર છે. એને ભગવાને જ્ઞાન અને એવા જ્ઞાનને મોક્ષનો માર્ગ પરમાત્માએ ત્રણ કાળ એક પ્રકારનો ફરમાવ્યો છે. પાંચમા આરા માટે બીજો અને ચોથા આરા માટે બીજો, ભરત માટે બીજો અને મહાવિદેહ માટે બીજો એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું! આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— આગમ તો એક જ હોયને, આગમ બીજું હોય? એનું કથન એક પ્રકારે છે. આગમ પણ એક પ્રકારે વસ્તુ ફરે? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એક જ જાત છે.

આગમ ભગવાનની વાણી, ત્રિલોકનાથની વાણીમાં.. ત્યારે આગમમાં ચાર અનુયોગ ન આવ્યા? હેં? બીજા આગમમાં તો આ મોક્ષનું કારણ જ્ઞાનને કહ્યું છે. ચારેય અનુયોગ. ભલે કરણાનુયોગ, ચરણાનુયોગ હો. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને એમાં એકાગ્ર થઈને જે પરિણતિ ઊભી થઈ એને ભગવાને મોક્ષનું કારણ કહ્યું છે. '**(એમ સિદ્ધ થાય છે)**.' એમ કહે છે. છે? ફરમાવ્યું છે એમ સાબિત થાય છે. વ્યવહારના રાગને

મોક્ષમાર્ગ કહ્યો છે એમ ભગવાનની વાણીમાંથી સાબિત થતું નથી. સમજાણું કાંઈ? અને મોક્ષમાર્ગ બે છે. બે ન માને તો ભ્રમમાં પડ્યા છે, એમ કહે છે, લ્યો! આહા..હા..! ...આમ ન હોય. બાપા! નુકસાન છે, ભાઈ! નબળો કાળ છે માટે એવી વ્યાખ્યા કરવી એમ ન હોય. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાને આને મોક્ષનો માર્ગ કીધો છે એમ સાબિત થાય છે. ચારેય અનુયોગમાં ક્યાંય વ્યવહારને મોક્ષમાર્ગ કથનરૂપે કહ્યો, વસ્તુપણે કહ્યો નથી. આહા..હા..! કથન, નિરૂપણ. નિરૂપણનો અર્થ કર્યો કથન. મોક્ષમાર્ગમાં નિરૂપણ કર્યું છે. આ આપણે આવે છેને? છેલ્લે ... નિરૂપણ શબ્દ છે. ... સમજાણું કાંઈ? એણે તો જે ભાષા ચાલતી હોય એ રાખીને વાત કરી છે. સમજાણું? એમાં કહ્યું છે. ... છે કાંઈક. (ગાથા-૪૧૪) '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે—એવો જે પ્રરૂપણ-પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,...**' પ્રરૂપણ છેને? નિરૂપણ કહો કે પ્રરૂપણ કહો. ટીકા જ છે. પ્રરૂપણ-પ્રકાર. ટીકા છે. '**श्रमणश्रमणोपासकभेदेन द्विविधं द्रव्यलिंग भवति मोक्षमार्ग इति प्ररूपणप्रकारः स केवलं व्यवहार एव, न परमार्थः,...**' છેને ભાઈ ૪૧૪? નિરૂપણનો પ્રકાર છે. આહા..હા..!

કહે છે, '**કારણ કે જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે...**' કેમકે જે ચૈતન્ય ભગવાનનું જેને દર્શન, જ્ઞાન થયું નથી. જેને આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન... '**परमट्ठम्हि**' એમ છેને? '**अठिदो**' એનો અર્થ છે ઈ. '**જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે...**' જેને અંદર નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાનનું ભાન નથી, એના '**અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો બંધના કારણ હોવાને લીધે...**' એને બાળતપ કહે છે. મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ. આહા..હા..! છે? '**તેના અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં...**' વ્રતના પરિણામનો કર્તા થઈ.. કારણ કે કર્તાબુદ્ધિ ત્યાં પડી જ છે. સમ્યગ્દર્શન, જ્ઞાતા છું એવું તો અંદર ભાન થયું નથી. એટલે કર્તાબુદ્ધિ પડી છે. એવા અજ્ઞાનીના વ્રત ને તપ આદિ, વિનય ને વૈયાવચ્ચ ને સેવા ને ભગવાનની ભક્તિ અને પૂજા એ બધા ભાવો '**બંધના કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.**' એ થોડીક વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૬, બુધવાર, તા. ૧૦-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૨, ૧૫૩, શ્લોક-૧૦૫, પ્રવચન-૨૮૦

૧૫૨ (ગાથા).

'**ભાવાર્થ :— જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ અને બાળવ્રત (અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત) કહ્યાં છે,...**' એટલે? જેને ધ્રુવસ્વભાવને જ્ઞેય કરીને પર્યાયમાં સમ્યક્જ્ઞાન અનુભવનું થયું નથી એવા અજ્ઞાનીને રાગનો અનુભવ છે. કેમકે એની દૃષ્ટિ તો રાગ અને પર્યાય ઉપર છે અનાદિની. પર્યાય અને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી એણે કરેલાં વ્રત, તપ આદિ શુભભાવ હો, એ બધા બાળતપ અને બાળ(વ્રત છે), અજ્ઞાનતપ અને અજ્ઞાનવ્રત છે. સમજાણું કાંઈ?

'**માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.**' એ અજ્ઞાનમાં કરેલાં વ્રત અને તપ મોક્ષનું કારણ નથી. તેમ ભાન થઈને થયેલા વ્રત, તપના વિકલ્પો એ પણ મોક્ષનું કારણ નથી. હેં? ફરીને. ભાન થયું ધ્રુવનું, પર્યાયે ધ્રુવને પકડ્યો અને સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થયું એ આગળ વધીને જરી આશ્રય વધારે લઈ અને એકાગ્રતાની શાંતિ વધી થોડી પાંચમે એને વ્રતાદિના વિકલ્પો હોય છે બહારમાં પણ એ પણ બંધનું કારણ છે. મોક્ષનું કારણ નથી. અજ્ઞાનીના વ્રત, તપ તો બંધનું જ કારણ છે. કેમકે એ તો બંધસ્વરૂપ છે. એ આવી ગયું છે. બંધના કારણ હોવાથી કર્મોને 'બાળ' એવી (સંજ્ઞા આપીને) નિષેધ્યાં છે. જોયું? નિષેધ્યાં છે. નિષેધ્યાં છે એનો અર્થ કે એ વસ્તુના સ્વરૂપનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી. એ પર્યાયે દ્રવ્યને પકડીને આખો આત્મા જેણે પર્યાયે કબ્જે કર્યો એવું ધ્રુવનું પર્યાયમાં સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્દર્શન નથી એને તો એ રાગ ઉપર દૃષ્ટિ છે અનાદિની. એ રાગની ક્રિયાને અહીંયા બાળવ્રત અને બાળતપ કહ્યાં છે. એ બધા બંધના કારણ છે. કેમ કે મિથ્યાત્વ સાથે—ભેગું છે. સમજાણું કાંઈ? '**માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.**' હવે બે ઠરાવે છે.

## ગાથા-૧૫૩

अथ ज्ञानाज्ञाने मोक्षबन्धहेतू नियमयति -

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।
व्रतनियमान् धारयन्तः शीलानि तथा तपश्च कुर्वन्तः।
परमार्थबाह्या ये निर्वाणां ते न विन्दन्ति।।१५३।।

ज्ञानमेव मोक्षहेतुः, तदभावे स्वयमज्ञानभूतानामज्ञानिनामन्तर्व्रतनियमशीलतपः-प्रभृतिशुभकर्म-सद्भावेऽपि मोक्षाभावात्। अज्ञानमेव बन्धहेतुः, तदभावे स्वयं ज्ञानभूतानां ज्ञानिनां बहिर्व्रतनियम-शीलतपःप्रभृतिशुभकर्मासद्भावेऽपि मोक्षसद्भावात्।

---

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.

ગાથાર્થ :— [व्रतनियमान्] વ્રત અને નિયમો [धारयन्तः] ધારણ કરતા હોવા છતાં [तथा] તેમ જ [शीलानि च तपः] શીલ અને તપ [कुर्वन्तः] કરતા હોવા છતાં [ये] જેઓ [परमार्थबाह्याः] પરમાર્થથી બાહ્ય છે (અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી) [ते] તેઓ [निर्वाणं] નિર્વાણને [न विन्दन्ति] પામતા નથી.

ટીકા :— જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના (જ્ઞાનના) અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે. અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.

ભાવાર્થ :— જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે અને અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે; વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભ ભાવરૂપ શુભ કર્મો કાંઈ મોક્ષના કારણ નથી. જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે; અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં તે બંધને પામે છે.

# ગાથા-૧૫૩ ઉપર પ્રવચન

૧૫૩.

**'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે...'** એવું સ્વરૂપનું નિયમપણું એવું છે. ૧૫૩.

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

**'ટીકા :— જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...'** જ્ઞાન એટલે? એકલું જાણવું એમ નહિ. ધ્રુવ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરીને, અંતર વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ ધ્રુવને જ્ઞેય કરીને, જે જ્ઞાન થયું, જે શ્રદ્ધા થઈ, સ્વરૂપમાં સ્થિરતા થઈ એ બધાને અહીં જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? **'જ્ઞાન જ'** પાછું એકાંત. એમાં વળી કથંચિત્ (નથી). વસ્તુનો સ્વભાવ તેના આશ્રયથી થયેલી મોક્ષના માર્ગની પર્યાય એ એક જ મોક્ષનું કારણ છે. બીજું પણ છે, અનેકાંત છે એટલે નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે (એમ નથી). અનેકાંત છેને, ભગવાનનો માર્ગ. એ અનેકાંત નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિશ્ચયથી તો આ એક જ માર્ગ છે અને વ્યવહાર(થી) નથી એનું નામ અનેકાંત છે. આ જગતની ખતવણી આમ છે. નિશ્ચય પણ માર્ગ છે, વીતરાગ સ્યાદ્વાદ માર્ગ છે પરમાત્માનો. કથંચિત્ નિશ્ચયથી મોક્ષનું કારણ, કોઈ અપેક્ષાએ વ્યવહાર રાગાદિ વ્રતાદિ એ પણ મોક્ષનું કારણ. તો સ્યાદ્વાદ થાય છે (પણ) એમ નથી. ફૂદડીવાદ થયો. એકાંતવાદ, ફૂદડીવાદ. ફૂદડી સમજ્યા? ચક્કર ફર્યા કરે. વસ્તુવાદ નથી. તેથી પહેલો શબ્દ વાપર્યો **'જ્ઞાન જ મોક્ષનો હેતુ...'** એકાંત, સમ્યક્ એકાંત. વસ્તુની ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ એની નિર્વિકલ્પ દૃષ્ટિ એનું સ્વસન્મુખનું સ્વસંવેદન પ્રત્યક્ષ, મતિ અને શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષ થયું એ જ્ઞાન અને એના સ્વરૂપમાં કષાયનો અભાવ થઈને, કેમ કે એ નાસ્તિથી વાત છે, એટલી અંદર સ્થિરતા થઈ છે, વીતરાગના આનંદની પરિણતિ (થઈ) તેને અહીં જ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ? એ ચોથે ગુણસ્થાનથી હોય છે.

**'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે...'** કારણ પણ આપે છે. **'તેના (—જ્ઞાનના) અભાવમાં,...'** એટલે કે ચૈતન્યના અંતર સ્વસંવેદનને, ચૈતન્યની અંતર્મુખની દૃષ્ટિ વિના એના

અભાવમાં **'પોતે જ અજ્ઞાનરૂપ થયેલા...'** રાગની ક્રિયા વ્રત, તપ આદિની, ભક્તિ, પૂજા લાખ ક્રોડ ક્રિયા કરે, છ છ મહિનાના અપવાસ કરે, બે બે મહિનાના સંલેખના કરે, સંલેખના વ્રત. ... ઝાડની પેઠે આમ પડ્યો છે, એ બધી ક્રિયાઓ અજ્ઞાનમય છે કહે છે. **'અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા...'** એમ શબ્દ છેને? કારણ કે રાગની રુચિના પરિણમનવાળો અજ્ઞાનરૂપ થયેલો છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનરૂપ થયેલા...'** શુભરાગના પ્રેમમાં, રુચિમાં, આશ્રયમાં, અવલંબનમાં અજ્ઞાનરૂપ થયેલા **'અજ્ઞાનીઓને...'** એવા અજ્ઞાનીને **'અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો...'** ભાષા દેખો! બાહ્યની ક્રિયા એ નહિ પણ અંતરંગમાં રાગની મંદતા. સમજાણું કાંઈ? બાહ્યની ક્રિયા હોય અને અંદર પરિણામ શુભ ન હોય એમ નહિ. અહીં તો શુભ વ્રત શુભ પરિણામ બરાબર (હોય). વ્રત, નિયમ. અભિગ્રહ ધારણ કર્યા. શીલ-પ્રકૃતિનો શાંત સ્વભાવ. બહુ મંદ. એ અને તપ. અપવાસ, ઉણોદરી, વૃત્તપરિસંખ્યાન, વિનય ગુરુઓનો અને વૈયાવૃત્ત વગેરેનો ભાવ. વગેરે શુભકર્મ છે એ તો. એ ભાવને જ શુભ કર્મ કીધું છે. સમજાણું કાંઈ?

અને ચૈતન્ય ભગવાન આત્મા એને અવલંબીને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (થયા) એ શુદ્ધ કાર્ય છે. સમજાણું કાંઈ? અને આ અશુદ્ધ કાર્ય છે. વ્રત, નિયમ, શીલ, અનેક પ્રકારના સવારથી સાંજ સુધી નિયમ લે અનેક પ્રકારે. પાત્ર ખપે નહિ, આ ખપે નહિ, ફલાણું (ખપે નહિ), વગેરે વગેરે. આખો આત્મા ખપતો નથી એની ખબર નથી. સમજાણું કાંઈ? શેઠ! મૂળચંદભાઈ! આવી વાતું છે, પ્રભુ! ઓહો..! નિજઘરમાં આવ્યા વિના, કહે છે કે બહારના ઘરની વાતું. ભજન આવે છે. 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભ્રમત ફિરત અનેક નામ ધરાયે.' એ પુણ્યની ક્રિયા કરનારો, વ્રતની ક્રિયા કરનારો, તપની ક્રિયા કરનારો ... વ્રતના આચારવાળો છે એવા શુભ ...ના નિમિત્તના નામો ઘણા ધરાવ્યા. નિજઘર નથી આવ્યું. અખંડાનંદ પ્રભુ નિત્યાનંદ ધ્રુવ એમાં નજર કરી નહિ અને નજરે એને જોયું નહિ એ નજરમાં. એની નજરું રાગ અને પર્યાય ઉપર પડી છે. પછી નવમી ગ્રૈવેયક જઈ આવ્યો. નગ્ન દિગંબર આમ. ભક્તિ ક્રિયા આકરી. પણ કહે છે કે અંદરમાં .. જ્યાં ભગવાન પોતે છે ત્યાં તો એની પર્યાય ગઈ નથી. એ પર્યાય તો આ રાગમાં રોકાણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રકાશદાસજી! આવી વાત છે. આહા..હા..!

જેને જગત પાંચ મહાવ્રત ને બાર અણુવ્રત ને જાણે.. ઓહો..હો..! શું કર્યું જાણે! કહે છે, ભાઈ! એ અજ્ઞાનરૂપ થયેલા રાગનો ભાગ જે અંશ છે એને પોતાનો માનીને પરિણમ્યો છે એ અજ્ઞાનરૂપ થયેલો છે. પર્યાયમાં અજ્ઞાનરૂપ થયેલો છે. એના અંતરંગમાં વ્રત, એમ શબ્દ વાપર્યો છે. એનું અંતરંગ શુભભાવવાળું છે. માયાવાળું કે કપટવાળું કે કુટિલતાવાળું નથી. સમજાણું કાંઈ? કષાયની મંદતા શુક્લ દશાવાળી હોય, શુક્લલેશ્યાવાળી હોય. શુક્લલેશ્યા.

અભવિને પણ હોય શુક્લલેશ્યા. એ કંઈ ચીજ નથી. સમજાણું કાંઈ? જે આ રાગને પોતાનો માની, કારણ કે પોતે જે રીતે છે એ રીતે દષ્ટિમાં ન આવે તો ક્યાંક પોતાપણાની સત્તાનો સ્વીકાર તો હોય જ. સમજાણું કાંઈ?

ભગવાન નિત્યાનંદ પ્રભુ પરમેશ્વર જેનું રૂપ અને સ્વરૂપ એવી એની સત્તા નામ હોવાવાળું સત્ત્વ એવા હોવાવાળાની સત્તાનો જ્યાં દષ્ટિમાં સ્વીકાર નથી એટલે ક્યાંક એનું હોવાપણું તો માને. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં કે વિકલ્પમાં એ અજ્ઞાની થયેલો છે એમ કહે છે. શાસ્ત્રનું ભલે ભણ્યો હોય નવ પૂર્વ, અગિયાર અંગ ભણ્યો હોય પણ એ અજ્ઞાની છે. સમજાણું? એના વ્રત **'અંતરંગમાં...'** એમ શબ્દ વાપર્યો છે. ખરું અંતરંગ તો જ્ઞાનીને હોય છે. અંતર અંગ, ભાઈ! આવ્યું છેને? પંડિતજી! આમાં આવ્યું હતું સવારમાં, નહિ? નિયમસાર. અંતરાત્મા, અંતરાત્મા એટલે અંતર અંગ. અંતર અંગ એટલે નિર્મળ સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, ચારિત્ર. એટલે ખરું તો અંતરંગ તો એનું અંગ છે. અંગી જે ભગવાન પૂર્ણાનંદ એનું જે અંગ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય વીતરાગી પરિણતિ એ અંતરંગ, વસ્તુ અંગી એનું એ અંગ છે. અહીં તો બીજી રીતે કહેવા માંગે છે. અજ્ઞાનીનું અંતરંગ. એમ છેને? જુઓને!

**'અજ્ઞાનીઓને અંતરંગમાં...'** એટલે એના પરિણામમાં. અજ્ઞાનીનું પરિણામ ઈ એનું જ અંગ છે એને. આહા..હા..! દષ્ટિ વિના આ વાત સમજાય નહિ. ... કહે છે, અંતરંગમાં **'અજ્ઞાનીઓને અંતરંગમાં...'** પહેલું કીધુંને? અજ્ઞાનરૂપ થયેલો છે ઈ. એટલે એનું અંતરંગ બધું અજ્ઞાનરૂપ વ્રત, નિયમ, તપ, શુભભાવ વિકલ્પ બધા એના અંગ છે. અજ્ઞાનીના એ અંગ છે. વગેરે. જેટલી ચરણાનુયોગમાં ક્રિયા કરી હોય એમાં દોષ લાગે તો પ્રાયશ્ચિત લ્યે, વગેરે વગેરે બધી ક્રિયાઓ એ શુભ કાર્યો એની હયાતી હોવા છતાં, એવા ભાવની મોજૂદગી, કષાયની મંદતા, કોમળતા.. સમજાય છે કાંઈ? એવો કષાયનો.. કર્મ એટલે રાગનું કાર્ય, એનો સદ્ભાવ—હયાતી હોવા છતાં **'મોક્ષનો અભાવ છે.'** એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આહા..હા..! મોક્ષમાર્ગ તો પ્રભુ! મુક્ત છે એને આશ્રયે થાય મોક્ષમાર્ગ. કહેશે. સમજાણું કાંઈ?

**'અજ્ઞાન જ બંધનો હેતુ છે;...'** અજ્ઞાન જ બંધનો હેતુ છે. રાગની રુચિના પ્રેમમાં પડ્યો પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ.. આહા..! એ જ બંધનું કારણ છે. **'કારણ કે તેના અભાવમાં,...'** એ અજ્ઞાનરૂપી બંધ એના અભાવમાં **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા...'** છેને? પોતે જ અજ્ઞાનરૂપ થયેલો હતો. આહા..હા..! વ્યવહારની કષાયની મંદતાના પ્રેમીઓ અજ્ઞાનરૂપી

થયેલા. અજ્ઞાનીઓના અંતરંગમાં આ બધા ભાવ હોય. એવો સદ્ભાવ હોવા છતાં તેને મુક્તિનો માર્ગ નથી. આહા..હા..! આ તો એમ કહે છે કે એને મોક્ષ નથી. પણ એનો અર્થ ઈ કે મોક્ષનો અભાવ એટલે મોક્ષનું કારણ છે નહિ. સમજાણું કાંઈ? અને '**પોતે જ જ્ઞાનરૂપ થયેલા...**' એમ કેમ કહ્યું? સ્વયં ધ્રુવને અવલંબીને પોતાની પુરુષાર્થની જાગ્રતિથી વીર્યને વર્તમાન ત્રિકાળમાં વાળીને પોતે જ્ઞાની થયો છે. કોઈ કર્મ મોળું પડ્યું ને મંદ પડ્યું એને લઈને થયો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ગુરુથી થયું એમેય નહિ. આહા..હા..! હેં?

'**પોતે જ જ્ઞાનરૂપ થયેલા...**' જાતે જાતને જાણીને ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ નિત્યાનંદ સહજાનંદ એને પર્યાયમાં લાવીને અથવા પર્યાયને એમાં નાખીને (પોતે જ જ્ઞાનરૂપ થયેલા). સમજાણું કાંઈ? આમાં તો એક અક્ષર ફરે તો ફરી જાય એવું છે. એવી વસ્તુ છે. '**પોતે જ જ્ઞાનરૂપ થયેલા...**' જ્ઞાનરૂપ થયો. કર્તા થઈને થયો એમ કહે છે. સ્વભાવમાં ધ્રુવમાં કર્તા, કર્મ આદિ ષટ્કારકો પડ્યા છે શુદ્ધરૂપે, ધ્રુવરૂપે એને પકડ્યું છે એટલે પર્યાયમાં પણ ષટ્કારકની પર્યાયથી જ્ઞાનરૂપે થયેલો. સ્વભાવને આશ્રયે... '**જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં...**' એટલે? એવા વિકલ્પનો અભાવ છે. પણ એનો અર્થ એવો નથી કે વ્રત, નિયમનો અભાવ છે એટલે ત્યાં અશુભભાવ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો...**' રાગ એનો અસદ્ભાવ છે. ભગવાન આત્માને અવલંબે દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું છે એને આ શુભભાવનો અભાવ છે. એનો અર્થ એવો નથી કે વ્રતનો અભાવ છે માટે અવ્રત ઈ પણ મોક્ષનું કારણ છે, અવ્રતના પરિણામ. એમ નથી. સમજાણું કાંઈ? અહીંયા તો વ્રતનો વિકલ્પ જે હતો, નિયમનો, વ્રતનો વગેરે એનો એમાં અભાવ થઈને દ્રવ્યને આશ્રયે નિર્મળાનંદની પરિણતિએ ચડ્યો, પરિણમ્યો એને આવા વિકલ્પના ભાવ ન હોવા છતાં '**તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.**' એટલે કે મોક્ષના કારણનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ?

આમ તો નિશ્ચય અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એટલે એને છઠ્ઠી ભૂમિકામાં મહાવ્રતાદિના વિકલ્પો હોય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ લ્યે એમ કહેવાનું આવે. વ્યવહાર. ભાષા ચરણાનુયોગની તો એવી આવે. ગુરુ ... એમ આવે. પ્રવચનસાર, ત્રીજો (અધિકાર), ચરણાનુયોગ, પહેલી ગાથાઓ. પ્રભુ! સમકિતી તો છે, અનુભૂતિ આનંદનું વેદન છે. મા-બાપ અને સ્ત્રી પાસે પણ માંગણી કરે. હે આ શરીરના જનક! ચરણાનુયોગ છે. પ્રવચનસાર. શરીરના જનક, હોં! મારા જનક નહિ.

હું તો આત્મા છું. મારો આત્મા પરમાનંદનો પિતા એની પાસે જવા માંગે છે. મારી પર્યાય અનુભૂતિ એ દ્રવ્યસ્વભાવમાં જોડાવા માંગે છે હવે. એ મારો પિતા છે. તમે શરીરના પિતા. ... અમે અમારામાં જઈએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? માતાને કહે છે, હે શરીરની જનેતા! શરીરની જનેતા, જનની. આ આત્મા તમે જન્માવ્યો જન્મ્યો નથી, કહે છે. મારી અનાદિ અનુભૂતિ રૂપી માતા એની પાસે હું જવા માંગુ છું. માતા! રજા આપો. સમજાણું કાંઈ? વ્યવહારના વિકલ્પ આવે. ... ત્યારે આવો એક વિકલ્પ હોય છે. પછી રજા આપે તો જ લેવી એવું કાંઈ નથી. પણ એવો વિકલ્પ બે અર્થ કર્યા છે વિકલ્પ આવે અને આવું સાંભળીને કોઈને વૈરાગ્ય બીજાને પણ થાય. સમજાણું કાંઈ? નહોતું કહ્યું?

સંપ્રદાયમાં કહેતા. ચૌદમું અધ્યયન છેને? ... રાજા અને પદ્માવતી રાણી. ઉત્તરાધ્યય શ્વેતાંબર. તે દિ' હજારો માણસો. બોટાદમાં તો બહુ માણસ. પંદરસો પંદરસો માણસ વ્યાખ્યાનમાં આવે. આ તો હવે જંગલમાં આવી ગયા એકલા. દરરોજ માણસ (આવે). ૭૩, ૭૪, ૭૫માં હજારો માણસ (આવતું). .. રાજા. છોકરાઓ છે બ્રાહ્મણના બે. ... એ પછી દીક્ષા લેવા માંગે છે. માતા-પિતાને કહે છે, 'અજૈવ ધમ્મમ પડિવક્ક્ષ્યામો, જહિં પુવનામ પુનમભવાનો' 'અક્ષૈવ ધમ્મમ પડિવક્ક્ષ્યામો' માતા! આજે જ અમે ચારિત્ર—સ્વરૂપની રમણતા અંગીકાર કરવા માંગીએ છીએ. મા! 'જહિં પુવનામ પુનમભવાનો' માતા! અમે ચારિત્ર અંગીકાર કરીને ફરીને માતા ધારણ કરશું નહિ. હે માતા! તારે રોવું હોય તો રોઈ લે એકવાર. જનેતા! હવે અમારે બીજો ભવ નથી, હોં! આહા..હા..!

'...' માતા! બહારની ચીજ અણપામેલી કઈ રહી ગઈ છે? સ્ત્રીઓને ... આ લગ્ન કરશું ને આનું આમ કરશું ને આમ કરશું. કાલે હરિજનનો છોકરો.. હવે તો કાગળ આવે છે, ભાઈ! પછી વાંચન પછી. બે કાગળ છે અંતરદેશી. આહા..હા..! બાવીસ વર્ષનો જુવાન છે. દસ વર્ષ પહેલા તમારું સાંભળ્યું ત્યારથી ઘા વાગી ગયો છે. બ્રહ્મચારીની પ્રતિજ્ઞા (છે). મા-બાપ પરણાવવા માંગે છે. તને સુંદર કન્યા પરણાવીએ, ભાઈ! મારે તો ઈન્દ્રનું ઈન્દ્રાસન દઈને કન્યા આપે તો મારે હરામ છે. બહુ સારું લખ્યું ક્રમબદ્ધ ને બહુ લખ્યું છે. ... મારે શું કરવું હવે? મારે મનુષ્યનો ભવ સફળ કરવો છે. મારી જિંદગી ચાલી જાય છે એમ લખ્યું છે બિચારાએ. ... અંતરદેશી છે બે કાગળ. ... આહા..હા..!

છોકરો કહે છે, માતા! અણપામેલી ... એટલે અણપામેલી ચીજ કઈ છે? પુણ્ય પામ્યો, પાપ પામ્યો, સ્વર્ગ પામ્યો, નરક પામ્યો, અરે..! અહંમિન્દ્રના અવતાર પામ્યો. એ ચીજ અણપામેલી કઈ છે કે જેનું તું મને ... કરે છો? '...' જનેતા! અમારા પ્રત્યેનો '...' એટલે રાગ. '...' અમારા ઉપરનો રાગ છોડી શ્રદ્ધા કરો. અમારા આનંદમાં રમવા માટે અમે વનવાસ જાશું. અમને ક્યાંય અહીં રુચિ જામતી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવે છે, ... સાધારણ. ભાષા ઉપરથી નાખતાને. ન્યાં ક્યાં અંદરમાં હતું. અમે તો બહાર સ્મશાનમાં જાશું એમ કીધું હતું. ગજસુકુમારનો અધિકાર જ્યારે ચાલતોને, ત્યારે એમ લેતા. એમાં ... એમાં તો આવે છે, માતા! અમને રજા આપ. અમે ચારિત્ર લઈશું. અંતરની આનંદની રમણતા કરશું. આહા..હા..! ભગવાન પાસે જાય છે. ત્યારે માતાની રજા લ્યે છે. દીક્ષા લ્યે છે. પ્રભુ! '...' એમ ભાષા છે. શ્વેતાંબરનું છેને ઈ તો. '....' પ્રભુ! આપની આજ્ઞા હોય તો મરેલા મડદાને સ્મશાનમાં લઈ જાય છે, અમે જાતે સ્મશાનમાં નાથ પોતે જાશું. ભીક્ષુ પડિમા છેને? બાર ભીક્ષુ પડિમા આવે છે. આપણામાં આવે છે, હોં! દિગંબરમાં આવે છે. ... બારમી ભીક્ષુની પડિમા છે. માતા! મને રજા આપોને. અમે ચારિત્ર આજ અંગીકાર (કરશું). આનંદનું ધામ પ્રભુ એમાં રમવા માંગીએ છીએ. પ્રભુને કહે છે. એવું લખાણ ... આવે છે.

અમારે આ વાત મોટી ... (સંવત) ૧૯૭૨માં થયેલી. ભગવાને દીઠુ એમ થાશે. આપણે પુરુષાર્થ ન કરી શકીએ. અરે..! ભગવાન જેના જ્ઞાનમાં બેઠા એને ભવ હોય? સંપ્રદાયની આવી ખોટી વાત. આવી વાત અમે સાંભળવા માંગતા નથી, બાપા! આ સંપ્રદાય અમારે ન જોઈએ. ૭૨ની વાત છે. ૫૫ વર્ષ થયા. બોંતેર કેટલા થયા? .. ભગવાને દીઠું તે દિ' પુરુષાર્થ થાશે, એ વિના આપણે કાંઈ ન કરી શકીએ. શું કરવું છે? આ આગમ છે? આગમ તો એમ કહે છે કે જે કેવળજ્ઞાનની પર્યાયને જાણે, બેસે એને તો આત્મા અનુભવ થાય. મોહનો નાશ થાય. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' તે દિ' વાંચ્યું હતું ક્યાં આ? પણ તે દિ' ભાવ આવતો હતો અંદરથી. સર્વજ્ઞને જે કોઈ જાણે, ત્રણ કાળ ત્રણ લોકનો જાણનાર પર્યાયમાં ભાવ.. આહા..હા..! એવી સત્તા જગતમાં છે, અસ્તિ સત્તા એવી જેને સ્વભાવ સન્મુખ થઈને... એ તો વાત તે દિ' નહોતી એટલી, પણ એટલી હતી. તે દિ' તો ... જેને જ્ઞાનમાં ભગવાન છે આવા એ બેઠા એને ભગવાને ભવ ભાળ્યા નથી. (સંવત) ૧૯૭૨ના ફાગણ સુદ ૧૪ની વાત છે. ૭૨, ૫૭ વર્ષ થયા.

ભાઈ! આ તો માર્ગ વીતરાગનો છે. આ કાંઈ આલીદુઆલી હાલી નિકળ્યા એનો નથી આ. માતા કહે છે, બેટા! તું જા. તમારો માર્ગ અમને હજો. જે રસ્તે તમે જાઓ એ અમને હજો, જાવ! માતા કહે છે. આહા..હા..! એ.. નવનીતભાઈ! એ વૈરાગ્યમાં ઝુલતા આટલી ... એ પરમાત્મા પાસે જાય છે. પ્રભુ! દીક્ષા આપો. ચરણાનુયોગમાં એમ આવ્યું છે, નહિ? આચાર્ય પાસે જઈ (કહે છે), દ્રવ્યલિંગ અને ભાવલિંગ પ્રભુ આપો. એવો પાઠ છે ચરણાનુયોગમાં. વ્યવહારની વસ્તુ તો બોલાય એમ બોલાયને? આચાર્ય આપે છે. દ્રવ્યલિંગ, ભાવલિંગ બેય આપે છે. આ ચરણાનુયોગનો પાઠ છે. કુંદકુંદાચાર્યનો ચરણાનુયોગ છે, પ્રવચનસાર

ત્રીજો (અધિકાર). બધું વંચાણું છેને. વ્યાખ્યાન થયા છે બધા વ્યવહારના વિકલ્પ એવા આવે અને મુનિ... દ્રવ્યલિંગ એ નગ્નપણું અને ભાવલિંગ આપું છું. વિકાર રહિત નિર્વિકારી શ્રદ્ધા-જ્ઞાન છે. હવે ચારિત્ર પોપટભાઈ! પછી કહે છે, ... ત્યારે ...

આ માર્ગ અહીં કહે છે, એ જ્ઞાન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? વ્રત ને તપ ન હોય એટલે આહાર કરતો હોય અને મોક્ષ થાય એમ નથી. અહીં તો કહે છે કે ઈ વ્રતનો વિકલ્પ જે શુભ છે એને આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયમાં પડ્યો એને હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ... એમ કહે છે. અને શુભનો અભાવ કરીને અંદર ઠર્યો છે. અતીન્દ્રિય આનંદમાં લીનતામાં આનંદમાં ઝુલે છે. એને, કહે છે, બાહ્ય વ્રત, શીલ ન હોય, એવા કાર્યો નામ કર્તવ્ય રાગનો '**અસદ્‌ભાવ હોવા છતાં મોક્ષનો સદ્‌ભાવ છે.**' એને મોક્ષના કારણનો માર્ગ અંદરથી ઉત્પન્ન થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો કાયરના કામ નથી, વીરોના કામ છે. આહા..!

'**ભાવાર્થ :— જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે.**' લ્યો. જોયું! જ્ઞાન જ્ઞાન કર્યું હતુંને એકલું, જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. એટલે અહીં જ્ઞાનરૂપ પરિણમન (કહીને) ચોખવટ કરી. એટલે આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એનું પરિણમન, વીતરાગી પરિણમન. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનરૂપ એટલે આત્મરૂપ એટલે કે અનંત ગુણ જે શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એવો જે નિત્ય સ્વભાવ, એનું નિત્ય સ્વભાવનું પરિણમન. એ અનંતા ગુણનું પરિણમન એક સમયની પર્યાયમાં (થાય છે) એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? એકલું જાણપણું એ નહિ. સ્વ-પરનું જ્ઞાન, સ્વની અંતર દૃષ્ટિ અને અનુભવ અને સ્વમાં રમણતા એવું જે જ્ઞાન એટલે આત્માનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ એનું પર્યાયમાં પરિણમન થવું (એને જ્ઞાનરૂપ પરિણમન અહીંયા કહ્યું છે).

એક કોર એમ કહે ૩૨૦ ગાથામાં, સમયસારમાં જયસેનાચાર્યની ટીકામાં કે ભગવાન આત્મા મોક્ષની પર્યાયનો પણ કર્તા નથી. હેં? ધ્રુવ સ્વભાવ બતાવવો છેને ત્યાં. આ તો પરથી, રાગથી ભિન્ન બતાવવું છે. બાકી ધ્રુવ ચૈતન્ય ભગવાન એ તો મોક્ષ અને મોક્ષના કારણ, બંધ અને બંધના કારણની પર્યાયથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં આ સિદ્ધ કરવું છે અત્યારે. ઓલું રાગનું પરિણમન નહિ પણ સ્વભાવનું પરિણમન એમ સિદ્ધ કરવામાં આ લીધું છે. સ્વભાવનું પરિણમન જ મોક્ષનું કારણ છે. સ્વભાવ તો ભગવાનનો શુદ્ધ અને ચૈતન્યઘન આનંદકંદ છે. એની પર્યાય જે નિર્મળ એ પરિણમન, એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'**અને અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે;...**' બંધનું કારણ છે. છેને? '**અજ્ઞાનરૂપ પરિણમન...**' રાગની ક્રિયાનું પરિણમન એ અજ્ઞાનરૂપ છે. ઈ પહેલા આવી

ગયું છે આપણે. શિષ્યે દલીલ કરી હતીને? કે શુભભાવ છે એ પુણ્યબંધનું કારણ, અશુભભાવ પાપબંધનું કારણ, (એમ) કારણમાં ફેર છે. પહેલા આમાં આવ્યુંને આમાં. આમાં પુણ્ય-પાપમાં પહેલું આવ્યું, પહેલી ગાથામાં ન આવ્યું? '**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી...**' ૧૪૫ ગાથા. ૧૪૫ ગાથામાં આવી ગયુંને, આપણે આવી ગયું છે આ. ૧૪૫ ગાથાનો બીજો પેરેગ્રાફ. ૧૪૫નો પહેલો પેરેગ્રાફ પૂરો થઈને પછી. પહેલા પેરેગ્રાફમાં વ્યવહારનયના પક્ષવાળાની દલીલ હતી. ૧૪૫ ગાથાનો બીજો પેરેગ્રાફ. '**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...**' સમજાણું કાંઈ? પેલો કહે છે, શુભભાવ તે પુણ્યબંધનું કારણ, અશુભ તે પાપબંધનું કારણ. (એમ) કારણમાં ફેર છે. અને શુભભાવથી પુણ્ય બંધાય, અશુભથી પાપ બંધાય એ પુદ્ગલના બંધનમાં ફેર છે. સમજાણું? અને એના ફળમાં ફેર છે. શુભથી સગવડતાના પાર ન મળે એમ મળે. પાપથી અગવડતાના પાર નહિ એમ મળે. એટલે ફળમાં ફેર છે. અને શુભભાવ તે મોક્ષમાર્ગને આશ્રયે થાય. અશુભ બંધને આશ્રયે થાય. એમ ચાર દલીલ હતી એની અજ્ઞાનીની વ્યવહાર પક્ષવાળાની. એની સામે દલીલ છે આ.

ભાઈ! તને બે પરિણામમાં ભેદ લાગે છે. પણ એ શુભ અને અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય છે. એમાં જ્ઞાનનો અંશ નથી. એ અજ્ઞાન. ચૈતન્યબિંબ પ્રભુ એનું કિરણ એમાં શુભભાવમાં નથી માટે તે અજ્ઞાન. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. સમજાણું કાંઈ? એ થઈ ગઈ છે વાત. તે દિ' હતાને આ લોકો?

ઈ અહીં કહે છે, જુઓ! '**અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે;...**' એ અજ્ઞાનરૂપ એટલે શું? '**વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભભાવરૂપ શુભકર્મો કાંઈ મોક્ષના કારણ નથી,...**' એ અજ્ઞાનરૂપ પરિણમન છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ? સુમનભાઈ મોટો પગાર છે એમ લોકો કહે છે. માસિક આઠ હજાર રૂપિયા. એના બાપને ખબર ન હોય બહુ. ઈ ક્યાં પૂછવા નવરા છે. એ ધૂળના પગાર છે. આ ધર્મના ભાન વિના બધા અજ્ઞાનરૂપ પરિણમનના ભિખારા છે. આહા..હા..! કહે છે, '**કર્મો કાંઈ મોક્ષના કારણ નથી,...**' કર્મો એટલે કોણ? ઓલા શુભાશુભ ભાવ, હોં! કર્મ એટલે જડ નહિ, અહીં એ નહિ. આવ્યું છેને, જુઓ! '**અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો...**' શુભ કાર્ય, શુભ પરિણામ. જેને લોકો સુકૃત કહે. શુભભાવ. આચરણ તો છે, સદાચરણ તો છે એમ કહે છે. સદાચરણ જ નથી, એ તો અસદાચરણ છે. સદાચરણ તો શુદ્ધ ચૈતન્ય ભગવાન સત્ સ્વરૂપે પરમાનંદમૂર્તિ એનું નિર્મળ પરિણમન તે સદાચરણ છે. કહો, પોપટભાઈ! આવું છે આ. દુનિયાથી બહુ ફેર છે હોં!

સદાવ્રત ને આવે છે નહિ? સદાવ્રત ... કોઈ ગરીબ માણસ આવેને? લોટ આપે. પાળિયાદમાં છેને. બધાને જમાડે મને બહુ વિનંતી કરી હતી. મહારાજ! ભગત મોટો મહારાજ! અમારા

ઘરે પગલા કરજો. ગયા હતા. ... સાથે માણસ હતા એને બધાને જમાડ્યા. લાડવા ને મેસુબ ... આપણને કાંઈ ખબર નહિ. પેલી ફેરી ગયા હતાને જ્યારે, પોર નહિ પરાર. પોર? એ લોકોને સદાવ્રત ... એમ આ વ્રત કરીને માને કે આપણે ધર્મ કર્યો. બેય એકસરખા છે. આ પણ રાગને ધર્મ માને ઈ ગ્રહિત મિથ્યાત્વ છે. નવું ગ્રહ્યુંને. અને કુદેવ, કુશાસ્ત્રને માને, સાધુ ન હોય એને સાધુ માને એ ગ્રહિત મિથ્યાત્વ છે. આકરી વાત બાપા! વીતરાગ માર્ગ.. આહા..હા..! જેના ઈન્દ્રો સાક્ષી, ગણધરો અનુભવી, આચાર્યો આનંદમાં રમણ કરનારા.. આહા..! એના... કાયરના કામ નહિ.

અહીં કહે છે.. આહા..હા..! વ્રત ને નિયમ ને આકરા નિયમ હોં! શ્રીમદ્‌માં પણ આવે છેને? 'યમ, નિયમ, સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો'. નિયમ એટલે એવા અભિગ્રહ ધારણ કરે કે હું ભીક્ષા માટે જાઉં. એ બાઈનું નામ મોતી હોય, એ મોતીચુરનો લાડવો ખાતી હોય. મોતીચુરનો લાડવો થાયને? અને એના (સાડીના) છેડે બાંધેલું મોતી હોય. ઈ આપે તો આહાર લઉં, નહિતર ન લઉં એવો અભિગ્રહ ધારણ કરે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ના, ના. આ તો ખાતી હોય, બેઠી હોય. વાડામાં આવે છેને અધિકાર? એવું હોય તો લઉં, નહિતર નહિ. એ પૂરું પડે પુણ્ય હોય તો. એનો અર્થ શું? એથી વસ્તુ છે ઈ કંઈ (ફરી જાય છે)? આ નિયમમાં ઈ કહે છે. એવા નિયમ લીધા છે અનંત વાર. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યક્ અનુભવદૃષ્ટિ વિના આવા નિયમો, એવા શીલ, બ્રહ્મચર્ય જાવજીવનું, બાળબ્રહ્મચારી જેણે સ્ત્રીનો સંગ કર્યો ન હોય. એથી શું? ઈ તો રાગની મંદતાનો ભાવ છે.

અને '**તપ આદિ...**' ઈચ્છા, કંઈ ઈચ્છા કરી હોય અને તપ કર્યું હોય. '**શુભ કર્મો કાંઈ મોક્ષનાં કારણ નથી, જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને...**' ઊંચી વાત લીધી છેને. છઠ્ઠા ગુણસ્થાનની. '**જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને...**' એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અવલંબે જેની પર્યાયે ભગવાનને જોયા છે એ પર્યાયનું પરિણમન સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્રવાળું નિર્મળ છે. સમજાણું કાંઈ? આ વિશેષ લીધું છે, હોં! ચોથા ઉપરાંત. '**જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં...**' એટલે કહે છે કે ચોથે વ્રતાદિ નથી એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? કારણ કે ચોથે સમ્યગ્દર્શન છે અને વ્રતાદિના પરિણામ નથી. માટે મોક્ષનું કારણ ત્યાં પ્રગટ્યું છે, ત્રણ. ચારિત્રગુણ ... મુનિની વાત છે આ. સમજાણું કાંઈ?

એવા ભગવાનસ્વભાવરૂપે પરિણમેલો એવો ધર્મી શુભ કર્મો ન હોવા છતાં. પછી એમાંથી એમ ન કાઢવું કે સમ્યગ્દૃષ્ટિ છે એને વ્રતાદિ નથી છતાં એને મોક્ષ થાશે. એમ નથી. એને

ચારિત્ર થશે રમણતા ત્યારે મોક્ષ થશે. ત્રણે કારણ ભેગા થશે. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્ર ... હોય ત્યાં છઠ્ઠે ગુણસ્થાને હોય એને પંચ મહાવ્રત ... પણ એ બંધનું કારણ છે એમ કહીને એ ભાવ નથી અને ઠર્યો છે અંદર એમ કહે છે. નિર્વિકલ્પ આચરણમાં આનંદમાં ઠર્યો છે. એ '**શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે;...**' સમજાણું કાંઈ? આહા..હા..! હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મોક્ષનું કારણ છે, એ ભલે કારણ છે પણ હજી અપૂર્ણ અધૂરું છે. ચારિત્ર સ્વરૂપનું સ્વરૂપાચરણ થયું. અનંતાનુબંધી ગયે... એના વાંધા છેને અત્યારે મોટા. સ્વરૂપાચરણ ચોથે ન હોય. મોટી તકરાર. બાપુ! મિથ્યાત્વ ગયું ત્યાં સમ્યક્ થયું. અનુભવદૃષ્ટિ થઈ અને અનંતાનુબંધી ગયું ત્યાં સ્વરૂપમાં અંશે ઠર્યો છે. ચારિત્રમોહનીની પ્રકૃતિ છે અનંતાનુબંધી. અનંતાનુબંધી સમકિતને રોકે, સમકિતને રોકે એવા દાખલા આપે બહાર. અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપનું આચરણ ન હોય. એમ કહેતા હતા. દર્શનશુદ્ધિની સાથે સ્થિરતા એટલી હોય જ. અનંતાનુબંધીનો અભાવ થયો, મિથ્યાત્વ સાથે જે પ્રકૃતિ અનંતાનુબંધી હતી એનો અભાવ થયો ત્યારે એટલી સ્થિરતા થતાં શાંતિ તો આવે એટલી. આ વાદવિવાદે કાંઈ પાર પડે? મોટી તકરાર છે. હજી મખ્ખનલાલજી કહે છે, સ્વરૂપાચરણ હોય. શું કહેવાય? રામજીભાઈ કહે છેને? મખ્ખનલાલની કંપની છે મખ્ખનલાલ, મખ્ખન હોય ધોળું અને હોય (છેલ્લે લખે છે) લાલ. વિકૃત છે એમ કહે છે. આહા..હા..!

કહે છે, અરે..! જ્ઞાનરૂપે થયેલા જ્ઞાનીને શુભ કર્મ ન હોવા છતાં એટલે કે ચોથાવાળા કે પાંચમાવાળાને વ્રતાદિ વિશેષ નથી એને મોક્ષ છે એ અહીં વાત નથી. અહીં તો છઠ્ઠે ગુણસ્થાને વ્રતાદિના વિકલ્પ હોય છે પંચ મહાવ્રતના, વ્યવહાર હોય તો છેને? પણ એ બંધનું કારણ છે માટે એને ઓળંગીને સ્થિર થયો છે અંદર નિર્વિકલ્પ આનંદ ધ્યાનમાં, એને મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક જણો કહે કે, વ્રત ન હોય તોપણ મુક્તિનું કારણ કહ્યું છે. પણ કોને? સમજાણું કાંઈ? બીજો કહે કે વ્રત હોય એને મુક્તિનું કારણ કહ્યું છે. બેય ખોટી વાત છે. સમજાણું કાંઈ? ચારિત્ર જ્યાં થાય ત્યાં વ્રતના વિકલ્પનો ભાવ હોય જ. નિશ્ચય છે ત્યાં આવો વ્યવહાર હોય. પણ એ બંધનું કારણ છે એમ કરીને.. આહા..હા..! '**તે શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે;...**' નિર્વિકલ્પ ધ્યાનમાં ઠર્યો છેને સાતમાવાળો. એની વાત છે આ, હોં! ચોથાવાળાની આ વાત નથી અત્યારે. મહેન્દ્રભાઈ!

'**અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને...**' અને રાગના પ્રેમમાં રાગરૂપે જ પરિણમન થયું છે એનું. ભગવાનસ્વરૂપ તો એને ખ્યાલમાં, અનુભવમાં નથી આવ્યું. '**અજ્ઞાનરૂપે પરિણમેલા**

**અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં તે બંધને પામે છે.**' સમજાણું કાંઈ? ત્યાં કહ્યુંને, છઠ્ઠા ગુણસ્થાનમાં આનંદસ્વરૂપ, ત્રણ કષાયનો અભાવ થયો છે પણ ત્યાં ઓલા વ્રતના વિકલ્પો ચરણાનુયોગ પ્રમાણે હોય છે, છતાં એને પ્રમત્તભાવ કીધો છે અને એને છોડીને ઠરે ત્યારે એને અપ્રમત્ત કીધો. પ્રમાદનો ભાવ છે, ભાઈ! હોય છે. ભૂમિકા પ્રમાણે અમુક જાતની રાગની મંદતા હોય છે. સમજાણું કાંઈ? પણ એ બંધનું કારણ છે. એનો અભાવ કરીને સ્વરૂપની રમણતા નિર્વિકલ્પ દશામાં ગયો છે એને જ્ઞાનનું પરિણમન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં તે બંધને પામે છે.**' લ્યો.

---

## શ્લોક-૧૦૫

(शिखरिणी)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :— **[यद् एतद् ध्रुवम् अचलम् ज्ञानात्मा भवनम् आभाति]** જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો પરિણમતો ભાસે છે **[अयं शिवस्य हेतुः]** તે જ મોક્ષનો હેતુ છે **[यतः]** કારણ કે **[तत् स्वयम् अपि शिवः इति]** તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; **[अतः अन्यत्]** તેના સિવાય જે અન્ય કાંઈ છે **[बन्धस्य]** તે બંધનો હેતુ છે **[यतः]** કારણ કે **[तत् स्वयम् अपि बन्धः इति]** તે પોતે પણ બંધસ્વરૂપ છે. **[ततः]** માટે **[ज्ञानात्मत्वं भवनम्]** જ્ઞાનસ્વરૂપ થવાનું (જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે **[अनुभूतिः हि]** અનુભૂતિ કરવાનું જ **[विहितम्]** આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૦૫.

## કળશ-૧૦૫ ઉપર પ્રવચન

હવે કળશ ૧૦૫.

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।

હવે કળશ ૧૦૫. આહા..! કળશમાં પણ ઘણું નાખ્યું છે. ભગવાને તો અનુભવ કરવાની વિધિ બતાવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :— 'यद् एतद्' 'જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા...**' આ કહીને પ્રત્યક્ષ બતાવે છે. મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થયેલો ભગવાન આત્મા '**यद्**' જે '**एतद्**' આ. જ્ઞાનસ્વરૂપી પ્રભુ આનંદમૂર્તિ પ્રભુ જેને પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થયો છે. એ આત્મા '**ધ્રુવપણે...**' ધ્રુવ એટલે ધ્રુવપણું એ નહિ, અહીં ધ્રુવપણે એટલે નિશ્ચળપણે. ત્રિકાળપણે ધ્રુવ એ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીં ધ્રુવપણે નિશ્ચળપણે જ્ઞાન છે. અહીં ધ્રુવપણે... ત્રિકાળનો ધ્રુવ તો છે જ. પંડિતજી! આ તો નિશ્ચળપણાની વાત છે. પર્યાયની વાત છે. આ નિશ્ચળ. જ્યાં (જે) હોય એમ જાણવું જોઈએને. એમ જ પકડે કે ત્રિકાળી ધ્રુવ તે આત્મા. ત્રિકાળી ધ્રુવ દૃષ્ટિમાં છે તેથી પર્યાયમાં ધ્રુવ નામ નિશ્ચળ થયો છે એમ કહે છે. વિકારથી ચળતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**यद्**' આ '**ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો...**' ધ્રુવપણું અસ્તિથી અને અચળ એટલે ચળે નહિ. એમ. સ્થિરતાથી, વીતરાગી પરિણતિથી, નિર્વિકલ્પ શાંતિથી ચળે નહિ. એવો ભગવાન પોતાના સ્વરૂપે થતો. જ્ઞાનસ્વરૂપ એટલે પોતાનું સ્વરૂપ. '**एकं ज्ञानम्**'. આખું ચૈતન્ય આનંદમૂર્તિ જે અનંત ગુણના સ્વરૂપે પરિણમતો '**ભાસે છે...**' '**आभाति**' છેને? આહા..હા..! કહે છે, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પોતે પોતાના સ્વભાવમાં અચળ અને ધ્રુવપણે પરિણમતો શોભે છે. ઈ એની શોભા છે. રાગાદિ, વિકલ્પ એ એની શોભા નથી. સમજાણું કાંઈ? '**आभाति**' પ્રત્યક્ષ અનુભવ કરે છે. ...

'**જ્ઞાનસ્વરૂપે થતો—પરિણમતો ભાસે છે...**' એટલે આનંદરૂપ થતો, વેદનમાં આનંદરૂપનું વેદન થતાં એ શોભે છે. ભગવાન આનંદરૂપે પરિણમતો આત્મા શોભે છે. વ્રતાદિના વિકલ્પ

દુઃખરૂપ છે એનાથી શોભતો નથી. હોય ખરી ભૂમિકા પ્રમાણે પણ એની શોભા નથી. સમજાણું કાંઈ? વગેરે વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૭, ગુરુવાર, તા. ૧૧-૦૧-૧૯૭૩
## શ્લોક-૧૦૫, ગાથા-૧૫૪, પ્રવચન-૨૮૧

૧૦૫ કળશ ચાલે છે. પુણ્ય-પાપનો અધિકાર છે. પુણ્ય અને પાપ બેય બંધના કારણ છે. ધર્મનું કારણ નહિ અને ધર્મસ્વરૂપ નહિ. એવી વાત ચાલે છે. કળશ-૧૦૫.

**'જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા...'** એમ લીધું. આત્મા શું વસ્તુ છે? એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ આત્મા છે. સચ્ચિદાનંદ—સત્—શાશ્વત ત્રિકાળ ચીજ નિત્ય અને ચિદાનંદ—જ્ઞાન અને આનંદસ્વરૂપ આત્મા છે. એ આત્મા **'ધ્રુવપણે...'** પોતાની ચીજમાં નિશ્ચળપણે અને **'અચળપણે...'** ચળે નહિ એ રીતે. પુણ્ય-પાપના વિકલ્પમાં ન આવે એ રીતે **'જ્ઞાનસ્વરૂપે થતો...'** જે ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્ય આનંદસ્વરૂપ છે એવા સ્વભાવરૂપ થતો થકો. **'જ્ઞાનસ્વરૂપે થતો...'** અર્થાત્ પોતાનું નિજ જ્ઞાનાનંદ સ્વરૂપ તે તરફની સન્મુખતાથી સ્વભાવની પરિણતિરૂપ થતો થકો. સમજાય છે? **'જ્ઞાનસ્વરૂપે થતો...'** અંતરમાં જાનન-દેખન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવા પરિણમન રૂપે થતો થકો. **'ભાસે છે...'** અંતરમાં જ્ઞાનમાં એ જ્ઞેય એ પ્રકારે ભાસિત થાય છે. **'તે જ મોક્ષનો હેતુ છે...'** આહા..! સમજાણું કાંઈ?

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ બધા પુણ્યનું કારણ, બંધનું કારણ છે. ધર્મરૂપ નહિ, ધર્મનું કારણ નહિ. મોક્ષહેતુ કહ્યુંને અહીંયા? ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય એનો આશ્રય કરીને જે જ્ઞાન અને આનંદ સ્વરૂપ થતો, નિર્દોષ વીતરાગી પરિણતિપણે પરિણમતો, જે અંતરમાં ભાસિત થાય છે. એમ લીધું છે. આહા..હા..! પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાની ચીજ શુદ્ધપણે પરિણમતી ભાસે છે **'તે જ મોક્ષનો હેતુ છે...'** સમજાણું કાંઈ? છેને? અર્થમાં છે.

ભગવાન આત્મા પુણ્ય અને પાપરૂપ થાય એ તો બંધસ્વભાવ છે. એ રૂપે થાય એ તો અજ્ઞાનભાવ છે. અંતર નિજ સ્વભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પુંજ અને આનંદનો સાગર આત્મા છે ધ્રુવ, એના ઉપર દૃષ્ટિ લગાવવાથી... કેમ રામજીભાઈ નથી આવ્યા? ધીરુભાઈ તંબોળી... એની સાથે વાંધા ઉઠ્યા છે. સંસાર એવો છે. ઝઘડા. આહા..હા..! કહે છે, એક એક શબ્દમાં ઘણું વાચ્ય ભર્યું છે. આ શબ્દ તો વાચક છે. સાકર શબ્દ એ વાચક છે. વાચકમાં કોઈ સાકર નથી. શક્કર. સાકરમાં વાચક શબ્દ નથી. એમ વાચક શબ્દમાં ઈ ભાવ નથી અને ભાવ છે એમાં આ શબ્દ નથી. સમજાણું કાંઈ?

તો કહે છે, ભગવાન આત્મા... આ લીટી તો કાલે કરી હતી. લીટી સમજ્યા? પંક્તિ પંક્તિ ચાલી હતી. '**કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...**' કારણ લીધું. ભગવાન આત્મા તો મોક્ષસ્વરૂપ જ છે. શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્યસ્વભાવ એ તો મોક્ષસ્વરૂપ છે. તેથી એનું પરિણમન જે થયું, શુદ્ધ ચૈતન્ય આનંદ, નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું, તે મોક્ષનો હેતુ છે. કેમ કે ઈ મોક્ષસ્વરૂપ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે, એના પરિણામ પણ મોક્ષનો હેતુ છે. અર્થાત્ શુદ્ધ ચૈતન્ય વસ્તુનું જે પરિણમન થવું વીતરાગસ્વરૂપે, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, તે જ મોક્ષના પરિણામ, મોક્ષસ્વરૂપ જ છે ઈ. મોક્ષના કારણરૂપ પરિણામ એ મોક્ષસ્વરૂપ જ છે. બંધથી ભિન્ન છે. બંધના પરિણામથી એ મોક્ષના કારણરૂપ પરિણામ, બંધના પરિણામથી ભિન્ન છે. તો એ મોક્ષસ્વરૂપ જ પરિણામ છે. આ તો આત્માની અધ્યાત્મની વાત છે. આ ... આ કંઈ બહારથી મળે કે કોઈ વ્યવહારથી મળી જાય એવી વસ્તુ નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વાત એવી છે. ગુલાંટ ખાય છે, સમજ્યા? પલટે છે. આહા..હા..! આમ વિમુખ છે, આમ સન્મુખ (થાય). ભોગીભાઈ! સમજાય છે કાંઈ? ઓલી ધૂળધાણી બહારમાં છે એમ કહે છે આ.

ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે પોતે. આહા..હા..! એનું જે સ્વરૂપ છે એના સ્વરૂપરૂપ પરિણમનમાં પર્યાયમાં એવી વીતરાગ પરિણતિ થવી એ જ (મોક્ષસ્વરૂપ છે). ભાસે છે, એમ શબ્દ લીધો છે. '**ભાસે છે...**' આવું પરિણમન નિર્મળ જ્ઞાનમાં ભાસે છે. ભાવનું ભાસન થાય છે. સમજાય છે કાંઈ? એ મોક્ષનો હેતુ છે. '**કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...**' મોક્ષના કારણરૂપ પરિણામ બંધથી રહિત મોક્ષસ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? શેઠ! અમારે તો અહીંયા શેઠ ઘણું રહે છે. તમે પાછળથી આવો ધંધામાંથી નવરા થઈને. આવી જાય છે. આહા..હા..! કેવી વાત છે જુઓ તો! આહા..હા..!

ભગવાન આત્મા કર્મથી, રાગથી ભિન્ન અને પૂર્ણ નિત્ય ધ્રુવસ્વભાવથી અભિન્ન, એવી અંતરમાં દૃષ્ટિ થઈને મુક્તસ્વરૂપ ભગવાન આત્મા, શક્તિસ્વરૂપ મુક્તસ્વરૂપ જ એની શક્તિ

છે. સ્વભાવ મુક્તસ્વરૂપ જ છે. તેના આશ્રયે જે મુક્તસ્વરૂપ રાગના બંધનના પરિણામથી રહિત, નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ—ચારિત્ર એવા જે પરિણામ તે જ મોક્ષનું કારણ છે. કેમ? કે એ (શુભાશુભ) પરિણામથી રહિત મોક્ષસ્વરૂપ છે. સુમનભાઈ! આ બધું તમારે ત્યાં અમેરિકામાં આવ્યું નહિ હોય. કાલે કહ્યું હતું મેં. કીધું, ભાઈ ગયા હતા. રામજીભાઈ કહે, ... વર્ષના. કહ્યું હતુંને? કાલે કહ્યું હતું ભાઈને. કાલે આવ્યા હતાને? ધીરૂભાઈના દીકરાનો દીકરો. અમેરિકા રહે છે. ધીરૂભાઈ વઢવાણવાળા. ઈ તમને જાણે છે. હુશિયાર માણસ છે એમ કહેતા હતા. હુશિયાર છે. ઈ કહેતા હતા. કારણ કે એને પગાર સાધારણ મળે અને આને પગાર મોટો મળે. અને આમ મોટા શેઠીયા કહેવાય. એટલે એને કહેને. આ તો લોકો વાત કરે.

અહીં તો કહે છે કે આહા..હા..! ભગવાન આત્માને પગાર એવો મળે ભગવાનનો આશ્રય કરે અને નોકરી કરે તો... આહા..હા..! પરિપૂર્ણ સુખ અને કૃતકૃત્યસ્વરૂપ ભગવાન આત્મા છે. એની નોકરી નામ એકાગ્ર થઈને વશ થઈ જાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના મોક્ષના કારણરૂપ પરિણામ જે મોક્ષસ્વરૂપ છે, બંધભાવ નથી, એવા મોક્ષના કારણને મોક્ષસ્વરૂપ કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આજ કાંઈ બહુ એવી નથી. રાત્રે ઝીણી પડે.

'**કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...**' આહા..હા..! પોતાનો નિજ ધ્રુવ ચૈતન્યસ્વભાવ એના અવલંબને જે શુદ્ધ પરિણતિ વીતરાગી આનંદ આદિ સહિત પરિણતિ થઈ, જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તે મોક્ષનો હેતુ છે અને તે પરિણામ જ મોક્ષસ્વરૂપ છે. બંધન સાથે એને કાંઈ વળગાડ નથી. વળગાડ ભાષા ગુજરાતી આવી ગઈ. વળગાડને શું કહે છે? લગાવ. અમને એવી હિન્દી નથી આવડતી. કોઈ વળગાડ નથી. મોક્ષસ્વરૂપ પરિણામ ભગવાનના એની સાથે રાગનો વ્યવહારનો કોઈ વળગાડ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે સામે.

'**તેના સિવાય...**' આવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અવલંબને પરિણતિ થઈ તેનાથી વિરુદ્ધ '**જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે...**' ચાહે તો દયા, દાન, વ્રત પરિણામ, તપસ્યા, સ્મરણ, ભગવાનના જાપ, દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા, શાસ્ત્ર વાંચવા, શાસ્ત્ર સાંભળવા એ બધા બંધસ્વરૂપ છે, વિકલ્પ છે. ... આહા..હા..! '**તેના સિવાય...**' પોતાના શુદ્ધ સ્વભાવના પરિણમનરૂપ દશાથી અનેરા પ્રકાર બંધનો હેતુ છે. અશુભભાવની તો વાત જ શું, પણ શુભભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ બંધનો હેતુ છે. સમજાય છે કાંઈ? એ શુભભાવ ચાહે તો એમાં આહારક શરીરના બંધ થાય એ શુભભાવથી, કે એ શુભભાવથી સર્વાર્થસિદ્ધિનો બંધ થાય પણ એ ભાવ બંધસ્વરૂપ જ છે. બંધનો હેતુ છે પહેલા એમ કહ્યું હતું. 'કારણ

કે તે પોતે પણ બંધસ્વરૂપ છે...' રાગના પરિણામ એ સ્વયં બંધસ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

રાગની વૃત્તિ ઉઠવી, ચાહે તો શુભરાગનો કણ, પંચ મહાવ્રતનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની સન્મુખતાનો રાગ, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ તે બધા બંધનો હેતુ છે. આ તમારી કોલેજ-ફોલેજમાં તો કાંઈ ન મળે, એમ કહે છે અહીં તો. કોલેજમાં જઈને બે-ચાર કલાક ભેગા કરીને કોલેજ ચલાવીએ એટલે થઈ જશે કાંઈક એમાં ધર્મ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળેય નથી. છોકરાઓ (ભણવાની ક્રિયા) થાય એ એને કારણે થાય છે, એમાં આને શું છે? ... થાય. પર્યાય થતી હોય ત્યાં ઊભો હોય તો નિમિત્ત કહેવાય. આ તો નિમિત્ત થાઈએ તો ત્યાં થાય, એ નિમિત્ત ક્યાં થયો? નિમિત્તકર્તા થયો. કર્તા થયો તો મિથ્યાત્વ થયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય કલ્યાણ નથી. .. જ્ઞાન કરનારો ઈ આત્મા, અકલ્યાણનો ભાવ છોડે તો કલ્યાણ થાય. શું બીજાથી એ કલ્યાણભાવ થાય છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એક જ કારણથી કાર્ય થાય. બીજું કારણ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ કરી શકે છે? ... એનાથી થાય છે? કોઈપણ દ્રવ્ય એની પર્યાય વિનાનું છે? કોઈ દ્રવ્ય પોતાની પર્યાયરૂપ કાર્ય વિના છે કે બીજો એનું કાર્ય કરી દે? સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા પોતાનો આશ્રય કરીને શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર જે થયા એ મોક્ષનું કારણ અને એ મોક્ષસ્વરૂપ છે. **'તેના સિવાય જે અન્ય કાંઈ છે...'** બીજા કોઈપણ વિકલ્પ ઉઠો **'તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે.'** પહેલામાં કહ્યું હતું કે એ મોક્ષસ્વરૂપ પરિણામ છે, મોક્ષનો હેતુ શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો ભાવ થાય છે, તે જ મોક્ષસ્વરૂપ છે. અહીંયા કહ્યું તેનાથી વિપરીત કોઈપણ વિકલ્પ ઉઠે... સમજાય છે કાંઈ? **'તે સિવાય જે અન્ય કાંઈ છે...'** ચાહે તો શાસ્ત્ર વાંચન હો, સાંભળવું હો, દયા, દાનના ભાવ હોય, મંદિર બનાવવાનો, પંચ કલ્યાણક કરવાના.. એ ભાવ હોં! કરે નહિ, કરી શકે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... શું લખે? લખે કે ન લખે, ભાવ શું? પંચ કલ્યાણક થાય છે માટે પધારજો.

એમ લખે પંચ કલ્યાણક નથી માટે નહિ આવતા, એમ લખે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લખેનો અર્થ શું? કોણ લખે? એ તો ભાષા છે. આહા..! એવી વાત છે. ભાષા કોણ લખે? કોણ કરે? કોણ બનાવે? અહીં તો ત્યાં ભાવ જે વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે. બસ, એટલી વાત છે. એ ચીજ ભિન્ન રહી ગઈ. સમજાય છે કાંઈ? છોકરાને ભણાવવા, ચંદો કરવો, ખરડો કરવો, ... છોકરાઓએ પરીક્ષા આપવી, એને ભણાવવા, એને જ્ઞાન આપવું એ વિકલ્પ છે એ શુભરાગ છે. એ ક્રિયા નહિ એની.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બોર્ડિંગ-ફોર્ડિંગ કોણ કરતો હતો? બોર્ડિંગ કરે છેને અહીંયા? કોણ કરે? એ તો પરદ્રવ્ય સ્વતંત્ર છે. એની પર્યાય કોણ કરે? ... કહો, સમજાય છે કાંઈ?

**'જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે...'** આહા..હા..! **'કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે.'** રાગના પરિણામ બંધસ્વરૂપ જ છે. ભાવબંધ છેને? રાગ જે આવ્યો એ ભાવબંધસ્વરૂપ જ છે. આહા..હા..! અને સ્વભાવના આશ્રયે જે પરિણામ થયા એ મોક્ષસ્વરૂપ જ છે. ભાવબંધથી રહિત ભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગની વાત છે આ. વીતરાગમાર્ગમાં રાગ છે એ તો બંધનું કારણ છે. વીતરાગમાર્ગ કોને કહે? જેમાં રાગ રહિત, વિકલ્પ રહિત નિર્વિકલ્પ સ્વભાવ આત્માનો, એની નિરપેક્ષ શ્રદ્ધા, નિરપેક્ષ જ્ઞાન, નિરપેક્ષ રાગરહિત પરિણતિ તે નિર્વિકલ્પ પરિણતિ જ મોક્ષનું કારણ અને મોક્ષરૂપ છે. અને તે સિવાય કોઈપણ વિકલ્પ ઉઠો.. આહા..હા..! બંધનો હેતુ, સ્વયં બંધસ્વરૂપ છે.

**'માટે...'** આ કારણે ભગવાનના સિદ્ધાંત આગમ-પરમાગમમાં ભગવાનની કહેલી દિવ્યધ્વનિમાંથી જે પરમાગમ બનાવ્યા એમાં **'જ્ઞાનસ્વરૂપ થવાનું...'** આહા..હા..! ભગવાનની તો આ આજ્ઞા છે આગમમાં, કહે છે. આનંદરૂપ, જ્ઞાનસ્વરૂપ શુદ્ધરૂપ થવું **'અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.'** જુઓ! વ્યવહારનું વિધાન છે એ કંઈ નહિ, એક જાણવાનું કારણ બતાવવું છે. માર્ગ તો અનુભૂતિ કરવાનું જ વિધાન છે. બાર અંગમાં, શાસ્ત્રના સારમાં, વીતરાગની વાણીમાં, સંતોની વાણીમાં અનુભૂતિ કરવાનું જ વિધાન છે. અનુભૂતિ કરવાનું જ. 'જ' શબ્દ છે. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપની અનુભૂતિ, સ્વસન્મુખ થઈને અનુભૂતિ કરવી તેનું વિધાન આગમમાં કહ્યું છે. ચરણાનુયોગનું વિધાન કહ્યું છેને? એ તો વિધાન કહ્યું છે એ તો હોય છે એનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સમજાણું કાંઈ? આ વિધાન યથાર્થ છે. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ!

ભાઈ! હમણાં એક જણનું .. આવ્યું છેને? એમાં ઓલા રમણ ... નું નાખ્યું છે. નિશ્ચયની

વાત બહુ કરી છેને. રમણ મહર્ષિ નહિ? રમણ મહર્ષિ વેદાંતમાં મોટા થઈ ગયા. એની વાત (નાખી છે). પણ જૈનમાં આ વાત? ક્યાં તૂટો છે જૈનની અંદર? એણે આવી વાત કરી છે. આમ કરવું ને આમ કરવું ને બધા એકરૂપ છે ને.. મન, વચનથી ભિન્ન ... રમણ મહર્ષિ થયાને? ઈ તો વેદાંતી છે. ન્યાં ક્યાં તત્ત્વ હતું? એ તો સર્વ આત્માની વાત કરે છે. ઈ વાત છે ક્યાં? પાખંડીની વાત છે. સમજાય છે કાંઈ? આખી દુનિયા ક્યાં ક્યાં .. જૈનપ્રકાશમાં આવ્યું. અજૈનપ્રકાશ છે એમ કહે છે. અરે..! આહા..હા..! ત્રિલોકનાથ પરમાત્માના માર્ગમાં ક્યાં અપૂર્ણ છે કે બીજા પાસેથી લે તો પૂર્ણ થાય? પૂર્ણ પરમાત્મા-પૂરી વાત છે. સમજાય છે કાંઈ?

એક એક આત્મા પરિપૂર્ણ પરમેશ્વર એમ ભગવાન ફરમાવે છે. બધા મળીને એક છે એમ તો પાખંડ કહે છે. વીસ બોલ છેને? અલિંગગ્રહણ. એમાં એક બોલ છે. પંદરમો બોલ છે વીસમાંથી. ૧૫મો ૧૭૨ જુઓ!

'લિંગ વડે એટલે કે...' અલિંગગ્રહણ છેને. **'અમેહનાકાર વડે...'** અમેહનાકાર એટલે આકાર. મેહના-ઈન્દ્રિયનો આકાર નહિ પણ અમેહનાકાર **'જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...'** ટીકા છે. **'સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લિંગ વડે અર્થાત્ અમેહનાકાર (અર્થાત્) એનો કોઈ બહારનો આકાર ... એવો જે આત્મા **'જેનું ગ્રહણ...'** જેનો અનુભવ **'લોકમાં વ્યાપવાપણું...'** જગતમાં વ્યાપક કહેવું તે **'અલિંગગ્રહણ છે.'** એ આત્મા **'પાખંડીઓને પ્રસિદ્ધ...'** છે. સમજાય છે કાંઈ? વેદાંતને અહીંયા પાખંડી કહ્યું. ક્યાં એક આત્મા, ક્યાં અનંત આત્મા, ક્યાં અનંત રજકણ. છ દ્રવ્યોને એક સમયમાં પર્યાય જાણે એટલી તાકાતવાળા આત્મા. છ દ્રવ્ય, અનંતા ગુણો, એની અનંતી ત્રિકાળી પર્યાય. ભગવાન આત્મા એની એક પર્યાયમાં છ દ્રવ્યને જાણી લ્યે છે એટલી તાકાત છે. મતિ-શ્રુતમાં એટલી તાકાત છે. એને ઠેકાણે બધા મળીને એક (છે કહે છે). **'પાખંડીઓને પ્રસિદ્ધ...'** પાખંડરૂપ તેને સાધન બનાવીને લોકવ્યાપક છે એમ કહ્યું છે. **'આકારવાળો–લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અમેહનાકાર. લોકમાં વ્યાપકતારૂપ લિંગ જેમાં નથી. એવો આત્મા છે. મૂળચંદભાઈ! આ પ્રવચનસાર, ૧૭૨ ગાથા. ભગવાનની વાણીનો સાર. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા.. આગમ આગમ કહે છેને? એ આગમનો સાર એનું નામ પ્રવચનસાર. આ તો વ્યાખ્યા થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક અને અનંતા સિદ્ધો અને અનંતા કેવળીઓ પર્યાયમાં જણાય એવી તો એક આત્માના એક જ્ઞાનગુણની એક પર્યાય છે. સમજાય છે કાંઈ? એવો આત્મા સર્વજ્ઞ સિવાય કોઈ કહી શકે નહિ. એના અનુભવીઓ કહે એ તો એના વચનને

અનુસરીને કહે છે. અનુભવીને કહે છે પણ પૂર્ણ સ્વરૂપ જોયું નથી તો વચનને અનુસરીને કહે છે. સમજાય છે કાંઈ? આવી વસ્તુ પરમેશ્વર વીતરાગ પરમાત્મા, એમણે કહ્યો આત્મા એ સિવાય બીજે ક્યાંય નથી. વાત બહુ .. આમ છે ને આમ છે. ભાઈ! સનાતન સર્વવ્યાપક છે. ધૂળેય નથી. સમજાય છે કાંઈ? એ.. ભોગીભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અનુભૂતિ કરવાનું વિધાન છે. આહા..હા..! જુઓ તો ખરા. ચાર અનુયોગમાં, ભગવાનની વાણીમાં ભગવાન આત્મા શુદ્ધઘન ચૈતન્યઘનનો અનુભવ કરવો, એને અનુસરીને થવું (એવું વિધાન છે). નિમિત્તને અનુસરીને થવું એ રાગ બંધનું કારણ છે. આહા..હા..! કહો, હિંમતભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું નથી. ક્યાં પણ નવરાશ ક્યાં છે? આ દુનિયાના માન, સન્માન... એ કો'ક દિ' આવે એમાં શું ટકે? લાંબુ ટકે કેટલું એક દિ' આવે, બે દિ'માં? આ વાતું બીજી જાતની છે. કેમ હિંમતભાઈ? આહા..હા..! અરે..! જેનાથી જન્મ-મરણના અંત આવે એ ભાવ સમજ્યા વિના બધા થોથે થોથા છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આગમમાં એમ કહ્યું છે. એમ લખ્યું છેને? આગમમાં '**જ્ઞાનસ્વરૂપ થવાનું...**' દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે. આહા..હા..! શુદ્ધ આનંદઘનની સ્વરૂપમાં પર્યાયરૂપ થવું, '**અનુભૂતિ કરવાનું જ...**' ભાઈ! એકાંત કહેવાનું રહેવા દો, સ્યાદ્વાદ કરો. અનુભૂતિનું પણ છે અને વ્યવહાર રાગ કરવાનું પણ (વિધાન) છે. કહો, શેઠ! ઈ એના ઓલા બાવા પાસે ગયા હતા. એવું સાંભળ્યું હતું કાંઈક. શેઠિયા જાય, માખણ ચોપડે. કોઈક હતું, બાવાનું હતુંને? નહિ? શંકરાચાર્ય. એવું સાંભળ્યું હતું. દિગંબર જૈન થઈને, શેઠિયા થઈને...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કર્યા... શું કરે? લૌકિક વ્યવહારની વાત ... પણ ગુરુ તરીકે સ્વીકારીને ત્યાં જાવું. (બરાબર નથી) વાત એવી છે, ભાઈ! આહા..હા..! વંદન કરવા એ પણ યથાર્થ નથી. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માના વિરોધ કરનારા, ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું એનો વિરોધ કરનારા, માનનારા, (ત્યાં જવું બરાબર નથી) એ બંધનું કારણ છે એને. બંધનું કારણ છે એ તો.

'**અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.**' આહા..હા..! પણ ભગવાને તમે તો ઘણી વાત કરી છેને. ચરણાનુયોગમાં આમ કરવું, આવા વ્રત પાળવા, દોષ લાગે, અતિચાર લાગે તો પ્રાયશ્ચિત લેવું. ઘણા પુસ્તક ભર્યા છેને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનો ખુલાસો ઈ કે જે વખતે હતા એનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાન કરવાની વાત કરી છે. કરવું, કરવાલાયક છે એમ વાત નથી.

મુમુક્ષુ :— કર્તવ્ય..

ઉત્તર :— કર્તવ્ય નથી. કર્તવ્ય કેવું? રાગનું કર્તવ્ય પોતાનું છે? આહા..હા..! છે? ભાઈ યશપાલજી! અનુભૂતિ કરવાનું વિધાન કહ્યું છે. આ છોકરા ભણાવવાનું વિધાન નથી કહ્યું એમાં? ... જાય છે એ તો વિકલ્પ આવે છે. બહાર કોણ કરતું હતું? વિકલ્પ છે ઈ બંધનું કારણ છે. પોતાની અનુભૂતિ સિવાય જે વિકલ્પ થાય છે એ સમકિતીને પણ બંધનું કારણ છે અને અજ્ઞાનીને દૃષ્ટિની ખબર નથી તો એને તો રાગનું બંધન એકાંત મિથ્યાત્વનું કારણ છે. એવી વાત છે, ભાઈ! આહા..હા..! ભગવાનનો દરબાર છે. એ કળશ થઈ ગયો. અનુભૂતિ .. છે હોં! 'विहितम्' શબ્દ છેને? 'अनुभूतिः हि विहितम्' 'ततो ज्ञानात्मत्वं' જ્ઞાનસ્વરૂપ એમ. 'भवनमनुभूतिर्हि विहितम्'. 'ज्ञानात्मत्वं' જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ ભવનં. પરિણમન એવી જે અનુભૂતિ એને 'विहितम्'. ભગવાને તો આગમમાં આમ કહ્યું છે. હવે દૃષ્ટિ જૂઠીથી બીજું કાઢે ઈ ભગવાનને જાણતા નથી. આહા..હા..! મૂળચંદભાઈ!

## ગાથા-૧૫૪

अथ पुनरपि पुण्यकर्मपक्षपातिनः प्रतिबोधनायोपक्षिपति –

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।
संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।
परमार्थबाह्या ये ते अज्ञानेन पुण्यमिच्छन्ति।
संसारगमनहेतुमपि मोक्षहेतुमजानन्तः।।१५४।।

इह खलु केचिन्निखिलकर्मपक्षक्षयसम्भावितात्मलाभं मोक्षमभिलषन्तोऽपि, तद्धेतुभूतं सम्यग्दर्शनज्ञानचारित्रस्वभावपरमार्थभूतज्ञानभवनमात्रमैकाग्र्यलक्षणं समयसारभूतं सामायिकं प्रतिज्ञायापि, दुरन्तकर्मचक्रोत्तरणक्लीबतया परमार्थभूतज्ञानभवनमात्रं सामायिकमात्मस्वभाव-मलभमानाः, प्रतिनिवृत्तस्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवृत्तमानस्थूलमविशुद्ध-परिणामकर्माणः, कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्रसन्तुष्टचेतसः, स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयन्तः, स्वयमज्ञानादशुभकर्म केवलं बन्धहेतुमध्यास्य च, व्रतनियम-शीलतपःप्रभृतिशुभकर्म बन्धहेतुमप्य-जानन्तो, मोक्षहेतुमभ्युपगच्छन्ति।

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :

પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

ગાથાર્થ :— **[ये]** જેઓ **[परममार्थबाह्यः]** પરમાર્થથી બાહ્ય છે **[ते]** તેઓ **[मोक्षहेतुम्]** મોક્ષના હેતુને **[अजानन्तः]** નહિ જાણતા થકા -- **[संसारगमनहेतुम् अपि]** જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ -- **[अज्ञानेन]** અજ્ઞાનથી **[पुण्यम्]** પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) **[इच्छन्ति]** ઈચ્છે છે.

ટીકા :— સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ (નિજ સ્વરૂપની પ્રાપ્તિ) તે આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં, મોક્ષના કારણભૂત સામાયિકની કે જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના *ભવનમાત્ર છે, એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે તેની પ્રતિજ્ઞા લઈને પણ, દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણાલઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂલ લક્ષ્યવાળા હોઈને (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતાં થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે-મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.

ભાવાર્થ :— કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે. (સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે). આ રીતે તેઓ જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે તોપણ કર્માનુભવના બહુપણાથોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

---

ભવન = થવું તે; પરિણમન.

## ગાથા-૧૫૪ ઉપર પ્રવચન

**'હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :—'** વળી શુભભાવના પક્ષપાતી. આ વ્રત, નિયમ, તપથી પણ મુક્તિ થાય છે.

મુમુક્ષુ :— બે નય છે.

ઉત્તર :— બે નય છે તો શું છે? બીજી નય તો જાણવાલાયક છે. આદરવાલાયક છે? છે, જાણવાલાયક છે. મોક્ષનું કારણ છે? ધર્મનું કારણ છે? જરીયે નહિ, કિંચિત્ નહિ.

મુમુક્ષુ :— પરંપરા..

ઉત્તર :— પરંપરા એને કહેવામાં આવ્યું છે. અશુભ રાગ ટાળ્યો છે, અનુભવ સહિત, સમ્યક્ નિશ્ચય સહિત શુભરાગ ટાળશે તો એ (અપેક્ષા) શુભરાગ પરંપરા કારણ કહ્યું. એનો અર્થ ઈ છે. સમકિતીની વાત છે. અનુભવ છે નિશ્ચય વીતરાગ આનંદનો એને જે શુભરાગ આવ્યો એ બંધનું કારણ હોવા છતાં એમાંથી અશુભ ગયું છે, અનુભવ છે દૃષ્ટિનો માટે, એ શુભ ભાવકર્મથી મોક્ષ થશે. તેથી પરંપરા કહ્યું. રાગથી પરંપરા લાભ થાય? સમજાય છે કાંઈ?

એ જ કહે છે, **'પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :—'** ૧૫૪.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પુણ્ય પાપ. થોડું કહ્યું હતુને? ૧૫૫માં તો પાપ જ લેશે. ૧૫૫મી ગાથામાં પુણ્ય-પાપ બેય પાપ છે એમ લેશે. જયસેનાચાર્યદેવની ટીકામાં છે. પછી તો છે પણ આ તો શરૂઆત કરી. પહેલા આ પુસ્તક હાથમાં આવ્યું છેને. કેટલામી? આ જુઓ! પુણ્ય અધિકાર સમાપ્ત. ૧૫૪માં પુણ્ય અધિકાર સમાપ્ત (કર્યો છે). છતાં લીધું છે. સંસ્કૃત. ૧૫૪ હજી ચાલશે. **'एवं गाथादशकेन पुण्याधिकारः समाप्तः' 'अथ सविकल्पत्वात्पराश्रिततत्वाच्च निश्चयेन पापव्याख्यानमुख्यत्वेन,'** વ્યાખ્યા કરે છે. પુણ્ય-પાપ બેય પાપ છે. વ્યવહાર રત્નત્રય એ પાપ છે. ... કહ્યુંને? **'सविकल्पत्वात्पराश्रिततत्वाच्च'** પુણ્ય પરાશ્રય છે. આહા..હા..! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય હોય તો એ વિકલ્પ છે એ **'पराश्रिततत्वाच्च' 'पापं'** નિશ્ચયથી પાપ છે. એ.. મૂળચંદભાઈ! આ બધા અગ્રેસરો પણ એમને એમ રખડતા હતા. મોટા.. વીતરાગનો માર્ગ શું છે?

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।**
**संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।**

નીચે હરિગીત છે, નીચે હરિગીત છે.

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

એ પુણ્ય સંસારનું કારણ છે. પહેલું આવી ગયું છે શરૂઆતમાં. એને સુશીલ કેમ કહેવું કે જે સંસારમાં પ્રવેશ કરાવે? આહા..હા..! પુણ્યની મીઠાશ જગતને એટલી છે, શુભભાવ.. શુભભાવ.. શુભભાવ.. શુભભાવ.. મિથ્યાત્વના પાપ જેવી બીજી કોઈ વસ્તુ નથી. એની તો ખબર નથી. પહેલા અન્વયાર્થ લઈએ. અન્વયાર્થ છેને?

'**અન્વયાર્થ :— જેઓ પરમાર્થથી બાહ્ય છે...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવના આશ્રયે (થાય) છે એવા પરમાર્થથી જે બાહ્ય છે. '**તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા...**' મોક્ષના કારણને નહિ જાણતા થકા. '**संसारगमनहेतुम् अपि**' '**જોકે સંસારગમનનો હેતુ છે તોપણ...**' પુણ્ય—શુભભાવ. સંસારગમનનો હેતુ હોવા છતાં પણ. એ શુભભાવ સંસારગમનનો હેતુ છે. આહા..હા..! આ કહે છે, પ્રશસ્ત રાગ છેને? કંઈક લાભ તો થયોને? ધૂળેય લાભ થયો નથી, સાંભળ તો ખરો. આહા..હા..! આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર, એ પરમેશ્વર કહે છે કે અમને ભજવા એ રાગ છે. એ સંસારગમનનો હેતુ છે. આહા..હા..! કહો, શેઠ! તારણસ્વામીએ તો ઘણું કઠણ કહ્યું છે. અરે..! લોકરંજનને ખુશી કરવા માટે તમે શુભભાવથી ધર્મ મનાવો છો, દુનિયા ખુશી થાય, નરક નિગોદમાં જશો. એમ લખ્યું છે તારણસ્વામીએ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાં ખબર છે. આ બધા શેઠિયા થઈને મોઢાઆગળ બેસે, ભાન કે દિ' હતા એને. ખરી વાત છેને? તારણસ્વામીને શું કહેવું છે કોને ખબર? ... અમે તારણસ્વામીમાં જન્મ્યા છીએ માટે અમે શેઠિયા છીએ બુલંદશહેરના (બુંદેલખંડના). ભગવાનદાસ શોભાલાલ. અરે..! ... બાદશાહ. રાગને બાદ કરી નાખ. આહા..હા..!

'**ટીકા :— સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...**' પુણ્ય અને પાપના ભાવ, અરે..! પુણ્યના અસંખ્ય પ્રકાર શુભભાવના. એ કર્મ એટલે શુભભાવ. સમસ્ત શુભભાવ નષ્ટમ. '**પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે...**' આત્મલાભસ્વરૂપ મોક્ષ. આત્મલાભસ્વરૂપ મોક્ષ. આત્માની પૂર્ણ પ્રાપ્તિરૂપ મોક્ષ. પર્યાયમાં આત્માની પૂર્ણ પ્રાપ્તિરૂપ એ આત્મા, આત્મલાભ. કેવળપર્યાયની પ્રાપ્તિ એ આત્મલાભ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એની પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ પર્યાયનો લાભ એ આત્મલાભ છે. એ આત્મલાભસ્વરૂપ કોણ? મોક્ષ. જેમાં આત્મલાભ મળે છે એવો મોક્ષ.

મુમુક્ષુ :— આ આત્મલાભ શું?

ઉત્તર :— આત્મલાભ મળ્યો. આત્મા છે એવો પર્યાયમાં પ્રાપ્તિ થયો.

મુમુક્ષુ :— બીજો કોઈ લાભ ન મળ્યો?

ઉત્તર :— બીજો (લાભ) શું છે? ... આવે, એટલો રાગ આવે. **'ओंकारं बिन्दुसंयुक्तं' 'कामदं मोक्षदं चैव' 'कामदं मोक्षदं'** બેય કહ્યું છે. વચમાં રાગ આવે છે. એનું (ફળ) સ્વર્ગ આદિ મળે. પણ એ સંસાર છે. **'कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः'.**

મુમુક્ષુ :— ઈન્દ્રના સુખ ભોગવીને પછી..

ઉત્તર :— ભોગનું સુખ ક્યાં? ધૂળના છે. ત્યાં તો અંગારા છે. સ્વર્ગમાં કષાયના અંગારા સળગે છે. વિકલ્પ ઉઠે એ ભઠ્ઠી છે. આહા..હા..!

મુમુક્ષુ :— નાનામાં નાનો...

ઉત્તર :— નાનામાં નાનો કણ. ભગવાનની ભક્તિ હો, શુભરાગ છેને. ભગવાન! નિજ શાંતસ્વરૂપમાં તો એ અગ્નિની ભઠ્ઠી છે. સમજાય છે કાંઈ? એ આત્મલાભ નહિ, એ તો રાગનો લાભ થયો.

**'સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...'** શુભભાવના પક્ષનો પણ નાશ કરવાથી **'ઊપજતો...'** ઉત્પાદ છેને કેવળજ્ઞાન પર્યાય? **'આત્મલાભસ્વરૂપ...'** જેમાં આત્માની પૂર્ણ પર્યાયનો લાભ (થાય) ઈ લાભ. આ વાણિયા લખે કે, લાભ સવાયા. લખેને બારણા ઉપર? શું કહેવાય ઈ? ... બીજું કાંઈક ... ગપ્પેગપ છે. લાભ ન્યાં ક્યાં ધૂળમાં હતા. જેમાં આત્માની પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય તે આત્મલાભ છે. પહેલા મોક્ષના માર્ગનો લાભ પણ અહીં તો પૂર્ણની વાત છેને. પરિપૂર્ણ પરિપૂર્ણ પરમાત્મા. આહા..હા..! અપ્પા સો પરમઅપ્પા. ભગવાન આત્મા એ પૂર્ણ પરમેશ્વર ઈશ્વર છે બધા. અરે..! એની શોધખોળ કરવાથી પત્તો લાગે છે. સમજાય છે કાંઈ?

એવો ભગવાન **'આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં...'** જગતની અંદર જીવો **'કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં,...'** આત્મલાભરૂપ મોક્ષને ઈચ્છતા હોવા છતાં. ઈચ્છા હોય પણ વસ્તુનું ભાન નથી, દૃષ્ટિની ખબર નથી. આહા..હા..! ... છેને? મોક્ષની ઈચ્છા છે. સર્વ કર્મથી રહિત થવું આત્મલાભ તે મોક્ષની ઈચ્છા હોવા છતાં પણ. મોક્ષના કારણભૂત પરમાનંદ રૂપી મોક્ષ. પરમાનંદ.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

નિર્ગ્રંથ સંતોએ અને કેવળીઓએ આ માર્ગ કહ્યો. તેઓ **'મોક્ષના કારણભૂત સામાયિક...'** જુઓ! મોક્ષના કારણભૂત સામાયિક એટલે સમતાભાવ. વિકલ્પ આદિ એ વિષમભાવ છે. દયા, દાન, વ્રત પરિણામ એ બધા વિષમભાવ છે. **'મોક્ષના કારણભૂત સામાયિકની...'**

જે સામાયિક કેવી છે? ‘**જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**’ કેવી છે સામાયિક? કે મોક્ષના કારણરૂપ. કે જેમાં સમ્યગ્દર્શન--ભગવાન આત્માની પ્રતીત શ્રદ્ધા નિશ્ચય. સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન, સમ્યક્ચારિત્ર સ્વભાવવાળા ‘**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**’ એ તો આનંદ અને પૂર્ણ જ્ઞાનનું ભવન થવું એ સામાયિક છે. સમજાય છે કાંઈ? ત્યાં તો સાંજ-સવાર ત્રણ ત્રણ વાર સામાયિક કરે. સવાર, બપોર, સાંજ. અરે..! ક્યાં સામાયિક હતી? આહા..હા..! હેં?

મુમુક્ષુ :— નિયમ છે.

ઉત્તર :— નિયમ... આહા..હા..!

કેવી છે સામાયિક? સમ્યગ્દર્શન—સ્વરૂપની પ્રતીતિ સ્વસન્મુખમાં નિર્વિકલ્પ દર્શન. નિર્વિકલ્પ સ્વસંવેદન, સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન મતિ, શ્રુત. ચારિત્ર—સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું, લીન થવું. એવી પરમાર્થભૂત—એવી ખરેખર આત્માના ભવનમાત્ર—આત્માના સ્વભાવનું ભવનમાત્ર, આત્માના સ્વભાવરૂપ પરિણમનમાત્ર. એક વાત. ત્રણ લક્ષણો નાખ્યા છે.

‘**એકાગ્રતાલક્ષણવાળું છે...**’ એ આનંદ ભગવાન આનંદમાં એકાગ્રતા. એક ઉપર, એકને પ્રધાન બનાવીને અંદર લીન થવું, વીતરાગી આનંદમાં લીન થવું તે એકાગ્રતા લક્ષણરૂપ સામાયિક છે. આહા..હા..! ‘**અને સમયસારસ્વરૂપ છે...**’ અહીં પર્યાયને સમયસારસ્વરૂપ કહ્યું છે. દ્રવ્ય તો સમયસારસ્વરૂપ છે જ વસ્તુ. આ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ નિશ્ચય રત્નત્રય એ પરમાર્થ. એ વસ્તુના સ્વભાવ પરિણમન ભવનમાત્ર. વિકલ્પ આદિ પરિણમન એ વસ્તુનું સ્વરૂપ નહિ. ચિદાનંદ ભગવાન વીતરાગમૂર્તિ આત્માનું ભવન, તે રૂપ થવું, તે રૂપે પરિણમન થવું એનું નામ સામાયિક છે. આહા..હા..! અને ‘**એકાગ્રતાલક્ષણવાળું છે...**’ વસ્તુ ભગવાન આત્મા એમાં એકાગ્રતા લક્ષણવાળું. સહિત એ લક્ષણભૂત છે સામાયિક. આ સામાયિક મોક્ષનું કારણ છે. કહો, ...ભાઈ! ... આપણે બોટાદમાં બહુ સામાયિક થાતી. ખબર છે? ઓલા પોપટભાઈ. ... પોપટભાઈ હતાને સાયલાવાળા નહિ? હોંકારો દેનારા. પોપટભાઈ નહોતા? તમારા સગા થાયને ગાંધી? ગાંધીના જમાઈ. નટુભાઈના દીકરા હતા. ભૂલી ગયા. સાયલાવાળા ત્યાં હતા. ડેલામાં રહેતા, મોઢના ડેલામાં રહેતા અપાસરા પાસે. ડોસા હતા. હોંકારા આપતા. શ્વાસ ચડતો. ભૂલી ગયા, ભૂલી ગયા. પોપટભાઈ હતા. લક્ષ્મીચંદના જમાઈ. આહા..હા..! લખુભાઈના બાપ. બરવાળા ... ઈ ગાંધી એના જમાઈ છે. અમૃતલાલભાઈના... અમૃતલાલ ગાંધી હતાને? એના બનેવી. પોપટ. ઈ આમ ત્રીસ સામાયિક કરતા. એક પાથરણે ત્રીસ. ચોવીસ કલાક બેસે. ત્રીસ થાય. બે ઘડીની સામાયિક કરોને તો ચોવીસ કલાકમાં ત્રીસ થાય. ત્રીસ ઉપર કરતા હતા. ... ચાર વાગે આવે, પાંચ વાગે ત્યાંથી તે આખો દિ’, આખી રાત. સવારમાં આઠ વાગે બીજે દિવસે ... કરે. છત્રીસ છત્રીસ સામાયિક કરે. ઈ સામાયિકનું

માસખમણ કહેવાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ ટકે? તું કોણ છો કૂટાય છે એની ખબર નથી. રાગમાં એકતા માનતા તૂં કૂટાઈ જાય છે, હણાઈ જાય છે એની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

કહે છે, પરમાર્થભૂત ભગવાન આત્માનો સ્વભાવનું ભવન. જ્ઞાન શબ્દે આખો આત્મા. એનું ભવનમાત્ર છે, એકાગ્રતા લક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે. પરિણતિને અહીંયા સમયસાર કહ્યું છે, હોં! લ્યો, આ સામાયિક. હિંમતભાઈ સાથે આવી સામાયિક કરી હતી? આહા..હા..! '**તેની—પ્રતિજ્ઞા લઈને પણ...**' હવે આ વાત આવી. આવી સામાયિક મોક્ષનું કારણ છે તેની પ્રતિજ્ઞા લીધી, દીક્ષિત થયો ત્યારે. સાધુ થઈને, નગ્ન થઈને પ્રતિજ્ઞા લીધી. સમજાય છે કાંઈ? એવી પ્રતિજ્ઞા લઈને પણ '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' આહા..હા..! પાપના પરિણામ છોડે છે પણ પુણ્ય પરિણામ છોડવામાં નપુંસક છે. ક્લિવ કહ્યું છે પાઠમાં, ક્લિવ કહ્યું છે. '**दुरन्तकर्मचक्रोत्तरणक्लीवतया**' ક્લિવ છે, નપુંસક છે, આહા..હા..! શુભભાવથી પાર નથી થતો. સામાયિક તો એને કહીએ કે શુભભાવથી પાર ઉતરીને સ્વરૂપમાં આનંદમાં લીન થવું, એમ નહિ કરીને નપુંસકતાને કારણે. આહા..હા..! એ શુભભાવમાં જ સામાયિક માની લીધી છે. નપુંસક છે, હીજડો છે. અહીં તો વીતરાગભાવની વાત છે. રાગની રચનામાં વીર્યને રોકે એ હીજડાનું વીર્ય છે. વીતરાગની પરિણતિમાં વીર્ય (આવે) એ પુરુષનું વીર્ય છે.

પુરુષાર્થસિદ્ધિમાં આવ્યુંને? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પુરુષ '**सेते**'. પુરુ નામ આત્મા, પોતાના ચેતન સાથે રમે છે એનું નામ પુરુષ. '**पुरु सेते**' પુરુષ—આત્મા એટલે પોતાના ચૈતન્ય આનંદ સ્વભાવમાં સ્થિતિ થવી તે પુરુષ. રાગમાં રમે ઈ પુરુષ નહિ. સમજાય છે કાંઈ? છેને પુરુષાર્થસિદ્ધિમાં. પુરુષાર્થસિદ્ધિમાં છે. મૂળ પુરુષાર્થનું કહેવું છેને ત્યાં. પુરુષાર્થસિદ્ધિ છેને? પુરુષાર્થસિદ્ધિ છે કે નહિ? કેટલામી ગાથા છે? નવમી છે. '**अस्ति पुरुषश्चिदात्मा**' '**પુરુષ છે તે ચૈતન્યસ્વરૂપ છે.**' '**पुरु**' '**ઉત્તમ ચેતનાગુણમાં...**' '**सेते**' '**સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે.**' નવમી ગાથા છે. '**पुरुषः चिदात्मा अस्ति**' પુરુષ નામ ચિદ્આત્મા અસ્તિ નામ પુરુષ. એ પુરુષ ચૈતન્યસ્વરૂપ છે. '**ઉત્તમ ચેતનાગુણમાં સ્વામી થઈને...**' '**सेते**' '**પ્રવર્તે તેનું નામ પુરુષ છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ.**' સમ્યગ્જ્ઞાન, દર્શન આદિ ચેતનાના નાથને પુરુષ કહીએ. રાગના નાથને નપુંસક કહીએ. ..ભાઈ! આવું છે, ભાઈ! આહા..હા..! આમાં પૈસાનો નાથ ને બાયડીનો પતિ, નરપતિ ને નૃપતિ આવે છેને? નૃપતિ. આ તો સ્વરૂપમાં લક્ષ્મીનો પતિ છે એ સ્વામી છે, એ પુરુષ છે. રાગનો સ્વામી થાય એ નપુંસક છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો મહા નપુસંકમાં નપુંસક છે. શેઠ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જડ જ છે. નિર્જરા અધિકારમાં આવ્યું છેને? નિર્જરા અધિકારમાં આવ્યું છે. હું જે ચૈતન્યસ્વરૂપ ભગવાન અજીવનો સ્વામી થાઉં તો હું અજીવ થઈ જાઉં. ભેંસનો સ્વામી પાડો હોય. એમ લક્ષ્મીનો સ્વામી જડ હોય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ચેતન ક્યાં છે? જડ માન્યતામાં થઈ જાયને. આ વસ્તુ તો પડેલી આખી ભગવાન ચૈતન્યમૂર્તિ. રાગનો સ્વામી થયો એ અચેતન છે, અનાત્મા છે. આહા..હા..! પર તરફનો ઉપયોગ છે તે જ અનુપયોગ છે. સ્વ તરફનો ઉપયોગ છે તે જ ઉપયોગ છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

કહે છે, અરે..! એવી પ્રતિજ્ઞા લીધી કે મારે તો નવ નવ કોટિએ રાગનો ત્યાગ. પુણ્યનો ત્યાગ. હું સામાયિક અંગીકાર કરું છું. મોક્ષના કારણરૂપ દીક્ષા લીધી. પણ દુરંત કર્મચક્રને. પાપથી તો છૂટ્યો, ચારિત્રમોહનું પાપ હોં! પણ પુણ્યથી, કર્મચક્રને પાર ઊતરવાની નપુંસકતાને લીધે '**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...**' આહા..હા..! એ વિકલ્પથી પાર, પુણ્યના વિકલ્પથી શુભરાગથી પાર, પોતાના નિજાનંદસ્વરૂપને પ્રાપ્ત નહિ કરતો થકો '**પરમાર્થભૂત જ્ઞાનના...**' અનુભવનમાત્ર, સ્વભાવના અનુભવનમાત્ર એવી સામાયિકસ્વરૂપ. પાછું એમ લીધું. ત્યાં લીધું હતું, પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર. પહેલી લીટી. એ જ લીધું, પરમાર્થભૂત જ્ઞાનના અનુભવનમાત્ર સામાયિકસ્વરૂપ. આનંદના અનુભવનમાત્રને સામાયિક કહે છે. દેહની ક્રિયા આમ બેસી ગયો ને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં.. એમ કરીને કાળ ગાળ્યા એ સામાયિક નહિ. આહા..હા..!

'**સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને...**' આવી સામાયિક જે રાગરહિત શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એવી સામાયિકસ્વરૂપ સ્વભાવને '**નહિ પામતા થકા,...**' હવે જરી .... ની વાત કરશે. અત્યંત સંક્લેશ અશુભ પરિણામથી છૂટ્યો. સમજ્યા? અત્યંત સ્થૂળ. પણ રાગ, દયા, દાન, વ્રતના પરિણામ એ અત્યંત સ્થૂળ શુભ છે તેનાથી છૂટતો નથી. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ-૮, શુક્રવાર, તા. ૧૨-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૫૪, પ્રવચન-૨૮૨**

હિન્દી, હિન્દી. હિન્દી લોકો આવ્યા છે. '**હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :—**' ૧૫૪. હિન્દી છેને હિન્દી સમયસાર? પુણ્ય-પાપ અધિકાર છેને, તો એમાં અહીંયા પુણ્ય નામ શુભભાવ, જે રાગની મંદતાનો (ભાવ). દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિના ભાવ એ શુભભાવ (છે). તેનો પક્ષપાતી છે કે તેનાથી પણ મને ધર્મ થાય છે એવા પક્ષપાતીને સમજાવે છે. સમજાય છે કાંઈ? એ શુભભાવ ધર્મ નહિ. એ શુભભાવ તો બંધનું કારણ છે. ચાહે તો વ્રતનો હોય, દયાનો, દાનનો, પૂજાનો, નામસ્મરણ (પણ એ ભાવ બંધનું કારણ છે).

મુમુક્ષુ :— પરંપરાએ તો કારણ છે.

ઉત્તર :— પરંપરા એ તો બીજી વાત છે. સમ્યગ્દર્શન થયા પછી શુભ વખતે અશુભ છૂટ્યું છે, શુભ ટાળીને શુદ્ધ કરશે એ અપેક્ષાએ પરંપરા કહ્યું છે. રાગ પરંપરા કારણ કેવું? સમજાય છે કાંઈ? શબ્દ એવા આવે. સમ્યગ્દષ્ટિને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, અનુભવ થયા. હું તો નિર્વિકલ્પ આનંદ, શાંતિરસ છું. એમ અંતરમાં જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનો અનુભવ થયો હોય અને પછી એની સ્વરૂપમાં સ્થિરતા પણ વિશેષ થતી હોય. આનંદની વિશેષ જાગૃતિ થઈ હોય એને જે શુભભાવ આવે છે એને શાસ્ત્રમાં પરંપરા કારણ કહ્યું છે એને. કારણ કે સ્વભાવના આશ્રયે અશુભ ટળ્યું છે, પછી સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને શુભને ટાળશે. એ અપેક્ષાએ શુભને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. રાગ તે કાંઈ વીતરાગતાનું કારણ થાય? સમજાય છે કાંઈ?

પુણ્યકર્મ, પુણ્ય શબ્દે અહીંયા પુણ્યભાવ છે. વ્રત, તપ, નિયમ, નામસ્મરણ આદિ જે ભાવ એ બધા પુણ્યકર્મ, પુણ્યભાવ, શુભભાવ, શુભરૂપી કર્મ—કાર્ય (છે). પક્ષપાતી—એનો જે પક્ષપાત કરે છે કે તેનાથી મને ધર્મ થશે. એને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે.

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।
संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।

નીચે હરિગીત.

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

'**ટીકા :— સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...**' અહીંયા તો મુક્તિ-મોક્ષ થાય છે એ પુણ્ય અને પાપના ભાવનો અભાવ કરવાથી થાય છે. સમજાય છે કાંઈ? એ વ્રતાદિના ભાવથી મુક્તિનો ધર્મ થાય છે કે મુક્તિનું કારણ થાય છે એમ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અભાવ.

મુમુક્ષુ :— કેવી રીતે થાય?

ઉત્તર :— કહ્યુંને. પોતાના આત્માના આનંદનો આશ્રય કરીને અભાવ થાય છે. શુદ્ધ ચિદાનંદમૂર્તિ અખંડાનંદ ધ્રુવ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે તો શુભ-અશુભભાવનો આશ્રય ટળે છે. પછી શુભાશુભ રહે છે. તે સ્વરૂપનો ઉગ્ર આશ્રય લેવાથી એ શુભાશુભ અસ્થિરતાના ભાવનો પણ નાશ થાય છે. માત્ર આ એક ઉપાય છે. એવી વાત છે.

'**સમસ્ત કર્મ...**' કર્મ શબ્દે શુભાશુભ ભાવ. એના '**પક્ષનો નાશ કરવાથી ઊપજતો...**' ઉત્પાદ '**આત્મલાભસ્વરૂપ મોક્ષ...**' વ્યાખ્યા કરી. મોક્ષ એટલે શું? આત્મલાભસ્વરૂપ. આત્માના પરમ આનંદ સ્વરૂપનો લાભ થવો તે જ મોક્ષ છે. આ પૈસા-બૈસા મળે ત્યારે લાભ થયો એમ કહે છેને? ધૂળમાં. અહીં કહે છે કે '**સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ પૂર્ણાનંદ, એમાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ ભર્યો છે. આહા..હા..! એનો આશ્રય કરવાથી પુણ્ય અને પાપભાવ જે પરદ્રવ્યના આશ્રયે, નિમિત્તે ઉત્પન્ન થાય છે તેનો, સ્વઆશ્રયે નાશ થાય છે. સમજાય છે?

આત્મલાભસ્વરૂપ મોક્ષ. વ્યાખ્યા કરી. આહા..હા...! મોક્ષ એટલે શું? જેમાં આત્માના સ્વરૂપનો લાભ. આત્મસ્વરૂપ પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતાની પર્યાયનો લાભ, તે મોક્ષ. સમજાય છે કાંઈ? છે? આત્મલાભસ્વરૂપ મોક્ષ. આહા..હા..! શ્રીમદ્દે કહ્યું કે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. પોતાની નિજ શુદ્ધતા પૂર્ણ પ્રાપ્તિ શુદ્ધિની થવી તેનું નામ મોક્ષ. આ એની વ્યાખ્યા કરી આચાર્યે. આત્મલાભ. જેમાં આત્માની નિર્મળ પૂર્ણ પર્યાયનો લાભ થવો તે આત્મલાભ છે. પુણ્ય-બુણ્ય મળવું એ આત્મલાભ નહિ એમ કહે છે. આહા..હા..! પુણ્યભાવ હોં! જડપુણ્ય જુદું. પુણ્યભાવ થાય એ આત્મલાભ નહિ, એ તો અનાત્મા છે. સૂક્ષ્મ છે, ભાઈ!

ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું...' એ ગુજરાતી ભાષા છે. શ્રીમદ્નું છે. 'કર વિચાર તો પામ'. ભગવાન આત્મા શુદ્ધ—પવિત્ર, બુદ્ધ—જ્ઞાન, શુદ્ધ બુદ્ધ

ચૈતન્યઘન. ત્યાં પ્રદેશ લીધા છે. અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ...' પોતાથી જ છે, કોઈ બીજાથી ઉત્પન્ન થઈ નથી. તે ચીજ પોતાથી સત્ છે. 'સ્વયં જ્યોતિ સુખધામ'. આનંદનું ધામ ઈ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું સ્થાન છે. અતીન્દ્રિય આનંદનું એ રહેઠાણ, એમાં રહેવાવાળી ચીજ છે. આહા..હા..!

નિર્જરા અધિકારમાં કહ્યું છે, રહેનારનું રહેઠાણ સ્થાન તો અંદર છે. નિર્જરા અધિકાર-૨૦૩ (ગાથા). આહા..હા..! ક્યાંક મકાન બનાવીને સ્થાન કરે છેને? .. મકાન બનાવેને? પચ્ચીસ હજાર, લાખ, બે લાખનું. આ તો સાધારણ માટે, હોં! તમારે મોટા (હોય). તમારે છ લાખનું મકાન. ઈ કાંઈ બધા સાધારણ માણસ ક્યાંથી લાવે? એ.. શેઠ! છ લાખનું મકાન એનું છે, આરસપહાણનું. ઓલાને ચાલીસ લાખનું છે એક ઠેકાણે.

મુમુક્ષુ :— આપ આવ્યા નથી.

ઉત્તર :— શેઠ કહે છે કે ઈ મકાન થયા પછી તમે આવ્યા નથી. એમ કહે છે.

મુમુક્ષુ :— આમંત્રણ આપવા ક્યાં આવ્યા છે?

ઉત્તર :— હવે તો રામજીભાઈ ના પાડે છે. શરીરની અવસ્થા થઈ ગઈને. ૮૩ વર્ષ, ૮૪ વર્ષ ચાલે છે. એના ગામની પણ બીજી રીતે કરે છે. રાજકોટમાં. આહા..! એ તો થવાનું હોય તે થાય. એમાં કોઈના અધિકારની વાત નથી. .. આહા..હા..!

અહીં તો કહે છે, મોક્ષની વ્યાખ્યા શું? આત્મલાભસ્વરૂપ. આત્માનો લાભ થવો પૂર્ણ પર્યાયનો એવું જે સ્વરૂપ, તેનું નામ મોક્ષ. કહો, સુમનભાઈ! આ તમારી ધૂળનો લાભનું કાંઈ નહિ. એના છોકરાના પ્રમાણમાં આઠ હજારનો પગાર .... આ તો બધા મોટા કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ધુળમાંય કાંઈ નથી, બાપા! નિજનિધાન અનંત આનંદનું ધામ નાથ, નાથ નામ તારા સ્વરૂપની રક્ષા કરનારો તું અને નહિ મળેલને પ્રાપ્ત કરનારો તું છો. જોગક્ષેમ કરનારો. આત્માની ઋદ્ધિ જે મળી છે તેની રક્ષા કરે છે આત્મા અને કેવળજ્ઞાન પ્રાપ્ત નથી થયું તેને પ્રાપ્ત કરે છે. જોગક્ષેમનો કરનાર ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? પણ લોકોને આત્મવસ્તુની કિંમત નથી. આત્મા એટલે શું? આહા..હા..!

જે ભગવાનસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ ઈશ્વરસ્વરૂપ, સાક્ષાત્ પોતે સ્વરૂપ. એક ઈશ્વર પોતે હોં! દુનિયાના એવા આત્મા આત્મા અનંત ઈશ્વર (છે). પરમાણુ જડને પણ જડેશ્વર કહ્યું છે. પરમાણુ છેને રજકણ? એ પણ જડેશ્વર છે. પોતાની ઈશ્વરતા શક્તિમાં તેને કોઈની મદદ નથી. રજકણને પણ, પુદ્ગલને પણ જડેશ્વર કહ્યું છે. આત્માના અજ્ઞાની ભાવ વિભાવ-ઈશ્વર, વિભાવનો ઈશ્વર માનનારો સંસારી અને સ્વભાવને ઈશ્વર માનનારો સાધક જીવ. સમજાય છે કાંઈ? ભારે આકરી વાત. એને આકરી લાગે છે, બાપુ! છે તો એનું નિજ સ્વરૂપ. આહા..હા..! નજર કોઈ દિ' કરી નહિ, પુરુષાર્થ જાગૃત થયો નહિ, અંતરમાં જાવું અને અંતરમાં જઈને

અનુભવ કરવો એની કિંમત થઈ નહિ. આ બહારની ક્રિયા કરવી. દયા, વ્રત ને ભક્તિ, પૂજા ને આ કરવું ને તે કરવું. આ પૈસાવાળા દાન આપે તો ધર્મ થાય, ધર્મ થાય છે. શરીરના બળવાળા અપવાસ કરે તો ધર્મ થાય, મનના બળવાળા વાતું કરે તો, એકલી જ્ઞાનની વાતું કરે તો ધર્મ થાય. વેદાંતની જેમ. ત્રણેયને ન થાય. પૈસાના બળવાળા જાણે કે પૈસાથી ધર્મ થાય છે, ધૂળથી. બિલકુલ નથી થતો. એનાથી પુણ્ય પણ નથી થતું. પુણ્ય તો પોતાના રાગની મંદતા કરે તો પુણ્ય થાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હવે તો આવે છેને, ભગવાન! શ્રીમદ્ કહે છેને? શ્રીમદ્‌માં આવે છેને? 'સૃષ્ટિને ચૈતન્યચમત્કારની, ગુપ્ત ચમત્કારની વાત ખ્યાલમાં આવી નથી.' સૃષ્ટિને—જગતને, ભગવાન આત્માનો ચૈતન્ય ગુપ્ત ચમત્કાર, જેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય, ક્ષેત્ર ભલે આવડું હો, જેમાંથી કેવળજ્ઞાન એક પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે. આહા..હા..! સૃષ્ટિને એવો ગુપ્ત ચૈતન્યચમત્કાર, દ્રવ્યસ્વભાવ ગુપ્ત ચૈતન્યચમત્કાર.. સમજાય છે કાંઈ? એ લક્ષમાં આવ્યો નથી. બહાર નજર કરે છે. આ કરવું ને આ કરવું ને આ કરવું.. શાસ્ત્રને બહાને શાસ્ત્રનું ભણતર કરવું, શાસ્ત્રનું વાંચન કરવું, શાસ્ત્ર લોકોને આપવા. બધી રાગની મજૂરી છે.

મુમુક્ષુ :— હવે ખબર પડી.

ઉત્તર :— હા. આહા..હા..! કહે છે, શેઠ! આ સમજવાનું છે. કોલસાના ધંધામાં કાંઈ નથી. આ શેઠિયાને તો ક્યાં... વાતું .. કેમ નવનીતભાઈ? આહા..હા..!

કહે છે, મોક્ષનો કામી. તો મોક્ષ એટલે શું? આત્મલાભસ્વરૂપ. ભગવાન આત્માની પૂર્ણ લક્ષ્મીની પ્રાપ્તિ તે સ્વરૂપ તે મોક્ષ. એવા '**મોક્ષને આ જગતમાં કેટલાય જીવો ઈચ્છા હોવા છતાં,...**' ઈચ્છે છે, ઈચ્છા છે કે મને મોક્ષ પ્રાપ્ત થાય. પણ '**મોક્ષના કારણભૂત...**' આત્મલાભસ્વરૂપ એવો જે મોક્ષ, સિદ્ધપદ તેના '**કારણભૂત સામાયિકની...**' સામાયિક કારણભૂત છે. મોક્ષની પ્રાપ્તિનું કારણ સામાયિક છે. સામાયિકનો અર્થ વીતરાગસ્વભાવ. આહા..હા..! છ ઢાળામાં છેલ્લે આવ્યુંને? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ'. વિકલ્પરૂપ રાગ પુણ્યનો હો, દયા, દાન, વ્રતનો પણ એ દાહ છે, અગ્નિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ'. ભગવાન આત્માના અવલંબનથી વિકલ્પથી, પુણ્ય-પાપથી રહિત નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ વીતરાગતાનું સેવન એ મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બીજો કોઈ માર્ગ હશે કે નહિ? હળવે હળવે કરીને (જવાય એવો). પાધરી અમે... કોઈ એમ કહે છે. પાધરું? પાધરું નહિ બાપા! વસ્તુ જ આ છે. સીધી ચૈતન્યમૂર્તિમાં દૃષ્ટિ કરવી અને રાગથી પૃથક થવું, એ જ પહેલો માર્ગ છે. એ સિવાય કોઈ બીજો માર્ગ છે નહિ. સમજાય છે કાંઈ?

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા, સિદ્ધ થયા, મુક્તિ—આત્મસ્વરૂપ લાભ, એ ભેદવિજ્ઞાનથી થયા. એ બધા અનંત પ્રાણી જે સિદ્ધ થયા (તેમણે) રાગથી ભિન્ન કરીને પોતાની ચીજમાં અભેદતા કરીને, '**भेदविज्ञानतः सिद्धाः**' સિદ્ધ થયા. પછી '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' જે કોઈ અનંત કાળમાં અનંત પ્રાણી સિદ્ધ થયા છે, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્તિ પામે છે, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્તિ પામે છે. છે? ... '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' છે? '**જે કોઈ સિદ્ધ થયા છે...**' ગુજરાતી છે. '**તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' સમજાય છે કાંઈ? એ સંવરનો કળશ છે. પોપટભાઈ! તમારે સંવર શરૂ થયાને. સંવર શરૂ થયો. ....

બીજો પ્રશ્ન શું છે? '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' કોઈ પણ પ્રાણી અનંત સિદ્ધ (થયા તેમની) આ ભેદવિજ્ઞાનથી મુક્તિ થઈ છે. '**अस्यैवाभावतो बद्धा**' '**बद्धा**'ની એ વ્યાખ્યા કરી છે. રાગથી ભિન્ન પાડવાનો અભાવ, એ બંધમાં આવ્યો. કર્મને કારણે બંધનમાં આવ્યો છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પ રાગથી ભિન્ન એ ભેદજ્ઞાન. તેનો અભાવ, એ રાગ સાથે અભેદ થયો છે તેનાથી બંધાયો છે. આ કારણે બંધનમાં આવ્યો છે. કર્મને કારણે બંધનમાં આવ્યો છે અને કર્મનું જોર છે અને બંધનમાં આવે છે. એ વાત વસ્તુની સ્થિતિમાં નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે, મોક્ષના કારણભૂત સામાયિક. સામાયિક શબ્દે સમતા. પુણ્ય-પાપ શબ્દે વિષમતા. પુણ્ય-પાપ શબ્દે અગ્નિનો દાહ. સામાયિક શબ્દે સમામૃતનું આનંદનું સેવન. આહા..હા..! સામાયિક એને કહીએ. છગનભાઈ! આહા..હા..! આત્મામાં અમૃત ભર્યું છે. એ અમૃતનું સેવન પર્યાયમાં આવવું એનું નામ સામાયિક છે. આ સામાયિક કરવા બેસે, બે ઘડી બેસે એટલે થઈ ગઈ સામાયિક. રાગની મંદતા હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે. મિથ્યાત્વ સહિત. કહો, સમજાય છે કાંઈ?

એ સામાયિક કેવી છે? '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' સામાયિકની વ્યાખ્યા.... મોક્ષની વ્યાખ્યા કરી આત્મલાભસ્વરૂપ. આત્માની પૂર્ણ પ્રાપ્તિ તે જ આત્મલાભ. તેનું કારણ સામાયિક. સમ્યગ્દર્શન—નિશ્ચય સ્વભાવની અંતર દૃષ્ટિ થવી, સમ્યક્જ્ઞાન—આત્માના મતિ-શ્રુતજ્ઞાન આદિથી પ્રત્યક્ષ થવું, ચારિત્ર—સ્વરૂપમાં લીનતા, રમણતા એવા ભાવવાળા. '**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર...**' જ્ઞાન નામ આત્માના સ્વભાવનું થવું. ભવન નામ પરિણમન કરવું. ભગવાન આત્માની પરિણતિ—પર્યાય પ્રગટ કરવી

એનું નામ સામાયિક છે. શેઠ! આ સામાયિક. આહા..હા..! કહો, પોપટભાઈ!

'**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર...**' જુઓ! એકલું જાણપણું એમ નહિ. ક્ષયોપશમ જ્ઞાન હો એ સામાયિક નહિ. પરના લક્ષે વિકાસ થાય રાગની મંદતા કરવાથી, નવ પૂર્વનું જ્ઞાન હો, અગિયાર અંગનું જ્ઞાન હો, એ જ્ઞાનભવન નહિ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એવો અમૃતમય પ્રભુ એના અવલંબનથી જ્ઞાન નામ સ્વભાવનું થવું, પુણ્ય-પાપનું થવું એ તો વિભાવનું થવું છે. વ્રત અને અવ્રતના વિકલ્પ તો વિભાવ છે. આ સ્વભાવનું થવું. જ્ઞાન શબ્દે સ્વભાવ. એકલું જાણપણું એમ નહિ. ચૈતન્યનો અનંત ગુણનો પિંડ પ્રભુ એની પરિણતિ દ્રવ્યના આશ્રયે આત્મરૂપ, જ્ઞાનરૂપ, શાંતિરૂપ, સ્વચ્છતારૂપ, આનંદરૂપનું ભવનમાત્ર. માત્ર કેમ કહ્યું? એમાં રાગની અપેક્ષા, કણ નથી. સમજાય છે કાંઈ? '**જ્ઞાનના ભવનમાત્ર છે,...**'

'**એકાગ્રતાલક્ષણવાળું છે...**' બીજો બોલ કહ્યો. કેમ પ્રગટે? એ તો એકાગ્રતાલક્ષણ. વસ્તુ ભગવાન પૂર્ણ આનંદમાં એકાગ્રતા થઈને, એમાં લીન થઈને સામાયિક પ્રગટ થાય તે સામાયિક એકાગ્રતાલક્ષણ સહિત, સામાયિક લક્ષ છે, આ એનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આવું મોંઘું?

પહેલી સમ્યગ્દર્શન સામાયિક છે, બીજી સમ્યક્જ્ઞાન છે અને આ સ્વરૂપની રમણતારૂપ સામાયિકની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? પહેલી સમ્યગ્દર્શનની સામાયિક છે. સંપ્રદાયમાં કહેતા હતા. ... નહિ? આવે છે. ... અમારે તો વાત અંદરથી આવતી હતી તો સંપ્રદાયમાં કહેતા હતા. સમ્યગ્દર્શન એ સામાયિક છે. સમ-આય. શુદ્ધ આત્મા વીતરાગનો દૃષ્ટિમાં લાભ થવો એ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? આત્માની નિર્મળ પર્યાયમાં, 'આ આત્મા છે' એમ પ્રતીતમાં, અનુભવમાં આવવું એ સમ્યગ્દર્શન સામાયિક છે. અને સમ્યક્જ્ઞાન શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એ શુદ્ધ ઉપયોગ જ સામાયિક છે. અને સ્વરૂપમાં સ્થિરતાના બે પ્રકાર. એક, પંચમ ગુણસ્થાનમાં અંશે સમ્યગ્દર્શન, જ્ઞાનની સામાયિક સહિત અંશે અમૃતના સેવનમાં ઉગ્રતા થવી એ દેશવિરતીની સામાયિક અને આ સર્વવિરતીની સામાયિકની વ્યાખ્યા ચાલે છે. મુનિ. એકદમ પુણ્ય અને પાપના વિકલ્પથી ખસીને... દુનિયામાં પરમાત્મા પોતે સ્વરૂપે સ્વયં છે એમ અંતરમાં આશ્રય લઈને અમૃત-સમામૃત વીતરાગ પર્યાયરૂપ અમૃતનું સેવન (કરવું) એનું નામ સામાયિક છે. એ સામાયિક મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? ભારે!

કહે છે, '**અને સમયસારસ્વરૂપ છે...**' જુઓ! પહેલા એમ લીધું હતું કે આત્મલાભસ્વરૂપ. મોક્ષને કહ્યું હતું, આત્મલાભસ્વરૂપ. આ સમયસારસ્વરૂપ એનું કારણ, કારણમાં આ લીધું. સમજાય છે કાંઈ? સમયસારસ્વરૂપ—સમ-અય-સાર. જ્ઞાનનું ગમન અને પરિણમન થવું અને જેમાં પુણ્ય અને પાપ રાગ, દ્રવ્યકર્મ જડ અને નોકર્મ શરીર—ત્રણેનો અભાવ છે એવી પરિણતિને, પર્યાયને સમયસ્વરૂપ કહે છે. આત્મલાભસ્વરૂપ મોક્ષ. સમયસારસ્વરૂપ સામાયિક મોક્ષલાભનું

કારણ. આહા..હા..! **'તેની—પ્રતિજ્ઞા લઈને પણ,...'** સાધુ નગ્ન મુનિ દિગંબર થઈને આવી પ્રતિજ્ઞા લ્યે છે. હું સામાયિક—આવી વીતરાગ પરિણતિ પ્રગટ કરું અને એ મોક્ષનું કારણ છે તેને હું સેવું અને મોક્ષની ઈચ્છા માટે. આવી પ્રતિજ્ઞા લઈને પણ. પ્રતિજ્ઞા લ્યે છે **'પણ દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...'** નપુંસકતાને કારણે ક્લીવ, ક્લીવ (છે). પણ કહે છે કે શુભભાવ જે છેને, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનાથી, કર્મચક્રથી ખસીને દુરંત કર્મચક્ર. પુણ્ય અને પાપ, બે ચક્ર છેને? ઘંટીના બે પડ છેને? ચક્કી ચક્કી કહે છેને? પુણ્ય અને પાપ બે, બે ચક્ર છે કર્મના, શુભાશુભ ભાવ. એ દુરંત (અર્થાત્) જેનો અંત લાવવો મહા પુરુષાર્થ (માગે છે).

એવા કર્મચક્રને પાર કરવાની નપુંસકતા. એ શુભભાવથી ખસીને સ્વરૂપમાં આવવું એમાં નબળાઈ છે, અજ્ઞાનીની નપુંસકતા છે. આહા..હા..! એકલા વ્રતાદિ પાળે શુભભાવ, પણ આ વ્રતથી ખસીને સ્વરૂપમાં આવવામાં એની નપુંસકતા છે. આહા..હા..! શુભ અશુભભાવ કર્મનું ચક્ર છે એનાથી પાર ઊતરવાની નપુંસકતાને કારણે વીર્યની નબળાઈને કારણે, વીર્યની અવળાઈને કારણે, વિપરીતતા—ઊંધાઈ, નબળાઈ તો છે પણ વિપરીત છે. સમજાય છે કાંઈ? **'પરમાર્થભૂત જ્ઞાનના...'** અનુભવનમાત્ર. ખરેખર ભગવાન આત્મદ્રવ્યનો અનુભવ શુદ્ધ ચૈતન્યની પરિણતિ વીતરાગરૂપે થવી એવા જે અનુભવરૂપ **'સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** લ્યો. ... આત્મલાભ હેતુ કહ્યું ... અહીંયા.. સમયસાર. કારણ કે એ સમયસાર એટલે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવ. એ આત્માનો સ્વભાવ. પુણ્ય અને પાપના રાગથી રહિત ભગવાન આનંદસ્વરૂપ, એ આનંદના સ્વભાવનો ભાવ એવી જે સામાયિકને **'નહિ પામતા થકા,...'** એને પામતા નથી.

**'જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...'** જેમને અશુદ્ધ ભાવ તો નિવૃત્ત થયા છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, માન, માયા, લોભ રાગ એવા અશુભ ભાવથી તો (નિવૃત્ત થયો છે). અતિ સ્થૂળ, અત્યંત સ્થૂળ સંક્લેશપરિણામરૂપ રાગરૂપી કાર્ય **'નિવૃત્ત થયાં છે...'** એને લીધો છે, દ્રવ્યલિંગી પણ એવો લીધો છે. જે અશુભરાગથી તો નિવૃત્ત થયો છે. સમજાય છે કાંઈ? જેને હજી અશુભરાગથી નિવૃત્તિ નથી એની તો અહીંયા વાત નથી લેતા. નવમી ગ્રૈવેયક ગયો. ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. ... સંક્લેશ પરિણામનો અભાવ. કૃષ્ણ, નીલ, કાપોત (લેશ્યાનો) અભાવ. નવમી ગ્રૈવેયક જાય એને તો શુક્લલેશ્યા હોય છે. નવમી ગ્રૈવેયક સમજો છો? ગ્રીવા ગ્રીવા. ઊભેલા પુરુષ જેવો આકાર છે. ગ્રીવા, ગ્રીવના સ્થાનમાં નવ ગ્રૈવયક છે. પાસડા. ૩૧ સાગરની સ્થિતિ જઘન્ય ૨૩. ત્યાં ગયો. શુક્લલેશ્યાવાળો જાય છે મિથ્યાદષ્ટિ. સમકિતી જાય છે એની અત્યારે વાત નથી. અને છઠ્ઠા સ્વર્ગથી શુક્લલેશ્યા હોય છે. પાંચમા બ્રહ્મદેવલોક ઉપર શુક્લલેશ્યા (વાળા

જાય). અભવિ, ભવિ બેય દ્રવ્યલિંગ ધારણ કરીને પ્રતિજ્ઞા તો મોક્ષની કરે છે પણ એ અશુભભાવથી નિવર્તવા છતાં અને અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામરૂપ. ભાષા દેખો! એ જેમ સંક્લેશને અત્યંત સ્થૂળ કહ્યા. એવા અત્યંત સ્થૂળ વિભાવના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભભાવ અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ (છે). સ્થૂળ વિશુદ્ધ પરિણામ. સૂક્ષ્મ પરિણામ તો અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સૂક્ષ્મ પરિણામ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! બેયનું એક વિશેષણ લીધું.

'**અત્યંત સ્થૂળ સંક્લેશપરિણામરૂપ...**' પરિણામ તો નિવૃત્ત થયા છે એની વાત લીધી છે અને '**અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' શુભ. વ્રત ને તપ ને અપવાસ ને.. ઓહો..હો..! ચોવીસે કલાક શુભભાવ કરવા. શુભ-અશુભ ક્ષણે ક્ષણે થાય છે એ અત્યારે વાત નથી. કહો, સમજાય છે કાંઈ? એવા '**અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ કર્મો...**' નામ પરિણામ, કાર્ય '**પ્રવર્તે છે...**' વિશુદ્ધ પરિણામરૂપ કાર્યમાં પ્રવર્તે છે. બહારના કાર્યની અહીંયા વાત નથી. આહા..હા..! દયાના, દાનના, ભક્તિના, પૂજાના, વ્રતના ને અપવાસના એવા પરિણામ શુભભાવ અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ (છે). એના કાર્યમાં પ્રવર્તે છે.

'**એવા તેઓ,...**' એવા તેઓ '**કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...**' એવા પ્રાણી કર્મ નામ પુણ્ય-પાપના અનુભવના ગુરુત્વ, સંક્લેશ ગુરુત્વ અને શુભ વિશુદ્ધ તે લઘુત્વ. અત્યંત સ્થૂળ સંક્લેશ પરિણામ એ ગુરુત્વ અને અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ તે લઘુત્વ. પણ છે બેય કર્મના અનુભવના ગુરુત્વ-લઘુત્વ છે. એમાં કોઈ આત્માનો અનુભવ નથી. સમજાય છે કાંઈ? ભાઈ, અશુભથી તો અમે નિવર્ત્યા છીએ. મિથ્યાદૃષ્ટિ અશુભથી નિવર્ત્યો જ નથી. ... વ્યવહાર નાખીને કહ્યું છે. ચારિત્રના અશુભભાવથી નિવર્ત્યો છે. મિથ્યાત્વથી તો નિવર્ત્યો નથી. ખરો આસ્રવ તો ઈ છે. સમજાય છે કાંઈ?

એ '**કર્મના અનુભવના...**' એ તો કર્મનો અનુભવ છે, ગુરુત્વ અને લઘુત્વ. શુભભાવ અને અશુભભાવ બે તો કર્મનો અનુભવ છે, એ કંઈ આત્માનો (અનુભવ) નથી. ફક્ત એ કર્મ નામ રાગની સંક્લેશતા અને એની વિશુદ્ધતા, એ બેય કર્મ નામ વિકારરૂપી કાર્ય એના અનુભવના. અનુભવની લેવી છે, રાગની પર્યાય લેવી છે. કર્મ જડની અહીં વાત નથી. શુભાશુભ પરિણામના અનુભવના ગુરુત્વ લઘુત્વની '**પ્રાપ્તિ માત્રથી...**' જેટલી પ્રાપ્તિ થઈ એમાં સંતુષ્ટ ચિત્ત થાય છે. આપણે ઠીક કર્યું, ધર્મ કર્યો. દુકાન છોડી, ધંધા છોડ્યા, વેપાર છોડ્યા, બાયડી છોકરા છોડ્યા, બ્રહ્મચર્ય લીધું. લઘુત્વ પરિણામ, શુભ પરિણામ. એને ગુરુત્વ (પરિણામ) નથી પ્રવર્તતા. શુભ તો છેને અમારે. આમ શુભમાં પ્રવર્તે છે. બંન્ને કર્મનો અનુભવ છે. આહા..હા..!

અશુભમાં હો કે શુભમાં હો. આહા..હા..! સમજાય છે કાંઈ? દુકાનના ધંધા કરતાં અહીંયા પાઠશાળાઓ ચલાવીએ છીએ. અમે કાંઈ પાપ કરીએ છીએ? એક કહેતો હતો. નહોતું આવ્યું કાંઈક? પાપ કરીએ છીએ? નહિ? કો'ક કહેતું હતું. આ બધું કરવુંને? વૈદુ કરવું, ફલાણું કરવું, ઢીકણું કરવું. સમજ્યાને? ... આમાં કાંઈ પાપ કરીએ છીએ? કહો, સમજાય છે કાંઈ? ... એ.. ..ભાઈ! કહો, સમજાણું કાંઈ? એમ કે અમે શું આમાં (પાપ) કરીએ છીએ? કોઈની દવા કરવી હોય, માંદા હોય એને માવજત કરવા જાવી, ફલાણું કરવું એમાં શું અમેં કાંઈ પાપ કરીએ છીએ? એઈ..! આહા..હા..! અહીં તો કહે છે કે શુભનું પ્રવર્તન ઈ સારું નથી. એઈ..! રાગની મંદતા માનેને. આપણે ... કેટલા માણસની સેવા, કેટલું આ. દવા-દારૂ રાખે, દવા જોઈતી હોય મળે. એ બધી સેવા કરતા નથી? આહા..હા..! અરે..! સ-એવ સેવા.

અહીં તો ભગવાન આનંદની સ-એવ સેવા ઈ સેવા છે. ઈ આવશે. ૧૯ ગાથામાં આવે છે. સેવ આવે છે. સમજાય છે કાંઈ? છેને? ૧૯ ગાથા નહિ? ૧૯, ૧૯ ગાથા પહેલા, હોં! ૧૮મી ગાથામાં છેલ્લે. '**અહીં કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યરૂપે છે, જુદો નથી તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...**' શિષ્ય પ્રશ્ન કરે છે કે જ્ઞાનનું નિત્ય સેવન કરે છે '**તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' જ્ઞાન સેવો, જ્ઞાનની ઉપાસના કરો, આત્માની ઉપાસના કરો. તો જ્ઞાન અને આત્મા કોઈ જુદા નથી, તાદાત્મ્ય છે તો આત્મા નિત્ય જ્ઞાનની જ સેવા કરે છે. એમ શિષ્યનો પ્રશ્ન છે. '**નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે? તેનું સમાધાન :— તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...**' કેમ કે જ્ઞાન અને આત્મા અભેદ છે પણ તેના ઉપર દૃષ્ટિ કરીને જ્ઞાનનું સેવન તેને નથી, તો જ્ઞાનની સેવા નથી, રાગની સેવા કરે છે. આહા..હા..! છે?

'**જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ...**' જ્ઞાનની સેવા તેને કહીએ કે જ્ઞાન અને આત્મા તાદાત્મ્યરૂપ એકરૂપ છે એમ દૃષ્ટિમાં લઈને એમાં લીનતા કરવી તે જ્ઞાનની સેવા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! સેવાને માટે પણ 'યોગીનામઅપિ ગહનો સેવા' શું કહે છે? એઈ..! સેવા કરનારા ગોતી કાઢે. આ સેવા કહેવાય, સાંભળને હવે. ઈ કાઢે છે, ખબર છે. લોકોની બધી વાત સાંભળી હોયને. સમજાણું કાંઈ? 'યોગીનામઅપિ ગહનો સેવા.' યોગી માણસની સેવા કરવી, આમ કરવું, દવા લાવવી, એની વિષ્ટા હોય ઈ ઉપાડવી, કાઢવી. કેટલી સેવા! એમાં નિર્માનતા કેટલી છે! એક જણાએ ત્યાં સુધી કીધું, એમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ જ છે. એમાં સમભાવ થાય કેવા! સમજાય છે કાંઈ? વાત તો કાઢેને પોતાની, બતાવવા માટે. ... આ તો સાંભળ્યું છે હોં બરાબર. એક

જણો કહેતો હતો, જુઓ! કેટલી.. આહા..હા..! નિર્માનતા. એમ આવ્યું હતું છાપામાં આવ્યું હતું હોં! જૈન છાપામાં આવ્યું હતું. ક્યા છાપામાં આવ્યું હતું ઈ બહુ ખબર નથી. સેવા કરવામાં નિર્માનતા, ક્રોધનો અભાવ, વિનય કેટલું આવે છે એની અંદર! એ.. પંડિતજી! પણ એ તો શુભનો રાગ છે, સાંભળને હવે. પરની કરી શકે છે કોણ? રાગની મંદતા એ તો રાગની સેવા છે. ભગવાન આત્માની સેવા નથી. એ વિશેષ આવશે આગળ.

અહીં કહે છે, '**કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,** (પોતે) **સ્થૂલ લક્ષ્યવાળા હોઈને...**' આહા..હા..! એ વ્રત ને નિયમના પરિણામમાં શુભમાં વર્તે છે તે સ્થૂળ લક્ષવાળા છે. સ્થૂળ લક્ષણવાળા થઈને. સમજાય છે કાંઈ? શુભ આચરણ તો અમારું સારું છેને, પંચ મહાવ્રત સારા છે, ભોજન અમારી માટે કરે તો લેતા નથી, પ્રાણ જાય તોપણ લેતા નથી. સમજાય છે કાંઈ? ... એક શબ્દ આવે છે. અમારા ગુરુ કહેતા હતા. આહાર-પાણી નિર્દોષ બહુ લેતા. એના માટે પાણીનું બિંદુ હોય તો ... ખબર પડી કે અમે આવ્યા પછી આ પાણીમાં ચોખા વધારે નાખ્યા છે. ચોખા સમજ્યા? ચાવલ. શા માટે પાણી બનાવ્યું છે? સ્નાન કરવા માટે. વધ્યું ઈ ક્યાં નાખ્યું? સ્નાનમાં તો એક તમારે માટે ... આ હેઠે તો પડ્યું છે. સખત ક્રિયા હતી. અમારા ગુરુ હતાને. અમારી પંદર વર્ષ બહુ સખત ક્રિયા, બહુ સખત. શેઠિયાને ત્યાં વ્હોરવા જાઈએ ત્યારે રાડ નાખે. કાંઈક ભૂલ કાઢશે, કાંઈક ભૂલ કાઢશે. એ તો શુભભાવ એક વાત છે. એમાં કાંઈ ધર્મ-બર્મ નથી.

મુમુક્ષુ :— અજ્ઞાનીનો..

ઉત્તર :— અજ્ઞાનીનો શુભભાવ છે. અહીં તો એની વાત કરે છેને. અજ્ઞાનીની વાત છે. સમજાણું કાંઈ?

અહીંયા તો શુભભાવમાં સંતુષ્ટ છે. આપણે તો ઘણું કરીએ છીએ. આહા..હા..! એથી ધોળીયો એથી આગ કોઢિયો એમ કહે છે. શુભભાવથી આગળ જાય તો કોઢિયો કહેવાય. આ તો આપણે ઘણું કરીએ છીએ. કહે છે, '(પોતે) **સ્થૂલ લક્ષ્યવાળા...**' આહા..હા..! શું કહે છે? અજ્ઞાનીની દૃષ્ટિ સૂક્ષ્મ ચૈતન્ય ભગવાન આનંદકંદ ઉપર તો છે નહિ. એ પ્રવૃત્તિના શુભ પરિણામ ઉપર એનું લક્ષ છે. એ તો સ્વયં સ્થૂળ લક્ષણવાળા છે. પોતાથી સ્થૂળ લક્ષ કર્યું છે, કોઈએ કરાવ્યું નથી. દર્શનમોહનીયને કારણે સ્થૂળ લક્ષ છે એમ પણ નથી. એટલે સ્વયં શબ્દ વાપર્યો છે. આહા..હા..!

'(પોતે) **સ્થૂલ લક્ષ્યવાળા હોઈને** (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં)...' અશુભભાવ છોડતા હોવા છતાં '**સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' સમસ્ત કર્મકાંડ નામ પુણ્યભાવને ઉખાડતા નથી. આહા..હા..! સમસ્ત કર્મકાંડ. સંક્લેશ હો કે શુભ હો, બધો

કર્મકાંડ છે, કર્મનો અનુભવ છે. એમાં કાંઈ આત્માનો (અનુભવ) નથી. વ્રતના પરિણામ હો, તપના પરિણામ હો, ઘણા પ્રકારના અંદર વિકલ્પ ઉઠે છે કે હું આમ કરું, આમ કરું, આમ કરું એ વિકલ્પના પરિણામ તો સ્થૂળ લક્ષ્યવાળા છે. લક્ષ્ય ત્યાં પડ્યું છે. અહીં ચૈતન્યમૂર્તિ શુભ અને અશુભથી રહિતની દૃષ્ટિ નથી, એના પરિણામ નથી અને સ્થૂળ લક્ષ્યવાળા ત્યાં રહ્યા છે એમ કહે છે. નગ્ન દિગંબર મુનિ થઈને... સમજાય છે કાંઈ? દ્રવ્યલિંગી મુનિ એને કહે છે, બાકી તો દ્રવ્યલિંગ પણ નથી. વસ્ત્ર સહિત સાધુ માને એ તો કુલિંગી છે.

અહીં તો નગ્ન હો, અશુભથી નિવર્ત્યો હોય, પણ એની દૃષ્ટિ કર્મકાંડથી નિવર્તિ નથી. શુભ પરિણામથી ખસ્યો નથી. એમાં સંતોષ માની લ્યે છે. શુભ ક્રિયાકાંડના શુભ પરિણામ.. નિવૃત્તિ લઈને ભગવાન.. ભગવાન.. ભગવાન... કોઈ ... નિવૃત્તિ હોય તો ... શુભભાવમાં પ્રવર્તે છે. સમજાય છે કાંઈ? છેને? ... છાપામાં આવ્યું હતું. એમાં શું થયું? એ તો રાગ છે. આહા..હા..!

'(પોતે) **સ્થૂલ લક્ષ્યવાળા...**' અત્યંત સ્થૂળ શુભ પરિણામ છે, અત્યંત સ્થૂળ શુભ પરિણામ છે વ્રતાદિ, દયા, દાન, તપના. એના પોતે સ્થૂળ લક્ષ્યવાળા. ત્યાં લક્ષ પડ્યું છે. '(પોતે) **સ્થૂલ લક્ષ્યવાળા હોઈને સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' પુણ્ય-પાપથી રહિત હું છું એમ પુણ્ય-પાપના ભાવને દૃષ્ટિમાંથી છોડતા નથી. સમજાય છે કાંઈ? સમસ્ત કર્મકાંડ. શુભ અને અશુભભાવ બેય કર્મકાંડ છે. કર્મનો સમૂહ છે. રાગનો સમૂહ છે. એમાં આત્માનો ભાવ નથી. આહા..હા..! ભારે કામ. આવી તો સામાયિક નથી આવતી. પ્રતિજ્ઞા લીધી પણ આવી સામાયિક કરતો નથી, એમ કહે છે. શેઠ! આ સામાયિક. સામાયિક કરી છે કે નહિ કોઈ દિ'? નથી કરી. વખત મળે નહિને.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એમ હોય? આ સ્થાનકવાસીમાં તો સામાયિક બહુ કરે. દિગંબરમાં પડિમા લીધી હોય. એ કરે સ્થાનકવાસીમાં શ્વેતાંબરમાં હમેંશા... કરે. કોઈ વખત ન મળે તો બપોરે કરે. સામાયિક કરે. એની માનેલી. નમો અરિહંતાણં... એવી સામાયિક કરી નહિ હોય. અહીં તો એવી કરી હોય તોપણ એ સામાયિક નથી એમ કહે છે.

'**કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' ભાષા જુઓ! ઉખેડતા હિન્દી છે? હિન્દીમાં છેને? ગધેડો હોયને, ઈ મૂળમાંથી ઘાસ ઉખાડે. ગાય મૂળમાંથી ન ઉખાડે. ઈ ઉપરથી ખાય. મૂળ રહેવા દે. અહીં તો મૂળથી ઉખાડીને (કહે છે). ગધેડો મૂળમાંથી ઉખાડે છે તો જ્ઞાની મૂળમાંથી ઉખાડે છે. સમજાય છે કાંઈ? '**મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી...**' જુઓ! પોતે પોતાના અજ્ઞાનથી શુભને ધર્મ માને છે. '**પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને,...**' અશુભ પરિણામને જ બંધનું કારણ

માને છે અજ્ઞાની. **'કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા,...'** આહા..હા..! સમજાય છે કાંઈ? પોતાના અજ્ઞાનથી. ભગવાનની એવી આજ્ઞા નથી. પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને તો બંધનું કારણ માને છે. અશુભ પરિણામ હોં! અશુભભાવ. વ્રત લીધા, કોઈ નિયમ લેવા, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ બધા શુભભાવ છે. તપ—આ અપવાસ કરવા, ગુરુ આદિનો વિનય કરવો. બાર તપમાં આવે છે કે નહિ? બાર તપમાં આવે છે કે નહિ? અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સ્વાધ્યાય વ્યુત્સર્ગ એ ધ્યાન વિકલ્પવાળા. એવા તપ આદિ શુભ કર્મોને. ઈત્યાદિ શુભપરિણામને બંધનું કારણ હોવા છતાં, શુભ કર્મોને બંધનું કારણ હોવા છતાં **'તેમને બંધના કારણ નહિ જાણતા થકા,...'** શુભભાવને અજ્ઞાની બંધનું કારણ માનતો નથી. એ શુભ કરતાં કરતાં શુદ્ધ થશે. સમજાય છે કાંઈ? એમ અજ્ઞાની માને છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમાં શું હતું? અનંત વાર કર્યું છે. નવમી ગ્રૈવેયક. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો ત્યારે બધું કર્યું છે. એમાં શું? સમજાય છે કાંઈ?

શુભ કર્મોને **'બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** એ તો મોક્ષના કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ કહે છે. વ્યવહારમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? ૧૫૫માં ન્યાં શરૂ કરશે. વ્યવહારમોક્ષમાર્ગ એ પાપ છે. ૧૫૫માં જયસેનાચાર્યની ટીકામાં છે. (પુણ્યનો અધિકાર) પૂરો થાય છે, પાપ અધિકાર શરૂ થાય છે. અથવા નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગ, એમ બે વાત છે. ટીકામાં બે છે. બે છેને, બે છેને. .. બે શરૂ થાય છેને. આહા..હા..! મૂળ ટીકા છે.

**'બંધના કારણ નહિ જાણતા થકા,...'** શુભભાવ વ્રત, તપ, અપવાસ આદિ પરિણામને બંધના કારણ નહિ જાણતા થકા મોક્ષના કારણ તરીકે તેમને (જાણે છે). એ તો છૂટવાનો ઉપાય છે. હજી પહેલા અશુભથી છૂટશે પછી શુભથી છૂટશે. અશુભ તો છૂટે છે કે નહિ? ના. મિથ્યાત્વ પહેલા છોડે. એ તો છૂટતા નથી. એ તો ચારિત્રમોહના પરિણામની અપેક્ષાએ અશુભથી છૂટ્યો કહે છે. એ પણ ખરેખર તો છૂટ્યો જ નથી. વ્યવહારથી છૂટે છે એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! માથુ ફરી જાય માણસનું. આવો ધર્મ કેવો? ...

**'મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** કેમ કે દૃષ્ટિ ત્યાં છે તો એને આદરણીય માને છે. શુભની ક્રિયાના પરિણામને આદરણીય માને છે. **'મોક્ષના કારણ તરીકે**

**તેમનો આશ્રય કરે છે.'** દેખો! મોક્ષના કારણ તરીકે અંગીકાર કરે છેને? એની વ્યાખ્યા કરી. મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે. શુભભાવનો આશ્રય મુક્તિનું કારણ છે. ધીમે ધીમે થાશે. શુભભાવ પણ ક્ષયોપશમભાવ છે. એમ પણ આવ્યું હતું. અને ક્ષયોપશમમાંથી પછી ક્ષાયિક થશે. સમજાય છે કાંઈ? આપણે પણ આવે છે. પંચાસ્તિકાય અને નિયમસાર. બેય ઠેકાણે આવે છે. શુભભાવને ક્ષયોપશમભાવ કહ્યો છે. ટીકા છે. સમજાય છે કાંઈ? શુભભાવને દ્રવ્ય નિક્ષેપથી ક્ષયોપશમ કહ્યો. ટીકા છે હોં! કેમ કે ઓલો અશુભ રાગ ટળે છેને, એ અપેક્ષાએ. શ્વેતાંબર તો ઈ જ કહે છે કે ક્ષયોપશમભાવ છે ઈ ક્ષાયિકનું કારણ છે. એમ માને છે. બંધના કારણને મોક્ષનું કારણ માને છે. એવા શુભભાવ તો અનંત વાર કર્યા. કેમ મોક્ષનું કારણ ન થયું? એવા શુભભાવ તો અત્યારે છે જ નહિ. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે જે શુભભાવ હતા, શુક્લલેશ્યા એવા તો અત્યારે કોઈને હોતા નથી. એવી શુક્લલેશ્યા અને શુભભાવ કર્યા પણ સમ્યગ્દર્શન થયું નહિ, તો અત્યારે આ કાળમાં કરવાથી થાશે? ભીખાભાઈ! નહિ?

**'મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.'** સમજાય છે કાંઈ? એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! શુભ અને અશુભથી રહિત પોતાનો ચૈતન્યસ્વભાવ એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન કરવું, પછી સ્વરૂપમાં સ્થિર થવું તે ચારિત્ર છે. અને એ સામાયિક મોક્ષનું કારણ છે. બીજું કોઈ મોક્ષનું કારણ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૯, શનિવાર, તા. ૧૩-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૪, ૧૫૫, પ્રવચન-૨૮૩

**'ભાવાર્થ :— કેટલાક અજ્ઞાની લોકો...'** આ પુણ્યને ઈચ્છે છે એ અજ્ઞાની છે એમ અહીં સિદ્ધ કરવું છે. વ્રત, તપ આદિના ભાવ શુભ છે બધું ઈ. અને શુભથી (જે) સંસારગમનનો હેતુ એને મોક્ષનું કારણ માને છે એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. **'કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી,...'** કેમ કે આત્મા સૂક્ષ્મ સ્વરૂપી છે.

એ તો શુભ અને અશુભ ભાવ રહિત છે. એને નહિ પહોંચી શકવાથી **'સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને...'** સંક્લેશપરિણામ જે અશુભ છે એ છોડે છે. અશુભજોગને.

**'એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે.'** છે તો એવાને એવા. જેવા અશુભભાવ છે એવો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ છે. છેને? **'એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામ...'** એમ કીધું છે. જેવા સંક્લેશપરિણામ છે તે પણ રાગ છે, એવા જ વિશુદ્ધપરિણામ છે તે પણ રાગ છે. વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ, નામસ્મરણ, પઠન-પાઠન એવો જે વિકલ્પ શુભરાગ એ સંક્લેશપરિણામોની જાતનો જ છે, એમ કહે છે. એવા સ્થૂલ શુભ પરિણામમાં રાચે છે. **'(સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે;...)'** ચાહે તો વ્રતનો પરિણામ દયા, દાન, ભક્તિનો હો કે હિંસા આદિનો હો, બેય સ્થૂળ છે. કેમકે વિભાવમાં અનંત કર્મના પરમાણુનું નિમિત્ત છે. વિશુદ્ધપરિણામ કે સંક્લેશપરિણામ થવામાં નૈમિત્તિક તો એની દશા છે પણ એમાં કર્મનું નિમિત્ત તો અનંતા રજકણનો સ્કંધ જેમાં નિમિત્ત છે. એથી પોતાને જ કારણે અત્યંત સ્થૂળ પરિણામ છે. સમજાણું કાંઈ? એવા સ્થૂળ પરિણામમાં...

**'(આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે).'** પહેલા આવી ગયુંને? શ્રદ્ધા, લક્ષ, અનુભવ નહિ કરીને. શ્રીમદ્‌માં પણ એમ આવે છે, એક વાક્ય છે. 'આત્મસ્વભાવ...' છેને? 'અનુભવ લક્ષ પ્રતીત...' શું છે પહેલા? એઈ..! ચેતનજી! 'વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત,' ઈ પ્રતીત ભલે ... આ તો ત્રણ શબ્દો અહીં છે એની સાથે (મેળ કરવો છે). ઈ શબ્દ છે. 'વર્તે નિજ સ્વભાવમાં...' નિજ સ્વરૂપ શુદ્ધ આનંદઘન ચૈતન્ય એમાં જે વર્તે. 'વર્તે નિજ સ્વભાવમાં અનુભવ, લક્ષ, પ્રતીત' લક્ષ નામ જ્ઞાન, પ્રતીત નામ શ્રદ્ધા, અનુભવ નામ સ્થિરતા, આનંદનું આચરણ. સમજાણું કાંઈ? શ્રદ્ધા, લક્ષ અને અનુભવ એમ આવી ગયુંને? પ્રતીત, જ્ઞાન અને આચરણ. સ્વરૂપમાં આચરણ એટલો અનુભવ. એને નહિ કરીને. એને પ્રાપ્ત નહિ કરીને. સંક્લેશ અત્યંત સ્થૂળને છોડીને શુભ પરિણામમાં રાચે છે. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

**'આ રીતે તેઓ—જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે...'** ખરેખર પરમાનંદરૂપી મોક્ષ એનું કારણ પણ પરમાનંદરૂપી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કારણ એનું એ છે. જે વિકલ્પ વ્રતાદિનો એ કારણ નથી. સમ્યગ્દર્શન, અનુભવ પછી નિશ્ચય સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામ હોવા છતાં એવા વ્રતાદિના પરિણામ નિમિત્ત રૂપે હોય છે. છતાં એ બંધનું કારણ છે. ધર્મીને પણ. નિર્વિકલ્પ સમ્યક્ આત્માના આશ્રયે થયું.. સવારમાં ચાલે છેને? ધ્રુવસ્વરૂપ, પરમપારિણામિક પ્રભુ. એનો અંતર

પત્તો મેળવી અને અનુભવના આનંદની પ્રતીત, જ્ઞાન અને આચરણ થયું. એને મોક્ષનો માર્ગ કહેવાય છે. આવી વાત છે. આહા..હા..! આગ્રહ માણસને એવો હોય છેને, પોતાની વાતનો. ભારે મુશ્કેલ. આમાં છેને? અમરભારતી. એ ભારે આગ્રહ કરે છે. અને એક ઓલો અગરચંદ ન્હાટા છેને? એમ કે, દિગંબરોએ આગ્રહથી સ્ત્રીને મુક્તિ નથી એમ ઠરાવ્યું છે. આગ્રહથી. આહા..હા..! બીજા સાથે કોઈ વિરોધ ન કરવો. વ્યક્તિવિરોધ નહિ. બધા પરમાત્મા છે. દૃષ્ટિમાંથી આત્માનો પ્રેમ ન જાય પણ વસ્તુની વિપરીતતા છે એને કેમ એક મનાય? એનો સમન્વય કેમ થાય?

અનાદિથી સનાતન માર્ગ તો આ છે. પ્રવચનસારમાં છેલ્લા ભાગમાં હતું. વીતરાગદેવે તો, જિનવરે તો આ નગ્નપણું, વસ્ત્ર રહિતપણું, પંચ મહાવ્રતાદિના પરિણામ એવું વ્યવહારપણું ધર્મીને હોય છે. સમજાણું કાંઈ? નગ્નપણાનો આગ્રહ છે માટે આમ દિગંબર જુદા પડ્યા, એમ નથી ભાઈ! એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અંતર અનુભવ દૃષ્ટિ થાય, ચૈતન્યના અવલંબે આનંદનો ભાવ (થાય), પછી જ્યારે વસ્તુ ત્રણ કષાયનો અભાવ પુરુષાર્થ દ્વારા કરીને ચારિત્ર પ્રગટ થાય ત્યારે એને પંચ મહાવ્રતાદિના વિકલ્પ જ હોય. એને વસ્ત્ર લેવાના વિકલ્પની ભૂમિકા ન હોય. અને એ દશામાં શરીરની નગ્ન અવસ્થા જ થઈ જાય. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એને એમ કહે કે આગ્રહથી આટલું કર્યું. એવું લખે. શું થાય? અમરમુનિ પણ લખે છે. એના આ ન્હાટા આ સ્થાનકવાસી છે મૂળ. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ. પણ વસ્તુ તો જે હોય તે રહે કે બીજી લાવવી ક્યાંથી? અંદરમાં બેસે એમાંથી બીજું લાવવું ક્યાંથી? સમજાણું કાંઈ? એઈ..! એ તો પોતાના છેને. અહીં શ્વેતાંબર દિગંબરની વાત નથી, આ તો વસ્તુની સ્થિતિ એવી છે. અને ત્રણ કાળ ત્રણ લોકમાં પરમ સત્ય આ જ છે. બીજું આડુઅવળું કંઈ પણ સમન્વય કરવા જાય (તો) ઘરમાં આવી પહોંચશે મિથ્યાત્વ. અને એવા માનનારા કદાચિત્ થોડા હોય અને બહુ સમાજમાં પ્રચાર ન થાય માટે એને બીજી રીતે ખતવવું કે બીજી રીતે મોળું પાડીને કહેવું કે જેથી ઘણો વર્ગ વધે એમ ન હોય. આહા..હા..!

અરે..! ભાઈ! આમ શરીર પડ્યું રહેશે, બાપુ! સંબંધો કાંઈ નહિ રહે. બેને નહોતું કહ્યું સવારમાં? ડૉક્ટરો વૈદો ... બાપુ! એની સ્થિતિ પૂરી થશે. આ તો સંયાગી ચીજ છે અને એના જાણનારાઓ બધા સંયોગી છે અને અંદરમાં પુણ્ય અને પાપનો ભાવ અહીં ચાલે છે એ સંયોગીભાવ છે. એ કંઈ સ્વભાવભાવ નથી. એ તો કર્તાકર્મમાં ૬૯-૭૦ (ગાથામાં) આવી ગયું છે. વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. સમજાણું કાંઈ? ૬૯-૭૦માં આવ્યું છે કે દયા, દાનના પરિણામ પણ સંયોગસિદ્ધસંબંધ છે. આહા..હા..! પુણ્યનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા હો, પણ છે સંયોગસિદ્ધસંબંધ હોં! એ સંયોગસિદ્ધસંબંધ છે.

સ્વભાવસિદ્ધસંબંધ નહિ. તાદાત્મ્યસંબંધ નથી એનો અર્થ શું? સંયોગસિદ્ધસંબંધ છે. જ્ઞાન અને આનંદને જેમ તાદાત્મ્ય સંબંધ છે એમ આ પર્યાયમાં પણ તાદાત્મ્યસંબંધ એવો નથી. પર્યાયમાં સંયોગી ભાવનો અનિત્યતાદાત્મ્યસંબંધ છે. શું કહ્યું ઈ?

શુભભાવ જે છે એ પર્યાયમાં અનિત્યતાદાત્મ્ય છે, નિત્યતાદાત્મ્ય નથી. એથી એને પુણ્યના ભાવને, શુભભાવને સંયોગસિદ્ધસંબંધ કહ્યો છે. ૬૯ ગાથામાં, કર્તાકર્મમાં. વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં કરવું શું એમાં? હવે એમાં મોળું શું પાડવું? કંઈક તમે થોડું મૂકો અને ઈ થોડું મૂકે, ભેગા થાવ. એઈ..! હિંમતભાઈ! ઈ અમારે હિંમતભાઈ લાવ્યા હતા. આ સંદેશો લાવ્યા હતા. મુંબઈ છેને ઓલા? કાલબાદેવીવાળા, શું કહેવાય? ઘાંસીલાલજી. મંદિર કર્યું છેને? મોટું મંદિર. ઓલામાં આવે, વરઘોડો નીકળે તો, વ્યાખ્યાનમાં ન આવે. વીસપંથી માને અને આ તો પાછું.. સોનગઢવાળાનું તો એકલું નિશ્ચય છે એમ કીધું. પણ નિશ્ચય સહિત વ્યવહાર હોય, પણ ઈ નિશ્ચય ન હોય ત્યાં વ્યવહાર પણ કહેવાતો નથી. આ વાત એવી છે. એથી ઈ કહેતા હતા કે થોડું કાંઈક સ્વામીજી થોડું પોચું મૂકે, થોડુંક અમે લહતું મૂકીએ. ભેગા થઈએ ત્યાં. એમ હશે આમાં? હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મુનિમાર્ગ પણ માણસ... બાપા! મુનિમાર્ગ કોને કહેવો? ભાઈ! શું અમને નથી ખબર અંદર? આગમ પ્રમાણે વ્યવહાર મુનિપણું કેવું હોય હજી એની (ખબર નથી). આહા..હા..! જ્યાં હજી રાગનો કર્તા થઈને ક્રિયા કરે એ તો હજી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ આ તો અધિકાર ચાલે છે. માર્ગ તો આવો ત્રણે કાળમાં આ જ માર્ગ છે. મુનિ થાય, જેને ત્રણ કષાયનો નાશ થાય એની નગ્નદશા જ થઈ જાય. કરવી ન પડે. એ વસ્તુનો નિમિત્ત નિમિત્ત સંબંધ જ એવો છે. સમજાણું કાંઈ? શું થાય? ભગવાનના પડ્યા વિરહ, પંચમકાળ, જેમ બાપનો નાશ થાય, લક્ષ્મીનો નાશ થાય એટલે છોકરાઓ વઢે માંહોમાંહે. એમ ભગવાન ત્રણ કાળના નાથ કેવળી, અરે..! પંચમકાળમાં જેના વિરહ પડ્યા. મહાવિદેહમાં ભગવાન ભરતથી તો દૂર રહ્યા. માંહોમાંહે પ્રાણીઓ વઢે અને તકરાર કરે. જ્ઞાનલક્ષ્મી ઘટી, તકરાર કરે. એ વસ્તુ તકરારની નથી, ભગવાન! આ તો સ્વરૂપ જ આવું છે. આહા..હા..!

એ કહે છે, અરિહંતદેવનું માનવું, ગુરુને માનવા, શાસ્ત્રને માનવા એ સમકિત. બાપુ! એ સમકિત ન હોય. એ તો રાગ છે. એ તો પરદ્રવ્યાશ્રિત થયેલો વિકલ્પ છે. અહીં તો આ સ્વદ્રવ્ય ભગવાન આત્મા એકલો ચૈતન્ય સૂક્ષ્મ પુણ્ય-પાપના સ્થૂળ પરિણામથી ભિન્ન એવો જે ભગવાન આત્મા સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ (છે). એઈ..! એવો જે ભગવાન એની અનુભવની દૃષ્ટિ અંદર થવી એને અંતરમાં પૂર્ણાનંદનો નાથ જેને અંદરમાં પ્રતીતમાં, અંતર અનુભવમાં લીધો અને એમાં સ્થિરતાનો અંશ આવે એને સમકિત કહીએ.

કેવળ નિજ સ્વભાવનું વર્તે અનુભવ લક્ષ, પ્રતીત.
વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત.

એ ગાથા શ્રીમદ્દની છે. સમજાણું કાંઈ? એ વાળા એમ માને કે આપણે દેવ-ગુરુને માનીએ અને ભક્તિ કરીએ તો સમકિત થઈ જશે. આ તે કાંઈ વાડા બાંધવા છે અહીં? સંખ્યા વધારવી છે? શેઠ! કે જેમ છે એમ સત્યને રાખવું છે તારે? હેં? ઝાઝા માનનારા જ્યાં હોય અને કરોડો રૂપિયા આપે, ખર્ચે, હાથીના ઓલા નીકળે મોટા.. શું કહેવાય ઈ? ગજરથ. ગજરથ નિકળે, દસ દસ, વીસ લાખના ખર્ચ થાય, પચાસ પચાસ હજાર માણસ ભેગા થાય તો એ ધર્મ કહેવાય એમ હશે? બાપુ! એ વાત જુદી છે. એને ને એને કાંઈ સંબંધ નથી. એ તો બહારની ક્રિયા છે. અને એમાં કદાચિત્ રાગની મંદતાનો ભાવ હોય માન વિનાનો, માન લેવાનો ભાવ ન હોય, સંઘપતિ કે ઢીકણાપતિ જેવા, તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. દુનિયામાં પ્રસિદ્ધિ પામે તો જ એ ધર્મ છે એવું કાંઈ નથી. દુનિયા તો ક્યાં પડી છે એની દુનિયાને ખબર નથી. એ દુનિયા તારી પ્રસિદ્ધ કરે એની કિંમત શું? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**આ રીતે તેઓ—જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત...**' પુણ્ય અને પાપના ભાવ. ત્યારે કોઈક કહે કે આવી રીતે તો સર્વકર્મ પુણ્ય-પાપ રહિત તો દસમે, અગિયારમે, બારમે થાય. અહીં તો ચોથાની વાત છે, ભાઈ! પુણ્ય અને પાપના વિકલ્પો જે સ્થૂળ અતિ એની રુચિ, લક્ષ છોડી દઈને દ્રવ્યસ્વભાવની રુચિ, લક્ષ અને અનુભવ કરે એને મોક્ષનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દેહ છૂટવા ટાણે કોઈ સગુ છે ત્યાં? બધા સગાવ્હાલા ઊભા રહે આમ. ભાઈને...

મુમુક્ષુ :— શ્વાસ છે ઈ પણ સગો થાતો નથી.

ઉત્તર :— શ્વાસ સગો નથી, ઈ તો આપણે કહેવાય છે નહિ? તમારે હશે કાંઈક. શ્વાસ સગો નથી, એમ નથી કહેતા? શું હશે? હિન્દીમાં શું છે? શ્વાસ ચાલે છેને? એ પણ સગો નથી. કહે છે, અમારે કહે છે.

મુમુક્ષુ :— ઊર્ધ્વ શ્વાસ.

ઉત્તર :— ઊર્ધ્વ શ્વાસ. શ્વાસ છેને? છેલ્લે શ્વાસ.. આ દૂંટી છેને નાભિ? ત્યાંથી એક દોરાવાર ખસી જાય. ઊંચો. નાભિએ શ્વાસ છોડી દીધો. એને ઊર્ધ્વ શ્વાસ કહેવાય. ખ્યાલ આવે, ઘડી, બે ઘડી, ચાર ઘડી હોય તો. અમારે અહીંયા એક પટેલ હતા, શિવલાલ પટેલ. અમારે વિઠ્ઠલ પટેલ ને વલ્લભ પટેલ. એના કુટુંબી હતા. એના કુટુંબી હતા. અહીં ઘણા વર્ષ રહ્યા. એને શ્વાસ ઉપડ્યો. ખાધું, પીધું બધું. શીંગ હોયને? શીંગના દાણા. શીંગદાણા, ઓળા ખાધા. રસોડાની રસોઈ ઊંચી. ... એ રસોઈ ખાઈને આવ્યા અહીંયા. અહીં ઓરડી

છે. એ ઓરડીની લાઈનમાં ઓરડી હતી. સામે. ત્યાં બેઠા હતા હેઠે. હું આહાર કરીને નિકળ્યો. કેમ છે પટેલ? મને બોલ્યા, મહારાજ! અંત ક્રિયા છે મારી. (અમે કહ્યું), શું છે? ગમે તે હો, ખાઈને આવ્યો, આ શ્વાસ દૂંટીથી ખસી ગયો છે. નાભિથી શ્વાસ ખસી ગયો છે. મારી છેલ્લી ક્રિયા છે. પણ તમે હમણાં ખાઈને આવ્યા, બેઠા છો નીચે. શ્વાસ હેઠે બેસતો નથી. ત્યારે બેસાડે? એ શ્વાસની ક્રિયા ટકે, ભગવાન! તારું કામ નહિ, એ શ્વાસને નીચો કરવો. એ નીચો ઊંચો થાય એ જડની ક્રિયા જડને કારણે છે. આહા..હા..! એ શ્વાસની ક્રિયા પણ નીચેથી ઊંચે થઈ ગઈ દોરા, બે દોરા.. દોરા સમજો છો? ઈ દોરા નહિ. આ દોરા—ધાગા. તાણાવાણા કહે છે. દોરા-ધાગા. આટલો નાભિમાંથી (ખસી ગયો). ખ્યાલ આવ્યો. છત્રીસ કલાક. શું થયું પટેલ? નિરોગી શરીર, કાંઈ ન મળે. ખાઈને ન્યાંથી આવ્યા રસોડેથી શ્વાસ (હેઠે બેઠો નહિ). શું છે? મારી છેલ્લી ક્રિયા છે. હેં! શ્વાસ નાભિથી ખસી ગયો છે. છત્રીસ કલાક રહ્યો. ખ્યાલમાં આવ્યું કે નાભિથી ખસી ગયો, બેસાડ હેઠે? શ્વાસ. શ્વાસની ક્રિયા પણ આત્મા હેઠે બેસાડવાની ન કરે, ઈ કોની ક્રિયા કરે? કેમ યશપાલજી! કોની કરે? ભાઈ! છોકરાની ક્રિયા કરે અને એને સમજાવવાની કરે ને શાસ્ત્ર બનાવવાની કરે, મંદિર બનાવવાની કરે, ગજરથની કરે. પ્રભુ! એ તો પરની વસ્તુ છે, ભગવાન! ઈ કરે કોણ? અહીં નજીકની ક્રિયા પણ કરવાની એનામાં તાકાત છે? એક તૃણના બે કટકા કરવાની આત્મામાં તાકાત છે? એને કારણે થાય તો થાય, તારે કારણે એમાં થાય છે? આહા..હા..! પણ અહંકારીને એવું અંદર થઈ જાય કે આમ કરી નાખીએ, આમ કરી નાખીએ, આટલું કરશું, ઘણું કરશું. બાપુ! શ્વાસનું પણ કરી શકે નહિ, એ તું પરનું કર.. શેઠ! બીડી વાળવાનું કરે? પૈસા ઉઘરાવવા નથી જાતા? કાનપુર જાઓ છો, પૈસા લાખો લાવો છો. એમ કોઈક કહેતું હતું. આહા..હા..!

કહે છે કે એ જે ક્રિયા છે એ તો રાગની ક્રિયા, વ્યવહારના પુણ્યની ક્રિયા પણ તારી નહિ અને એનો કર્તા થાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. એને ઠેકાણે આ બધાનું કરી દઉં, મકાનો બનાવીએ, મંદિરો બનાવીએ, ગજરથ બનાવીએ, બસ! હજારો છોકરાઓને આપણે શીખવીએ અને તેથી કેળવણી પામે તો જૈન ધર્મ રહે. સાચી વાત હશે? વ્યાખ્યાન આપીએ બરાબર એવી રીતે કે લોકો આમ રાજી રાજી થઈ જાય. કોણ કરે? બાપુ! વ્યાખ્યાન કરે કોણ? આ તો ભાષા જડ છે. જડને આત્મા કરે? અહીં તો વિકલ્પનો કર્તા થાય તો મૂઢ છે. એને ઠેકાણે ભાષાને કરે, બાપુ! માર્ગ જુદા છે, ભાઈ! આહા..હા..! જન્મની-મરણની ગાંઠ મિથ્યાત્વ એને ટાળવાનો ઉપાય કોઈ અલૌકિક અંદર છે. એ કંઈ બહારથી પ્રાપ્ત થાય એવો નથી.

કહે છે, '**સર્વકર્મરહિત...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પ રહિત '**આત્મસ્વભાવનું અનુભવન જ...**' એ ચૈતન્યના આનંદનો અનુભવ એ જ '**મોક્ષનું કારણ છે...**' બાકી કોઈ મોક્ષનું

કારણ રંચમાત્ર નથી. સમજાણું કાંઈ? એટલો એ નિર્ણય તો કરે. નિર્ણય કરીને સ્વસન્મુખ થાય તો એને અનુભવ થાય. એવી વાત છે. કહો, રાજેન્દ્રજી! '**તોપણ—કર્માનુભવના બહુપણા-થોડાપણાને...**' અજ્ઞાની કર્મનો અનુભવ—રાગનો, ઘણાનો-થોડાનો '**બંધ-મોક્ષનું કારણ માનીને,...**' અશુભભાવ તે બંધનું કારણ, શુભભાવ તે મોક્ષનું કારણ એમ માનીને '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ...**' પરિણામો '**મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.**' કર્મ શબ્દે કાર્ય છે, પરિણામ છે. સમજાણું કાંઈ? એ ૧૫૪ થઈ.

આ (૧૫૫) ગાથા છેને, એ ત્યાં વિદ્યાનંદજીએ પૂછ્યું હતું. આ વિદ્યાનંદજી નથી દિગંબર? દિલ્હીમાં મળ્યા હતા, દિલ્હી. તો અમે તો ક્યાંય જાતા નથી. પણ ઈ આવ્યા, કૈલાસચંદજી, ફૂલચંદજી, શાંતિપ્રસાદ સાહૂજી અમે જ્યાં હતા ત્યાં આવ્યા. એણે કહ્યું કે ત્યાં આપણે જઈએ. ગામમાં છે વિદ્યાનંદજી. ઠીક, પચાસ, સો માણસ હતું સાથે. બધા શેઠિયા સાથે હતા. મેડી ઉપર હશે. હું તો નીચે (હતો). મેડી ઉપરથી નીચે આવ્યા અને બેઠા. બેઠા અને પછી આ ગાથાનો અર્થ પૂછ્યો હતો. ૧૫૫. એનો આશય તો, આ જીવાદિ શ્રદ્ધા કરવી એ સમકિત. આમાં શબ્દ પડ્યો છેને એવો. પણ એની વ્યાખ્યા ઝીણી છે, ભાઈ! કીધું. ઈ આવે છે જુઓ!

## ગાથા-૧૫૫

अथ परमार्थमोक्षहुतं तेषां दर्शयति –

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।
जीवादिश्रद्धानं सम्यक्त्वं तेषामधिगमो ज्ञानम्।
रागादिपरिहरणं चरणं एषस्तु मोक्षपथः।।१५५।।

मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्राणि। तत्र सम्यग्दर्शनं तु जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनम्। जीवादिज्ञानस्वभावेन ज्ञानस्य भवनं ज्ञानम्। रागादिपरिहरणस्वभावेन ज्ञानस्य भवनं चारित्रम्। तदेवं सम्यग्दर्शनज्ञानचारित्राण्येकमेव ज्ञानस्य भवनमायातम्। ततो ज्ञानमेव परमार्थमोक्षहेतुः।

હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :

જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

ગાથાર્થ :-- [जीवादिश्रद्धानं] જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન [सम्यक्त्वं] સમ્યક્ત્વ છે, [तेषाम् अधिगमः] તે જીવાદિ પદાર્થોનો અધિગમ [ज्ञानम्] જ્ઞાન છે અને [रागादिपरिहरणं] રાગાદિનો ત્યાગ [चरणं] ચારિત્ર છે; [एषः तु] આ જ [मोक्षपथः] મોક્ષનો માર્ગ છે.

ટીકા :-- મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

ભાવાર્થ :— આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે. વળી આ પ્રકરણમાં જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે. તેથી 'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે' એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી. માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.

---

## ગાથા-૧૫૫ ઉપર પ્રવચન

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।१५५।।
જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

'ટીકા :—' જીવાદિ શ્રદ્ધા છેને શબ્દમાં? એટલે કેટલાકને એમ થાય છે કે આપણે જીવાદિની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન. પણ એની વ્યાખ્યા શું? એ કહે છે જુઓ ટીકા. ભાઈ! જીવાદિ શ્રદ્ધા એને કહીએ કે જેમાં આનંદ અને જ્ઞાનનું પરિણમન થાય. એમને એમ જીવાદિની શ્રદ્ધા તે શ્રદ્ધા એનું નામ સમકિત એમ નથી. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

'**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' લ્યો, આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. કેટલાક તો એ તત્ત્વાર્થસૂત્રનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. ખોટી વાત છે. ... વ્યવહાર છે? વ્યવહાર તો આસ્રવ છે. એનું નામ અહીં મોક્ષ છે? એમ કે વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાનં વ્યવહારશ્રદ્ધા છે, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર છે. ઈ જ્ઞાન નિશ્ચય સમકિત નથી. અરે..! ઈ (તત્ત્વાર્થસૂત્રમાં) નિશ્ચય સમકિતની જ વાત છે. વ્યવહાર સમકિત સમકિત જ ક્યાં છે? એ તો રાગ છે. રાગ .. છે ઈ? પોતાની વાતની પક્કડ રાખી શાસ્ત્રનો અર્થ ફેરવી નાખે.

અહીં તો '**મોક્ષનું કારણ ખરેખર...**' શબ્દ પડ્યો છેને? '**किल**' '**किल**' સંસ્કૃતમાં છે. ખરેખર નિશ્ચયથી સમ્યગ્દર્શન—નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સ્વરૂપચારિત્ર. નિયમસારમાં કહ્યું છે કે જો તું આ અમે કહીએ છીએ એવો માર્ગ નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત કરી ન શક તો શ્રદ્ધા સમ્યગ્દર્શન તો સાચા રાખજે. એમ ગોટો વાળીશ નહિ કે ના, ના એ તો વ્રતાદિ પણ ચારિત્ર છે, વ્યવહાર સમકિત એ પણ સમકિત છે. એમ ગોટો ન વાળીશ. એમ કહ્યું છે નિયમસાર. ગોટો ન વાળીશ સમજ્યા? ગડબડ નહિ કરતો. આહા..હા..! કાઠિયાવાડી ભાષા છેને. ગોટા-ગડબડ નહિ કરતો. ... જો તું શક્તિહીન હો, એવી ચારિત્રશક્તિ, એવી તપની શક્તિ, ઈચ્છા નિરોધ અમૃતનો સાગર ઊછળે એવી શક્તિ તારામાં ન હોય તો '**सद्दहणं चेव कायव्वं**' નિર્વિકલ્પ સમ્યગ્દર્શન તો નક્કી રાખજે. એમ કુંદકુંદાચાર્યે કહ્યું છે. સમજાણું કાંઈ? નિયમસાર છેને. આ નિયમસાર. કેટલામી ગાથા છે? છેલ્લી છેને, છેલ્લામાં. આવશે, છે. જુઓ આવ્યું. '**णाणाजीवा**' ૧૫૬ પહેલા ૧૫૪. લ્યો ઠીક. આપણે ચાલે છે ૧૫૪, ૧૫૪ પૂરી થઈ. આમાં ૧૫૪.

'**जदि सक्कदि कादुं**' જો તારી શક્તિ હોય તો કરજે. '**पडिकमणादिं करेज्ज झाणमयं**' નિર્વિકલ્પ ધ્યાનમાં એ કરજે. કારણ કે નિશ્ચયપ્રતિક્રમણ તે નિર્વિકલ્પ ધ્યાન છે. '**जदि सक्कदि कादुं पडिकमणादिं**' પ્રતિક્રમણ, સામાયિક, વંદન, ભક્તિ, પૂજા, સમાધિ એ બધું ધ્યાન, આનંદના ધ્યાનમાં રહીને કરજે, નિર્વિકલ્પમાં રહીને કરજે. '**सत्तिविहीणो जा**' જો તારી શક્તિ એટલી બધી ન હોય '**सद्दहणं चेव कायव्वं**' શ્રદ્ધા કરજે બરાબર નિર્વિકલ્પ. એમાં કાંઈ ઉણપ ન રહેવા દઈશ કે ના, ના. એ તો આમેય ચાલે. પંચમકાળ છે, હલકો કાળ છે, સંઘયણ એવા નથી. માટે આવું પણ ચારિત્ર હોય. એમ શ્રદ્ધામાં ફેરવીશ નહિ. હેં? આહા..! એ પંચમકાળ છે.. ઓલા કહે છેને? માટે અત્યારે તો વસ્ત્ર જોઈએ. વસ્ત્ર વિના નગ્નપણે ન રહેવાય. નગ્નપણું ન પાળી શકાય. ન પાળી શકાય તો શ્રદ્ધામાં તો રાખજે, પણ ગોટો વાળીશ નહિ, ગડબડ કરીશ નહિ કે ના, ના, આવું પણ ચારિત્ર હોય. નગ્નપણું લઈને પંચ મહાવ્રતના પરિણામ પણ સરખા ન હોય, એને માટે ભોજન આદિ કરતા હોય

અને એવું પણ ચારિત્ર હોય, એમ ગોટો વાળીશ નહિ, ગડબડ કરીશ નહિ હોં! મરી જઈશ નહિતર. સમજાણું કાંઈ? શેઠ! માર્ગ છે એમ રાખજે ભાઈ! અનંત તીર્થંકરો, સંતો, ગણધરો, મુનિઓએ કહેલો છે. આ કાંઈ કોઈના ઘરની વાત નથી.

**'सद्दहणं चेव कायव्वं'** અહીં સુધી લીધું, ભગવાન! સમ્યગ્દર્શન તો નિશ્ચય સત્ય રાખજે. તારાથી ચારિત્ર પળે નહિ, શક્તિ ન હોય એટલી તો ગડબડ કરીને હીણું કરીને મનાવીશ નહિ, ઓછું કરીને પૂરું મનાવીશ નહિ. આવે છેને રત્નકરંડ શ્રાવકાચારમાં? ઓછું, અધિક અને વિપરીત. એમ શબ્દ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ. ઓછું અધિક અને વિપરીત રહિત. હીન નહિ, અધિક નહિ, વિપરીત નહિ. રત્નકરંડ શ્રાવકાચારમાં છે. સમંતભદ્ર મહારાજ મહામુનિ સંત હતા. એ કહે છે, ભાઈ! ન્યૂન એક અંશ પણ નહિ. ફેરફાર કરીશ નહિ. અધિક વિશેષ કરીશ નહિ, વિપરીત ઉલટું કરીશ નહિ. સમજાણું કાંઈ? ભાઈ, પંચમઆરામાં તો આમેય હોય. વસ્ત્ર સહિત પણ ચારિત્રને વાંધો ન હોય અથવા પંચ મહાવ્રત વસ્ત્ર વિના પણ કંઈક ઢીલાપણું ન હોય, આહાર વિના નભે નહિ, શું કરવું? એને માટે ન બનાવે તો અત્યારે નિર્દોષ આહાર મળવો મુશ્કેલ છે. મરી જાવું એણે? એઈ..! તો સાધુપણું લીધું શું કરવા તેં? સાધુપણું લીધું શું કરવા તેં? સમ્યગ્દર્શન હોય.. એવો પાઠ છે, નહિ? તત્ત્વજ્ઞાન હોય, અનુભવ હોય પછી ચારિત્રમાં કેમ પળશે, કેમ એના પરિણામ વિચારે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એના છે કે નહિ એમ વિચારીને લેજે. વિચાર વિના એકદમ લીધું એ તો મિથ્યાત્વભાવથી તેં લીધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ચારિત્ર હતું જ ક્યાં?

ઉત્તર :— હતું ક્યાં ચારિત્ર? બાપા! ચારિત્રના મોઢા મોટા પ્રભુ! ઓહો..હો..! ધન્ય અવતાર! જેને ચારિત્ર પ્રગટ્યા, જેને આનંદની દશા ઉભરાઈ ગઈ. ઉભરાઈ ગઈ સમજો છો? આહા..હા...! આનંદ.. આનંદ.. આનંદ.. પ્રચુર સ્વસંવેદન એમ કહ્યું છેને ભગવાને, કુંદકુંદાચાર્યે પાંચમી ગાથામાં. સમયસાર પાંચમી ગાથા. પ્રચુર સ્વસંવેદન. સમ્યગ્દષ્ટિને સંવેદન હોય છે પણ પ્રચુર નહિ. પાંચમે ગુણસ્થાને સંવેદન હોય છે પણ હજી મધ્યમ (હોય છે). મુનિને તો પ્રચુર સ્વસંવેદન. આહા..! પાંચમી ગાથામાં છે.

કહે છે કે શ્રદ્ધા રાખજે, ફેરફાર કાંઈ કરીશ નહિ, હોં! તારાથી ન પળે, ન બની શકે માટે ગાબડા પાડવા અંદરમાંથી (એમ નહિ કરતો). ગાબડા સમજો છો? છિદ્ર. ભીંતમાંથી ગાબડું પાડે છેને? રસ્તો કાઢવો, બીજો રસ્તો કાઢવો. ભગવાનનો માર્ગ છે અનાદિનો, બાપુ! સમજાણું કાંઈ?

**'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.'** હવે સમ્યગ્દર્શનની વ્યાખ્યા

(કરે છે). **'તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** આ **'जीवादीसद्दहणं'** ની વ્યાખ્યા કરી હવે. ઓલા નવ તત્ત્વની શ્રદ્ધા એમ નહિ. **'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું...'** પરિણતિની નિર્મળતા વીતરાગી પરિણતિ થવી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનના વિરહે કંઈ ભગવાનની વાતને મોળી પડાય? સમજાણું કાંઈ? જે છે એમ રખાય. કહે છે કે સમ્યગ્દર્શનની એવી વ્યાખ્યા નથી કે જીવાદિ શ્રદ્ધે. એકલા નવ તત્ત્વને ભેદથી શ્રદ્ધે એને તો મિથ્યાદર્શન કહ્યું છે. સમજાણું કાંઈ? કળશટીકા.

અહીં તો નવ તત્ત્વનો જે સ્વભાવ છે.. છે? **'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** એટલે કે જ્ઞાનનું આત્માનું પરિણમવું અંદર, વિકલ્પ વિનાની પરિણતિ-દશા થવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એકલા નવ પદાર્થના (ભેદરૂપ શ્રદ્ધાનને) તો મિથ્યાત્વ કહ્યું છે. સમજાણું કાંઈ? શું? કળશટીકા છે આમાં? જુઓને, પાનું ફેરવ્યું ત્યાં ઈ આવ્યું. પાનું ઈ આવ્યું. શું છે જુઓ. **'જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના અનાદિ સંબંધને છોડીને. ભાવાર્થ આમ છે—સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપે પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** એ છઠ્ઠો કળશ છે. મેં કીધું, ક્યાં હશે? એમ મગજમાં પહેલું આવ્યું. ત્યાં તો પાનું ઈ આવ્યું. એંધાણ-બેંધાણ કર્યું નથી હોં આમાં. ભગવાનનું એંધાણ છે એમાં. આહા..હા..! કહે છે, નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ. ભેદ છેને ભેદ.

અહીંયા તો એ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવ. જીવનો શ્રધ્ધાનસ્વભાવ, અજીવનો શ્રદ્ધાનસ્વભાવ. એ જીવના સ્વભાવનું, નવેયના સ્વભાવનું જ્ઞાનરૂપે પરિણમવું એટલે કે આત્માના સ્વભાવનું શુદ્ધરૂપે પરિણમવું. જ્ઞાન શબ્દે એટલે એકલું જ્ઞાન નહિ, આખો આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! જીવાદિ શ્રદ્ધાનું.. લોકોને આમાંથી કાઢીને કે આપણે જીવાદિ શ્રદ્ધા તો છે, તો સમકિત તો છે. એમ. ભગવાન! જીવાદિ શ્રદ્ધાની વ્યાખ્યા આકરી છે, બાપા! ભાઈ! એ શ્રદ્ધાનસ્વભાવ. એનો જે સ્વભાવ છે એવા શ્રદ્ધાનસ્વભાવમાં આવીને આનંદ ને જ્ઞાનરૂપે પરિણમવું. નિર્વિકલ્પ પરિણતિ થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો આમ છે, કીધું. સમજી ગયો હતો હું, એને આ કહેવું છે.

જ્ઞાનનું પરિણમવું. સમજાણું કાંઈ? જ્ઞાન શબ્દે જ્ઞાતા-દૃષ્ટા ભગવાન એનું વિકલ્પરૂપે ન થવું અને નિર્વિકલ્પ વીતરાગ પરિણતિરૂપે પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન છે. છે? સામે છેને? તેથી તો પુસ્તક સામે રાખીએ છીએ. નહિતર ઉપર બેસીએ અને પુસ્તક હેઠે હોય ઈ ઠીક કહેવાય? પણ આમાં યથાર્થ સમજવામાં એનો વિનય છે. એથી ખ્યાલ છે, નથી ખ્યાલ? ઘણા એમ કહે કે, પુસ્તક હેઠે રાખીને પોતે ઉપર બેસે છે. કોણ બેસે ઉપર? બાપા! સાંભળ તો ખરો. શું હેતુ છે ઈ તો સમજ. એને ખ્યાલમાં આવે કે આ શબ્દનો આ ભાવ

છે. ઉપરથી ઉપરથી કહે તો મેળ નહિ રહે. સમજાણું કાંઈ? આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છેને? ભાઈ! શાસ્ત્ર હેઠે રાખે, પોતે ઉપર બેસે આવા વિનય કરે! મોક્ષમાર્ગમાં આવે છે. બધી ખબર છેને, કાંઈ ખબર નથી? પણ આમાં બીજો હેતુ છે. એનો શબ્દનો આ ભાવ છે એ આમાં છે તેમ ખ્યાલ આવે. એટલે વધારે વિનયનો એ હેતુ છે. સમજાણું કાંઈ? શેઠ! આહા..હા..!

**'પરિણમવું તે છે...'** સમ્યગ્દર્શન એટલે **'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** એની જે શ્રદ્ધા એનો જે સ્વભાવ, નિર્વિકલ્પ શ્રદ્ધાનો જે સ્વભાવ, અતીન્દ્રિય આનંદનો જે પરિણમન સ્વભાવ શ્રદ્ધાનો, એ રૂપે જ્ઞાનનું થવું એટલે કે પરિણમવું. એમ. **'जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनम्।'** સંસ્કૃત ટીકા છે. આહા..હા..! સંતોએ તો કરુણાથી ઘણું કહ્યું છે. પણ એને સમજવામાં એણે ખામી રાખી છે. જ્યાં ત્યાં પોતાનો સ્વચ્છંદ મૂકી અને એનો અર્થ કરવો અને બેસાડવો એમ ન હોય. માર્ગ તો આ જ છે.

અંદર પ્રભુ ધ્રુવ સ્વરૂપ જીવનું અજીવનો જે સ્વભાવ, પુણ્ય-પાપનો સ્વભાવ એ બધાની શ્રદ્ધા, એ શ્રદ્ધાના સ્વભાવ.. એમ કીધું છેને? શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું. એ ખુલાસો કર્યો છે. **'ज्ञानस्य भवनम्'** શબ્દ છે સંસ્કૃતમાં. જ્ઞાનનું ભવન—થવું એટલે પરિણમવું. નિર્વિકલ્પ આનંદ અને જ્ઞાનની પરિણતિ થવી. પરિણતિ સમજ્યા? અવસ્થા. આ જન્મ-મરણની ગાંઠને ગાળવાની આ કળા છે. બાકી જન્મ-મરણ ગળે એવા નથી, ભાઈ! આમ માથે જન્મ-મરણ.. બાપુ! તને ખબર નથી. આહા..હા..! અજાણ્યા દેશમાં ને અજાણ્યા ક્ષેત્રમાં જાઈશ આ દેહ છૂટશે ત્યારે. ત્યાં કોઈ જાણીતું ક્ષેત્ર નથી અને ન્યાં કોઈ સગાવ્હાલાં નથી. તેં જો આત્માનો આશ્રય ન લીધો તો ક્યાંય શરણ નથી બહાર જગતમાં. આહા..હા..! વર્તમાન પુણ્યના પરિણામનું પણ શરણ નથી. અહીં તો ઈ સિદ્ધ કરવું છે. બાયડી, છોકરા, દેવ-ગુરુ તો એક કોર પડ્યા રહ્યા. પણ એમની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, રાગ એનું પણ શરણ નથી. એ પણ રાગ છે. આહા..હા..! આ શ્વાસ બંધ થશે, દેહ છૂટી જશે. એકલડો ચાલ્યો જશે. આ બધી આબરૂ મોટી કરી હોય ને બહારમાં પ્રસિદ્ધિ પામી હોય ને.. એ કાંઈ ગિરવો મૂકાય છે? ગિરવો સમજો છો? ગિરવી. આપણે ... પણ એમની (ભાષામાં). ગિરવી મૂકીને પૈસા લેવા. આહા..હા..! ભાઈ! અમારી આબરૂ મોટી હતી. અમને લાકો માનતા હતા. એ કાંઈ મૂકાય એવું છે ન્યાં?

આ ભગવાન અંદર બિરાજે છે, પ્રભુ! એને નવ તત્ત્વના ભાવની શ્રદ્ધાસ્વભાવ, એનો જે સમ્યગ્દર્શન શ્રદ્ધાનો સ્વભાવ એ રૂપે થવું—પરિણમવું. આહા..હા..! પહેલામાં પહેલી રકમ આ છે. સમજાણું કાંઈ? હવે પણ જેને ઈ ખબરેય નથી કે આ શું છે? એ કેમ કરતો હશે અંદરમાં? અંદરમાં પ્રયોગ કરીને આ અનુભવ કરવો એ ક્યાંથી લાવે? આહા..હા..! ...

એક ફેરી નહિ? એક છોડી હતી જુવાન. બે વર્ષનું લગન. છોડી સમજ્યાને? કન્યા. સુંવાળુ શરીર હતું બાઈનું નાની ઉમર. લાઠીની બાઈ હતી દામનગરમાં. શરીરમાં શીતળા શીતળા સમજ્યા? એક એક દાણામાં એક એક ઈયળ. ઈયળ ઈયળ—કીડા (પડેલા). કીડા, અમારે ઈયળ કહે છે. આમ ફરે તો અહીં સેંકડો ઈયળ (પડે). આમ ફરે તો સેંકડો. ગાદીમાં-તળાઈમાં. પછી ઈ બાઈ બોલતી બિચારી, એ.. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. આ શું થયું મને? મારાથી સહન થાતું નથી. એમ કરીને (બોલે), હોં! તળાઈ તળાઈમાં. તળાઈ સમજો છો? ગદ્દી. તળાઈ તળાઈ એટલે તળાવ નહિ. તળાઈ એટલે ગદ્દી. એમ બોલતી બિચારી, હોં! એ.. બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા. આ ઈયળ અંદર ખાય છે. રૂંવાટે રૂંવાટે ઈયળ પડી છે. મરી ગઈ.

મુમુક્ષુ :— ભયંકર વેદના.

ઉત્તર :— વેદના. વેદનાથી નહિ પણ એ દેહની સ્થિતિ જ એટલી હતી, બસ. અને આત્માને રહેવાનું જ એટલું હતું. નિમિત્ત નિમિત્ત સંબંધ જ એટલો હતો. દેહ નિમિત્ત અને નૈમિત્તિક પોતાની રહેવાની યોગ્યતા પોતાને કારણે હોં! આયુષ્યને કારણે નહિ. આયુષ્ય તો નિમિત્ત છે. પોતાને તે પર્યાયમાં રહેવાનો તે જ સમયનો કાળ એટલો જ હતો. અરે..! એવામાં જો આ શરણ ન મળ્યું તો કોઈ ક્યાંય શરણ નથી, હોં! એ ડાબા જમણા શૂળ ચડે. શૂળ શૂળ સમજો છો? શું કહેવાય શૂળને? અંદર વેદના. વેદના તો ઠીક, પણ શૂળને શું કહે તમારી ભાષામાં? સોયું મારેને સોયું. શ્વાસ લે તો.. આહા..હા..! બે બાજુ થાયને? શું કહેવાય? ન્યૂમોનિયા. ન્યૂમોનિયા બે બાજુ (થાય). એ દેહની ક્રિયાનું દુઃખ નથી એને. એ મારું છે અને એની દૃષ્ટિ ત્યાં છે એનું દુઃખ છે એને. દેહની ક્રિયાનું દુઃખ નથી. દેહની અવસ્થા તો જડ છે. જડ તો આત્માને સ્પર્શતું પણ નથી. આહા..હા..! પણ તેનો પ્રેમ જે છે એટલો જ પ્રતિકૂળતા વખતે એને દ્વેષ છે. આહા..હા..! એને ટાળવાનો ઉપાય આ એક છે. પહેલામાં પહેલો આ. આહા..હા..! અમને શ્રદ્ધા છેને, ભગવાનની શ્રદ્ધા તો છે. એમ ન રાખ, ભાઈ! ઈ શ્રદ્ધા નથી, એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન તે જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એવા જે પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે. એ પદાર્થોના સ્વભાવે એમ ન લીધું, પણ જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે. એમ ભાષામાં છે. સમજાણું કાંઈ? જીવાદિ પદાર્થોના સ્વભાવ શ્રદ્ધાનસ્વભાવે એમ નહિ. જીવાદિ પદાર્થોના સ્વભાવ એની શ્રદ્ધાસ્વભાવ એમ ન લેતાં, જીવાદિ પદાર્થોની શ્રદ્ધા જે અંદર થાય એ શ્રદ્ધાનસ્વભાવે. શ્રદ્ધાનસ્વભાવે અંદર અનંત આનંદનું પરિણમવું, જ્ઞાનનું થવું, આનંદનું થવું, શાંતિનું થવું, સ્વચ્છતાનું થવું, નિર્વિકલ્પ આનંદની પરિણતિ થવી તે સમકિતદર્શન છે. છેને તે? 'તે છે;...' આહા..હા...! સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે કે તિર્યંચને થાય એને આટલું બધું ક્યાં જ્ઞાન છે? પશુને સમ્યગ્દર્શન થાય છે. અસંખ્ય સમકિતી બહાર પડ્યા છે. ભાઈ! આ આત્મા આનંદસ્વરૂપ છે એવું જ્યાં આનંદનું ભાન થયું એમાં રાગાદિ એમાં આનંદની (સામે) આ રાગાદિ દુઃખ ભિન્ન ભાસે છે. એને નવેય તત્ત્વની શ્રદ્ધા આવી ગઈ. જીવ આનંદસ્વરૂપ છે એવી પ્રતીત થઈ. એનાથી વિપરીત દુઃખ છે એની પ્રતીતિ (થઈ) આનંદની સામે. અને આ જીવથી વિરુદ્ધ એવું બીજું એક તત્ત્વ છે એનાથી વિરુદ્ધનું એવી અજીવની શ્રદ્ધા આવી ગઈ, અને આનંદની પર્યાય પ્રગટ થઈ એ સંવર, નિર્જરા આવી ગઈ અને પૂર્ણ થવાનો પ્રયત્ન કરે છે એ મોક્ષ પણ આવી ગયો. અને રાગ છે તે દુઃખ છે, આસ્રવ છે, પુણ્ય-પાપ છે અથવા ભાવમાં બંધ છે. એનું જ્ઞાન આવી ગયું, શબ્દો ભલે ન આવડે. સમજાણું કાંઈ? આહા..હા..!

મોક્ષમાર્ગમાં દાખલો આપ્યો છેને? હરણીયાનો સંગીતનો. સંગીત.. સંગીત. સંગીતના નામ ન આવડે એને, પણ સંગીતનો દેશી (રાગ) સાંભળીને મૃગ આમ ડોલે. એવો તાલ આવે અંદરથી, ડોલે મૃગ. એને ખબર નથી દેશી શું છે આ. એની જાતમાં ડોલે છે. એમ ભગવાન આનંદ અને સમ્યગ્દર્શનનું નામ ભલે એને ન આવડે. પણ એ જીવાદિ વસ્તુ એનો જે શ્રદ્ધાનસ્વભાવ, એ આનંદરૂપે પરિણમન થઈ ગયું. આહા..હા..! આ પહેલામાં પહેલું હોય કર્તવ્ય અને પ્રયાસ તો આ. બરાબર છે? તેથી ભગવાન કુંદકુંદાચાર્યે કહેલી વાત, છેને? જીવાદિશ્રદ્ધાનં સમ્યક્ત્વં. એટલે ખુલાસો કર્યો. જીવાદિ શ્રદ્ધાન.. જીવાદિની શ્રદ્ધા સમકિતના સ્વભાવનું પરિણમન થવું. વ્યવહાર સમકિત છે એ તો રાગભાવ છે, સમકિત નથી. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે. એ સમકિતની પર્યાય નથી. એને રાગને (સમકિત) કહેવું એ વ્યવહાર છે. આ તો સમ્યગ્દર્શનની પર્યાય છે. સમજાણું કાંઈ?

જીવાદિપદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે આત્માના જ્ઞાનનું પરિણમવું, જ્ઞાન તે રૂપે પરિણમે, નિર્વિકલ્પ વેદન થાય એવો શ્રદ્ધાનસ્વભાવ છે. એને અહીંયા સમકિત કહે છે. કહો, સમજાણું કાંઈ? આ તો કહે, જાઓ! તમારે શ્રદ્ધા છેને અમારી, તમને સમકિત છે જાઓ! વ્રત લઈ લ્યો વ્રત હવે. એઈ.. ચેતનજી! એનામાં ઈ હતું. દ્રવ્યસમકિત આરોપેને? દ્રવ્યસમકિત. આપે. પણ દ્રવ્યસમકિત કોને કહેવું? શ્વેતાંબરનો એવો રિવાજ છે. સાધુ થાય (એટલે) દ્રવ્યસમકિત આરોપે પહેલું. પછી મહાવ્રત. અરે..! આવો માર્ગ કાંઈ હોય? ભાઈ! માર્ગ તો આ છે, ભાઈ! એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી.

**'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું--પરિણમવું...'** જોયું? ઓલું શ્રદ્ધાસ્વભાવે જ્ઞાનનું પરિણમવું હતું. આ જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું. એ જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન આદિ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આ દુનિયાના વિજ્ઞાન ને આ ડૉક્ટરના, આ વકીલાતના મોટા.. એઈ..! સુમનભાઈ! એની વિદ્યા, એ તો બધી

અજ્ઞાનવિદ્યા છે કહે છે. એ જ્ઞાન-ફાન નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મરી ગયા. કીધું નહિ? એના બાપે કર્યું હતું. ત્યાં અમેરિકા ગયા હતા. કૂચે મરવા જાય છે, કીધું. માન કેટલું? ઓલો કો'ક આવ્યો હતો. નહોતું આવ્યું કો'ક? ધીરૂભાઈનો દીકરો. કીધું, સુમનભાઈ.. હા, એ તો બુદ્ધિવાળા છે. ધીરૂભાઈનો દીકરો અમેરિકાથી નહોતો આવ્યો? અહીં આવ્યો હતો. તમે નહોતા.

મુમુક્ષુ :— ... લડાઈમાં જાવું પડ્યું.

ઉત્તર :— લડાઈમાં જવાનું થયું. આહા..હા..! આ બધા ભણતર ડૉક્ટરના ને આ રામજીભાઈના વકીલાતના... લ્યો, બધાના નાખ્યા છે, હોં! આ શેઠના બીડીના.. તમાકુ જાણવી આવી તમાકુ ને આવી તમાકુ. એ બધા અજ્ઞાન છે. અહીં તો શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. અહીં તો ભગવાન આત્માને જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે જ્ઞાન છે. કહો, યશપાલજી! એમ.એ.નું જ્ઞાન એ જ્ઞાન નહિ એમ કહે છે.

મુમુક્ષુ :— એ તો ડિગ્રી—ઉપાધિ.

ઉત્તર :— ડિગ્રા-ઉપાધા એ તો બધા. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બિલકુલ નહિ, કિંચિત્ નહિ. એવું નિરપેક્ષ જ્ઞાન છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૦, રવિવાર, તા. ૧૪-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૫, પ્રવચન-૨૮૪

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. ૧૫૫ ગાથા છેને? ૧૫૫, પચપન. ૧૫૫ ગાથા.

'ટીકા :— **મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' ઈ તો તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. મોક્ષનો માર્ગ કહો, કારણ કહો, ઉપાય કહો. એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વાસ્તવમાં—ખરેખર છે. એમાં સમ્યગ્દર્શન કોને કહે છે? '**સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' સંસ્કૃતમાં એટલું

છે—'जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनम्।' પણ એ તો પછી આવેને જીવાદિ પદાર્થનું. સમ્યગ્દર્શન કોને કહે છે? જે મોક્ષનો પ્રથમ માર્ગ, અવયવ. કહે છે કે સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના, જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એની શ્રદ્ધા, પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવરૂપ. એની શ્રદ્ધાનસ્વભાવરૂપ. મિથ્યાત્વ છે એ તો શ્રદ્ધાનથી વિભાવરૂપ વિપરીત છે. આ શ્રદ્ધાન તો શ્રદ્ધાગુણ અંદરમાં ત્રિકાળ છે એના શ્રદ્ધાનસ્વભાવરૂપ, પર્યાયમાં એના સ્વભાવરૂપ પરિણમનરૂપ જ્ઞાનનું થવું. આત્માનું શુદ્ધ પરિણમનરૂપ થવું. શ્રદ્ધાના સ્વભાવરૂપ અર્થાત્ એ જ્ઞાન આત્માનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન છે એની પરિણતિ શુદ્ધ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનના ધર્મની પહેલી સીઢી. એ વિના બધું વ્યર્થ છે.

સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવરૂપ. એની જે શ્રદ્ધા એનો સ્વભાવ. વિકલ્પ અને વિભાવરૂપ એ નથી. સ્વભાવરૂપ જ્ઞાનનું થવું. અંતર આત્મસ્વભાવ જે જ્ઞાનસ્વરૂપ છે અથવા જ્ઞાનની સાથે અનંતા ગુણસ્વભાવસ્વરૂપ છે, એના અનંત ગુણસ્વભાવસ્વરૂપના શ્રદ્ધાનરૂપ સ્વભાવ. વિકલ્પથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું જ્ઞાનસ્વરૂપે થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ એ કોઈ વસ્તુ નથી. એ તો રાગ છે. એ હોય છે. આવા સમ્યગ્દર્શન—દૃષ્ટિમાં પછી જ્યારે સ્થિરતા ન થાય ત્યારે આવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ (આવે), પણ એ તો વિકલ્પ, રાગ છે, વિભાવ છે.

વિભાવના બે પ્રકાર. એક તો શ્રદ્ધાનસ્વભાવરૂપે પરિણમન થવું. એનાથી વિપરીત પરિણમન થવું મિથ્યાદર્શનપણે એ મિથ્યાદર્શન વિભાવ છે. શુદ્ધ સ્વભાવપણે પરિણમવું, આખા દ્રવ્યનું શુદ્ધપણે થવું તે સમ્યગ્દર્શન નિશ્ચય છે. અને આવા નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ કે જે ચારિત્રગુણના સ્વભાવથી વિપરીત ભાવ (છે), એ રાગને વ્યવહાર સમકિત કહે છે. સમજાય છે કાંઈ? પણ એ નિશ્ચય સમ્યગ્દર્શન હોય (એને), દ્રવ્ય વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન આત્મા એ આત્માનું શુદ્ધપણે, શ્રદ્ધાનું શુદ્ધપણે સ્વભાવનું પરિણમન, આત્માનું શુદ્ધપણે પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, મૂળચંદભાઈ! આ તો કાંઈ ખબર નહિ અને અમે જૈનમાં જન્મ્યા એટલે થઈ ગયા સમકિતી. અમારે શ્રદ્ધા છેને ભગવાનની.

ભગવાન આત્મા પરિપૂર્ણ નિર્મળ નિર્વિકલ્પ આનંદસ્વરૂપ એની પ્રતીતિ-શ્રદ્ધાના સ્વભાવરૂપ નિર્મળ પર્યાયરૂપ શ્રદ્ધાની નિર્મળ પર્યાયરૂપ થવું, એ આત્મા જે પરિપૂર્ણ શુદ્ધરૂપે પર્યાયમાં અનંત ગુણની શુદ્ધતારૂપ થાય એમાં પ્રતીતિ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. કહો, હજી તો પહેલો ધર્મ અહીંથી ઉત્પન્ન થાય છે. આ સમ્યગ્દર્શન ન હોય એના કોઈ ક્રિયાકાંડ રાગાદિને વ્યવહાર પણ કહેતા નથી.

મુમુક્ષુ :— એ વ્યવહારે પણ નથી?

ઉત્તર :— વ્યવહારે ક્યાંથી વ્યવહાર હોય? માલ હોય તો બારદાન કહેવાયને? માલ હોય

તો ચોખાનો કોથળો, તલનો કોથળો, ઘઉંનો કોથળો (કહેવાય), પણ માલ વિના કોથળો કોનો? કોથળો સમજ્યા? બોરા, બારદાન. અક્કલનો બારદાન (એટલે) તો ખાલી. આહા..હા..!

અહીંયા તો આત્મા શુદ્ધસ્વરૂપ, પર્યાયમાં અશુદ્ધ છે એ તો વિકાર, એ નહિ, ત્રિકાળી દ્રવ્ય જે શુદ્ધ ચૈતન્યઘન એના શ્રદ્ધાસ્વભાવરૂપે આત્માનું, શ્રદ્ધાસ્વભાવરૂપે પરિણમન પર્યાયમાં નિર્મળાનંદ થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. જયંતિભાઈ! આ તો ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા, જાઓ! હવે કરો વ્રત ને તપ. એકડા વિનાના બધા મીંડા છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધાનસ્વભાવરૂપ શ્રદ્ધાનું નિર્મળ સ્વભાવ પરિણનરૂપ આત્માનું થવું, જ્ઞાનનું થવું એનો અર્થ આત્માનું થવું, પ્રથમ ધર્મની શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ? એઈ..! ..ભાઈ! આ બધી જાત્રા-બાત્રા કાઢે અને પૈસા-બૈસા ખર્ચે એટલે સમકિતદર્શન થયું એમ કહે છે (પણ એમ નથી). એમાં બહાર પડવાનો ભાવ ન હોય, માનનો, તો રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :— પુણ્ય તો છે.

ઉત્તર :— પુણ્યનો અર્થ શું? સ્વભાવ આત્માનો અબંધ છે એને બંધ થાય છે, જેલમાં પડે છે. વસ્તુ તો અબંધ છે. અબદ્ધસ્પૃષ્ટ ... પુણ્યના ભાવથી બંધ થાય છે. તો અબદ્ધને બંધ થયો, જેલ પડી. એવી વાત છે. આહા..હા..! એ અબદ્ધ સ્વભાવનો શ્રદ્ધાસ્વભાવમાં આત્મા અબદ્ધ છે એવી શ્રદ્ધામાં આત્માનું પરિણમન થવું. આહા..હા..! અબદ્ધસ્વરૂપ ભગવાન આત્માના પરિણમનમાં અબદ્ધ પરિણામ થવા, શ્રદ્ધારૂપ અબદ્ધ પરિણામ થવા, આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! લોકોએ બીજી રીતે કરીને એનો પત્તો મેળવવાનો રસ્તો જ ગુમ કરી નાખ્યો. બહારથી આ કરો ને આ કરો, એમાંથી થાય.

અહીં તો પ્રભુ અંતર્મુખ ચૈતન્ય શુદ્ધ આનંદધામ એવો જે આત્મા, એ આત્મામાં શ્રદ્ધાસ્વભાવરૂપ, શ્રદ્ધાના સ્વભાવરૂપ આત્માનું પરિણમન થવું.. આહા..હા..! કેવી વાત કરી છે! તે સમ્યગ્દર્શન છે. એ છે, એના ઓલામાં એમ છે, .. છેને? ગુજરાતીમાં એ છે. છે? ગુજરાતીમાં શું છે? 'તે છે...' એમ આવ્યું છે. કાલે આવ્યું હતું. એમાં સમ્યગ્દર્શન થવું, પરિણમન થવું (તે છે). તે છે, કાલે આવ્યું હતું. પણ 'સો ચારિત્ર હૈ' એમ કરીને બધામાં લઈ લીધું. 'તે છે' એમ... છેલ્લો છેને? છેલ્લો ચારિત્રનો. સો ચારિત્ર, સો સમ્યગ્દર્શન, સો જ્ઞાન. એમ. ભાઈ! છેલ્લો શબ્દ હતોને? ચારિત્રમાં છે. એમ લઈ લેવું. કાલે વળી યાદ હતું. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિરૂપાધિ અબદ્ધસ્વરૂપ જે ચૈતન્યસ્વભાવ, એનું શ્રદ્ધાસ્વભાવમાં આખા આત્માનું શુદ્ધરૂપ પરિણમન થવું. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ એમાં આવી ગયું. સાત તત્ત્વ એની જે શ્રદ્ધા એ શ્રદ્ધાનો સ્વભાવ. એની શ્રદ્ધા એટલી. પણ હવે શ્રદ્ધાનો સ્વભાવ નિર્મળ. તે રૂપે આત્મા પરિણમન કરે. ભાષા છે એવી. આહા..હા..! એની દરકાર જ કરી નથી. કાં રળવું ને ખાવું ને ધોવું ને ... દવા-બવા કરીને પછી રાત્રે સૂવાનું. મડદું પછી. મરીને જાવું બીજા ભવમાં. આહા..હા..! અરે..! ભવ મટવાના ઉપાય ભગવાન ત્રિલોકનાથ એ કહે છે, ભાઈ! આહા..હા..! ભવભ્રમણનું કારણ જે મિથ્યાત્વભાવ વિપરીત માન્યતા, દ્રવ્યનું વિપરીતપણે અશુદ્ધપણે પરિણમન થવું એ મિથ્યાત્વભાવ છે. એમ કહે છે. કેમ કે ભગવાન પ્રભુ આત્મા તો અબદ્ધસ્વરૂપ શુદ્ધ છે. એ શુદ્ધનું અશુદ્ધપણે પરિણમન થવું એ મિથ્યાત્વભાવ છે. એ શ્રદ્ધાનું વિપરીતરૂપ પરિણમન આત્માનું એનું નામ મિથ્યાત્વ છે. સૂક્ષ્મ છે ભાઈ આ. કહ્યું હતુંને? દિલ્હીમાં આ પ્રશ્ન થયો હતો. જીવાદિ શ્રદ્ધા. બાપુ! ઈ શ્રદ્ધા એકલી શ્રદ્ધા એમ નહિ. એ નવનું, સાત તત્ત્વનું શ્રદ્ધાસ્વભાવરૂપ આત્માનું થવું. એ જ્ઞાનસ્વરૂપે વિકલ્પ વિના. વિકલ્પ વિના જ્ઞાનસ્વભાવ એટલે સ્વભાવ ચૈતન્યસ્વભાવરૂપે શુદ્ધરૂપે શ્રદ્ધાગુણ શુદ્ધ સ્વભાવરૂપે પરિણમન. આરે..! કહો, સમજાય છે કાંઈ? સુમનભાઈ! છે એમાં? જુઓ! ન્યાં કાંઈ હાથ આવે એવું નથી હોં! ઓલામાં બુદ્ધિ હોય ઈ આમાં કાંઈ કામ આવે એવી છે? આ બુદ્ધિ જુદી જાતની છે. શેઠ! આહા..હા..!

વસ્તુ નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એવો જે આત્મા, એ આત્માનું શ્રદ્ધાસ્વભાવરૂપ પરિણમન થવું એમ કહે છે. નિર્વિકલ્પ રાગના આશ્રય વિના ત્રિકાળના આશ્રયથી, દ્રવ્યના આશ્રયથી શ્રદ્ધા સ્વભાવરૂપ, સમ્યગ્દર્શન સ્વભાવરૂપ આત્માનું પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં જ શુદ્ધ પરિણમન શરૂ થઈ જાય છે. ત્યાં સુધી અનાદિનું અશુદ્ધ પરિણમન હોય છે. સમજાય છે કાંઈ? કેમ કે સમ્યગ્દર્શન કોની પ્રતીત? કોની? કે એ તો ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ, સાત તત્ત્વના-પદાર્થમાં શ્રદ્ધા એ બધા આત્મામાં આવી ગયા. આત્મા આવો છે અને એ અજીવાદિથી નથી. એવો જે આત્મા એનું શ્રદ્ધા સ્વભાવરૂપ પ્રતીત સ્વભાવરૂપ, સમ્યક્ સ્વભાવરૂપ, નિર્મળ પરિણતિરૂપ આત્માનું થવું... આહા..હા..! ભારે વાત! એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ પ્રગટ કર્યા વિના બધું એકડા વિનાના મીંડા છે. બિંદી અને એકડો નહિ. એકડા વિનાના બધા મીંડા છે. એવી વાત છે. ચાહે તો વ્રત પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે ને દયા, દાન કરે તો એમાં રાગની મંદતા હોય તો પુણ્યબંધ થાય અને મિથ્યાત્વ સહિત છે એટલે એને પુણ્યનું અશુદ્ધનું પરિણમન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આચાર્યે.. ઓહો..હો..! કેવી વાત નાખી છે જુઓને!

જયસેનાચાર્યે એના બે અર્થ કર્યા છે. બે, બે અર્થ લીધા છે. જીવાદિ પદાર્થ જે છે એવી નવ તત્ત્વની શ્રદ્ધાનું નામ વ્યવહારસમકિત અને '**भूदत्थम**' ભૂતાર્થ આત્માનું શ્રદ્ધાન

તે નિશ્ચયસમકિત. અને આ ગાથાની શરૂઆતમાં પાપ અધિકાર શરૂ કરીને એમ કહ્યું છે. કારણ કે વ્યવહારસમકિત રાગ છે એ પાપ છે. રાગ છેને. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં તો અર્થ નિશ્ચય કીધો. જયસેનાચાર્યે પાપ અધિકાર શરૂ થાય છે ૧૫૫ ગાથાથી અર્થાત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ શરૂ થાય છે. એમ કહીને એ વ્યવહાર મોક્ષમાર્ગ જે છે (તેનાથી ભિન્ન) એ નિશ્ચય મોક્ષમાર્ગ જે પોતાના આત્માનું શ્રદ્ધાસ્વભાવરૂપ પદાર્થની શ્રદ્ધા, એનો સ્વભાવ નિર્મળ વિકાર રહિતરૂપે આખા આત્માનું શુદ્ધ પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. એ સત્યદર્શન છે. એ સાચું સમકિત સત્ય છે અને એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે એ ચારિત્રનું વિભાવરૂપ પરિણમન છે એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એને પાપ કહેવામાં આવે છે. કેમ કે સ્વરૂપ નિર્વિકલ્પ આનંદસ્વરૂપ એનાથી ખસીને આવા વિકલ્પમાં આવવું એ જ પાપ છે. આહા..હા..! અમૃતસ્વરૂપ ભગવાન અમૃતનું પરિણમન શ્રદ્ધાસ્વભાવરૂપે થવું, એને છોડીને વિકલ્પમાં આવવું, એ અમૃતમાંથી ચ્યુત થઈને ઝેરમાં આવવું...

મુમુક્ષુ :—

ઉત્તર :— દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર.

મુમુક્ષુ :— ક્યાં જઈને ઊભા રહેવું?

ઉત્તર :— એક આત્મા છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. તીર્થંકર સર્વજ્ઞ જેને સો ઈન્દ્ર પૂજે. સિંહ અને વાઘ આમ નરમ થઈને સભામાં (સાંભળવા બેસે) અને સાંભળે ભગવાનની વાણી. એ વાણીમાં આ આવ્યું. કહો, સમજાય છે કાંઈ? ભગવાન તારું સ્વરૂપ જે લક્ષ્મી જ્ઞાન અને આનંદરૂપ પડી છે એ તારી લક્ષ્મી છે. એની શ્રદ્ધાસ્વભાવરૂપ, શ્રદ્ધા નિર્મળરૂપ, શ્રદ્ધા પરિણમનરૂપ આખા આત્માનું પરિણમન થવું એમાંથી. એ તો શુદ્ધ પરિણમનસ્વરૂપ થયું. જ્યાં સુધી રાગની એકતા અને રાગથી લાભ માનતો હતો ત્યાં સુધી તો એકલી અશુદ્ધતાનું જ પરિણમન હતું. સમજાય છે કાંઈ? માર્ગ એવો છે. લોકોને (સાંભળવા મળ્યો નથી). એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી.

હવે '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' સાત પદાર્થ—જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, એની શ્રદ્ધા એ જીવાદિ પદાર્થની નિર્વિકલ્પ શ્રદ્ધા, એ શ્રદ્ધારૂપી સ્વભાવ (પરિણમે) એ જ્ઞાનરૂપ સ્વભાવ. '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' જીવાદિ પદાર્થનું જ્ઞાન અંતરમાં આત્માના અવલંબનથી જે જ્ઞાનનું થવું અર્થાત્ આત્માના જ્ઞાનસ્વભાવરૂપે પરિણમન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો, આ રવિવારનો અધિકાર ઝીણો આવ્યો. સવારે કો'ક કહેતા હતા, ઠીક આવ્યું આ. ભાઈ કહેતા હતા, ચીમનભાઈ. આહા..! આ તો ભાવનગર છે આત્મા. જેમાં ઉપાધિનો મેલ નહિ, ઉપાધિનું ઋણ નહિ.

અનંત અનંત જ્ઞાન ને દર્શન ને આનંદ એનાથી બિરાજમાન પ્રભુ એ આત્માની સાત

પદાર્થરૂપ જ્ઞાનનું થવું, એ જ્ઞાનરૂપ પરિણમન થવું, આખા આત્માનું જ્ઞાન એમાં થવું, સ્વસંવેદન થવું, સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ. જ્ઞાનનું પ્રત્યક્ષ થવું. આખા આત્માનું નિર્મળ પ્રત્યક્ષ જ્ઞાનરૂપે પરિણમવું એનું નામ ભગવાન જ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ? ન્યાં કાંઈ સમજાય એવું નથી ઘરે. રાજેન્દ્રજી! ન્યાં મોં-માથુ હાથ આવે એવું નથી. ન્યાં ઈંજેક્શન લગાવવાની વાતું કરે. આમ કરીએ ને ઢીકણું કરશું. આહા..! વ્યાખ્યા તે વ્યાખ્યા પણ!

ભગવાન આત્માનું જીવાદિ પદાર્થોના જ્ઞાન ઈ સ્વનું જ્ઞાન તેમાં હોં! સાતનું નહિ. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આ બધા વિલાયતી ભણ્યા, આ બધા સુમનભાઈ ને રામજીભાઈ વકીલાતના એ ભણતર એ જ્ઞાન નહિ, એ બધું અજ્ઞાન.

મુમુક્ષુ :— કુજ્ઞાન.

ઉત્તર :— અજ્ઞાનનો અર્થ જ થયો કુજ્ઞાન. એ.. પોપટભાઈ! આ તમારા ઓલા લાદીવાળા ... કલર કરવું ને દાણા નાખવા ને આમ કરીને સરખું (આમ કરવું). એ.. રતિભાઈ! એ બધું જ્ઞાન, અજ્ઞાન કુજ્ઞાન છે.

મુમુક્ષુ :— વેપાર ચાલે છે.

ઉત્તર :— વેપાર ચાલે છે, ઈ બહાર ચાલે છે, ઘરમાં ક્યાં ચાલે છે? એના ઘરમાં તો કુજ્ઞાન ચાલે છે. બીજું બીજાના ઘરે ચાલે છે. તમારા ઘરે છે? એ તો એની જડની પર્યાય છે. કુજ્ઞાન તો આત્મામાં પોતાના સ્વરૂપનું અભાન થઈને મિથ્યાજ્ઞાનપણે, મિથ્યાશ્રદ્ધાની સાથે પરિણમન થવું, અશુદ્ધપણાનું જ્ઞાનમાં પરિણમન થવું તે અજ્ઞાન (છે). અને આત્માનું, આત્માની શ્રદ્ધા, જ્ઞાનનું અથવા નવ તત્ત્વનું, નવ એટલે જીવતત્ત્વ અભેદ છે એનું જ્ઞાનસ્વભાવે આત્માનું થવું... છેને? જ્ઞાનનું થવું એટલે આત્માનું થવું. એમ.

'**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' જ્ઞાનસ્વભાવરૂપ, એ પરનું જ્ઞાન એ વિભાવજ્ઞાનસ્વરૂપ. શાસ્ત્રનું જ્ઞાન એ વિભાવજ્ઞાનસ્વરૂપ. ઓહો..હો..! ભગવાનનો માર્ગ શું છે, કોઈ દિ' સાંભળ્યો નહિ, સમજ્યો નહિ અને એમને એમ, ચાલો, જિંદગી ચાલી જાય છે. આહા..હા..! એનું નામ જ્ઞાન, આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. આત્માની સન્મુખ થઈને એ પદાર્થનું જ્ઞાન, એ જીવનું જ્ઞાનપણે અંદર પરિણમન થવું અથવા આખા આત્માનું જ્ઞાનપણે-સ્વસંવેદનપણે થવું એનું નામ ભગવાન જ્ઞાન (કહે છે), એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

હવે ચારિત્ર. ચારિત્ર કોને કહે છે? '**રાગાદિના ત્યાગસ્વભાવે...**' પંચ મહાવ્રત એ ચારિત્ર નહિ. પંચ મહાવ્રત તો રાગ છે. '**રાગાદિના ત્યાગસ્વભાવે...**' ઝીણી વાત છે, ભાઈ! આત્મામાં એ રાગનો વિકલ્પ જે છે, પંચ મહાવ્રતાદિ, એવા રાગાદિના ત્યાગસ્વભાવે—અપોહસ્વરૂપ. રાગના ત્યાગસ્વભાવે. આહા..હા..! '**જ્ઞાનનું થવું...**' ભગવાન આત્માનું રાગના ત્યાગસ્વભાવરૂપ પરિણમન થવું એ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા કેવી?

એ.. તારાચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહા..હા..! એના ઘરનું જ્ઞાન થવું, પર ઘરનું નહિ એમ કહે છે.

જેમાં પોતાની જ્ઞાનપર્યાયમાં નિજ સ્વભાવનું જ્ઞાન થવું અને આખું દ્રવ્ય આત્મા એ જ્ઞાન પરિણમન અર્થાત્ સ્વભાવરૂપ પરિણમન જ્ઞાનનું થવું, જેમાં વિકલ્પ નામ રાગનો સંબંધ નહિ, વ્યવહારજ્ઞાનનો જેમાં સ્પર્શ નહિ. સમજાય છે કાંઈ? અધિકાર સૂક્ષ્મ છે. જેમાં વ્યવહારુ શાસ્ત્રનું જ્ઞાન, એનો પણ જેને સ્પર્શ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? સાંભળીને, વીતરાગ વાણી કે શાસ્ત્ર સાંભળીને જે અંદર જ્ઞાનમાં ખ્યાલ આવે છે એ તો સાંભળવાની પર્યાય એ સાંભળવું એ તો જડ પર્યાય છે, એમાં જ્ઞાનપર્યાય થઈ એ પણ જ્ઞાન નહિ. એના ત્યાગસ્વભાવરૂપ ચારિત્ર. એના ત્યાગસ્વભાવરૂપ. આહા..! રાગની ઉત્પત્તિ ન થવી અને શાંતિની ઉત્પત્તિ થવી.

'સમામૃત સેઈએ.' છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા', 'રાગ આગ દાહ દહે સદા' છ ઢાળામાં આવે છે. રાગ ચાહે તો શુભ હો, મહાવ્રતનો રાગ, 'રાગ આગ' આગ—અગ્નિ, 'દાહ' બળતરા—દુઃખ, 'દહે સદા' રાગ તો અગ્નિ દહન છે, દહન છે. આહા..હા..! એ રાગના ત્યાગસ્વભાવરૂપ. કષાયરૂપી અગ્નિ, મહાવ્રત આદિ પરિણામ એ તો કષાયરૂપી અગ્નિ છે. આહા..હા..! આ તે વાત સાંભળતા પણ... ભગવાનની ભક્તિ, મહાવ્રતના પરિણામ, નામસ્મરણ એ બધો રાગ છે. એ રાગના ત્યાગસ્વભાવરૂપ આત્માનું પરિણમન થવું, આખા આત્માનું. છે? આહા..હા..!

'**રાગાદિના ત્યાગસ્વભાવે...**' રાગાદિ, દ્વેષાદિ કે વિકલ્પ આદિ. ત્યાગસ્વભાવરૂપ '**જ્ઞાનનું થવું....**' ભગવાન આત્માનું અરાગી વીતરાગી પરિણમન થવું, આખો આત્મા વીતરાગસ્વરૂપ છે એવું જ વીતરાગી પરિણમન થવું એનું નામ ચારિત્ર છે. નગ્નપણું એ ચારિત્ર નહિ. એ તો જડની પર્યાય છે. પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ, એ તો ચારિત્રમાં દોષ છે. સમજાય છે કાંઈ? એ '**રાગાદિના ત્યાગસ્વભાવે...**' રાગની ઉત્પત્તિનો અભાવ અને એના સ્થાનમાં વીતરાગ આનંદની ઉત્પત્તિનો સદ્ભાવ એવા જ્ઞાનનું થવું, આત્માનું થવું. આખો આત્મા વીતરાગ પરિણતિ રૂપે થવો એ ચારિત્ર છે. સુચારિત્ર. સુસમ્યગ્દર્શન, સુજ્ઞાન અને સુચારિત્ર. આહા..! આવી ધર્મકથા કેવી? ધર્મકથા આવી છે. જેમાં વીતરાગતા ઉત્પન્ન થાય એ ધર્મકથા. એમાં રાગ કરવાનું કહેવું (આવે) એ ધર્મકથા નહિ. ધર્મ તો વીતરાગભાવ છે. વીતરાગભાવમાં સમ્યગ્દર્શન થવું, વીતરાગભાવમાં સમ્યક્જ્ઞાન થવું, વીતરાગભાવમાં સમ્યક્ચારિત્ર થવું. આ ત્રણની વ્યાખ્યા. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. સુજાનમલજી! આમ જ એણે માનવું પડશે.

મુમુક્ષુ :— આ બધી મોટી ડિગ્રીની વાત છે.

ઉત્તર :— મોટી પહેલી ડિગ્રીની વાત છે. પહેલી ડિગ્રીની વાત છે. પ્રથમ. એની વાત છેને.

પહેલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જેમાં સિદ્ધપર્યાય પણ અનંતી પડી છે અંદરમાં, એવી પર્યાયનો પિંડ આખા ગુણ અને દ્રવ્ય એવો ભગવાન એમાં પર્યાય, એની પર્યાયમાં રાગાદિના અભાવસ્વભાવરૂપ પરિણમન થવું. આહા..હા..! નગ્નપણાના નિમિત્તનો અભાવસ્વભાવ અને રાગનો અભાવસ્વભાવ. ... સમજાય છે કાંઈ? એને ભગવાન ચારિત્ર કહે છે. અને એ ચારિત્ર વિના મુક્તિનું કારણ યથાર્થ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આજે તો રવિવાર છે, ત્રણ વ્યાખ્યા સારી આવી.

મુમુક્ષુ :— કાલના વ્યાખ્યાનમાં અને આજના વ્યાખ્યાનમાં તો ઘણો ફેર પડી ગયો.

ઉત્તર :— ફેર પડી ગયો? કાલે તો શરૂ થયું હતું. શરૂ થયું હતું, વિસ્તાર તો અહીં આવ્યો.

શુદ્ધ ચૈતન્યઘન વીતરાગસ્વરૂપ આત્મા, એમાં વીતરાગી પરિણતિથી એકાગ્ર થવું.. આહા..હા..! એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. શેઠ! આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય એટલે જે તે નારાયણ! જય નારાયણ! સાંભળ્યું જ નથી. આહા..હા..! બીડીમાં તમાકુની જાત કેવી કેવી હોય એ સાંભળ્યું છે કે નહિ? શું કહેવાય જે તમાકુ ગંધાય? તમાકુની ઘણી જાત આવતી. ... અહીં આવે તો ગંધાય. અમે તો તમાકુ જિંદગીમાં કદી પીધી નથી. બીડી જિંદગીમાં પીધી નથી. ગંધ એવી મારે. ભલે સારી તમાકુ પીને આવ્યા હોય. જરી નજક જાય તો ગંધાય. આહા..હા..! એમ રાગની ગંધ આવે છે અંદરમાં, કહે છે. એ દુર્ગંધ છે. આનંદની ગંધ આવવી એ આત્માની પર્યાય છે. આહા..હા..! વસ્તુ એવી છે. આહા..!

ચોર્યાશીના અવતાર ભાઈ! હરણ હોય આમ હરણ. હરણ સમજ્યા? મૃગ. સિંહ આમ આવે. એક ફેરી જોયું હતું બોટાદમાં. ચીતળમાં. બકરાનું બચ્ચુ આવડું હતું. જુદું પડી ગયેલું. એમાં આવ્યો કૂતરો મોટો. કૂત્તા કૂત્તા. અમે જંગલમાં ગયા હતા એકલા. કૂતરાને જોઈને આમ થઈ ગયું. મારશે, હવે મારી નાખશે. બચ્ચુ નાનું. બકરુ બકરુ સમજો છો? ઘેટા ઘેટા, શું કહે છે? કોણ સાંભળે ત્યાં? આહા..! આમ ઝપટ મારી ત્યાં તૂટી ગયો કટકો. ઘણી વાર તો આંખ જ આમ થઈ ગઈ હતી. ... ત્યાં તો ઓલો આવ્યો. મરણ નજીક છેને. 'તેતર ઉપર બાજ, મીન ને બગલો રે, તારી કંચનવરણી કાય કરી દેશે ઢગલો.' ઢગલા ... ડૉક્ટર અને વૈદો જોયા કરશે બધા. આવીને જોવે. રાજેન્દ્ર! જોવે આમ. બધા પૈસાના લોભિયા હોય, આવે. કાંઈક કરો, કરો, કરો. શું? પૈસા મળે. મરવાની તૈયારી હોય તોપણ કાંઈક કરો.

મુમુક્ષુ :— કોઈક સોમાંથી એકાદ બચી જાય.

ઉત્તર :— બચ્યા, ધૂળેય બચતા નથી. આહા..હા..! કહ્યું હતુંને? પ્રાણભાઈ કહેતા હતા.

પ્રાણજીવન ડૉક્ટર, જામનગર. અઢી હજારનો માસિક પગાર. તે દિ' તો અઢી, તમારા જેવું ક્યાં છે? અત્યારે ત્રણ, ચાર હજાર છે. ઈ કહેતા હતા, અમે જઈએ ત્યારે છેલ્લો શ્વાસ હોય એનો. મરવાની તૈયારી. અમે જઈએ. સો રૂપિયા લઈએ. અમારા ખ્યાલમાં હોય કે આ બચશે નહિ. પણ અમે કહીએ, વાંધો નહિ આવે. ઈ કહેતા હતા બિચારા, હોં! પ્રાણજીવન ડૉક્ટર. હમણા આવ્યા હતા, નહિ ક્યાંક? મળ્યા હતા, નહિ? પ્રાણજીવન ડૉક્ટર. મુંબઈ કે રાજકોટ? ક્યાંક આવ્યા હતા. ઈ કહેતો હતો બિચારો. (સંવત) ૧૯૯૦ની સાલમાં એને અઢી હજારનો પગાર માસિક. ૯૦, ૯૦. કેટલા વર્ષ થયા? ૩૮-૩૯ વર્ષ. કહેતા હતા, અમે જઈએ. એક એનો સાઢુભાઈ, ઓલા ગિરજાશંકર, મોરબીવાળા, દફ્તરી. એને અઢી હજારનો પગાર. બેય સાઢુ આવ્યા હતા. આહા..હા..! કીધું, વાંચ્યું છે તમે કાંઈ? હા, એક ધર્મી હતો વાંચનવાળો. એ ધર્મી હતો એટલે એ પરદેશ ગયા ધર્મી. ધર્મી માણસ પરદેશ ગયા. પાછળ એનો દીકરો ગુજરી ગયો અને એને સંભળાવ્યું કે તમારો દીકરો ગુજરી ગયો છે. નહિ, અમે ધર્મી, અમારો દીકરો મરે નહિ. એવું વાંચ્યું છેને તમે? કીધું. તમારા વાંચનમાં મીંડા છે. ધર્મીને દીકરા કેવા? મરીયે જાય, દેહની સ્થિતિ પૂરી થઈ હોય તો. એમાં શું છે?

વાસુદેવ જેવા બળદેવ ઉપાડીને ચાલ્યા, લ્યો. વાસુદેવ સમકિતી છે. બળદેવ. છતાં વાસુદેવને ઉપાડે છે. ધર્મીનો દીકરો મરે નહિ એવી અમારી અંતરની શ્રદ્ધા છે. ધર્મીની એવી શ્રદ્ધા હોતી જ નથી. ખોટી શ્રદ્ધા છે. ધર્મીને દીકરો જ ક્યાં છે? દીકરો પર છે. અલ્પ સ્થિતિ હોય તો દેહ છૂટી જાય. બધું છૂટી જાય અને એકલો રહે. એમાં છે શું? સમજાય છે કાંઈ? ધર્મને કારણે દીકરો મરે નહિ, તમને ધર્મની ખબર નથી. બે બે હજારના પગાર અને થોથા લઈને બેઠા. ૯૦ની વાત છે. ૯૦ની સાલ. ત્યારે તો આમાં હતા. સમજાણું કાંઈ? આહા..હા..!

જેનામાં વીતરાગ પરિણતિ થઈ એ બહારમાં કેવો હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! રાગ મરી ગયો છે અને વીતરાગ પરિણતિ ઉત્પન્ન થઈ છે. એનું નામ ચારિત્ર છે. એનું નામ ધર્મ છે અને એનું નામ ધર્મી છે. સમજાય છે કાંઈ? લ્યો. ત્રણ થઈ ગયા. ત્રણની વ્યાખ્યા આ. આહા..હા..!

**'તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (—પરિણમન)** છે. અર્થાત્ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને જ્ઞાનસ્વભાવની સાથે અનંતા ગુણો સાથે અવિનાભાવ, સાથે રહે છે એવા અનંત ગુણનું શુદ્ધ રૂપે પરિણમન એને જ્ઞાનનું ભવન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**તેથી...**' તેથી નામ એ કારણે. '**તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન)** છે.' એ તો ચૈતન્યપ્રભુ નિર્મળ એનો જ ભાવ છે. એ કોઈ રાગ કે શરીરનો ભાવ નથી. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને!

હેં? આવી ટીકા ભરતક્ષેત્રમાં દિગંબરમાં બીજે આવી ટીકા નથી, લ્યો. અન્યમાં તો હોય શેની? અન્યમાં તો હતું ક્યાં? દિગંબરમાં આ ટીકા. દેખો, કેટલા ભાવ અંદર વાચ્ય ભરી દીધા છે! આહા..હા..! ગંભીર. આટલી પંક્તિમાં કેટલી ગંભીરતા! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— આપની અંતરની ગંભીરતા...

ઉત્તર :— પણ 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર'. વાત તો એવી છે. આહા..હા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. સમ્યગ્દર્શન—તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન એ આ. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. એ તત્ત્વાર્થ—નવ તત્ત્વનું આત્મામાં શ્રદ્ધાસ્વભાવે આત્માનું શુદ્ધનું પરિણમન થવું તેનું નામ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન કહે છે. ઈ તો દસલક્ષણીપર્વમાં બહુ આવે છે. તત્ત્વાર્થસૂત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી, તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. હાંકે જાય ઘડિયો. એક એક અધ્યાય પૂરા કરવા હોય. સાત અધ્યાય વાંચી જાય પછી. આહા..હા..! દેખો! પોણો કલાક તો થયો. ત્રણ છેને ત્રણ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એક એકમાં પા પા કલાક થયો. આહા..હા..!

અંતર સ્વરૂપ ભગવાન આત્મા, પુણ્ય અને પાપનો અધિકાર ચાલે છેને, તો પુણ્ય પરિણામરૂપી જે રાગ તેનાથી પોતાનો સ્વભાવ અબદ્ધ ભિન્ન છે, એ સાત પદાર્થની શ્રદ્ધારૂપ આત્મામાં અબદ્ધસ્વભાવી આત્મામાં શ્રદ્ધાસ્વભાવરૂપ આત્માનું શુદ્ધરૂપ પરિણમન થવું એ સમ્યગ્દર્શન અને આત્મામાં જીવાદિ પદાર્થોનું જ્ઞાનસ્વભાવરૂપ પરિણમન થવું આત્માનું એનું નામ સમ્યક્જ્ઞાન અને રાગાદિના ત્યાગસ્વભાવરૂપ આત્માનું પરિણમન થવું તેનું નામ ચારિત્ર. કહો, સમજાય છે કાંઈ? એ.. રજનીભાઈ! આ બધું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં. પથરા ન્યાં કરે છે. વેપાર વેપાર પથરાનો. તમારે પથરાનું જુદું કર્યું છે? ભેગું. શું કહેવાય ઈ? લાદી કહેવાયને લાદી? લાદી. આહા..હા..! અહીં તો લાદીનો વેપાર તો જડમાં થાય છે પણ અંદર દયા, દાનના પુણ્ય પરિણામ એ પણ અચેતનમાં થાય છે. ચેતન જાગ્રત થઈને પોતાની પર્યાયમાં શુદ્ધ શ્રદ્ધા સ્વભાવરૂપ, શુદ્ધ જ્ઞાનરૂપ અને રાગાદિ ત્યાગરૂપ પરિણમન થવું એનું નામ મોક્ષમાર્ગ છે. આ તો પહેલી વ્યાખ્યા છે. આહા..! સમજાય છે કાંઈ?

'તેથી...' કહ્યુંને? '**એકલું જ્ઞાનનું...**' એકલું જ્ઞાનનું એનો અર્થ શું? સાથે રાગનું નહિ, એમ. વ્યવહાર રત્નત્રયનો જે રાગ છે એ નહિ. એક જ્ઞાનનું જ પરિણમન છે, આત્મદ્રવ્યનું જ પરિણમન છે. શુદ્ધ ચૈતન્ય અમૃતનો સાગર પ્રભુ, અમૃતનું સરોવર અંદરથી ઊછળે છે. તરંગ ઉઠે છે અંદરથી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના. એ આત્માનું ત્રણેમાં પરિણમન થવું એનું નામ મોક્ષમાર્ગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ જન્મ-મરણના અંતની દશા છે. ચોર્યાશીના અવતાર.. એક રોગ આવે અને છ મહિના જો ચાલે, બાર મહિના ચાલે તો રાડ નાખે.

અર..ર..ર..! આ તો અનંત કાળનો મિથ્યાત્વનો રોગ છે. હેં?

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, વિચાર ઔષધ ધ્યાન.

આત્મસિદ્ધિ. રંજનભાઈ! આત્મસિદ્ધિ વાંચી છે કોઈ દિ'? વાંચીયે નથી કોઈ દિ'? મળી છે કે નહિ? તમારે ત્યાં ઘરે તો આપી હતી. આત્મસિદ્ધિ આપણે ચોપડી છેને? ઈ કહે છે. ... નાની છે. છપાણી છે. ૧૪૨ શ્લોક છે. અર્થ નથી પણ એમાં, હોં! અર્થ ભાઈ તમારે ત્યાં હશે. આત્મસિદ્ધિની વ્યાખ્યા. ૯૫માં વ્યાખ્યાન આવ્યા. લાવો, ... કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! કેવી વ્યાખ્યા છે જુઓને!

અમૃતસાગર ભગવાન આત્મા એની અંતરમાં શ્રદ્ધાસ્વભાવ રૂપે અમૃતનું વહન થવું. સરીતા જેમ ઉછળે છે, પાણીના પ્રવાહથી, એમ ભગવાન અમૃત-સરીતાથી ભરેલો છે એની શ્રદ્ધાસ્વભાવમાં અમૃતનું વહન, જ્ઞાનસ્વભાવમાં અમૃતનું વહન, શાંતિ અને અમૃતનું વહન... આહા..હા..! એનું નામ પરમાત્મા તીર્થંકરદેવ મોક્ષમાર્ગ કહે છે. એ મોક્ષમાર્ગ થયા વિના કદી જન્મ-મરણના અંત આવતો નથી.

ક્રિયાકાંડ કરીને મરી જાય. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' છ ઢાળામાં આવે છે. અર્થની ખબર ન હોય. હાંકે રાખે ગાવા. ગાવામાં ... કહેવાય. 'મુનિવ્રત ધાર...' અનંત વાર નગ્નપણું દિગંબર થયો. પંચ મહાવ્રત લીધા, મુનિવ્રત ધાર્યાંને? પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ. 'અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' નવમી ગ્રૈવેયક ગયો. 'પૈ આતમજ્ઞાન બિન' જ્ઞાનનું ભવન અને જ્ઞાનના અનુભવ વિના એનો અંશ એને આવ્યો નહિ. મહાવ્રતના પરિણામ એ રાગ ને આકુળતા ને દુઃખ છે. આ ત્રણ ગુણની પર્યાય જે છે એ આનંદરૂપ છે, સુખરૂપ છે. ત્રણેમાં આત્માની શાંતિનો સ્વાદ છે. આહા..હા..!

તેથી '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું...**' ચૈતન્ય ભગવાનના નિશ્ચયથી થયેલું પરિણમન છે. દેખો! 'જ' શબ્દ પડ્યો છે. '**માટે..**' આ કારણે '**જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.**' આત્માનો શુદ્ધ સ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ જ્ઞાનનું પરિણમન એકલું, એને જ્ઞાન કહે છે. રાગનો સંબંધ એમાં નથી. વિકલ્પનો સંબંધ, રાગનો સંબંધ નહિ. '**માટે જ્ઞાન જ પરમાર્થ...**' નામ વાસ્તવિક '**મોક્ષકારણ છે.**' આત્મા જ મોક્ષનું કારણ છે. જ્ઞાનનો અર્થ આત્મા. અને પુણ્ય આદિના પરિણામ એ આત્મા નહિ, એ તો રાગ છે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :— આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે.**' ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ, જાણનસ્વભાવ એ અસાધારણ છે. એવો બીજો કોઈ ગુણ નથી. આત્મામાં અનંત ગુણ છે પણ અનંત ગુણ પોતાનું અસ્તિત્વ રાખે છે, સત્તા, પણ એ ગુણ હું છું, એવું

ગુણને જ્ઞાન નથી. એ જ્ઞાનમાં જ જ્ઞાન છે. સમ્યક્ચારિત્ર, આનંદ આદિ ગુણ આત્મામાં અનંત છે પણ એ અનંત ગુણ પોતાને નથી જાણતા. જ્ઞાનગુણ એક એવો છે કે જે પોતાને જાણે અને બીજાને જાણે. સમજાય છે કાંઈ? શ્રદ્ધાગુણમાં સ્વને જાણવાની અને પરને જાણવાની શક્તિ નથી. જ્ઞાનગુણમાં એવી શક્તિ છે, જાણનશક્તિ, એ સ્વને જાણે અને પરને પણ જાણે.

તો કહે છે, '**આત્માનું અસાધારણ...**' અસાધારણ નામ બીજી કોઈ ચીજ નહિ. એક જ સ્વરૂપ જ્ઞાન જ છે. પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ જ્ઞાનસ્વભાવી પ્રભુ. '**વળી આ પ્રકરણમાં જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે.**' આ અધિકારમાં, પ્રકરણ એટલે અધિકાર, જ્ઞાનને જ એટલે કે આત્માના શ્રદ્ધાનસ્વરૂપ જે જ્ઞાન છે એ જ્ઞાનને જ પ્રધાન મુખ્ય કરીને વ્યાખ્યાન કર્યું છે. બીજા ગુણ એમાં લીધા નથી. જ્ઞાનગુણ લીધો છે. '**તેથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે...**' ત્રણે રૂપ ભગવાન આત્મા નિર્દોષ શુદ્ધ સ્વભાવી, એ જ નિર્દોષ શુદ્ધ સ્વભાવરૂપે પરિણમન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

શ્રદ્ધાસ્વભાવરૂપ પરિણમન એ આત્માનું શુદ્ધ જ્ઞાનરૂપ પરિણમન છે. જ્ઞાનરૂપ પરિણમન એ આત્માના જ્ઞાનસ્વરૂપ પરિણમન છે. રાગાદિના ત્યાગરૂપ ચારિત્રનું પરિણમન એ પણ જ્ઞાન નામ આત્મારૂપ પરિણમન છે, કોઈ રાગનું પરિણમન નથી. સવારે ઝીણું, અત્યારે ઝીણું પાછું. સવારે ભાવ ને આ ને તે.. પછી આવ્યાને ભાઈ? સવારમાં નહોતાને ભાઈ? પછી આવ્યા. આહા..હા..! જાત્રા જાય એટલે હો.. હા થાય. કેવી મઝા પડે, લ્યો! શેત્રુંજય આટલો સંઘ કાઢ્યો, સાથે કાંતિભાઈ, ફલાણા ભાઈ, આને ચડાવ્યા .. મોઢાઆગળ.. હો.. હા.. એમ લાગે કે આહા..! ભારે ધર્મી ભાઈ! જાત્રા કાઢી. એણ કે તે દિ' એમ માનતા હતા. બાપુ! એ તો રાગ છે. શુભરાગ હોય, વિભાવ પુણ્ય છે, બસ! જો બહારમાં દેખાવ માટે કે દુનિયામાં મોટપ માટે ન કરતા હોય તો. દુનિયામાં દેખાવ અને મોટપ માટે કરતા હોય તો તે પાપ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અમે જાત્રા કાઢી, પચાસ હજાર ખર્ચ્યા, આટલા બધામાં અગ્રેસર થયા. ચાલો ભાઈ! એવા માન માટે કરતો હોય તો શુભભાવ પણ નથી.

મુમુક્ષુ :— અજ્ઞાનીને મુખ્યપણે એ જ હોય.

ઉત્તર :— મુખ્યપણે એ જ લક્ષ હોય છે. એને આત્મા તો લક્ષમાં છે નહિ. આહા..હા..! સંઘપતિ ને (ફલાણા) પતિ.

કહે છે, '**એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે...**' શું કહ્યું? જ્ઞાન જાણન.. જાણન સ્વભાવ એ આત્મા જ છે, અભેદથી આત્મા જ છે. '**એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી.**' જાણન તે આત્મા એમ કહેવામાં વિરોધ નથી.

મુમુક્ષુ :— રાગને આત્મા...

ઉત્તર :— રાગને આત્મા કહો, પુણ્યને આત્મા કહો તો વિરોધ છે. કારણ કે એમાં રાગાદિ નથી.

**'માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.'** લ્યો. જ્ઞાન તે આત્મા, ચૈતન્ય-સૂર્યપ્રકાશ તે આત્મા. જેમ સૂર્યપ્રકાશ એ સૂર્ય, એમ ચૈતન્યપ્રકાશ એ આત્મા. એમ જ્ઞાનને જ આત્મા કહીને અભેદથી કથન કર્યું છે. એ આત્માને જ જ્ઞાન કહે છે અને એ આત્મા શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમે તે આત્મા પરિણમે છે. જ્ઞાન પરિણમે છે નામ આત્મા પરિણમે છે. એનું નામ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૫૬

अथ परमार्थमोक्षहेतोरन्यत् कर्म प्रतिषेधयति –

मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।
परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।
मुक्त्वा निश्चयार्थं व्यवहारेण विद्वांसः प्रवर्तन्ते।
परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो विहितः।।१५६।।

यः खलु परमार्थमोक्षहेतोरतिरिक्तो व्रततपःप्रभृतिशुभकर्मात्मा केषाञ्चिन्मोक्षहेतुः स सर्वोऽपि प्रतिषिद्धः, तस्य द्रव्यान्तरस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्याभवनात्; परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात्।

---

હવે પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

ગાથાર્થ :— **[निश्चयार्थं]** નિશ્ચયનયના વિષયને **[मुक्त्वा]** છોડીને **[विद्वांसः]** વિદ્વાનો

[व्यवहारेण] વ્યવહાર વડે [प्रवर्तन्ते] પ્રવર્તે છે; [तु] પરંતુ [परमार्थम् आश्रितानां] પરમાર્થને (આત્મસ્વરૂપને) આશ્રિત [यतीनां] યતીશ્વરોને જ [कर्मक्षयः] કર્મનો નાશ [विहितः] આગમમાં કહ્યો છે. (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી.)

ટીકા :-- પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી, માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.

ભાવાર્થ :— મોક્ષ આત્માનો થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ? શુભ કર્મ પુદ્ગલસ્વભાવી છે તેથી તેના ભવનથી પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે; માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી. જ્ઞાન આત્મસ્વભાવી છે તેથી તેના ભવનથી આત્માનું ભવન થાય છે; માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.

---

## પોષ સુદ-૧૧, સોમવાર, તા. ૧૫-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૬, પ્રવચન-૨૮૫

... સમજાય છે કાંઈ? .... ૧૫૫ ગાથા પૂરી થઈ. હવે

'હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ...'નું કાર્ય શુભભાવ 'તેનો નિષેધ કરે છે :—' ૧૫૩.

मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।
परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।
વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

'અન્વયાર્થ :— નિશ્ચયનયના વિષયને છોડી...' મહાગાથા સિદ્ધાંત છે જુઓ! ભગવાન

આત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર આનંદધામ એનો આશ્રય કરીને જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એ નિશ્ચયનયના વિષયને છોડી. એની દરકાર છોડી દે છે, નિશ્ચયની કારણની. **'વિદ્વાનો વ્યવહાર વડે પ્રવર્તે છે;....'** વિદ્વાન થઈને એમાંથી વ્યવહાર કાઢે. જુઓ! આ વ્યવહાર કહ્યો છે, આ વ્યવહાર કહ્યો છે. આ વિદ્વાનોનું આવ્યું ... **'વિદ્વાનો વ્યવહાર વડે...'** એ શાસ્ત્રમાં જે વ્યવહાર કહ્યો એને કાઢે કે જુઓ! આ વ્યવહાર કહ્યો છે, આ વ્રત, નિયમને કારણ કહ્યાં. જુઓ! સાધન કહ્યું. એમ કહીને વિદ્વાનો-અજ્ઞાની પોતાના સ્વાશ્રિત--સ્વરૂપનો આશ્રય છોડી દઈ અને પરાશ્રિત જે તપ, વ્રત, શીલ, નિયમ વગેરે ક્રિયાઓ જે શુભભાવની એમાં પ્રવર્તે છે.

**'પરંતુ પરમાર્થને (—આત્મસ્વરૂપને) આશ્રિત...'** પરમાર્થ એવો ભગવાન આત્મા એને આશ્રિત થયેલી નિશ્ચયક્રિયા—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પરિણતિ એને આશ્રયે **'યતિશ્વરોને જ કર્મનો નાશ...'** થાય છે. વ્યવહારમાં વર્તે તે મુનિ નહિ, કહે છે. શાસ્ત્રમાં નિશ્ચય અને વ્યવહારના બેય કથનો આવ્યા એનાથી વિદ્વાનો બુદ્ધિવાળા સંસ્કૃત આદિ ભણેલા હોય (ઈ એમ કાઢે), જુઓ! આ વ્યવહાર કહ્યો, અહીં વ્યવહાર કહ્યો છે. ... આત્માના આશ્રયને છોડી પૂર્ણ આનંદધામ ભગવાન એના દ્રવ્યસ્વભાવની જે ક્રિયા શુદ્ધ ચૈતન્યની પરિણતિ વીતરાગી દશા એને છોડીને વિદ્વાન નામ ધરાવનારા, પંડિતો નામ ધરાવનારા વ્યવહારમાં પ્રવર્તે એને ધર્મ નથી. આમાં તો..

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વિદ્વાન હોય એની વાત છે. આહા..હા..! અહીંનું તો બધાને એ લાગે છે, ધમાલ... ધમાલ.. ધમાલ... ઓલો રાજારામ નહોતો? ભોપાલનો છેને? ...

મુમુક્ષુ :— પહેલા તો આ મતનો હતો.

ઉત્તર :— પહેલા, પછી તો વિરુદ્ધ થઈ ગયો. વિરુદ્ધ છે ... પરિષદને ભલામણ કરી છે કે બીજા જે અન્યથાવાદીઓ છે એમ સોનગઢવાળા જૈન દિગંબરથી અન્ય છે માટે આક્રમણ બરાબર કરવું જોઈએ... જૈનતીર્થમાં છે. વાત ઈ છે કે ઓલી બહારની ક્રિયા છેને, લુગડા ફેરવ્યા હોય, કાંઈક વ્રતાદિના પરિણામ અજ્ઞાનમાં માન્યા હોય, એનું કાંઈ વજન આવે નહિ. એનું વજન આવે કે ઈ કરે ઈ અજ્ઞાન છે, કર્તા થાય ઈ. આહા..હા..! એ... જેઠાભાઈ!

મુમુક્ષુ :— નહિ કરવાવાળા કરતા તો સારા છે.

ઉત્તર :— નહિ કરવાવાળા કરતા મિથ્યાદૃષ્ટિ સારા છે. રાગ કરવો, શુભ કરવું અને શુભથી લાભ થવો (એમ માનનાર) તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. શું છે? જુઓ!

**'નિશ્ચયનયના વિષયને છોડીને...'** પોતાનો નિજ સ્વભાવ એનો આશ્રય કરીને જે કલ્યાણ થાય એ વાત છોડી દે. એ નહિ, એ નહિ. એ નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય. પણ

આપણે સાધન કરવું છેને નિશ્ચયને પામવાનું માટે વ્યવહાર કરો. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય આવશે. એમ અજ્ઞાની વિદ્વાનો નિશ્ચયનો આશ્રય છોડી દઈને વ્યવહારમાં પ્રવર્તે પણ એનું વ્યવહારનું પ્રવર્તન બંધનું કારણ છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! અવિરતિ સમ્યગ્દષ્ટિ શુભ અશુભભાવ એને હોય, પણ એ માને છે કે આ બંધનું કારણ છે. મારો ભગવાન આત્મા સચેત ચૈતન્ય જાગૃતસ્વરૂપ એની જે શ્રદ્ધા, જ્ઞાનમાં જાગૃતિ થવી અને એમાં રમણતા એ મોક્ષનો માર્ગ માને. સમજાણું કાંઈ? અજ્ઞાની વ્યવહારના લખાણ શાસ્ત્રમાં ઘણા આવે, નિશ્ચયનું નિમિત્ત દેખી, હસ્તાવલંબ દેખી ઘણું કથન છે વ્યવહારનું. આવે છેને અગિયારમી ગાથામાં? અગિયાર ગાથા, ત્રણ બોલ.

ભાઈ! માર્ગ એવો છે. પછી એને ગમે તે રીતે કહો. કહે છે, જુઓ! ઈ તો વ્રત ને નિયમને કરવા નથી માટે અમે બંધના કારણ કહીને (નિષેધ કરીએ છીએ). પણ એ વ્રત ને નિયમ, તપ તો રાગ મંદ હોય તો શુભ પરિણામ છે, પુદ્‌ગલસ્વભાવ છે, ચૈતન્યસ્વભાવ નહિ. મૂળચંદભાઈ! આવું તત્ત્વ બહુ ઝીણું. અરે..! સંસાર રાગરૂપી ભાવ એ સંસાર છે. જેને રાગથી રહિત વિકલ્પથી રહિત ભગવાન આત્મા વસ્તુ તરીકે આનંદ ને શુદ્ધ ચૈતન્ય જ્ઞાનકંદ એનો આશ્રય કરીને જે ક્રિયા શુદ્ધ થાય એ શુદ્ધક્રિયા વીતરાગી એ મોક્ષનું કારણ છે. આહા..હા..! લોકોને એવું લાગે છે... કારણ કે લઈને બેઠા હોય એને તો એવું લાગે છે. ચાંદમલજીએ વળી કાઢ્યું છે. ઓલા ચાંદમલજી શેઠ છેને? ... એ કોઈ સારા પુસ્તક બનાવે તો ૫૦૧ રૂપિયા આપે છે. બાળકોને સમજાય એવા. એમાં એક જણાએ ... જેમાં ચારિત્રનું વર્તન સુધરે એવા હોવા જોઈએ. તમે બધાને માટે એમ કહ્યું... કોઈ ચારિત્ર વિનાની વાતું કરશે અને એના પુસ્તક બનાવશે તો બાળકના મગજ ઊંધા થશે. આહા..હા..! જે રીતે સમજવું હોય.. છેને એક? પૈસાવાળા બહુ, પૈસા બહુ ખર્ચે છે. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર (ખર્ચે છે).

મુમુક્ષુ :— એક પૂજાની પણ લખી છે.

ઉત્તર :— કરે ઈ તો. અહીંનો ફોટો રાખે ખાનગી એનામાં. શું કહેવાય? પૈસા મોકલે ઈ તમારી, તિજોરી. તિજોરીમાં અહીંનો ફોટો રાખે. એણે બિચારાએ એમ કહ્યું કે, બાળજીવોને કંઈક સમજાય એવી સાદી ભાષામાં પુસ્તક બનાવે... સમજ્યાને? તો વાંચશે, એને એક ઈનામ આપશું. પછી કોઈ સાધુને ઠીક ન પડ્યું એમાં. ... સોનગઢની શૈલીમાં તમે બધા બનાવો? હિંમતભાઈ! અહીં તો વીતરાગ વિજ્ઞાનના પુસ્તકો બહાર બહુ પડ્યા છે. સાહૂજીએ પોતે કહ્યું છે. એક એક એને મોકલો ગામદીઠ. એનો પણ વિરોધ કર્યો છે. અરે..! ભગવાન! પહેલી જ્યાં હજી અંદર દર્શનશુદ્ધિના ઠેકાણા નથી એના આચરણ-ફાચરણ.. બાળકથી એને સત્ય સમજાવવું જોઈએ. પહેલેથી અસત્ય સમજાવવું છે? અને અસત્ય સમજાવવાથી સંસ્કાર રહેશે?

ઈ તો સમજ્યો છે અનાદિથી. એને પહેલેથી એમ સમજાવવું જોઈએ કે તારા સ્વદ્રવ્યના આશ્રય વિના કલ્યાણ કોઈ રીતે બને નહિ. ભલે મંદિર હો, ભગવાન હો, સમવસરણ હો, શુભભાવ હો. આ બધી પાઠશાળાઓમાં આ શીખવવું જોઈએ. માંડ મનુષ્યપણું મળ્યું હવે ચાલ્યું જાય છે. આહા..હા..!

ફૂ થઈને ઊડી જશે. કોઈ બધા ઓળખીતા પણ સાથે નહિ આવે. બહારના ... કર્યા હશે એ મિથ્યાત્વ સાથે જાય. જાય દુર્ગતિમાં રખડવા ચોર્યાશીના અવતારમાં. જેને દર્શનશુદ્ધિની પહેલી શરૂઆત કેમ કરવી એના ઠેકાણા નહિ, એને શું જન્મ-મરણ મટે? સમજાણું કાંઈ? કારણ કે વિજ્ઞાન—વીતરાગી વિજ્ઞાનના વખાણ કર્યા છે શાસ્ત્રમાં. એકલા વિજ્ઞાનના ક્યાં વખાણ કર્યા છે. એ વાતું કરે સમયસારની, એ તો એકલું જ્ઞાન છે. શાસ્ત્રમાં વીતરાગવિજ્ઞાન આવે છેને? અને ઈ સમ્યક્જ્ઞાન છે ઈ અંદર દ્રવ્યને આશ્રયે વીતરાગી જ્ઞાન છે. આહા..હા..! અને સમ્યગ્દર્શન એ વીતરાગી દર્શન છે. એ.. ચેતનજી! એ તમારા .. આવ્યું છે આજ તો. ... બે-ત્રણ મહિને યાદ તો કરેને. ચોથે ગુણસ્થાનથી તમે વીતરાગદર્શન કહો કે વીતરાગતા (કહો) એ હોઈ શકે નહિ. વીતરાગતા સાતમેથી હો કાં અગિયાર-બારમાં હોય. પણ ધર્મની શરૂઆત જ વીતરાગ ભાવે છે. વીતરાગભાવ વિના ધર્મ કેવો? રાગ તો અનાદિ છે, એ કરે જ છે ઈ તો. આહા..હા..! ...

ભગવાન આત્મા... અશુભ વાસના, રૌદ્રધ્યાન, આર્તધ્યાન તો સમકિતીને પણ હોય, પાંચમા ગુણસ્થાને હોય, પણ એનો એને ખેદ છે. એની એને હોંશ નથી. અંદર આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદ એની હોંશ અને ઉત્સાહ ત્યાં છે. સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્ય આનંદઘન વીતરાગમૂર્તિ એને અવલંબે વીતરાગનો અંશ સમ્યગ્દર્શન, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન, વીતરાગભાવરૂપ સ્વરૂપ સ્થિરતા ત્યાંથી એની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? ઈ અહીં વિદ્વાનો વ્યવહાર કાઢીને પ્રવર્તે છે, કહે છે. નિશ્ચયને છોડી દે છે. એ તો નિશ્ચયની વાત છે, એ તો નિશ્ચયની વાત છે. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યના વખતમાં બે હજાર વર્ષ પહેલા. પંડિતજી! બે હજાર વર્ષ પહેલાની આ ગાથા છેને.

વિદ્વાન નામ ધરાવી અને વ્યવહારમાં પ્રવર્તે અને નિશ્ચય સ્વરૂપને દૃષ્ટિમાંથી છોડી દે એનો બંધભાવમાં સંસાર છે એને તો. પરમાર્થ આશ્રિત યતિઓ, સંતો જેને પરમાર્થ પ્રભુ આત્મા સ્વઆશ્રયે દૃષ્ટિ, સ્વઆશ્રયે જ્ઞાન અને સ્વઆશ્રયે રમણતાને ભગવાને મુક્તિ કીધી છે. કહો, સમજાણું કાંઈ? સ્વ પરમાર્થને આશ્રિત યતિ નામ યતિશ્વરોને જ, એને જ. એમ. સમજાણું કાંઈ? '**કર્મનો નાશ...**' અર્થાત્ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો પુંજ વીતરાગસ્વરૂપ એવો જે આત્મા એનો આશ્રય કરતાં જે વીતરાગી અકષાય દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ થાય એ જીવને મુક્તિ છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે આવે ખરું કે નિશ્ચય

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોય ત્યાં વ્યવહારે નિમિત્ત રૂપે વ્રત, નિયમ આદિ હોય તો એને પરંપરા મુક્તિનું કારણ કહેવામાં આવે.

એ તો પરંપરા એટલે શું? એ તો અત્યારે શુભમાં આવ્યો છે, દૃષ્ટિ શુદ્ધ છે, આશ્રય દ્રવ્યનો છે, એ વિશેષ આશ્રય કરીને શુદ્ધને પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? આગમમાં તો એને મોક્ષ કહ્યો છે. સંતોએ, મુનિઓએ, કેવળીઓએ અને આગમોએ આ કહ્યું છે. દેવે આ કહ્યું, ગુરુએ આ કહ્યું અને આગમમાં આ કહ્યું કે આત્મા પરમાર્થસ્વરૂપ ભગવાન એનો આશ્રય કરવાથી નિર્મળ દશા થાય એ મુક્તિનું કારણ છે. કહો,

'(**કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી**).' પંડિતોને નાખ્યા છે આમાં. વિદ્વાન શબ્દ છે ખરોને. જયસેનાચાર્યની ટીકામાં એનો અર્થ આમ કર્યો છે. સાચા વિદ્વાન જે હોય એ તો સ્વદ્રવ્યનો આશ્રય કરે, એ વ્યવહારમાં ન પ્રવર્તે, એમ લખ્યું છે. ન્યાય બરાબર છે. વ્યવહારે પ્રવર્તે નહિ, હો. હો પણ એનું પ્રવર્તન એ નહિ. સમજાણું કાંઈ? ત્યાં એમ અર્થ કર્યો છે. છેને? '**मोत्तूण णिच्छयट्ठं ववहारे ण विदुसा पवट्टंति**' ઓલું '**ववहारेण**' છેને? એ વ્યવહાર વડે વર્તે છે. એની જગ્યાએ ન્યાંથી કાઢ્યું, '**ववहारे ण विदुसा पवट्टंति**' એ ગાથા છે. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? આ આપણે પાઠમાંથી કહ્યું. '**मोत्तूण णिच्छयट्ठं ववहारे ण विदुसा पवट्टंति**' નિશ્ચયને છોડીને ધર્મી વ્યવહારમાં પ્રવર્તતા નથી. ઈ તો એનું ઈ થયું.

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના દ્રવ્યનો આશ્રય છોડી દઈને વ્યવહારમાં પ્રવર્તતા નથી. એટલે નિશ્ચયને આશ્રયે પ્રવર્તે છે. આહા..હા..! વ્યવહાર હોય છે, રાગની મંદતાના એવા ભાવ હોય, પણ એ એમાં પ્રવર્તતા નથી એમ કહે છે. એને જાણે છે. સમજાણું કાંઈ? જાણે છે કે આ છે ભાવ, પણ મોક્ષનું કારણ તો જેટલો મેં દ્રવ્યનો આશ્રય લીધો એટલું મોક્ષનું કારણ છે. આ બધી તકરાર, ઝઘડા ઉઠ્યા. બહાર આવ્યું નહોતું ત્યાં સુધી પડ્યું હતું. બહાર આવ્યું ત્યાં ઉઠ્યું. બાપુ! માંડ આ.. ઠીક!

અહીં તો કહે છે કે બે અર્થ કર્યા તો બેયમાં સત્ય છે. એક તો ધર્મીજીવ વિદ્વાન એને કહીએ કે જે સ્વદ્રવ્યને આશ્રયે મુક્તિ માને. એ પરદ્રવ્યમાં, રાગાદિમાં વર્તે નહિ. હોય એને જાણે પણ 'આ મારું વર્તન છે' એમ એ ન માને. સમજાણું કાંઈ? અને એ જ વિદ્વાનો શાસ્ત્ર વાંચીને વ્યવહાર કાઢે એકલો અને વ્યવહારમાં પ્રવર્તે, પ્રવર્તે કીધું છેને, હોય એને જાણે એ જુદી વાત છે. એ જ પ્રવર્તન વ્રત, નિયમ, તપ, શીલ, સંયમ ક્રિયા એવા બધા ભાવ શુભરાગમાં પ્રવર્તે એને બંધન છે. એને જરીયે કર્મના ક્ષયનો અંશ પ્રગટ્યો નથી. એનાથી કર્મ ક્ષય થતો નથી.

'**ટીકા :— પરમાર્થ મોક્ષહેતુથી જુદો,...**' ખરેખર મોક્ષના કારણથી જુદો. જુઓ!

મોક્ષનું કારણ તો અંતર ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ (થવી તે છે) શીલ, તપ, સ્મરણ, ગુરુ-શાસ્ત્ર-દેવની ભક્તિ, બહુમાન સ્વદ્રવ્ય પ્રત્યેનો ઘણો જ, (પરનો) આશ્રય એવો જે શુભભાવ એ શુભ કાર્યરૂપી સ્વરૂપ મોક્ષહેતુ કેટલાક અજ્ઞાનીઓ માને છે. વિદ્વાનની વ્યાખ્યામાં આટલી વાત કરી. પાઠમાં છે કે વિદ્વાનો આમ માને છે. એમ કહેતા કેટલાક માને છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એ બંધનું કારણ છે એને વ્રત ને નિયમ ને તપ ને અપવાસ ને.. એ તો બંધના કારણ ભાવ, શુભભાવ છે. એને મોક્ષનું કારણ (માને છે). એ જુદો ભાવ છે એમ તો પહેલા કહ્યું. મોક્ષના કારણથી એ આખો જુદો ભાવ છે, એને મોક્ષનું કારણ માને છે. આહા..હા..! વાંધા મોટા દર્શનશુદ્ધિમાં પડ્યા. મહેન્દ્રભાઈ! આહા..હા..!

'**તે આખો નિષેધવામાં આવ્યો છે;...**' હેં? વ્યવહાર પરિપૂર્ણ જેટલો વ્યવહાર છે, વીતરાગે ચરણાનુયોગમાં જે કહ્યો આહા..! એવો જે ભાવ નિષેધવામાં આવ્યો છે, આખોય નિષેધવામાં આવ્યો છે. થોડો વ્યવહાર ઠીક અને થોડો વ્યવહાર અઠીક એમ નહિ. છે કે નહિ એમાં? છે? આહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પહેલું માને તો ખરો. આ માર્ગ છે. આહા..હા..! સવિકલ્પ જ્ઞાનમાં પણ આવો નિર્ણય તો કરે. રાગ વિકલ્પ... આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નથી કર્યો એવો યથાર્થ નિર્ણય. યથાર્થ નિર્ણય કરેલો એને કહેવાય કે જે અંદરમાં જાય એને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...**' આહા..હા..! એ વ્રતના પરિણામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના, તપના પરિણામ ઇચ્છા શુભરાગ એ કષાયની મંદતાનો સ્વભાવ એ બધો. મેં નિયમ લીધાં વિકલ્પથી એ '**(પુદ્‌ગલસ્વભાવી) હોવાથી...**' આહા..હા..! એ પુદ્‌ગલના નિમિત્તે અવલંબીને થયેલો ભાવ એ પુદ્‌ગલસ્વભાવી છે. આહા..હા..! જુઓને! અન્ય દ્રવ્યના સ્વભાવ એટલે આત્માથી અનેરો પુદ્‌ગલ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માને આશ્રયે (થાય) એ તો સ્વદ્રવ્ય આશ્રયે છે અને વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા એની જ અહીં વાત લીધી છે, અશુભની નહિ. અને અશુભ તો છોડે છે એમ આવ્યું હતુંને? અતિ સ્થૂળ સંક્લેશપરિણામને છોડે છે અને અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામને છોડતો નથી. એને જ માને છે. વ્રતની જે ક્રિયા અમે કરીએ છીએ, અમારે મોક્ષનો માર્ગ છે. ભગવાનનો સ્યાદ્વાદ માર્ગ છે. એકાંત માર્ગ છે કે નિશ્ચયથી જ થાય? નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય એ વીતરાગનો અનેકાંતમાર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અભિપ્રાયના વાંધા આખા અને અભિપ્રાય ઈ એનું તન્મય રૂપ. જે અભિપ્રાયમાં વ્રત, નિયમને

માને એને આત્મા જ એવો થઈ ગયો છે. પુદ્‌ગલસ્વભાવી થયો એ તો.

**'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...'** એટલે? વ્રતનો શુભરાગ જે વૃત્તિ ઉઠી, ભાવ, એ અન્ય દ્રવ્યનો સ્વભાવ છે, જીવદ્રવ્યનો સ્વભાવ નહિ. ભાઈ, પરિણામ તો જીવના છે. એ જીવના પરિણામ જ નહિ. જીવના પરિણામ તો શુદ્ધ થઈને પરિણમે એ એના પરિણામ છે. આહા..હા..! અન્ય દ્રવ્યના પરિણામ કીધા. પુદ્‌ગલપરિણામ જ કીધું છેને એને. જીવના પરિણામ હોય? જીવના પરિણામ હોય એ જુદા પડે કેમ? આહા..હા..! માનવામાં આખા વાંધા અને માન્યતાએ ઊંધુ કરીને ઘર ઘાલ્યું. વ્રત કરીએ, તપસ્યા કરીએ, મહિના મહિનાના અપવાસ કરીએ, યતિપણું અમે સેવીએ છીએ. ભાઈએ ઘણું નાખ્યું છે. આવું યતિપણું માને એ બધા મિથ્યાદૃષ્ટિ છે. કળશમાં છે. સમજાણું કાંઈ? કળશટીકામાં આવ્યું છે. એણે બહુ ચોખ્ખું કહ્યું છે. વ્રત, નિયમ, તપ, શીલ, નામસ્મરણ, ભગવાનની ભક્તિ, પૂજા એ બધો ભાવ શુભરાગ અન્ય દ્રવ્યસ્વભાવી—ચૈતન્યના દ્રવ્યથી અનેરા પુદ્‌ગલનો એ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...'** ચોખ્ખી વાત છે. એ વ્રત, નિયમ, તપનો જે શુભભાવ એ વડે મોક્ષનો હેતુ... **'સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...'** તેના સ્વભાવ વડે. છે? વિકારી પરિણામ પુદ્‌ગલસ્વભાવી, તેના વડે, તેના સ્વભાવ વડે આત્માનું ભવન નિર્મળ શુદ્ધ ચૈતન્ય એના વડે થતું નથી. અહીં તો વ્યવહાર વડે નિશ્ચય થતો નથી એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેના સ્વ-ભાવ વડે...'** એટલે વ્રત, નિયમ, તપ ને ભક્તિ, પૂજાના ભાવ વડે જ્ઞાનનું ભવન, આત્માનું નિર્મળ પરિણમન એનાથી થતું નથી. આવ્યું કે નહિ? વ્યવહારથી નિશ્ચય થતો નથી. આવ્યું કે નહિ એમાં? અહીં તો ના પાડે છે. એવા વ્રત, નિયમના થોથા કરી કરીને મરી ગયો અનંત વાર. છ છ મહિનાના અપવાસ. અપ-વાસ હોં! ઉપવાસ નહિ. વ્રત લીધા, શરીરથી બાળબ્રહ્મચારી (રહ્યો). એ તો બધો શુભરાગ છે. લક્ષ પર ઉપરનું છે એ તો. ભગવાન ચૈતન્યના લક્ષે ક્યાં એ પરિણામ થયા છે? સમજાણું કાંઈ?

અહીં તો અમૃતચંદ્રાચાર્ય ખુલાસો ચોખ્ખો કરે છે. પરમાર્થ આશ્રિત સંતોને કર્મનો ક્ષય એટલે કે વ્રત, નિયમ, તપસ્યા, અપવાસ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુને માનવા, દેવ-ગુરુનો વિનય કરવો, શાસ્ત્ર અભ્યાસ કરવો, શાસ્ત્ર સાંભળવા અને શાસ્ત્ર કહેવા એવો જે શુભરાગ. જાધવજીભાઈ! આ બધી જુદી વાતું છે. ન્યાં ક્યાં ... બે લાખ, પાંચ લાખ પેદા થાય ને પછી પચાસ ખર્ચી નાખે. (માને) ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી. પાપ બાંધે. એ પુણ્ય તે ધર્મ છે એમ (માનતા) મોટું પાપ બાંધે છે. આહા..હા..! પુણ્યને લઈને આ સાંભળવા મળ્યું. આ એક દાખલો. સમજાણું કાંઈ? દેવ-ગુરુ મળ્યા એ પૂર્વના પુણ્યને લઈને પણ એની

સામું જોઈને એને માનવા અને એ ભાવમાં ધર્મ છે એમ માનવું એ તો પુણ્યથી સાંભળવાનું મળ્યું અને સાંભળવામાં જે પરિણામ થયા અને એ પરિણામમાં ધર્મ માનવો. એ પુણ્યે શું કર્યું? પૂર્વના પુણ્યે કર્યું શું? એને શું આપ્યું? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનાથી ક્યાં થયું? પુણ્યના ભાવે દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, વાણી મળી, પૈસા મળ્યા, કુટુંબ મળ્યા એ બહારની વાત થઈ. પણ બેય મળ્યા એમાં એને શું મળ્યું? એને સાંભળતા જે પરિણામ થાય શુભભાવના એને એ ધર્મ માને તો તો પુણ્યના ફળમાં સંયોગ મળ્યો અને એના પરિણામમાં ધર્મ માને એ તો મિથ્યાત્વ થયું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શું કરવું?

ઉત્તર :— આ કરવું, અંદરની દૃષ્ટિ કરવી ઈ. બાપુ! માર્ગ તો વીતરાગ માર્ગ છે આ. આ કંઈ પામરનો માર્ગ નથી. આહા..હા..! ભગવાન સર્વજ્ઞસ્વભાવી જ, વીતરાગસ્વભાવી છે. કોણ? આત્મા. સર્વજ્ઞસ્વભાવ અને પૂર્ણ વીતરાગી સ્વરૂપ સ્વભાવ. પૂર્ણ જ્ઞાન સ્વભાવ અને પૂર્ણ અકષાય સ્વરૂપ. એનો આશ્રય લઈને જે જ્ઞાન અને શાંતિ પ્રગટે એ ધર્મ છે. આહા..હા..!

એ આત્મા એટલે વિજ્ઞાનનો ઘન અને વીતરાગી સ્વરૂપ પૂર્ણ. એવા આત્માનો આશ્રય લે એને જ્ઞાન અને વીતરાગતા સાચી થાય. સમજાણું કાંઈ? તો એ સ્વદ્રવ્યને છોડી અને પરદ્રવ્યના લક્ષવાળી ક્રિયાઓ, વ્રત ને તપ આદિ એ બધા પુદ્ગલસ્વભાવી ચીજ છે, એ વડે નિશ્ચય પામી શકે નહિ. આહા..હા..! ઘણી વાત કરી છેને. આમ પુદ્ગલસ્વભાવી પરિણામથી નિશ્ચય પામે? ભગવાન ત્રિકાળી આનંદનો નાથ એને પકડવાથી, એનો આશ્રય લેવાથી ધર્મ પામે. કહો, સમજાણું કાંઈ? 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિંતા?' એમ દ્રવ્યસ્વભાવને આશ્રયે પડ્યો એને શી ચિંતા? નિઃસંદેહ અલ્પ કાળમાં મુક્તિ, નિઃસંદેહ અલ્પ કાળમાં કેવળજ્ઞાન. આહા..! અને આ પુદ્ગલસ્વભાવી વ્રત, તપના પરિણામ નિઃસંદેહ બંધનું કારણ, નિઃસંદેહ સંસાર વધવાનું કારણ છે. આહા..હા..! ગજબ વાત છે! એઈ..! નવરંગભાઈ!

મુમુક્ષુ :— કોઈ રસ્તો જલ્દીનો, કોઈ રસ્તો મોડાનો.

ઉત્તર :— હા, એ મોડાનો ... નથી. ... હળવે હળવે થાશે અને અંદરનો આશ્રય થાય એ એકદમ થાશે, એમ શેઠ કહે છે.

મુમુક્ષુ :— સમ્યગ્દર્શનનો રસ્તો હળવે હળવે અને મુનિનો રસ્તો જલ્દી.

ઉત્તર :— એ જુદી વાત છે. ચારિત્રની ઉગ્રતા છે એ જલ્દી જાશે. ચારિત્રની મંદતા છે પણ દર્શનની શુદ્ધતા છે એ હળવે હળવે જાશે. પણ વળી આ વ્રત, તપ કરે એ હળવે

હળવે જાશે અને ઓલો આત્માનો આશ્રય લઈને એકદમ જાશે (એમ નથી). વાત તો એમ જ કીધી છે આચાર્યે કે જે કોઈ વ્રત, તપના આશ્રયે ધર્મ માને એ મિથ્યાદષ્ટિ નિગોદમાં જનારા છે. એઈ..! ... કીધુંને, એક વસ્ત્રનો ધાગો રાખી અને મુનિ માને, એને પાછા એને માટે આહાર-પાણી બને, ચોકા (કરે), અને શેઠ જેવા સવારમાં ઉપાધિ કરીને સારું સારું બધું બનાવે અને આપે અને લ્યે, અને બેય માને કે આ ધર્મ થયો. એઈ..! એમ કે સિંહને ભૂખ્યા રખાય? એક સિંહ ગામમાં આવ્યો ભૂખ્યો, એને ભૂખ્યો રખાય? એક હરણિયું-બરણિયું એને દેવું. હરણિયું સમજો છો? મૃગ, મૃગલા. ભૂખ્યો રખાય? ભૂખ્યો કોને કહેવો?

અહીં તો વીતરાગ આત્મા... એને માટે કરેલો આહારનો વિકલ્પ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? પ્રાણ જાય તો ન લ્યે. તોપણ તે હજી દૃષ્ટિ જો ન હોય તો એ પરાશ્રિત ભાવ છે, બંધનું કારણ છે. દ્રવ્યલિંગી સાધુ સ્વદ્રવ્યના આશ્રય વિના એવી ક્રિયામાં આવે, એને માટે પાણીનો બિંદુ અને આહાર બનાવ્યો હોય તો પ્રાણ જાય તોય ન લ્યે. છતાં એનો આશ્રય પર ઉપર છે, એનાથી સંસાર છે. એઈ..! શેઠી! આહા..હા..! આવું છે.

પુણ્ય-પાપના પરિણામ જે ચારિત્રના દોષો છે એ પુણ્યથી સ્વર્ગ જાય અને પાપથી નર્ક (જાય). પણ વસ્તુ તો આ બેસે છે. કાં તત્ત્વનું આરાધન અને કદાચિત્ નર્કના પરિણામ હોય અને જાય તોપણ ત્યાંથી નિકળીને એકાવતારી થઈને મુક્તિએ જાશે. આહા..હા..! શ્રેણિક રાજા. સમ્યગ્દર્શન ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ એનું જ્યાં શરણું લીધું, અવ્રત ભાવ હતો, ત્યાગ નહોતો અને પહેલા નરકની ગતિ બંધાઈ ગયેલી તેથી એને નર્કમાં જવાના પરિણામ એ જાતની યોગ્યતાવાળા થયા. એ જાતની યોગ્યતા. ત્યાંથી નિકળીને તીર્થંકર થશે. જેને સો ઈન્દ્રો પૂજશે અને આ આત્માના સમ્યગ્દર્શન અને સ્વના આશ્રય વિના એકલા વ્રત ને તપ કરનારા પુણ્ય બાંધે મિથ્યાદષ્ટિ સહિત, પાપાનુબંધી પુણ્ય. એના ફળમાં બહાર આવશે સ્વર્ગાદિ લોભાઈ જશે. કારણ કે સ્વની દૃષ્ટિની રુચિ છે નહિ. એ પુણ્યના ફળમાં રાજી થશે અને પાપ બાંધીને પછી નરકે જશે. સુજાનમલજી!

મુમુક્ષુ :— વાત બરાબર છે, આપની વાણી નિકળે...

ઉત્તર :— માર્ગ તો આ છેને. એમાં શું? આહા..હા..!

મુમુક્ષુ :— છાપામાં એમ આવે છે.

ઉત્તર :— આવે છે, આવે છેને. આણેય એમ કીધું છે, વિરોધ કરવા એણે એમ લખ્યું છે. અભિપ્રાયમાં અભિપ્રાય છે ઈ જ આખો આત્મા છે. મિથ્યા અભિપ્રાયમાં આ ક્રિયાકાંડથી પણ ધર્મ થાય એ પણ એક અભિપ્રાયમાં આત્મા એકાકાર થઈ ગયો છે, એ જ આત્મા છે અને સમ્યગ્દર્શનમાં આનાથી નહિ, ચૈતન્ય ભગવાનને અવલંબે જે દૃષ્ટિ, જ્ઞાન થયા એનાથી (થશે), ઈ આત્મા થઈ ગયો. પેલો અનાત્મામાં આત્મા થઈ ગયો. આ આત્મા રૂપે આત્મા

થઈ ગયો. સમજાણું કાંઈ? આવું કામ છે પણ આ વાદવિવાદે કામ થાય નહિ. આહા..હા..! માર્ગ તો ઘણો સીધો, સરળ (છે). અનાદિથી અભ્યાસ નહિ અને એ જાતની પ્રરૂપણા અને એ જાતની વ્યવહારની પ્રધાનતા રહી ગઈ એટલે આમાં આવવું કઠણ પડી જાય છે. એકાંત લાગે છે, એકાંત.

'**તેના સ્વભાવ વડે...**' કોના સ્વભાવ વડે? વ્રત ને તપ ને શીલ ને નિયમના શુભભાવ વડે. એનો સ્વભાવ થયો ઈ, પુદ્‌ગલનો. એમ કીધુંને માથે? અન્ય દ્રવ્યનો સ્વભાવ કીધુંને? અન્ય દ્રવ્યનો સ્વભાવ અને તેના સ્વભાવ વડે. એમ. વ્રત, તપનો વિકલ્પ જે શુભરાગ એ અન્ય દ્રવ્યનો સ્વભાવ. અને એ અન્ય દ્રવ્યના સ્વભાવ વડે. એમ. '**જ્ઞાનનું ભવન...**' સ્વ શુદ્ધ ચૈતન્યનું થવું, પરિણમવું નથી. આહા..હા..! આ સ્વરૂપ તો જુઓ એક એક. ઈ સમયસારની ચર્ચા નહિ, સમયસારની ચર્ચા નહિ એમ કહીને કાઢી નાખ્યું. આત્માની ચર્ચા નહિ એમ એનો અર્થ એ. આહા..હા..! નામેય આવ્યું છે આમાં, સમયસારની ચર્ચા નહિ. એવી એકલી વાતું કરે, વીતરાગતા જોઈએ સાથે. કઈ વીતરાગતા? વ્રત, નિયમ કરવા, નાગા થવું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, કહેતા હતા. એમ ન કહે. સમયસારની એકલી ચર્ચા કરો છો. એમ લખ્યું છે. આહા..હા..! ભગવાન આત્માની વાત નહિ, ત્યારે પછી તારે કરવું છે શું? એવી રાગની વિકૃત વાતું તો તેં અનંત વાર સાંભળી છે. એ રાગની ક્રિયાથી ધર્મ થાય એ વિકથા છે. એ ધર્મકથા નહિ. એ સમકિતને ભેદની (ભેદનારી) કથા છે. સાચી શ્રદ્ધાને તોડનારી એ કથા છે. આહા..હા..!

કહે છે, ભારે વાત નાખી છે! આહા..હા..! વ્રત, તપ એ તો મુખ્ય બે નાખ્યા છે. .. એ સંવર અને નિર્જરા. એમ. માને છેને એમાં? વ્રત એ સંવર અને તપ એ નિર્જરા. એમ. અહીં તો (કહે છે તે) વિકલ્પ છે રાગ. બાહ્ય વ્રત અને બાહ્ય તપ એ તો રાગ છે, વિરુદ્ધ છે. અંતર આનંદસ્વરૂપમાં નિશ્ચય સ્વરૂપમાં વીંટાઈ જવું, વળગીને એકાકાર થઈ જવું, સમ્યક્ અનુભવ કરી એ દ્રવ્યમાં એકાકાર થઈ જવું એનું નામ નિશ્ચયવ્રત છે. સમજાણું કાંઈ? બે બોલ નાખ્યા છે.

અહીં તો એમ કહ્યું કે પરમાર્થથી મોક્ષ હેતુથી જુદો. જુદી વાત કીધીને? જુદી. વ્રત, તપ વગેરે શુભ પરિણામ જુદા. આ પરિણામથી આ પરિણામ જુદા. એને મોક્ષ હેતુ કેટલાક માને છે, મોક્ષનું કારણ માને છે. '**તે આખોય નિષેધવામાં આવ્યો છે;...**' પૂર્ણ વ્યવહારના વિકલ્પની જાતનો નિષેધ કરવામાં આવ્યો છે. કહો, સમજાણું આમાં? '**કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...**' છે. આહા..હા..! કેટલી સ્પષ્ટતા! એ વ્રતના, તપના ભાવ વિકલ્પ રાગ છે. એ રાગ તો અન્ય દ્રવ્યના સ્વભાવવાળો છે. વીતરાગી સ્વભાવથી એ રાગ

છે એ અન્ય દ્રવ્યના સ્વભાવવાળો છે. એથી એ રાગની ક્રિયા વ્રત, તપની એના સ્વભાવ વડે **'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્ગલસ્વભાવી) હોવાથી...'** તે પુદ્ગલ **'સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન...'** શુદ્ધ ચૈતન્યનું પરિણમન **'થતું નથી,...'** બહુ (ઊંચી) ગાથા, ટીકા પણ ટીકા! આહા..હા..! આવી ટીકા ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. હેં? અજોડ છે. દિગંબર શાસ્ત્રમાં આવી ટીકા બીજા શાસ્ત્રમાં નથી. અન્યમાં તો હોય જ ક્યાંથી? કેટલું સ્પષ્ટ કરી નાખ્યું!

**'તેના સ્વ-ભાવ વડે...'** અન્ય દ્રવ્યનો સ્વભાવ એટલે પુદ્ગલના સ્વભાવ વડે જીવદ્રવ્યના સ્વભાવનું પરિણમન થતું નથી. છે કે નહિ એમાં? શેઠ! છે એમાં? ઘરે વાંચ્યું છે કે નહિ કોઈ દિ'? ઘરે વાંચ્યું છે કે નહિ? ભગવાન જાણે. આહા..હા..! અન્ય દ્રવ્યના સ્વભાવવાળો, ચૈતન્યદ્રવ્યથી અનેરું દ્રવ્ય એટલે પુદ્ગલ. આહા..હા..! એ વ્રત, નિયમ, તપનો ભાવ એ ભગવાનની ભક્તિ, પૂજા, વિનયનો ભાવ એ અન્ય દ્રવ્યના સ્વભાવવાળો એટલે જીવના દ્રવ્યથી અનેરું પુદ્ગલ એના સ્વભાવવાળો એ ભાવ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એક જ ગાથાએ કેટલા ખુલાસા છે! આહા..હા..! પાંચ લીટી છે. પંચમગતિનો હેતુ. આહા..હા..!

હવે કહે છે, જ્ઞાનનું થવું એટલે આત્માનું થવું. એમ. આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે થવું એ જ્ઞાનનું થવું કહેવાય. એ જીવનું આત્મદ્રવ્યપણે થવું કહેવાય. આત્મદ્રવ્યપણે થયું કહેવાય. રાગાદિ પુદ્ગલદ્રવ્યપણે થયું કહેવાય. સમજાણું કાંઈ?

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ...'** દેખો! માત્ર. કથંચિત્ એમ નહિ. **'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** ખરેખર મોક્ષનું કારણ જ **'એક દ્રવ્યના સ્વભાવવાળો...'** આહા..હા..! સમ્યગ્દર્શન, ચૈતન્યસ્વભાવી ભગવાનની અનુભવમાં પ્રતીતિ, એનું જ્ઞાન ચૈતન્યનું અને એમાં રમણતા ઈ એક દ્રવ્યના સ્વભાવવાળું છે એટલે કે જીવસ્વભાવી વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને એમાં? લખ્યું છે કે નહિ? તારાચંદભાઈ! આહા..હા..! ...! આવી વાત છે, ચોખ્ખી છે. કેટલા બોલ એમાં સ્પષ્ટ થઈ ગયા. ઘણા હોં! આહા..હા..! ચૈતન્યના પ્રકાશનું નુર પ્રભુ એ તે આંધળા વ્યવહારના કારણે કેમ પ્રગટ થાય? કહે છે. દયા, દાન, વ્રત, તપના વિકલ્પ એ તો આંધળા પુદ્ગલસ્વભાવી અજ્ઞાન અચેતન (છે). આહા..હા..! એવા અચેતન વડે ચૈતન્યની જાગૃતિના શુદ્ધ પરિણમન કેમ થાય? સમજાણું કાંઈ?

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ...'** અરે..! કથંચિત્ પરમાર્થ મોક્ષહેતુ એમ કહોને! નિશ્ચય એ જ મોક્ષનો હેતુ અને વ્યવહાર નહિ. આહા..હા..! **'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** પાછું માત્ર પરમાર્થનો હેતુ જ. એમ. સમજાણું? છેને? **'परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात्'** સંસ્કૃત છે. આહા..હા..! **'परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात्'.** આહા..હા..! અરે..! તારી પ્રભુતાનો આશ્રય લે, પરનો આશ્રય રહેવા દે. પ્રભુ પડ્યો એને વળી પરના આશ્રયમાં રાગથી

કલ્યાણ થાય એ માર્ગ ક્યાંથી આવ્યો? એને અંતરમાં બેસવું જોઈએ, હોં! સમજાણું કાંઈ? વિદ્વાનોને નાખ્યા છે ખરાને અંદર. વિદ્વાનો શાસ્ત્રમાંથી વ્યવહાર કાઢીને લખાણ બહુ છે તો એમાં તું માને. પણ એ તો બધું બંધનું કારણ છે. શાસ્ત્રમાં જે વ્યવહાર કહ્યો વ્રતાદિનો એ પણ બંધનું કારણ છે. આહા..હા..! જિનવરના કહેલા વ્રતાદિ બંધના કારણ છે. આહા..હા..! તો બંધના કારણ કહ્યા શું કરવા? એણે તો જણાવ્યા કે આ નિશ્ચયને આશ્રયે આત્માનું ભાન થતાં એ ભૂમિકાએ આગળ નથી જઈ શકતો એને વ્રતાદિના પરિણામ આવે, અહીં નિશ્ચય અને વ્યવહાર બે કહ્યા. પણ વ્યવહારથી કલ્યાણ થઈ જાય એમ નથી. વ્યવહારમૂઢ છે. નિશ્ચયનું જ્યાં ભાન નથી અને એકલો વ્યવહાર વર્તે છે, એ વિદ્વાનો તો મૂઢમાં પડ્યા છે, મૂઢતામાં, એમ કહે છે. આહા..હા..! આવો માર્ગ સ્પષ્ટ, બે ને બે ચાર જેવો. એને માનતા નથી. નહિ, એ એકાંત છે. એને એમ બેસે છે. બહારની-આગમની વ્યવહાર ક્રિયા કરવી સહેલી લાગે. આ અંદરમાં.. આહા..હા..! આગમનો વ્યવહાર એને સહેલો (લાગે છે), અધ્યાત્મનો વ્યવહાર સમજવો પણ કઠણ પડે. વીતરાગી પરિણતિ એ અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ એક દ્રવ્યના સ્વભાવવાળો...'** એક દ્રવ્યના સ્વભાવવાળો (એટલે) જીવદ્રવ્યના સ્વભાવવાળો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક દ્રવ્યના સ્વભાવવાળો. આહા..હા..! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન, જ્ઞાન રાગવાળું છે? પરદ્રવ્યના સ્વભાવવાળું સમકિત છે ક્યાંય? એ.. ચેતનજી! આ તમારા મિત્રની વાતું ચાલે છે. આ તો એક વાત છે, જ્યારે આવે ત્યારે થાયને. જાણવા માટે વાત છે. આહા..! અહીં તો કહ્યું કે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એક દ્રવ્યના સ્વભાવાળું છે. તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન છે એ એક દ્રવ્યના સ્વભાવવાળું છે કે પરદ્રવ્યના સ્વભાવવાળું છે ઈ? હેં? એક દ્રવ્યના સ્વભાવવાળી દૃષ્ટિ તો વીતરાગી થઈ ગઈ. આહા..! રાગ તો પરદ્રવ્યના સ્વભાવવાળો ભાવ છે. પંડિતજી! .... એનું એને સ્વનું માહાત્મ્ય નથી આવતું. આવો હું? પામર થઈને માન્યો એને પ્રભુતા મનાવવી!

ચોથે ગુણસ્થાને સરાગ સમકિત અને સાતમેથી વીતરાગ સમકિત એનો અર્થ શું? રાગ એટલે પુદ્‌ગલસ્વભાવ, અન્ય દ્રવ્યસ્વભાવ. અન્ય દ્રવ્યના સ્વભાવવાળું રાગ એ સમકિત?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એ તો બીજી વાત છે. ભૂમિકાનો રાગ એ તો બીજું બતાવે છે. પણ સમ્યગ્દર્શન છે એ તો વીતરાગી પરિણતિ છે. એક દ્રવ્યને આશ્રયે દૃષ્ટિ છે ઈ. એમાં રાગનો ભાગ એ તો પરદ્રવ્યાશ્રિત છે. બેય એક ક્યાંથી થઈ ગયા? સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલા ખુલાસા છે!

**‘(અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.’** જીવદ્રવ્ય ચૈતન્યસ્વરૂપ પુંજ જ્ઞાન અને આનંદનો વીતરાગી પુંજ પ્રભુ એનું પરિણમન એ જીવદ્રવ્યસ્વભાવી છે. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર—સ્થિરતા. એ સ્વભાવ વડે આત્માનું ભવન થાય છે, આત્માનું શુદ્ધ પરિણમન થાય છે. એ મોક્ષનું કારણ છે. (વિશેષ કહેશે)...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૨, મંગળવાર, તા. ૧૬-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૬, પ્રવચન-૨૮૬

ફરીને ૧૫૬ ગાથા. આ બધા નવા આવ્યા છેને. આ પુણ્ય-પાપ અધિકાર સમયસારનો ચાલે છે. ૧૫૬ ગાથા, ૧૫૬. એનો અન્વયાર્થ પહેલા. નીચે છેને?

**‘અન્વયાર્થ :— નિશ્ચયનયના વિષયને છોડીને...’** કેટલાક પંડિતો, વિદ્વાનો નામ ધરાવનારા... વિદ્વાન છેને અંદર? હિન્દી છેને? અન્વયાર્થ છે. કેટલાક વિદ્વાન નામ ધરાવનારા શાસ્ત્રમાંથી વ્યવહાર કાઢે છે વ્રત, તપ. એ **‘નિશ્ચયનયના વિષયને છોડીને...’** શબ્દાર્થ છે, શબ્દાર્થ. વિદ્વાન વ્યવહાર દ્વારા પ્રવર્તે છે. વ્રત, નિયમ, તપ, શીલ એવી શુભ પરિણામની ક્રિયામાં વિદ્વાન પ્રવર્તે છે તો એને ધર્મ થતો નથી. છે? **‘પરંતુ પરમાર્થને આશ્રિત યતિશ્વરોને જ...’** પણ પરમાર્થ એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, આનંદઘન નિત્ય એવા ભગવાન આત્માના આશ્રયે મુક્તિ થાય છે. વ્યવહારની ક્રિયાકાંડથી ધર્મ નથી થતો. એ પુણ્યબંધનું કારણ છે. છેને? **‘વ્યવહાર વડે પ્રવર્તે છે પરંતુ પરમાર્થને આશ્રિત...’** આત્મસ્વરૂપ. સ્વભાવ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યના સ્વભાવના આશ્રયે જ મુનિઓને મુક્તિ થાય છે. વ્યવહારને કારણે મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ?

**‘કર્મનો નાશ આગમમાં કહ્યો છે.’** ભગવાન પરમાત્માની દિવ્યધ્વનિ, એમાંથી રચાયેલા આગમ, એ આગમમાં એમ કહ્યું છે, જેટલા વિકલ્પ વ્રત, તપ, નિયમ એ શુભભાવ એનાથી બંધ થાય છે, એનાથી ધર્મ નથી થતો.

મુમુક્ષુ :— કંઈક તો થતું હશે.

ઉત્તર :— કંઈક તો થાય છેને, પુણ્યબંધ. પુણ્યબંધ થાય છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :— એટલો પાપમાંથી તો છૂટ્યો.

ઉત્તર :— બિલકુલ છૂટે નહિ. દૃષ્ટિ રાગ ઉપર છે. રાગ ઉપર દૃષ્ટિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એવી સૂક્ષ્મ વાત છે. પુણ્ય-પાપનો અધિકાર છે. એમાં અહીંયા તો વ્યવહાર રત્નત્રય જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું વિકલ્પાત્મક જ્ઞાન એને તો અહીંયા શુભરાગ કહીને પાપ કહ્યું છે. ટીકામાં જયસેનાચાર્યે પાપ કહ્યું છે. કેમ કે આત્મામાં બંધન થાય છે, એમાં સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

મુમુક્ષુ :— (આવું સાંભળી) લોકો ભડકી જશે.

ઉત્તર :— ભડકી જાય! માર્ગ આવો છે. તેથી તો આ ગાથા કાલે ચાલી છે. ફરીથી લીધી. એ.. પંડિતજી!

શુભભાવ છે, એનાથી ધર્મ થાય એ તો વિભાવભાવ (વિપરીતભાવ) છે. ઈ કહે છે, જુઓ! **'આગમમાં કહ્યો છે. (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી).'** પંડિત નામ ધરાવીને શાસ્ત્રમાંથી વ્રત, તપ, નિયમ આદિ કાઢે છે અને એનાથી ધર્મ મનાવે છે, તો એનાથી કર્મક્ષય કે ધર્મ થતો નથી. એમ કહે છે આચાર્ય. એ વખતે પણ એવું ચાલતું હશે. બે હજાર વર્ષ પહેલા. આહા..!

**मुक्त्वा निश्चयार्थं व्यवहारेण विद्वांसः प्रवर्तन्ते।**
**परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो विहितः।।१५६।।**

સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ વ્રત, તપ, જાત્રા, ભક્તિ, પૂજા આદિના ભાવ, ભગવાનની ભક્તિ, પૂજાના એ બધા ભાવ શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. એ અબંધનું કારણ નહિ. અબંધ નામ મોક્ષ અબંધ છે એનું એ કારણ નહિ.

'ટીકા :—' અમૃતચંદ્રાચાર્યની ટીકા. એ તો શબ્દાર્થ કર્યો. કેટલાક લોકો **'પરમાર્થ મોક્ષહેતુથી અન્ય...'** ખરેખર મોક્ષના કારણથી અન્ય. **'વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ...'** એ તો શુભકાર્ય છે. વ્રત, તપ, અપવાસાદિ કરવા એ તો રાગની મંદતાનો શુભભાવ છે, શુભકર્મ છે, શુભ આચરણ છે. તેને **'મોક્ષહેતુ કેટલાક લોકો માને છે,...'** પાઠમાં વિદ્વાન લીધું છે. ટીકામાં કેટલાક લોકો લીધું છે. બધા આવી ગયા. આહા..હા..! પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, જે સવારે ચાલ્યું હતું, ધ્રુવ શુદ્ધભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મુક્તિ થાય છે. વ્યવહારના આશ્રયે કદી કોઈના કર્મનો એક અંશ પણ ક્ષય થતો નથી. કેટલાક લોકો પરમાર્થ મોક્ષહેતુ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય જે સ્વઆશ્રયે થાય છે તે મોક્ષનું કારણ છે. એનાથી અન્ય **'વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ...'** કર્મ નામ કાર્ય. **'મોક્ષહેતુ**

**કેટલાક લોકો માને છે,...'**

'**તે આખોય નિષેધવામાં આવ્યો છે;...**' અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલા, ૧૦૦૦ વર્ષ પહેલા થયા. ૨૦૦૦ વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય થયા. એમના આ શ્લોક (ગાથા) છે અને એની ટીકા અમૃતચંદ્રાચાર્યની કરેલી છે. ભગવાને તો વ્યવહાર સમસ્તનો મોક્ષમાર્ગમાં નિષેધ (કહ્યો) છે. સમજાય છે કાંઈ? '**કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...**' છે. આહા..હા..! વિશેષ સ્પષ્ટ કર્યું અમૃતચંદ્રાચાર્યે. એ શુભભાવ વ્રતનો, તપનો, શીલનો, નિયમનો, પૂજાનો, ભક્તિનો એવા જે શુભભાવ એ તો અન્ય દ્રવ્યના સ્વભાવવાળા છે, પુદ્‌ગલ સ્વભાવવાળા છે એ તો. એમાં આત્મસ્વભાવ આવ્યો નહિ. સૂક્ષ્મ છે, ભાઈ! માર્ગ વીતરાગનો.

શુભભાવ ક્રિયાકાંડનો એને મોક્ષહેતુ માને છે. તો કહે છે કે એ તો પુદ્‌ગલ સ્વભાવવાળો છે. એ રાગ નિજ સ્વભાવ નથી. શુભ ક્રિયાકાંડનો જે શુભભાવ એ પોતાનો સ્વભાવ ચૈતન્યનો નહિ. (સ્વભાવ) હોય તો સ્વભાવની સાથે રહે. એ તો કર્મજન્ય ઉપાધિનો પુદ્‌ગલસ્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અન્યદ્રવ્યના સ્વભાવવાળા, પુદ્‌ગલ સ્વભાવવાળા છે. તેથી, આ કારણે '**તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી...**' જ્ઞાનનો અર્થ? આત્મા આનંદમૂર્તિ ધ્રુવ સ્વરૂપ એનું શુદ્ધ પરિણમન, વીતરાગી પરિણમન જે મોક્ષનો હેતુ એ પુદ્‌ગલ સ્વભાવ જે શુભ રાગ એનાથી આત્માનું શુદ્ધ ભવન—પરિણમન થતું નથી. વ્યવહારથી નિશ્ચય પરિણતિ થતી નથી એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુનિઓને પણ વ્યવહાર તો હોય છે. આત્માના અવલંબને નિશ્ચય કારણસ્વરૂપના અવલંબને દૃષ્ટિ, જ્ઞાન, રમણતા હોય છે. જ્યાં પૂર્ણ ન હોય ત્યાં વ્રતાદિના શુભભાવ આવે છે પણ છે એ બંધના કારણ. સમજાય છે કાંઈ એ મોક્ષનો હેતુ નથી. કારણ કે તે અન્ય દ્રવ્ય સ્વભાવ છે. ચૈતન્યદ્રવ્યનો સ્વભાવ તો જ્ઞાન, આનંદાદિ છે. અને જ્ઞાન અને આનંદનું પરિણમન થવું, જ્ઞાન અને આનંદની શુદ્ધ પરિણતિ પર્યાયમાં થવી એ જીવસ્વભાવ છે. અને શુભરાગની પરિણતિ થવી એ પુદ્‌ગલસ્વભાવ છે. બેય ભિન્ન વસ્તુ છે. કહો, સમજાય છે કાંઈ? ભારે કઠણ જગતને.

તેથી તેના '**સ્વભાવ વડે...**' એ શુભભાવના પરિણામથી, એ અન્ય દ્રવ્યસ્વભાવ હોવાથી, કેમ કે પુદ્‌ગલ નિમિત્ત છે અને નિમિત્તના અવલંબને એ ભાવ થાય છે, સ્વભાવના આશ્રયે તે શુભભાવ થતો નથી. ભારે સૂક્ષ્મ ભાઈ! હજી શ્રદ્ધાના ઠેકાણા નહિ. એને માને છે, આવ્યુને? એને મોક્ષહેતુ માને છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયની પ્રાપ્તિ થશે. ભગવાન ના પાડે છે. એ સ્વભાવથી જ્ઞાનનું ભવન નથી થતું. આહા..! શુભભાવ જે બંધનું કારણ એનાથી અબંધ કારણ એવો આત્માનો સ્વભાવ, નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન,

શાંતિ, ચારિત્ર વ્યવહારથી નથી થતાં. છે? સ્પષ્ટ છે, ટીકા છે, સંસ્કૃત ટીકા છે અંદર. જુઓ! '**तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात्।**' આહા..હા..! લોકોને હાથ આવ્યો નથી પત્તો. બહારથી માંડીને અનંત કાળ ગુમાવ્યો.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ તો પુણ્યબંધનું કારણ છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' રાગરહિત ભગવાન આત્મા એના અનુભવનું જ્ઞાન, જેમાં આનંદ આવે છે એ આનંદનું આત્મજ્ઞાન કદી કર્યું નહિ. તો પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણનો જે રાગ, 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો? એ અઠ્યાવીસ મૂળગુણ રાગ છે અને રાગ છે તે દુઃખ છે. પંચ મહાવ્રતના વિકલ્પ એ રાગ અને રાગ એ દુઃખ છે. આહા..હા..! આતમજ્ઞાન અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણઆનંદ એની અંતર દૃષ્ટિ કરવાથી જે નિર્મળ પરિણતિ વીતરાગી આનંદ સહિત હો, એ આત્મજ્ઞાન છે. એ મુક્તિનું કારણ છે. કહો, આવી વાત છે.

અન્ય દ્રવ્યના સ્વભાવથી '**જ્ઞાનનું ભવન...**' જ્ઞાન શબ્દે આત્મા. શુદ્ધ ચિદ્‌ઘન આત્મા આનંદસ્વરૂપ એનું પરિણમન નામ પર્યાય, એ વ્યવહાર ક્રિયાકાંડના પરિણામથી અન્ય દ્રવ્ય સ્વભાવથી સ્વદ્રવ્યનું પરિણમન થતું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એક ગાથા બરાબર સમજે તો એનો નિકાલ થઈ જાય. અનંત કાળમાં સમ્યક્ સમજણ જ કરી નથી. આહા..હા..! કોઈ પણ વ્યવહાર હો, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિજ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયા, એની સાથે વ્રત, તપ આદિના શુભ વિકલ્પ હોય છે, હો, એનાથી મુક્તિ નથી, પુણ્યબંધ થાય છે. સમકિતીને પણ. અજ્ઞાનીને તો મિથ્યાદર્શન સહિત પુણ્યબંધ થાય છે. કારણ કે રાગથી ધર્મ માને છે, વ્યવહારથી કલ્યાણ માને છે. એ મિથ્યાદૃષ્ટિ છે. અને મિથ્યાદૃષ્ટિને રાગની મંદતા મિથ્યાત્વ સહિત અઘાતિમાં પુણ્યબંધ થાય છે. કહો, મૂળચંદભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ ઈન્દ્રની સભામાં અને ગણધરની સભામાં આમ કહેતા હતા. ઉપર આવ્યુંને? આગમમાં એમ કહ્યું છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. આહા..હા..! કે એ શુભભાવ અન્ય દ્રવ્યનો સ્વભાવ હોવાથી પોતાના આત્માના નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એનાથી નથી થતા. કહો, સમજાય છે કાંઈ?

'**માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...**' કેટલી ટીકા છે! એક ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાન અને આનંદ સ્વભાવી સ્વદ્રવ્ય એના આશ્રયે '**માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...**' સ્વદ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે તે '**પરમાર્થ મોક્ષહેતુ જ...**' 'જ' કહ્યો છે. અનેકાંત નહિ કે નિશ્ચયથી પણ થાય છે અને વ્યવહારથી પણ થાય છે. એ અનેકાંત નથી, એ તો

ફૂદડીવાદ છે, મિથ્યાવાદ છે. અહીં તો **'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો...'** ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનપુંજ એના આશ્રયે, એક દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થનારી નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ એ એક જ મોક્ષનો હેતુ છે. એવી સૂક્ષ્મ વાત છે. શેઠ કહે છેને, કે ... થશે. માર્ગ તો આ છે. એ.. શોભાલાલજી! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' વીતરાગ માર્ગમાં એક જ પ્રકાર, નિશ્ચય મોક્ષમાર્ગ એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ નથી. નથી તેને કહેવું તેનું નામ નિરૂપણ કથન છે. આહા..હા..!

**'માત્ર...' 'परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात्।'** આહા..! બહુ ચોખ્ખું! કદી સાંભળવા મળ્યું નહિ અને શ્રદ્ધામાં તો ક્યાંથી લાવે? આહા..! આમને આમ જિંદગી અનંત કાળથી ગુમાવે છે. **'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** 'જ' નામ એકાંત છે. સ્વ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેમાં વિભાવનો અભાવ અને પૂર્ણ આનંદસ્વભાવનો સદ્ભાવ, એવા આત્માના આશ્રયે સમ્યગ્દર્શન નિશ્ચય, સત્યદર્શન, સમ્યક્જ્ઞાન સત્યજ્ઞાન, શાસ્ત્ર આદિનું જ્ઞાન એ જ્ઞાન નહિ, એ પરાલંબી જ્ઞાન એ જ્ઞાન નહિ. સ્વદ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ—ચારિત્ર (થાય) એ **'પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો...'** છે. **'(અર્થાત્ જીવસ્વભાવી)...'** જીવ સ્વભાવવાળો છે. નિશ્ચય સમ્યગ્દર્શન ચોથેથી ઉત્પન્ન થાય છે, ચોથા ગુણસ્થાનથી. એ જીવસ્વભાવવાળું છે. રાગ છે એ પુદ્ગલસ્વભાવાળો છે. બેય ભિન્ન ચીજ છે. સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. આઠ દિવસ રહ્યા હતા. ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાં ગયા હતા સંવત ૪૯માં, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. મદ્રાસ છેને? મદ્રાસથી એંસી માઈલ આ બાજુ વંદેવાસ નામનું ગામ છે. શું છે? પોન્નુર હિલ, પોન્નુર હિલ નામની ટેકરી છે. ત્યાંથી ગયા હતા.

મુમુક્ષુ :— પોન્નુરનો અર્થ સોનું થાય.

ઉત્તર :— સોનું થાય. સોનું, પોન્નુરનો અર્થ સોનું થાય. સુવર્ણ—સોનું. ત્યાંથી ગયા હતા ભગવાન પાસે. ત્યાં મઠમાં પણ, અન્યમતના મઠમાં પણ એનો આધાર છે. ત્યાં અન્યમતના મઠ છેને, ત્યાં પણ એનો આધાર છે. એમાં લખ્યું હતું, અહીંયા એક મોટા ચમત્કારી મુનિ હતા. અહીંથી ભગવાન પાસે ગયા હતા. નગ્ન મુનિ દિગંબર, સંવત ૪૯. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ત્યાં બનાવ્યા છે. પોન્નુર હિલ. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. આગમ ષટ્ખંડાગમ, ધવલ આદિની પણ જોડે ટેકરી છે. શું નામ છે એનું? ધવલગિરી. ધવલગિરી નામ છે, બેય નજીકમાં છે. ન્યાં ઉપરથી ધવલગિરી દેખાય છે. ઘણા કહે છે, નિશ્ચયના અહીં બનાવ્યા, વ્યવહારના ત્યાં બનાવ્યા. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** નિશ્ચય મોક્ષમાર્ગ જ **'એક દ્રવ્યના સ્વભાવવાળો...'**

ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યની વ્યાખ્યા—ટીકા કરે છે, સ્પષ્ટ કરે છે. જે ગંભીર વાત છે તેને ખોલે છે. કુંદકુંદાચાર્યદેવ એમ કહે છે કે વિદ્વાનો વ્યવહારથી મુક્તિ મનાવે છે તેની દૃષ્ટિ વિપરીત છે. સમજાય છે કાંઈ? વિદ્વાન શબ્દ મૂક્યો છે. આહા..! મોક્ષ પરમાર્થ દ્રવ્ય વસ્તુ ચૈતન્ય ભગવાન વિકલ્પના વ્યવહારથી ભિન્ન ચૈતન્યના આશ્રયે પરમાર્થ મોક્ષહેતુ પ્રગટ થાય છે. તે એક જ દ્રવ્ય સ્વભાવવાળો હોવાથી **'તેના સ્વભાવ વડે...'** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવ ચૈતન્યના આશ્રયે ઉત્પન્ન થાય, **'તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.'** જ્ઞાન શબ્દે એકલું જ્ઞાન નહિ. આહા..હા..! વસ્તુ અનંત ગુણનો પિંડ આત્મા એનાથી પરિણમન થાય છે. એકલું જ્ઞાન નહિ. જ્ઞાન શબ્દે અહીંયા આત્મા છે. જ્ઞાન કહો કે આત્મા કહો. સમજાય છે કાંઈ? ઈ અધિકાર છે આ.

**'તેના સ્વભાવ વડે...'** જીવ સ્વભાવ. જાણન, દેખન, આનંદ એવું સ્વરૂપ એની પરિણતિ જે દિવ્ય સ્વભાવ વડે નિર્મળ પરિણતિ થાય, તે એક જ મોક્ષનો હેતુ છે. તેનાથી મોક્ષ હેતુ પરિણમન થાય છે. વ્યવહારની, રાગની પરિણતિથી જીવના સ્વભાવની શુદ્ધ પરિણતિ મોક્ષહેતુ થતી નથી. સ્પષ્ટ વાત છે. આમાં કોઈ શંકાનું સ્થાન નથી, વાદવિવાદનો પ્રકાર નથી. આહા..હા..! 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. શરીર આ તો માટી જડ છે, અજીવતત્ત્વ છે, એ તો અજીવ થઈને રહ્યું છે. આ જીવ થઈને રહ્યું છે? અને કર્મ અંદર છે એ અજીવ થઈને રહ્યા છે. અને પુણ્ય ને પાપ છે એ વિભાવરૂપ, ઉપાધિરૂપ થઈને રહ્યા છે. એ સ્વભાવરૂપ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ જ્ઞાતા-દૃષ્ટા, આનંદ આદિ અનંત ગુણ, અનંત શુદ્ધ ગુણ સ્વભાવપણે રહેલો છે. એવો શુદ્ધ ગુણસ્વભાવી ભગવાનના અવલંબને અંતર્મુખ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, આનંદના સ્વાદની સાથે, અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે જે સમ્યગ્દર્શન થાય છે તે નિશ્ચય સમકિત છે, એ મોક્ષનું કારણ છે. રાગ તો દુઃખ છે. ચાહે તો શુભભાવ હો, પોતાના આનંદસ્વરૂપથી વિપરીત ભાવ છે ઈ. આહા..હા..! આકુળતા છે. શુભ અશુભભાવ બેય આકુળતા છે. આકુળતાથી અનાકુળ આનંદની પરિણતિરૂપ મોક્ષહેતુ કેવી રીતે પ્રગટ થાય? આહા..હા..! સમજાય છે કાંઈ? આ સંસારમાં આ લક્ષ્મી ને આબરૂ ને ધૂળ ને ધમાહા, સ્ત્રીના ભોગ ને વિષય ને આબરૂ એ બધી આકુળતા છે. અશુભરાગની આકુળતા. આ શુભરાગની આકુળતા. આહા..હા..! શેઠ! આ શેઠિયા-બેઠિયા દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :— આ વિદેહક્ષેત્રનું કથન છે.

ઉત્તર :— વિદેહક્ષેત્રનું કથન છે, શેઠ કહે છે. આ પંચમઆરાના મુનિ કહે છે કે કોણ કહે છે? શેઠને બતાવવું પડેને. આ પંચમઆરાના મુનિ છે, કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય તે વિદેહક્ષેત્રના છે?

મુમુક્ષુ :— ત્યાં ગયા હતાને.

ઉત્તર :— ગયા હતા, પણ છે અહીંના ને? ત્યાંથી માલ લાવ્યા આ. એ તો મોક્ષમાર્ગી હતા. ગયા નહોતા ઈ પહેલા પણ મોક્ષમાર્ગી હતા. આચાર્ય હતાને. નિજ અનુભવ, આનંદનો અનુભવ, પ્રચુર સ્વસંવેદન (હતું). પાંચમી ગાથામાં આવ્યું છે. પ્રચુર સ્વસંવેદન. આનંદનું, અંદર અતીન્દ્રિયનો ઉભરો નામ.. ઉભરાને શું કહે છે? બાઢ. દરિયામાં જેમ પાણીની ભરતી આવે છેને? એમ આનંદની ભરતી આવે અંદર. એવી દશામાં તો હતા. પછી ભગવાનનો વિરહ (પડતાં) એવો વિકલ્પ આવ્યો કે, અહો..! ભગવાનના પંચમઆરામાં વિરહ પડ્યા. એવી લબ્ધિ હતી ચાર તસુ ઊંચે ચાલવાની. ભગવાન પાસે ગયા હતા. સમવસરણમાં આઠ દિવસ રહ્યા હતા. નગ્ન મુનિ દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય. ત્યાં આઠ દિવસ સાંભળ્યું, સાંભળીને આ શાસ્ત્ર બનાવ્યા છે. ભગવાનના સંદેશ છે આ. પિતાજી બહાર જાયને? તો કાંઈક લાવેને? છોકરાઓ ભેગા થઈને પૂછેને, બાપુજી! શું લાવ્યા? મારી માટે શું લાવ્યા? પત્ની એમ પૂછે કે મારી માટે શું લાવ્યા? સાડલો-બાડલો લાવ્યા? દાગીનો લાવ્યા બે-પાંચ હજારનો? છોકરાઓ કહે, કંઈ ખાવાનું લાવ્યા? એમ અહીં ભગવાન પાસે ગયા હતા તો પૂછે છે, પ્રભુ! આપ શું લાવ્યા? તો કહે છે, આ લાવ્યા. સમજાય છે કાંઈ? આહા..હા..! વ્યવહારના અર્થીને તો આ ઘા વાગે અંદરથી, ઘા વાગે.

**'એક દ્રવ્યના સ્વભાવવાળો...'** દેખો! નિજ ચૈતન્યપ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે અને કેવળજ્ઞાનનો પુંજ છે. એવા અનંત ગુણનો પુંજ આત્મા છે. આવા અનંત ગુણનો પુંજ એક દ્રવ્ય, મોક્ષનો માર્ગ એક દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. એની અંદર પરદ્રવ્યના નિમિત્તની અસર નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણું ભાઈ! માર્ગ તો એવા છે, ભગવાન! એણે અનંત કાળ ગાળ્યો પણ વ્યવહારની રુચિ છોડી નહિ. નિશ્ચયની દૃષ્ટિ કરી નહિ. તેથી સંસારમાં રખડે છે. ભલે કોઈ શુભભાવથી નવમી ગ્રૈવેયક જાય. નવમી ગ્રૈવેયક. એમાં શું થયું? માખી જેમ અહીંથી ઊડીને ઉપર જાય તો ઊંચી થઈ ગઈ? એમ નવમી ગ્રૈવેયક જાય શુભભાવથી તો ઊંચો થઈ ગયો? એ તો દેવનો ભેખ છે. પોતાનો ભેખ સમજ્યો નહિ કે હું કોણ છું? આહા..હા..!

પોતાનો આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપને વ્યવહારની અપેક્ષા નથી. એમ કહે છે. જુઓ! આવ્યુંને? વ્યવહારને કારણે આત્માનું પરિણમન, જ્ઞાનનું ભવન નથી થતું. જ્ઞાનના ભવનનો અર્થ આત્માનું ભવન, હોં! એકલું જ્ઞાન નહિ. આવ્યુંને? તેથી **'તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું...'** એટલે આત્માનું **'ભવન થતું નથી,...'** આહા..હા..! બહુ સ્પષ્ટ! બહુ સ્પષ્ટ!! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં આ વાતની ગંધ નથી. એવી આ વસ્તુ છે. સમજાય છે કાંઈ? ત્યાં તો આ કરો, આ

વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો. સંથારા કરો બે બે મહિનાના. મરી જઈશ રાગ કરીને. રાગ છે એ તો. પંડિતજી! ક્લેશ છે એ તો. એમ કહે છે નિર્જરા અધિકારમાં. આહા..હા..!

પોતાની ચીજ અંદર આનંદકંદ સચ્ચિદાનંદ એટલે સિદ્ધ સ્વરૂપ એવી ચીજ છે એનો આશ્રય લીધો નહિ, ત્યાં સુધી એને મોક્ષના માર્ગની, સમકિતની શરૂઆત થતી નથી. જે ધર્મની પહેલી સીઢી છે. આહા..હા..! બહુ કઠણ. મૂળચંદભાઈ! આ શું પણ કર્યું હશે અત્યાર સુધી? આ બધા અગ્રેસર, શેઠિયાઓ, શેઠિયાઓ.. આ પણ શેઠિયા છે. એ.. પંડિતજી! આ તો મોટા પ્રોફેસર છે સંસ્કૃતના, જયપુરમાં છે. જયપુરના મોટા પ્રોફેસર છે, હોં! સંસ્કૃતના. પંડિત છે. એમાં શું થયું સંસ્કૃતમાં? એ તો બહારની પંડિતાઈ છે. એઈ..! આહા..હા..! એમાં આવ્યુંને? મોક્ષમાર્ગ પ્રકાશમાં શરૂઆતમાં આવ્યું છે. ટોડરમલજી. પંડ્યા પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા. ફોતરા સમજ્યા? છિલકા. પહેલા અધિકારમાં આવ્યું છે. પહેલો અધિકાર છેને, મોક્ષમાર્ગ પ્રકાશક? ટોડરમલજી. લેવું છે? ક્યાં છે? આ ટોડરલમજીનું છે. ટોડરમલે તો શાસ્ત્રના આધારે હજારો શાસ્ત્રનો નિચોડ કર્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બિલકુલ નહિ. શાસ્ત્રના આધારે વાત કરી છે. ઘણું સ્પષ્ટ! પહેલા અધિકારમાં પાછળ છે. પહેલો અધિકાર છેને. **'દોહા પાહુડ'માં પણ કહ્યું છે કે :—'** પાનું સત્તર છે. સત્તર એટલે એક અને સાત. અમારી ભાષા સત્તર છે. દસ અને સાત.

**पंडिय पंडिय पंडिया कण छंडिवि तुस कंडिया।**
**अत्थे गंथे तुट्ठो सि परमत्थ ण जाणइ मूढो सि।।८५।।**

મોક્ષમાર્ગમાં લીધું છે.

**'અર્થ :— હે પાંડે! હે પાંડે! હે પાંડે!'** ત્રણ વાર લીધું છે. **'તું કણને છોડી...'** કણ કણ સમજ્યા? દાણા. દાણાને છોડી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વદ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થાય એ કણ છે. આ ફોતરા, વ્યવહાર શુભભાવ થાય છે એ ફોતરા છે. ફોતરાને શું કહે છે? છિલકા. છિલકા.. છિલકા. તમારી હિન્દી ભાષા નથી આવડતી. થોડી થોડી આવડે છે. કાઠિયાવાડી ભાષા છેને અહીંયા. **'તું કણને છોડી માત્ર તુસ જ ખાંડે છે...'** ફોતરા ખાંડે છે. વ્યવહારની ક્રિયાકાંડ. શુભરાગમાં ધર્મ છે, તુસ ખાંડે છે.

**'અર્થાત્ તું અર્થ અને શબ્દમાં જ સંતુષ્ટ છે...'** આવો અર્થ થાય ને આવા શબ્દ છે ને આવું આ છે. પંડિતોનો સંસાર શાસ્ત્ર છે. એમ લખ્યું છે. યોગસાર, અમિતગતિ આચાર્યે યોગસાર બનાવ્યું છે. યોગસાર બે છે. એક યોગીન્દ્રદેવનું બનાવેલું છે, પરમાત્મપ્રકાશ બનાવ્યું એમણે બનાવ્યું છે અને એક છે અમિતગતિ આચાર્યનું. બહુ સરસ. યોગસાર, અમિતગતિ આચાર્યનું. સમયસારને મળતી બધી વાતો કરી છે. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. અહીં

તો ૩૮ વર્ષ થઈ ગયા. ત્રીસ અને આઠ વર્ષ થઈ ગયા. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. તો કહે છે કે '**તું અર્થ અને શબ્દમાં જ સંતુષ્ટ છે પણ પરમાર્થ જાણતો નથી...**' માટે '**મૂઢોસિ**' '**મૂર્ખ જ છે.**' એમ લખ્યું છે. પરમાર્થ છેને આમાં? મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ટોડરમલજીએ ઘણી વાત કરી છે. આચાર્યોએ જેવી વાત એમણે (કરી છે). કેટલાક તો એમને માનતા નથી.

મુમુક્ષુ :— આચાર્યકલ્પ કહેવાય છે.

ઉત્તર :— હા, હા. ઘણો. ઓહો..હો..! પહેલા કહ્યું હતુંને એકવાર? અમને પહેલી વાર (સંવત) ૧૯૮૨ની સાલમાં મળ્યું. ચાલીસ અને સાત વર્ષ થયા, ૪૭. ૪૭ને શું કહે છે? સૈંતાલીસ. પહેલા મળ્યું ૪૭ વર્ષ પહેલા. વાંચતા હતા, એ વખતે તો એમાં હતાને. ૪૭ વર્ષ પહેલા. આ સમયસાર ૫૦ વર્ષ પહેલા. ૭૮, સંવત ૧૯૭૮. ૫૧ વર્ષ થયા. તો મોક્ષમાર્ગ પ્રકાશક વાંચતા હતા, ક્યાંય ચેન ન પડે. ખાવું, પીવું, વ્યાખ્યાન કરવા, લખવું, (ભુલાઈ ગયું) એવી અંદર ધુન ચડી હતી. એઈ..! આ ... તમારે પૈસાવાળાને. આહા..હા..! તાકડે અમારા જીવરાજજી હતા એને કૂતરું કરડ્યું. કૂત્તા. એ વખતે વ્હોરવા તો ન જઈ શકે. નહિતર તો હું વહોરું અને ઇ એક કોર બેસી રહે. ૮૨ની સાલની વાત છે. એવું મોક્ષમાર્ગ પ્રકાશક બનાવ્યું છે, એમાં એનો સાતમો અધિકાર, અને સાતમા અધિકારમાં તો નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસીનો જે અર્થ લખ્યો છે... આહા..હા..! બાર અંગનો સાર એમાં ભરી દીધો છે. ટોડરમલ.

અહીંયા કહે છે કે શુભભાવની ક્રિયા જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, જાત્રા એ બધા શુભભાવ પુદ્ગલસ્વભાવી છે. કેમ કે પુદ્ગલના લક્ષે ઉત્પન્ન થાય છે અને એનાથી પુદ્ગલ બંધાય છે. શુભભાવ પુદ્ગલના લક્ષે થાય છે અને એનું ફળ બંધ થાય છે. આહા..હા..! એવો ભગવાન આત્મસ્વભાવનો માર્ગ પરદ્રવ્યના સ્વભાવથી ઉત્પન્ન થતો નથી. પોતાનું દ્રવ્ય ચૈતન્યપ્રભુ મહા ભગવાન પૂર્ણાનંદ, જેને નિયમસારમાં કારણપરમાત્મા કહ્યો છે. કારણપરમાત્મા. જેમાં પુણ્ય-પાપ તો નથી, પણ ઉત્પાદ-વ્યયની પર્યાય પણ જેમાં નથી. કેમ કે ઉત્પાદ-વ્યયની પર્યાય તો એક સમયની, વ્યવહાર છે. એનાથી રહિત ત્રિકાળી નિશ્ચય ભગવાન દ્રવ્યસ્વભાવ, એવા દ્રવ્યસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય એ એક જ મોક્ષમાર્ગ છે. '**તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.**' જ્ઞાન શબ્દે આત્મા, હોં! એકલું જ્ઞાન જાણપણું એમ નહિ. જ્ઞાન—એકલું જાણપણું ક્ષયોપશમ તો અનંત વાર કર્યો. અગિયાર અંગ ભણ્યો. નવ પૂર્વ ... ભણ્યો. નવ પૂર્વનું જ્ઞાન શું છે? ઇ જ્ઞાન નહિ. પોતાના ચૈતન્ય દ્રવ્યસ્વભાવના અવલંબનથી જે જ્ઞાન થાય તેનું નામ જ્ઞાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, હોં! ભાવ ભલે ઊંચા હોય. પણ ભાષામાં કાંઈ ન સમજાય

એવી વાત નથી. ઘણી સાદી ભાષા છે. આ ગાથા પણ બહુ સાદી છે. સાદી સમજો છો? સરળ, સરળ.

**'ભાવાર્થ :—'** આટલું તો કાલે આવ્યું હતું પણ ફરીથી લીધું થોડું. છોકરાઓ પણ આવ્યા છેને આજ. આજ રજા છેને? ઈદની રજા છે. મુસલમાનની ઈદ. બકરી ઈદ. જયચંદ્ર પંડિતે ભાવાર્થ ભર્યા છે. જયપુરના પંડિત. જયચંદ્ર પંડિત. છાબડા છાબડાને? બહુ સરસ કર્યો છે. સમયસારનો અર્થ ઘણો પૂર્વાપરવિરોધ રહિત ભાવાર્થ લખ્યો છે. આવા પંડિતે ગૃહસ્થાશ્રમમાં પણ ઘણું કામ કર્યું છે.

**'મોક્ષ આત્માનો થાય છે...'** ભાવાર્થ. આત્માનો મોક્ષ નામ પરમ આનંદની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ. પૂર્ણ અનંત ગુણની પૂર્ણ પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. અપૂર્ણ મોક્ષના માર્ગની પ્રાપ્તિ એ મોક્ષમાર્ગ. પૂર્ણ શુદ્ધની પ્રાપ્તિ એ મોક્ષ. આહા..હા..! **'આત્માનો મોક્ષ થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.'** જુઓને! દૃષ્ટાંત. ભગવાન આત્માનો મોક્ષ થાય છે તો એનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. આહા..હા...! કેમ કે આત્માનો મોક્ષ થાય છે. આત્માને પૂર્ણ આનંદની, પૂર્ણ જ્ઞાનની, પૂર્ણ શાંતિની, પૂર્ણ અનંત ગુણની પર્યાયની પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. તો આત્માનો મોક્ષ થાય છે તો મોક્ષનું કારણ આત્માના સ્વભાવવાળું હોવું જોઈએ. આત્માનો મોક્ષ થાય છે તો એનું કારણ પણ આત્માનો સ્વભાવ જ હોવો જોઈએ. મહેન્દ્રજી! આહા..હા..!

અરે..! ચોર્યાશી લાખના અવતારમાં જુઓને, આહા..હા..! નેમચંદભાઈ! ઓલું સવારમાં સાંભળીને આમ કાંઈક થઈ ગયું હોં તમારું. એમના શેઠ કોઈ હશે, એમના ભાઈના ભાગીદાર. ૩૮ વર્ષની ઉંમર.

મુમુક્ષુ :— કાલે વાત કરી હતી.

ઉત્તર :— કરી હતી? ના, ના, આજે સાંભળી. ઈ બીજી, આ બીજા. નેમચંદભાઈ છેને એમના ભાઈ થાય. ભાગીદાર હતા તમારા? સાથે બેસતા. એમાં એને જેસર છેને? જેસર, પાલીતાણા પાસે. એનો માણસ.. નાનો ઘણો, ૩૮ વર્ષની ઉંમર. દસ, પંદર લાખની ખોટ ગઈ. ખોટને શું કહે છે? નુકસાની. એને ઘણું નીકળ્યું પાછળથી. આઠ, દસ લાખ રૂપિયા નીકળ્યા. ઈ મુંઝાઈ ગયો. શું કહેવાય? ... શું કહે છે? નાયલોન (દોરીથી) લટકી ગયો. આહા..હા..! અરે..રે..! આત્મા શું છે, કાંઈ ખબર નહિ. આવી દુર્દશા જૈન થઈને. ૩૮ વર્ષની ઉંમર, ભાઈ! કેટલો વખત થયો? એક વર્ષ. સાથે બેસતા હતાને? આહા..હા..! કાંઈ ભાન ન મળે આત્મા શું છે એ તો બહારથી ફાંસી ખાઈને ... પણ જે રાગથી ધર્મ માને છે એ આત્માની ફાંસી છે. એ ભગવાન આનંદનો નાથ, શુદ્ધ જ્ઞાનનો પુંજ એને વિભાવ, રાગથી એકત્વ માનવું એ જ ફાંસી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ તો બહુ સરળ

અને દુર્લભ છે. સરળ અને દુર્લભ. આહા..હા..!

અરે..! શ્રદ્ધામાં તો લે એ વાત. અનુભવ તો પછી. વિકલ્પ સહિત નિર્ણયમાં પણ પહેલા આમ આવવું જોઈએ કે મારો આત્મસ્વભાવ આનંદસ્વરૂપ એના અવલંબનથી જ મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ થાય છે. કેમ કે મોક્ષમાર્ગ એ પર્યાય છે. મોક્ષમાર્ગ કોઈ ગુણ નથી. સિદ્ધ પણ પર્યાય છે, ગુણ નથી. કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળી હોય. પ્રગટ થાય એ તો પર્યાય છે. આહા..હા..! તો એ પર્યાય જે પ્રગટ થાય છે તે પોતાના દ્રવ્યના આશ્રયે થાય છે. કેમ કે અંદરમાં કેવળજ્ઞાનની આવી અનંતી પર્યાય પડી છે.

ભાઈ! ઓલામાં આવે છેને? અવ્યક્તમાં એક આવે છેને? છેને એમાં? ૪૯ ગાથા. અહીં તો અવ્યક્ત કાઢવું છે હોં! ગુજરાતીમાં પાનું ૧૦૧ છે. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.**' છે? ત્રીજો બોલ છે. ચિત્સામાન્ય-જ્ઞાનસામાન્ય સ્વભાવમાં વ્યક્ત જે જ્ઞાનની પર્યાય થાય છે એ બધી અંતરમાં છે. અંતરમાં લીન છે. આહા..હા..! પંડિતજી! છે? વાંચો જોઈ. સમસ્ત શું? વ્યક્તિઓ. જે જ્ઞાનની, કેવળજ્ઞાનાદિની પર્યાય જે વ્યક્ત થાય છે.. સમજાય છે? આહા..હા..! સંસ્કૃતમાં છે. '**चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात्**' આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે આત્મદ્રવ્ય જે સામાન્ય જ્ઞાન, ચૈતન્ય સામાન્ય અંદર ધ્રુવ એમાં જેટલી જ્ઞાન, કેવળજ્ઞાન આદિની પર્યાય પ્રગટ થાય છેને વ્યક્ત? એ બધી અંદરમાં પડી છે. અંદરમાં નિમગ્ન છે. માટે તેને અવ્યક્ત કહે છે. ભારે આકરું કામ. પંડિતજી! સંસ્કૃતમાં છે? '**चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात्**'. વ્યક્ત એટલે પ્રગટ દશાઓ જેટલી પર્યાય છે કેવળજ્ઞાનાદિ બધી અંતરમાં ધ્રુવ સામાન્યમાં પડી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઈ પાછળ છે પાછળ. '**હવે અવ્યક્ત વિશેષણને સિદ્ધ કરે છે :—**' એમાં છે. ૪૯ ગાથામાં પાછળ છે. બહુ ઊંચી ગાથા છે. એમાં પણ અવ્યક્તના અર્થ તો બહુ ઊંચા છે!!

ભગવાન આત્મા સામાન્ય જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે બધા ગુણ અંદર છે એ ગુણની પ્રગટ અવસ્થા જે અનંત ગુણની છે, વ્યક્ત થવા લાયક છે એ બધી અંદરમાં નિમગ્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધ્રુવ ભગવાન આત્મા ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત... આહા..હા..! એવા ધ્રુવ ભગવાન આત્મામાં, એ ચિત્સામાન્ય, ધ્રુવને ચિત્સામાન્ય કીધો, જ્ઞાનસામાન્ય, સ્વભાવ સામાન્ય એમાં... છે? '**ચૈતન્યની સર્વ વ્યક્તિઓ...**' ચૈતન્યની અનંત ગુણની પ્રગટ અવસ્થા જે થાય છે એ બધી અંતરમગ્ન છે. આહા..હા..! પંડિતજી! તેથી ભગવાન આત્માને પરમાત્મા અવ્યક્ત કહે છે. અવ્યક્ત. કેમકે વ્યક્ત પર્યાય અંતરમાં નિમગ્ન છે તે અવ્યક્ત છે. આવ્યું? ક્યાં છે? ગુજરાતી છે તો વાંચોને.

'**ચિત્સામાન્યમાં...**' બગડા પછી, બે બે છેને? '**ચિત્સામાન્યમાં...**' પૈસા ઉઘરાવવા

હોય અને પાનું કાઢવું હોય તો આટલી વાર ન લાગે. શોભાલાલજી! કાનપુર જાય તો આટલી વાર લાગે પાનું ગોતવા માટે? ઓલો આવ્યો હોયને, પચ્ચીસ હજાર દેવા આવ્યો હોય. આહા..હા..! પરમાત્મા ત્રણ લોકના નાથ એની વાણીમાં આવ્યું, તીર્થંકરની વાણીમાં, ભગવાન! ભગવાન કહીને જ આત્માને બોલાવ્યો છે. ૭૨ ગાથામાં. કર્તાકર્મ (અધિકાર). ભગવાન આત્મા અશુચિથી રહિત છે. વિભાવથી રહિત છે. આહા..હા..! અને દુઃખથી રહિત છે. એમ ભગવાન આત્મા નિત્યાનંદ ધ્રુવ એમાં ઉત્પાદરૂપ થવાવાળી વ્યક્ત પર્યાય જેટલી છે અનંત ગુણની એ બધી અંતર્મગ્ન છે. સમજાય છે કાંઈ? જળના તરંગ જળમાં શું કહેવાય? સમાય ઈ આપણી ભાષા? હિન્દી? ડૂબત હૈ. સમયસાર નાટકમાં છે. જળના તરંગ જળમાં ડૂબે છે. બુડુક હૈ, એવો શબ્દ છે. સમયસાર નાટકમાં, બનારસીદાસનો. જળના તરંગ જેમ જળમાં બુડુક હૈ, એમ ભગવાનની નિર્મળ પર્યાય અંદરમાં ડૂબી છે. આહા..હા..! એ આત્મા શું છે દ્રવ્યસ્વભાવ એને યથાર્થપણે સાંભળ્યો જ નથી. જે મૂળ વાત છે એને તો એક કોર મૂકીને બહારના બીજા રસ્તે ચડી ગયા. ત્યાં પત્તો લાગતો નથી. આહા..હા..! શુભ ક્રિયાકાંડના રસ્તે ગયો ત્યાં આત્માનું ઠેકાણું નથી, ત્યાં તો રાગનું ઠેકાણું છે. સમજાય છે કાંઈ? આ તો એક એક બોલમાં કેટલું ભર્યું છેને. ટીકા તે ટીકા. આવી ટીકા ભરતક્ષેત્રમાં (ક્યાંય નથી). અન્યમાં તો હોતી નથી, અન્યમાં ધર્મ ક્યાં છે? પણ દિગંબર સંતોની કથનીમાં આ ટીકા અદ્ભુતથી અદ્ભુત છે! ઓહો..! ભગવાનના પ્રવચન પરમ આગમ એનો બધો સાર ભરી દીધો છે.

કહે છે કે ભગવાન આત્મા... કહે છે કે '**આત્માનો મોક્ષ થાય છે...**' મોક્ષ કોનો થાય છે? આત્માનો કે કર્મનો? મોક્ષ તો આત્માનો થાય છે. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તેથી. '**તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.**' તો આત્માનો મોક્ષ થાય છે તો આત્માનો સ્વભાવ જ એનું મોક્ષનું કારણ હોવું જોઈએ. આહા..હા..! અંદર બેસવું ભારે કઠણ લોકોને. કારણ કે વ્યક્ત તો પર્યાય છે. વ્યક્ત પ્રગટ. (દ્રવ્ય) તો અવ્યક્ત છે, પર્યાયની અપેક્ષાએ. આખું દ્રવ્ય, આખો પૂર્ણાનંદ ધ્રુવ એ તો અવ્યક્ત છે. વસ્તુની અપેક્ષાએ વ્યક્ત છે. એ ચીજ સામે નજર કરવાનો કદી પ્રયત્ન કર્યો નથી. જે કરવાલાયક હતું એની સામે કદી નજર કરી નહિ. બહારને બહાર ભમ્યા કરે, આમ ને તેમ. ઘાણીનો બળદ, ઘાણી ઘાણી.. ન્યાં ને ન્યાં ફરે છે. આંખ ઉઘાડે તો એનું એ ઘર અને એનો એ ઘાંચી, ને ઘાણી. રાગની ક્રિયા (કરી) ન્યાં ને ન્યાં ફર્યો, બહુ કર્યું, બહુ કર્યું... ઉઘાડે ત્યાં સંસાર. એનું ફળ સંસાર. શેઠ! ઓહો..હો..! ભાવાર્થ પણ કેવો ભર્યો છે! જયચંદ્ર પંડિત.

આત્માનો મોક્ષ થાય છેને? આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ. પૂર્ણ દરેક ગુણની, પ્રત્યેક ગુણની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ તે મોક્ષ. એ મોક્ષનું કારણ આત્મસ્વભાવી હોવું જોઈએ. પરભાવી આત્માના મોક્ષનું કારણ હોય નહિ. '**જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો**

**મોક્ષ કેમ થાય?'** એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ આદિનો ભાવ તો રાગ છે, અન્ય દ્રવ્યસ્વભાવવાળા છે. આહા..હા..! આકરું કામ. છે તો એની પર્યાયમાં, જડમાં નહિ, પણ એ વિભાવ છે, ત્રિકાળી સ્વભાવથી વિપરીત છે. અને એ પુણ્યભાવ નિશ્ચયથી અચેતન છે. કેમ? કે શુભભાવ પોતાને જાણતો નથી પણ બીજા દ્વારા જણાય છે. તેથી શુભરાગની ક્રિયા અચેતન જડ અંધ છે. સમજાય છે કાંઈ? અંધમાં જવાથી આત્મા જાગૃત થાય છે એમ કદી બને નહિ. **'અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય?'**

**'શુભ કર્મ પુદ્ગલસ્વભાવી છે...'** દેખો! આહા..હા..! શુભભાવ છેને? એ કર્મ છે, રાગ છે. એ કાર્ય ભાવકર્મ છે. એ શુભરાગ પુદ્ગલસ્વભાવી છે **'તેથી તેના ભવનથી...'** એ શુભરાગના થવાથી **'પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે;...'** તેનાથી (જે) મોક્ષનો માર્ગ પરમાર્થ છે, એ વ્યવહારના રાગથી નથી થતો. આહા..હા..! સમજાય છે કાંઈ? સમજો થોડું થોડું. આ તો વાત એવી છે ભગવાન! આહા..હા..! તારો ભગવાન કોણ છે એની ખબર નથી. પર ભગવાન તો એના છે, અહીં ક્યાંથી આવ્યા? અહીં તો પોતાનો ભગવાન, ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવાળો, સંપન્ન લક્ષ્મીસંપન્ન પ્રભુ આત્મા છે. ઓહો..હો..! આવા આત્મસ્વભાવની પ્રાપ્તિ થવી એ પરદ્રવ્યના સ્વભાવથી કેવી રીતે થાય? શુભરાગથી, વ્યવહારથી, ક્રિયાકાંડથી.. આહા..હા..! (કેવી રીતે પ્રાપ્ત થાય)? **'માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી.'** માટે તે શુભભાવ મોક્ષનું કારણ થતા નથી.

**'જ્ઞાન આત્મસ્વભાવી છે...'** જાણન, દેખન, આનંદ ઈ આત્મસ્વભાવી છે. **'તેથી તેના ભવનથી...'** તેના પરિણમનથી **'આત્માનું ભવન થાય છે;...'** પરિણમન નામ પર્યાય સ્વાભાવિક થાય છે, સમ્યગ્દર્શન, જ્ઞાનની. **'માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે.'** લ્યો. **'આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.'** મોક્ષનો હેતુ ભગવાન આત્મા જ છે. રાગાદિ મોક્ષનો હેતુ નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૦૬

(अनुष्टुभ्)
वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છે :

શ્લોકાર્થ :-- [एकद्रव्यस्वभावत्वात्] જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (જીવસ્વભાવી) હોવાથી [ज्ञानस्वभावेन] જ્ઞાનના સ્વભાવથી [सदा] હંમેશાં [ज्ञानस्य भवनं वृत्तं] જ્ઞાનનું ભવન થાય છે; [तत्] માટે [कर्म मोक्षहेतुः न] જ્ઞાન જ મોક્ષનું કારણ છે. ૧૦૬.

---

### પોષ સુદ-૧૪, બુધવાર, તા. ૧૭-૦૧-૧૯૭૩
### શ્લોક-૧૦૬ થી ૧૦૮, પ્રવચન-૨૮૭

૧૦૬. ઉપર કળશ છે. એમને બરાબર નહિ આવે.

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

નીચે એનો અર્થ છે. 'હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છે :—' 'જ્ઞાન...' થોડી સૂક્ષ્મ વાત છે. 'એકદ્રવ્યસ્વભાવથી હોવાથી...' છે? શું કહે છે? આત્મા જે છે એ તો જ્ઞાનસ્વરૂપી છે. એમાં એ પુણ્ય-પાપના વિકાર થવાની શક્તિ નથી. શુભાશુભ ભાવ જે થાય છે એ તો આત્માના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, નિશ્ચયથી તે પુદ્‌ગલના ભાવ છે. વ્યવહારના જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ એ પોતાના દ્રવ્યનો સ્વભાવ નથી. કેમ કે આત્મા તો જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી છે. એ ચૈતન્યસ્વભાવી આત્મા છે. સમજાય છે કાંઈ? તો જ્ઞાન તો એકદ્રવ્યસ્વભાવ અથવા જીવસ્વભાવી હોવાથી.

**'જ્ઞાનના સ્વભાવથી હંમેશાં જ્ઞાનનું ભવન થાય છે;...'** આહા..! બહુ ટૂંકામાં પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ તો પુદ્‌ગલસ્વભાવી અન્ય ચીજ છે, એ પોતાની ચીજ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વભાવી આત્મા છેને, પ્રજ્ઞાબ્રહ્મ, ચૈતન્યપુંજ, ચિત્‌શક્તિ એ આનંદ અને જ્ઞાનસ્વભાવી ચીજ આત્મા એનો એક દ્રવ્યસ્વભાવ હોવાથી, જ્ઞાનનો પોતાનો દ્રવ્ય સ્વભાવ હોવાથી જ્ઞાનમાં એકાગ્રતા થવાથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્રવ્યસ્વભાવી પરિણમન થાય એ મોક્ષનું કારણ છે. શોભાલાલજી! કોટાનું આવ્યું છેને બધું! પરિષદ ભરી હતીને? એમાં તમારા ભાઈનો ફોટો આવ્યો છે. પહેલા બહારમાં ભાગ લેતા હતા. આવ્યો છે. કોટા નહિ? કોટા. આ પરિષદ ભરી હતીને? જેટલા સેવાભાવવાળા હોય એને બધાને નાખ્યાં છે. એમાં એને પણ નાખ્યા છે. એ તો આજ જરી જોયું. એ પહેલા પાને જ આવ્યું છે. તમારો ફોટો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કાગળ છેને, જડ છે. એમાં સેવા-બેવા કંઈક કરતા હશે તો નામ નાખ્યું છે. પાને પાને ... આહા..હા..! કોણ કોની સેવા કરે? પરદ્રવ્યની સેવા તો આત્મા કરી શકતો નથી. પરદ્રવ્ય તો સ્વતંત્ર છે. પોતાના દ્રવ્યમાં પણ પોતાનો ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવને છોડીને જે શુભ અને અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ થાય છે એ સ્વદ્રવ્ય સ્વભાવ નહિ. એ તો પુદ્‌ગલના સ્વભાવના લક્ષે થવાવાળા પૌદ્‌ગલિક ભાવ છે. પંડિતજી! વ્યવહાર રત્નત્રય તે પુદ્‌ગલ સ્વભાવ. સમજાય છે કાંઈ?

જ્ઞાન એટલે શાંતિ સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એકદ્રવ્યસ્વભાવી, પોતાનું જીવસ્વભાવી જ્ઞાન છે. તો જ્ઞાનનું પરિણમન થવું, સમ્યગ્દર્શનપણે સમ્યક્‌જ્ઞાન થવું, સમ્યક્‌ચારિત્ર (થવું) એ બધું પોતાના જ્ઞાનનું પરિણમન છે. એ જ્ઞાનનું પરિણમન, પર્યાય સમજ્યા? પર્યાય, એ જ્ઞાનની પર્યાય છે. એ **'જ્ઞાનના સ્વભાવથી હંમેશાં જ્ઞાનનું ભવન થાય છે;...'** પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ભગવાન (છે) તો જ્ઞાનસ્વભાવથી પરિણમન થાય તો જ્ઞાન અને આનંદ આદિ સમ્યગ્દર્શનપણે પરિણમન કરે છે. એ પરિણમન મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? કહો, શોભાલાલજી! આ સેવા-બેવા ને ... તમને ત્યાં અંદરમાં. ... ક્યાંક પડ્યા હશે. વિવાહ હશે ક્યાંક. વિવાહ સમજ્યા? શાદીમાં ક્યાંક પડ્યા હશે. આદર્શ લગ્ન હોયને. આદર્શ લગ્ન તો આ છે. પોતાના આનંદસ્વભાવની લગની લગાવવી. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે એ તો બંધનું કારણ પુદ્‌ગલસ્વભાવી ભાવ છે. સમજાય છે કાંઈ? લોકોને પસંદ પડે એવી વાત. બહારની સેવા કરવી ને... કેટલાય નામ (આપ્યા છે) અને પાને પાને એક એક ફોટો. ક્યાં જન્મ્યા ને ક્યાં થયા ને શું કર્યું? બધાનું નાખ્યું છે. ફૂલચંદજીનું નાખ્યું છે. કૈલાસચંદજીનું... આહા..હા..!

કહે છે, ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ હતા. હજાર વર્ષ પહેલા આચાર્ય હતા. કુંદકુંદાચાર્યના શ્લોક છે એને બે હજાર વર્ષ થયા અને એની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્યને એક હજાર વર્ષ થયા. બેય દિગંબર મુનિ સંત હતા. વનવાસી હતા. એ કહે છે કે ભગવાન! એક વાર સાંભળ તો ખરો. તારી ચીજ તો જ્ઞાન અને આનંદથી ભરેલી ચીજ છે. એમાં જ્ઞાન અને આનંદનું પર્યાયમાં પરિણમન થવું એ મોક્ષનું કારણ છે. કહો, શેઠ!

'**જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી...**' એકદ્રવ્યસ્વભાવીનો અર્થ આત્મસ્વભાવી, જીવસ્વભાવી. જ્ઞાન શબ્દે આખો આત્મા. જ્ઞાન શબ્દે એકલું જ્ઞાન એમ નહિ. આખો આત્મા જ્ઞાનસ્વભાવી, દર્શનસ્વભાવી, આનંદસ્વભાવી, પવિત્રસ્વભાવી, પરમેશ્વરસ્વભાવી, સ્વચ્છસ્વભાવી. એ તો 'જ્ઞાન' શબ્દ મૂક્યો છે. જ્ઞાન એટલે આખો આત્મા. જ્ઞાનમાં સાથે શ્રદ્ધા છે. ત્રિકાળની વાત છે, હોં! શ્રદ્ધા છે, શાંતિ છે, આનંદ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે, વિભુતા છે. સર્વ ગુણ બધામાં અંદર વ્યાપક પડ્યા છે. એ જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી હોવાથી. જીવનો પવિત્ર સ્વભાવ એકદ્રવ્યસ્વભાવી, જીવસ્વભાવી હોવાથી '**જ્ઞાનના સ્વભાવથી...**' આત્માના, દ્રવ્યના સ્વભાવથી '**હંમેશાં જ્ઞાનનું ભવન થાય છે;...**' સદા શુદ્ધ પવિત્ર પરિણતિની રચના થાય છે.

'**માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે.**' જ્ઞાન શબ્દે એકલા જાણપણાની વાત નથી. ચૈતન્ય આખો જ્ઞાનમય છે એમાં આનંદ છે, અનંત ગુણ છે. તો અનંત ગુણ શુદ્ધ જ્ઞાનસ્વરૂપી પરિણમનમાં જ્ઞાનનું પરિણમન જ્યારે દૃષ્ટિ કરીને થાય છે તો અનંતા ગુણની સાથે એનું પરિણમન થાય છે. એકદ્રવ્યસ્વભાવી પરિણમન પર્યાય એ મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? '**માટે...**' માટેનો અર્થ જ્ઞાનના સ્વભાવથી આત્મદ્રવ્યના સ્વભાવથી '**હંમેશાં જ્ઞાનનું ભવન થાય છે;...**' હંમેશાં સ્વભાવની રચના, પરિણતિ દ્રવ્યની દૃષ્ટિ કરવાથી એવી પરિણતિ થાય છે. માટે જ્ઞાન જ, આત્માના સ્વભાવની શુદ્ધ પરિણતિ જ મોક્ષનું કારણ છે. કોઈ બીજું કારણ નથી. આહા..હા..! આ તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય અને વ્યવહાર હેતુ છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. કોઈ વસ્તુ વ્યવહાર નિમિત્ત કારણ છે અને નિશ્ચય કાર્ય થાય છે (એમ નથી).

ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ, ચૈતન્યનો ગંજ અને આનંદનો ગંજ સાથે. એક એક ગુણથી જુઓ તો પૂર્ણ જ્ઞાન, આનંદ આદિ છે. એવો જ્ઞાનસ્વભાવી દ્રવ્યસ્વભાવ આત્મા પોતાની દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવાથી દ્રવ્યનો સ્વભાવ જે શુદ્ધ છે એવું પરિણમન પર્યાયમાં શુદ્ધ થવું એ જ્ઞાનસ્વભાવી, જીવસ્વભાવી સદા સ્વસ્વભાવી પરિણમન છે. આહા..હા..! એ મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? બીજો શ્લોક.

## શ્લોક-૧૦૭

(अनुष्टुभ्)

वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

શ્લોકાર્થ :-- **[द्रव्यान्तरस्वभाववात्]** કર્મ અન્યદ્રવ્યસ્વભાવી ( પુદ્‌ગલસ્વભાવી) હોવાથી **[कर्मस्वभावेन]** કર્મના સ્વભાવથી **[ज्ञानस्य भवनं न हि वृत्तं]** જ્ઞાનનું ભવન થતું નથી; **[तत्]** માટે **[कर्म मोक्षहेतुः न]** કર્મ મોક્ષનું કારણ નથી. ૧૦૭.

## કળશ-૧૦૭ ઉપર પ્રવચન

૧૦૭.

वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

એનો અર્થ નીચે. અર્થ છેને? **'કર્મ...'** કર્મ શબ્દે પુણ્ય અને પાપના ભાવ. અહીં તો એકલો પુણ્યનો ભાવ લેવો છે ખરેખર તો. દયા, દાન, વ્રત, તપ, શીલ, સ્મરણ, નિયમ, ભગવાનનું સ્મરણ, જાત્રા, પૂજા વગેરે જે વિકલ્પરૂપ ભાવ છે તે કર્મ છે, વિકારરૂપી કાર્ય છે. એ કર્મ નામ વિકારી કાર્ય **'અન્યદ્રવ્યસ્વભાવી...'** એ તો **'(—પુદ્‌ગલસ્વભાવી) હોવાથી...'** આહા..હા..! છે? જડસ્વભાવ છે એ તો. આહા..હા..! કેમ કે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ તો રાગ, અચેતન છે. એમાં જ્ઞાનના ચેતનનો અંશ નથી. અચેતનનો અર્થ પરમાણુ એમ નહિ. પણ એમાં જ્ઞાનસ્વભાવી ચીજનો, જ્ઞાન અને આનંદનો અંશ નથી. તેથી વ્યવહાર રત્નત્રયનો રાગ એ કર્મ—રાગરૂપી કાર્ય પુદ્‌ગલસ્વભાવી છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! એવું આકરું પડે માણસને કે આ બધું કરીએ ઈ ધર્મ નહિ? એઈ..!

મુમુક્ષુ :— સહેલું કરી દ્યો.

ઉત્તર :— સહેલું કરી દીધુંને. પોતાની પાસે છે તો સહેલું છે, પર પાસેથી લેવું હોય તો દોહ્યલું છે. આહા..હા..!

બે શ્લોકમાં આખો સાર ભરી દીધો છે. '**કર્મ...**' કર્મ શબ્દે પુણ્યભાવ. વ્રત, તપ, નિયમ, શીલ, સંયમ, ઇન્દ્રિયદમન આદિનો શુભભાવ એ બધું કર્મ '**અન્યદ્રવ્યસ્વભાવી...**' (પેલું) જ્ઞાનસ્વભાવી, સ્વદ્રવ્યસ્વભાવી હતું, આ અન્યદ્રવ્યસ્વભાવી, પુદ્‌ગલસ્વભાવી છે એ તો, જાઓ! '**કર્મના સ્વભાવથી...**' એ પુણ્યપરિણામના ભાવથી '**જ્ઞાનનું ભવન થતું નથી;...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પોતાની નિર્મળ વીતરાગી પર્યાય જે જ્ઞાનરૂપ છે, જ્ઞાનની જાત છે એ જ્ઞાનની જાતનું પરિણમન રાગની જાતથી નથી થતું. સમજાય છે કાંઈ? એ વિકલ્પ રાગ છે એ પુદ્‌ગલસ્વભાવી છે. તો આત્માના જ્ઞાનાનંદ સ્વભાવનું પરિણમન નામ પર્યાય થવી એ રાગસ્વભાવ પુદ્‌ગલસ્વભાવી હોવાથી આત્માનું ભવન—નિર્મળ પરિણમન એનાથી થતું નથી. મહેન્દ્રજી! સમજાય છે કાંઈ? ચોખ્ખી સ્પષ્ટ વાત છે. હેં? કોણ જાણે લોકો કહે છે. એય... સોનગઢનું એકાંત છે એમ લોકો કહે છે. આ શું કહે છે આચાર્ય? આચાર્ય શું કહે છે? એણે સાંભળ્યું નથીને. એ પર તરફના વલણવાળો, વલણ સમજ્યા? પર તરફનો ઝુકાવ, પર તરફનો ઝુકાવ શુભરાગ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, ચાહે તો વ્રતના પરિણામ, ચાહે તો અપવાસ, તપના ભાવ એ બધા શુભ વિકલ્પ, રાગ છે.

રાગરૂપી કાર્ય એ પુદ્‌ગલસ્વભાવી છે. એ '**કર્મના સ્વભાવથી...**' એ પુણ્ય-પાપના ભાવ કર્મસ્વભાવ છે. એ પુણ્યભાવના સ્વભાવથી '**જ્ઞાનનું ભવન...**' આત્માનું, ચૈતન્યનું પરિણમન શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આત્માની, જ્ઞાનની જાતનું પરિણમન છે. એ રાગની જાતનું નથી. તો રાગની જાતથી પોતાનું જ્ઞાન, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન રાગથી થતું નથી. આટલી તો સ્પષ્ટ વાત છે. સમજાય છે કાંઈ?

બે વાત બે શ્લોકમાં. પહેલા શ્લોકમાં ભગવાન જ્ઞાનપુંજ, પ્રભુ જ્ઞાતા દૃષ્ટા. જ્ઞાતા દૃષ્ટાનું પરિણમન તો એ જ્ઞાતા દૃષ્ટાની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપ થાય છે. એમાં રાગનો અંશ નથી. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ? તો પોતાની દ્રવ્ય વસ્તુ ચૈતન્યસ્વભાવી વસ્તુ એનું પરિણમન પર્યાયમાં ચૈતન્યની જાતનું, સ્વભાવનું પરિણમન થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પોતાની ચૈતન્યની જાતની પરિણતિ છે. તો એ પરિણતિ મોક્ષનું કારણ છે. પંડિતજી! તમે સંસ્કૃત જાણો છો. એમાં છે કે નહિ? એનો અર્થ શું કરતા હતા? પહેલા વાંચતા હતા કે નહિ? 'મહારાજ! આપ કહો છો એવી દૃષ્ટિથી તો કદી કોઈ પંડિતે અભ્યાસ જ નથી કર્યો.' બધા પંડિત, હોં! કહેતા હતા. નિમિત્તની વાત ચાલતી હતી. પણ વ્યવહાર પણ નિમિત્ત છેને. 'નિમિત્તની દૃષ્ટિથી અમે બધા પંડિતો ભણ્યા છીએ.' કહેતા હતા હોં બિચારા. પંચાધ્યાયી બનાવ્યું હતુંને, એમાં ભૂલ હતી. ... પંચાધ્યાયીના અર્થ કર્યા હતા.

અહીં તો બે વાત. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ (છે). તો એ જ્ઞાનનું પરિણમન શુદ્ધ સ્વભાવની દશા એ જ્ઞાનની જાત છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ

એ બધું આત્માની, જ્ઞાનની જાતનું પરિણમન છે. એ પરિણમન મોક્ષનો માર્ગ છે. અને જે રાગ ઉત્પન્ન થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, જાત્રા આ બધા પુદ્ગલસ્વભાવી ભાવ હોવાથી એનાથી આત્મસ્વભાવી ભાવ રચાતો નથી, થતો નથી. કહો, આવી તો સ્પષ્ટ વાત છે. સમજાય છે કાંઈ? એઈ..! રજનીભાઈ! સમજાય છે આ? હજી થોડું થોડું સમજાય છે. પૈસામાં ગરી ગયા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ ઈ હજી કો'ક દિ' આવે છે. ઈ વધારે ક્યાં આવે છે અહીંયા, માંડ કો'ક દિ' આવે. કહો, સમજાણું કાંઈ? નહિ? ભાઈ હસમુખ તો આવે. આહા..હા..!

ભગવાન કુંદકુંદાચાર્યદેવે સર્વજ્ઞનો અનુભવ કરીને, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે, આ જ્ઞાનસ્વભાવી કહ્યુંને? સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. સર્વજ્ઞશક્તિ આત્મામાં છે. શક્તિ, દ્રવ્યમાં આત્મામાં સર્વજ્ઞ નામનો ગુણ છે. અનાદિ છે. સર્વજ્ઞસ્વભાવી વસ્તુ. સર્વજ્ઞ નામ પૂર્ણ જ્ઞાન થવાની તાકાતવાળી એ ચીજ છે. રાગ થવાની તાકાતવાળી એ ચીજ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન એ તો સર્વજ્ઞ પ્રભુ શક્તિરૂપ હોં! શક્તિરૂપ, સ્વભાવરૂપ, ભાવરૂપ, ગુણરૂપ, સત્‌ના સત્ત્વના રૂપ. દ્રવ્ય સત્ એનું સત્ત્વ સર્વજ્ઞસ્વભાવ છે. તો એ સર્વજ્ઞસ્વભાવી ચીજ, સર્વજ્ઞ એટલે જ્ઞાનસ્વભાવી ચીજ એ જ્ઞાનરૂપે પરિણમન કરે. સમ્યગ્દર્શનરૂપ જ્ઞાનની જાત છે, રાગની નહિ એટલું બતાવવું છે. સમ્યગ્જ્ઞાન પણ જ્ઞાનની જાત છે, ચારિત્ર પણ પોતાના જ્ઞાનસ્વભાવની જાત છે, રાગની જાત નથી. શ્રીપાલજી! આહા..હા..! આવો માર્ગ ભગવાનનો સાંભળવા મળે નહિ, કે દિ' પ્રયત્ન કરે? બહારમાં ને બહારમાં જિંદગી (પૂરી કરે). માન મળે. આમાં કેટલા ફોટા નીકળ્યા, કેટલા ફોટા? સૌ ખુશી ખુશી થઈ ગયા. પાના દીઠ ફોટા.

મુમુક્ષુ :— રૂપિયા એણે આપ્યા હોય તો પછી ...

ઉત્તર :— ઘણાના પાના દીઠ ફોટા છે. ખુશી ખુશી થઈ જાય દેખીને. ફૂલચંદજીનો નાખ્યો છે, બધાના નાખ્યા છે. સેવા કરનારા આવા આવા માણસો અને પરિષદને મદદ કરનારા, સહાય કરનારા. કોણ કોને સહાય કરે? આહા..હા..!

મુમુક્ષુ :— બહારમાં ચાલે છે.

ઉત્તર :— બહારમાં આવું ચાલે છે.

અહીં તો કહે છે કે પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર દ્રવ્ય છે. પોતાના આત્મા સિવાય જેટલા આત્મા અને રજકણો એ તો સ્વતંત્ર દ્રવ્ય છે. એ કાયમ રહીને એની ક્રિયાનું પરિણમન તો કાયમ થાય જ છે, તો એનું પરિણમન બીજું દ્રવ્ય કેવી રીતે કરે? હવે એમાં જે પરિણમન રહ્યું, એક રાગનું પરિણમન એમાં છે, પણ એ રાગનું

પરિણમન એ જીવની જાતનું નહિ. આ વ્રતના પરિણામ જીવની જાતના નહિ. આહા..હા..! પંચ મહાવ્રત, બાર વ્રત એના જે શુભભાવ કહે છે કે એ તો પુદ્ગલસ્વભાવી છે. કેમકે પુદ્ગલના લક્ષે ઉત્પન્ન થાય છે અને ફળરૂપ પુદ્ગલનો બંધ પડે છે. એનાથી આત્માની એકતા નથી થતી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! સંતોએ માર્ગ સરળ કરી દીધો. આહા..હા..! પકડે એને તો સરળ છે. એક ને એક બે એવી વસ્તુ છે.

ભગવાન આત્મા જ્ઞ-સ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી કહો કે જ્ઞ-સ્વભાવી કહો, પૂર્ણ સ્વભાવી કહો, જ્ઞાનપૂર્ણ સ્વભાવ આત્માનો છે. તો એ પૂર્ણ સ્વભાવમાંથી જ્ઞાનની જાતનું પરિણમન પર્યાયમાં થાય તો એની સાથે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ બધી પર્યાય પોતાની ચૈતન્યની જાતની છે. એ પરિણમન, એ પર્યાય મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? અને કર્મ નામ રાગનો ભાવ.. ઓહો..હો..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય... અમારા શેઠ કહે છેને, ભડકે છે. ક્યાં સુધી ભડકે? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલસ્વભાવી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બંધન કેમ? ધર્મથી બંધન થાય? બસ! એ તો ધર્મથી વિરુદ્ધ ભાવ છે, એનાથી બંધન થાય છે. સમજાય છે કાંઈ? આહા..! નામકર્મ બંધાય છેને? પ્રકૃતિ બંધાય છેને? જડ બંધાય છેને? જે ભાવથી જડ બંધાય એ ભાવ ધર્મ નહિ. બરાબર છે ભાઈ? આહા..! આ વાત તો, કહ્યુંને? (સંવત) ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં કહી હતી. ૮૫. ૧૫ અને ૨૯, ૪૪ વર્ષ થયા. સંપ્રદાયમાં બોટાદમાં, એમાં હતાને. મોટી સભા હતી. પ્રતિષ્ઠા મોટી હતીને. મોટી સભા, ૧૫૦૦ માણસ, પછી કહ્યું, 'જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ.' કેટલા વર્ષ કીધા? ૪૪ વર્ષ. ચાલીસ અને ચાર, એટલા વર્ષ થયા. સંપ્રદાયમાં મોટી સભા, બોટાદ. બોટાદમાં દીક્ષા લીધી હતીને. મોટી સભા હતી. પ્રતિષ્ઠા બહુ હતીને. કોઈ બોલે નહિ. એક સાધુ હતા એને ખળભળાટ થઈ ગયો. વોસરે.. વોસરે.. એમ કરીને ઉઠી ગયા. જગજીવનજી. સભા તો બધી... બહુ માન હતુંને. શું મહારાજ બોલશે? મેં કહ્યું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ રાગ છે. એ ધર્મ નહિ. ધર્મથી બંધન થતું નથી અને જે ભાવથી બંધન થાય એ ધર્મ નહિ. બે વાત કરી હતી. અને મહાવ્રતના પરિણામ આસ્રવ છે. આ બે વાત કરી હતી. કેમકે પર ઉપર લક્ષ જઈને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યની વૃત્તિ ઉત્પન્ન થાય છે એ શુભરાગ કર્મ છે. જુઓ આ કર્મ. આહા..હા..!

'**કર્મ અન્યદ્રવ્યસ્વભાવી**...' ટીકામાં એ લીધું છે. ટીકામાં એમ છે, '**અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી;**...' એ જ ટીકાનો કળશ બનાવ્યો છે, એનો કળશ બનાવ્યો. મંદિર ઉપર કળશ ચડાવેને, એમ ગાથાનો કળશ છે. ઓહો..! જેટલું આત્મામાં પુણ્યના ભાવ ઉત્પન્ન કરે એ

આત્માની શાંતિના ઘાતક છે અને બંધનું કારણ છે. આવો માર્ગ વીતરાગનો છે, ભગવાન! વીતરાગ સિવાય માર્ગ છે ક્યાં બીજે? બધું વિપરીત છે. કુમાર્ગ. વેદાંત આદિ એક દ્રવ્ય સર્વવ્યાપક, બીજો સાંખ્ય ને વૈશેષિક બધા વિપરીત છે. સમજાય છે કાંઈ?

વીતરાગ પરમાત્મા ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આવી જિનવાણી—દિવ્યધ્વનિ આવતી હતી. એ દિવ્યધ્વનિમાં આમ આવ્યું. ભગવાન! રાગનો કર્મસ્વભાવ એ તો પુદ્ગલસ્વભાવ છે, ભાઈ! એ જીવનો સ્વભાવ નહિ. જીવનો સ્વભાવ હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. બરાબર છે? માટે '**કર્મના સ્વભાવથી જ્ઞાનનું ભવન થતું નથી;...**' કેટલી વાત સ્પષ્ટ કરી છે! એ રાગ શુભભાવથી આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ રચના-પરિણમન થતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**માટે કર્મ મોક્ષનું કારણ નથી.**' માટે રાગભાવ, પુણ્યભાવ, દયા, દાન, વ્રતના ભાવ એ મોક્ષનું કારણ નથી. આહા..હા..! ભગવાન તો આમ કહે, એ આવ્યું હતુંને એમાં? ભગવાન કહે છે કે અમારી ભક્તિનો તને ભાવ આવ્યો એ તો રાગ છે. રાગ મોક્ષનું કારણ નથી અમે કહીએ છીએ. એમ કહે છે. આહા..હા..! કહો. અમારી-તીર્થંકરની રુચિ તો શુભભાવ છે. એ સ્વદ્રવ્યની રુચિ નથી. એ તો પરદ્રવ્ય છે ભગવાન. દેવ ભગવાન, પંચ પરમેષ્ઠી, દેવ, ગુરુ તો પર છે, તો પરની શ્રદ્ધા—રુચિ તો શુભરાગ છે, એ રાગ મુક્તિનું કારણ નથી એમ ફરમાવે છે. સમજાય છે કાંઈ?

'**માટે કર્મ...**' કર્મ શબ્દે રાગ, પુણ્યભાવ, વ્રત, તપ, નિયમના ભાવ '**મોક્ષનું કારણ નથી.**' અશુભથી બચવા હોય છે, શુભભાવ આવે છે, ધર્મીને પણ આવે છે, પણ છે બંધનું કારણ. છઠ્ઠે ગુણસ્થાને સાચા મુનિ છે, ભાવલિંગી, એને પણ મહાવ્રતના પરિણામ આવે તો છેને. ન આવે તો તો કાં સાતમે ચાલ્યા જાય કાં કેવળી થઈ જાય. પણ એટલો હજી બાધકભાવ છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ, વૃત્તિ છે. એ આત્માની શાંતિથી વિરુદ્ધ ભાવ છે. તેનાથી મુક્તિ થતી નથી. આહા..હા..! તો કહે છે, એવા મહાવ્રતના (પરિણામ) રાગ છે (એનાથી) મુક્તિ નથી થતી તો પછી આચાર્યોએ પાળ્યા કેમ? પાળ્યા નથી, વચ્ચે આવે છે તેને જાણે છે.

મુમુક્ષુ :— ઓળંગી જાય છે.

ઉત્તર :— ઓળંગી જાય છે. પ્રવચનસારમાં આવે છે. કષાયનો કણ આવે છે. પ્રવચનસારમાં એવી ગાથા છે. શુભભાવ પંચ મહાવ્રત કષાયનો કણ છે. ઓળંગી જાય છે, ઓળંગીને સાતમે આવી જાય છે. સમજાય છે કાંઈ? એ કણ, કષાયનો કણ છે, પ્રમાદભાવ છે. મહાવ્રતભાવ એ પ્રમાદભાવ છે. ગજબ વાત છે! એ જ્યારે છૂટે છે ત્યારે સપ્તમ ગુણસ્થાન આવે છે. એ મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ?

'**કર્મ મોક્ષનું કારણ નથી.**' શુભભાવ.. જડની ક્રિયાની અહીંયા વાત નથી. એ તો

સ્વતંત્ર પર્યાય. જડની જે થાય છે એ તો ઉત્પાદ, વ્યય, ધ્રુવથી પોતાથી ત્યાં થાય છે. આમ હાથ કરવો એ તો ઉત્પાદ-વ્યય જડની ક્રિયા છે, એ આત્માની નહિ. આ તો આત્મામાં જે શુભરાગ થાય છે એ કર્મ છે અને મોક્ષનું કારણ નથી. આહા..હા..!

## શ્લોક-૧૦૮

(अनुष्टुभ्)

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :

શ્લોકાર્થ :-- **[मोक्षहेतुतिरोधानात्]** કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી, **[स्वयम् एव बन्धत्वात्]** તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી **[च]** અને **[मोक्षहेतुतिरोधायिभावत्वात्]** તે મોક્ષના કારણના *તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી **[तत् निषिध्यते]** તેને નિષેધવામાં આવે છે. ૧૦૮.

## કળશ-૧૦૮ ઉપર પ્રવચન

હવે આગળની ગાથા આવે છેને, ઈ ગાથાનો ઉપોદ્‌ઘાત શ્લોક છે. સાત ગાથા છે. ૧૫૭ થી ૧૬૩ એ સાત ગાથાનો આ શ્લોક છે.

‘હવે આગાળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :—’

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

શું કહે છે? ‘કર્મ...’ અર્થાત્ રાગનો ભાવ ‘મોક્ષના કારણનું તિરોધાન કરનારું

*તિરોધાયિ = તિરોધાન કરનાર

**હોવાથી,...'** ઢાંકવાવાળો છે. મોક્ષનો માર્ગ જે છે એ સ્વદ્રવ્યથી ઉત્પન્ન થવાવાળી પર્યાય છે. તો એ રાગ છે એ મોક્ષના માર્ગને ઢાંકવાવાળો છે, છેદવાવાળો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કર્મ નામ રાગ, શુભભાવ મોક્ષનો માર્ગ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામને તિરોધાન, દૂર કરનારા છે. આહા..હા..! બસ, એટલી વાત કહેવી છે. સમજાય છે કાંઈ? ત્રણ ગાથા કહી. ત્રણ ગાથા કહેશે.

શુભભાવ, મોક્ષનું કારણ જે પરમપવિત્ર પરિણતિને રાગ ઢાંકનારો છે. સમજાય છે કાંઈ? પુણ્યના પરિણામ તપ, દયા, વ્રત, નિયમ, સંયમની ક્રિયાનો રાગ, પંચ મહાવ્રતનો એ મોક્ષનું કારણ.. મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને તિરોધાન—ઢાંકનારો છે, ઘાત કરનારો છે. સમજાય છે કાંઈ? સુજાનમલજી! સાદડીમાં આ ચાલતું હતું? સાદડી એટલે શું? આ મુંબઈમાં નથી થતી? સાદડી સમજો છો? મરી ગયા પછી માણસની સાદડી એટલે ભેગા કરે એને સાદડી કહે છે. નહિ ભાઈ? છાપામાં જોયું હોય. ફલાણાની સાદડી છે, ફલાણાની સાદડી છે. કોઈ મરી જાયને પછી બધા એકઠાં થાય એને સાદડી કહે છે. એઈ..! નેમચંદભાઈ! આહા..હા..!

ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું એનો ખુલાસો અમૃતચંદ્રાચાર્ય કરે છે કે જેટલા શુભભાવ છે એ શુદ્ધ પરિણામના ઘાતક છે. શુદ્ધ પરિણમન જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એના ઘાત કરનાર છે. એ ઉત્પન્ન થાય છે તો આ નાશ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એક બોલ. અને **'તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી...'** બીજો બોલ. ત્રણ બોલ છે એક ગાથામાં. એ શુભભાવ વ્રત, નિયમ, તપ, જાત્રા, ભક્તિ, પૂજા વગેરે ભાવ એ પોતે બંધસ્વરૂપ છે. એ બંધભાવ બંધસ્વરૂપ છે. રાગ ભાવ એ બંધસ્વરૂપ છે. ભાવબંધ છે. સમજાય છે કાંઈ? પહેલા કહ્યું કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘનની પરિણતિ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની છે, એ કર્મ ઉત્પન્ન થાય છે તો આને ઉત્પન્ન થવા દેતા નથી, ઘાત કરનાર છે. જેને શુભરાગની રુચિ છે તો એવી રુચિવાળાને સમ્યગ્દર્શનની રુચિનો નાશ કરનાર છે, સમ્યગ્દર્શનની રુચિ થતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નામ ચારિત્ર મોક્ષનું કારણ. કર્મના જે પરિણામ થયા રાગના અને એની દૃષ્ટિ ત્યાં પડી છે તેથી રાગની ઉત્પત્તિમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉત્પત્તિ થતી નથી. ઘાત કરનાર છે. અને સ્વયં બંધસ્વરૂપ છે. એ રાગભાવ વિકલ્પભાવ બંધસ્વરૂપી ચીજ છે. ભાવબંધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'તે પોતે જ...'** એકાંત બંધ છે એમ અહીંયા તો કહે છે. દેખો! રાગભાવ **'પોતે જ બંધસ્વરૂપ હોવાથી...'** કથંચિત્ શુભભાવ બંધસ્વરૂપ છે અને કથંચિત્ અબંધસ્વરૂપ છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :— થોડી એમાં શુદ્ધતા આવી છે.

ઉત્તર :— ધૂળમાં પણ એમાં શુદ્ધતા નથી. આહા..હા..! અરે..! ચોર્યાશીના અવતાર. સંસાર સમુદ્ર ઝેરનો દરિયો, સંસાર સમુદ્ર ચોર્યાશીના અવતાર ઝેરના સાગરમાં અનાદિથી ડૂબકી મારે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ચોર્યાશીના અવતાર એનું કારણ જે વિકારભાવ, મિથ્યાત્વભાવ એ સંસારમાં રખડવાનું કારણ છે, એ મહાસાગર છે. એ વિકારભાવ સંસારસાગર છે. એ મોક્ષના કારણનો વિકારભાવ ઘાતક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છ છ મહિનાના અપવાસ કરે, વ્રત પાળે, બાળ બ્રહ્મચારી રહે, શાસ્ત્ર સ્વાધ્યાય છોડે નહિ, બરાબર સ્વાધ્યાય (કરે), ટાઈમસર ટાઈમ. આહા..હા..! પણ કહે છે કે પ્રભુ! એ તો રાગ છેને. અને ઝેર છેને! એ બંધસ્વરૂપ છેને. ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. એ અબંધસ્વરૂપી ભગવાનના આશ્રયથી જે અબંધ પરિણામ થાય એ મોક્ષનું કારણ છે. અબંધ પરિણામને રાગની રુચિ ઉત્પન્ન થવા દેતી નથી. ઘાત કરે છે. આહા..હા..! એમ કહે છે. સમજાય છે કાંઈ? એ શુભરાગની રુચિ સમ્યગ્દર્શનનો ઘાત કરે છે, સમ્યક્જ્ઞાનનો ઘાત કરે છે, સ્થિરતા—શાંતિને એ રાગની રુચિ ઘાત કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ત્રીજો બોલ. '**મોક્ષના કારણના તિરોધાયીભાવસ્વરૂપ...**' મોક્ષના કારણથી વિપરીત ભાવ. બસ એટલું. પહેલામાં મોક્ષના કારણમાં ઘાતક હતો, બીજામાં બંધસ્વરૂપ કહ્યું, ત્રીજામાં વિપરીતભાવ છે, બસ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી વિપરીત ભાવ છે. બસ. ઓલામાં ઘાત કરતો હતો, આ વિપરીત ભાવ છે. ફરીને. આપણે આવી ગયું છે ઘણી વાર. વાંચ્યું છે કે દિ'? આ વાંચ્યું તમે કોઈ દિ'? ક્યાં? સાગર? પણ તમે શેઠિયાઓ કહેવાઓ, અગ્રેસર કહેવાઓ, તમારે વાંચવું જોઈએ. નહિતર ત્યાં પછી મોઢા આગળ બેસાડે એમાં શું? આ શોભાલાલ એના ભાઈ છે. આહા..હા..! જુઓ! એક શ્લોકમાં કેટલું (ભર્યું છે)!

'**કર્મ...**' કર્મ શબ્દે રાગ, શુભભાવ. એ શુભભાવ દયાના, દાનના, ભક્તિના, વ્રતના, તપના, પૂજાના, સ્મરણના, નામસ્મરણ આદિ. એ ભાવ મોક્ષના કારણનો ઘાત કરે છે. બસ એટલું. બીજામાં, એ ભાવ બંધસ્વરૂપ છે. ત્રીજામાં એ ભાવ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી વિપરીત ભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો શાંતિથી સમજવાની ચીજ છે. હેં? આહા..હા..! જન્મસાગરના ગોથા ખાય છે ચોર્યાશીના અવતારમાં. મોટા રાજાને 'ખમ્મા ખમ્મા' કરતા હોય, લ્યો. આહા..હા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી, ૭૦૦ વર્ષ. છન્નુ હજાર સ્ત્રી, સોળ હજાર દેવ તહેનાતમાં. અને હીરાના ઢોલિયા. ઢોલિયા સમજ્યા? શું કહે છે? પલંગ, હીરાના પલંગ, સોળ હજાર દેવ સેવા (કરે), બે હજાર તો અંગરક્ષક. આહા..હા..! પોતાની વસ્તુને ભૂલીને ભોગ.. ભોગ.. ભોગ.. રાગનો ભોગ, એવા ભોગમાં મરીને સાતમી નરકે ગયો. ક્યાં સાતસો વર્ષ અને ક્યાં તેત્રીસ સાગરનું આયુષ્ય! એક શ્વાસમાં... કેવું? કાઢ્યું હતુંને એક

ફેરી? કેટલું? અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. એક મિનિટનું (શ્વાસમાં)અહીંયાં રાગનું સુખ ભોગવ્યું એટલા પલ્યોપમ એક મિનિટના(શ્વાસના) દુઃખમાં આવ્યો. રાગની તીવ્રતા કેટલી? આહા..હા..!

આમ પલંગમાં સૂતો હશે ઈ. દેવો સાથમાં. એની રાણીની એક હજાર દેવ સેવા કરે. ચક્રવર્તીની એક સ્ત્રીરતન, એક હજાર દેવો સેવા કરે. પોઢ્યા સાતમી નરકે. આ સંસાર. ચૈતન્યના ભાન વિના એ ભોગમાં લાલસા અને ભોગની તીવ્રતા, રુચિ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી વિપરીત ભાવ. એ ભાવના ફળમાં ચાર ગતિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અત્યારે જુઓને, શું કહે છે? હાડ હાડ, હાડકાં.. હાર્ટ એટેક. બેઠો હોય અને ઉપડ્યા. જાઓ રખડવા. હાર્ટ ફેઈલ થઈ ગયું. ફેઈલ થઈ ગયું એટલે બંધ થઈ ગયું, બીજું શું? એઈ..! (ન્યાલભાઈ) પણ હાર્ટ ફેઈલ થઈ ગયું. સ્વર્ગમાં ગયા. દૃષ્ટિ નિર્મળ હતી. બ્રહ્મદત્ત હાર્ટ ફેઈલ થઈ ગયું. એ નર્કમાં સાતમી નરકે. હજી તો તેત્રીસ સાગર (રહેવાનું છે). હજી તો થોડા વર્ષ ગયા છે. અસંખ્ય, અસંખ્ય, અસંખ્ય અબજ વર્ષનું તો એક પલ્યોપમ, એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ, એવા તેત્રીસ સાગરની સ્થિતિએ ગયો છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પરિણામ એનાથી વિપરીત પરિણામ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ એના ફળમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

પહેલામાં સ્વરૂપની પરિણતિ ઉત્પન્ન ન થવા દેવી, 'ઘાત કરનાર' એમ કહ્યું. ભાવબંધસ્વરૂપ. અબંધસ્વરૂપ ભગવાન અને મોક્ષના પરિણામ અબંધ પરિણામી એનાથી વિરુદ્ધ ભાવ એ બંધભાવ છે. ત્રીજામાં કહ્યું કે મોક્ષના કારણનો વિપરીત ભાવ છે ઈ. સમજાય છે કાંઈ? માટે, નિષેધ કેમ કર્યો? ભગવાન આચાર્યોએ શુભભાવનો નિષેધ કેમ કર્યો છે? એ શુભભાવ આત્માની રુચિનો ઘાત કરે છે, કેમ કે એમાં રુચિ પડી છે. આત્માના સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નથી થવા દેતી, ઘાતક (છે); સમ્યગ્જ્ઞાન જે સ્વ તરફનું જ્ઞાન કરવા દેતી નથી, (કેમકે) રુચિ ત્યાં છે અને સ્વરૂપમાં સ્થિરતા થવામાં એ ઘાતક છે. રાગ એ ભાવબંધસ્વરૂપ, ભગવાન અબંધસ્વરૂપી અને રાગ બંધસ્વરૂપ છે. અને એ રાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પોતાના નિજ પરિણામ એનાથી વિપરીત પરિણામ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

તે કારણે છે એમાં? જુઓ! માટે '**તેને નિષેધવામાં આવે છે.**' આટલી તો વાત સ્પષ્ટ છે. શ્રદ્ધામાં તો લ્યે, પ્રતીતમાં તો લ્યે કે માર્ગ આવો છે. વીતરાગનો માર્ગ છે, આ કાંઈ એલફેલનો માર્ગ નથી. આહા..હા..! જુઓને! ઓહો..! એક મિનિટનું (શ્વાસ) ચક્રવર્તીનું સુખ ભોગવ્યું આકુળતાનું, એના ફળમાં એક મિનિટમાં (શ્વાસ) એટલા પલ્યોપમ (દુઃખ ભોગવે છે). હોં! આહા..હા..! એક પલ્યોપમમાં તો અસંખ્ય અબજ વર્ષ અસંખ્યના ભાગમાં જાય. એટલી તીવ્રતા સ્વરૂપના વિરુદ્ધની કરી, એ સંસારના ગોથાં ખાતો સાતમી નરકે ગયો. ગળકા

ખાતો ખાતો ગયો ન્યાં. ઘમંડી.. ઘમંડી. વિકારનો ઘમંડી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

હમણાં ન કહ્યું? મકાન આપી ન ગયા એનું? સાથે બેસતા હતા. ૩૮ વર્ષની ઉંમર. ગળે ફાંસો ખાધો. મુંબઈ. કાલે આવ્યા હતાને? જેસરના. પાંચ હજાર રૂપિયા કાલે આપ્યાને? નેમચંદનો ભાઈ, નેમચંદભાઈ કુંડલાવાળા. પાંચ હજાર કાલે આપ્યાને. દસ ગાથા, દસ ગાથા લખાવી. ઈ કહેતા હતા કે મારી સાથે બેસતા હતા. એમાંથી ઘણી ખોટ ગઈ ... મુંઝાઈ ગયો, માની માણસ. ૩૮ વર્ષની ઉંમર. સાત, આઠ, દસ લાખનો માલ તો ઘરે પડેલો. પંદર પંદર લાખ ગયા હશે નુકસાન. માની માણસ અભિમાની. આહા..હા..! ગળે ફાંસો ખાધો. .. નાયલોન. નાયલોનનું કપડું હતુંને. દોરી. આહા...હા..! આ સંસાર, આ સંસાર. શરીર કાંઈક ઠીક મળે, આબરૂ મળે, પૈસા મળે ત્યાં તો આહા..હા..! અરે..! ધમપછાડા. એઈ..! રજનીભાઈ! તારી ચીજ ક્યાં હતી? ભગવાન!

અહીં તો શુભ પરિણામ પણ મારી ચીજ (નહિ). આહા..હા..! સ્વરૂપના ઘાતક છે, ભગવાન! એમ કહે છે. 'શુભરાગ મારી ચીજ' એમ માનનારા ભવના બીજનું, મિથ્યાત્વનું સેવન કરે છે. આમાં ઈ ગાથા નથીને? આમાં ગાથા છે? ગુજરાતીમાં છે. આમાં ક્યાં? ગુજરાતીમાં છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છેને? ૧૪મી ગાથા. ઈ અમૃતચંદ્રાચાર્ય કહે છે કે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયો જીવમાં રાગ, અને શરીર એ રાગ ને શરીરને પોતાનું માનનાર, કેમકે રાગ અને શરીરથી રહિત ભગવાન આત્મા છે. કેમ કે રાગ આસ્રવ છે, શરીર અજીવ છે, તો અજીવ અને આસ્રવથી રહિત આત્મા છે. '**असमाहितोऽपि**' એવો પાઠ છે. રાગ અને શરીરથી '**असमाहितो**'. ગુજરાતીમાં છે. ઈ પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથા છે. આહા..હા..!

ભગવાન આત્મા એ શુભરાગ અને અશુભરાગ ને શરીરથી રહિત છે, છતાં '**युक्त इव प्रतिभाति**' રાગ અને શરીરસહિત છું એવો જે ભાસ થાય છે એ ભવનું બીજ છે. ઈ ગાથામાં છે. આહા..હા..! છેને? એ અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. ત્યાં પંડિતોને બતાવ્યું હતું. જયપુર. જયપુરને? આદર્શ નગરમાં. ઘણું માણસ હતું, ઘણું માણસ. એક છોડી હતી એટલું ગાયન બોલે, આ..હા..! ત્યારે તમે આવ્યા હતા? એક છોડી પંદર, સોળ વર્ષની હતી. પણ કંઠ તે કંઠ. ... ઘંટડી વાગી જાણે. એવું બોલતી હતી. એની દેશી આ બોલતો હતો આપણો ભાઈ, નટુ. નટુ નહોતો બોલતો? પણ ઈ બોલે ઈ તો.. કોણ જાણે એવો કંઠ જુવાન હતી સોળ વર્ષની છોડી. કુંવારી. હતું વૈરાગ્યનું પણ. (સાંભળી) સભા તો થંભી જાય.

મુમુક્ષુ :— સૂરીલો કંઠ.

ઉત્તર :— હા, સૂરીલો, બહુ સૂરીલો કંઠ. એમાં શું? એ તો જડની દશા છે. લોકો આમ થંભી જાય. જડની કળા છે ઈ. આહા..હા..! પહેલાં કર્યા વખાણ, હવે ઉડાવી દીધું. અરે..! એ સૂરીલો અવાજ તો જડનો છે, ભગવાન! અહીં તો રાગ જડનો છે એમ કહે છે, પછી કંઠની તો વાત ક્યાં રહી? આ તો જડ અજીવતત્ત્વ થઈને રહ્યું છે. આખું શરીર અજીવ થઈને રહ્યું છે. કંઈ જીવ થઈને રહ્યું છે? રાગ પણ આસ્રવ થઈને રહ્યો છે, ઈ જીવ થઈને નથી રહ્યો. એવા રાગને પોતાનો માનવો અને જીવને રાગસહિત માનવો, એ ભવનું બીજ મિથ્યાત્વ ચાર ગતિમાં રખડનારી દૃષ્ટિ છે ઈ. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, '**તે મોક્ષના...**' કારણને તિરોધાન કરે છે, વિપરીત ભાવ કરે છે. આહા..હા..! માટે '**તેને નિષેધવામાં આવે છે.**' ભગવાને નિષેધ કર્યો છે. એ શુભભાવ આદરણીય નથી. અંદર ભગવાન ચિદાનંદ પ્રભુનો આદર કરો તો કલ્યાણ થશે. અને સંસારનો નાશ થશે. એ સિવાય સંસારનો નાશ થશે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

